સર્વોપરી

શ્રી સ્વામિનારાયણ ભગવાન

ભાગ-૪ સત્સંગ વિચરણ



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન

॥ શ્રીજીબાપા ॥ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ॥ સ્વામીબાપા ॥

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન

ભાગ-૪ : સત્સંગ વિચરણ

પ્રેરક

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય સદ્ધર્મરત્નાકર

પરમ પૂજ્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ

લેખક

સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી સર્વેશ્વરદાસજી સ્વામી

પ્રકાશક

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન

શ્રીજીસંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર ૧૦૦૮

શ્રી મુક્તજીવન સ્વામીબાપા સુવર્ણ જયંતિ મહોત્સવ સ્મારક ટ્રસ્ટ

શ્રી સ્વામિનારાયણ મંદિર,

મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮ ગુજરાત, ભારત.

ISBN 978-93-81074-54-1

પ્રથમ આવૃત્તિ

સંવત ૨૦૭૫ ❋ ફાગણ સુદ તૃતીયા ❋ ઈ.સ. ૨૦૧૯

શ્રી ઘનશ્યામ મહારાજ અમૃત પ્રતિષ્ઠા મહોત્સવ - મણિનગર

પ્રત - ૩,૦૦૦

www.SwaminarayanGadi.com

Maninagar@Swaminarayangadi.com

ગ્રંથ મેળવવાનાં ઠેકાણાં
મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત
શ્રી સ્વામિનારાયણ મંદિરો

(૧) શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮
(૨) શ્રી મુક્તજીવન સ્વામીબાપા દરબારગઢ ચોક, ભુજ - કચ્છ - ૩૭૦૦૦૧
(૩) શ્રી મુક્તજીવન સ્વામીબાપા માર્ગ, વડોદરા - ૩૯૦૦૦૬
(૪) સરથાણા જકાતનાકા પાસે, સુરત કામરેજ હાઈવે, સુરત -૩૯૫૦૦૬
(૫) બાવળા - ધોળકા હાઈવે, બાવળા - ૩૮૨૨૨૦
(૬) વાવવાળું ફળિયું, ખેડા - ૩૮૭૪૧૧
(૭) ગંજબજાર, કડી - ૩૮૨૭૧૫
(૮) શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, ઘોડાસર, અમદાવાદ - ૩૮૦૦૫૦
(૯) રાજસ્થાન સર્કિટ હાઉસની બાજુમાં, માઉન્ટ આબુ - ૩૦૭૫૦૧
(૧૦) ભુલાભાઈ દેસાઈ રોડ, મહાલક્ષ્મી, મુંબઈ - ૪૦૦૦૨૬
(૧૧) ૧૩-બેલા રોડ, સીવીલ લાઈન્સ, દિલ્હી - ૧૧૦૦૫૪
(૧૨) સ્વામીબાપા રોડ,૧&૨ પાર્કલેન્ડ, નાઈરોબી - કેન્યા - P.O.Box No. 10286
(૧૩) શ્રી મુક્તજીવન સ્વામીબાપા કોમ્પ્લેક્ષ, કીંગ્સબરી, લંડન - NW9 8XE
(૧૪) ૨૦૦, પેનહોર્ન એવન્યુ, સીકાકસ, ન્યુજર્સી - 07094, U.S.A.
(૧૫) ૧૬૧, ડીન રોડ, બોલ્ટન લેન્ક્સ, (BL3) (5AH) U.K.
(૧૬) ૧૦૨૦, બાપા રોડ (ઑફ ઈરવીંગ પાર્ક રોડ), સ્ટ્રીમવુડ, શિકાગો - IL 60107

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા પ્રકાશિત સાહિત્યની તમામ માહિતી તથા ડાઉનલોડેબલ ઈ-બુકો સંસ્થાનની વેબ સાઈટ https://www.SwaminarayanGadi.com ઉપર ઉપલબ્ધ છે.

પડતર કિંમત : રૂા. ૨૦૦/-
સૌજન્યને આભારી કિંમત : રૂા. ૧૫/-

ગ્રાફિક્સ
શ્રી મુક્ત ગ્રાફિક્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર, અમદાવાદ.
મુદ્રક
બાલારામ ઓફસેટ, ૧-જે એન્ડ કે બ્લોક, રવિ એસ્ટેટ, દુધેશ્વર, અમદાવાદ.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા પ્રકાશિત સાહિત્ય

સંસ્કૃત ભાષાનાં પ્રકાશનો

- ✳ वचनामृतानि रहस्यार्थप्रदीपिकाटीकासहितानि
- ✳ शिक्षापत्री
- ✳ श्रीजी संमत विशिष्टाद्वैत सिद्धान्तसागर
- ✳ ब्रह्मसूत्रभाष्यरत्न
- ✳ रघुवंश द्वितीय सर्ग
- ✳ श्री स्वामिनारायण स्तोत्रावलि
- ✳ श्री सुभाषित पद्यावलि

અંગ્રેજી ભાષાનાં પ્રકાશનો

- ✳ Vachanamrut Rahasyarth Pradeepika Tika Parts 1-5
- ✳ Shree Swaminarayan Gadi
- ✳ Shikshapatri (Holly Commandments)
- ✳ Lord Shree Ghanshyam's Childhood Episodes Parts 1-3
- ✳ Jeevanpran-Shree-Abjajibapashree-Childhood-Episodes
- ✳ Childhood Episodes of Sadguru Shree Gopalanand Swami
- ✳ Chilhood Episode of Shree Muktajeevan Swamibapa
- ✳ Sadachar Sandesh (Teachings for Virtuous Living)
- ✳ Sanskardeepika Part 1-7
- ✳ Jeevan Pushpa (The Blossoming of My Life)
- ✳ Chintan na Chamkara (Flashes of Inspiration)
- ✳ Sneh ni Sarvani (Fountain of devotional love)
- ✳ Amrut Sagar (Ocean of Nectar)
- ✳ Murti Shukh ni Lahani (Bestowal of the Murti's Divine Bliss)
- ✳ Divya Vani (Divine Discourses)
- ✳ Mukti Sanjivani (Enlightenment of Salvation)
- ✳ Childhood Episodes of Sadguru Shree Gopalanand Swami
- ✳ Chilhood Episode of Shree Muktajeevan Swamibapa
- ✳ Vishwa Kalyan Yatri (World Traveller for the Welfare of Humanity)
- ✳ Sarvopari Ananya Upasana (Supreme Resolute Devotion)
- ✳ History and Significance of Shree Swaminarayan Mandir Kadi

ફોટો આલબમ

- ✳ Visualisation of the Supreme
- ✳ My Beloved Gurudev

હિન્દી ભાષાનાં પ્રકાશનો

- ✳ वचनामृत रहस्यार्थ प्रदीपिका टीका
- ✳ श्री अबजीबापा की वार्ताए भाग १ और २
- ✳ श्री स्वामिनारायण गादी
- ✳ श्री स्वामिनारायण संप्रदायकी विशेषताएँ
- ✳ श्री वचनामृत (व्रज भाषा)

ગુજરાતી ભાષાના પ્રકાશનો : ગદ્ય પ્રકાશનો

- ✳ શિક્ષાપત્રી (સંસ્કૃત, ગુજરાતી)
- ✳ વચનામૃતમ્ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ (બાલબોધ લીપી)
- ✳ વચનામૃતમ્ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ (સચિત્ર)
- ✳ શ્રી અબજીબાપાશ્રીની વાતો ભાગ-૧ અને ૨
- ✳ શ્રી જીવનપ્રાણ સ્વામીબાપાની વાતો ભાગ-૧ અને ૨
- ✳ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો
- ✳ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો
- ✳ શ્રી વૃન્દાવનદાસજી સ્વામીની વાતો
- ✳ શ્રી મુક્તજીવન સ્વામીબાપા લીલામૃત સુખસાગર - પ્રથમ પ્રવાહ, મધ્યમ પ્રવાહ, ઉત્તમ પ્રવાહ
- ✳ શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ (સચિત્ર)
- ✳ શ્રી સ્વામિનારાયણ ગાદી ગૌરવ ગાથા
- ✳ ષષ્ટિપૂર્તિ પ્રસસ્તિ ગ્રંથ
- ✳ આ છે અમારા જીવનપ્રાણ
- ✳ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી
- ✳ સાર્વભૌમ વારસદાર શ્રી ગોપાળાનંદ સ્વામી
- ✳ કર્તવ્યનું કમળ
- ✳ વ્યસનનું વમળ
- ✳ શ્રી સ્વામિનારાયણ મંદિર કડી ગૌરવ ગાથા
- ✳ ધ્યાનોપયોગી અવતરણો
- ✳ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતાઓ
- ✳ પંચમહાલના ન્યાલકરણ
- ✳ શ્રી હરિજ્ઞાનામૃત રસાસ્વાદ
- ✳ સદાચાર સંદેશ
- ✳ કચ્છમાં કારણ સત્સંગ
- ✳ પંચમહાલ થયો નિહાલ
- ✳ સાંખ્યયોગી બાશ્રી મોંઘીબા
- ✳ ભક્તિ રસામૃત
- ✳ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન ભાગ ૧-૪
- ✳ શ્રી સહજાનંદ સ્વામી ચરીત્ર
- ✳ નીડર સિદ્ધાન્તવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી
- ✳ વ્હાલો વીચર્યા આફ્રીકામાં
- ✳ વ્હાલો વીચર્યા વનમાં
- ✳ શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેર અસાધારણ લક્ષણો
- ✳ શ્રી હરિરસામૃત સાર
- ✳ પ્રેમામૃતધારા
- ✳ આબુના ઉદ્ધારક શ્રી મુક્તજીવન સ્વામીબાપા
- ✳ યુરોપે યુગદૃષ્ટા સ્વામીબાપા
- ✳ સર્વોપરી અનન્ય ઉપાસના
- ✳ સદ્‌ગુરુ બ્રહ્મચારી શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો
- ✳ શિક્ષાપત્રી ટીકોપેતા
- ✳ શ્રીજીસંકલ્પમૂર્તિ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી
- ✳ શ્રી સત્સંગ મહાસભા
- ✳ શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી - પ્રથમ ઉલ્લાસ
- ✳ કરો ભજન સહુ ભાગ ૧
- ✳ વચન સુધા

પદ્ય ગ્રન્થો

- ✳ શ્રી હરિજ્ઞાનામૃત કાવ્ય
- ✳ શ્રી હરિરસામૃત
- ✳ શ્રી હરિસ્તવન
- ✳ શ્રી સ્વામિનારાયણ કીર્તનાવલી
- ✳ નિત્ય નિયમાવલી
- ✳ શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ
- ✳ ભક્તચિંતામણિ
- ✳ શ્રી નિષ્કુળાનંદ કાવ્ય
- ✳ શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર
- ✳ શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર
- ✳ શ્રી અબજીબાપાશ્રી ચરિત્રામૃત સાગર
- ✳ શ્રી હરિલીલામૃતમ્ ઉપદેશામૃતમ્
- ✳ શ્રી હરિલીલામૃતમ્ ભાગ ૧-૪
- ✳ કિર્તન નિયમાવલી
- ✳ મુક્તાનંદ કીર્તનાવલી
- ✳ નંદરત્ન કીર્તનાવલી ભાગ ૧-૨

બાલ પ્રકાશન

- ✳ શ્રી ઘનશ્યામ બાળલીલા
- ✳ સંતોનો સુબોધ
- ✳ નાવલિયાની નૌતમ લીલા
- ✳ પ્રેમનો રોટલો
- ✳ પહોંચ્યાનાં પરમાણાં

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા પ્રકાશિત સાહિત્ય

* ગધેડાની ગાય
* સંસ્કાર દીપિકા ભાગ-૧ થી ૭
* ચિંતનના ચમકારા
* શ્રી મુક્તજીવન પ્રશસ્તિ
* જીવનપુષ્પ
* શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિત્ર દર્શન
* સ્નેહની સરવાણી
* અમૃત સાગર, મૂર્તિ સુખની લ્હાણી, દિવ્ય વાણી, મુક્તિ સંજીવની
* જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીની બાળલીલા
* ગુરુપરંપરાની ૬ પુસ્તિકા
* વિશ્વકલ્યાણ યાત્રી
* સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની બાળલીલા
* શ્રી મુક્તજીવન સ્વામીબાપાની બાળલીલા

સામાજીક ગ્રન્થો

* ફલેશ બેક - જર્નાલિસ્ટ ઝવેરીલાલ મહેતાની ફોટો સ્ટોરીનો સંગ્રહ
* સરદાર પટેલ - એક સિંહપુરુષ (ગુ) (હિ)
* ગાંધી ટિળક નોખા અનોખા
* ટિળકની ટેક, સકદારની ભેખ
* સાબ્રમતી મહાત્મ્ય
* અનસીન ડ્રોઈંગ્સ ઓફ દાંડી માર્ચ (ગુ) (અં) (હિ)

ઓડીયો ગ્રન્થો

* શિક્ષાપત્રી ભાષા
* સમશ્લોકી શિક્ષાપત્રી ગુજરાતી
* રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત
* શ્રી અબજીબાપાશ્રીની વાતો ભાગ-૧ અને ૨
* શ્રી જીવનપ્રાણ સ્વામીબાપાની વાતો ભાગ-૧ અને ૨
* શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો
* શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ
* શ્રી સ્વામિનારાયણ ગાદી ગૌરવ ગાથા
* સદાચાર સંદેશ અંગ્રેજી
* શ્રી નિષ્કુળાનંદ કાવ્ય
* શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર
* શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર
* શ્રી હરિલીલામૃતમ્ ઉપદેશામૃતમ્
* શ્રી હરિલીલામૃતમ્ ભાગ ૧-૪

કિર્તન સી.ડી.


* ભક્તિ કીર્તનાવલી K.A.૧-૮
* ભક્તિ કીર્તનાવલી M.૧-૧૧
* ભક્તિ કીર્તનાવલી B.૧-૫
* ભક્તિ રસામૃત
* ભક્તિ વિહાર
* સ્વામિનારાયણ સ્મરણ ધૂન
* સ્વામિનારાયણ ઘનશ્યામ ધૂન
* સ્વામિનારાયણ મહામંત્ર ધૂન
* રાસ રસાવલી ભાગ ૧-૩
* નિત્ય સ્મરણ
* પ્રાત સ્તુતિ
* ભક્તિ આનંદની હેલી
* ભક્તિ પુષ્પાંજલી
* સુન રહી મૈં બતિયાં હરિ કી
* ઓ મેરે સ્વામિનારાયણ
* આ રે સંદેશો
* પ્રાતઃ સ્મરણ
* રાસે રમે રસિલો
* લીલા સ્નેહે સંભારું
* એકાદશી પવિત્રાં પર્વ
* પ્રીતમ ઘેર આવીયા
* દીવાળી પર્વ
* જોયાજોયા શ્રી હરિ
* દર્શન કરવા જઈએ
* નીરખું નેણા ભરી
* હે સદ્‌ગુરુજી....
* મોહી તારે લટકે
* હરિ ગુણ ગાતા
* પ્રીત બંધાણી રે
* નિરખ્યા રે ઘનશ્યામ
* ઉપદેશામૃતમ્
* મધુરી મૂર્તિ બાપાની
* શ્રીજી મેરે રખવાલ
* શ્રીજી સ્વયં મૂર્તિ બાપાશ્રી
* પ્યારે શ્રીજી હો તુમ
* લાગી રે તમથી પ્રીત
* ચિત્તડે ચોંટી મૂર્તિ બાપાની
* લગની લાગી રે ઘનશ્યામની
* નિત્ય નિયમ
* તારી મૂર્તિ પ્યારી પ્યારી
* મરમાળી મૂર્તિ માવની રે
* મુખ પ્રભુનું મલકે
* હૈડામા વ્હાલા લાગો
* આનંદ મંગલ થાએ
* ભક્તિ ધારા
* વ્હાલા સ્વામીબાપાને મેં દીઠા
* ઓરા આવોને સુંદર શ્યામ
* આવોને મંદિર મારે
* આજ મારે ઘેર ધર્મનંદન આવ્યા
* મંદિરીયે મારે રે પિયુજી પધારીયા
* ભક્તિ સરિતા-૧,૨
* ભક્તિ સૂરાવલી-૧,૨
* મંદિર મોરારી આવ્યા
* ચાલી રે હું તો પિયાની ગલી
* કૃપાળુ બાપાશ્રી
* સ્વામિનારાયણ ઓ મેરે ભગવાન
* પંચમહાલના ન્યાલકરણ સ્વામીબાપા
* મોહન મહોલે પધારો
* સ્વામીબાપાની લીલા અતિ સુખકારી
* સદ્‌ભાવ અમૃત હેલી
* સબસે ન્યારા સ્વામિનારાયણ
* જનમંગલ સ્તોત્રાવલી અને નામાવલી
* તેરે પ્યારે નૈના
* કરુણા કરો હે હરિ
* સખી ચાલ હરિ જોવા જઈએ
* તેરો અજબ રૂપ

વિડીયો આલ્બમ

* શણગાર દર્શન-અજોડ મૂર્તિ સ્વામીબાપા
* શ્રી ઘનશ્યામ પ્રભુના ચિન્હ દર્શન
* સ્વામીબાપા ડોક્યુમેન્ટ્રી
* પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રી મહારાજના આશીર્વાદ
* મહાબળેશ્વર સત્સંગ શિબિર (૩ ડીવીડી)
* બોલો ઘનશ્યામજી બોલો રે
* સ્વામીબાપાના દિવ્ય આશીર્વાદ-૧,૨
* સ્વામીબાપા સુવર્ણતુલા અને પ્લેટિનમતુલા
* સ્વામીબાપા શતાબ્દી મહોત્સવ (૨૧ ડીવીડી)
* સર્વોપરી સ્વામિનારાયણ સિરિયલ (૪૧ ડીવીડી)



અક્ષરધામાધિપતિ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન



શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી



શ્રીજીસંકલ્પમૂર્તિ યોગીવર્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી



શ્રીજીસંકલ્પમૂર્તિ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી



શ્રીજીસંકલ્પમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી



શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર ૧૦૦૮
શ્રી મુક્તજીવન સ્વામીબાપા



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પરમ પૂજ્ય
શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ

પ્રકાશન વિજ્ઞાપન

આ લોકના માનવી પુરાતન કાળથી સુખ, શાંતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા અનેક પ્રયાસો કરતા રહ્યા છે. એમાં તેઓનું લક્ષ્ય રહ્યું છે માયિક પંચવિષય. એમાં એ જેમ જેમ ઊંડા ઊતરતા ગયા છે તેમ તેમ દુઃખ ને અશાંતિમાં ઘેરાઈ જતા જોવા મળ્યા છે; કારણ એ જ છે કે લક્ષ્ય સાચું નથી.

ભૌતિક ઉન્નતિને જ શ્રેષ્ઠ માની તેમાં મશગુલ બની મનુષ્ય સદા દુઃખ ભોગવે છે. માટે શાશ્વત સુખ ખોળનાર વિચારવાન જીજ્ઞાસુ વ્યક્તિએ નાશવંત એવા સાંસારિક સુખોમાંથી આસક્તિ ઓછી કરી આત્મોન્નતિ કરનાર ધર્મનું પાલન કરવાની જરૂર છે. એમાં જ સમય, શક્તિ, તન, મન ને ધનનો ઉપયોગ કરવાની જરૂર છે.

આજ સંસારમાં સર્વત્ર પોતપોતાના ક્ષુદ્ર સ્વાર્થ ખાતર એકબીજાનો વિનાશ કરવામાં અબજો રૂપિયાનું પાણી થઈ રહ્યું છે, જો લોકોમાં ધર્મની ભાવના જાગૃત થાય તો એ ધન માનવ-વિકાસમાં વપરાય ને ઘોર કળિકાળમાં પણ શાંતિનું સામ્રાજ્ય સ્થપાય.

ખીલેલા ફૂલમાં જે સ્થાન સુગંધનું છે, પાકેલા ફળમાં જે સ્થાન મીઠાશનું છે, રાંધેલા ભોજનમાં જે સ્થાન સ્વાદનું છે, એટલું જ મહત્ત્વનું સ્થાન જીવનમાં સદાચાર, સંસ્કાર અને સાચી સમજનું છે. આ બધું જ પ્રાપ્ત થાય સત્સંગથી ને સદ્‌ગ્રંથના વાંચનથી. સ્વામિનારાયણ ભગવાને મધ્ય પ્રકરણના અઠ્ઠાવનમા વચનામૃતમાં સદ્‌ગ્રંથનાં સર્જન કરવામાં પોતાનો અખૂટ રાજીપો દર્શાવ્યો છે.

ભગવાનની આ સુરુચિને અનુલક્ષીને શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ સદ્‌ગ્રંથોનાં સર્જન કર્યાં છે. એ પરમોચ્ચ આદર્શોને વરેલા તેઓશ્રીના વારસદાર સદ્ધર્મજ્યોતિર્ધર વિશ્વશાંતિ રાજદૂત શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ સદ્‌ગ્રંથોનાં સર્જન કરી - કરાવી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો એટલે આશ્ચર્યોનો અખૂટ ભંડાર, મહાસાગર. એમાં જેમ જેમ ઊંડા ઊતરીએ તેમ તેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે સદ્‌ગુણોનાં અણમોલ રત્નો પ્રાપ્ત થાય.

વાચકવૃંદ આવા સદ્‌ગુણી બને એવા સુભગ હેતુથી વેદરત્ન પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે યોજેલા સાહિત્ય સર્જનના મહાયજ્ઞમાં **શ્રી ઘનશ્યામ મહારાજ અમૃત પ્રતિષ્ઠા મહોત્સવ** ની આનંદ ખુશાલીરૂપે **સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન ભાગ-૪ : સત્સંગ વિચરણ** ગ્રંથ પ્રકાશિત કરાવ્યો તેનો અદકેરો આનંદ વર્ણનાતીત છે.

– પ્રસિદ્ધકર્તા

પ્રેરણા સ્રોત

મનુષ્ય જીવન પામનાર દરેક વ્યક્તિને એવી ઇચ્છા અવશ્ય હોય છે કે મારે ગુણિયલ બનવું છે. કોઈને પણ નફફટ બનવું ગમતું નથી. છતાં પણ દુનિયામાં મોટે ભાગે નફફટ લોકોનું પ્રમાણ વધારે પડતું જોવામાં આવે છે. તેનું કારણ એ જ છે કે નફફટાઈ વધારનારાં સાધનો સાથે તેણે મિત્રતા કરી લીધી છે. એના વિના એ પળમાત્ર પણ રહી શકતો નથી. મોબાઈલ ફોન, ફેસ બુક, ટી.વી. વગેરેમાં એ ગુંદરની પેઠે એવો ચોંટી ગયો છે કે પોતાના જીવનની જવાબદારી નિભાવવાનું પણ ભૂલી જાય છે.

સાધનો ખરાબ નથી, પણ તેનો ઉપયોગ કઈ દિશામાં કરવાથી જીવનમાં સદ્‌ગુણ આવશે એનું માર્ગદર્શન આપનારા તેને મળ્યા નથી. તરવાર તો એની એ જ હોય. જો તે કોઈનાં માથાં વાઢવામાં વપરાય તો તેનું નિરર્થકપણું છે ને જો કોઈની રક્ષામાં વપરાય તો તેનું સાર્થકપણું છે. એ જ રીતે જિંદગી સુમાર્ગે વીતે તો તે સાર્થક ગણાય. પરંતુ રાગ-દ્વેષ, અહં-મમત્વ આદિમાં પ્રવૃત્તિ થાય એ બધું નિરર્થક છે.

આવી સાચી સૂઝ પ્રાપ્ત થાય છે સત્સંગથી, સદ્‌ગ્રંથના પઠનથી. જોબનપગી જેવાને સાચી વાત સમજાઈ ગઈ તો ધન્ય ધન્ય થઈ ગયા. એવા તો કેટલાય જીવો હતા જેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાન કે તેમના સંતોનો સમાગમ થતાં આદર્શ મનુષ્ય જીવન જીવતા થઈ ગયા.

પરંતુ જેમને ભગવાન કે સંતો પ્રત્યે દ્વેષભાવ હતો એવા ઢોંગી બાવાઓ, રાજકારભારીઓ ખત્તા ખાતા થઈ ગયા.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમયમાં બનેલી એવી કેટલીય ઘટનાઓનું નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. તેનું સંકલન, પ્રકાશન કરવાની સેવા આપનાર સંતશિરોમણિ શ્રી સર્વેશ્વરદાસજી સ્વામી વગેરે સંતો-ભક્તો પર તેમજ આ ગ્રંથનું પઠન, શ્રવણ, મનન કરનાર સહુ પર સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની દયા અહર્નિશ વરસતી રહો એવા અમારા અંતરના આશીર્વાદ.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય

સ્વામી. પુરુષોત્તમપ્રિયદાસજીના

સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ

અંતરની અભિલાષા

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો એ તો આશ્ચર્યોનો મહાસાગર. કોટી કલ્પે ને કોટી સાધને એનો પાર પામી શકાય તેમ નથી. મહાસાગરમાંથી મનુષ્યો, પશુ-પંખીઓ ગમે તેટલું જળ પીએ તો પણ એમાંથી રંચમાત્ર જળ ઓછું થતું નથી. એમ ભગવાનનાં ચરિત્રો અનંત છે. તેના મનન ચિંતનમાં જેટલું જીવન પરોવાએલું રહે એટલું જ સાર્થક થયું ગણાય. એવી ભાવનાથી ભગવાનનાં ચરિત્રોને આલેખવાનો પ્રયાસ આદર્યો છે. એ સાથે અંતરમાં એ જ ભરોસો છે કે એ દયાળુ રાજાધિરાજ સ્વામિનારાયણબાપા સ્વામીબાપા તેમજ સદ્ધર્મજ્યોતિર્ધર પરમ પૂજ્ય આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ આ નાના સેવકના મજરાને સ્વીકારી મૂર્તિ સુખની મોજ અવશ્ય આપશે જ.

આ સેવામાં અહંભાવ નડતરરૂપ ન બને એની જાગૃતિ સતત રહે એવી અંતરની અભિલાષા સાથે પ્રેરણામૂર્તિ વિશ્વવાત્સલ્યમહોદધિ પરમ પૂજ્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના ઋણને જીવનભર ન ભૂલાય એવી પણ તેમના શ્રીચરણોમાં પ્રાર્થના.

ગ્રંથના સર્જનમાં પૂજનીય સંતો તેમજ હરિભક્તોએ સતત સાથ ને સહકાર આપ્યો છે, ને હજુ પણ આપતા રહેશે એવી પણ હાર્દિક ભાવના છે.

આ સાથે સ્વામિનારાયણબાપા સ્વામીબાપાને એટલી અરજી છે કે આ ગ્રંથમાં જણાતી ક્ષતિત્રુટિને દરગુજર કરી સેવકના કાલાવાલાને સ્વીકારશો.

સાધુ સર્વેશ્વરદાસના
સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ.

અનુક્રમણિકા

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન

ભાગ ૪ : સત્સંગ વિચરણ

સોરઠના સુખકર્તા

જામસાહેબની ભાવના



સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન અસંખ્ય જીવોનાં કલ્યાણ કરવા આ પૃથ્વીલોક પર પ્રગટ થયા હતા. એ હેતુ સિદ્ધ કરવા રાત-દિવસ, ભૂખ-થાક આદિ કશાયની પરવા કર્યા વિના સતત વિચરણ કરતા રહેતા. કચ્છમાં જયજયકાર પ્રવર્તાવી હાલાર દેશમાં વિચરણ કરતા શ્રીહરિ જામનગર પધાર્યા. અત્રેના જાડેજા રાજા જામસાહેબના મામા ગજુભાઈ ઝાલા તેમજ કારભારી હાથીભાઈ ભગવાનના પરમ ભક્ત હતા. તેમને શ્રીહરિના આગમનના અગાઉથી ખબર મળી ગયા હતા. જામસાહેબ પાસે જઈને તેમણે વાત કરી : અમારા ઉપાસ્ય ઈષ્ટદેવ જામનગર પધારી રહ્યા છે.

જામસાહેબે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં નહોતાં, પરંતુ ભગવાનના સંતોનાં સદ્‌વર્તન જોયાં હતાં; કેમ જે શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી સદ્‌ગુરુ શ્રી સ્વરૂપાનંદ સ્વામી

અઢીસો સંતો સાથે જામનગર ગયા હતા. ત્યાં ગામની ઉત્તર દિશામાં આવેલા તળાવને કાંઠે વડ તળે ઊતર્યા હતા. તે વખતે જામનગરમાં સત્સંગ નહોતો. સંતો ગામમાં ભિક્ષા માગવા જાય ત્યારે કોઈ મૂઠીભર જારનો લોટ આપે, કોઈ રોટલા આપે, કોઈ ખીચડી આપે. આ બધું લઈને સંતો તળાવે આવે. ભિક્ષાનું અન્ન ઝોળીમાં ભેગું કરી તળાવના પાણીમાં ઝબોળી ગોળા વાળીને ભાગે પડતા જમતા. કોઈવાર દરેકને ભાગે નવ ટાંક અનાજ, કોઈવાર પા શેર આવે ને કોઈવાર કાંઈ ન મળે તો ઉપવાસ થતો. નાના સંતોને બહુ ભૂખ લાગે ત્યારે સ્વરૂપાનંદ સ્વામીની આજ્ઞા લઈ તળાવની કપોટીઓ જમતા. ખરેખર ધન્ય છે એ સંતોને, સંતોની ધીરજને.

એક દિવસ હનુમાનજીનાં દર્શને જતા જામસાહેબને આ બધી જાણ થઈ. તેમણે તો પોતાના જીવનમાં આવા ધર્મપરાયણ સંતો જોયા જ નહોતા. એમને વિચાર થયો : અહીં ઘણાય બાવા-ભેખધારી આવે છે, જેઓ ખાવા-પીવા માટે ત્રાગાં કરતા હોય છે, જ્યારે આ સંતો કેવા શાંત સ્વભાવે વર્તે છે ! ધન્ય છે આવા સંતોને ને ધન્ય છે આવા સંતોના ઘડવૈયા સ્વામિનારાયણ ભગવાનને. આવા સંતોને જમાડવાથી બેડો પાર થઈ જશે.

શુભ વિચારની સરવાણી અંતરમાં રેલાઈ. જામસાહેબે એક સેવકને મોકલ્યો. પોતાના તરફથી રસોઈ આપવાનું કહેવડાવ્યું. પરંતુ પોતાના ઈષ્ટદેવનો આદેશ હતો, તે અનુસાર સંતોએ ભિક્ષાવૃત્તિનો આગ્રહ સેવ્યો. એ જાણી રાજાને સંતો પ્રત્યે સવિશેષ સમાદર ભાવ જાગ્યો.

સંતો માટે નવો બાજરો દળાવીને મોદીખાને લોટ તૈયાર કરાવ્યો. ગોળ તેમજ ઘી પણ તૈયાર રખાવ્યાં. દરવાજે એક માણસ ઊભો રાખ્યો ને આદેશ આપ્યો, 'સ્વામિનારાયણના સંતો ઝોળી માગવા આવે ત્યારે તેમને મોદીખાને લઈ જઈને લોટ, ઘી, ગોળ આપવાં ને ગાંસડી બંધાવીને તેમને ઉતારે મોકલવી.'

સંતો ભિક્ષા માગવા ગયા ત્યારે રાજાની સૂચના પ્રમાણે સીધું આપવામાં આવ્યું. સીધાની કુલેર બનાવી સંતો જમ્યા. વખતના વહન સાથે જામનગરમાં સત્સંગનો સારો વિકાસ થયો. તેના કારણે ભગવાનને અત્રે પધારવાનું થયું.

શ્રીહરિ પોતાના નગરમાં પધારી રહ્યા છે એ જાણી જામસાહેબે હરખભેર કહ્યું : એ પ્રભુ આપણે ત્યાં પધારે એનાથી બીજું સદ્‌ભાગ્ય કયું હોઈ શકે ? એમના સ્વાગતમાં કશી કમી રહેવા ન દેજો. જે કાંઈ સુવિધાની જરૂર હોય તે નિશ્ચિંત થઈને કહેજો. એ સાથે એ શ્રીહરિનો ઉતારો પણ મારા દરબારમાં રખાવજો.

ઉતારા અંગે વિચારણા થઈ. એમાં જણાયું કે શ્રીહરિનો ઉતારો જો દરબારમાં થશે તો દર્શનાર્થીઓને દર્શનનો સુયોગ સારી રીતે થઈ શકશે નહિ, તેથી શહેરની બહાર વાડીમાં ઉતારો નક્કી કર્યો. જામસાહેબ પણ એમાં સંમત થયા.

શ્રીહરિના ભવ્ય સ્વાગત માટે જામસાહેબે પોતે અંગત રસ લઈ સઘળી તૈયારી કરાવી દીધી. રાજકીય ઠાઠમાઠથી સુસજ્જ ગજરાજો, ઘોડા, ઘોડેસવારો, વાજિંત્ર-વાદકો શ્રીહરિના ઉતારા પાસે આવ્યા. ગજરાજ પર ગોઠવેલ સુવર્ણની અંબાડી પર શ્રીહરિ બિરાજમાન થયા. સંતો પણ યોગ્યતા અનુસાર હાથી, ઘોડા વગેરે પર બેઠા.

આજે આખું જામનગર જાણે શ્રીહરિના પ્રેમામૃતનાં જામ પીવા આતુર બન્યું હોય એવો અનોખો ભક્તિનો માહોલ સર્જાયો હતો. ભાવિકોનાં હૈયાં આનંદના હિલોળે ચડ્યાં હતાં.

ગામ હોય ત્યાં ઊકરડો પણ હોય. એમ કેટલાક ઈર્ષાળુ લોકો શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આ વિજયઘોષ સાંભળી દાઝી મર્યા. તેમાંય કૌલમતના બ્રાહ્મણોને વિશેષ દ્વેષ હતો. તેનું મૂળ કારણ એ હતું કે તે બધા માંસ, મદિરા, મૈથુન વગેરેમાં ચકચૂર રહેનારા હતા, જ્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન આ બધાનો નિષેધ કરતા હતા.

શ્રીહરિની રાજસ્વારી રાજભવન પાસે આવી ત્યારે જામસાહેબે પોતે આવીને રાજોપચારથી શ્રીહરિનું પૂજન કર્યું, ઉમંગભેર સ્વાગત કર્યું.



શ્રીહરિએ મનુષ્ય જન્મની દુર્લભતા વિશેની વાત કરી; તે સાંભળી જામસાહેબ મુગ્ધ થઈ ગયા. કૌલમતવાદીથી આ સહન ન થયું. તેઓએ મનમાં વિચાર્યું : જો આ જામસાહેબ તેમના પંજામાં આવી જશે તો આપણું કાંઈ ઊપજશે નહિ. હવે રાજાને ભ્રમિત કરવા વિવાદ સિવાય બીજો કોઈ ઉપાય ન રહ્યો. પોતાના મત પ્રમાણે મદ્ય-માંસ ભક્ષણ તેમજ પશુહિંસાનું પ્રતિપાદન કરવા લાગ્યા. એ વખતે શ્રીહરિની આજ્ઞાથી સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીએ શાસ્ત્રોનાં પ્રમાણ આપી સાચું રહસ્ય પ્રસ્તુત કર્યું. જામસાહેબને પણ ખરી વાત સમજાઈ ગઈ. તેમણે કહ્યું : સ્વામી, આપ ખરેખર વિદ્વાન છો. આ બ્રાહ્મણો વંઠી ગયેલા છે. તેઓ સાચી વાત સ્વીકારવા તૈયાર નહિ થાય.

પછી બ્રાહ્મણોને સખત ચેતવણી આપતાં કહ્યું : તમે તમારો બ્રાહ્મણનો ધર્મ છોડીને મદ્ય-માંસ-ભક્ષણમાં પ્રવૃત્ત બન્યા છો. એ પાપમય પ્રવૃત્તિ હવે હું કોઈ પણ સંજોગોમાં ચલાવી નહિ લઉં. હવેથી ચેતી જાઓ. જો નહિ ચેતો તો અહીં રહેવું ભારે પડી જશે.

જામસાહેબનું આવું સચોટ વચન સાંભળી કૌલમતવાદી તો ડઘાઈ જ ગયા. સત્સંગ માટે જામસાહેબની નિષ્ઠા જોઈને શ્રીહરિ તેમના પર બહુ જ પ્રસન્ન થયા ને રૂડા આશીર્વાદ આપ્યા.

આ રીતે જામનગરમાં જય જયકાર પ્રવર્તાવી શ્રીહરિ લાખાણી ગામે પધાર્યા.

લાખાણીમાં ઐશ્વર્ય દર્શન

જામનગરના તાબાનું એક ગામ તે લાખાણી. અત્રે શ્રીહરિ પધારતાં ગામના સુથાર વીરજીભાઈ, દરબાર કાંચડજી વગેરે હરિભક્તોએ હૈયાના હેત સાથે ગામમાં પધરાવ્યા. પ્રભુના આગમનની જાણ આજુબાજુનાં ગામોમાં થઈ. પછી કાંઈ બાકી રહે ? ભક્તો અને ભાવિકો દર્શન સેવા સમાગમનો લ્હાવો લેવા ઊમટી પડ્યા. તેમના માટે ભોજન પ્રબંધ કેમ કરવો એ મોટી સમસ્યા થઈ પડી.

શ્રીહરિનો ઉતારો વીરજીભાઈને ઘેર હતો. તેમની પાસે બહુ થોડા દાણા હતા. ભક્તને ચિંતાતુર થયેલા જોઈને શ્રીહરિએ સામેથી જ પૂછ્યું : શું વિચાર કરો છો ?

'મહારાજ, કોઠીમાં આશરે મણ જેટલા દાણા છે.'

'તો જાઓ, હમણાં ને હમણાં તે કોઠીનું ઢાંકણું છાંદીને સાણેથી દાણા કાઢવા માંડો ને દળવા માંડો.'

શ્રીહરિના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી ભક્તે તે પ્રમાણે જ કર્યું. સંખ્યાબંધ લોકોને જમાડ્યા તો પણ દાણા ન ખૂટ્યા. સાંજે વાળુ કરી શ્રીહરિ વીરજીભાઈને ઘેર લીંબડા નીચે ઢોલિયા પર પોઢ્યા.

ભગવાને આજે નવી લીલા આદરી. ચરણ ચાંપતા ભક્તોને કહ્યું : તમારામાં જેટલું જોર હોય તેટલો ભાર દો. એ પ્રમાણે ભક્તો ભાર દઈ શ્રીહરિના ચરણ ચાંપવા માંડ્યા. છેવટે થાક્યા એટલે કહ્યું : મહારાજ, અહીં ગરાસીયા કલ્યાણસિંહ વગેરે ચાર ભાઈઓ બહુ જ બળિયા છે. આપ કહો તો તેમને બોલાવીએ.

'તો બોલાવી લાવો એમને. જોઈએ તો ખરા કે તે કેવા બળિયા છે.'

શ્રીહરિના આદેશથી વીરજીભાઈએ એ ભાઈઓ પાસે જઈ વાત કરી : અમારા મહારાજના ચરણ ગમે તેવો કોઈ બળિયો દબાવી રાખે તો પણ તે વેલણની જેમ ફરી જાય છે.

એ સાંભળી ચારેય ભાઈ કહે : એમ તે કાંઈ ફરી જતા હશે ? અમે જો દાબીશું તો એક તસુભાર પણ ખસી નહિ શકે. ચાલો, આજે જ એનો ફેંસલો કરી દઈએ. તમે એમને ભગવાન કહો છો તેની પણ ખાત્રી થઈ જશે.

પોતાનું બળ અજમાવવાનો ખરો મોકો મળ્યો છે, તેના કેફમાં એ ચારેય ગરાસીયા ભાઈઓ ઉતાવળા ઉતાવળા વીરજી ભક્તને ઘેર આવ્યા. કલ્યાણસિંહ કહે : લાવો, અમે મહારાજના ચરણ દબાવીએ.

ભક્તોને તરત શ્રીહરિએ આદેશ આપ્યો : હવે તમે રહેવા દો. આ શૂરવીર ગરાસીયા આવ્યા છે તેમને ચાંપવા દો. હવે ગરાસીયાનો વારો આવ્યો. પ્રભુ કહે : તમે જોર કરીને ચાંપજો. એમાં જરાય સંકોચ ન રાખજો. એ પ્રમાણે ગરાસીયા એકદમ ભાર દઈને ચરણ ચાંપવા લાગ્યા.

થોડીવાર બાદ શ્રીહરિ કહે : હવે તમે અમને જોર કરીને દબાવી રાખો. જો અમને ફરવા ન દો તો તમે બળિયા ખરા. ત્યારે એક જણે શ્રીહરિના ચરણ દાબ્યા. બીજો સાથળ દબાવીને બેઠો. ત્રીજાએ છાતી દબાવી રાખી ને ચોથે મસ્તક દબાવ્યું. ચારે જણાએ સજ્જડ રીતે શ્રીહરિનાં અંગ દબાવી રાખ્યાં, ત્યારે ફરીથી ટકોર કરતાં કહ્યું : જોજો હોં, બરાબર પકડીને રાખજો. અમે ફરી ન જઈએ તેની શરત રાખજો.

'અરે મહારાજ, તમતમારે જેટલું જોર કરવું હોય તેટલું કરો. આ તો સિંહના પંજા જેવી અમારી પકડ છે. જોઈએ તો ખરા કે તમે તેમાંથી કેમ છૂટી શકો છો.'

'હજુ અમને એમ લાગે છે કે તમે અમને બરાબર ભીંસ દઈને પકડ્યા નથી.'

'અરે મહારાજ ! તમે ખસી તો જુઓ,' આમ ગરાસીયા બોલ્યા ત્યાં જ શ્રીહરિએ સ્હેજ આંચકો માર્યો ને વેલણની પેઠે તરત જ ફરી ગયા.

હજુ પણ ગરાસીયાને બળનો કેફ હતો. એ કહે : હવે તમે ઊંધા સૂઓ ને અમે દબાવીએ. પછી જુઓ કે કેમ સરકી શકાય છે. શ્રીહરિએ તેમ પણ થવા દીધું. એ સાથે કહ્યું : બરાબર સાવધાન છો ને ?

ગરાસીયાએ પણ બરાબર ભીંસ દઈને શ્રીહરિને પકડ્યા. ત્યારે પણ પકડમાંથી શ્રીહરિ સરકી ગયા. એ અનુભવ કરીને એ ચારેય ગરાસીયા બોલ્યા : હે મહારાજ, તમે સાક્ષાત્ ભગવાન છો. આજથી અમે પણ તમારા આશ્રિત.

આ રીતે લાખાણી ગામે ઐશ્વર્ય દર્શાવી શ્રીહરિ મોડા, વંથલી, કાલાવડ વગેરે ગામોમાં ભક્તોને સુખ આપતા જાળિયા, ગણોદ, માણાવદર, પીપલાણા થઈ જૂનાગઢ પધાર્યા.

જૂનાગઢનું જોમ

આથી પૂર્વે પ્રભુજી જૂનાગઢ પધાર્યા હતા ત્યારે અહીંના દીવાન વગેરે દ્વેષીઓએ ઘણા દાવપેચ ખેલ્યા હતા, પણ નવાબ હામદખાન સમજુ હતા તેથી દ્વેષીઓનું કાંઈ ચાલ્યું નહોતું. તેના કારણે આ વખતે શ્રીહરિના આગમન વખતે ચૂપ રહ્યા હતા. અહીં નાગર ભક્તો ઘણા હતા. રામજીભાઈ, ભીમજીભાઈ વગેરે ભક્તોએ ઉમંગથી શ્રીહરિનું સ્વાગત કર્યું. ભીમજીભાઈ નાગરને ઘેર ઉતારો રાખ્યો.

અહીં કાળવા નદીમાં શ્રીહરિ સંતો-ભક્તો સાથે પધારતા ને આસોપાલવના વૃક્ષ નીચે સભા કરી આ લોકના નાશવંતપણાની વાતો કરતા. તે સાંભળી હરિરામ નાગરે શ્રીહરિને પ્રાર્થના કરી : મને સંન્યાસી કરો. તેમની સાચી ભાવના જોઈ શ્રીહરિએ તેમને દીક્ષા આપી માધવાનંદ સ્વામી નામ રાખ્યું. આ જોઈ નાગર રામજી ભક્તને પણ સંન્યાસ લેવાની ઈચ્છા થઈ. તેમને શ્રીહરિએ કહ્યું : ભક્ત, તમે સંસારમાં રહ્યા છો તોય જળકમળવત્ નિર્લેપ છો. માટે ગૃહસ્થાશ્રમમાં

રહીને સંતોની સેવા કરજો, એ અમારી આજ્ઞા છે. રામજી ભક્તે વિચાર્યું જે ભગવાનની આવી મરજી છે. ધણી આગળ પોતાના મનનું ધાર્યું કરાવવાનો આગ્રહ રાખવો એ અયોગ્ય ગણાય, એમ વિચારી તેમણે કહ્યું : ભલે મહારાજ, જેવી આપની આજ્ઞા.

જૂનાગઢમાં શ્રીહરિ રહ્યા તે દરમ્યાન સંતોને યોગાભ્યાસ કરાવતા. સંતોના સદાચાર, નિર્માનીપણું વગેરે જોઈ લોકોના હૈયેથી એવો સૂર ઊઠ્યો કે અહીં દામોદરની યાત્રા કરવા કેટલાય વૈરાગીઓ-બાવાઓ વગેરે આવે છે. એ બધા ગાંજો, તમાકુ વગેરેમાં ચકચૂર હોય છે, ને વાતે વાતે તેમનામાંથી ક્રોધ ભભૂકતો હોય છે, માટે ખરા સાધુ તો આ સ્વામિનારાયણના સંતો છે. આવી શુભ ભાવના સાથે ઘણા મુમુક્ષુઓ બાવાઓનો સંગ ત્યજી શ્રીહરિના આશ્રિત થયા.

જૂનાગઢમાં સત્સંગનું જોમ જગાવી શ્રીહરિ થાણાગાલોળ, દેરડી, કોટડા થઈ વાંકિયા પધાર્યા. ગામધણી મોકાખાચર શ્રીહરિના અનન્ય ભક્ત હતા. એમનાં ધર્મપત્ની સોણબા પણ ભગવાનને વિશે એવી જ નિષ્ઠાવાળાં હતાં. તેમનાં દીકરી રાજબા હતાં. નાનપણથી જ એમને ભગવાનની એવી લગની કે લાલજીની સેવામાં અલમસ્ત રહેતાં. અવારનવાર જીવુબા ને લાડુબા પાસે જઈ સત્સંગનો લાભ લેતાં. લગ્નની કોઈ વાત કરે તો ચોખીચટ ના પાડી દેતાં. ભગવાનની કૃપાથી એમને વચનસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. શ્રીહરિની મરજી અનુસાર એ દાદાખાચરનાં પાંચમાં બહેન તરીકે રહ્યાં હતાં.

આવા ભક્તિ-પરાયણ પરિવારના મનોરથો પૂર્ણ કરવા ભગવાનને અત્રે વારંવાર પધારવાનું થતું. શ્રીહરિની સેવા કરવાનો મોકો મળવાથી રાજબા ઓળઘોળ થઈ જતાં. અત્રે સૌના મનોરથ પૂર્ણ કરી શ્રીહરિ કરિયાણા પધાર્યા.

અહીંના દરબાર દેહાખાચર, તેમના સુપુત્ર ઉન્નડખાચર વગેરેને ભગવાનને વિશે અનન્યનિષ્ઠા હતી. દેહાખાચરને દરરોજ ૫૦૦ માળા

ફેરવવાનો નિયમ હતો. આવા ભક્તોના મનોરથો પૂર્ણ કરવા શ્રીહરિ તેમને વિવિધ રીતે લાભ આપતા. કાળુભાર નદીએ શ્રીહરિ સ્નાનાર્થે પધારતા ત્યારે ઉન્નડખાચરના ખભા પર ચડી નદીમાં ધુબાકા મારતા. એ દિવ્ય લાભને યાદ કરતા ઉન્નડખાચર કહેતા : આ ખભો ભગવાને પ્રસાદીરૂપ કરેલો છે. આવી તેમના હૈયે ખુમારી હતી. આ રીતે સૌને મહામોંઘા લાભ આપી શ્રીહરિ ગઢપુર પધાર્યા.

દાદાખાચરની હરિદર્શન આતુરતા

શ્રીહરિનાં દર્શન માટે ગઢપુરવાસી ખૂબ જ ઝંખી રહ્યાં હતાં. ભગવાન આજે આવે, કાલે આવે, એમ આતુરતાપૂર્વક સહુ રાહ જોઈ રહ્યાં હતાં. શ્રીહરિ માટે રસોઈ પણ બનાવતાં; પરંતુ શ્રીહરિ ન પધારે એટલે વાસુદેવનારાયણને થાળ ધરાવી સંતોને મોકલાવી દેતાં. પોતે તો નક્કી કર્યું હતું કે જ્યાં સુધી ભગવાનનાં દર્શન ન થાય ત્યાં સુધી પકવાન જમવાં નહીં. જેમ શબરી રામચંદ્રજીની રાહ જોતી, તેમ આ પ્રેમી ભક્તો શ્રીહરિની આતુરતાપૂર્વક રાહ જોતાં.

શ્રીહરિ ગઢપુર પધાર્યા ત્યારે એભલ બાપુ પોતાના પુત્ર ઉત્તમકુમારને સાથે લઈને આવ્યા ને દંડવત કરવા લાગ્યા. ઉત્તમકુમાર-દાદાખાચરના અસાધારણ પ્રેમની વાત શ્રીહરિ તો જાણતા જ હતા. પ્રેમાળ પિતા પોતાના લાડકા દીકરાને લાડ લડાવે તેમ શ્રીહરિએ ઉત્તમકુમારના બંને હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યા. એભલ બાપુ પણ રાજીના રેડ થઈ ગયા, ને કહ્યું : આ દાદો, રોજ મને પૂછતો કે ભગવાન ક્યારે આવશે ? ક્યારે આવશે ? ત્યારે એને મનાવવા અમે કહેતા કે આજે સાંજે આવશે, કાલે આવશે. તેથી તે તેની મા પાસે અથવા ફોઈ પાસે જાય ને કહે કે મહારાજ આજે આવશે, માટે સારી રસોઈ બનાવો. પછી રસોઈ બનાવી રાખી હોય ને દાદો ડેલીએ બેસીને સવારથી રાહ જુએ કે ભગવાન હમણાં જ આવશે ને હું ભગવાનને જમાડીશ. એમ કરતાં બપોરના ૧૨ થી ૧ વાગ્યા સુધી રાહ જુએ. છતાં પણ આપનાં દર્શન

ન થાય એટલે નિરાશ થઈને તેની ફોઈ પાસે જાય ને કહે : મહારાજ તો ન આવ્યા. લાવો હવે એ થાળ વાસુદેવનારાયણને ધરાવીને સંતોને આપી દઈએ. દાદાની દિલગીરી જોઈને બધાને આંખમાં આંસુ આવી જાય, ને કહે : દાદા, ઠાકોરજીને ધરાવેલી પ્રસાદી તું જ જમી લેને. ત્યારે તે કહે : એ થાળ તો ભગવાનના સંતોને આપી દો. ભગવાનનાં દર્શન ન થાય ત્યાં સુધી આપણે તો રોટલા ને દાળ જ જમવાની.

એભલ બાપુની વાત શ્રીહરિ સાંભળી રહ્યા હતા ને દાદાના માથા ઉપર, ખભા ઉપર પોતાનો કોમળ કર ફેરવતા હતા. દાદાની આટલી નાની ઉંમરે આવી અનેરી ભક્તિ જોઈ શ્રીહરિએ તેમને ઊંચકીને પોતાના ખોળામાં બેસાડી દીધા. ને કહ્યું : આ દાદો તો તમારા કુળનો દીપક છે.



ઉત્તમકુમાર - દાદાખાચરનો જન્મ સંવત ૧૮૫૭, પોષ વદ પાંચમના રોજ એભલખાચરનાં બીજાં ધર્મપત્ની સોમાદેવી થકી બોટાદ ગામે મોસાળમાં થયો હતો. સોમાદેવી બોટાદના રાજા રણગામીનાં સુપુત્રી હતાં.

એભલખાચરને સંશય-નિશ્ચય

એભલખાચરના પરિવારનો અસાધારણ પ્રેમ જોઈ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાનું ઘર માનીને ગઢપુરમાં રહ્યા. તેના કારણે એભલખાચરની કીર્તિ ચોમેર પ્રસરવા માંડી.

એભલખાચરના મોટા ભાઈ જીવાખાચર વધારે પડતા વ્યવહારુ હતા. એમને સત્સંગમાં એટલો બધો રસ નહોતો. બોલવામાં મીઠા હતા એટલે ભલભલાને પાણી પાણી કરી દેતા. શ્રીહરિ આગળ ઉપર ઉપરથી બહુ હેત દેખાડતા. એમનાં ધર્મપત્ની કુંવરબાઈનો ભાઈ બુઢ્ઢો ધાધલ હતો. એને જૈન મતમાં શ્રદ્ધા હતી. જીવાખાચરને અવળું સવળું ભરાવતો રહેતો. ઉપર ઉપરથી સારું લગાડવા એ શ્રીહરિ પાસે આવતો. એનો મલિન સ્વભાવ શ્રીહરિ જાણતા હતા તોય જીવાખાચરનો સંબંધી છે એમ જાણીને નિભાવતા, પ્રસાદી આપતા.

બુઢ્ઢા ધાધલના વધુ પડતા સહવાસથી અને એભલખાચરની કીર્તિ વધુ પ્રસરવાથી જીવાખાચરને મનમાં થયું કે, હું એભલખાચરથી મોટો, હું મોટી ડેલીવાળો કહેવાઉં, તોય મારું કોઈ નામ પણ પૂછતું નથી ! આવા મલિન વિચારથી તેમના હૈયે ઈર્ષાની આગ ભભૂકી ઊઠી. મનમાં વિચારી લીધું કે જેમના કારણે એભલખાચરની કીર્તિ ગવાય છે એમનું જ અસ્તિત્વ મિટાવી દઉં. ઈર્ષાના અતિરેકમાં એમને એ પણ ભાન ન રહ્યું કે જેમને એ પોતાના ઈષ્ટદેવ માને છે એમનો હળાહળ દ્રોહ થાય છે.

જીવાખાચરે એક ગઢવીને સાધ્યો. એકાંતમાં બોલાવીને કહ્યું : તું મારું એક કામ કરીશ ? ગઢવી કહે : અરે અન્નદાતા ! આપનું કામ તો હું ખડે પગે કરું. કહો તો માથું ઉતારી આપું.

‘ગઢવી ! માથાની જરૂર નથી. માત્ર મીઠી વાણી બોલવાની છે. તમારે એભલખાચરને મનમાં એટલું જ ઠસાવવાનું છે કે સ્વામિનારાયણે તમારી આબરૂ કોડીની કરી નાખી છે.’

'બાપુ, બેફિકર રહો. આ કામ તો આસાનીથી પાર પાડી દઈશ.' એમ કહીને એ બહારગામ ગયો.

આ બાજુ જીવાખાચર એભલખાચર પાસે ગયા. અરસપરસ કુશળ સમાચાર પૂછ્યા. વાતની વાતમાં મમરો મૂકી દીધો કે હું તો કુશળ છું પણ બહારથી લોકોની વાતો સાંભળું છું, તે હું નહિ કહું પણ બીજો આવીને કહેશે ત્યારે જાણશો.

થોડા દિવસો બાદ પેલો ગઢવી બહારગામથી આવ્યો. જીવાખાચરને કહ્યું : બધી જ તૈયારી થઈ ગઈ છે. ચોકઠું બરાબર ગોઠવાઈ ગયું છે. આજે જ વાતનો ફેંસલો આવી જશે. જીવાખાચર કહે : કરો ફતેહ.

ગઢવી એભલખાચર પાસે આવ્યો. બાપુ ડેલીએ બેઠા હતા. તેમના સામી નીચી દૃષ્ટિ રાખીને જોતો એ ગઢવી બહુ જ દિલગીર થઈ ઊભો રહ્યો. એભલખાચર કહે : અરે ગઢવા ! આટલા દિવસ ક્યાં ગયો હતો ને આમ સાવ નિરાશ કેમ થઈ ગયો છે ? કાંઈ દુઃખ છે ?

ગઢવી કહે : હું તો ગઢવી, એટલે ધંધા નિમિત્તે ગામોગામ ફરવાનું થાય. એમ કેટલાંય ગામોમાં ફરતો ફરતો આવું છું. લોકોમાં જે વાત થાય છે તેથી મારું હૈયું ભાંગી પડ્યું છે. એ વાત કહેવાની મારી હિંમત ચાલતી નથી.

બાપુને હવે વાત સાંભળવાનો રસ પડ્યો એટલે કહ્યું : ગઢવા, છે શું એ વાત તો કર ?

'બાપુ, હદ થઈ ગઈ. તમારું લાખેણું કીર્તિધન આજે ચારેકોરથી લૂંટાઈ રહ્યું છે, તમારી લાજ ધૂળમાં મળી રહી છે. શું કહું ને શું ન કહું ?'

'ગઢવા, કહ્યા વિના કેમ ખબર પડે ? હવે વાતમાં મોણ નાખ્યા વિના જે હોય તે કહી દે ને !'

'અરે બાપુ, આમ તો કહેવાય તેવું નથી. મારો તોય તમે ને જીવાડો તોય તમે. લોકમાં ચારે બાજુ ચકચાર જાગી છે કે સ્વામિનારાયણેય

જુવાન ને એભલખાચરની દીકરીયું પણ જુવાન. ઉત્તર હિંદુસ્તાનથી આવેલો એ જુવાન બાવો તમારા દરબારમાં પડ્યો પાથર્યો રહે છે, ખાનગી ગોષ્ઠિ ચાલે છે. જેની નાત-જાત કોઈ જાણતું ન હોય તેની સાથે આમ એકાંતમાં ગોષ્ઠિ ! એમાં તો એબ લાગી જશે એબ. આબરૂના કાંકરા થઈ જશે. આવી વાતો મારાથી સાંભળી જતી નથી.'


ગઢવી જેમ જેમ વાતો કરતો ગયો તેમ તેમ એભલખાચરનો પારો ચડતો ગયો. એ લાલચોળ થઈ ગયા. ગઢવીએ ખાત્રી કરી લીધી કે ચોકઠું બરાબર બેસી ગયું છે એટલે આગળ ચલાવ્યું : બાપુ ! લોકો એને ભલે ભગવાન માને, પણ આપણી દીકરીયુનાં આવાં એકાંતમાં બેસણાં ન શોભે. આવા હળાહળ કળિકાળમાં ભગવાન કેવા ? મને તો એમ લાગે છે કે આટલું બધું થયા છતાંય તમારી આંખ કેમ ઊઘડતી નથી ?

હવે તો ક્રોધના માર્યા એભલખાચર થરથર કંપી રહ્યા હતા. આંખો પહોળી થઈ ગઈ હતી. તરવાર હાથમાં લીધી. જાણે હમણાં જ કોઈનું માથું ઉડાવી દેશે એવા રૂઆબથી બોલ્યા : અરે, સ્વામિનારાયણે મારે ઘેર રહીને મારી લાજ ધૂળમાં રોળી !! ત્યાં જ ગઢવીએ ઘા ઉપર મીઠું ભભરાવ્યું : અન્નદાતા, માલ મિલ્કત જાય કે ગામ ગરાસ જાય એ તો પાછું મળશે, પણ નખ જેટલું નાક ગયું તો આખી જિંદગી પાણીમાં; કર્યું કારવ્યું બધું જ ધૂળમાં. હવે તો એક ઘા ને બે કટકા. બાપુ ! હવે તમને વધારે ખોટી નહિ કરું. એમ બોલતો ને હાથ જોડી પાછે પગે ચાલતો ગઢવી વિદાય થયો.

એભલખાચર બરાબર ધૂંધવાયા હતા. ડેલીએ ઊભા ઊભા વિચારી રહ્યા હતા : આજે સ્વામિનારાયણનું નિકંદન કાઢી નાખું.

અંદર ઓરડામાં શ્રીહરિ અને જીવુબા, લાડુબા વગેરે જ્ઞાનગોષ્ઠિ કરી રહ્યાં હતાં. એમને જાણ થઈ હતી કે એભલ બાપુની આંખ ફરી છે. શ્રીહરિ ઉતારે જવા તૈયાર થયા. ત્યારે જીવુબાએ કહ્યું : પ્રભુ,

આજે બહાર વાતાવરણ તંગ લાગે છે. કાંઈ અવળું થઈ જાય એવાં એંધાણ દેખાય છે, તો આપ આગળના દરવાજેથી ન જતાં પાછલા દરવાજેથી જાઓ તો સારું.



પ્રભુ કહે : જીવુબા, અમે અમારા આશ્રિતોને ચોરમાર્ગે જવા-આવવાની ના પાડી છે, તેનો ભંગ અમે પોતે જ કરીએ એ કેમ ચાલે ? અમે તો આગળના માર્ગેથી જ જાશું. જીવુબા કહે : પ્રભુ ! એ માર્ગે મોટો ખતરો છે.

જીવુબાની ચિંતા દૂર કરવા પ્રભુજી બોલ્યા : જીવુબા, તમે અમને કેવા જાણો છો ? જીવુબા કહે : મહારાજ ! આપ તો સર્વ અવતારના અવતારી, સર્વ કર્તા-હર્તા ભગવાન છો.

'જો અમને એવા જાણતાં હો તો બીક શાની લાગે છે ? સૌનાં નાડી-પ્રાણ કોના હાથમાં છે ? મારવું કે જીવાડવું એ કોના હાથમાં છે ?' પ્રભુનાં એ વચન સાંભળી જીવુબા નિશ્ચિંત થયાં.

આગળના દરવાજે જ એભલખાચર તરવાર લઈને ઊભા હતા. શ્રીહરિ દરવાજો ખોલીને થોડાક આગળ આવ્યા ત્યાં જ એભલખાચરે એકદમ કૂદીને પ્રહાર કરવા તરવાર ઉગામી કે ત્યાં જ એમનો હાથ

એકદમ સ્થિર થઈ ગયો. શ્રીહરિએ બાપુ સામે કરડી દૃષ્ટિ કરી ત્યાં જ હાથમાં રહેલ ઢાલ-તરવાર હેઠાં પડ્યાં.

પ્રભુ કહે : એભલ બાપુ ! અમને ભગવાન જાણીને રાખ્યા છે ને આ શું કરી રહ્યા છો ? એમ કહેતાં જ શ્રીહરિએ દિવ્ય તેજોમય સ્વરૂપે દર્શન આપ્યાં. બાપુને પોતાની ભૂલ સમજાઈ ગઈ. એમની આંખોમાંથી દડદડ આંસુ વહેવા માંડ્યાં. એ પ્રભુના ચરણે ઢળી પડ્યા. ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા : હે દયાળુ ! આપ સાક્ષાત્ ભગવાન છો. તમે મને ઘણીવાર અનુભવ કરાવ્યો છે તોય હલકા માણસની સોબતથી મારી મતિ ભમી ગઈ. હું ભૂલ્યો ભૂલ્યો... પ્રભુ હું ભૂલ્યો... મારો અપરાધ માફ કરો. હવે આપના નિશ્ચયમાં મારે ડગમગાટ ન થાય એવી દયા કરો.

એભલખાચરને હજુ પાકો નિશ્ચય કરાવવો હતો. જૂની વાતોની એંધાણી આપતા શ્રીહરિ બોલ્યા : તમારી દાદીનું નામ રાણદેબાઈ, ખરું ને ? બાપુ કહે : હા મહારાજ. શ્રીહરિ કહે : તેમના પતિનું નામ ઉન્નડખાચર, ખરું ને ? એ સાંભળતાં બાપુનું મોઢું પહોળું થઈ ગયું. કહેવા લાગ્યા : અરે પ્રભુ ! આપ તો ત્રણ ત્રણ પેઢીનું જાણો છો !

આ રીતે પ્રભુ તેમને વિગતવાર વાત કહેતા ગયા ને ગ્રંથીઓ છેદતા ગયા. વળી કહ્યું : તમારી દાદી રાણદેબાઈએ પુત્ર માટે આત્માનંદ સ્વામીને પ્રાર્થના કરી હતી તે વખતે સ્વામીએ કહેલું કે તેમના પુત્રને ત્યાં ભગવાન પોતાનું ઘર માનીને રહેશે, ખરું ને ? એમ કહી બાપુને લીમડાના વૃક્ષ નીચે લાવ્યા ને જમણે હાથે લીંમડાની ડાળી ઝાલીને ઊભા રહ્યા, ત્યાં જ જાણે બાપુને વીજળીના ઝબકારાની જેમ પૂર્વની સ્મૃતિ થઈ ગઈ. એ કહેવા લાગ્યા : મહારાજ... જાણ્યું... જાણ્યું... જાણ્યું.

હું એક વખત ફરવા નીકળ્યો હતો. પાછા વળતાં ઉમેદ ગામે એક આયર મળ્યો. મને છાશ ઢેબરું જમવા આગ્રહ કર્યો. ત્યાં આત્માનંદ



સ્વામીના શિષ્ય વિઠ્ઠલાનંદ ને બાળાનંદ હતા. ત્યાં ખેતરમાં એક લીમડો વાવેલો હતો. તેને કાંકરી મારતાં વિઠ્ઠલાનંદે કહેલું : આ લીમડો અત્યારે નાનો દેખાય છે પણ મોટો થશે ત્યારે તેની નીચે જમણા હાથે તેની ડાળ ઝાલીને ભગવાન ઊભા રહેશે ને પોતાનો નિશ્ચય કરાવશે. એ શબ્દો સાંભળતાં મને નક્કી થઈ ગયું કે આ લીમડો જ્યાં હશે ત્યાં ભગવાન જરૂર પધારશે. તેથી આખો છોડ ઉપાડીને હું ગઢપુર લાવ્યો. દીકરાની જેમ તેને ઉછેરતો ને કહેતો કે હે લીમડા, તું જલ્દી જલ્દી મોટો થા. તારી છાયામાં સાક્ષાત્ ભગવાન બિરાજમાન થશે. આજે બધું જ મૂર્તિમાન થઈ ગયું. હવે મને પરિપૂર્ણ નિશ્ચય થઈ ચૂક્યો. એભલ બાપુને હવે શાંતિ શાંતિ થઈ ગઈ. એમણે કહ્યું : હવે આપ આપનું ઘર માની અહીં નિવાસ કરીને રહો. આ દરબાર તમારો છે, હું તમારો છું. દાદોય તમારો છે ને દીકરીયુંય તમારી છે. હવે અમને તમારાથી ક્યારેય અળગા ન કરજો. પ્રભુ કહે : તમારા જેવા પ્રેમી ભક્તોના મનોરથો પરિપૂર્ણ કરવા અમે આ લોકમાં આવ્યા છીએ.

સ્વ વારસને મહાદીક્ષા

વડોદરામાં સત્સંગનો રંગ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન જેમને પોતાના સમગ્ર સંપ્રદાયના વડા તેમજ બંને દેશના આચાર્યોના પણ ઉપરી તરીકે સ્થાપવાના હતા, વળી જેમણે અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો એવા યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને ધામમાંથી સંકેત કરીને શ્રીહરિ પોતાની સાથે જ લાવેલા હતા. તેમનું પ્રાગટ્ય ગુજરાતમાં ઈડરની પાસે ટોરડા ગામમાં થયેલું. તેમનું નામ હતું ખુશાલ ભટ્ટ. બાળપણથી જ તેમનું ચમત્કારિક જીવન હતું.

આવા ચમત્કારી ખુશાલ ભટ્ટ સ્વામિનારાયણ ભગવાનને સર્વ પ્રથમ ડભાણ ગામે મળ્યા હતા. એ વખતે ખુશાલ ભટ્ટે ભાગવતી મહાદીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા દર્શાવી હતી ત્યારે ભગવાને કહેલું : સમય આવે તેડાવી લઈશું. એ વચન અનુસાર ખુશાલ ભટ્ટને તેડવા સ્વયં ભગવાન વિપ્રનું રૂપ ધરીને ટોરડા પધાર્યા હતા. ને ઠેઠ જેતલપુર સુધી સાથે રહ્યા હતા.

જેતલપુર પધાર્યા એ દિવસ હતો સંવત ૧૮૫૯, કારતક સુદ તેરસ, તા. ૨૪-૧૦-૧૮૦૩, શુક્રવાર. તે વખતે ખુશાલ ભટ્ટે ભાગવતી મહાદીક્ષા માટે શ્રીહરિને પ્રાર્થના પણ કરી હતી. પરંતુ એ સમયે ખુશાલ ભટ્ટને વડોદરા મોકલવા એ અનિવાર્ય હતું. કારણ એ હતું કે ત્યાં શિવ, શક્તિ, કૃષ્ણ, રામ, વિષ્ણુ, ગણપતિ આદિના ઉપાસકો; મૂઠ ચોટ, કામણ ટુમણ, વશીકરણ, અઘોરપંથ, વામપંથ વગેરેનું સામ્રાજ્ય છવાયેલું હતું. તે તે પંથમાં માનનારા શાસ્ત્રી-પંડિતો પણ ઘણા હતા; તેનું કારણ એ જ હતું કે સંસ્કૃતના અભ્યાસ માટે સરકારી ને ખાનગી પાઠશાળાઓ વડોદરામાં હતી. તેથી વડોદરા 'છોટા કાશી' તરીકે પ્રસિદ્ધ હતું. વડોદરાના પંડિતો, વિદ્વાનો એકબીજાનું ખંડન કરવામાં જ વિદ્યાનો ઉપયોગ કરતા. ધર્મ ને શાસ્ત્રના નામે લોકોમાં કેટકેટલાય

વહેમો ઘાલી દીધા હતા. ઠેરઠેર અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. એમાંથી નવી શુદ્ધ કેડી કંડારવી એ નેવાંનાં પાણી મોભે ચડાવવા જેવી કપરી સમસ્યા હતી.

સ્વામિનારાયણ સંપ્રદાય તો હજુ નવો હતો. લોકોમાં સાચી સૂઝ આવે તેવા શુભ હેતુથી ભગવાને ચારિત્ર્ય સંપન્ન સંતોનું ઘડતર કર્યું. સંતોનાં એ સદ્‌વર્તન મતપંથીઓને માનનારાએ જોયાં. જે સાચા મુમુક્ષુઓ હતા તેમને ખ્યાલ આવી ગયો કે કોણ સંત છે ને કોણ અસંત છે. સમજુ મુમુક્ષુઓ જૂના મતપંથનો ત્યાગ કરી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોડાવા માંડ્યા. શિષ્ય મંડળ ઓછું થવાથી મતપંથીઓના પેટમાં તેલ રેડાયું. સારું કરી શકવા એ શક્તિમાન નહોતા ને સારી-સાચી વસ્તુ સ્વીકારવાની સુબુદ્ધિનો એમાં સંપૂર્ણ અભાવ હતો. પરિણામ એ આવ્યું કે સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે તેમને ઈર્ષા જાગી ને સ્વામિનારાયણ સંપ્રદાયનું નામોનિશાન મિટાવી દેવાના મિથ્યા પેંતરા રચવા માંડ્યા.

લોકોમાં તેઓ એવી અફવા ફેલાવવા માંડ્યા કે, સ્વામિનારાયણ સંપ્રદાય અવૈદિક છે. તેના પ્રવર્તક જાદુગરા છે તેથી સમાધિનું પાખંડ ફેલાવે છે.

ચોમેરથી ઊભા થયેલા વિરોધનો સામનો કરવાનો હતો. એ કાર્ય પાર પાડવા શ્રીહરિ જેવા જ પ્રતાપશાળી મહાપુરુષનું વડોદરા ખાતે વિચરણ અનિવાર્ય હતું. શ્રીહરિએ ખુશાલ ભટ્ટને આદેશ આપ્યો કે તમારે આ જ વેશે વડોદરા જઈ સત્સંગ વિકાસ કરવાનો છે.

ખુશાલ ભટ્ટ માટે એ બિલકુલ અજાણ્યું શહેર હતું. ક્યાં મુકામ કરવો એ જ મોટો પ્રશ્ન હતો. એ પણ પ્રથમ તબક્કે જ ઉકેલાઈ ગયો. વડોદરામાં ગેંડીગેટ પાસે નાથ પટેલ મળ્યા. તેમનું મૂળ વતન કણભા ગામ. પરંતુ ધંધારોજગાર માટે તેમણે વડોદરામાં વસવાટ કરેલો. એમને ત્યાં ખુશાલ ભટ્ટનો નિવાસ થયો, ત્યારથી જ સત્સંગ વિકાસનાં મંડાણ થઈ ગયાં. નાથ પટેલ તેમના પરમ મિત્ર સદાશિવભાઈ-શિવદત્ત

પાઠક, એ બંનેનો પરિવાર સત્સંગના રંગે રંગાઈ ગયા. ખુશાલ ભટ્ટ સદાશિવભાઈને ઘેર જમવા જતા. એમાં પણ પૂજાના લાલજી દ્વારા ભોજન અંગીકાર કરવાનો પ્રતાપ દર્શાવ્યો. જોતજોતામાં આ વાત શહેરમાં પ્રસરી. લોકો સત્સંગ કરવા ઊમટવા લાગ્યા.

વિશાળ પ્રમાણમાં લોકોને આકર્ષવા સ્વામિનારાયણ ભગવાને સમાધિ પ્રકરણ ચલાવ્યું તે જ રીતે ખુશાલ ભટ્ટે પણ સમાધિ પ્રકરણ ચલાવ્યું. આમાં લોકોને વધારે કુતૂહલ જાગ્યું. ઠેઠ રાજદરબાર સુધી આ વાત પહોંચી. તેની ખાત્રી પણ રાજાનાં બાળકો દ્વારા થઈ ગઈ.

બાળકો ખુશાલ ભટ્ટના હાથની પ્રસાદી જમ્યાં એટલામાં તેઓને સમાધિ થઈ, જેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના દિવ્ય તેજોમય ધામમાં દિવ્ય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર બિરાજમાન છે એવાં તે બાળકોને દર્શન થયાં. બાળકો પાસેથી આ વાત જાણીને સરકારના કારભારી નારુપંત નાના વગેરેને આ સમાધિ પ્રકરણની સત્યતા સમજાઈ. એ જ રીતે સુપ્રસિદ્ધ વિદ્વાન શોભારામ શાસ્ત્રી, લક્ષ્મીરામ વૈદ્યને પણ ભગવાનનો પાકો નિશ્ચય થયો. અમદાવાદના સૂબા મલ્લબા દાદા "કાકા સાહેબ" ના સ્થાને સૂબાનો વહીવટ સંભાળનાર તેમના ભત્રીજા ચીમનરાવજીને પણ સત્સંગનો રંગ લાગ્યો.

આ ઉપરાંત વડતાલ, આદરજ, મછિયાવ વગેરે ગામે ખુશાલ ભટ્ટનું વિચરણ થતું રહ્યું, એમાં શ્રીહરિ સાથે મિલન થતું રહ્યું. ભાવનગરથી મહાભારત ગ્રંથ મેળવી આપવાનું કપરું કામ પણ ખુશાલ ભટ્ટે પાર પાડ્યું.

ભાગવતી મહાદીક્ષાની ભવ્ય ઉજવણી

ખુશાલ ભટ્ટને પાર્ષદ વેશે પાંચેક વર્ષ વીતી ગયાં હતાં. સંતો-ભક્તો જાણતા હતા કે સ્વામિનારાયણ ભગવાનને ખુશાલ ભટ્ટ પ્રત્યે કેવું અસાધારણ હેત છે. ખુશાલ ભટ્ટને ભાગવતી મહાદીક્ષા આપવામાં ભગવાન સમય લંબાવી રહ્યા હતા તેનું કારણ કોઈ કળી

શકતું નહોતું. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે મોટા સદ્‌ગુરુઓ તેમજ મોટેરા હરિભક્તોના હૈયે આ જ મનોમંથન થઈ રહ્યું હતું.

એક વખત સંતો-ભક્તોએ શ્રીહરિને પૂછ્યું : ખુશાલ ભટ્ટ આપની પાસે આવ્યા છે. તેમને પાર્ષદ વેશે ઘણો સમય વીતી ગયો છે, તો આપ તેમને ભાગવતી મહાદીક્ષા ક્યારે આપશો ?

શ્રીહરિએ તરત જ ખુલાસો કર્યો : ખુશાલ ભટ્ટનું પરમહંસપણું તો સ્વયંસિદ્ધ છે. દીક્ષા લેવી એ તો એક અનુકરણ માત્ર છે. અને તે પણ થોડા સમયમાં જ આપીશું. (ગોપાળાનંદ સ્વામી પ્રણિત **उपनिषद भाष्यम्** । પ્રકાશન : ઈ.સ. ૧૯૨૧, ભૂમિકા પૃષ્ઠ ૧૪.)

સંતો-ભક્તો સાથે વિચાર-વિમર્શ કરી શ્રીહરિએ સંવત ૧૮૬૪, કારતક વદ આઠમ, તા. ૨૩-૧૧-૧૮૦૭, સોમવારનો મંગલ દિવસ નક્કી કર્યો.

પોતાના ભાવિ સાર્વભૌમ વારસદારનો ભાગવતી મહાદીક્ષા ગ્રહણ દિન ભવ્યતાથી ઊજવવા શ્રીહરિએ ગામોગામ નિમંત્રણો પાઠવ્યાં. મુક્તાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતોને ખૂબ આનંદ થયો. સૌ તૈયારીમાં લાગી ગયા. વૈદિક વિધાન માટે ભૂદેવો પણ હાજર થઈ ગયા. પ્રસંગને અનુરૂપ મંડપની સજાવટ કરવામાં આવી.

સોમવારના મંગલ દિને શ્રીહરિની બાજુમાં આસન ગ્રહણ કરીને બેઠેલા ખુશાલ ભટ્ટ સમક્ષ ભાગવતી મહાદીક્ષાને અનુરૂપ વૈદિક મંત્રગાન પૂર્વક વિધિ થયો. એ વિધિ પૂર્ણ થતાં શ્રીહરિએ ઘોષણા કરી : ભાગવતી મહાદીક્ષા નિમિત્તે આ વિભૂતિને અમારી અક્ષર ઓરડીમાં ભગવાં વસ્ત્ર આપવા ઇચ્છીએ છીએ. આવી વિશિષ્ટ વિભૂતિના ગૌરવને અનુલક્ષીને શ્રીહરિ જે કાંઈ નિર્ણય લે તે સૌને કબૂલ મંજુર હતો.

મોટેરા સંતો-ભક્તો સહિત સૌને આનંદ થયો. શ્વેત વસ્ત્રધારી પાર્ષદને સાથે લઈને શ્રીહરિ અક્ષરઓરડીમાં પધાર્યા. પોતાને અત્યંત લાડીલા ને ભાવિ વારસદારને ભગવાં વસ્ત્ર પરિધાનમાં પોતે સહાયરૂપ

બન્યા. કંઠી, જનોઈ પહેરાવી પ્રેમથી ભેટ્યા. ત્યાર બાદ ગાતેડિયું ઓઢાડ્યું.

અક્ષર ઓરડીનો દરવાજો ખુલ્યો. એ બંને દિવ્યમૂર્તિ બહાર આવતાં ચોમેરથી જયનાદો થયા. પગઈથયાં ઊતરી બંને યજ્ઞમંડપમાં આગળ આવ્યા. સૌને જીજ્ઞાસા હતી કે ભગવાને નવા પરમહંસને શું નામ આપ્યું ? એ જીજ્ઞાસાનો અંત આણતાં શ્રીહરિ બોલ્યા : આમનું નામ "ગોપાળાનંદ સ્વામી" છે, એવું અમે જાહેર કરીએ છીએ. ત્યાં જ તાળીઓના ગડગડાટ ને જયનાદોથી સમસ્ત વાતાવરણમાં અનોખી સુરખી છવાઈ ગઈ.



'ગોપાળાનંદ સ્વામી' એ નામ પણ સાર્થક હતું. શ્રી રઘુવીરજી મહારાજ કહે છે : **गाः** વેદાદિ સચ્છાસ્ત્રની વાણી, **तान् पालयति** તેનું પાલન કરે, રક્ષણ કરે તે **गोपालः । गोपालेन आनन्दो यस्य सः ।**

શાસ્ત્રરક્ષક પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી - શ્રી સ્વામિનારાયણ ભગવાનથી જ છે આનંદ જેમને એવા ગોપાલાનંદ સ્વામી. (શ્રી હરિલીલાકલ્પતરુ, સ્કંધ-૧૧, અધ્યાય-૨૨)

વળી આ મહાન વિભૂતિ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સમસ્ત આશ્રિતોરૂપી ગાયોનું સર્વોપરી જ્ઞાન તેમજ ઉપાસના દ્વારા પાલન કરશે, પોષણ કરશે ને સૌને અનેરો આનંદ આપશે. એ અનુસારે પણ "ગોપાળાનંદ સ્વામી" નામ સાર્થક હતું.


શ્રીહરિના મુખેથી વહેતા અમૃતમય પ્રવાહને સહુ એકાગ્રચિત્તે ઝીલી રહ્યા હતા. એ સાથે સર્વ સામર્થ્ય સંપન્ન સ્વામીનાં પ્રેમપૂર્ણ નેત્રે દર્શન કરતા તેમને વંદી રહ્યા હતા. આજે તો સમસ્ત વાતાવરણમાં દિવ્ય ચેતના ઘૂમી રહી હતી. સૂર્યનારાયણ પણ સુવર્ણમય કિરણો રેલાવતા જાણે શ્રીહરિ તેમજ શ્રી ગોપાળાનંદ સ્વામી પર કનકાભિષેક કરી રહ્યા હતા. વાયુદેવ પણ મંદ, શીતલ, સુગંધીમાન લહરો પ્રસરાવતા શ્રીહરિ તેમજ શ્રી ગોપાળાનંદ સ્વામીના કોમળ સ્પર્શનો પરમ આનંદ માણી રહ્યા હતા.

સૌ એવા અપૂર્વ દર્શન સુખમાં તરબોળ બની ગયા હતા કે કોઈને પણ એ દર્શન છોડીને ક્યાંય જવાના સંકલ્પ પણ થતા ન હતા. કોઈએ કદીએ ન માણ્યો હોય એવો અવર્ણનીય આનંદ માણવાનું સૌભાગ્ય આજે સભાજનો પામી રહ્યા હતા. આજની કાર્તિક વદની આઠમના દિને જાણે અષ્ટ સિદ્ધિઓ, અષ્ટાંગ યોગ સિદ્ધ કરનારા યોગીવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામીને વધાવવા હાજર થઈ ગઈ હોય ને શું ? એવી અવિસ્મરણીય આનંદની હેલીમાં ઝૂમવાનો અણમોલ અવસર સૌએ માણ્યો.

એમની સામર્થી અપાર છે

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના ભાવિ સાર્વભૌમ વારસદાર શ્રી ગોપાળાનંદ સ્વામીના મસ્તક પર હસ્ત ધરી અત્યંત રાજીપો દર્શાવતા પોતે જ સંતો તેમજ સમસ્ત ભક્ત સમુદાયને કહેવા લાગ્યા જે, બાળપણથી જ આ ચમત્કારી મૂર્તિ છે. મોટા યોગીઓને મહાદુર્લભ એવો અષ્ટાંગ યોગ આમણે નાનપણમાં જ સિદ્ધ કર્યો છે.

જ્યારે એ નાના હતા ત્યારે ખુદ શામળાજી મૂર્તિમાંથી પ્રગટ થઈ બાળસખા બની આમની સાથે રમવા આવતા. દુકાળ વખતે આમણે સખાઓને તેમજ ગ્રામજનોને મીઠાં મીઠાં કંદમૂળ જમાડ્યાં હતાં, મૂંગાને વાચાળ કર્યા હતા, પાંગળાને ચાલતા કર્યા હતા, બળતા ઘરમાંથી નાના



બાળકને બચાવ્યો હતો, હિંસક વાઘને ધોલ મારી તદ્દન અહિંસક કરી દીધો હતો, મરી ગયેલ બાળક તથા ગાયને જીવતાં કર્યાં હતાં, કડવા મહુડાને સ્પર્શમાત્રથી મીઠો કરી દીધો હતો. કેટલાય અવગતિયાના મોક્ષ કર્યા હતા.

જ્યારે પ્રથમવાર અમારી પાસે જેતલપુર આવ્યા હતા ત્યારે કૂવામાં રહેલાં ભૂતોનો મોક્ષ કર્યો હતો. ગંગામાએ માત્ર અમારા માટે જ થાળ કર્યો હતો તેમાંથી બધા જ સભાજનોને આમણે પીરસી દીધું હતું. વડોદરામાં આપણા સંપ્રદાયના પાયા નંખાયા તેમાં મુખ્ય પરિબળ આમનું જ છે.

પીપળાવના પ્રેમી પ્રભાશંકર

ગઢપુરમાં શિયાળાની શરૂઆત થઈ ચૂકી હતી. ધીમે ધીમે ઠંડી

પણ વેગ પકડવા માંડી હતી. તેવા સમયમાં પીપળાવના પ્રભાશંકર શ્રીહરિનાં દર્શને આવ્યા. તેમના માટે ઉતારાની વ્યવસ્થા ભગવાને પોતે કરાવી દીધી, કેમ જે તે ભક્ત એવા પ્રેમી હતા કે પોતાના માટે કાંઈ પણ માગતા નહિ. નાનપણથી જ કથાવાર્તાનું અંગ. ધર્મનિયમમાં પણ સાવધાન. એ જ્યારે ભગવાનનાં દર્શન કરવા આવ્યા ત્યારે ભગવાન તેમને ભેટ્યા ને ખૂબ રાજીપો દર્શાવ્યો.

કૃપા નથી કૃપા નથી


આ શિયાળામાં ઠંડી ખૂબ હતી. માગશર-પોષનો સમય હતો. રાત્રે સંતો સૂતા હતા પણ તેમની પાસે ઓઢવા માટે ગોદડાં ન હતાં. પ્રભાશંકરને તો ગોદડું મળ્યું હતું, પણ સંતોની આ પરિસ્થિતિ જોઈ તેમને અપાર દુઃખ થયું. ભગવાનને યાદ કરતા હોય તેમ કૃપાનિધિ કૃપાનિધિ કરવાને બદલે વ્યંગ ભાષામાં મોટેથી બોલવા લાગ્યા : કૃપા નથી, કૃપા નથી. આ અવાજ સાંભળી શ્રીહરિ જાણે કાંઈ જાણતા ન હોય તેમ અચાનક જાગી ગયા. બાજુમાં સૂતેલા માનસંગ પાર્ષદને કહ્યું : અલ્યા ભગત, જો તો ખરો... આ અડધી રાત્રીએ કોણ બૂમો પાડવા મંડાણો છે ? માનસંગ તરત જ બહાર ગયા ત્યાં જ પ્રભાશંકરને જોયા. તે બેઠા બેઠા કૃપા નથી, કૃપા નથી એમ બોલી રહ્યા હતા. માનસંગે કહ્યું : અલ્યા પ્રભાશંકર, તમે રાત્રે આમ મોટેથી બોલો છો, પણ ભગવાનની ઊંઘ ઊડી ગઈ એ ખબર છે ? ધીમેથી બોલો. છતાં પણ પ્રભાશંકરે તો ચાલુ જ રાખ્યું.

માનસંગે વિચાર્યું જે આ સીધી રીતે માને તેવા નથી. તેથી ભગવાન પાસે લઈ જાઉં. પછી ભગવાન પાસે પ્રભાશંકરને લાવ્યા, ને ફરિયાદ કરતાં કહ્યું : મેં આમને ઘણીએ ના પાડી કે તમે ધીમેથી બોલો, પણ તે માન્યા જ નહિ, ને વળી બોલતા હતા કે કૃપા નથી, કૃપા નથી.

પ્રભાશંકર શ્રીહરિને દંડવત કરતા હતા. શ્રીહરિએ અજાણ્યા થઈ પૂછ્યું : અલ્યા પ્રભાશંકર ! શું કૃપા નથી ? પ્રભાશંકરે કહ્યું : મહારાજ,

હું તો કૃપાનિધિ, કૃપાનિધિ એમ જ બોલતો હતો, પણ આ માનસંગને ટાઢ વાતી હશે તેથી આપની પાસે આવીને ફરિયાદ કરી કે, કૃપા નથી. પ્રભાશંકરનો વ્યંગ શ્રીહરિ સમજી ગયા કે સંતો ગોદડાં વિના ટાઢથી ઠરી જાય છે.

બીજે દિવસે જીવુબા, લાડુબા વગેરેને શ્રીહરિએ કહ્યું : સંતો માટે ગોદડાં લાવો. બિચારા ટાઢમાં ઠરી જાય છે. તેથી મારે સાંભળવું પડે છે કે કૃપા નથી, કૃપા નથી. એ સાંભળી બંને હસ્યાં ને ગમ્મત કરતાં કહ્યું : ખરી વાત છે. તમારે તો છપ્પર પલંગ હોય ને બિચારા આ સાધુને ઓઢવા ગોદડાંય ન આપો તેથી એમ જ કહે ને કે કૃપા નથી, કૃપા નથી.... એ મર્મ ભરેલાં વચનો સાંભળી શ્રીહરિ પણ હસ્યા.



તે વખતે દાદાખાચર, વસ્તાખાચર તેમજ સુરાખાચરે ૧૦૦-૧૦૦ ગોદડાં નોંધાવ્યા. ગામનાં માણસોને ખબર પડી એટલે પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ગોદડાં નોંધાવ્યાં.

અહીંના મેઘા સુથાર ચોફાળ લઈને આવ્યા. શ્રીહરિને અર્પણ કર્યો. ભગવાન તેમની ગરીબ પરિસ્થિતિ જાણતા હતા. પણ એમના સમર્પણભાવની જાણ બધાને થાય તે માટે પૂછ્યું : તારી પાસે ગોદડું

નથી ? મેઘા ભગત કહે : મહારાજ, હું તો મારા મામાનો નોકર છું. મારે નોકરને ગોદડું ક્યાંથી હોય ? મારી પાસે ચોફાળ છે. આપને રાજી કરવાનો સારો મોકો છે તેથી આ લાવ્યો છું.

ભગવાન કહે : લાવ, તારો ચોફાળ હું ઓઢું. એમ બોલતાં ચોફાળ લઈને શ્રીહરિએ પોતે ઓઢ્યો. એને પ્રસાદીરૂપે મેઘા સુથારને પાછો આપતાં શ્રીહરિએ કહ્યું : તને બીજો ચોફાળ કોણ આપશે ? માટે લે, આ લઈ જા. તારો ભક્તિભાવ અમને પહોંચ્યો.

પ્યારા પ્રીતમને રાજી કરવા માટે ભક્તોએ જે ઉમંગ દર્શાવ્યો તે જોઈ શ્રીહરિ બહુ જ રાજી થયા.

આમ શ્રીહરિ કોઈવાર સંતોની ધીરજની કસોટી કરતા, સંતોને તો એક જ તાન હતું કે ભગવાન રાખે તેમ રહેવું, દેખાડે તે જોવું અને કહે તેમ કરવું. તેથી સદાય આનંદમાં રહેતા.

શ્રીહરિ વસંતનો ઉત્સવ ગઢપુરમાં જ કરવાના હતા; તે માટે ગામોગામથી સંતો તેમજ ભક્તોને તેડાવ્યા હતા. મુક્તાનંદ સ્વામી મંડળ સહિત ગઢપુર આવ્યા. બીજા સંતો ને ભક્તો પણ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થયા. શ્રીહરિએ રંગોત્સવ માટે ગુલાલના કોથળે કોથળા મંગાવ્યા હતા ને રંગના મોટા હોજ તૈયાર કરાવ્યા હતા. સંવત ૧૮૬૪ મહા સુદ પાંચમ, વસંત પંચમી, તા. ૧-૨-૧૮૦૮, સોમવારના પાવન દિને સંતો-ભક્તોને શ્રીહરિએ રંગમાં રસતરબોળ કર્યા ને જીવનનું અણમોલું સંભારણું કરી આપ્યું.

સમૈયા પ્રસંગે દેશોદેશથી આવેલા સંતો શ્રીહરિ સમક્ષ પોતપોતાના અનુભવની વાતો કહેવા લાગ્યા.

સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ અમદાવાદમાં કેવું કષ્ટ સહન કર્યું તે વાત અંતર્યામી શ્રીહરિ તો જાણતા જ હતા, પરંતુ સહુને જાણ થાય તે માટે શ્રી મુક્તાનંદ સ્વામીને જ કહ્યું : સ્વામી, અમદાવાદની વાત કરો.

સ્વામિનારાયણ ભગવાનના સંતો સાચા કેવળિક

શ્રીહરિની આજ્ઞા થતાં મુક્તાનંદ સ્વામી બોલ્યા : મહારાજ, આપની આજ્ઞાથી અમે શ્રીપુર-અમદાવાદમાં ગયા. ત્યાં દરિયાખાનના ઘુમ્મટ પાસે ઊતર્યા. ત્યાં આંબલીઓની ઘાટી ઝાડી હતી. (હાલમાં અહીં પોલીસ હેડ ક્વાટર્સ છે અને સરકારી કોલોની છે.) અહીં સાવ નિર્જન વન હતું એટલે ભાગ્યે જ કોઈ ત્યાંથી પસાર થતું. અમે નિયમ પ્રમાણે કથાવાર્તા ધૂન કરી.

ઘુમ્મટમાં ભૂતો રહે છે તેની અમને તો ખબર નહોતી. એની ખબર તો ત્યારે પડી કે જ્યારે અમે રાત્રે ધૂન કરવા માંડ્યા ત્યારે એ અમારી સમક્ષ હાજર થયાં. અમે ઘુમ્મટ પાસે ઉતારો કરીને કથાવાર્તા ધૂન વગેરે કર્યું તે વખતે એ બહાર ગયેલાં હતાં. અમને જોઈને એ સ્થિર થઈ ગયાં હતાં.

બીજા કોઈ હોત તો તો તેને કાચા ને કાચા ભરખી જાય એવાં હતાં, પણ અમને તો આપનો આશરો છે તેથી કાંઈ કરી શક્યાં નહિ. એ અમને કહેવા લાગ્યાં : અમારું સ્થાન આપે કબજે કરી લીધું છે તો હવે અમે ક્યાં જઈએ ?

ત્યારે આનંદાનંદ સ્વામીએ તેના પર દયા કરી. તુંબડીમાંથી જળ લઈ ભૂતો પર છાંટીને કહ્યું : જાઓ બદ્રિકાશ્રમમાં. એમ ભૂતોનો ઉદ્ધાર કર્યો.

અમે ભિક્ષા માગવા ગામમાં જતા ત્યારે ઝોળીમાં કોઈ અન્ન નાખે, કોઈ કાંકરા નાખે, કોઈ અભક્ષ્ય વસ્તુ નાખે. તેમાંથી જે જમવા યોગ્ય અન્ન હોય તે લઈને સાબરમતી નદીમાં ઝબોળતા. તેમાંથી જેટલા સંતો હોય તેટલા ગોળા વાળતા. દરેક એક એક ગોળો જમતા. ઝોળી માગતાં કોઈવાર તો લોકો અમારો તિરસ્કાર કરી કાઢી મૂકતા. ત્યારે અમારે ઉપવાસ થતો.

એક દિવસ કોઈ શાહુકાર જૈનનો અગ્નિ સંસ્કાર કરવા હજારેક

માણસો ત્યાંથી પસાર થયા. અમને જોઈને કેટલાકને આશ્ચર્ય લાગ્યું, એટલે અમને પૂછવા લાગ્યા : તમે કોના પંથના છો ? તમે કેવળિક છો ? ત્યારે અમે કહ્યું : અમે કેવળિક નથી. તે વખતે ત્યાં કોઈ એક બટકબોલો હતો. તેણે કહ્યું : ખરો કેવળિક તો હું છું. બીજા આ મારા સાથીદારો છે. એમ કહી વટપૂર્વક પદ્માસન વાળીને આંખો મીંચીને બેઠા. એવામાં આંબલીના ઝાડ પરથી એક મોટો કાળો સર્પ નીચે પડ્યો. તેનો અવાજ થવાથી તેમાંના એકે આંખ ખોલી. જોયું તો સાપ હતો. તેથી બૂમ પાડી : એ સાપ ! એ સાંભળતાં જ આંખ મીંચીને બેઠેલા તેના સાથીદારો એવા તો ભાગ્યા કે ઉતાવળમાં એકબીજા પર પડ્યા તેમાં કોઈને વાગ્યું પણ ખરું.

સાપ ઊંચેથી પડવાથી થોડીવાર ત્યાં જ પડ્યો રહ્યો. કળ વળી એટલે ત્યાંથી સરકવા માંડ્યો. અમને તો આપની આજ્ઞા હતી કે શરીર પર જીવજંતુ ચડે તો પણ શરીર હલાવવું નહિ. એ પ્રમાણે અમે સ્થિર થઈ બેસી રહ્યા. સાપ પ્રથમ અદ્‌ભુતાનંદ સ્વામીની પલાંઠી ઉપર ચડ્યો. પછી તો કોઈના પગ ઉપર, તો કોઈના ખભા પર ચડ્યો. એમ કરતાં છેવટે સચ્ચિદાનંદ સ્વામીના ગળે આંટો દઈને માથા ઉપર છત્રની માફક ફેણ ઊંચી કરીને બેઠો. તે સમયે સચ્ચિદાનંદ સ્વામી તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરતા હતા. એમણે ધૂન ચાલુ જ રાખી. એમના કંઠે મોરલીના જેવો મધુર ટંકાર થતો હતો. એ ગુંજનમાં સાપ પણ માથા ઉપર રહ્યો રહ્યો ડોલવા લાગ્યો. થોડીવાર પછી ત્યાંથી સરકીને પાછો આંબલી ઉપર ચડી ગયો.

આ બધું જ દૃશ્ય દૂર ઊભેલા શ્રાવક જૈનો જોઈ રહ્યા. માંહોમાંહી વાત કરવા લાગ્યા : સાચા કેવળિક તો આ સ્વામિનારાયણના સંતો છે. આવા સંતો તો આપણે આપણા જીવનમાં ક્યાંય જોયા નથી. આમ નક્કી કરી એ બધા અમારી પાસે આવ્યા. કહેવા લાગ્યા : સ્વામી, તમે સાચા કેવળિક છો. ત્યારે અમે કહ્યું : સાચા કેવળિક તો શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. અમે તો તેમના શિષ્ય છીએ.

ત્યારે એ શ્રાવકોએ સામેથી કહ્યું : તમે ભિક્ષા લેવા અમારે ત્યાં આવજો, બીજે ક્યાંય જવાની જરૂર નથી. પરંતુ અમે ભિક્ષા લેવા ન ગયા એટલે તેઓ સામે ચાલીને ઘી, ગોળ, લોટ વગેરે સામગ્રી આપી ગયા. આ રીતે બે ત્રણ દિવસ ચાલ્યું. આપની આજ્ઞા હતી કે જ્યાં સારું ખાવાનું મળે કે સન્માન મળે ત્યાંથી ચાલી નીકળવું તેથી અમે ત્યાંથી નીકળી ગયા. પછી આપનો સંદેશો મળ્યો એટલે આપની પાસે અહીં આવ્યા.

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી સમગ્ર સભાજનો આશ્ચર્યચકિત થઈ ગયા. પરસ્પર કહેવા લાગ્યા : આપણાં ખરેખર અહોભાગ્ય છે કે આવા સાચા સંતનાં દર્શન, સ્પર્શ, સેવા, સમાગમનો લ્હાવો આપણને મળી રહ્યો છે.

રાજરાજેશ્વર રાજકોટમાં

ગઢપુરમાં વસંત ઉત્સવ રંગચંગે ઊજવાયો, તે નિમિત્તે સંતોને થોડા દિવસ માટે શ્રીહરિનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું. ઉત્સવ બાદ મહાપ્રભુએ આજ્ઞા કરી : હવે પાછા સત્સંગ પ્રચાર માટે જાઓ. એ વચનને શિરોવંદ્ય કરી સંતોનાં મંડળ ગામે ગામ ફરવા લાગ્યાં. વસંત ઉત્સવ ઉપર રાજકોટના રાજા સુરાજીરાજનું પ્રેમસભર આમંત્રણ આવેલું. કારણ એ હતું કે, તેમનાં બહેનને સત્સંગ થયો હતો. તેમને સત્સંગ કરાવનાર હતાં, બંધિયાના મૂળુભાનાં બહેન લખુબા. એ સમાધિનિષ્ઠ હતાં. સુરાજીરાજનું આમંત્રણ સ્વીકારી શ્રીહરિ કેટલાક સંતો તેમજ હરિભક્તો સહિત ગઢપુરથી નીકળી ખંભાળા, કોટડા, સરધાર થઈ રાજકોટ પધાર્યા. અત્રે સુરાજીરાજે દબદબાપૂર્વક શ્રીહરિનું સ્વાગત કર્યું. આ પ્રસંગે પાડાસણ, ખાંભા, લોધિકા, મેંગણી, વાગુદડ વગેરે રાજ્યના દરબારો પણ દર્શને આવેલા હતા. બહુ જ મોટા પાયે દર્શનાર્થીઓ આવેલા હતા એટલે ગામ બહાર જ વિશાળ પટાંગણમાં કલાત્મક રીતે તંબુઓ સજાવી તેમાં સંપૂર્ણ સુવિધાઓ ગોઠવી હતી. ત્યાં બોરડીની

ડાળે એક હિંડોળો સજાવ્યો હતો તેમાં શ્રીહરિને બિરાજમાન કરી સૌએ ઝુલાવવાનો લાભ લીધો.

બીજા દિવસે શ્રીહરિ સુરાજીરાજના દરબારમાં વાજતે ગાજતે પધાર્યા. સંતોએ કીર્તન ભક્તિ કરી. એ માધુર્ય માણી બધા જ દરબારો દિગ્મૂઢ થઈ ગયા. એ કહેવા લાગ્યા : આપણે સંગતિના મોટા મોટા કલાકારોને સાંભળ્યા છે પણ આ સંતોના જેવું તો કોઈને આવડતું નથી. હે મહારાજ, આપની પાસે અમે એટલું જ માગીએ છીએ કે આપ અમારું કલ્યાણ કરજો. અમે વ્યવહારમાં બંધાયેલા છીએ તેથી સંતોનો સમાગમ બહુ વાર કરી શકીએ તેમ નથી, પણ આપ અમારી આવી નાની શી સેવા અંગીકાર કરી, અમારો મોક્ષ થાય એવું કરજો. આ પ્રકારે પ્રાર્થના કરી એ દરબારોએ શ્રીહરિ તેમજ સંતો-ભક્તોને અત્યંત આગ્રહ કરી ભાવપૂર્વક જમાડ્યા; પૂજાની વિવિધ સામગ્રીથી પૂજા કરી. આવી રીતે ત્રણ દિવસ સુધી રાજકોટમાં રહી શ્રીહરિએ સુરાજીરાજને લાભ આપ્યો.

કર્નલ વોકર સાથે મિલન

શ્રી સ્વામિનારાયણ ભગવાને સમાજ સુધારણાનાં અપ્રતિમ કાર્યો કર્યાં હતાં તે જોઈ અંગ્રેજ સરકાર તાજુબ થઈ ગઈ હતી. સૌના મોઢે એક જ વાત હતી કે આપણે કાઠી, કોળી જેવા કરડા લોકોને ધાક ધમકીથી ને પૂરા શસ્ત્ર સરંજામથી પણ નિયંત્રણમાં લઈ ન શક્યા, પરંતુ એવા લોકોને શ્રી સ્વામિનારાયણ ભગવાને માત્ર પોતાના પ્રેમભર્યા આચાર-વિચારથી વશ કરી લીધા, એટલું જ નહિ તેમને પૂરેપૂરા સદાચારી બનાવી દીધા ! તેમને મન આ બહુ જ આશ્ચર્યકારી ઘટના હતી. તેથી સરકારના મોટા મોટા અમલદારો શ્રીહરિને મળવા આતુર રહેતા.

આ અરસામાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વડોદરા વિભાગના રેસિડેન્ટ ખાતાના વડા કર્નલ વોકર ત્યાંની કાર્યવાહી સંભાળી રહ્યા હતા.

એમને વ્યાપકાનંદ સ્વામીનો સંપર્ક થયો હતો. સ્વામી હિન્દીભાષી

હતા. તેમના થકી ભગવાનના પ્રતાપની વાતો સાંભળી હતી. વળી સ્વામીના ચમત્કારિક અનુભવો પણ માણ્યા હતા. પોતાની કેટલીક મુશ્કેલીઓ જણાવી હતી ત્યારે સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા : તમારી સર્વ મુશ્કેલીઓ દૂર થશે અને તમે તમારાં કાર્યોમાં સફળ થશો. સ્વામિનારાયણ ભગવાન તમને સર્વ પ્રકારે સહાય કરશે. એ અનુસાર વોકરને સર્વત્ર સફળતા પ્રાપ્ત થઈ હતી. તેથી તેમણે રાજકોટથી ખાસ પત્ર લખીને શ્રીહરિને મળવા માટે આતુરતા દર્શાવી હતી. શ્રીહરિ રાજકોટ પધાર્યા તે વખતે વોકરે અત્રેના સત્સંગી રાજા સુરાજીરાજની સાથે મળીને જાજરમાન સ્વાગત કર્યું હતું. તંબુ, રાવટી વગેરેની વ્યવસ્થામાં પણ સારો સાથ સહકાર આપ્યો હતો.

શ્રીહરિ માટે તેમણે એક સરસ પાલખી તૈયાર કરાવી હતી. તેમાં પ્રભુને બિરાજમાન કરી પોતાના તંબુમાં લઈ ગયા. ભારે સામગ્રીથી શ્રીહરિનું પૂજન કરી કિંમતી વસ્તુઓ અર્પણ કરી. એ સાથે પ્રાર્થના કરી : આપના સદ્‌ગુણો તથા પ્રચારકાર્યની પ્રશંસા મેં લોકો દ્વારા સાંભળી છે. તેમજ તમારા કેટલાક સેવકોના પરિચયમાં હું આવેલો છું. આપનાં કાર્ય તેમજ જીવન પદ્ધતિથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. આપના સાધુઓને ધર્મપ્રચાર કરવામાં કેટલીક મુશ્કેલીઓ પડે છે એ પણ મેં જાણ્યું છે. એના અનુસંધાનમાં જ મેં કાયદો કર્યો છે કે, 'કોઈપણ ધર્મપ્રચારકને રાજ્યમાં કોઈ પણ વ્યક્તિ હેરાન પરેશાન કરે તો તેને શિક્ષા કરવી. આ બાબતની સૂચના દેશના દરેક રાજાઓને પણ આપી છે. તમારા સંતો તમારા સંપ્રદાયના નિયમ મુજબ રહીને નિર્ભય રીતે ધર્મપ્રચાર કરે. તેઓને કોઈ પણ મુશ્કેલી હવેથી નહિ રહે. છતાં પણ મારા લાયક કોઈપણ કામ હોય તો વિના સંકોચે જણાવજો. આ સાથે મારી પ્રાર્થના છે કે, જાણે અજાણે મારાથી જે કાંઈ પાપકર્મ થયું હોય તે પાપમાંથી હું છૂટું એવી કૃપા કરજો.'

કર્નલ વોકરની આવી નમ્રતાસભર પ્રાર્થના સાંભળી શ્રીહરિ પ્રસન્ન

થઈને બોલ્યા : તમોએ પ્રજાહિત માટે કેટલાક કાયદા કર્યા છે તેથી જનજીવનમાં જરૂર સુધારો થશે. આ ભરતખંડમાં તમને રાજ્યસત્તા મળી છે તે ભગવાનની ઈચ્છાથી જ મળી છે. ન્યાય, નીતિ અને ધર્મમર્યાદાથી તમે રાજ્ય કરશો તો તમારું રાજ્ય વૃદ્ધિ પામશે. તમારી મુલાકાતથી હું બહુ જ ખુશ થયો છું.

આ રીતે કર્નલ વોકરને આશિષ આપી શ્રીહરિ ઉતારે પધાર્યા. બીજે દિવસે રાજકોટથી પ્રયાણ કરી ગઢપુર પધાર્યા. અત્રે ફૂલદોલોત્સવ દબદબાભેર ઊજવ્યો. એ ધન્ય દિવસ હતો, સંવત ૧૮૬૪, ફાગણ સુદ પૂનમ, તા. ૧૨-૩-૧૮૦૮, શનિવાર.

સારંગપુરમાં રીંગણાંનું શાક

ફૂલદોલ ઉત્સવ પર આવેલા સારંગપુરના દરબાર જીવાખાચરે શ્રીહરિને પોતાના ગામે પધારવા પ્રાર્થના કરી. આ દરબારને પહેલાં સત્સંગ નહોતો. પણ સંવત ૧૮૬૧માં સ્વામિનારાયણ ભગવાન કારિયાણીના માંચાખાચરને ત્યાં પધાર્યા તે વખતે એ પણ ત્યાં આવેલા હતા. ત્યારથી તેમને સત્સંગનો રંગ લાગી ગયો હતો. તેમનાં ધર્મપત્ની પંચાળીબાઈ, સુપુત્રો વાઘાખાચર, અમરાખાચર તેમજ સુપુત્રીઓ દેવુબાઈ, રાજબાઈ અને સોમાબાઈ એ સર્વે શ્રીહરિનાં અનન્ય આશ્રિત બની ગયાં હતાં.

જીવાખાચરને સત્સંગ થયો ત્યારથી જ સમજાઈ ગયું હતું કે વ્યસનથી મનુષ્યના જીવનમાં બરબાદી સર્જાય છે. લોકોને વ્યસનના વળગાડમાંથી છોડાવવા સંતો ભગીરથ પ્રયત્નો કરતા તેમાં એ પણ ખૂબ સાથ સહકાર આપતા. પોતાનાં સંબંધીઓ, મિત્રવર્તુલ વગેરે સાથે કાંઈ પણ નિમિત્ત ઊભું કરી પહોંચી જતા. તેમની સાથે મીઠો સંબંધ બાંધી સંતો પાસે કે શ્રીહરિ પાસે લાવતા ને વ્યસનો છોડાવતા.

જીવાખાચરનાં દીકરી સોમદેબાઈને ભગવાનમાં બહુ જ હેત હતું. એ દેવકીજીનો અવતાર હતાં. એમનાં લગ્ન માતરા ધાધલ સાથે થયેલાં

હતાં. કાઠીના રિવાજ મુજબ માતરા ધાધલ સારંગપુરમાં જ રહેતા. આ પ્રેમી પરિવારના મનોરથો પૂરા કરવા શ્રીહરિએ સારંગપુર પધારવાની સમંતિ આપી.

તેમને તૈયારી કરવાનો આદેશ આપી બીજે દિવસે શ્રીહરિ સંતો-ભક્તોના સમુદાય સાથે ગઢપુરથી રવાના થયા. ઢીંકવાળી ગામે પહોંચ્યા ત્યારે શ્રીહરિએ થોડો આરામ કરવાની ઈચ્છા જણાવી. ત્યાં સારી વાડી જોઈ સોમલાખાચરે શ્રીહરિને આરામ કરવા માટે ધાબળો પાથરી આપ્યો. એ જ વખતે વાડીનો ધણી આવ્યો. તેણે શ્રીહરિને પ્રણામ કર્યા. તેને શ્રીહરિએ પૂછ્યું : તારી વાડીમાં શાનો પાક સારો થયો છે ? તેણે કહ્યું : મહારાજ, મારી વાડીમાં રીંગણાં બહુ જ સારાં થયાં છે. બીજાની વાડીમાં રીંગણાં તો થયાં છે પણ અહીંના આખા વિસ્તારમાં અમારી વાડીનાં રીંગણાં સૌથી સરસ થયાં છે.

તરત જ શ્રીહરિએ વિચાર્યું : રીંગણાંનું શાક સંતોને જમાડીએ. પછી વાડીના માલિકને કહ્યું : તું એક મણ સારાં તાજાં રીંગણાં તોડીને લાવ. વાડીનો ધણી તે તોડીને લાવ્યો. શ્રીહરિએ તેની ગાંસડી બંધાવી, ને પૂછ્યું આના કેટલા પૈસા થશે ? વાડીવાળો કહે : એક રૂપિયો લઈશ ને તમે કહેશો ત્યાં સુધી ઠેઠ મૂકવા આવીશ. શ્રીહરિએ કહ્યું : ભલે, કાંઈ વાંધો નહિ. ત્યારે તે માલિક બોલ્યો : પહેલો રૂપિયો આપો પછી ઉપાડું.

તે વખતે એવું બનેલું કે કોઈપણ હરિભક્તના ખિસ્સામાં પૈસો પણ ન હતો. પેલો માલિક અકળાઈને બોલ્યો : રૂપિયો નહોતો તો પછી રીંગણાં શા માટે બંધાવ્યાં ? હવે તો જ્યારે તમે રૂપિયો આપશો ત્યારે જ અહીંથી જાવા દઈશ. આ સાંભળી સંતો મૂંઝવણમાં પડી ગયા. ત્યારે મંદ હાસ્ય કરતા શ્રીહરિ કહેવા લાગ્યા : સંતો મૂંઝાશો નહિ. નાણું રસ્તામાં સામેથી ચાલ્યું આવે છે. સૌને નવાઈ લાગી કે નાણું તે વળી કેવી રીતે ચાલતું હશે ?

થોડી જ વાર થઈ ત્યાં સામેથી બોટાદના બે હરિભક્તો મૂળચંદ અને કેશવજી આવ્યા. અનાયાસે પોતાના ઈષ્ટદેવનાં દર્શન થતાં તેમને હરખનો પાર ન રહ્યો. ઘોડા પરથી ઊતરી શ્રીહરિને દંડવત કરી પાંચ રૂપિયા મહાપ્રભુજીના ચરણે ધર્યા. સૌને મર્મ સમજાઈ ગયો કે નાણું સામેથી ચાલીને આવે છે તે આ.

વાડીવાળાને રૂપિયો મળતાં તેણે પણ હરખભેર ગાંસડો ઉપાડ્યો ને સૌ સારંગપુર પહોંચ્યા. જીવાખાચરે પણ અદકેરા ઉલ્લાસથી પ્યારા પ્રીતમને વાજતે ગાજતે સારંગપુરમાં પધરાવ્યા. સંતો-ભક્તો માટે યથાયોગ્ય ઉતારાની વ્યવસ્થા કરી. પેલો રીંગણાંવાળો આવ્યો; ગાંસડી છોડી રીંગણાંનો ઢગલો કર્યો. તેને જીવાખાચરે પૂછ્યું : આનું મૂલ કેટલું થયું ? વાડીવાળાએ કહ્યું : એક રૂપિયો, પણ તે તો મહારાજે અપાવી દીધું છે. તરત જ જીવાખાચરે પોતાના ખિસ્સામાંથી રૂપિયો કાઢીને આપ્યો ને કહ્યું : આ રૂપિયો લે ને મહારાજને રૂપિયો પાછો આપી દે.

બીજે દિવસે રસોઈ કરાવી; તેમાં ઘણા પ્રકારનાં ભોજન બનાવ્યાં હતાં પણ રીંગણાંના શાકમાં શ્રીહરિએ એવો સ્વાદ મૂક્યો હતો કે સૌએ એ શાક માગી માગીને લીધું. સૌનો સૂર એ જ હતો કે આવું સ્વાદિષ્ટ શાક તો ક્યારેય ચાખ્યું નથી. શ્રીહરિનો પ્રબળ સંકલ્પ હોય ત્યારે મીઠાશની તો વાત જ શી કરવાની ? સારંગપુરમાં શ્રીહરિએ બે દિવસ સુધી બહુ જ સુખ આપ્યું.

મુક્તાનંદ સ્વામીની દાસત્વ ભક્તિ

સારંગપુરના જીવાખાચરના મનોરથો પૂર્ણ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને બીજાં ગામોમાં જવાનું નક્કી કર્યું તેની સાથે મુક્તાનંદ સ્વામીને પણ આદેશ આપ્યો : સ્વામી, તમે મંડળ લઈને જુદાં જુદાં ગામોમાં સત્સંગ પ્રચાર કરવા જાઓ. ઝાલાવાડ, દંઢાવ્ય, ચરોતર વગેરે દેશોમાં ફરજો. તમે તો અમારું અંગ છો, ઈશ્વરમૂર્તિ છો. તમારાં દર્શનથી લોકોને અમારાં દર્શન જેટલું પુણ્ય મળશે. જેમ ભક્તો અમને

પૂજે છે તેમ તમારી પણ પૂજા કરશે. અમારાં દર્શનથી જેવું સુખ ભક્તોને મળે છે તેવું જ સુખ તમારાં દર્શનથી મળશે. માટે તમે એ દેશોમાં ફરો. કેમ જે અમે ઘણા દિવસથી ત્યાં ફર્યા નથી. એ વિયોગે કરીને ભક્તો દુઃખી થાય છે, માટે તમે જાઓ અને વિયોગનું દુઃખ ટાળો.

પોતાના ઈષ્ટદેવની અનહદ પ્રેમવર્ષા માણી મુક્તાનંદ સ્વામી ગદ્ગદ થઈ ગયા. એ કહેવા લાગ્યા : મહારાજ, આપ મને જેમ કહો તેમ કરવા હું તૈયાર જ છું. આપ અમને આવાં કાર્યોમાં પ્રેરો છો એ જ અમારાં ધન્ય ભાગ્ય છે. હું તો આપની પાસે એ જ માગું છું કે આપ મને કાંઈક આજ્ઞા કરો તે અત્યંત હરખથી કરું. એમ કરવામાં મારા જન્મની સફળતા છે. મુક્તાનંદ સ્વામી તૈયાર થઈને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા.

'ચાલો સ્વામી, અમે તમને હોળીધાર સુધી વળાવવા આવીએ.'

'મહારાજ, આપને એટલું કષ્ટ લેવાની જરૂર નથી.'

છતાં પણ શ્રીહરિનો અસાધારણ પ્રેમ હતો તેથી પાર્ષદો તેમજ જીવાખાચર વગેરેને સાથે લઈને હોળીધાર સુધી વળાવવા ગયા. વિદાય આપતાં પહેલાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : હું જે કાંઈ કરું તેમાં તમે કાંઈ બોલશો નહિ.

પછી શ્રીહરિ રોઝે ઘોડેથી ઊતર્યા; મુક્તાનંદ સ્વામીને પાંચ પ્રદક્ષિણા ફર્યા. અત્યંત સંકોચ પામતા મુક્તાનંદ સ્વામી ઊભા રહ્યા. પરંતુ જ્યાં શ્રીહરિ તેમને દંડવત્ કરવા તૈયાર થયા ત્યાં મુક્તાનંદ સ્વામીથી રહેવાયું નહિ. શ્રીહરિના હસ્ત પકડી ઊભા કરી દીધા. પ્રાર્થના કરવા લાગ્યા : હવે મારા પર દયા કરો ને વધારે ન શરમાવો. શ્રીહરિ બોલ્યા : સ્વામી, અમને દંડવત્ કરવા દો, પણ સ્વામીએ અત્યંત પ્રેમથી શ્રીહરિને પોતાના બાહુપાશમાં પકડી રાખી દંડવત્ કરવા ન દીધાં. એ વિનવવા લાગ્યા : હે મહારાજ, આપ તો અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ છો, સર્વ અવતારોના અવતારી છો. આપની આગળ અમે નાના જીવ તે

શા હિસાબમાં ? છતાં પણ આપ અમને નિભાવવા માટે અમારા ઉપર અનહદ પ્રેમ વરસાવી રહ્યા છો. આપ અમારાં કાર્યના કર્તા બનીને કાર્યો દીપાવો છો ને તેનો યશ અમને આપો છો.

'તમે એવા મહાન સંત છો કે આ બ્રહ્માંડમાં તમારા જેવા સંત શોધ્યા પણ ન મળે, કેમ જે અમારો સંકલ્પ થાય તેમ તમે સાવધાન થઈને વર્તો છો. અમારા માટે તમે અપાર કષ્ટ સહન કરો છો, દામ વામથી દૂર રહો છો, ખલ લોકો તમારો ઉપહાસ કરે છે તે તમે સહન કરો છો, અમારા વચને કરીને તમે માન ને સારાં ખાન-પાન પણ તજી દીધાં છે.'

'મહારાજ, આપ અમારી અલ્પ સેવાને મહાન સમજી અમારા ઉપર રાજીપો દર્શાવો છો એ ઉપકાર અમારાથી ક્યારેય ભૂલી ન જવાય એવી દયા કરજો.'

પછી શ્રીહરિ, મુક્તાનંદ સ્વામીની સાથે જનાર સંતોને પણ પ્રેમથી મળ્યા. શ્રીહરિની મૂર્તિ સંભારતા સૌ મહાપ્રભુજીને પ્રણામ કરી વિદાય થયા. કારિયાણીના વસ્તાખાચરે શ્રીહરિને પોતાને ગામ પધારવા પ્રાર્થના કરી હતી તેથી ત્યાં પધારી સૌને સુખિયા કર્યા. વળી કુંડળ ગામના અમરા પટગર તેમજ મામૈયા પટગર શ્રીહરિને તેડવા માટે આવ્યા હતા. તેમની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ કુંડળ પધાર્યા. રાઈબાઈના સ્નેહને વશ થઈ થાળ જમ્યા.

ભગવત્સ્મૃતિ વિનાનું સ્નાન એ રુધિરનું સ્નાન

કુંડળમાં શ્રીહરિ સંતો-ભક્તોને આનંદ કરાવવા ત્યાંની ઉતાવળી નદીમાં સ્નાન કરવા પધારતા. એક દિવસ ત્યાંના કોઈ ભક્તે વાત કરી કે ઉત્તર દિશામાં એક પાણીનો ધરો છે, તેમાં નહાવાની મઝા આવે એવું છે. ભક્તનું ગમતું કરવા શ્રીહરિએ અનુમતિ આપી; સૌ ત્યાં ગયા. ધરો જોઈ શ્રીહરિએ પણ પ્રસન્નતા દર્શાવી. સહુને સંભારણું કરાવવા શ્રીહરિ પણ ધરામાં સ્નાન કરવા પધાર્યા. વિવિધ પ્રકારે જળક્રીડા કરી સૌને અપૂર્વ આનંદ કરાવ્યો. નહાતાં નહાતાં સહુ

કીર્તન ધૂન કરતા હતા.

થોડીવાર પછી કાઠીઓ બહુ તાનમાં આવી ગયા. શ્રીહરિ જે ઠેકાણે સ્નાન કરતા હતા ત્યાંથી થોડે દૂર જઈને ધીંગામસ્તી કરવા લાગ્યા. સંતો તો શ્રીહરિની સાથે જ હતા. શ્રીહરિ બહાર નીકળ્યા એટલે સંતો પણ સાથે બહાર નીકળ્યા ને વસ્ત્રો પહેર્યાં. કાઠી બધા ઠેકડા મારીને થાક્યા એટલે બહાર નીકળ્યા ને લૂગડાં પહેરી જ્યાં શ્રીહરિનો ચરણસ્પર્શ કરવા ગયા ત્યાં જ શ્રીહરિએ ચરણ પાછા ખેંચી લીધા ને કહ્યું : તમારાં શરીર અશુદ્ધ છે માટે અમને અડશો નહિ. કાઠીને આશ્ચર્ય થયું. એ પૂછવા લાગ્યા : મહારાજ, અમે જળમાં સ્નાન કર્યું તોય શરીર અશુદ્ધ છે એમ કેમ કહો છો ? શ્રીહરિએ કહ્યું : તમે ભલેને પાણીમાં સ્નાન કર્યું પણ ભગવાનની સ્મૃતિ વિના કરેલું સ્નાન તે રુધિરમાં સ્નાન કર્યા બરાબર છે. કોઈ પણ સારું કામ હોય તેમાં પણ જો ભગવાનની સ્મૃતિ ન રહે તો તે બધું જ નકામું છે. પૂજા કરતા હોય ને મન બીજે ઠેકાણે ભમતું હોય તો તે પૂજા કરી કે ન કરી, તે બેય સરખું છે. વળી ભગવાનની સ્મૃતિ વિના વ્રત, તપ, જપ, યજ્ઞ, શાસ્ત્ર પઠન, માનસીપૂજા વગેરે જે કાંઈ કરવામાં આવે તે બધું જ વ્યર્થ છે.

કાઠીઓને સઘળી વાત સમજાઈ ગઈ. એ કહેવા લાગ્યા : હે પ્રભુ, અમારી ભૂલ થઈ. હવે અમે આપને સંભારીને પાછા સ્નાન કરી આવીએ. સૌ પાછા ગયા. ભગવાનની સ્મૃતિપૂર્વક સ્નાન કર્યું. પાછા આવીને શ્રીહરિને પગે લાગ્યા. ત્યારથી માંડીને બધાએ નિયમ રાખ્યો જે નહાવું વગેરે ક્રિયા કરીએ તેમાં ભગવાનની સ્મૃતિ રાખવી. આમ શ્રીહરિ પોતાની સાથે રહેલા ભક્તોને આનંદ કરાવતા ને તેની સાથે સાથે વિવેક, જ્ઞાન આદિના પાઠ પણ ભણાવતા.

ગઢપુરથી ઝીંઝાવદર

કુંડળ ગામે કેટલાક દિવસ રહી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીહરિજયંતી ઉત્સવ નિમિત્તે ગઢપુર પધાર્યા. આ ઉત્સવની

મોજ માણવા હજારો ભક્તો ગઢપુર આવ્યા હતા. સંવત ૧૮૬૪ ચૈત્ર સુદ ૯, તા. ૫-૪-૧૮૦૮, મંગળવારે શ્રીહરિજયંતીના દિવસે શ્રીહરિએ સૌને અદ્‌ભુત દર્શન કરાવ્યાં. આ સમયે ઝીંઝાવદરથી અલૈયાખાચર આવેલા હતા. તેમણે પોતાને ત્યાં પધારવા શ્રીહરિને પ્રાર્થના કરી. કૃપાળુએ કૃપા કરી અનુમતિ આપી.

બીજે જ દિવસે શ્રીહરિ સંતો, પાર્ષદો, કેટલાક હરિભક્તો તેમજ અલૈયાખાચરને સાથે લઈ ગઢપુરથી નીકળ્યા. ઉગામેડી ગામે આવ્યા. ત્યાં પશ્ચિમ દિશામાં આવેલી વાવનું સ્વાદિષ્ટ જળ પીધું. ત્યાંથી નિંગાળા ગામ પસાર કરી કેરિયા ગામે પધાર્યા. નારાયણજી પટેલનો ભાવ જોઈ તેમની વાડીમાં બાવળ નીચે ઊતર્યા. તેવામાં ભગુ પટેલ ને કાના સોલંકી શ્રીહરિનાં દર્શને આવ્યા. શ્રીફળ મૂકી તેમણે શ્રીહરિને દંડવત્ કર્યા. શ્રીફળ વધેરીને સૌને નાની નાની કટકી વહેંચી આપી. તેમાંથી જે વધી તે વાડીમાં નાખી ને આશીર્વાદ આપ્યા કે જે જે પ્રાણી આ પ્રસાદી ખાશે તેનું કલ્યાણ થાશે.

ઝીંઝાવદરના બાવાનું પોગળ

કેરિયાથી નીકળી શ્રીહરિ સંતો-ભક્તો સહિત ઝીંઝાવદરની ભાગોળે પધાર્યા. અહીં એક ઢોંગી દિગંબર બાવો બેઠેલો હતો. પાંચેક દિવસ પહેલાં આવેલો હતો. કોઈનો પગરવ સંભળાય કે તરત જ આંખો મીંચી પદ્માસન વાળી સ્થિર બેસી રહેતો. કોઈ ન જુએ એ રીતે ગાંજો-ચરસ પી લેતો. અલૈયાખાચરે નક્કી કર્યું કે આજે આ બાવાનો ઢોંગ છતો કરવો.

શ્રીહરિ તો સંતો-પાર્ષદો તેમજ હરિભક્તો સહિત ત્યાંથી નીકળી ગયા. અલૈયાખાચરે એક મિત્રને પોતાની સાથે રાખ્યો. બંને બાવાની નજીક ગયા.

અલૈયે શરૂ કર્યું : ભણે મિત્ર, આ બાવાજી તો બહુ મોટા લાગે છે. આપણાં ખરેખર ભાગ્ય ખુલી ગયાં કે આવા મહાન સિદ્ધનાં

આપણને દર્શન થઈ ગયાં. કેવા સ્થિર બેઠા છે ?

'હા ભાઈ, કહેવું પડે હોં... આમના જેવા તો મેં ક્યાંય જોયા નથી.'

'મેં તો માનતા કરી છે કે એમના ચરણે રૂપિયા ધરવા.'

'હેં ભણે ! આના નહિ ને રૂપિયા !'

'હા ભાઈ હા... એક રૂપિયો નહિ... પૂરા પાંચ રૂપિયા.'

'તો પછી વાટ શેની જુએ છે ? પધરાવી દેને...'

'પણ રૂપિયા મૂકવા ક્યાં ? જો બાજુમાં જ મૂકું તો કોઈ ચોર લઈ જાય. અરે જો તો ખરો, બાવાજી કેવા નિઃસ્પૃહી છે. અંગ પર એકેય વસ્ત્ર નથી, નહિતર તેમાં બાંધી દેત. પાસે કોઈ ચેલોય નથી, નહિતર તેને આપી દેત. પાસે કાંઈ પાત્ર નથી કે તેમાં પધરાવી દઉં. આપણને આવા મોટા મહાત્માજી તો મળ્યા, પણ આપણાં કરમ ફૂટ્યાં કે આપણને તેમની સેવા કરવાની તક ન મળી.'

'અલ્યા ભાઈ, એમાં દિલગીર શા માટે થાય છે ? જો તારો ભાવ હશે તો આ મહાત્માજી મોઢું ખોલશે. તેમાં પધરાવી દેજે.'

'હા હોં... એ વાત સાચી, પણ બાવાજીનું મોઢું બંધ છે. એ ખોલે તો થાય ને,' એમ બોલતાં અલૈયાખાચરે પાંચ રૂપિયા કાઢ્યા.

ખોબામાં રાખી ખખડાવ્યા. એ ખડિંગ... ખડિંગ... અવાજ થતાં જ બાવાજી સળવળ્યા. મનમાં થયું : આ લાભ શે જતો કરાય ? તરત જ મોઢું પહોળું કર્યું.

'અરે ભાઈ, હવે વાર ન કરજે, જલ્દી મોઢામાં રૂપિયા પધરાવી દે. આવો મોકો વારે વારે નહિ મળે.'

'પહેલાં મહાત્માજીને પ્રદક્ષિણા કરી લઉં ને પછી રૂપિયા પધરાવી દઉં.' એમ કહીને પ્રદક્ષિણાના નિમિત્તે બાવાની પાછળ જઈ ધૂળનો ખોબો ભરીને આગળ આવ્યા ને મિત્રને કહ્યું : હવે રૂપિયા પધરાવી દઉં.

બાવાએ તો રૂપિયા મળશે એ આશાથી મોઢું ખુલ્લું જ રાખ્યું હતું. મિત્રે કહ્યું : હવે વાર ન કરો, ને જલ્દી માનતા પૂરી કરો.



નક્કી કરેલા સંકેત અનુસાર અલૈયે બાવાની પાસે આવીને ધૂળનો ભરેલો ખોબો મોઢામાં નાખ્યો. ત્યાં બાવો થૂ થૂ કરતો ઊભો થયો. મૌન છૂટી ગયું. એ બબડવા લાગ્યો : હમારા જૈસા સિદ્ધ કા અપમાન કરને કે લિયે આયા હૈ ? તેરા સત્યાનાશ હો જાએગા.

અલૈયે તેને એક તમાચો ચોડી દીધો ને કહ્યું : અલ્યા ઢોંગી, તારા જેવા તો કંઈક જોઈ નાખ્યા. એ સણસણતો જવાબ સાંભળી બાવાને લાગ્યું કે આમની સામે દમદાટી મારવાથી કાંઈ ફાયદો નહિ થાય, તેથી માંહી માંહી ગણગણતો રહ્યો, પણ મોટેથી કાંઈ બોલી શક્યો નહિ.

નાટક પૂરું કરી અલૈયાખાચર દરબારમાં આવી પહોંચ્યા. અહીં જ શ્રીહરિનો ઉતારો હતો. અજાણ્યા થઈ શ્રીહરિએ પૂછ્યું : તમે આટલી વાર સુધી ક્યાં રોકાઈ ગયા હતા ? ત્યારે અલૈયાખાચરે કહ્યું : આ ગામની પાદરે જોગી બેઠા હતા તેની માનતા પૂરી કરવા રહ્યો હતો, એમ કહીને માંડીને બધી વાત કરી. એ સાંભળી બધા જ હસ્યા. એ બાવા નિમિત્તે શ્રીહરિએ બધાને સદ્‌બોધ આપ્યો. આવા પાખંડીઓ લોકોને છેતરે છે. તેઓ વસ્ત્ર ન પહેરે, ફળ કે પાંદડાં ખાઈને રહે તો પણ તે તૃષ્ણારૂપી નદીના પ્રવાહમાં તણાયા વિના રહેતા નથી. એ તૃષ્ણાની નદીનો પ્રવાહ જ એવો જબરો છે કે તત્ત્વવેત્તા હોય તો પણ તેમાં તણાઈ જાય છે. સંસાર છોડીને ત્યાગી થયો હોય, ને ભગવાનને વિશે પ્રીતિવાળો જણાતો હોય, તોય તેને પણ તૃષ્ણા નડે છે.

સૌભરી, નારદજી જેવા મહાન ઋષિ પણ તૃષ્ણાના પૂરમાં તણાયા છે. પાંચે પ્રકારના વિષયો ધનમાં રહ્યા છે તેથી જોગી હોય, જતિ હોય કે પંડિત હોય, એ બધાય ધનની તૃષ્ણામાં તણાતા હોય છે. અરે બીજી વાત તો શી કરવી ? ઘરડા થયા હોય, કાંઈ પણ જોઈ શકતા ન હોય, ખાઈ શકતા ન હોય તો પણ તેનાથી તૃષ્ણા તજી શકાતી નથી. આ લોકમાં ભલેને કુબેર ભંડારી જેટલું નાણું મળ્યું હોય, તો પણ વધારે ને વધારે ભેળું કરવાની ઈચ્છા રાખે છે. આખું જગત સ્ત્રી અને કંચનરૂપી કાચા સૂતરના તાંતણે બંધાએલું છે. તેમાંથી જે વિરક્ત થાય છે તેને માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે,

कान्ताकनकसूत्रेण वेष्टितं सकलं जगत् ।
तासु तेषु विरक्तो यो द्विभुजो परमेश्वरः ॥

અર્થાત્ સ્ત્રી અને કંચનરૂપી સૂતરના તાંતણામાં જે બંધાતા નથી તેને બે હાથવાળા પરમેશ્વર કહ્યા છે. એટલે જ અમે આ સંતોને તેનાથી વિરક્ત રાખ્યા છે. તેઓ માન કે મમતાથી દૂર રહે છે, સ્વાદને પણ જીત્યો છે. આખા બ્રહ્માંડમાં ફરી વળો તોય આવા સંતો ન મળે. પૂર્વે ઉદ્ધવજીને શ્રીકૃષ્ણચંદ્રે ત્યાગી થવાનો કેટલોય ઉપદેશ આપ્યો હતો, છતાં પણ તે તેમ કરી શક્યા ન હતા ને આજે તો પરણવા માટે માંડવે ચડેલા મીંઢણબંધા મુમુક્ષુઓ એક અમારો પત્ર વાંચીને ત્યાગી થઈ જાય છે.

શ્રીહરિનાં આવાં અમૃતમય વચનો સાંભળી સહુ ખૂબ જ રાજી થયા ને કહેવા લાગ્યા કે આપણાં બહુ જ મોટાં ભાગ્ય છે કે આવા ભગવાન ને સંતોની પ્રાપ્તિ આપણને થઈ છે. તે સમે મૂળજી બ્રહ્મચારી શ્રીહરિને જમવા માટે બોલાવવા આવ્યા. શ્રીહરિ તેમની સાથે પધાર્યા ને થાળ જમ્યા. સંતો-ભક્તો પણ જમ્યા. પછી શ્રીહરિએ થોડીવાર આરામ કર્યો.

પઠાણને ખુદાના ખુદાની પ્રાપ્તિ

સાંજના સુમારે વડોદરા સરકારનો એક લશ્કરી અધિકારી પઠાણ

ઝીંઝાવદર આવ્યો. કાઠિયાવાડમાં સારાં ઘોડાં હોય છે, એવી ખબર મેળવીને રાજાએ ઘોડાંની ખરીદી કરવા પઠાણને મોકલ્યો હતો. એ કુરાન ભણ્યો હતો. તેમાંથી તેને એ જાણવા મળ્યું હતું કે જ્યાં ખુદા કે ઓલિયા પુરુષ હોય ત્યાં તમામ સંકલ્પોનો વિરામ થઈ જાય.

ગામમાં પ્રવેશતાં જ તેને અલૌકિક તેજ દેખાયું. એટલું જ નહિ, તેના મનમાં ઊપજતા તમામ સંકલ્પોનો વિરામ થઈ ગયો. તેણે વિચાર્યું કે હું મારા ધર્મનું સૌથી શ્રેષ્ઠ તીર્થ મક્કા ને મદીના ફરી વળ્યો છું, હજ કરી છે, પણ જેવી શાંતિ મને અહીં થઈ, તેવી શાંતિ તો મને ક્યાંય થઈ નથી ! માટે નક્કી લાગે છે કે અહીં ખુદા કે ઓલિયા હોવા જોઈએ. ત્યાં એક ભાઈ મળ્યા. તેને પઠાણે પૂછ્યું : ભાઈ અહીં કોઈ ઓલિયા પુરુષ છે ? હોય તો બતાવો.

પેલા ભાઈએ કહ્યું : ગામના ચોરામાં બાવાજી બેઠા છે. જાઓ તેમને પગે લાગો. પઠાણને તો બીજી ખબર ન હતી એટલે એ ચાલ્યો. માર્ગમાં અલૈયાખાચર મળ્યા. તેમને પૂછ્યું : અહીં કોઈ ઓલિયા પુરુષ છે ? ત્યારે તેમણે પણ વિચાર્યું જે તે ખરેખરો છે કે નહિ તેની ખાતરી કરું. તરત જ પેલા ગંજેરી બાવા પાસે લાવ્યા ને કહ્યું : જુઓ, આ રહ્યા ઓલિયા પુરુષ. પઠાણે કહ્યું : અરે ભાઈ, આવા ગંજેરી બાવા તો મેં કેટલાય જોઈ નાખ્યા છે. એ તો ભોળા લોકોને છેતરતા ફરે છે. એનાથી તો ઉલટાની અશાંતિ થાય છે, માટે સાચા પુરુષ હોય તો બતાવો. તમારો પાડ માનીશ.

અલૈયાખાચરે પૂછ્યું : તમને કોણે બતાવ્યું કે અહીંયાં ઓલિયા પુરુષ છે ? પઠાણ કહે : મને મારા દિલના વિશ્વાસે કહ્યું છે. બીજા કોઈએ કાંઈ પણ વાત કરી નથી. હું જે કહું છું તે ક્યારેય ખોટું ન પડે. અમે તો રાજકાજમાં પડેલા છીએ એટલે પાપી માણસ છીએ. અમને ઓલિયા ક્યાંથી મળે ? એ ઓલિયા પુરુષની મારા ઉપર દયા થઈ. તેમણે જ મને અનુભવ કરાવ્યો. મને ક્યાંય શાંતિ નહોતી થઈ એવી શાંતિનો અનુભવ મેં આ ગામની ભાગોળમાં પ્રવેશતાં જ કર્યો.

માટે ભલા થઈને મને દર્શન કરાવો. પઠાણની સાચી મુમુક્ષુતા જાણી અલૈયાખાચર તેને પોતાના દરબારમાં લાવ્યા.



અલૈયાખાચરે શ્રીહરિને દેખાડતાં કહ્યું : જુઓ, આ અમારા ખુદા. દર્શન કરો. શ્રીહરિની દૃષ્ટિ પઠાણ પર પડતાંની સાથે જ પઠાણને સમાધિ થઈ. તેમાં તેને એવાં દર્શન થયાં કે અસંખ્ય ઓલિયા શ્રીહરિનાં દર્શન કરે છે, પ્રાર્થના કરે છે. પોતે જે ખુદાનું ભજન કરે છે, એ ખુદા પણ શ્રીહરિને સ્તુતિ વિનય કરે છે.

દિવ્ય ધામની શોભા એવી અલૌકિક હતી કે પઠાણને દેહમાં આવવાની ઇચ્છા થતી જ નહોતી. શ્રીહરિ તેને પરાણે ખેંચીને દેહમાં લાવ્યા. સમાધિમાંથી જાગ્યો ત્યારે તેની આંખો આંસુથી છલકી રહી હતી. પઠાણ પ્રભુના ચરણે નમી પડ્યો.

ગદ્‌ગદ થઈ શ્રીહરિને કહેવા લાગ્યો : હે ખુદા, હે પરવરદિગાર, આપ ખુદાના પણ ખુદા છો, ખુદાતાલા છો; હવે આપના દિદાર મૂકીને મારે ક્યાંય જવું નથી. મને આપના જ શરણમાં રાખો.

શ્રીહરિએ તેનું ભાવિ હિત વિચારી તેને સમજાવતાં કહ્યું : તારી

નાતના લોકો તને ઉપાધિ કરશે ને અમને પણ ઉપાધિ કરશે માટે તું પાછો તારે ઘેર જા. તારી નોકરી છોડીશ નહિ ને ચિંતા પણ કરીશ નહિ. હું તારું કલ્યાણ કરીશ. તું ધર્મ નિયમ બરાબર પાળજે. બહાર બહુ દેખાવ ન કરીશ.

શ્રીહરિની આજ્ઞા થઈ એટલે એ પ્રમાણે જ કરવું એમાં જ સુખ છે આવા સુવિચાર સાથે એ પાછે પગલે ચાલતો ચાલતો શ્રીહરિને છેવટે વંદન કરી ત્યાંથી વિદાય થયો, ત્યારે અલૈયાખાચરે તેને સાચો મુમુક્ષુ જાણી ભોજન કરાવીને પછી રજા આપી.

ઝીંઝાવદરમાં શ્રીહરિના નિવાસ દરમ્યાન ઉનાળાનો ધખધખતો તાપ પડતો હતો. તેથી શ્રીહરિ કાઠીઓને આનંદ કરાવવા ગામની ઉત્તર દિશામાં આવેલા તેરકોશિયા કૂવા પર પધારતા. તેની બાજુમાં ઉગેલા મોટા વડ પરથી કૂવામાં ધૂબકા મારતા. કેટલાક દિવસ ઝીંઝાવદરમાં રહી શ્રીહરિ કારિયાણી પધાર્યા. ત્યાં વસ્તાખાચરની ફળીમાં કૂવો ગળાવ્યો, તેમાં ઘણા ભક્તોએ સેવા કરી. તેમના પર શ્રીહરિએ ખૂબ જ રાજીપો જણાવ્યો.

ઝમરાળાના ગંગારામ દવેની સમર્પણ ભક્તિ

એક દિવસ શ્રીહરિ સવારમાં દંતમંજન કરી રહ્યા હતા તેવામાં ઝમરાળાથી જીવા દવે અને ગંગારામ દવે બંને ભાઈ લોટ, ઘી, ગોળ વગેરે સામાન લઈને આવ્યા. તેમને એવી ચિંતા હતી કે, શ્રીહરિ કારિયાણી સુધી પધાર્યા છે. બાજુમાં જ ઝમરાળા ગામ છે. ત્યાં ભગવાન નહિ પધારે એ વ્યક્ત કરવા બંને જણ એકદમ રડવા લાગ્યા. તેમને શ્રીહરિએ પૂછ્યું : કેમ રડો છો ? શું દુઃખ પડ્યું છે તે તમે આમ પોક મૂકીને રડો છો ? ત્યારે તે બંનેએ હાથ જોડતાં કહ્યું : મહારાજ, તમે ઠેઠ અહીં સુધી પધાર્યા. પરંતુ અમારે ગામ નથી પધારતા તેથી અમારી ચીજ વસ્તુ તમારા કામમાં લાગતી નથી. જે વસ્તુ તમારા કામમાં ન લાગે તે શા કામની ? ભક્તોનો નિખાલસ ભાવ જોઈ શ્રીહરિએ

કહ્યું : તમે અહીં રોકાઓ. તમે સામગ્રી લાવ્યા છો તેની રસોઈ બનાવીશું ને તમારા ગામે પણ આવીશું.

ત્યારે બંનેએ કહ્યું : મહારાજ, તમે એકલા નહિ, બધા સંતો-ભક્તોને સાથે લઈને આવજો. પછી ત્રીજે દિવસે શ્રીહરિ ઝમરાળા પધાર્યા. બંને બ્રાહ્મણ હતા તેથી ભગવાન અને સંતો માટે રસોઈ બનાવી ને ખૂબ તાણ કરીને જમાડ્યા. ભક્તોને પણ જમાડ્યા.

ઝમરાળાથી ભગવાનને કારિયાણી જવું હતું. એ સાથે ભક્તની સમજણ પણ ચકાસવી હતી એટલે કહ્યું : ભગત, તમે અમને બહુ જમાડ્યા છે એટલે ઘોડા ઉપર નહિ બેસાય, માટે વેલ કે ગાડું લાવો.

ભગવાન જ્યારે આમ સામેથી માગણી કરે ત્યારે કોને આનંદ ન થાય ? ગંગારામ રાજી રાજી થઈ ગયા. તેમણે તરત જ ગાડું તૈયાર કર્યું : આજે તો પોતાના ઈષ્ટદેવ બિરાજમાન થવાના હતા એટલે ભક્તે નવું ગોદડું પાથર્યું, તે પર રેશમી ઓછાડ બિછાવ્યો.

વરસાદની મોસમ થોડા જ દિવસો પછી શરૂ થવાની હતી એટલે દવેએ બળદની જોડ થોડા જ દિવસો પહેલાં ખરીદી હતી. એ બળદોને ગાડામાં જોડ્યા. ભગવાન ગાડા પર બિરાજમાન થયા. ભક્તે ગાડું હંકાર્યું. બળદો ઝડપી ગતિએ ને સાથે એવી સરળ રીતે ગાડું ખેંચવા લાગ્યા કે ગાડામાં બેસનારને આંચકા ન આવે. ભગવાને જોયું કે બળદ તોફાની નથી પણ જોશીલા છે.

ભક્તની સમજણ ચકાસવા ભગવાને કહ્યું : ભગત, આ બળદ બહુ સારા છે. ભગવાનનો કહેવાનો ભાવ ભક્ત સમજી ગયા. એ કહેવા લાગ્યા : પ્રભુ ! આપને આ બળદ ગમતા હોય તો માત્ર આ બળદ જ નહિ, એ બળદને ચલાવનારો હું ને આ ગાડું એમ ત્રણેય આપની સેવામાં હાજર છીએ.

ભક્તની એ સમર્પણની ભાવના જોઈ ભગવાન તેમના પર બહુ જ રાજી થયા. એમનો વાંસો થાબડતાં કહ્યું : ધન્ય છે ગંગારામ, ધન્ય

છે તને. તારી ભક્તિ સાચી. તારો સમર્પણ ભાવ અમને પહોંચ્યો.

આજે તો ભગવાન અને ભક્તનું મધુરું મિલન સર્જાયું હતું. પંથ કપાઈ રહ્યો હતો. ભગવાન અત્યંત પ્રસન્નતા દર્શાવી રહ્યા હતા. ભક્ત ભગવાન સાથે મીઠી ગોઠડી માણી રહ્યા હતા. એમને બળદને ઈશારો કરવાની પણ જરૂર રહી નહોતી. ભગવાનનો આવો વહાલ કાંઈ અમથો મળ્યો નહોતો. ભગવાન એવા અપોંચિયા નથી કે માત્ર ઉપર ઉપરથી લટુડિયાં કરે તેના પર રીઝી જાય. ભગવાન તો બધાના અંતરનું જાણે છે. જેનો સાચો ભાવ જુએ છે, ભક્તિ ને સમર્પણ જુએ છે તેને લાભ આપે છે.

ભક્તો તો ઘણાય હતા, તેમાંથી ગંગારામ દવે એવા ભક્ત હતા કે ભગવાનને બહુ ગમી ગયા. એટલે જ ભગવાને તેમને પોતાની સેવા માટે સાથે લીધા. ભગવાને તો માત્ર એટલું જ કહ્યું કે બળદ સારા છે. એટલામાં જ એ ભક્ત ભગવાનની મરજી સમજી ગયા.

શ્રીહરિ કારિયાણી પધાર્યા ને સભામાં સૌને વાત કરી કે આ ભક્તે અમારા નાના શા વચન માત્રે કરીને પોતાનું ગાડું, બળદ અમને અર્પણ કરી દીધું. અરે, પોતે પણ અમારી સેવામાં આવવા તૈયાર થઈ ગયા. બલિરાજાની પેઠે સર્વસ્વ સમર્પણ કર્યું. પછી શ્રીહરિએ ગંગારામને કહ્યું : હવે તમે પાછા જાઓ. ત્યારે તે કહે : મહારાજ ! હવે બોલેલું વચન ફેરવાય નહિ. છતાં પણ જ્યારે શ્રીહરિએ બહુ જ આગ્રહ કરીને પાછા જવાનું કહ્યું. ત્યારે ગંગારામ દવે ભગવાનની મરજી જાણી પાછા ઘેર ગયા.

સારંગપુરમાં અનેક રૂપ ધરી કરેલું ભોજન

કારિયાણીમાં કેટલાક દિવસ પર્યન્ત ભક્તોને સુખ આપી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સારંગપુર પધાર્યા. આ વખતે બધા જ હરિભક્તો ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે આપે અમારે ઘેર જમવા પધારવું જ પડશે. જો દરેકને ઘેર જમવાનું કરે તો પાંચ મહિના સુધી

પણ પાર આવે એમ નહોતું. ભક્તોનો આગ્રહ હતો કે દરેકને ઘેર જમ્યા વિના જવા દઈશું નહિ. ઘડીભર શ્રીહરિ પણ જાણે મૂંઝવણમાં પડી ગયા હોય તેવું દર્શાવ્યું. પછી બોલ્યા : અમારે તો પરમ દિવસે જવાનું જ છે. માટે આવતી કાલે તમે બધા જ પોતપોતાને ઘેર અમારા માટે થાળ કરજો. અમે બધાને ત્યાં જમવા આવીશું.

બીજે દિવસે સૌ ભક્તોએ થાળ કર્યા. પ્રથમ શ્રીહરિ જીવાખાચરના દરબારમાં પધાર્યા. તેમને એમ જે ભગવાન બધાને ઘેર જમવાના છે તેથી જો બહુ પીરસીશ તો ભગવાનને ભારે પડશે, એટલે થોડું પીરસ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું : જીવાખાચર, અમને પીરસો નહિતર ભૂખ્યા રહી જાશું. ભગવાન દયા કરીને આમ પ્રેમ દર્શાવે ત્યારે ભક્તને પણ કેટલો બધો આનંદ થાય ! તેમણે ખૂબ તાણ કરીને પીરસ્યું.

વળી ખાતરી કરવા માટે મૂળુખાચર, વસ્તાખાચર વગેરેને ત્યાં એક ભક્તને જોવા મોકલ્યા કે ત્યાં શું ચાલે છે ? તો ત્યાં પણ શ્રીહરિને જમતા જોયા. પછી તપાસ કરી તો જાણવા મળ્યું કે જેટલા હરિભક્તો છે તે બધા જ હરિભક્તોને ઘેર શ્રીહરિ પધાર્યા છે ને થાળ જમી રહ્યા છે.

જીવાખાચર પાસે આવીને પેલા ભક્તે વાત કરી : આજે દોઢસો ઘેર ભગવાનને જમતા જોયા. જીવાખાચરે કહ્યું : મહારાજ આપની લીલા અકળ છે. આપ જેમ ધારો તેમ કરી શકો એવા સમર્થ છો. બધાને ખબર પડી કે ભગવાને આટલાં બધાં રૂપ ધરીને દરેકે દરેક ભક્તને સુખ આપ્યાં; તેથી ભક્તો તો ખરા, પણ બીજા ગ્રામજનોય જીવાખાચરના દરબારમાં ભગવાનનાં દર્શન કરવા આવ્યા.

સૌ નવા આગંતુકો વર્તમાન ધારણ કરવા માટે વિનવવા લાગ્યા. તે સૌ પર પાણીની અંજલિ છાંટીને શ્રીહરિએ કહ્યું : આ તમને બધાને વર્તમાન. હવેથી તમે બધા ધર્મ-નિયમ પાળજો, તો તમે આ લોકમાં સુખી રહેશો ને અંતે અમે તમારું કલ્યાણ કરીશું.

તે સમે લખા પટેલને વિચાર થયો જે, પોતાનાં માતુશ્રી બહુ જ વૃદ્ધ થયાં છે, તો ભગવાન પાસે જઈ તેમનું પણ કલ્યાણ કરાવું.

પછી ડોસીને લઈને તે ભગવાનની પાસે આવ્યો ને કહ્યું : પ્રભુ, આમને નિયમ ધરાવો, જેથી તેનું કલ્યાણ થાય. ડોસીને તો બીજી ખબર હતી જ નહિ. ભગવાને તેને વર્તમાન ધરાવીને કહ્યું : જાઓ, અમે તમારું કલ્યાણ કરીશું.

ડોસી તો અવસ્થાને લઈને બીજું કાંઈ સાંભળી પણ શકતી ન હતી. તેથી કહ્યું : સારું ભા. ડોસી ઘેર ગઈ ને ત્રીજે જ દિવસે તેને શ્રીહરિનાં દર્શન થયાં. ત્યારે તે સંબંધીઓને કહેવા લાગી : મને ભગવાન ધામમાં તેડી જવા માટે આવ્યા છે, માટે આજે કોઈ ખેતરે જશો નહિ. પછી શ્રીહરિ ડોસીને ધામમાં તેડી ગયા, એવાં દર્શન ગામના લોકોને પણ થયાં, તેથી સહુ આશ્ચર્ય પામ્યા.

પુંજાશા ને વનાશાને સત્સંગ

સારંગપુરમાં શ્રીહરિનાં દર્શન કરવા સુંદરિયાણાના દરબાર ડોસાખાચર આવ્યા હતા; કેમ જે, તે કારિયાણીના માંચાખાચર ને ગઢપુરના એભલખાચરના મિત્ર હતા. તેમના પ્રસંગે કરીને ડોસાખાચરને સત્સંગ થયો હતો. તેમણે ભગવાનને પોતાના ગામમાં પધારવા પ્રાર્થના કરી, તેનો સ્વીકાર કરી શ્રીહરિ સુંદરિયાણા ગામે પધાર્યા. દરબારે જે જે સંકલ્પ કરી રાખ્યા હતા તે અંતર્યામી શ્રીહરિએ પૂર્ણ કર્યા તેથી તેમનો નિશ્ચય દૃઢ થયો. ડોસાખાચર દરબાર હતા. તેમણે પોતાના કારભારી તરીકે ત્યાંના પાકા વૈષ્ણવ પુંજા શેઠ ને વના શેઠને રાખેલા હતા. તેમના પિતા હિમરાજશા વૈષ્ણવોમાં મોટેરા હતા. પિતાના સંસ્કાર પુત્રોમાં પણ આવેલા હતા. સામાન્ય લોકોની ગેરસમજ અનુસાર તેઓ એમ માનતા કે સ્વામિનારાયણનો પંથ તો નવો છે. તે જંત્ર મંત્ર કરી લોકોને ભોળવે છે. કાઠી જેવા ભોળા લોકો તેમને ભગવાન માને છે.

આપણા દરબાર ભલે સ્વામિનારાયણના થયા. આપણે દરબારના કામદાર છીએ એટલે રાજ્ય સંબંધી કામમાં ભેળા રહેશું પણ આ નવા ચીલામાં ભળશું નહિ. આવા વિચારથી તે બંને ભાઈ શ્રીહરિ

પાસે આવ્યા હતા.

દરબાર તો સમજી જ ગયા હતા કે આ ચુસ્ત વૈષ્ણવ છે એટલે દૂર જ રહેવાના, પણ મારું કામ કરનાર જો પોતાના જીવનું કલ્યાણ સાધવાના કામમાં કાચા રહી જાય એ મને કદાપિ ન પોષાય. વળી પરસ્પર ઘરના જેવો સંબંધ, તેથી દરબાર પોતે તેમને ઘેર ગયા. બાપુને અચાનક આવેલા જોઈને પુંજાશા, વનાશા સમજી તો ગયા જ, પણ શિષ્ટાચાર માટે પૂછ્યું : બાપુ, આપને કેમ અચાનક અહીં આવવાનું થયું ? બંને ભાઈના વિવેકને ડોસાખાચર પણ સમજી ગયા તેથી હસતાં હસતાં કહ્યું : તમે સ્વામિનારાયણ ભગવાનથી ભડકો છો, એ સ્વાભાવિક છે; કેમ જે જ્યાં સુધી તમને ભગવાનનો અનુભવ ન થાય ત્યાં સુધી એવી ભીતિ લાગે જ. અમે પણ કાઠી છીએ. ખાતરી કર્યા વિના અમથું નથી ઝંપલાવ્યું. તમે આવીને જોશો ત્યારે ખબર પડશે કે હમણાં વૈષ્ણવોમાં જે ધર્મની વાત માત્ર શિષ્ટાચારમાં છે, તે અહીં વર્તનમાં છે.

પુંજા શેઠે કહ્યું : બાપુ, તમારી વાત સાચી પણ અમને જો તેમને વિશે ભગવાનપણાનો અનુભવ થાય તો માનીએ. દરબારે કહ્યું : હા, ઈ તો ઈમ જ હોય. ગમે તે વસ્તુ લેવી હોય તો પણ બરાબર ચકાસીને પછી જ લેવાય છે. માટે ભગવાનની પણ ચકાસણી કરજો. આમેય તે ભગવાન પણ ભક્તની કસોટી કરવામાં ક્યાં બાકી રાખે છે ? એ સાંભળી બંને ભાઈ રાજી થઈને બોલ્યા : બાપુ ! અમે જે સંકલ્પ કરીએ તે સંકલ્પ જો તમારા ભગવાન પૂરા કરે તો એમને અમે ભગવાન માનશું. બાપુએ કહ્યું : એમાં વાર શી ? કરો સંકલ્પ ને ચાલો મારા ભેગા.

બંને ભાઈએ એક સંકલ્પ એવો કર્યો : જો સ્વામિનારાયણ ભગવાન હોય તો તેમના ચરણમાં ૧૬ ચિહ્ન હોવાં જોઈએ. જો તે અમને કહ્યા વિના એમની મેળાએ બતાવે તો અમે 'બ્રહ્મસંબંધ' લઈએ એટલે આશ્રિત થઈએ. બીજો સંકલ્પ એ કે, આ કોઠી ઉપર ત્રણ ચોફાળ

પડ્યા છે તે માગીને લે, તો તમારા ગુરુ ભગવાન ખરા.

બંને ભાઈ દરબાર સાથે શ્રીહરિની પાસે આવ્યા. દરબારે તેમની ઓળખાણ કરાવી. ત્યારે શ્રીહરિએ સહજતાથી કહ્યું : બાપુ, એ તમારા કામદાર, તેમ અમારા પણ કામદાર. પછી તેમને સભામાં બેસાડી શ્રીહરિ વાત કરવા લાગ્યા. તે વખતે ઘડીમાં ડાબો ચરણ લાંબો કરે ને ઘડીમાં જમણો ચરણ લાંબો કરે. બંને ભાઈએ સંકલ્પ કરેલો તે પ્રમાણે ચરણમાં સોળ ચિહ્ન જોયાં. સામુદ્રિક શાસ્ત્રમાંથી જે સાંભળેલું તે આજે નજરે દીઠું. વળી શ્રીહરિએ તે બંનેને કહ્યું : તમારે ઘેર કોઠી ઉપર નવાનગરના ત્રણ નવા ચોફાળ પડ્યા છે તે લાવો.

આમ બંને ભાઈએ કરેલા બંને પ્રકારના સંકલ્પ પૂરા થયા. એ બંને આશ્ચર્ય પામતા ભગવાનના સામું જોઈ જ રહ્યા. તેમના પર અમીદૃષ્ટિ કરતા શ્રીહરિ મંદ મંદ હાસ્ય કરવા લાગ્યા. એ કૃપાદૃષ્ટિ માત્રે કરીને પુંજા શેઠ ને વના શેઠને બારે કોઠે ઉજાશ થઈ ગયો. તેમનો અંતરાત્મા દિવ્ય આનંદમાં ઝૂમી ઊઠ્યો. તરત જ શ્રીહરિને પ્રાર્થના કરી વર્તમાન ધારણ કર્યાં. જો કે તેઓ જાણતા જ હતા કે પોતાના પિતાશ્રીને આ ગમશે નહિ. પરંતુ સાચી વાત સ્વીકારવામાં કદાચ પિતા અંતરાય કરે તો પણ પાછા પડવું નહિ. ધીરે ધીરે એ પણ સમજતા થઈ જશે.

પિતા હિમરાજશાને આ વાતની ખબર પડી એટલે દુઃખ તો ઘણું થયું પણ વિચાર્યું જે પુત્રો પોતાની વાતમાં મક્કમ છે ને જો વધારે વિરોધ કરશું તો ઘરમાં ઝગડો પેસશે તેથી મનમાં ને મનમાં સમસમી રહ્યા. મોટા ઘરના પુત્રોએ સ્વામિનારાયણ ધર્મ સ્વીકાર્યો તેથી બીજા વૈષ્ણવો ને તેમના આચાર્યો પણ સમજાવવા આવતા. ત્યારે એ બંને વિનમ્રભાવથી નિધડકપણે સમજાવી દેતા કે સ્વામિનારાયણ ધર્મમાં જેવું જોમ છે, સત્ય છે, નિષ્ઠા છે, એવી બીજે ક્યાંય નથી. તેમના જડબેસલાક જવાબથી કોઈ તેમને હરકત કરતા નહિ.

બહુનામી બોટાદમાં

ભગા દોશીને સત્સંગ રંગ

સારંગપુરમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન હતા એ અરસામાં બોટાદના દરબાર હમીરખાચર પરિવાર સહિત ત્યાં આવેલા હતા.

સૌ સારંગપુર જવા રવાના થયા ત્યારે ભગા દોશી પણ સાથે જવા તૈયાર થયા. તેમને ભક્તોએ કહ્યું : તમારા પિતા બહુ જ આકરી પ્રકૃતિના છે. એ ટંટો કરશે. માટે ભગવાન જ્યારે બોટાદ પધારે ત્યારે દર્શને આવજો. આમ તેમને મનાવીને હમીરખાચર વગેરે સારંગપુર આવ્યા હતા.

શ્રીહરિએ એ સંઘને પ્રેમપૂર્વક જમાડ્યો. ત્યારબાદ સભા થઈ. તે વખતે એ દરબારે શ્રીહરિને પ્રાર્થના કરી : હે મહારાજ ! કૃપા કરી આપ અમારે ત્યાં પધારો.

આપ તો સઘળું જાણો છો કે, હું દરબારની રીતરસમ પ્રમાણે કુસંગમાં ફસાએલો હતો, વળી ગઢપુર આવ્યો ત્યારે આપની કસોટી કરવા પાણી વિનાનું ખોટું નાળિયેર લાવ્યો હતો. મને આપનો નિશ્ચય કરાવવા આપે તે નાળિયેર મીઠા પાણીથી ભરપૂર કરી દીધું હતું. થોડા દિવસ બાદ આપને બોટાદ તેડી લાવવા મેં આ મારા દીકરા દાહાખાચરને મોકલ્યો હતો. પણ તે વખતે આપને સિદ્ધપુર જવાનું નક્કી થઈ ગયું હતું. તેથી આપે સદ્ગુરુ શ્રી વ્યાપકાનંદ સ્વામીને મોકલ્યા હતા. તેમણે મૃત્યુ પામેલી મારી ઘોડીને જીવતી કરી દીધી. એ પણ આપનો જ પ્રૌઢ પ્રતાપ હતો. ત્યારથી બોટાદમાં સત્સંગનો રંગ બહુ જ ખીલ્યો છે.

એ સાથે બહુ જ આનંદની વાત એ છે કે, અમારા નગરશેઠ ભાઈચંદ દોશીના દીકરા ભગા દોશીને સત્સંગનો રંગ લાગ્યો છે.

અમારો દાહાખાચર ને ભગા દોશી બંને લંગોટિયા ભાઈબંધ છે. અમારે ત્યાં સંતો આવ્યા ત્યારે તેમના સમાગમથી એમને સમજાઈ ગયું કે, જૈન મતપંથ કરતાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં દૈવત વધારે છે. એમના આચાર-વિચાર બહુ જ ઊંચી કક્ષાના છે. ત્યારથી જ એમણે સત્સંગની દૃઢ ટેક રાખી છે. એમના પિતા મોટા શ્રીમંત છે. જૈનધર્મી હોવાથી જીવદયાના ધર્મ પાળે છે. એ એમ માને છે કે નાવા-ધોવામાં પણ હિંસા છે. તેથી સ્નાન પણ કરતા નથી. આવી જડ માનીનતા સાંભળી શ્રીહરિ મુખ આડો રૂમાલ દઈ હસવા લાગ્યા.

દરબારે શેઠની વાતનો દોર આગળ ધપાવતાં કહ્યું : એ નગરશેઠના નામની લાખો રૂપિયાની હુંડી ચાલે છે. મોટા મોટા રાજાઓ પણ એમને ઓળખે છે, પણ તેમને સત્સંગ ઉપર ભાવ નથી, તેથી પોતાના આ એકના એક દીકરાને બહુ જ દુઃખ દે છે. આપની દયાથી એ ભગા દોશી બાળ-ભક્ત પ્રહ્લાદની જેમ બધું જ સહન કરી લે છે.

એમને ખાવાપીવામાં ક્યાંય રુચિ નથી. જ્યારથી એમને સત્સંગ થયો છે ત્યારથી તિલક ચાંદલો કરે છે, પૂજા કરે છે. ઘરમાં સમૃદ્ધિનો પાર નથી તોય એ સાદાઈથી રહે છે. એમનો સદ્‌ગુણી સ્વભાવ જોઈ ગામના ઘણા બાળકોને સત્સંગનો રંગ લાગી ગયો છે. એમના પિતાએ ભાવનગરના રાજા વખતસિંહજી પાસે ફરિયાદ કરી પણ ભગા દોશીના સદ્‌ગુણની જાણ મેળવી રાજાએ તેમને ધન્યવાદ આપ્યા, એટલું જ નહિ તેમનું સન્માન કર્યું.

આ બધી વાત સાંભળી શ્રીહરિ બહુ જ પ્રસન્ન થઈ બોલ્યા : જ્યારે સુખ-સગવડતા હોય ત્યારે તો સહુ સત્સંગ કરે અને મનમાં ભક્તિભાવ પણ અપાર હોય. પરંતુ વિપત્તિના સમયમાં સત્સંગ રાખે ત્યારે ખરી પરીક્ષા થાય. સત્સંગની કસોટી વિપત્તિ છે. હૃદયનો જે ભાવ હોય તે વિપત્તિરૂપ કસોટીમાં દેખાઈ આવે છે. એ કસોટી તો અગ્નિના કરતાંય મોટી છે. આત્મતત્ત્વને જે સમજતો હોય તે તો જેમ પોતાને દુઃખ પડે તેમ સુખ માને.

जीवकुं नहि कबु दुःख, दुःख मात्र यह देहकुं ।
देहमें नहि कबु सुख, एहि सिद्धांत दृढ बात है ॥

(હ.ચ.સા. ૪-૪૩-૪૦)

જીવ સ્વભાવથી સુખી છે. તેને ક્યારેય દુઃખ આવતું જ નથી. દુઃખ માત્ર દેહને જ છે. દેહમાં ક્યારેય સુખ હોતું નથી. આ એક દૃઢ સિદ્ધાંતરૂપ વાત છે.

બોટાદથી આવેલા ભક્તો શ્રીહરિ માટે મેવા મીઠાઈઓ લાવ્યા હતા તેમાંથી શ્રીહરિએ થોડું થોડું અંગીકાર કર્યું, પરંતુ ભગા દોશીએ જે પેંડા મોકલ્યા હતા તે પોતાના માટે રખાવ્યા; કેમ જે એમાં તો ભગા દોશીનો પ્રેમ ભર્યો હતો.

બધાનો પ્રેમભાવ જોઈ શ્રીહરિએ બોટાદ પધારવાની અનુમતિ આપી. સૌ રાજી થઈ પાછા બોટાદ ગયા ને હરિવરને હૈયાના હેતની હાટડીએ પધરાવવાની તૈયારીમાં લાગી ગયા.

બોટાદમાં પ્રભુની પધરામણી

હમીરખાચર વગેરેને આપેલા વચન અનુસાર સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન બોટાદ પધાર્યા. સોમલાખાચર, હમીરખાચર, દાહાખાચર, ભગા દોશી વગેરેએ ધામધૂમપૂર્વક સામૈયું કર્યું. બોટાદની મુખ્ય બજારેથી શ્રીહરિ પસાર થયા તે વખતે સૌને અદ્ભુત દર્શન આપ્યું. શ્રીહરિની મૂર્તિમાંથી ચોતરફ તેજનાં કિરણો છૂટવા લાગ્યાં. દરેકને એવાં દર્શન થયાં કે ભગવાન મારા સામું જોઈને હસે છે. આ રીતે દર્શન આપી શ્રીહરિ પ્રથમ સોમલાખાચરને ત્યાં પધાર્યા. પછી હમીરખાચરને ત્યાં ઉતારો કર્યો.

શ્રીહરિ અને સંતો-ભક્તો માટે રસોઈ કરવાની હતી; તે માટે ભગા દોશી છાની રીતે ઘી તથા સાકર લાવ્યા. શ્રીહરિ આગળ મૂકીને પ્રાર્થના કરી : આટલું મારું સીધું સ્વીકારો તો અમારા કુટુંબીઓનું કલ્યાણ થાય. અંતર્યામી શ્રીહરિ કહે : તારા પિતાની રજા વિના લાવ્યો



એ સારું ન કહેવાય. માટે આ બધું પાછું લઈ જા. પિતાજી હા કહે તો જ લાવજે.

ભગા શેઠ બહુ દિલગીર થઈ ગયા. તેમને સમજાવતાં સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ભગા, ભગવાન કહે તેમ કરવામાં જ આપણું કલ્યાણ છે. માટે સીધું લઈ જાઓ. ભગવાન બધાં સારાં વાનાં કરશે.

‘પણ સ્વામી ! મારા પિતાને ખબર પડશે કે હું છાની રીતે સીધું લાવ્યો છું, તો એ મારા ઉપર બહુ જ ગુસ્સે થશે.’

‘તું ચિંતા ન કર. બધી જ બાજી ભગવાનના હાથમાં છે.’

સીધું લઈ ભગા શેઠ પાછા ઘેર ગયા. તેમને રડતા જોઈ પિતાએ કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : તમને પૂછ્યા વિના હું આ છાનુંમાનું સીધું આપવા ગયો ત્યારે ભગવાને મને કહ્યું કે એ અધર્મ કહેવાય, માટે તારું સીધું અમે નહિ લઈએ.

આ સાંભળી ભાઈચંદ શેઠને શ્રીહરિનો ગુણ આવ્યો. એ વિચારવા લાગ્યા કે, સ્વામિનારાયણ ભગવાન કેવા નિઃસ્પૃહી છે ! આજ સુધીમાં તો જે કોઈ નજરમાં આવ્યા હતા એ સાધુ-સંન્યાસીઓ તો ખાવા

પીવાની ખોજમાં ફરતા જોયા છે, જ્યારે અહીં તો સામેથી આવેલી સામગ્રીમાં પણ ધર્મને મુખ્ય ગણે છે !

શુભ ભાવના જાગૃત થઈ. ભાઈચંદ શેઠ પુત્રને સાથે લઈ સીધું ઉપડાવી હમીરખાચરના દરબારમાં આવ્યા. એ સમયે સંતોની પંક્તિ થયેલી હતી. સંતો કાષ્ટપાત્ર-પત્તરમાં દાળ, ભાત, શાક, મિષ્ટાન્ન, રોટલી વગેરે બધું ભેળું કરીને ભગવાનના નામ સ્મરણ સહિત જમી રહ્યા હતા. એ જોઈ એમને વધારે ગુણ આવ્યો.

પંક્તિ બાદ શેઠે શ્રીહરિને કહ્યું : મહારાજ ! સંતો આ રીતે ભેળું કરીને જમે એમાં શું સ્વાદ આવે ? શ્રીહરિ કહે : શેઠ ! અમારા સંતો રસાસ્વાદમાં સુખ માનતા નથી. એમને તો ધર્મપાલન અને પ્રભુભજનમાં જ સાચું સુખ મનાયું છે. જે બહુ સ્વાદ રાખે તે બ્રહ્મચર્યનું પાલન ન કરી શકે.

શ્રીહરિની વાત સાંભળી ભાઈચંદ શેઠને ખાત્રી થઈ ગઈ કે આવા હળાહળ કળિયુગમાં આવાં કઠિન વર્તમાન પાળવાં અશક્ય છે. એવાં વર્તમાન શ્રીહરિ પોતાના સંતો પાસે પળાવી રહ્યા છે માટે ચોક્કસ મહાપુરુષ છે. તે વિના આવી વાત બિલકુલ અસંભવ છે.

તેમણે પ્રાર્થના કરી : હે મહારાજ ! આપ સત્ય ધર્મ ઉપર ચાલો છો. સહુ લોકો આપને મસ્તક નમાવે છે. મોટા મોટા મહારાજાઓ પણ આપને નમે છે. જે કાઠી ને કોળી કહેવાય છે તે ઘણા નિર્દય છે. એ આપના સત્ય ધર્મને દેખીને આપને વશ થઈ ગયા છે. મારા મનમાં જ્યારે ભાવના થઈ ત્યારે હું અહીંયાં આવ્યો છું. આપ દયા લાવીને ફરો છો ને જીવોને કાળના મુખથી બચાવી લો છો. આપના સત્યરૂપ ધર્મને દેખી મારા મનમાં આવું જણાયું છે.

આજે અનેક મતો છે, લોકો ભજન-ભક્તિ-ઉત્સવ વગેરે બધું કરતા દેખાય છે. પરંતુ નિયમ ધર્મમાં શિથિલતા નજરે પડે છે; જ્યારે આ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગી તેમજ ગૃહસ્થી આશ્રિતો છે તે

શાસ્ત્રમાં કહેલી સઘળી આજ્ઞાનું અણીશુદ્ધ પાલન કરે છે.

હવે મને સમજાય છે કે મેં સમજ્યા વિના ભગાનો અપરાધ કર્યો. આજથી ભગાને કહું છું કે તું સુખેથી સ્વામિનારાયણનું ભજન કરજે.

મારી બીજી પ્રાર્થના એ છે કે આપ મારી રસોઈ સ્વીકારો. ત્યારે શ્રીહરિ કહે : અમે રસોઈ લઈશું તો તમારા સાધુ નારાજ થશે. વગર રસોઈએ અમે તમારા પર ખૂબ રાજી છીએ.

છતાંય શેઠનો ખૂબ જ આગ્રહ જોયો એટલે તેમની રસોઈ સ્વીકારી. એવી જ રીતે શેઠે ભારે ભારે ઉપચારથી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિની આ લીલાને નજરે નિહાળી સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીએ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના ચોથા પૂરના સુડતાલીસમા તરંગની બારમી ચોપાઈમાં નોંધ્યું છે કે, મેં એવાં અનેક અદ્‌ભુત ચરિત્રોને દેખ્યાં છે તેથી મને તેમાં અત્યંત આસ્વાદ આવે છે. દેખ્યા વગર તેમાં રુચિ થતી નથી.

મોના જોષીનું ટીપણું

શ્રીહરિ ભાઈચંદ શેઠની રસોઈ, સેવાપૂજા સ્વીકારી ઢોલિયા પર બિરાજમાન હતા એવામાં મોના જોષી ભગવાન પાસે આવ્યા. તેમને શ્રીહરિએ પૂછ્યું : જોષી, જમ્યા કે નહિ ? જોષી રમૂજી સ્વભાવના હતા. પેટ ઉપર હાથ ફેરવતાં બોલ્યા : હા મહારાજ, આપે પીરસ્યું એટલું તો બધું જ જમી ગયો. ત્યારે શ્રીહરિએ પૂછ્યું : એ ઓછું પડ્યું ? જોષી કહે : એ તો મહારાજ, આપણા મૂળજી બ્રહ્મચારી જાણે છે. આપે દૃષ્ટિથી પ્રસાદીના કરેલા દશ-બાર લાડુ મૂકી ગયા. પછી બીજી શું જરૂર પડે ? એ સાંભળી શ્રીહરિ તેમજ સભાજનો હસવા લાગ્યા.

મોના જોષી પોતાની પાસે ટીપણું રાખતા, તે તેમની પાઘડીમાં ખોસેલું હતું. એ જોઈને શ્રીહરિ માનુષી ચેષ્ટા કરતા કહેવા લાગ્યા : અરે જોષી, તમે બધાના ગ્રહ જુઓ છો તો અમારા ગ્રહ પણ જુઓને. મોના જોષીએ વિચાર્યું જે શ્રીહરિને રાજી કરવાનો ખરો સમય આવ્યો



છે. એમણે ટીપણું કાઢ્યું ને ગોળ વીંટેલું લાંબું ટીપણું ઝાટકો દઈને એવી રીતે ઉખેડ્યું કે તેનો આગળનો ભાગ શ્રીહરિના ખોળામાં પડ્યો. શ્રીહરિ પણ આશ્ચર્ય પામતા હોય તેમ ચમક્યા. ત્યારે જોષી બોલ્યા : મહારાજ, તમે શાને ચમકો છો ? મેં તો એમ વિચાર્યું જે આ બધા ગ્રહો જેને ને તેને નડતા ફરે છે, તેથી મેં તે બધાને આપના ખોળે મૂક્યા. માટે આપ કહી દેજો કે હખણા રહે. તમારા ભક્તો સાથે વૈરભાવ ન રાખે પણ મિત્રતા રાખે. આ સાંભળી શ્રીહરિ તેમજ સભાજનો હસી પડ્યા.

શ્રીહરિએ વિચાર્યું જે મોના જોષીને નિષ્ઠા પાકી છે. તે ટીપણાંને આધારે જીવતો નથી પણ મારે આધારે જીવે છે. તેથી ફરીને રમૂજ કરાવવા શ્રીહરિએ પૂછ્યું : જોષી, અમને તો ગ્રહ નડતા નથી ને ? જોષી કહે : એ બીજાની આગળ આઘા-પાછા થાય. આપની આગળ એ બિચારાનું શું ચાલે ? આપની ભ્રુકુટિ જ્યાં સ્હેજ ફરકે ત્યાં અનંત કોટી બ્રહ્માંડોની ઉથલ-પાથલ મચી જાય, ત્યાં આ બિચારા રાહુ-કેતુ જેવા શા હિસાબમાં ? આમ રમૂજ કરતાં કેટલોય સમય વીતી ગયો.

પછી હમીરખાચરે વિનંતી કરી તે સ્વીકારી શ્રીહરિ તેમના દરબારમાં પધાર્યા. દરબારે વિવિધ ઉપચારથી શ્રીહરિની પૂજા કરી; થાળ ભરીને

રૂપિયા ભેટ મૂક્યા. એ રૂપિયા શ્રીહરિએ તરત જ જોષીને આપ્યા, છતાં પણ હમીરખાચરને સંશય થયો નહિ જે મેં રૂપિયા ભગવાનને આપ્યા, પણ ભગવાને બીજાને કેમ આપી દીધા !? મોના જોષીએ ગમ્મતમાં કહ્યું : હે પ્રભુ, રાહુ મારી પાછળ પડ્યો હતો એટલે રૂપિયા મળતા ન હતા, પણ આપે મારા ઉપર કૃપાદૃષ્ટિ કરી તેથી લીલા લહેર થઈ ગઈ.

બોટાદમાં શ્રીહરિ રોકાયા તે દરમ્યાન ભક્તોએ ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી. અહીંના સોમલાખાચર ભગવાનના અનન્ય ભક્ત હતા. તે વ્યવહારે સુખીસંપન્ન હતા. પંજાબી શરીર હતું. એ કાઠી, સોનાની મૂઠવાળી ભારે કિંમતી તલવાર સાથે રાખતા. ઠાઠમાઠથી રહેતા. એમનો પરિવાર પણ ભર્યો ભર્યો હતો. પત્ની, દીકરા, દીકરી બધાં ગુણિયલ હતાં. શ્રીહરિએ એ ભક્તને પોતાની સેવામાં લેવાના નિમિત્તે તેમના બંને પુત્રોને મૂર્તિના સુખે સુખિયા કરી દીધા. ભક્ત પણ શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા. પોતાની સઘળી સંપત્તિ પણ પ્રભુના ચરણે ધરી દીધી. પછી એ સાદા વેશમાં રહેતા. શ્રીહરિની મરજી પ્રમાણે જ રહેવું એ એમનું જીવન ધ્યેય બની ગયું. પ્રભુએ સોંપેલું કામ એ શૂરવીરતાપૂર્વક પાર પાડતા. શ્રીહરિના વચને ૧૮ પરમહંસો થયા એમાંના એક એ હતા. એમને પછીથી પ્રભુએ ગૃહસ્થાશ્રમમાં મોકલ્યા હતા. એમના એકરેણીપણાના અંગની સ્વયં શ્રીહરિએ પ્રશંસા કરેલી છે. આવા સેવકને શ્રીહરિની સાથે રહેવાનો મોકો મળે જ. તેથી બોટાદથી પ્રયાણ કરતી વખતે જ શ્રીહરિએ તેમને સાથે લીધા. બોટાદથી શ્રીહરિ નાગલપર પધાર્યા. અત્રેના દરબાર વસ્તા ધાધલ હતા. તેમણે અપૂર્વ ઉત્સાહથી સેવા કરી. એ જાણતા હતા કે મોટા મોટા દેવો ને અક્ષરપર્યંત મોટા મોટા ઐશ્વર્યાર્થીઓને જેમનાં દર્શન નથી એવા અતિ દુર્લભ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન કેવળ દયા કરી સામે ચાલીને આવ્યા છે ને ઘેર ઘેર ફરી અભય વરદાન આપી રહ્યા છે. એ ભગવાન ને તેમના સંતોની સેવા કરવામાં પાછી પાની કરવી નથી,

એમ વિચારી સહુ સેવામાં જોડાઈ ગયા.

નાગલપરમાં સગાળશા શેઠ રહેતા હતા. તે દર્શને આવ્યા ત્યારે મહાપ્રભુજીએ તેમને પ્રેમથી બોલાવ્યા. તેમની નાતના ભગા દોશી તો સત્સંગી થયેલા જ હતા, તેથી તેમને પણ ધીરે ધીરે સત્સંગનો રંગ લાગી ગયો હતો. વળી એ ગામના વીરો રાજગર તેમજ અન્ય ભક્તોને ઈચ્છા થઈ કે આપણે ઘરોઘર પ્યારા પ્રીતમની પધરામણી કરાવીએ. બધાએ ભેગા મળી શ્રીહરિને પ્રાર્થના કરી. તેમને શ્રીહરિએ કહ્યું : તમારો પ્રેમ સાચો છે, પણ અમારે બીજા ગામે જવાની ઉતાવળ છે, તેથી આ વખતે તો નહિ અવાય પણ બીજી વખતે જરૂર આવશું ને ઘેર ઘેર પધરામણી કરશું. ભગવાને ફરીથી આવવાનું વચન આપ્યું તેથી ભક્તો રાજી થયા. એ સાથે પ્રાર્થના કરતાં કહ્યું : ભલે મહારાજ, જલ્દી જલ્દી પધારજો. બહુ સમય સુધી રાહ જોવડાવશો નહિ.

ભક્તોને વચન આપી શ્રીહરિ નાગલપરથી નીકળી જોટિંગડા ગામે પધાર્યા. તે ગામની પાદરમાં હનુમાનજીનું મંદિર છે. ત્યાં પીપરનાં સઘન વૃક્ષો ઉગેલાં છે. અહીં કૂવાનું પાણી પીધું ને થોડું પ્રસાદીનું પાણી પાછું કૂવામાં નાખ્યું. શ્રીહરિની તો એક જ દૃષ્ટિ હતી કે ગમે તે રીતે કરીને પણ જો જીવને પોતાનો સંબંધ થઈ જાય તો એ જીવનું પરમ કલ્યાણ થાય. આ હેતુથી જ શ્રીહરિ કેવળ કરુણા કરી ગામોગામ વિચરણ કરી રહ્યા હતા. જોટિંગડાથી નીકળી શ્રીહરિ ગોરડકા ગામે કેરી નદીમાં સ્નાન કરી ગઢપુર પધાર્યા.

રાઈબાઈની પરાભક્તિ

ગઢપુરમાં કેટલાક દિવસ નિવાસ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પીપળિયા થઈ સારંગપુર પધાર્યા. અહીં જીવાખાચરના કૂવામાં પાણી થોડું ભરાતું હતું. શ્રીહરિએ કૂંડીમાં સ્નાન કરવાના નિમિત્તે વધારે ખોદવાનું કહી પુષ્કળ પાણી કરી દીધું. જીવાખાચરને કૃતાર્થ કરી શ્રીહરિ કુંડળ ગામે પધાર્યા. મોકા પટગરના દરબારમાં ઉતારો કર્યો. તેમનાં

પત્ની રાઈબાઈ ભગવાનને વિશે અસાધારણ પ્રીતિવાળાં હતાં.

ભગવાન સંતો-ભક્તો સહિત પધારવાના છે એ આનંદની ખુશાલીમાં રાઈબાઈએ શેરે શેર ઘીના લાડુ બનાવડાવ્યા હતા. શ્રીહરિ પાકશાળામાં પધાર્યા. લાડુ જોઈ કહ્યું : અમારા સંતો લાડુ જમશે નહિ, કેમ જે અમે સંતોને નિયમ આપ્યા છે કે જે કાંઈ આવે તેને પાણીમાં ઝબોળી, તેમાંથી રસકસ બધો જ નીકળી જાય તેના ગોળા વાળીને જમવા. માટે આ લાડવા કામ નહિ આવે.

'મહારાજ, જો સંતો નહિ જમે તો આ ઘરમાં નાનું છોકરુંય નહિ જમે.'

'અમે તો જમીશું પછી તમને શો વાંધો ?' પ્રભુએ પ્રશ્ન કર્યો.

'મહારાજ, એમાં તો ઘણો વાંધો. કેમ જે સંતો દેહનું કષ્ટ વેઠે છે, લોકોનાં અપમાન સહન કરે છે, ને ભક્તોને ઉપદેશ દઈ સન્માર્ગે વાળે છે ને તમારો મહિમા સમજાવે છે ત્યારે અમે ભક્તિના માર્ગે વળ્યાં છીએ. માટે સંતો ન જમે તો અમારે પણ કેમ જમાય ? હવે આપને જેમ કરવું હોય તેમ કરો.'

રાઈબાઈનો આવો અપ્રતિમ પ્રેમ જોઈ શ્રીહરિએ કહ્યું : ભલે ત્યારે, સંતોને જમાડશું. પછી પંક્તિ કરાવી શ્રીહરિએ સંતોને તાણ કરીને જમાડ્યા તેથી રાઈબાઈ રાજી રાજી થઈ ગયાં.

હૃષ્ટપુષ્ટરૂપે દર્શન

શ્રીહરિએ ધામમાં મુક્તો સાથે સંકેત કર્યો હતો; તે અનુસાર કોઈ મુક્તો પુરુષરૂપે ને કોઈ મુક્તો સ્ત્રીરૂપે આ પૃથ્વી પર પધાર્યા હતા. તેમાં શ્રીહરિએ સંકેત કરેલો કે તેઓશ્રી વનમાં ગહન તપશ્ચર્યા કરી સત્સંગમાં પધારશે. અત્યંત તપશ્ચર્યાને કારણે શરીર અત્યંત કૃશ થઈ ગયેલું હશે. તેને પુષ્ટ કરવા નિમિત્તે ભગવાનને પોતાના દરબારમાં રાખી માખણની સુખડી, દૂધ, દહીં, ઘી, પકવાન વગેરે જમાડશે. એ હેતુની પૂર્તિ માટે રાઈબાઈ આ લોકમાં આવ્યાં હતાં. શ્રીહરિને

સત્સંગમાં પધારે આઠ વર્ષ થઈ ગયાં હતાં, છતાં પણ શરીર એટલું પુષ્ટ થયું ન હતું. જો કે રામાનંદ સ્વામીએ શ્રીહરિને શરીરે પરસેવો વળાવવા માટે આવળના પાટા બંધાવ્યા હતા તેનાથી સાવ કૃશ શરીર રહ્યું ન હતું; પરંતુ હજી જોઈએ તેવા હૃષ્ટપુષ્ટ થયા નહોતા.

શ્રીહરિ કુંડળ પધાર્યા ત્યારે રાઈબાઈએ પ્રાર્થના કરી : હે મહારાજ, આપ સત્સંગના જીવનપ્રાણ કહેવાઓ ને આપ શરીરે અત્યંત દુર્બળ જણાઓ છો એ અમારાથી દેખ્યું જતું નથી. આવા દુર્બળ શરીરે ગામોગામ ફરો છો ને કષ્ટ સહન કરો છો એથી અમારી આંતરડી કકળી ઊઠે છે. અહીં આપને શરદ ઋતુની શીતળ ચાંદનીમાં જમાવેલી માખણની સુખડી, દૂધ, દહીં વગેરે જમાડશું.

રાઈબાઈનાં વિનય વચનોથી ભક્તાધીન ભગવાને અનુમતિ આપી. રાઈબાઈ અત્યંત ઉમંગથી કઢેલું દૂધ, દૂધની તર, માખણની સુખડી વગેરે વાનગીઓ બનાવી શ્રીહરિને જમાડતાં.

એક દિવસ સખાઓને આનંદ કરાવવા શ્રીહરિ કુંડળ ગામે ઉતાવળી નદીએ પધાર્યા. ટીંબલો ધરો છે, ત્યાં પાણી ઊંડું હોવાથી જળક્રીડા કરી સૌને સંભારણું કરી આપ્યું, ને પાછા મોકા પટગરના દરબારમાં પધાર્યા.

અલૈયાખાચરને કુસ્તીનું માન

દરબારમાં સભા થઈ તેમાં અલૈયાખાચરે શ્રીહરિને પૂછ્યું કે, પૂર્વે શાસ્ત્રોમાં વાંચ્યું છે કે શ્રીકૃષ્ણચંદ્રે મોટા મોટા મલ્લને માર્યા છે, તે લીલા દેખાડો ને ?

'અહીંયાં ક્યાં મલ્લ છે, તે એવી લીલા દેખાડીએ ?'

'મહારાજ, હું મલ્લ જેવો જ છું. મારા હાથમાંથી તમારું કાંડું છોડાવો તો ખરા.'

અલૈયાખાચરના આ શબ્દોમાં ભારોભાર અભિમાન હતું. શ્રીહરિએ કહ્યું : લ્યો ત્યારે, પકડો હાથ. જ્યાં અલૈયો શ્રીહરિનો હાથ પકડવા ગયો ત્યાં રાઈબાઈથી રહેવાયું નહિ. તેમણે દોડતાં આવીને અલૈયાને

કહ્યું : અલ્યા કાંઈ ભાન છે કે નહિ ? મહારાજનું શરીર તો તપથી કૃશ થઈ ગયું છે ને તેમની સાથે હરીફાઈ કરવી છે !

અલૈયે કહ્યું : કૃષ્ણચંદ્રે પણ બાળ અવસ્થામાં જ મલ્લ-કુસ્તી કરી હતી. પરંતુ એ સાંભળીને હજુ રાઈબાઈને શાતા વળી નહિ તેથી શ્રીહરિએ કહ્યું : મા, તમે શીદને ચિંતા કરો છો? રમત તો જુઓ.

પછી મહારાજે જમણો હાથ લાંબો કર્યો. અલૈયાખાચર તે જોઈ હસવા લાગ્યા ને કહ્યું : મહારાજ, આવો કોમળ હાથ પકડીશ તો કાંડું ખડી જાશે. શ્રીહરિએ કહ્યું : અલૈયા, જરાય ગભરાશો નહિ. તમારામાં જેટલું બળ હોય તેટલું બળ કરી એકદમ મજબૂત રીતે કાંડું પકડજો. તેથી અલૈયાખાચરે જોરથી હાથ પકડ્યો.

જ્યાં શ્રીહરિએ સહેજ આંચકો માર્યો કે તરત જ જેમ બાળકના હાથમાંથી પહેલવાનનો હાથ સરકી જાય તેમ અલૈયાના હાથથી છૂટી ગયો. અલૈયાને આશ્ચર્ય તો થયું, એ સાથે મનમાં એમ પણ વિચાર્યું જે મહારાજનાં અંગ કોમળ છે તેથી મારા હાથમાંથી હાથ લપસી ગયો. તેમણે બીજો ઉપાય અજમાવ્યો. હાથને ધૂળવાળા કરીને ફરીથી શ્રીહરિનું કાંડું પકડ્યું. જેમ કોઈ સિંહ શિકારને પકડે તેમ બળ કરીને પકડ્યું. શ્રીહરિએ ફરીથી આંચકો માર્યો. ત્યારે અલૈયાખાચર ભોંય પર પટકાઈ પડ્યા. એ જોઈ લોકો હસવા લાગ્યા; અલૈયાખાચર શરમાઈ ગયા, પણ હજુ તેમને પોતાના બળનું અભિમાન હતું. ત્રીજીવાર શ્રીજીનું કાંડું પકડ્યું. આ વખતે શ્રીહરિએ એવો આંચકો માર્યો કે તે ત્રણ ગુલાંટ ખાઈ ગયા.

અલૈયાખાચરને હવે બરાબર પાકું થઈ ગયું. તરત જ તે શ્રીહરિ પાસે આવ્યા. ચરણે પડી પ્રાર્થના કરી : હે મહારાજ, આપ તો જગતના કર્તા હર્તા સાક્ષાત્ ભગવાન છો, અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તમારા હાથમાં છે. અમારા જેવા ક્ષુલ્લક જીવની શી ગણત્રી ? આપ આ લોકમાં પધાર્યા છો ને અમારા ભેળા

ભળી આવી રીતે વિવિધ લીલા કરી અમને લાભ આપો છો એ જ આપની અસીમ દયા છે.

અલૈયાની પ્રાર્થના સાંભળી શ્રીહરિ રાજી થયા. આ બધું નિહાળી રહેલાં રાઈબાઈ પણ રાજી થયાં ને કહેવા લાગ્યાં : શરીર તો સાવ સૂકલકડી જેવું છે પણ મોટા પહેલવાનને પાછા પાડી દે એવું જોર છે !

આમ શ્રીહરિ કુંડળમાં નિવાસ કરી વિવિધ લીલા દ્વારા અવિસ્મરણીય સંભારણાં કરી આપતા હતા.

મામૈયા પટગરે પ્રભુને પકડી રાખ્યા

શરદ ઋતુના દિવસો હતા. કુંડળ ગામમાં શ્રીહરિ દર્શન આપી રહ્યા હતા. એક દિવસ શ્રીહરિ મામૈયા પટગરને સાથે લઈ નદીએ ગયા. ત્યાં રોઝીદ તરફ રસ્તો ફંટાય છે તેની પૂર્વ દિશામાં એક બહુ જ ઊંડો ધરો છે. તેની બાજુમાં જ એક મોટી ભેખડ છે. ત્યાં બંનેય ગયા; નહાવાનાં વસ્ત્ર પહેર્યાં. આ સમયે શ્રીહરિએ વિચાર્યું જે મામૈયાનો પ્રેમ કેવો છે તે આજે જોઈએ.

પછી મામૈયાને પૂછ્યું : આપણે અહીંથી કૂદીએ તે તારાથી થાય કે ન થાય ? ત્યારે મામૈયે કહ્યું : મહારાજ, અહીંથી તો ન કૂદાય, કેમ જે અહીં જળ બહુ જ ઊંડું છે. અહીં તો જે કોઈ પડે તેના પ્રાણ નીકળી જાય. માટે મારાથી તો ન કૂદાય.

‘મામૈયા, મારે તો કૂદવું જ છે. તને બીક લાગતી હોય તો તું જાણે ? કૂદતાં કદાચ પ્રાણ છૂટી જાશે તોય શી ચિંતા ? ધામમાં જઈશ. આત્મા કાંઈ થોડો મરનારો છે ? એ તો અજર અમર છે.’

એ સાંભળી મામૈયા પટગર ગભરાયા. રડતા રડતા પ્રાર્થના કરવા લાગ્યા : અરે મહારાજ, તમે તો સત્સંગના જીવનપ્રાણ છો, માછલી જેમ જળ વિના ન રહી શકે તેમ અમે આપના વિના કેવી રીતે જીવી શકીએ ? માટે દયા કરો, ને એ વિચાર માંડી વાળો.

'અરે મામૈયા ! તું તો સાવ ફોસી જ રહ્યો. ગમે તે થાય પણ મારે તો પડવું જ છે. એમ કહી શ્રીહરિ પડવા તૈયાર પણ થયા, ત્યારે મામૈયે એવા જોરથી પકડી રાખ્યા કે પોતાના બાહુપાશથી છૂટવા જ ન દીધા.'

આ તો એ જ સમર્થ ભગવાન છે જેમણે અલૈયાખાચર જેવા મહા બળવાનને પણ આંચકો મારી ગુલાંટીયાં ખવડાવી દીધાં, પણ અહીંયાં તો ભક્તનો પ્રેમ હતો. ભગવાન એ પ્રેમપાશને છોડી શક્યા નહિ.

શ્રીહરિએ વિચાર્યું કે હવે તો મામૈયો પણ મારી સાથે પડશે, તેથી ધરામાં પડવાનું માંડી વાળ્યું. મામૈયાને કહ્યું : તારો પ્રેમ સાચો. તેં અમને પકડીને રાખ્યા. જેમ તેં મને પકડ્યો તેમ અંત સમે તને પકડીને ધામમાં લઈ જઈશ. તારા પ્રેમની પરીક્ષા કરવા મેં આમ કર્યું હતું. ત્યારે મામૈયે કહ્યું : પ્રભુ, આમ કોઈની પરીક્ષા ન કરશો. આમ વાતો કરતા કરતા શ્રીહરિ મામૈયાને સાથે લઈને નદી કિનારે ગયા ને સ્નાન કરી પાછા મોકા પટગરના દરબારમાં પધાર્યા.

પ્રાણીને પણ પાણી ગાળીને પીવડાવતા

શ્રીહરિએ પોતાના ભક્તોને આજ્ઞા કરી હતી કે પાણી, દૂધ, તેલ, ઘી વગેરે ગાળીને પીવું. ભગવાનના વચનને વિશે નિષ્ઠાવાળા ભક્તો ભોળાભાવથી પોતાનાં ઢોર ઢાંખરને મોઢે લૂગડું બાંધતા, જેથી પાણી ગળાઈને મોઢામાં જાય. જ્યારે ચારો ખવડાવવાનો હોય ત્યારે તે લૂગડું છોડી નાખતા. એકવાર રામ પટગર બળદને લઈને પાણી પાવા જઈ રહ્યા હતા. બળદના મોઢે લૂગડું બાંધેલું જોઈ શ્રીહરિએ પૂછ્યું : રામ, આ બળદને મોઢે લૂગડું કેમ બાંધ્યું છે ?

રામ પટગરે કહ્યું : મહારાજ, આપે અમને આજ્ઞા કરી છે ને કે તમારે પાણી ગાળીને પીવું. તેથી આ બળદ બિચારા અપરાધમાં ન પડી જાય ને સહેજે ગળેલું પાણી પી શકે તેથી મોઢે ગરણું બાધ્યું છે.

ભક્તનો નિખાલસ ભાવ જોઈ શ્રીહરિ હસ્યા ને કહ્યું : રામ,

પશુના ને માણસના ધર્મ જુદા છે. માટે તમે લૂગડું છોડી નાખો. ત્યારે વળી રામ પટગરે ચિંતા વ્યક્ત કરી : મહારાજ, જો ઢોર આપની આજ્ઞા લોપશે તો તેનું કલ્યાણ કેમ થાશે? ભક્તનો વાંસો થાબડતાં કહ્યું : રામ, તારા જેવા સત્સંગીના ઘરમાં જે કોઈ પશુ હશે ને તે દેહ મૂકશે તેનું કલ્યાણ અમે કરીશું. ભગવાનનું એ અભય વચન સાંભળી રામ પટગરે બળદને મોઢે બાંધેલું લૂગડું છોડી નાખ્યું.

અમરા પટગરને ખરું અમરત્વ

કુંડળ ગામે શ્રીહરિ દર્શન આપી રહ્યા હતા; એ જ અરસામાં અમરા પટગર એકદમ માંદા થઈ ગયા. રોગ અસાધ્ય હતો. શ્રીહરિએ તેમને પૂછ્યું : અમરા, તારે કેવી ઈચ્છા છે ? અહીં રહેવુ છે કે ધામમાં જવું છે ? અમરા પટગર તો ખરેખરા ભક્ત હતા, તેમને આ લોકની ઈચ્છા હતી જ નહિ. તેથી પ્રાર્થના કરી : મહારાજ, આ ભૌતિક દેહ તો નકારો છે, એમાં રહીને શું કરું ? માટે હવે કૃપા કરો ને તમારી મૂર્તિમાં મને રસબસ કરી દો. જેમ અનાદિ મુક્ત મૂર્તિમાં રહીને મૂર્તિનું રોમેરોમનું સુખ ભોગવે છે એવા સુખમાં મને થીજાડી દો. ભક્તને ખરેખરા નિર્વાસનિક જોઈ શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ રાજી થયા. તેમના માથે પોતાના હસ્ત ફેરવી કહ્યું : અમરા, હવે તું ખરો અમર થઈ ચૂક્યો. થોડી જ ક્ષણમાં અમરા પટગરે દેહનો ત્યાગ કર્યો.

હાજા ભરવાડની પત્નીની ભક્તિ

કુંડળથી પ્રયાણ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સારંગપુર પધાર્યા. અહીં જીવાખાચરના દરબારમાં ઉતારો કર્યો. પ્યારા પ્રીતમનાં દર્શન કરવા માટે દશ-બાર ભરવાડણો આવી. તેમની જ્ઞાતિના રિવાજ પ્રમાણે રૂપાનાં ભારે ભારે આભૂષણ પહેર્યાં હતાં. પ્રભુને પંચાંગ પ્રણામ કરી સૌ બેઠી.

એ વખતે શ્રીહરિએ વિચાર્યું : આ ભરવાડણો આવી છે; તે બધી અભણ છે, શાસ્ત્ર પણ ભણી નથી, સંતોની વાતો પણ તેમણે



સાંભળેલી નથી, છતાં મારો મહિમા કેવો જાણતી હશે તેની આજે પરીક્ષા કરું. તેથી કહ્યું : અમારે હમણાં યજ્ઞ કરવો છે, તેમાં ઘણાં નાણાંની જરૂર છે. માટે તમે આ પહેરેલાં બધાં જ ઘરેણાં અમને આપો તો તેનાં નાણાં ધરમના કામમાં આવે. એ સાંભળી બીજી ભરવાડણો તો વિચારમાં પડી ગઈ કે શું કરવું ? પણ હાજા ભરવાડની પત્ની તો પોતે પહેરેલાં બધાં જ ઘરેણાં ઉતારવા માંડી. ડોકમાંથી સાંકળી, પગમાંથી કાંબી, કાનના વેઢલા, રૂપાનો મોટો હાર, નાકની નથ, વગેરે બધું જ ઉતારીને ભગવાન આગળ મૂક્યું ને કહ્યું : લો મહારાજ, આ બધું જ આપને અર્પણ.

તે બાઈની સમજણ કેવી છે તે વિશેષ ચકાસવા શ્રીહરિએ પૂછ્યું : તમે આ બધાં ઘરેણાં કાઢીને આપ્યાં તો ખરાં પણ તમારો પતિ વઢશે નહિ ? ત્યારે હાજાની પત્નીએ કહ્યું : મહારાજ, ઈયે તમારો ભગત સેને, બિચારો રાજી થાહે. તમે જે અમને આપ્યું સે, ઈ તમને જ અર્પણ કરીએ, એમાં અમે શું જહલો કરી નાખ્યો ?

હાજાની પત્નીની આવી અસાધારણ સમજણ જોઈ શ્રીહરિએ

પૂછ્યું : તમને આવું જ્ઞાન કોણે આપ્યું ? ત્યારે બાઈએ કહ્યું : મહારાજ, ઈ અમે ઝાઝું ના હમજીએ. અમે તો એટલું જ જાણીએ કે તમે અમારા ભગવાન. તમે કહો ઈમ અમારે કરવું. તમે જ અમને આપેલું, ઈ તમે માગો ત્યારે નો આપીએ તો અમે લૂણહરામી કે'વાઈએ. અમે બધા તમારું જ આપેલું ભોગવીએ સીએ.

એ સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિએ સભાને સંબોધતાં કહ્યું : બોલો ભક્તો, આ ભોળી લાગતી બાઈઓને કોણે ઉપદેશ આપ્યો હશે ? તેમની સમજણ મોટા જ્ઞાનીને પણ વટી જાય એવી છે. પૂર્વના સંસ્કાર ઉદય થયા તેથી આવી આત્મસમર્પણની ભક્તિ તેમને સિદ્ધ થઈ ગઈ છે. આમ વાતો કરતા હતા ત્યાં હાજો ભરવાડ આવ્યો. તેને શ્રીહરિએ કહ્યું : હાજા ભગત, તમારા ઘરનાં ભારે ભક્તિવાળાં છે. અમે સહેજ કહ્યું એટલામાં તો તેમણે આ બધાં ઘરેણાં કાઢીને અમને અર્પણ કરી દીધાં. તરત જ હાજાએ કહ્યું : મહારાજ, તમારાં હતાં ને તમને દીધાં એમાં તે શી મોટી નવાઈ કરી ? હાજા ભરવાડની સમજણ પણ કાંઈ કમ ન હતી.

શ્રીહરિ કહે, 'હાજા ભગત, અમારે તો ખાલી જોવું હતું કે તમારી ભક્તિ કેવી છે. હવે તમે આ બધાં ઘરેણાં પાછાં લઈ લો.'

'મહારાજ, અર્પણ કરેલું પાછું ન લેવાય, ને જો લઈએ તો અપરાધમાં પડીએ. માટે પ્રભુ, દયા કરો ને અમને આમ શરમમાં ન નાખો.'

'હાજા, અમારા વચને કરીને પ્રસાદીરૂપે પાછું લેવામાં વાંધો નહિ.' પછી હાજાએ અત્યંત સંકોચ પામતાં તે ઘરેણાં લીધાં. હાજા ભક્ત અને તેમની પત્નીની આવી સર્વસ્વ સમર્પણની ભાવના જોઈ સહુ કહેવા લાગ્યા કે જાત ભલે ભરવાડની છે, પણ સમજણ તો મહાજ્ઞાની જેવી છે.

સુરતના ભક્તોની પ્રેમસભર પૂજા

સુરતના ભક્તોને શ્રીહરિના દર્શનની તાલાવેલી હતી. એ સહુ

પૂજાની વિવિધ સામગ્રીઓ લઈને ઠેઠ સારંગપુર આવ્યા. તેમના માટે શ્રીહરિએ ઉતારાની વ્યવસ્થા કરવાની વાત કરી, ત્યારે ભક્તોએ કહ્યું : મહારાજ, આપ દયા કરી અમને આપની પૂજા કરવાનો લાભ આપો. ખાવાનું ને ઉતારા તો પછીય થાશે. ભક્તોની તાણ જોઈ શ્રીહરિએ પૂજા કરવાની રજા આપી.

ભક્તો શ્રીહરિને ધરાવવા માટે કીનખાબનો સુરવાલ, ડગલી, મંડિલ, ફૂલના હાર તેમજ અર્ચન માટે કેસર યુક્ત ચંદન, અત્તર ને જમાડવા માટે મીઠાઈઓની માટલી ભરીને લાવ્યા હતા. પ્રેમથી શ્રીહરિનું પૂજન કરી સૌએ કપૂરની આરતી ઉતારી. મસ્તકે ધરાવેલું મંડિલ તો સોનાના મુગટને પણ ઝાંખો પાડે તેવું ચમકી રહ્યું હતું.

ગંગામાનું પાણકોરું અમૂલ્ય

એ જ વખતે જેતલપુરનાં ગંગામા આવ્યાં. તેઓ સૂતરનું પાણકોરું લાવ્યાં હતાં. એ આઠ હાથ લાંબું હતું. શ્રીહરિએ નવીન લીલા કરી. એ પાણકોરું મંડિલ ઉપર બાંધી દીધું. તે જોઈ જેમને માત્ર બહારની જ શોભામાં રુચિ હતી તેવા એક જણે કહ્યું : મહારાજ, આપના મસ્તકે મંડિલ બહુ જ શોભતું હતું, પરંતુ તેની ઉપર આ પાણકોરું વીંટી દીધું તેથી તે સારું લાગતું નથી. આપ તે કાઢી નાખો તો સારું.

ત્યારે શ્રીહરિ હસતા હસતા બોલ્યા : ભાઈ, એમાં તમને ખબર ન પડે. તમે પાણકોરાને સોંઘું સમજો છો, પણ એના પ્રેમના મૂલ્યની આગળ મંડિલની કાંઈ ગણત્રી નથી. મંડિલ તો માત્ર બહારની શોભા આપે છે, જ્યારે પ્રેમનું પાણકોરું તો અંતરની શોભા વધારે એવું છે.

આ ગંગામા તો રામાનંદ સ્વામીના વખતનાં ભક્ત છે. તેમણે દીકરાની જેમ અમારી સેવા કરી હતી, તેથી અમે તેમને મા કહીને બોલાવીએ છીએ. તેમણે પોતાને હાથે ઝીણું સૂતર કાંતીને અમારા માટે આ પાણકોરું બનાવ્યું છે. માટે આ પાણકોરું તો હીરાના હાર કરતાંય મોંઘું છે.

શ્રીહરિનાં વચન સાંભળી બાહ્ય શોભાને મહત્ત્વ આપનાર ભક્તોને સમજાઈ ગયું કે ભગવાન આગળ આ લોકની મૂલ્યવાન વસ્તુનું મૂલ્ય અંકાતું નથી. પ્રેમથી કરવામાં આવેલ વસ્તુની કિંમત ખરેખર અમૂલ્ય હોય છે.

સારંગપુરથી શ્રીહરિ કારિયાણી પધાર્યા. અહીં રામકુંડ ને ભીમકુંડ ગળાવી તેના ભર્યા નિમિત્તે મહારુદ્ર યજ્ઞ કર્યો. હજારો બ્રાહ્મણોને તેડાવી ચાલીસ દિવસ સુધી જમાડ્યા ને દક્ષિણા પણ આપી. કારિયાણીથી વિદાય થઈ શ્રીહરિ કુંડળ, ઝીંઝાવદર થઈ ગઢપુર પધાર્યા.

વિશ્વાસઘાતી ગોલો અચલગર

એભલખાચરની સમર્પણ ભાવના જોઈ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના વ્યવહારની પણ ખબર રાખતા.

શ્રીહરિ ગઢપુર પધાર્યા એ અરસામાં એભલબાપુને ઘણી આવક થઈ. બાપુએ શ્રીહરિને તે વાત કરી, ત્યારે શ્રીહરિએ કહ્યું : આ રૂપિયા એક ઓરડામાં ખાડો કરી દાટી દો ને તે પર લીંપણ કરી દો.

આમ કહેવા પાછળનું રહસ્ય બાપુને સમજાયું નહિ, પણ શ્રીહરિના કહેવા પ્રમાણે બધું જ દ્રવ્ય સલામત રીતે દાટી દીધું.

શ્રીહરિ અક્ષર ઓરડીમાં પધાર્યા તે વખતે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી આદિ સંતો પણ સાથે હતા. સૌ બેઠા; એવામાં એભલબાપુ પણ આવ્યા. શ્રીહરિનો ચરણસ્પર્શ કરી એ પણ બેઠા.

એભલબાપુએ જે ઓરડામાં દ્રવ્ય દટાવ્યું તેની જાણ બાપુના અંગત અને વિશ્વાસપાત્ર ગોલા અચલગરને થઈ ગઈ હતી, તેથી તેણે તે જ રાતે છાપો મારવાનો વિચાર કરી લીધો હતો.

અંતર્યામી શ્રીહરિથી શું અજાણ્યું હોય ? એટલે જ એભલબાપુને મર્મવાક્ય કહ્યું : બાપુ ! તમારો ગોલો અચલગર છે તેના ઉપર વધારે હેત ? કે દાદા ઉપર ?

એભલબાપુ કહે : મહારાજ ! અચલગર પર જેવું હેત છે તેવું તો દાદા ઉપર નહિ; કેમ જે એ વર્ષોથી મારી પાસે રહે છે ને પ્રામાણિકપણે બધું કામ કરે છે.

બાપુનો એ ભોળો ભાવ જોઈ શ્રીહરિએ વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું : અચલગરની વૃત્તિ બગડી છે, માટે તમે ખબર રાખજો, જો ગાફલાઈ રાખશો તો તે કંઈક લઈને વયો જશે.

આટલું કહ્યા છતાં બાપુને શ્રીહરિનું રહસ્ય સમજાયું નહિ. એટલે કહ્યું : મહારાજ ! એ તો બહુ સારો માણસ છે.

રાત્રે શ્રીહરિને પોઢવાનો સમય થયો. અક્ષરઓરડીમાં પોઢનારા શ્રીહરિએ કહ્યું : આજે અમે પેલા ઓરડામાં રાતવાસો કરીશું. એ પ્રમાણે શ્રીહરિએ પોતાનો ઢોલિયો રૂપિયા દાટેલ ઓરડામાં રખાવ્યો.

દોઢેક પહોર વીત્યો ત્યાં પેલો અચલગર ઊઠ્યો. મનમાં માની લીધું કે બધા નીંદરમાં છે એટલે લાગ સારો મળશે. રૂપિયા દાટ્યા છે તેમાંથી ફાંટ ભરીને આ ભાયડો ભાગી છૂટશે, પછી કોણ પૂછવા આવશે ? દબાતા પગે એ ઓરડામાં પેઠો તો ખરો પણ તે ઠેકાણે શ્રીહરિને પોઢેલા જોયા.

ગોલાએ ધારેલું નિશાન પાર ન પડ્યું, પણ તેણે સોનાની મૂઠવાળી એભલબાપુની તલવાર ને જંબિયો જોયાં. તેથી તે લઈને ભાગ્યો. એને બીક તો હતી જ કે જો એભલબાપુને ખબર પડશે તો તે મને જીવતો નહિ છોડે; તેથી એવો નાઠો કે બાર ગાઉ દૂર વળાચમારડી ગામે પહોંચ્યો ત્યાં સુધી દોડતો જ ગયો. પછી તેને શ્વાસ બેઠો કે હવે ફીકર નથી. અહીં સુધી મને કોઈ શોધવા આવે એમ નથી.

સવારે એભલબાપુ જાગ્યા. હથિયાર તરફ નજર કરી તો તલવાર અને જંબિયો ગાયબ ! ત્રણસો રૂપિયાનો એ સામાન હતો. બાપુ આકળ વિકળ થઈ ગયા. શ્રીહરિ પાસે આવીને વાત કરી.

પ્રભુ કહે : બાપુ ! અમે તો તમને વહેલેથી જ ચેતવણી આપી

હતી કે તમારો અચલગર વિશ્વાસપાત્ર નથી, તોય તમે તેના વિશ્વાસે રહ્યા. એ તો સારું થયું કે અમે દાટેલા રૂપિયાવાળા ઓરડામાં સૂતા, નહિતર એમાંથી તમારે વધારે નુકશાની વેઠવી પડત.

'હા પ્રભુ, એ સાચી વાત. આપે બે ત્રણ વખત મને ચેતાવ્યો છતાં હું આપનું મર્મવાક્ય સમજી ન શક્યો, એ મારી ભૂલ થઈ. હજુ મને એક વાતનો વસવસો રહ્યા કરે છે કે, એ તલવાર ને જંબિયો તો મને જીવ જેવાં વ્હાલાં હતાં. હવે જો તે પાછું આવે તો ઠીક.'

'બાપુ ! એમ ને એમ પાછું નહિ આવે. કંઈક માનતા કરો.'

'હે મહારાજ ! જો એ પાછું આવે તો સો શિવને જમાડીશ.'

'તો હવે તમે બેફિકર રહો. આજ સાંજ પહેલાં એ મળી જશે, આટલું કહેતાંની સાથે જ શ્રીહરિ બીજે સ્વરૂપે વળાચમારડીના ડુંગર પર પહોંચ્યા. ત્યાં ધ્યાન કરતા સંત મંડળના મોટેરા સંતને દર્શન દઈને કહ્યું : એભલખાચરનો ગોલો અચલગર દરબારની તલવાર અને જંબિયો ચોરીને ભાગ્યો છે, તે આ ગામ સુધી આવી પહોંચ્યો છે. તમે તેને એક ધોલ મારીને ડારો દઈને તલવાર ને જંબિયો લઈ લેજો ને તરત જ ગઢપુર તરફ ચાલી નીકળજો.' આટલું કહી શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા.

પ્યારા પ્રીતમનો આદેશ થતાં સંતો ડુંગર પરથી ઊતર્યા ને જેવા ચમારડીના પાદરમાં પહોંચ્યા ત્યાં જ પેલો અચલગર સામે મળ્યો. મંડળના મોટેરા સંતે તેને ધોલ મારીને તલવાર ને જંબિયો આંચકી લીધાં. એ સાથે ડારો દેતાં કહ્યું : હરામી, તને ચોરી કરતાં શરમ ન આવી ? હાલ, જલ્દી પાછો વળ.

ગોલાએ વિચાર્યું કે જો તે પાછો જશે તો એભલબાપુ તેને પીંખી નાખશે એટલે સંતોને પગે લાગીને એ કરગરવા લાગ્યો કે ભલા થઈને મને છોડી દો. સંતોને દયા આવી. તેને જવા દીધો. હજુ અચલગરને બીક હતી કે જો તે ત્યાં રોકાશે તો પણ તેનું આવી બનશે. તેથી ત્યાંથી ભાગી છૂટ્યો.

શ્રીહરિના આદેશ અનુસાર સંતો સાંજે ગઢપુર આવ્યા. પ્રભુને પાયે લાગી તલવાર જંબિયો અર્પણ કર્યાં ને સઘળી વાત કરી. એભલબાપુને એ આપતાં શ્રીહરિએ કહ્યું : લ્યો બાપુ ! તમારો માલ પાછો આવી ગયો. હવે માનતા પૂરી કરો. હર્ષના અતિરેકમાં બાપુ કહે : મહારાજ ! કાલે સવારે જ વાત.

શિવ શબ્દમાં ભગવાન શું કહેવા માગતા હતા તે હજુ એભલબાપુને સ્પષ્ટ થયું નહોતું.

બીજે દિવસે સંતો વાડીએથી આવ્યા. શ્રીહરિને પગે લાગીને બેઠા. તે વખતે એભલખાચર પણ આવ્યા. તેમને શ્રીહરિ કહે : બાપુ ! તમે સો શિવની માનતા કરી છે તો આ સો સંતોને જમાડો.

'પણ મહારાજ ! આ તો બધા સંત છે, પરમહંસ છે. મેં તો શિવની માનતા કરી છે.'

'બાપુ ! જરા નજર તો કરો... આ બધાય શિવ તો શું અનંત શિવનાય શિવ છે. એમને જમાડશો એટલે અનંત શિવને જમાડ્યાનું ફળ મળશે.' આમ કહી શ્રીહરિએ બાપુને બધા સંતનાં શિવરૂપે દર્શન કરાવ્યાં. એ દર્શન થતાં એભલબાપુનો હરખ ઝાલ્યો ન રહ્યો. સરસ રસોઈ કરાવી શ્રીહરિ તેમજ સંતોને જમાડ્યા.

શ્રીહરિ કહે : બાપુ ! જમાડ્યા તો ખરા પણ હજુ પણ એક કામ બાકી છે. દક્ષિણા દેવાની બાકી છે. એ જ ઘડીએ એભલબાપુએ પોતે પહેરેલો સોનાનો વેઢ કાઢીને આપ્યો. હરજી ઠક્કરને તે વેઢ આપીને શ્રીહરિએ કહ્યું : આને વટાવીને બરવાળા જઈ પાણકોરાં લઈ આવો. તેની અલફીઓ બનાવી સંતોને દઈએ એટલે તેમને ટાઢ ન વાય.

આ રીતે બધું કરાવીને શ્રીહરિએ સંતોને અલફીઓ અપાવી. એભલબાપુને પોતાનાં હથિયાર મળ્યાં, શિવરૂપે સંતોનાં દર્શન થયાં. તેમને આનંદ આનંદ થઈ ગયો.

કેટલાક દિવસ ગઢપુરમાં રહી શ્રીહરિ બીજે ગામે જવા તૈયાર

થયા. જીવુબા, લાડુબા વગેરે બહુજ શોકાતુર થઈ ગયાં. એ વિનવવા લાગ્યાં : આપ દૂર દેશાવર જાશો, ને ત્યાંના ભક્તોને વશ થઈને આપ ત્યાં જ રોકાઈ જાશો. ત્યાં તમારા દિવસો તો સુખેથી પસાર થશે, પણ અહીં અમારા દિવસ શી રીતે નીકળશે ? સૌને ધીરજ આપતાં શ્રીહરિએ કહ્યું : હું ગમે ત્યાં જઈશ તોય પણ તમારા ભેળો જ છું. તમને વાસુદેવનારાયણની મૂર્તિ આપી છે તેના દ્વારા હું પ્રત્યક્ષ સેવા અંગીકાર કરીશ. અમારે ગુજરાતમાં ઘણું કામ છે, તેથી ગયા વિના ચાલે તેમ નથી. જરૂર જણાશે તો હું તમને ચોક્કસ તેડાવીશ. એમ ધીરજ આપી શ્રીહરિ ગઢપુરથી નીકળી ઝીંઝાવદર, કારિયાણી, બોટાદ, બરવાળા, ધંધુકા થઈ વઢવાણ પધાર્યા. અત્રે ભક્તોએ ઊમળકાભેર સ્વાગત કર્યું.

તુલસી દવેની લોભવૃત્તિ

વઢવાણમાં સભા થઈ. તુલસી દવે સભામાં સૌથી મોખરે બેઠા હતા. એ ફૂલનો હાર લાવ્યા હતા. તેમને ભગવાને બોલાવ્યા. દવે મનમાં રાજી થયા કે હું ફૂલનો હાર લાવ્યો છું એટલે ભગવાન મારા પર રાજી થયા. એ હાર પહેરાવવા ભગવાનની નજીક ગયા તે જ વખતે શ્રીહરિએ તેમને કહ્યું : અરે દવે ! તમે પહેલાં એમ કહ્યું હતું કે તમારે યજ્ઞ કરવો છે. કેટલાય દિવસથી કહેતા હતા. તમારી એ ઈચ્છા પૂરી કરવા આવ્યા છીએ. તમે તો જાણો છો કે લોકો અજ્ઞાનને વશ થઈ હિંસામય યજ્ઞમાં બહુ રસ ધરાવે છે, પણ એ વેદનો સિદ્ધાંત નથી. વેદ તો અહિંસાનું પ્રતિપાદન કરે છે. આવા યજ્ઞ કરવાની હાલમાં ખાસ જરૂર છે. માટે તમે તૈયારી કરો.

તુલસી દવે પાસે યજ્ઞ માટે પૂરતું દ્રવ્ય તો હતું જ, પણ એમની લોભી પ્રકૃતિ હતી. ભગવાનની આગળ પૂર્વે વાત કરી હતી એ તો માત્ર પોતાની ઉદારતા દેખાડવા માટે. આજે તેમની લોભવૃત્તિ છતી થઈ જાય એમ હતું. મનમાં વિચારવા લાગ્યા : મહારાજ યજ્ઞ કરશે

એમાં માત્ર ૧૦૦ થી ૨૦૦ બ્રાહ્મણોને નહિ તેડાવે, હજારો બ્રાહ્મણો આવશે. એમને જમાડવાનો ખર્ચ બહુ જ થશે. યજ્ઞ થશે એટલે સંતોય આવશે ને હરિભક્તોય આવશે. એટલો બધો ખર્ચ મને કેમ પોષાશે ?

પોતાનો એ લોભી સ્વભાવ છતો થઈ જાય એવું લાગ્યું. તેથી ઠાવકાઈથી દવે કહે : મહારાજ ! મને પણ યજ્ઞ કરવાની બહુ જ ઈચ્છા છે, પણ હાલમાં આપણા સંતોને બહુ જ ઉપાધિ છે. લોકો તેમને મારે છે, વળી વિરોધીઓ પણ યજ્ઞમાં વિઘ્ન કરતા રહે છે, તો હાલમાં યજ્ઞ ન કરીએ. જ્યારે ઉપાધિ શાંત થઈ જાય ત્યારે કરીએ તો બધાને મજા પડે.

જીવની કેવી અવળાઈ છે !! તે ભગવાનને ઠગવા માટે નવી નવી યુક્તિ શોધે છે, પણ પ્રભુ કાંઈ ઠગાય એવા છે ? તરત કહ્યું : દવે ! બોલો, આ બ્રહ્માંડમાં કોનું કર્યું થાય છે ?

‘અરે મહારાજ ! એ તો આપનું જ કર્યું થાય છે.’

‘તો પછી શંકા શાની રહે છે કે દેશકાળ સારા થાય ત્યારે યજ્ઞ કરવો ? દેશકાળનું તો અમે ચાલવા દઈએ તેટલું જ ચાલે.’

‘મહારાજ ! એ બધુંય ખરું પણ એમ વિચાર થાય છે કે ફરીથી આવો સુયોગ આવે એટલે વાત !’

ભગવાન જાણતા જ હતા કે, તુલસી દવેની દાનત જ ખોરી છે, પણ જાહેર સભામાં ચોખ્ખે ચોખ્ખું કહેવામાં સાર નથી એટલે મોઘમમાં કહ્યું : ભલે ત્યારે, જ્યારે તમને ઈચ્છા થાય ત્યારે જણાવજો. અમે જરૂર આવશું.

આ વખતે સભામાં બેઠેલા હરિભક્તો કહેવા લાગ્યા : મહારાજ ! દવે યજ્ઞ ન કરાવે તો અમે કરાવીએ. આવો સુયોગ ક્યારે મળશે ?

‘ના ભક્તો, એવું કરવાની કાંઈ જરૂર નથી. આ તો દવેએ અમને કહ્યું હતું એટલા માટે અહીં આવ્યા હતા. હવે અમારે યજ્ઞ તો જેતલપુરમાં કરવો છે. ત્યાં તમે સહુ આવજો. એમાં સેવાનો લાભ લેશો એટલે અહીં યજ્ઞ કર્યા જેટલું ફળ તમને આપીશું.’

પૂજારી પુષ્કરદાસને દૃષ્ટિદાન

વઢવાણથી પ્રયાણ કરી શ્રીહરિ વિચરણ કરતા અમદાવાદ પધાર્યા. શહેરના સત્સંગીઓએ ધામધૂમથી ભાવભીનું સ્વાગત કર્યું.

આ વખતે પ્રભુજીનો ઉતારો બરકતરામની હવેલીમાં હતો. દર્શનાર્થે સંખ્યાબંધ હરિભક્તો ઉપરાંત પ્રતિષ્ઠિત નાગઈરકો પણ આવ્યા.


અમદાવાદના ભદ્ર વિસ્તારમાં પાછળના ભાગમાં દક્ષિણીઓનો મહોલ્લો છે. ત્યાં શ્વેત કૃષ્ણનું મંદિર છે. આ મંદિરના કાર્યકર્તાઓએ શ્રીહરિને તે મંદિરે પધારવા પ્રાર્થના કરી. તેમનું ભાવભર્યું આમંત્રણ સ્વીકારી પ્રભુજી ત્યાં પધાર્યા. એ ધન્ય દિવસ હતો સંવત ૧૮૬૫, માગશર સુદ ૨, તા. ૨૦-૧૧-૧૮૦૮, રવિવાર. મંદિરમાં પૂજારી સાધુ પુષ્કરદાસજી વગેરેએ બહુજ આદરપૂર્વક પ્રભુનું સન્માન કર્યું. રાધાકૃષ્ણદેવને દર્શન આપી શ્રીહરિ પૂજારી પુષ્કરદાસજીની પાસે આવ્યા. એ બિચારા અંધ હતા. પૂજારીનો શુદ્ધ ભાવ પ્રભુજી જાણતા હતા, તેથી તેમને ભેટ્યા.

શ્રીહરિનાં દિવ્ય કોમળ અંગનો સ્પર્શ થતાં જ પૂજારીના હૈયે અનોખી ઝણઝણાટી વ્યાપી ગઈ. કદીય ન અનુભવ્યો હોય એવો રોમાંચ અનુભવ્યો. પૂજારીનો અંતરાત્મા પોકારી ઊઠ્યો કે આ જ ભગવાન છે.

ત્યાં જ સામેથી શ્રીહરિએ પૂછ્યું : કેમ પૂજારી, આંખે દેખાતું નથી ? ભગવાનને આમ સામેથી પૂછતા જોઈ પૂજારીએ હાથ જોડી દીધા. કહેવા લાગ્યા : હે દયાળુ, કેટલાંય વર્ષોથી આંખમાંથી તેજ ચાલ્યું ગયું છે. તેથી જીવન વ્યવહારમાં ઘણી તકલીફ વેઠવી પડે છે. હવે તો આપની કૃપાદૃષ્ટિની રાહ જોઈને બેઠો છું.

પૂજારીની પ્રાર્થનામાં હૈયાનો આર્તનાદ હતો. પૂજારીનો હાથ પકડીને પ્રભુજીએ કહ્યું : મારી નજીક આવો. પૂજારી નજીક આવ્યા એટલે શ્રીહરિએ તેમના સામી કૃપાદૃષ્ટિ કરી, એ સાથે પોતાના કોમળ હસ્ત એ પૂજારીની આંખ ઉપર ફેરવ્યા, ત્યાં જ એમની આંખ ફરકવા

લાગી. આછો પ્રકાશ દેખાવા લાગ્યો ને ક્ષણવારમાં સામે ઉભેલા પ્રભુનાં દર્શન થયાં. ઘડીભર તો પૂજારીને સ્વપ્ન જેવું લાગ્યું એટલે ફરીથી આંખો મીંચીને ખોલી; ત્યારે પણ એ કામણગારી મૂર્તિનાં દર્શન થયાં. હવે પૂજારીને નક્કી થઈ ગયું કે તેમને દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે.



વર્ષોથી જેની મુશ્કેલીમાં એ તરફડી રહ્યા હતા એ મુશ્કેલી આજે એક ક્ષણવારમાં જ દૂર થઈ ગઈ ! એ આનંદ કાંઈ ઝાલ્યો રહે ? એમણે અહોભાવ સાથે પ્રાર્થના કરી : વાહ દયાળુ વાહ ! આપે તો મને વાતની વાતમાં ન્યાલ કરી દીધો. મને નવું જીવન અર્પી દીધું ! આ દયાને હું જીવનભર નહિ ભૂલું.

આ વખતે કેટલાય દક્ષિણી લોકો દર્શનાર્થે આવેલા હતા. તેમણે આ બધું નજરે નિહાળ્યું. તેઓને પણ શ્રીહરિને વિશે અહોભાવ જાગ્યો. સૌના હૈયાનો એ જ સૂર હતો કે આ તો પ્રગટ પ્રમાણ ભગવાન છે. તેમના વિના આ વાત બિલકુલ અસંભવ છે.

નવજીવન પામેલા પૂજારી સાધુ પુષ્કરદાસજીએ પ્રભુના ચરણે ભેટ ધરી. એ વખતે ત્યાં હાજર રહેલા સૌએ પ્રભુનું પૂજન અર્ચન કરવાની

માગણી કરી. તેમની લાગણી સ્વીકારી પ્રભુએ અનુમતિ આપી. સૌએ પ્રેમથી પૂજન કર્યું. આ સાથે બધાએ મળી નક્કી કર્યું કે, આ શહેરમાં કેટલાય શક્તિપંથીઓ છે. તે આ ભગવાનથી વિરૂદ્ધ જેમ તેમ બોલી દ્રોહ કરે છે. તેઓ બધા આકડાના તૂરની પેઠે ક્યાંય ફેંકાઈ જવાના. આપણે તો આજથી નક્કી કરીએ કે ક્યારેય પણ આ પ્રભુનો દ્રોહ ન કરીએ, એટલું જ નહિ કોઈ દ્રોહ કરતા હોય તેને ક્યારેય સાથ ન આપીએ.

દર્શનાર્થે ઘણા લોકો આવેલા, તેમને શ્રીહરિએ મનુષ્ય જન્મની દુર્લભતા તેમજ ભક્તિની વાતો કરી.

અહીં ઘીકાંટા વિસ્તારમાં ઘાંચીની વાડીમાં ગૌરીશંકર મહાદેવજીને દર્શન દઈ શ્રીહરિ ઉતારે પધાર્યા.

આ પ્રસંગ બાદ શ્રીહરિ જ્યારે અમદાવાદ પધારતા ત્યારે દરરોજ એક વખત તો એ પૂજારી સાધુ પુષ્કરદાસજી દર્શનાર્થે પહોંચી જ જતા. જે કોઈ પોતાના સંપર્કમાં આવતા તેને પણ પોતાના અનુભવની વાત કરતા જ.

પીરાણાના મુખિયાને નિશ્ચય

અમદાવાદથી વિચરણ કરતા શ્રીહરિ જેતલપુર, ડભાણ, પીજ, નડીયાદ થઈ રોણ્ય ગામે પધાર્યા. અહીં પીરાણાના પંથની બોલબાલા હતી. શ્રીહરિ અત્રે પધાર્યા તેનાથી ૬૦૦ વર્ષ પૂર્વે અરબસ્તાનથી ઈમામ શાહ બાબા આવ્યા હતા. તેમની સ્મૃતિમાં એક રોજો છે. તેની બાજુના ઓરડામાં ઢોલિયો છે. અહીં ઘીનો દીવો અખંડ બળે છે. આ અંગે ઈમામ શાહે તે વખતે એવી આગાહી કરી હતી કે ‘આ ઢોલિયા ઉપર જે બેસશે તે ખુદા હશે.’ આ સાથે એમ પણ કહ્યું હતું કે, પૂરવ દેશથી સાહ્યબો આવશે. એ કાંકરિયે ડેરા તાણશે ને આ ગાદીએ બેસશે. જો એ બધી વાત મળતી આવે તો તેને ખુદા માનજો.

આ પીરાણાને માત્ર મુસ્લિમ લોકો માનતા હતા એવું નહોતું,

ઘણા હિંદુ પટેલો પણ માનતા. પોતાની માનતા પૂરી કરવા તેમણે આ પંથ અપનાવ્યો હતો.

આ પીરાણાના ગાદીપતિને સૌ કાકા કહેતા. એમનું નામ નારાયણદાસ હતું. અહીંના રોજા પાસેથી શ્રીહરિ પસાર થઈ રહ્યા હતા. પીરાણાને માનનારા કેટલાક લોકો ઊભા હતા. તેમણે પ્રાર્થના કરી કે અમારે ત્યાં પધારો. ભગવાન રોજા પાસેના ઓરડામાં પધાર્યા. ત્યાં ઢોલિયા ઉપર બેસી ગયા. પીરાણાને માનનારા કેટલાકને આ ન ગમ્યું, પણ ગાદીપતિ કાકાને ઈમામ શાહ બાબાનાં વચન યાદ આવી ગયાં. એમને દૃઢ ભરોસો બેસી ગયો કે આ જ ખુદા છે.

કાકાને ખુશ થયેલા જોઈને કોઈને એલફેલ બોલવાનો અવકાશ ન રહ્યો. પ્રભુએ કાકાને પૂછ્યું : અહીં જે પાટીદાર જ્ઞાતિના છે તે પણ ઈસ્લામ ધર્મ પાળે છે તેનું રહસ્ય શું છે ?

કાકા કહે : મહારાજ ! અહીં આ દીવાની માનતા ચાલે છે. જેની ભેંસ દોહવા ન દેતી હોય, કે કોઈને રોગ થયો હોય તે બધુંય દુઃખ અહીં માનતા કરવાથી ટળી જાય છે. ભેંસ દોહવા દે છે અને રોગ પણ મટી જાય છે. આ માનતા નવટાંક ઘીથી માંડીને દશ મણ ઘી સુધી પહોંચી જાય છે.

પ્રભુએ પૂછ્યું : જીવનો મોક્ષ થાય તે અંગે કાંઈ વિચાર કર્યો છે ? કાકા સરળ સ્વભાવના હતા, એટલે અગડં બગડં વાત ન કરી. પોતાને જે સમજણ હતી તે રજૂ કરતાં કહ્યું : મહારાજ ! મરી ગયા પછી શું થાય એ વાતની મને કાંઈ ગમ નથી. મને તો જે પ્રત્યક્ષ દેખાય છે તેની જ ખબર છે.

કાકાની નિખાલસતા પ્રભુએ પિછાણી લીધી, એટલે કહ્યું : મર્યા પછી કેવી પ્રાપ્તિ થાય તે તમારે જોવું છે ?

‘હા મહારાજ ! દયા કરીને દેખાડો તો ખ્યાલ આવે.’

‘તો હવે આંખો બંધ કરી મનને એકાગ્ર કરો.’

કાકાને તો એક જ તમન્ના હતી. ભગવાન કહે તેમ કરવું, એમાં જ જીવનની ધન્યતા છે ને સઘળી સફળતા છે. તેમણે આંખો બંધ કરી ત્યાં જ અંતરમાં દિવ્ય શીતળ શાંત પ્રકાશ દેખાયો. એ પ્રકાશની મધ્યે દિવ્ય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી ઉપર બિરાજમાન આ જ પ્રભુનાં દર્શન થયાં.

ત્યારબાદ તેમને યમપુરી દેખાડી. તેમાં પાપી જીવો દુ:ખ ભોગવી રહ્યા હતા. યમદૂતોના સખત પ્રહારથી તે જીવો બચાવો... બચાવો...ની બૂમો પાડી રહ્યા હતા. જેમણે પૂર્વ જન્મમાં ભગવાનના અવતારોનું ખંડન કર્યું હતું તેમજ વટાળ પ્રવૃત્તિ ચલાવી હતી તે પાપનું ફળ તેઓ ભોગવી રહ્યા હતા.

યમપુરી દેખાડ્યા બાદ શ્રીહરિએ તે કાકાને ફરીથી ધામનાં દર્શન કરાવ્યાં. જેમણે પૂર્વે ભગવાનનું ભજન કર્યું હતું તે બધા એ દિવ્ય ધામમાં દિવ્ય સુખનો આનંદ માણી રહ્યા હતા. થોડી જ વારમાં કાકાને બધો જ ખ્યાલ આવી ગયો. સમાધિમાંથી એ જાગૃત થયા.

કાકાને પાકી ખાત્રી થઈ ગઈ કે આ જ ખરેખર ખુદા છે. ઈમામશાહની ભવિષ્યવાણીએ પણ પુરવાર કરી આપ્યું; વળી દિવ્ય તેજોમય સ્વરૂપનાં દર્શન થયાં. આ સાથે કાકાની મુમુક્ષુતા મહોરી ઊઠી. પોતે ગાદીપતિ હતા, પણ હવે પાકી સમજણ આવી ગઈ હતી. જો મોક્ષ પામવો હોય, મર્યા પછી દિવ્ય સુખ પામવું હોય, તો આ સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરવાથી જ તે વાત સિદ્ધ થશે.

તેમણે શિષ્યોને કહ્યું : વર્તમાનકાળે આ સ્વામિનારાયણ ભગવાન સિવાયની બીજી વાતો છે તે નરકમાં જવાની છે. જે લોકો આમનાં વચન માનશે નહિ તેનું ભવિષ્યમાં કાંઈ ઠેકાણું રહેશે નહિ. આ મારી નજરે પ્રત્યક્ષ દેખેલી વાત છે. એમાં રંચમાત્ર ફેરફાર નથી.

એ સાંભળી શિષ્યો ચમક્યા. એ કહેવા લાગ્યા : સ્વામિનારાયણે તમારો ચિત્તભ્રમ કરી નાખ્યો છે. તમે ગમે તેટલું કહેશો તોય આ મતને અમે છોડીશું નહિ.

કાકા કહે : તમારા હાથમાં કાચનો ટુકડો છે પણ હીરો નથી. સાચો હીરો તો સ્વામિનારાયણ ભગવાન છે. આમ કાકાએ તે શિષ્યોને બહુ સમજાવ્યા. પણ જૂની માન્યતામાં ફસાએલા તેઓ કાંઈ પણ માનવા તૈયાર ન થયા. છેવટે કાકાએ નિર્ણય કરી લીધો કે મારે તો ભગવાનનું શરણું સ્વીકારી લેવું છે; તેથી કાકાએ હાથ જોડીને કહ્યું : દયાળુ ! મને આપ અપનાવશો ? તમારો શિષ્ય બનાવશો ?

'તમે કેવી રીતે શિષ્ય થવા માગો છો, એ કહેશો ?'

'પ્રભુ ! આપના આ સંત છે તે મંડળમાં રહીને આપની સેવા કરવાની ઇચ્છા છે.'

કાકાને શ્રીહરિએ અલફી આપી. કાકાએ તે પહેરી પણ લીધી. એ સાથે શ્રીહરિની પાછળ પાછળ એ ચાલવા તૈયાર પણ થયા. પોતાના ગુરુને આમ અચાનક વિદાય થતા જોઈ શિષ્યો ધૂંઆપૂંવા થઈ ગયા. ઝગડો કરવા તૈયાર થઈ ગયા. કહેવા લાગ્યા : અમારા ગુરુને તમે ભરમાવી નાખ્યા છે. જો એમને લઈને જશો તો મોટી ધમાલ થઈ પડશે. તમે અમારા ગાદીપતિને લઈ જશો પછી આ સ્થાનનું શું થાશે ? અમે શું કરશું ?



'ગાદીપતિ થનારા તો બીજા ઘણા મળી રહેશે, એની ખોટ નથી. ખોટ તો આવા સાચા મુમુક્ષુઓની છે, જેઓ સાચી સમજણ આવ્યા પછી સર્વસ્વનો ત્યાગ કરી દઈ ભક્તિમાં લાગી જાય છે.'

પીરાણાને માનનારામાં કેટલાક રોકકળ કરવા માંડ્યા ને કેટલાક ધમાલ કરવા તૈયાર થઈ ગયા; એટલે શ્રીહરિએ સમય સૂચકતા વાપરી પ્રકરણ ફેરવ્યું. કાકાને કહ્યું : તમે અહીં જ રહો. મનમાં અમારું ભજન કરજો. તમારો મોક્ષ અમે જરૂર કરીશું. તમને જે દિવ્ય દર્શન કરાવ્યાં એવા દિવ્ય તેજોમય ધામમાં તમને રાખીશું. આટલું જ નહિ, જે લોકો તમારામાં ભાવ રાખશે, તમારા સંબંધમાં રહેશે તેનું પણ કલ્યાણ કરીશું. આ રીતે કાકાને કૃતાર્થ કરી અભયદાન આપી શ્રીહરિ વિચરણ કરતા કણભા પધાર્યા.

કણભામાં કરુણાના મેહ

કણભા ગામે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આગમનના સમાચાર તો પલકવારમાં પ્રસરી ગયા. નાથભક્ત, ઝવેરભાઈ, નથુભાઈ આદિ હરિભક્તોનો હરખ ઝાલ્યો ન રહ્યો. વ્હાલમાને હેતપૂર્વક વધાવી વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. નાથ ભક્તને ઘેર શ્રીહરિનો ઉતારો રાખવામાં આવ્યો. ભક્તે કરાવેલાં ભાવપૂર્વકનાં ભોજન અંગીકાર કરી શ્રીહરિએ રાતની વિશ્રાંતિ લીધી.

બીજે દિવસે સવારે અહીંની ખારી નદીમાં કુજાડના આરે સ્નાન કર્યું. ત્યાંથી પાછા પધારતાં ઝવેરભાઈને ઘેર પધાર્યા. આજે એમના તરફથી રસોઈ હતી. ભક્તનો નિર્મળ ભાવ જોઈ રસોઈ અંગીકાર કરી શ્રીહરિએ વરદાન આપ્યું : તમારા વંશમાં ઘણા લોકોને સત્સંગ થશે.

માત્ર એક જ દિવસ થયો, ત્યાં જ શ્રીહરિએ કણભાથી વિદાય થવાની વાત કરી. તુલસીભાઈ, સુરભાઈ, કાળીદાસ મુખી, જીજીભાઈ, ગલાભાઈ, ઉમાભાઈ, દલાભાઈ, વખતબા વગેરે ભક્તોએ પ્રાર્થના કરી : હે દયાળુ, દયા કરી અમારે ત્યાં પધારો ને થાળ અંગીકાર કરો,

તો અમને આનંદ થાય.

ભક્તોનો એ પ્રેમાગ્રહ જોઈ શ્રીહરિએ અનુમતિ આપી. એ સાથે કહ્યું : દરરોજ એક એક ઘેર જમવું પોષાય તેમ નથી. તમે બધા પોતપોતાને ઘેર રસોઈ તૈયાર કરો. અમે જરૂરથી બધાને ત્યાં જમવા આવીશું. આ રીતે ભક્તોને આદેશ આપીને શ્રીહરિ કેટલાક હરિભક્તોને સાથે લઈ ખારા કૂવા પર સ્નાનાર્થે પધાર્યા. તે વખતે કૂવાના થાળામાં પાણી ઓછું ભરેલું હતું. ભગવાન કહે : આખો થાળો પાણીથી ભરી દો. સેવાની સારી તક જોઈ ભક્તોએ થાળો ભરી દીધો. પ્રસન્નતા દર્શાવતા શ્રીહરિ જેવા થાળામાં બેઠા કે કૂવામાંથી પાણી એકદમ ઊભરાયું. આશ્ચર્ય પામતા ભક્તો વાહ... વાહ... કરવા લાગ્યા. અત્રે શ્રીહરિએ ઘણીવાર સુધી સ્નાન કર્યું.

વસ્ત્ર પરિધાન કરી શ્રીહરિ તૈયાર થયા એટલે કહ્યું : ચાલો હવે ગામમાં. ભક્તોએ અમારા માટે થાળ કર્યા છે તે વાટ જોઈ રહ્યા છે.

આજે બાવીસ ઘેર ભક્તોએ થાળ બનાવ્યા હતા. સૌને એમ કે ભગવાન મારે ઘેર પહેલા પધારે તો સારું, તેથી દરેક ઘેરથી ભક્ત ભગવાનને તેડવા માટે આવ્યા હતા. ભગવાને પણ તે માટે ઉપાય વિચારી લીધો. બાવીસ રૂપ ધારણ કર્યાં. તેમાં દરેકને એમ જ લાગ્યું કે ભગવાન સૌથી પ્રથમ મારે ઘેર પધારે છે, ને તે પણ સંત-પાર્ષદોએ સહિત.

આખું કણભા ગામ આજે સ્વામિનારાયણ ભગવાનનાં વિવિધ રૂપથી છવાઈ ગયું. દરેક હરિભક્તે હૈયાના હેતથી હરિવરને જમાડી કૃતાર્થતા અનુભવી. બધા ભક્તોએ લાભ લીધો તેમાં જેચંદ ભક્તને ઘેર લાડુ કર્યા હતા. તેમાં ભૂલથી સાકરને બદલે મીઠું નંખાઈ ગયું હતું. લાડુ જમતી વખતે ભગવાને કોઈને વાત ન કરી, પરંતુ એ ભક્તે જ્યારે પ્રસાદી લીધી ત્યારે ખબર પડી કે લાડુમાં સાકરને બદલે મીઠું નંખાઈ ગયું છે.

જેચંદ ભક્તને ખૂબ પસ્તાવો થયો. વિચારવા લાગ્યા કે આ તો સેવાને બદલે કુસેવા થઈ ! ભગવાનનો અપરાધ થઈ ગયો ! એ વિચાર માત્રથી ભક્ત ગદ્‌ગદ થઈ ગયા. ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા : હે મહારાજ ! આપ દયા કરી સેવાનો લાભ આપવા પધાર્યા, પણ હું અભાગિયો સેવા તો ન કરી શક્યો, પણ અપરાધ કરી બેઠો, મને માફ કરો.

ભક્તને શાંત્વના આપતાં પ્રભુજીએ કહ્યું : ભગત ! તમે જાણી જોઈને એમ કર્યું નથી. ભૂલમાં એવું બની ગયું. તમે શોકાતુર ન થાઓ. અમે તમારા પર રાજી છીએ.

આ રીતે ભક્તોના મનોરથો પૂર્ણ કરી ગામોગામ વિચરણ કરતા શ્રીહરિ કારિયાણી પધાર્યા.

માંગરોળના ગોવર્ધન શેઠ

શેઠની ઉપશમ સ્થિતિ

કારિયાણીમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તળાવને કાંઠે સભામાં બિરાજમાન હતા. એ સમયે માંગરોળના ગોવર્ધનભાઈ શેઠ દર્શનાર્થે આવતા હતા. તેમને જોઈ એક કાઠીએ શ્રીહરિને પૂછ્યું : આ ગોવર્ધનભાઈ સમાધિવાળા કહેવાય છે, પણ તેમને છોકરાં બહુ થાય છે એનું કેમ સમજવું ?

કાઠીની બુદ્ધિ માત્ર આ લોક પૂરતી સીમિત હતી. તેમને એ પ્રશ્ન થાય એ સ્વાભાવિક હતું. તેનું સમાધાન કરતાં શ્રીહરિએ કહ્યું : એ તો ભેળા રહે એટલે બાધિતાનુવૃત્તિએ કરીને થાય.

બાધિતાનુવૃત્તિનો મર્મ સમજાવતાં શ્રી સ્વામિનારાયણ ભગવાને છેલ્લા પ્રકરણના ચોથા વચનામૃતમાં કહ્યું છે કે, જે પદાર્થ અંતરમાંથી અસત્ય કરી નાખ્યાં તે પદાર્થની પાછી સ્મૃતિ થઈ આવે તેને બાધિતાનુવૃત્તિ કહીએ, તે બાધિતાનુવૃત્તિ જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે નાશ થાય છે, ને એ પુરુષને ખાધા-પીધાની તથા દિવસ-રાત્રીની તથા સુખ-દુઃખની કશી ખબર રહેતી નથી.

બાધિતાનુવૃત્તિને યોગે કરીને ભગવાન વિના બીજા પદાર્થની પણ ક્યારેક સ્મૃતિ થઈ આવે, ત્યારે જે આ બાધિતાનુવૃત્તિના મર્મને ન સમજતો હોય તેના હૈયામાં તે હરિભક્તનો અવગુણ આવી જાય.

ભગવાને બાધિતાનુવૃત્તિની વાત કરી તેમાં કાઠીને કાંઈ ગમ ન પડી એટલે આશંકા કરી : બીજી બધી ક્રિયા થાય, પણ આવી ક્રિયા કેમ થાય ? શ્રીહરિ કહે : તમને માયિક બુદ્ધિએ કરીને એ ખબર ન પડે. દિવ્ય બુદ્ધિ પ્રાપ્ત થશે ત્યારે બધું જ યથાર્થ સમજાઈ જશે.

તળાવમાં પાણી જોવા મોકલ્યા

ગોવર્ધનભાઈ સભામાં આવ્યા. તે વખતે શ્રીહરિએ મુક્તાનંદ

સ્વામીને કહ્યું : ગોવર્ધનભાઈને કહો કે તળાવમાં પાણી જોઈ આવે. સ્વામીએ ગોવર્ધનભાઈને ભગવાનના આદેશની વાત કરી. તરત જ એ ઊપડ્યા. તળાવ પાસે જઈ ઉપર ઉપરથી નજર ફેરવીને પાછા આવ્યા. સ્વામીને કહ્યું : તળાવમાં પાણી બિલકુલ નથી. સ્વામીએ તેમને ફરીથી મોકલતાં કહ્યું : જાઓ, બરાબર તપાસ કરીને આવો. સ્વામીના કહ્યા પ્રમાણે શેઠ ફરીથી ગયા. નીચું જોઈને કાંઠે ઊભા રહ્યા. તેમણે નવા ઉપાડવાળા જોડા પહેર્યા હતા. જો તળાવમાં પગ બોળે તો જોડા પલળી જાય ને બગડી જાય તેથી આગળ ન ગયા. પાછા આવીને કહ્યું : પાણી તો જણાતું નથી. ત્યારે હસતા હસતા શ્રીહરિ બોલ્યા : કાંઠે જઈને જોયું તોય પાણી દીઠું નહિ ? જાણે જોડા પલળી જાશે એમ જાણીને પગ પણ ન બોળ્યો.

શ્રીહરિ તો તેમની સ્થિતિ જાણતા હતા કે શેઠની વૃત્તિ ભગવાનના આકારે થઈ ગઈ છે. એમની નજરમાં બીજું કાંઈ છે જ નહિ. પણ આ સમયે અન્ય સભાજનોના ભેળા ભળીને આમ કહ્યું એટલે સભાજનો પણ હસવા લાગ્યા.

વોકળો જોઈ કૂદ્યા

કારિયાણીમાં ભક્તોને સુખિયા કરી શ્રીહરિ વડતાલ તરફ પધારતા હતા. માર્ગમાં પાણીનો વોકળો આવ્યો. એ જોઈને કેટલાક દૂરથી ફરીને ચાલ્યા. કેટલાક જોડા ઉતારીને ચાલ્યા, કેટલાક તો જોડા સહિત પાણીમાં થઈને ચાલ્યા. ગોવર્ધનભાઈ પાછળ ચાલ્યા આવતા હતા. બધાને એ જોવું હતું કે સમાધિવાળા ગોવર્ધનભાઈ શું કરે છે ? સંતો પણ ત્યાં ઊભા રહ્યા. નિત્યાનંદ સ્વામીનો પણ એ જ વિચાર હતો.

ગોવર્ધનભાઈએ નવા જોડા પહેરેલા હતા. ઉપાડવાળા જોડા હોવાથી એ શેઠ જ્યારે ચાલે ત્યારે ચમ... ચમ... એવો અવાજ થાય. જેવા એ શેઠ વોકળાની નજીક આવ્યા ને પાણી જોયું કે તરત જ ત્યાં ઊભા રહી ગયા. કેમ જે જો જોડા પાણીમાં પડે તો પલળી જાય. વોકળો ટપી જવા

માટે દોડીને તેના પરથી કૂદવું પડે. ગોવર્ધનભાઈ દોડીને આવ્યા પણ નજીક આવતાં જણાયું કે કૂદી શકાય તેમ નથી એટલે ત્યાં જ ઊભા રહી ગયા. ગમે તેમ કરીને વોકળો તો કૂદવો જ હતો, એટલે શેઠ ફરીથી દોડીને આવવા માટે પાછા ગયા. વળી પાછા દોડ્યા. બીજીવાર પણ એમ જ થયું. ત્રીજીવાર જઈને એવા વેગથી દોડ્યા કે, વોકળો કૂદીને તેનાથીય થોડા આગળ સામે કાંઠે જઈને પડ્યા. સંતો-ભક્તો શેઠની આ રીત જોઈને હસતા હસતા કહેવા લાગ્યા : જુઓને, આ શેઠ તો સમાધિવાળા કહેવાય છે, પણ જોડા સાચવવા માટે કેવા જોરથી કૂદ્યા ? સૌની સાથે શ્રીહરિ પણ હસ્યા, પરંતુ ભગવાનના હાસ્યમાં બીજાના જેવો વિપરીત ભાવ નહોતો. ભગવાન તો જોનારાની બાહ્યદૃષ્ટિ જોઈને હસ્યા કે ગોવર્ધન શેઠની સ્થિતિ જાણ્યા વિના લોકો કેવો પ્રાકૃતભાવ પરઠી રહ્યા છે !

ચંદનના ડબ્બામાં પગ બોળ્યો

વિચરણ કરતા શ્રીહરિ વડતાલ પધાર્યા. અહીં વાસણ સુથારને ઘેર ઉતારો કર્યો. તે વખતે ગામોગામથી હરિભક્તો દર્શનાર્થે દોડી આવ્યા. એમાં એક ભક્ત આવ્યા હતા. તેમને એવો ઉમંગ હતો કે મારે ભગવાન અને સંતોના ભાલમાં ચંદન ચર્ચીને પૂજા કરવી છે. તે માટે પોતાના હાથે ચંદન ઘસીને ડબ્બો ભરીને લાવ્યા હતા.

શ્રીહરિએ ભક્તને પૂછ્યું : ભગત શું લાવ્યા છો ?

'મહારાજ ! આપને અને સંતોને ચર્ચવા માટે ચંદન લાવ્યો છું.'

'લાવો એ ડબ્બો, ને થોડીવાર સભામાં બેસો. થોડીવાર પછી તમને બોલાવું છું.' આમ કહી ભગવાને તે ચંદન ભરેલો ડબ્બો પોતાની પાસે રાખ્યો.

શ્રીહરિની સાથે સંઘમાં ગોવર્ધનભાઈ પણ આવેલા હતા. તેમને બોલાવીને પ્રભુએ કહ્યું : ગોવર્ધન ! આ ડબ્બામાં પગ બોળ. ભગવાનનો આદેશ થતાં શેઠ ઊભા થયા. ભગવાનની પાસે પણ જવા લાગ્યા.

તે વખતે સભાજનોને નવા નવા તરંગ થવા લાગ્યા. કોઈએ વિચાર્યું કે શેઠ તો માત્ર ભગવાનની પાસે જઈ પ્રસાદીરૂપ ડબ્બાનો સ્પર્શ કરી પાછા આવતા રહેશે. કોઈને વળી એમ પણ થયું કે એ શેઠ ભગવાનને ચંદન ચર્ચશે. કોઈ એવા વિચાર વમળમાં અટવાયા કે આમનો કાંઈ ઠા લાગતો નથી. ગાંડાની જેમ ક્રિયા કરે છે. રખેને એ ડબ્બામાં પગ બોળી દે. બન્યું પણ એમ જ. શેઠે એ ડબ્બામાં પગ બોળી દીધો.

હવે કોઈથી ઝાલ્યું રહેવાયું નહિ. કાઠીઓ મોટેથી બોલ્યા : અરે ગોરધન ગાંડા, તને કાંઈ ભાન છે કે નહિ. આ ચંદન તો ભગવાન માટે હતું તેને બગાડી નાખ્યું !!

એ વખતે શ્રીહરિ મંદ હાસ્ય કરતા બોલ્યા : એમાં એમનો કોઈ વાંક નથી. એ શેઠ અમારી મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા જ નથી.

'પણ મહારાજ ! જે મૂર્તિને દેખતો હોય તે આવું કરતો હશે ?'

'મહારાજ ! ગાંડો હોય તે આવું અવળું કામ કરે.' આમ કાઠીઓ બોલતા રહ્યા ને ભગવાને બીજી લીલા કરી.

ભગવાનના ઢોલિયા પર બેઠા

શ્રીહરિ સભામાં ઢોલિયા પર બિરાજમાન હતા. હજુ ભક્તોની ધીરજ કેટલી છે તે ભગવાનને તપાસવું હતું. એટલે કહ્યું : ગોરધન ! આ ઢોલિયા ઉપર બેસ.

પ્રભુના આદેશ પ્રમાણે શેઠ ઢોલિયા ઉપર બેસી ગયા. ને તે પણ ભગવાનથી અવળા મોઢે બેઠા. એ વખતે કોઈને એમ થાય કે, ભગવાનની આજ્ઞા થઈ એટલે શેઠ ઢોલિયા ઉપર બેઠા એ તો જાણે ઠીક, પણ ભગવાનને પૂંઠ વાળીને તો ન જ બેસાયને ? ફરીથી કાઠીઓ બોલ્યા : અલ્યા ગોરધન, સમો બેસ સમો. મહારાજને પૂંઠ વાળીને બેઠો છે તેનું કાંઈ ભાન છે કે નહિ ? ભગવાન કહે : એમને પૂંઠ જેવું કાંઈ છે જ નહિ. એમને તો સદાય સન્મુખ જ છે.

આજે તો શ્રીહરિને પણ ગમ્મત કરવાની મજા પડી, એ સાથે

ભક્તોની ધીરજ ચકાસવી હતી, એટલે પ્રકરણ આગળ ચલાવ્યું. શેઠને કહ્યું : ગોરધન, આ પલંગ પર સૂઈ જા. શેઠ સૂઈ ગયા. ભક્તોને કહ્યું : ગોરધનના પગ દાબો. ભગવાનનો આદેશ થયો એટલે ભક્તો પગ દાબવા લાગ્યા, કેટલાક કમને પણ દાબવા માંડ્યા.

મુક્તાનંદ સ્વામીએ વિચાર્યું કે ભગવાનનો આદેશ છે, એનું પાલન મારે પણ કરવું જોઈએ. એ પણ ઊઠ્યા ને શેઠના પગ દાબવા લાગ્યા. આવા મોટા વડીલ સ્વામી આ રીતે કોઈ ગૃહસ્થીના પગ દાબે એ પણ બાહ્યદૃષ્ટિએ અનુચિત જ હતું. ફરીથી કાઠીઓને અજંપો થયો. કહેવા લાગ્યા : ભણે ગોરધન ગાંડા ! જો તો ખરો... મુક્તાનંદ સ્વામી તારા પગ દાબે છે. તને જરાય શરમ નથી આવતી ?! જરા વિચાર તો કર; તું તો સાવ ભોટ જેવો જ રહ્યો.

એ વખતે પણ ભગવાને કહ્યું : એમને એ કાંઈ ખબર જ નથી. એ તો અમારી મૂર્તિને જ દેખે છે. એમને તો સાકર ને મીઠું બેય એક સરખાં છે.

ત્યારે પણ કેટલાક સંશય કરવા લાગ્યા કે એ વાત કરવી સહેલી છે પણ આ ઘડીએ ખવડાવીએ ત્યારે ખબર પડે. ભગવાને અંતર્યામીપણે આ વાત જાણી લીધી, એ સાથે નક્કી પણ કરી લીધું કે, ગોવર્ધન શેઠની સ્થિતિ કેવી છે તેની ખાત્રી કરાવવાનો વખત થઈ ગયો છે.

મીઠું ને સાકર એક સરખું

સૌના સંશય દૂર થાય ને શેઠની સ્થિતિનો સૌને પરિચય થાય તે માટે શ્રીહરિએ તરત જ આદેશ આપ્યો : એક થાળીમાં સાકર ને બીજી થાળીમાં વડાગરું મીઠું (નિમક) ભરીને લાવો. ભગવાનના આદેશ અનુસાર બંને થાળી ભરીને લાવવામાં આવી. ભગવાને શેઠની આગળ મુકાવી અને કહ્યું : ગોરધન ! લે આ સાકર જમ.

ગોવર્ધનભાઈ જમવા લાગ્યા. વારાફરતી એક એક થાળીમાંથી મૂઠી

ભરીને લેતા જાય ને ખાતા જાય. પાંચ સાત વાર આ રીતે એ મૂઠી ભરીને જમ્યા ત્યારે પ્રભુએ પૂછ્યું : ગોરધન ! તું શું જમે છે ? શેઠ કહે : મહારાજ ! તમે સાકર આપી છે તે જમું છું.

વિશેષ ખાત્રી કરાવવા પ્રભુએ પૂછ્યું : બેય થાળીમાં સાકર છે ? ‘હા મહારાજ, બેયમાં સાકર છે.’

ગોવર્ધનભાઈનો આ જવાબ સાંભળી ત્યાં ઊભેલા બધા જ મોઢામાં આંગળાં ઘાલી ગયા. માંહોમાંહી કહેવા લાગ્યા : સાકરની મૂઠી ભરીને જમવી એ તો જાણે સમજ્યા, પણ મૂઠીભર મીઠું જમવું એ તો બહુ ભારે કહેવાય ! ભગવાન આપણને કહેતા હતા તોય આપણને મનાતું નહોતું પણ આજે તો ખરેખરી ખાત્રી થઈ ગઈ. ગોવર્ધન શેઠને ભગવાનની મૂર્તિ વિના બધું જ સમ થઈ ગયું છે. એમના જેવી અલૌકિક સ્થિતિ થવી એ બહુ જ કઠીન કામ છે.

શ્રીહરિને સૂતરફેણી જમાડી

વડતાલમાં જ એક દિવસ શ્રીહરિ ગોમતીજીના કાંઠે વિશાળ સભા કરીને વિરાજમાન હતા. તે વખતે ખંભાતના એક હરિભક્ત આવ્યા. તે સૂતરફેણી લાવ્યા હતા. સવારનો સમય હતો. ભક્તે માટલીમાંથી સૂતરફેણી કાઢી થાળીમાં મૂકી ને પ્રાર્થના કરી : મહારાજ, આપ સૂતરફેણી જમો. ત્યારે શ્રીહરિએ કહ્યું : આજ તો ગોવર્ધનભાઈ જમાડે તો એને હાથે જમીએ. તે વખતે ગોવર્ધનભાઈ દાતણ કરતા હતા. તેમને શ્રીહરિએ કહ્યું : ગોરધન, આજ તો તારે હાથે અમારે સૂતરફેણી જમવી છે. એ સાંભળી ગોવર્ધનભાઈ દાતણ એક બાજુ મૂકીને કોગળા કરીને હાથ પગ ધોઈને શ્રીહરિની પાસે આવ્યા.

શ્રીહરિએ કહ્યું : આ સૂતરફેણી અમને જમાડ. સભામાં બેઠેલા ભક્તોને એમ જે ગોવર્ધનભાઈ સૂતરફેણી શ્રીહરિના મુખારવિંદમાં મૂકશે. પણ ગોવર્ધનભાઈ તો પોતાના મોઢામાં સૂતરફેણી મૂકવા લાગ્યા. જમતાં જમતાં બોલવા લાગ્યા : જમો મહારાજ. એમ કરતાં થાળી

ખાલી થઈ ત્યારે મહારાજને પૂછ્યું : મહારાજ, સૂતરફેણી જમશો ? શ્રીહરિએ કહ્યું : જેવી તારી ઈચ્છા. પછી વળી માટલામાંથી સૂતરફેણી કાઢીને થાળીમાં મૂકી. આમ ગોવર્ધનભાઈ મહારાજને પૂછતા જાય ને સૂતરફેણી થાળીમાં કાઢી જમતા જાય.

છેવટે મહારાજે કહ્યું : ગોવર્ધન, તું જમ ને. ત્યારે ગોવર્ધનભાઈએ કહ્યું : મહારાજ, મેં તો હજુ દાતણ પણ કર્યું નથી, નહાવા-ધોવાનું ને પૂજા બાકી છે. તે બધું કરીને પછી જમીશ. વળી શ્રીહરિએ કહ્યું : તો અમને જમાડ. ત્યારે પાછા ગોવર્ધનભાઈ બોલવા લાગ્યા : જમો મહારાજ, એમ કહેતા જાય ને જમતા જાય. આમ કરતાં દશ શેર સૂતરફેણી જમી ગયા. શ્રીહરિએ કહ્યું : હવે બસ, એટલે ગોવર્ધનભાઈ પાણી પીને પાછા પોતાના નિયમ પ્રમાણે દાતણ કરવા બેઠા ને નહાઈ ધોઈ પૂજા કરી.

એ દિવસે મૂળજી બ્રહ્મચારીએ શ્રીહરિને જમવા માટે પ્રાર્થના કરી ત્યારે પધાર્યા તો ખરા પણ કહ્યું : આજે તો ગોવર્ધને અમને બહુ જ જમાડ્યા છે તેથી લગારેય ભૂખ નથી.

ગોવર્ધનભાઈ નાહી ધોઈને પરવાર્યા. તેમને જમવાનું કહ્યું, ત્યારે તે જમવાને ચોકે બ્રહ્મચારી પાસે ગયા. ત્યાં સારી પેઠે જમ્યા એટલું જ નહિ, સાથે સાથે એમ પણ કહ્યું : સાંજે પણ જમવું પડશે, માટે લાડુ આપો. એમ કહીને લાડુ માગીને લીધા. આમ શ્રીહરિએ ગોવર્ધનભાઈ સાથે પોતાની એકતા બતાવી ત્યારે સૌને ગોવર્ધનભાઈનો મહિમા સમજાયો.

જેમ દુર્વાસા ઋષિ બધી ગોપીઓના થાળ જમી ગયા હતા એમાં વિશ્વાત્મા ભગવાનની સાથે એકાત્મભાવ જણાવ્યો. તેમ અહીં તર્કમાં બેસી ન શકે તેવી સ્થિતિનો અનુભવ શ્રીહરિએ ગોવર્ધનભાઈ દ્વારા કરાવ્યો.

હસ્તે સ્વામિનારાયણ

મુક્તાનંદ સ્વામી માંગરોળ ગયેલા. તે વખતે મૂળચંદભાઈ, રામચંદ

શેઠ વગેરેએ કહેલું કે ગોવર્ધનભાઈએ ચાર હજાર રૂપિયાનો વેપાર કર્યો છે તેમાં ગમે તે માણસ માલ લઈ જાય તે બધું હસ્તે સ્વામિનારાયણ... એમ નામું માંડે છે. એમના સંબંધીઓને એ વાતની ખબર પડી એટલે એ બધા ઉપાધિ કરે છે, તોય એ ગોવર્ધનભાઈ કોઈનું માનતા જ નથી.

કોઈનું ય નામ-ઠામ નોંધ્યા વિના માલના પૈસા કોની પાસેથી માગશે ? વ્યવહારની રીત બિલકુલ સમજતા જ નથી. આ વાત સ્વામીએ શ્રીજીમહારાજને કરેલી; તે વખતે પ્રભુએ ખુલાસો કરેલો કે એમને તો માટી, પથ્થર ને સોનું એ બધું જ સમાન છે. ફક્ત અમારી આજ્ઞાથી સંસારનો વ્યવહાર કરે છે. પોતાની સઘળી ચિંતા અમારે શિરે મૂકી દીધી છે. ત્યારથી મુક્તાનંદ સ્વામીને ગોવર્ધનભાઈની ઊચ્ચ સ્થિતિનો અંદાજ આવી ગયો હતો.

વચનપરાયણતા

વર્ષાઋતુના સમયમાં શ્રીજીમહારાજ ગઢપુર હતા. ત્યાંથી કાગળ મારફતે ગોવર્ધનભાઈને ખબર મોકલ્યા કે આ કાગળ વાંચીને તરત જ જન્માષ્ટમીના સમૈયે ગઢડા આવજો.

ગોવર્ધનભાઈને પત્ર મળ્યો એ અરસામાં વરસાદ પુષ્કળ થયો હતો. ચોતરફ નાનાં મોટાં નદી-નાળાં બે કાંઠે વહી રહ્યાં હતાં. કીચડ પણ ખૂબ હતો.

ભક્તે વિચાર્યું : ઈષ્ટદેવનો આદેશ છે. તેનું અણીશુદ્ધ પાલન કરવું એ સેવકનો ધર્મ છે. એમાં જો વરસાદની છટકબારી શોધાય તો મારું સેવકપણું લાજે. ઘરનાં મનુષ્ય પાસે ભાતું કરાવ્યું. તે લઈને તરત જ નીકળી પડ્યા ગઢપુરના માર્ગે.

ધોધમાર વૃષ્ટિ ચાલુ હતી. તેની પરવા કર્યા વિના ગોવર્ધનભાઈ પંથ કાપવા લાગ્યા. ઉઘાડે પગે હતા તેથી માર્ગમાં કાંટા કાંકરા વાગતા હતા, પણ ભક્તને તેની પરવા નહોતી. સૂર્યાસ્તનો સમય થયો ત્યાં સુધી ચાલ્યે જ રાખ્યું. એમ કરતાં એક નદી પાસે પહોંચ્યા. તેમાં પણ

પૂર આવેલું હતું. તેને પાર કરી શકાય તેમ જ નહોતું. સતત ચાલવાને કારણે એ થાકીને લોથપોથ થઈ ગયા હતા. શું કરવું એ વિચારતા ઊભા રહ્યા. ત્યાંથી થોડે દૂર બાવળનું વૃક્ષ જોયું. તેની નીચે જઈને બે ચાર પથરા ગોઠવીને સૂતા. કારણ એ હતું કે રાતે તો કોઈ દિશા સૂઝે તેમ નહોતું.

વરસાદ ચાલુ જ હતો. ભક્તની રક્ષા કરવા શ્રીહરિએ શેષનારાયણને આદેશ આપ્યો. શેષજીએ ભક્તના શરીર પ્રમાણે ફેણ પહોળી કરીને આખી રાત ધરી રાખી. એક પણ બિંદુ ભક્ત પર પડવા દીધું નહિ. સવારે ભક્તરાજ જાગ્યા ત્યારે પોતાની ફેણ સંકેલી લઈને ભક્તને નમસ્કાર કરી શેષજી ચાલ્યા ગયા.

ઊંચી જગ્યામાં જઈ ભક્તે પૂજાપાઠ કર્યા. ટીમણ જમીને આગળ ચાલ્યા. એ ગઢપુર પહોંચ્યા. પ્રભુને દંડવત્ પ્રણામ કરી સભામાં બેઠા. તે વખતે શ્રીહરિ બોલ્યા : તમને વરસાદે બહુ હેરાન કર્યા. નદીમાં પૂર આવ્યું હતું. વરસાદથી તમારી રક્ષા કરવા અમે શેષજીને મોકલ્યા હતા.

પ્યારા પ્રીતમની એ અનહદ દયા ભરેલાં વચન સાંભળી ગોવર્ધનભાઈ ગદ્‌ગદ થઈ ગયા. કહેવા લાગ્યા : હે દયાળુ ! આપના સિવાય અમારી રક્ષા બીજો કોણ કરે ? આપ એવા દયાળુ છો કે ટાણે ટાણે ભક્તોની રક્ષા કરતા રહો છો.

શ્રીહરિનાં દર્શન-સેવા-સમાગમનો સુયોગ વિચારી ગોવર્ધનભાઈ જન્માષ્ટમીના સમૈયા પર સાતેક દિવસ રોકાયા. પછી શ્રીહરિએ આદેશ આપ્યો ત્યારે પાછા ઘેર ગયા. એ વખતે ભક્તોને ખ્યાલ આવ્યો કે ગોવર્ધનભાઈ કેવા વચનપરાયણ ભક્ત છે.

અન્યને પણ સમાધિ કરાવતા

ગોવર્ધનભાઈ પોતે સમાધિમાં જઈ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કરી શકતા, એ સાથે પ્રભુકૃપાથી અન્યને પણ સમાધિ કરાવી શકતા.

એક દિવસ ગામના સર્વે હરિભક્તોએ સભા પ્રસંગે તેમને કહ્યું :

આ સભામાંથી કોઈને સમાધિ કરાવો. સૌના એ આગ્રહને માન આપી ગોવર્ધનભાઈએ ત્રિકમ માળી નામના એક સારા સત્સંગીને કહ્યું : તારે સમાધિ જોવી છે ? ત્રિકમ માળીએ હા કહી. તેમના સામે ગોવર્ધનભાઈએ દૃષ્ટિ કરી કે તરત જ તે માળીને સમાધિ થઈ. એક કલાક બાદ એ જાગૃત થયા. સમાધિમાં પોતે અનુભવેલા સુખની વાત કરતાં તેમણે કહ્યું : અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન છે. તેમની ચારે બાજુ અનંતકોટી મુક્તો બેઠા છે. એ બધા એકાગ્ર દૃષ્ટિથી ભગવાનની સામું જ જોઈ રહ્યા છે. એ સુખ એવું અનુપમ છે કે તેનું વર્ણન કરવા આ લોકના શબ્દો ઝાંખા પડે. એ સુખનો અનુભવ થયા પછી આ લોકનાં માયિક સુખ વિષ તુલ્ય થઈ જાય.

ભક્તનો આવો સુખાનુભવ સાંભળી બધા જ આનંદ પામ્યા. સૌએ ગોવર્ધનભાઈને પૂછ્યું : હાલમાં મહારાજ ક્યાં બિરાજે છે ? શેઠ કહે : ગઢપુરમાં બિરાજે છે. ત્રિકમ માળી કહે : મને સમાધિ કરાવી ત્યાં મોકલો ને ? ત્યારે શેઠે તેમની સામે દૃષ્ટિ કરીને સમાધિ કરાવી. તેમાં માળીને એવાં દર્શન થયાં કે ગઢપુરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન દાદાખાચરના દરબારમાં લીમડા તળે ઢોલિયા ઉપર ઊગમણે મુખારવિંદે બિરાજમાન છે. જરિયાની વસ્ત્રો ધારણ કર્યાં છે. ભગવાનની આગળ પરમહંસોની સભા ભરાઈને બેઠી છે.

ત્રિકમ માળી આ રીતે દર્શન કરતા હતા, તેનું વર્ણન ગોવર્ધનભાઈ સભાજનો સમક્ષ કરી રહ્યા હતા. એ સાથે શેઠે એમ પણ કહ્યું કે, ત્રિકમ જાગે ત્યારે પાકી ખાત્રી કરવા માટે તેમને પૂછી જોજો.

ત્રિકમ માળી સમાધિમાંથી જાગ્યા. આણંદજીભાઈએ સઘળી વાત પૂછી. માળીએ સઘળી હકીકત કહી. તે જાણીને બધા આશ્ચર્ય પામ્યા.

આવી જ રીતે શીલ ગામના એક પરજિયા સોનીને સમાધિની ખાત્રી કરવાની ઈચ્છા થઈ. તેના દીકરાને સમાધિ કરાવી શ્રીજીમહારાજ પાસે મોકલ્યો. તેમાં પાકી એંધાણી મળી કે, શ્રીજીમહારાજ બિરંજ, દહીંની

કઢી, ભાજી, પાપડ વગેરે જમી રહ્યા છે.

ગ્રામજનોને આવા પ્રસંગથી અંદાજ આવી ગયો કે, જેમના ભક્તમાં આટલી બધી સામર્થી છે તેમના ભગવાન કેટલા બધા સમર્થ હશે ? આ રીતે સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તો દ્વારા પણ અસાધારણ ઐશ્વર્યો દર્શાવતા હતા.

ઉમરેઠમાં પાડા પાસે વેદ બોલાવ્યા

વરતાલમાં બે દિવસનો નિવાસ કરી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન ઉમરેઠ પધાર્યા. જાગનાથ મહાદેવના મંદિરમાં ઉતારો કર્યો. હજુ અહીં સત્સંગ પાંગર્યો ન હતો. બ્રાહ્મણોની વસતી બહુ જ મોટા પ્રમાણમાં હતી. શ્રીહરિને પધારેલા જોઈ બ્રાહ્મણો ભેગા થયા. તેઓ માંહોમાંહી નક્કી કરીને આવેલા કે ભગવાન કંઈક ઐશ્વર્ય દેખાડે તો તેમને માનીએ.

શ્રીહરિએ તેઓને મોક્ષસંબંધી વાત કરી ત્યારે કેટલાકે કહ્યું : મોક્ષ તો શંકર સ્વામી કરે, કેમ જે તેમણે પાડા પાસે વેદ બોલાવ્યા હતા. તેમ તમે પણ કરો તો તમને માનીએ. શ્રીહરિએ કહ્યું : પાડો વેદ બોલે એ વાત જ અશક્ય છે. જે બિલકુલ અબુધ હોય તેને પાડા જેવો કહેલ છે. માટે તમારે વેદગાન સાંભળવું હોય તો બોલાવો એવો અબુધ બ્રાહ્મણ, જેને કાંઈ પણ ન આવડતું હોય.

શ્રીહરિનો વિચાર સહુને ગમ્યો. માંહોમાંહી નક્કી કર્યું કે હરિશંકર નામનો બ્રાહ્મણ સાવ અબુધ છે. વધારામાં બોલતી વખતે તેની જીભ પણ થોથરાય છે. હરિશંકરને લઈને બ્રાહ્મણો શ્રીહરિની પાસે આવ્યા ને કહ્યું : આમની પાસે વેદ બોલાવો.

હરિશંકર સામે કૃપાદૃષ્ટિ કરી શ્રીહરિએ કહ્યું : હરિશંકર પંડિત, બોલો વેદ. શ્રીહરિના એ શબ્દોચ્ચારની સાથે હરિશંકરના મોઢેથી વેદના મંત્રો રેલાવા લાગ્યા. જાણે ગંગાનો સતત પ્રવાહ !! કોઈ મોટા વિદ્વાન વેદની ઋચાઓ ઉદાત્તાદિ સ્વરે સહિત તેમજ હ્રસ્વ, દીર્ઘ,

પ્લુત માત્રાથી બોલે તેમ હરિશંકરને વેદગાન કરતો જોઈ બધા જ બ્રાહ્મણો મોઢામાં આંગળાં ઘાલી ગયા. સૌ કહેવા લાગ્યા : આવું સ્પષ્ટ વેદગાન તો આપણે કાશીના મોટા પંડિતો પાસેથી પણ સાંભળ્યું નથી. આપણે તો માત્ર કર્મકાંડ જાણીએ છીએ, જ્યારે આ અબુધ હરિશંકર આપણને ટક્કર મારી ગયો !!

શ્રીહરિનો આ અદ્ભુત પ્રતાપ જોઈ બધા બ્રાહ્મણો શ્રીહરિની પાસે આવ્યા; પગે લાગી કહેવા લાગ્યા : હે મહારાજ, તમે સાક્ષાત્ શંકર સ્વામી છો. અમને તમારા પ્રતાપની ખબર ન હતી. હવે આપ દયા કરી અમને તમારા આશ્રિત કરો.

શ્રીહરિના પ્રૌઢ પ્રતાપની વાતો ગામમાં ચોમેર પ્રસરી ગઈ. ઘણા લોકો દર્શને આવ્યા ને નિયમ ધરાવવા પ્રાર્થના કરી. ઘણા જણાને એકી સાથે નિયમ ધરાવવાનું અશક્ય હતું; એ કામ પાર પાડવા શ્રીહરિએ ઘડો મંગાવ્યો. બધા ઉપર જળ છાંટીને કહ્યું : જેના ઉપર છાંટા પડ્યા તેને નિયમ ધરાવી દીધા. તમે પંચ વર્તમાન બરાબર પાળજો. અમે તમારું કલ્યાણ કરીશું.

આ ખેડાવાળ બ્રાહ્મણો સહેજમાં કોઈને નમી દે એવા ન હતા. પરંતુ શ્રીહરિનો પ્રતાપ જોઈ તેમને નિશ્ચય થઈ ગયો. સૌએ પોતપોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરાવી. વિપ્રોનો ગુણગ્રાહક સ્વભાવ જોઈ શ્રીહરિ ઉમરેઠમાં સાત દિવસ રોકાયા.

ગોકળ ગઢવીને વ્યસન છોડાવ્યું

ઉમરેઠથી શ્રીહરિ વરતાલ, ચાંગા થઈ મોરજ પધાર્યા. અહીં ગોકળદાન ગઢવીને ત્યાં શ્રીહરિએ ઉતારો કર્યો. ગોકળદાનને અફીણનું વ્યસન હતું, પણ શ્રીહરિ પોતાને ત્યાં પધારે ત્યારે અફીણ ખાતા નહિ. શ્રીહરિને તેમના વ્યસની સ્વભાવની ખબર ન પડી જાય એમ મનમાં ધારી અફીણ એવી રીતે સંતાડી દેતા કે તેની ગંધ જ ન આવે. બિચારા ભક્ત સારા હતા પણ અફીણનું વ્યસન એમના જીવનમાં લાંછનરૂપ

બની ગયું હતું. શ્રીહરિ તેમને ત્યાં પાંચ દિવસ સુધી રોકાયા. તે દરમ્યાન બારોટ અમથાભાઈ, જયકરણભાઈ વગેરેએ ખૂબ સેવાનો લાભ લીધો. પાંચમે દિવસે શ્રીહરિ જવા માટે તૈયાર થયા ત્યારે ગોકળદાને ચંદન, અક્ષત, ફૂલહાર વગેરેથી શ્રીહરિની પૂજા કરીને રોકડા પાંચસો રૂપિયા ભેટ મૂક્યા.

ભક્તની ભાવના જોઈ શ્રીહરિએ વિચાર્યું જે તેમનું આ વ્યસન, સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું છે. અમારે તે વ્યસન છોડાવવું પડે. ગોકળદાનને માથે હાથ મૂકીને શ્રીહરિએ કહ્યું : ગઢવી તમે અમારી બહુ સેવા કરી. હવે અમારે તમારી સેવા કરવી છે. ગોકળદાન ચમક્યા ને કહ્યું : મહારાજ, અમારે તમારી સેવા કરવાની હોય, પણ આપ અમારી સેવા કરો એ તો ઉલટો ક્રમ કહેવાય. શ્રીહરિએ કહ્યું : તમે બહુ સારા ભક્ત છો પણ એક ખોટ છે તે તમારા કલ્યાણમાં વિઘ્ન કરે તેવી છે, ને તે છે અફીણનું વ્યસન.

અફીણ વગેરેનાં વ્યસન માણસની કેવી બરબાદી સર્જે છે તે સાંભળો. વ્યસની માણસનો કોઈપણ વિશ્વાસ ન કરે. લોકમાં તેની એવી જ છાપ હોય કે તે જ્યાં-ત્યાંથી ચોરી કરીને અફીણ વગેરે ખાય. કોઈ બીજાએ ચોરી કરી હોય તો પણ લોકોને વહેમ વ્યસનવાળા ઉપર જ જાય. લોકો તો એમ જ કહે કે એણે ચોરી કરીને પોતાને વ્હાલી વ્યસનની ચીજ ખરીદી હશે. અફીણ માણસનું મોઢું કડવું કરી નાખે છે, શરીરનું લોહી પણ શોષી લે છે. સામાન્ય રીતે અફીણ એ એક પ્રકારનું ઝેર છે. પરિણામે શરીરને એ નુકશાન પહોંચાડે જ છે.

ગોકળદાને પણ હવે નક્કી કરી નાખ્યું જે આવાં વ્યસનથી તો શરીરની બરબાદી થાય, પૈસાની બરબાદી થાય ને મોક્ષ પણ ન થાય. તરત જ શ્રીહરિને પગે લાગીને કહ્યું : મહારાજ, આજથી વ્યસન છોડ્યું. ગઢવી તો ભગવાનને વિશે પ્રીતિવાળા હતા તેથી તેમણે તે જ દિવસથી વ્યસન છોડી દીધું. ભક્તની ટેક જોઈ શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા.

જેતલપુરમાં મહાયજ્ઞ

ઉત્તરાયણ પર્વ

મોરજથી શ્રીહરિ મૈયારી, વૌઠા થઈ ચલોડે પધાર્યા. અત્રે અમીન નથુભાઈના દીવાનખાને ઉતારો કર્યો. ભક્તે ખૂબ પ્રેમથી ઘણા પ્રકારની વાનગીઓ બનાવડાવી સૌને સારી રીતે જમાડ્યા. ભક્તને કૃતાર્થ કરી શ્રીહરિ જેતલપુર જવા રવાના થયા. આ બાજુ જેતલપુરના ભક્તોને જાણ થઈ હતી. તેઓ ઉમંગથી શ્રીહરિનું સ્વાગત કરવા આવ્યા હતા. સૌએ વાજતે ગાજતે શ્રીહરિને જેતલપુરમાં પધરાવ્યા. તળાવ પાસે રંગમહોલમાં ઉતારો રાખ્યો. સાંજની સભામાં શ્રીહરિએ સંતોને આજ્ઞા કરી કે તમે સંસ્કૃતનો અભ્યાસ કરો. આપણા સંપ્રદાયની ચઢતી જોઈ વામમાર્ગીઓ શાસ્ત્રાર્થ કરવા આવે તો તેને શાસ્ત્ર પ્રમાણથી જવાબ આપવાની જરૂર પડે. માટે સંસ્કૃત ભણવામાં અમારો રાજીપો છે. ભગવાનની મરજી જોઈ સંતોએ ઉત્સાહપૂર્વક ભણવાનું શરૂ કર્યું. જેતલપુરમાં એક દિવસ નિવાસ કરી બીજે દિવસે શ્રીહરિએ ગામડી ગામે જવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે ગંગામાએ કહેવડાવ્યું : આવતી કાલે ઉત્તરાયણનો દિવસ છે, દાન પુણ્યનો દિવસ છે.

હરિભક્તોને પણ શ્રીહરિને રોકવાની ઇચ્છા હતી. તેઓએ પણ વિનવણી કરી : મહારાજ, વારે વારે આવો અવસર આવતો નથી. માટે દયા કરી અમને લાભ આપો.

ભક્તોનો આગ્રહ જોઈ શ્રીહરિએ કહ્યું : લાભ લેવો હોય તો એક ઉપાય છે. આવતી કાલે ઉત્તરાયણ છે તો આપણે બ્રાહ્મણોને જમાડીએ. ચોરાસી કરીએ. એ સાંભળી ભક્તો રાજી થયા ને કહ્યું : ભલે મહારાજ, આપ કહો તેમ તૈયારી કરવા માંડીએ. કેટલા બ્રાહ્મણોને જમાડવા એ વિશે શ્રીહરિએ પૂછ્યું, 'આ જેતલપુરના વિપ્રોને જમાડવામાં કેટલું ઘી વપરાય ?'

'મહારાજ ! પાંચ મણ જેટલું ઘી તો જોઈએ જ.'

'આજુબાજુના ગામોમાંથી વિપ્રોને તેડાવીએ તો ?'

'મહારાજ ! તો તો દશ મણ ઘી જોઈએ.'

'આજે તો અમને એવો વિચાર આવે છે કે દંઢાવ્ય ને અમદાવાદથી પણ વિપ્રોને તેડાવીએ.'

'અરે મહારાજ ! તો તો ૫૦૦ મણ જેટલું ઘી તો ખપી જ જાય.'

'કાંઈ વાંધો નહિ; એ પણ નક્કી, ને તેય પણ આવતી કાલથી.'

'પણ પ્રભુ, એટલા બધાને જમાડવા માટે સીધું સામાન કેવી રીતે ભેગું કરશું ? આ તો નાનું ગામ છે. અમદાવાદ જેવું શહેર હોય તોય આટલો સામાન એક દિવસમાં ભેગો ન થઈ શકે. વળી એ બધાને નોતરું દેવાનું પણ કેમ પહોંચી વળાશે ?'

એ વખતે હાલની જેમ ટેલિફોન કે મોબાઈલ નહોતા; ઝડપી ગતિવાળાં વાહનોય નહોતાં કે જેના વડે દૂર દૂર દેશોથી મોટી સંખ્યામાં લોકોને ખબર પણ અપાઈ જાય ને લોકો પણ ઝડપભેર એકત્ર થઈ જાય.

આ સમસ્યાને હલ કરવા પ્રભુએ કહ્યું : હાલ ને હાલ ૨૦ ઘોડેસવારો જુદી જુદી દિશામાં મોકલી દો. અમારા પત્રોને લઈને એ ઠેરઠેર ફરી વળે. અમદાવાદમાં નથુ ભટ, દામોદર વગેરેને ખબર આપો કે, ત્યાંની બજારોમાંથી જેટલું સીધું મળે તે જલ્દીથી અહીં પહોંચતું કરે.

દાળ, ચોખા, ગોળ વગેરે તો મળી રહે પણ સેંકડો મણ લોટ દળવો કેમ ? એ પણ મોટી સમસ્યા હતી. (રામદાસભાઈ) રામદાસ સ્વામીને શ્રીહરિએ પૂછ્યું : અહીં ઘઉં કેટલા છે ?

'પ્રભુ હાલમાં તો આશરે ૨૦૦ મણ જેટલા હશે.'

'બસ, હવે કાંઈ વાંધો નથી. એને દળવાની તો હાલ ને હાલ વ્યવસ્થા થઈ જશે.'

શ્રીહરિના આ વચનમાં ભક્તોને કાંઈ ગમ ન પડી કે એટલા બધા ઘઉં કેમ દળાઈ જશે ? એ કહેવા લાગ્યા : મહારાજ ! એટલા બધા

ઘઉં દળવામાં તો કેટલાય દિવસો નીકળી જશે.

'હવે તમે બીજી ચિંતા કર્યા વગર ૧૦ ગાડાં ઘઉંનાં ભરાવીને લાવો.'

ગાડાં આવ્યાં. શ્રીહરિએ જેતલપુરના ચોરે ઘઉં દળવાની જાહેરમાં ઘોષણા કરી, ત્યાં જ ઘરોઘરથી સન્નારીઓ ઘઉં લેવા હાજર થઈ ગઈ. કોઈ મણ તો કોઈ બે મણ લઈ ગઈ. આજે તો જેતલપુરમાં ઘરોઘર ઘઉં દળવાના મધુર ધ્વનિથી ગૂંજવા લાગ્યાં.

જેતલપુરમાં ગણિકાનો ભાગ્યોદય

આજે જેતલપુરને આંગણે જાણે સર્વોદયનો સૂરજ ઊગ્યો હતો. પતિતને પાવન થવાનો એ મહામોંઘો અવસર હતો. એ અવસરને ઝડપી લેવા અહીંની ગણિકા લક્ષ્મીબાઈ (નાથીબાઈ) ને પણ ઉમળકો જાગ્યો.

મનમાં વિચાર્યું : ગંગાજી આંગણે આવ્યાં છે એવી ધન્યવેળાએ મનખાને ઝબોળીને શા માટે પવિત્ર ન કરવો ?

અહીંના મહોલ્લાના ચૌટે મોટી હવેલીમાં મહાલનાર એ ગઈણકાને પાવન થવાની પ્રેરણા જાગી. એ પણ ઘઉં લેવા હાજર થઈ ગયાં. ઘઉંનું વિતરણ કરતા શ્રીહરિની કમનીય મૂર્તિ જોઈ ત્યાં જ એમનું હૈયું હેરાઈ ગયું. એમણે વાતો તો સાંભળી હતી પણ આજે પ્રત્યક્ષ અનુભવ થયો. એ ઝટપટ શ્રીહરિની નજીક પહોંચી ગયાં. અરજ ગુજારી : મને પણ એ સેવા આપો.

ત્યાં જ એક તુંડ મિજાજી માણસ આગળ આવ્યો. એ કહેવા લાગ્યો : આપણા આ પવિત્ર યજ્ઞને અભડાવવા આ બાઈ આવી છે. એનાં કર્મો હીન છે.

એ ભાઈની શંકાનું સમાધાન કરવા શ્રીહરિ બોલ્યા : મનુષ્યે કોઈ સંજોગોમાં નીચ કર્મ કર્યું હોય, પરંતુ જો સાચા દિલથી પસ્તાવો કરે તો તે ચોક્કસ નિર્મળ થાય છે. આ બાઈ પોતાનાં પાપકર્મનો પસ્તાવો કરવા આવી છે. તેનામાં અત્યારે સેવાભાવ સ્પષ્ટ દેખાય છે માટે ઘઉં

દળવા આપીશું.

આ સાથે એ બાઈને શ્રીહરિએ કહ્યું : 'જરૂર આપીશું, પણ એક શરત. તમે જાતે જ દળવાનાં હો તો.'

લોકોમાં ચણભણાટ શરૂ થયો. 'એશ આરામથી જીવનારી ગણિકા શું ઘઉં દળશે ?'

ત્યાં જ શ્રીહરિની દયાથી લક્ષ્મીબાઈને ઉમળકો વધ્યો. તરત જ કહ્યું : લાવો પ્રભુ ! હું જાતે જ દળીશ. પણ પ્રભુ ! મારો ધંધો પાપનો છે, એનો ખુલાસો પહેલેથી કરી દઉં.

'હા મને ખબર છે. આ અવસર જ અનોખો છે, પ્રાયશ્ચિત્ત કરીને પવિત્ર થવાનો.'

'તો લાવો પ્રભુજી.'

'જો તું જાતે જ દળવાની હોય તો જ આપું.'

'હા પ્રભુ, હું જાતે જ દળીશ. ધર્મનું કામ ભાડૂતી માણસો દ્વારા કરાવું તો પછી મારાં પાપ કેમ ધોવાય ?'

'પણ તેં તો કોઈ વખત દળ્યું નથી, તો પછી દળીશ કઈ રીતે ?'

'તમારું નામ લેતાં લેતાં દળીશ. મને અચળ ભરોસો છે કે મારું કામ અવશ્ય પાર પડશે.'

લક્ષ્મીબાઈને ઘઉં મળ્યા. આજે તો પાપ ધોવાનો ખરેખરો મોકો મળ્યો હતો એના તાનમાં એ નહાઈ ધોઈ પવિત્ર થઈ પોતે જ ઘંટી સાફ કરી દળવા તૈયાર થયાં. દાસીઓ દળવા તૈયાર થઈ, પણ તે બધીને સાફ ના કહી દીધી.

જે મકાનમાં હંમેશાં વાસના ભૂખ્યાં વરુઓને સંતોષવામાં આવતાં ત્યાં આજે પવિત્ર સેવાની સરવાણી ફૂટી ! જ્યાં ભોગના ભડકા થતા હતા ત્યાં આજે ભક્તિની ભીનાશ આવી.

પ્રભુ-પ્રસન્નતાના તાનમાં શ્રીહરિની મૂર્તિ અંતરમાં ધારી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એવા રટનપૂર્વક દળવાનું શરૂ

કર્યું. દળતાં દળતાં થાક લાગ્યો, પરસેવો છૂટવા લાગ્યો, પણ એ કશાની પરવા કર્યા વિના લક્ષ્મીબાઈએ દળણું દળવાનું ચાલુ રાખ્યું.

દાસીઓ કરગરવા લાગી : હવે રાખો, ઘડીક આરામ કરો. લક્ષ્મીબાઈ કહે : ના, મારા પ્રભુના કામમાં ચૂક આવે એવું હું નહિ કરું. સવારે તો બધા ઘઉં દળીને મારા પ્રભુને આપવાના છે.

દાસીઓ કહે : આમ તો આખી રાત દળ્યા કરશો તોય બધા ઘઉં નહિ દળી શકો.

લક્ષ્મીબાઈ કહે : મને મારા પ્રભુ પર પાકો ભરોસો છે. એમણે સેવા સોંપી છે. એ જ પ્રભુ આ કામ પાર પડાવશે. આમાં તમારે કોઈએ ડખલગીરી કરવાની નથી.

લક્ષ્મીબાઈનું આવું દૃઢ મનોબળ જોઈ દાસીઓ ચૂપ થઈ ગઈ.

ઘઉં દળાતા ગયા તે સાથે પોતાના મલિન મનની બધી વાસનાઓ પણ દળાતી ગઈ. દૃઢ મનોબળનાં પડળો વચ્ચે પીસાઈ પીસાઈને તેની બધી તૃષ્ણાઓ નાશ પામી. હાથે ફોલ્લા પડ્યા તો તેના ઉપર ચીર ચીરીને પાટા બાંધ્યા, પણ દળવાનું તો ન જ છોડ્યું. રાત વીતી ને દળણું પણ પૂરું થયું.

સવારે ફરીથી સ્નાનાદિથી પરવારી તૈયાર થયેલ લોટ લઈ વિશુદ્ધિને વરેલા જીવ તરીકે એ લક્ષ્મીબાઈએ સભામાં પ્રવેશ કર્યો. એમને જોતાં જ સભાજનોમાં ચણભણાટ થવા લાગ્યો : આ તો વેશ્યા છે, કોઈ દા'ડો કાંઈ કામ કર્યું નથી, એણે શું ઘઉં દળ્યા હશે ? એ તો દાસી પાસે દળાવીને જશ ખાટવા આવી છે.

શ્રીહરિ તો સઘળું રહસ્ય જાણતા હતા. ચર્ચાનો અંત આણવા શ્રીહરિએ પૂછ્યું : ઘઉં જાતે જ દળ્યા છે ને ?

'હા પ્રભુ, મેં જાતે જ દળ્યા છે.'

'તારા હાથ બતાવ.' હાથ પર ફોલ્લા પડી ગયેલા જોયા. તરત જ શ્રીહરિએ કહ્યું : આ સભાજનોને બતાવ. હાથમાં લોહીનાં ટશિયાં

ફૂટેલાં જોઈ સભાજનો તાજુબ થઈ ગયા.

હજુ પણ એક તર્કવાદીને સંશય થયો. તેણે કહ્યું : 'પ્રભુ ! આ લોટ યજ્ઞના પવિત્ર કામમાં નહિ આવે.'

પ્રભુ કહે : 'ભલે ભાઈ, યજ્ઞમાં નહિ વાપરીએ, એ અમારા થાળમાં વાપરીશું, બસ.'

હવે તો રહ્યાસહ્યા બધાનું સમાધાન થઈ ગયું. સૌના મોઢે એક જ વાત થવા લાગી કે, લક્ષ્મીબાઈને આપણે કરમની ફૂટેલી માનતા હતા, પણ બહુ જ ભાગ્યશાળી નીકળી. જીવ તો બિચારા પાપના કિચડમાં અટવાતા હોય છે, તેમાંથી ઉગારવાનું કામ ભગવાન વિના બીજો કોણ કરી શકે ?

લક્ષ્મીબાઈને આશિષ આપતા શ્રીહરિ બોલ્યા : તારાં પાપ બધાં બળી ગયાં. જા, મુક્તાનંદ સ્વામીના જેવું તારું કલ્યાણ.

શ્રીહરિની અકળ લીલા

આ યજ્ઞમાં શ્રીહરિને કોઈપણ પ્રકારની ખામી રાખવી ન હતી. તેથી ઠેઠ કાશી પર્યન્તના વિદ્વાનોને કંકોત્રી મોકલીને તેડાવ્યા. કચ્છ, કાઠીઆવાડ, ઝાલાવાડ, ગુજરાત, સોરઠ, હાલાર, ખાનદેશ વગેરેના તો ખરા જ. મહોત્સવ પ્રસંગે રસોઈ માટે ચોખા તેમજ બળતણ પૂરું પાડવાની તેમજ ઢોરઢાંખર માટેનો ચારો પૂરો પાડવાની જવાબદારી જેતલપુરના ભક્તોએ લીધી.

મહોત્સવનું નિમંત્રણ પાઠવવા શ્રીહરિએ ચારે દિશામાં ઘોડેસવારો મોકલ્યા. હજુ એ રસ્તામાં જ હતા ત્યાં આશ્ચર્ય જોયું. ગામોગામથી ઘી-ગોળ, તેલ ને સીધાંનાં ગાડાંની કતાર લાગી. એમને પૂછતાં જાણવા મળ્યું કે, અમને રાતે દર્શન દઈ શ્રીહરિએ કહ્યું છે કે હાલ ને હાલ ગાડાં ભરીને જેતલપુર આવો.

અમદાવાદમાં લાલદાસ ગોરા, નથુ ભટ્ટ, દામોદર, માણેકચંદ, ગંગાદાસ, પુરુષોત્તમ સોની વગેરેને પણ એ જ રીતે દર્શન દઈને સીધું

લાવવાનો આદેશ આપ્યો. તેઓએ પણ સામગ્રી ખરીદીને જેતલપુર તરફ ગાડાં રવાના કર્યાં. બધાએ અલગ અલગ ઠેકાણેથી એક સાથે ખરીદી કરી એટલે વેપારીઓને એ ખબર ન પડી કે સ્વામિનારાયણ ભગવાન મોટો યજ્ઞ કરે છે. જો ખબર પડત તો ભાવ વધારી દેત.

જોતજોતામાં જેતલપુરમાં લોટ, ગોળ, હળદર-મરચું, મસાલા વગેરેના મોટા ગંજ ખડકાયા. આ બધા માલસામાનની સાચવણી માટે દરબારો-રજપૂતો વગેરેને પણ ભગવાને હથિયાર સહિત તેડાવી લીધા હતા.

આ રીતની દરેક પ્રકારની સીધા-સામગ્રી જોઈ રામદાસ સ્વામી-રામદાસભાઈ અહોભાવમાં ગરકાવ થઈ ગયા. એ કહેવા લાગ્યા : મહારાજ ! તમારી લીલા અકળ છે. આટલી સામગ્રી એકત્ર કરવી હોય તો છ માસ વીતી જાય, પણ આપે તો ખરેખર કરામત કરી !!

નારદીપુરથી વિપ્ર નાનાભાઈ ઘીના ગાડવા લઈને આવી ગયા. તેમના પર શ્રીહરિએ ખૂબ જ પ્રસન્નતા દર્શાવી. આ ઉપરાંત ગામોગામથી હરિભક્તો ઘઉં, દાળ, ગોળ, કઠોળ વગેરે સામાન લઈને આવી ગયા.

શ્રીહરિએ આશીર્વાદ આપતાં કહ્યું : આ બધો સામાન લાવવા માટે તમે જે બળદોને ગાડે જોડ્યા તેનું પણ અમે આત્યંતિક કલ્યાણ કરીશું.

મહોત્સવના પ્રારંભ માટે સંવત ૧૮૬૫ના પોષ સુદની આઠમ નક્કી થઈ. તેની અગાઉથી બ્રહ્મભોજન તો ચાલુ થઈ જ ગયું. ગામોગામથી બ્રાહ્મણો એટલા બધા આવ્યા કે જ્યાં જુઓ ત્યાં માણસ જ માણસ. જેતલપુરની સીમ, ખેતરો, વાડીઓ ઉપરાંત આજુબાજુનો મોટો વિસ્તાર સફેદ રાવટીઓ ને તંબુઓથી શોભવા લાગ્યો.

શ્રીહરિનો સંદેશો મળતાં સંતોનાં મંડળ પણ એકત્ર થવા લાગ્યાં.

યજ્ઞ પ્રારંભ

મહારુદ્ર નિમિત્તે હજારો બ્રાહ્મણો આવ્યા હતા. તેમાં કેટલાય શક્તિપંથી અને કૌલપંથી હતા. શ્રીહરિ જાણતા હતા કે તે બધા

અણસમજણે કરીને હિંસામય યજ્ઞમાં પ્રવર્તેલા છે. યજ્ઞની પ્રવૃત્તિ પુણ્ય માટે કરવામાં આવેલી છે. સાચી વાત સમજ્યા વિના બ્રાહ્મણો પાપકર્મમાં ફસાઈ રહ્યા છે. તેમને વેદોનાં પ્રમાણ આપી સન્માર્ગે દોરવા શ્રીહરિએ અહિંસામય યજ્ઞ યોજ્યો હતો.

યજ્ઞનો પ્રારંભ સંવત ૧૮૬૫ પોષ સુદ આઠમ તા. ૨૫-૧૨-૧૮૦૮ ને રવિવારથી થયો તેની પૂર્વે યજ્ઞમંડપ, યજ્ઞકુંડ તેમજ સમિધ, જવ, તલ, ઘૃત વગેરે બધી જ સામગ્રી તૈયાર થઈ ગઈ હતી. શ્રીહરિએ નારદીપુરના નાનાભાઈને મુખ્ય યજમાન તરીકે રાખ્યા હતા. આ ઉપરાંત હળવદ, ઉમરેઠ વગેરે ગામના ઘણા વિપ્રો વરુણીમાં બેઠા હતા.

જેતલપુર ગામ વૈદિક મંત્રોચ્ચારના નાદથી ગૂંજવા લાગ્યું. રોજેરોજ સવાર સાંજ બ્રાહ્મણો માટે પાકાં ભોજન થવા લાગ્યાં. શ્રીહરિ સભામાં વાતો કરતા ને સંતો કીર્તનગાન કરતા. આગન્તુક જીવો કહેવા લાગ્યા કે આવી વાતો અને આવા ભક્તિ-પરાયણ સંતો આપણે ક્યાંય જોયા નથી. ખરેખરી કમાલ તો એ છે કે, થોડા જ સમયમાં હજારો માણસો માટે સીધા સામગ્રીની તૈયારી કરી દીધી ! આવું તો મોટો ચમરબંધી રાજા પણ ન કરાવી શકે. શ્રીહરિના મહિમા-ગાનનો આવો વિજયઘોષ ગામેગામ ને દેશોદેશ ગાજવા લાગ્યો.

મહોત્સવ વેળાએ જાહોજલાલી

હરિભક્તોને પ્રભુના પૂજનનો ઉમંગ હતો. તેઓ હજારોની સંખ્યામાં પુષ્પના હાર લાવતા. હરિવરને હેતથી પે'રાવતા. આ ઉપરાંત તોરા, ગુચ્છ, બાજુબંધ, ટોપી વગેરે પણ લાવતા.

શ્રીહરિ કેટલાક હાર વિપ્રોને આપતા. વિપ્રો પણ પૂરા ભાવ સાથે તે ફૂલહાર લેતા. કેટલાક હાર સંતોને તો કેટલાક હરિભક્તોને પણ આપતા. હાર એટલા બધા થતા કે તેને મંડપમાં લટકાવી દેતા. એ વખતે આખો મંડપ પ્રફુલ્લિત બાગ જેવો દેદીપ્યમાન લાગતો. એક પહોર સવારે ને એક પહોર સાંજે સભા થતી. સભા મધ્યે ભવ્ય

સિંહાસન પર શ્રીહરિ બિરાજમાન થતા. સભા સિવાયના સમયમાં શ્રીહરિ યજ્ઞશાળામાં પધારતા.

રંગમહોલની પડખે ખુલ્લી જગ્યામાં યજ્ઞમંડપની સજાવટ કરવામાં આવી હતી. ચારેય વેદના બ્રાહ્મણો આવેલા હતા. તેમાં સામવેદી બ્રાહ્મણો મુખ્ય નિમાયા હતા. વૈદિક મંત્રગાનથી આખું જેતલપુર ગામ ગાજતું રહેતું.

યજ્ઞકુંડમાં ઘી હોમવા માટે એક મોટા દેગડામાં ચાર સાર-કાણાં પાડ્યાં હતાં. ઊંચે બાંધેલા તે દેગડાના સાર નીચે ઘીનાં પરનાળાં બાંધવામાં આવ્યાં હતાં. તેમાંથી અખંડ ધારે ઘૃતહોમ થતો હતો. દેગડાની નીચે પાડેલા સારમાંથી પણ ઘૃતની પાંચમી ધાર થતી હતી. આ યજ્ઞ હોમને માણવા ઈન્દ્ર, વરુણ, કુબેર, અગ્નિ વગેરે દેવ મૂર્તિમાન થઈને આવતા હતા.

સરોવર પાસેના કોટમાં સંખ્યાબંધ વિપ્રો ચૂરમાના લાડુ બનાવતા. શિયાળો હતો એટલે લાડુમાં જેટલું સમાય તેટલું ઘી નાખતા.

વહેલાલ-કણભાથી આવનારા ભક્તો લાકડાંનાં ને ઘાસનાં ગાડાં ભરીને લાવતા, જેનો કાંઈ પાર નહોતો. ગોળ, તુવેર દાળ, ચોખા અને લોટના મોટા પર્વત જેવા ઢગલા કર્યા હતા. તે જ રીતે ઘીનાં મોટાં કુડલાં ભર્યાં હતાં. સામાન પર સંતોની ચોકી હતી. આ બધે સ્થળે શ્રીહરિ દર્શન દેવા પધારતા. સામાન અંગેની પૂછપરછ કરતા.

ક્ષત્રિય હરિભક્તો હથિયારબંધ રહી ત્રણ ત્રણ કલાકના વારા પ્રમાણે ચોકીપહેરો કરતા. જે જે વિભાગમાં સામાનની જે કાંઈ લેવડ દેવડ થાય, ખર્ચ થાય તેની ભક્તો પાકી નોંધ કરતા. બધો વહીવટ મયારામ ભટ્ટ સંભાળતા.

સુથાર ભક્તો લાકડાં ફાડતા, બાઈઓ અનાજ સાફ કરીને દળતી, કોઈક પાપડ વણતી. એ સમયે કીર્તનગાનનો મધુર ધ્વનિ ચોમેર છવાઈ જતો.

રોજેરોજ એક લાખ વિપ્રો જમતા. મોટા મોટા લાડુ જોઈ એ હરખાતા. પાંચ હજાર વિપ્રો તો પીરસવામાં ખડે પગે હાજર રહેતા. લાડુ પીરસાઈ રહે ત્યારે તેને ભાંગીને તેના ઉપર ફરીથી ઘી પીરસાતું. જમનારા વિપ્રો હરખભેર બોલતા કે આ ભૂમિ ઉપર અપરંપાર રાજાઓ છે, પણ તેઓ ધનને પુણ્યકાર્યમાં વાપરતા નથી, જ્યારે આ સ્વામિનારાયણ છે તેમને ગામ-ગરાસ કાંઈ નથી, તોય આવા અદ્‌ભુત યજ્ઞ કરે છે !! કેટલાક એમ કહેતા કે સ્વામિનારાયણ તો સિદ્ધપુરુષ છે. એ મનમાં ધારે તે કરી શકે તેમ છે.

અહિંસામય યજ્ઞ-શાસ્ત્ર પ્રમાણ

શ્રીહરિનો ઉત્કર્ષ વામમાર્ગી તેમજ શક્તિપંથીઓથી સહન ન થઈ શક્યો. તેઓ શ્રીહરિનો પરાભવ કરવા માટે શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયા. તેમાંનો એક હતો મહેમદાવાદનો શક્તિપંથી બ્રાહ્મણ બંસીધર. પોતાના શિષ્યોને સાથે લાવીને શાસ્ત્રચર્ચાની માગણી કરી. શ્રીહરિએ કાશીના કૃષ્ણરામ, હરિપ્રસાદ, સુરતના નારાયણરામ, દામોદર, અમદાવાદના નરભેરામ, નથુરામ, વડોદરાના રૂપશંકર, નડિયાદના આશારામ, વિસનગરના દુર્ગાશંકર વગેરે વિપ્રોને બોલાવ્યા ને કહ્યું : કેટલાક બ્રાહ્મણો દેવીનું પૂજન કરે છે, તેમાં મદ્ય-માંસનું નૈવેદ્ય ધરે છે. વળી કોઈ પશુ મારીને યજ્ઞ કરે છે તે શું શાસ્ત્રકથિત છે ? અમદાવાદના નરભેરામ જે સર્વ શાસ્ત્રના જાણકાર હતા તેમણે કહ્યું : મદ્ય માંસથી જે દેવીનું પૂજન કરે છે તે શુદ્ર છે, મ્લેચ્છ છે. વામમાર્ગીએ પોતાની મલિન વૃત્તિ પોષવા માટે ગ્રંથ રચ્યા છે. શાસ્ત્ર ક્યારેય હિંસાનું પ્રતિપાદન કરતાં નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે **आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ।** અર્થાત્ જે સર્વ પ્રાણી માત્રને વિશે પોતાપણાની દૃષ્ટિ રાખે તે જ ખરો જોનારો છે. જેમ આપણને કોઈ મારે તો કેવી પીડા થાય છે ? તેવી જ રીતે અન્ય પ્રાણીને પણ પીડા થાય છે, દરેક પ્રાણીને પોતાનો પ્રાણ પ્રિય હોય છે.

વિશેષ પ્રતિપાદન કરતાં વડોદરાના રૂપશંકરે તૈતરીય બ્રાહ્મણ ગ્રંથમાં અહિંસાનું પ્રતિપાદન કરતી શ્રુતિઓ સંભળાવી. આ બાબતમાં તો બંસીધરને રસ જ ન હતો. તે શક્તિપંથી હતો તેથી તેને તો એટલું જ જોઈતું હતું કે શક્તિનું પ્રતિપાદન થાય. તેથી પૂછ્યું : શક્તિની ઉપાસના કયા ઉપચારથી કરાય ? ત્યારે વિદ્વાન વિપ્રોએ જવાબ આપ્યો : તમામ શાસ્ત્રમાં કહેલું છે ભગવાન તો સર્વ શક્તિના નિયંતા છે. **સર્વશક્તિપતિઃ પ્રભુઃ ।** લક્ષ્મી, સરસ્વતી વગેરે ભગવાનની શક્તિનાં સ્વરૂપો છે. જેમ ભગવાનનું પૂજન ચંદન, કંકુ, અક્ષત, શ્રીફળ વગેરેથી થાય છે તેમજ શુદ્ધ ધાન્યમાંથી બનેલાં પકવાન, ફરસાણ, શાક વગેરેના ભોગ ધરાવાય છે, તેવી જ રીતે ભગવાનની શક્તિનું પૂજન અર્ચન થાય.

શક્તિપંથી બંસીધર (કિચક)ની માન્યતા બિલકુલ શાસ્ત્રવિરૂદ્ધ સાબિત થઈ. સૌ અગ્રગણ્ય વિદ્વાન વિપ્રવર્યોનું એ જ મંતવ્ય હતું કે, માંસ ને મદિરાથી શક્તિનું પૂજન થાય જ નહિ. અરે એથીય આગળ વધીને એ પણ દીવા જેવું સ્પષ્ટ છે કે, ભગવાનનું પૂજન અર્ચન કરીએ એમાં બધાનું પૂજન આવી જાય. માંસ-મદિરાથી પૂજન કરનારા મ્લેચ્છ જાણવા.

વિઘ્ન કરવા દ્વેષીના પેંતરા

શાસ્ત્રજ્ઞ વિપ્રવર્યોનાં વચન સાંભળી બંસીધર વગેરે ને તેના શિષ્યો ઉશ્કેરાયા. વિચાર્યું જે ગમે તે રીતે કરીને આ યજ્ઞમાં વિઘ્ન ઊભું કરીએ. પછી પોતાના લાગતા વળગતાને ભેળા કર્યા. અમદાવાદમાં પેશ્વાના સૂબા વિઠ્ઠલરાવ બાલાજીને કાન-ભંભેરણી કરી. સૂબો પણ વામમાર્ગી હતો. એટલે એ પણ ભેગો ભળ્યો. યજ્ઞ માટે અમદાવાદથી આવતાં ઘીનાં ગાડાં રોકવાનું નક્કી કર્યું. ચારે બાજુથી ચોકી ગોઠવી દેવામાં આવી, જેથી ક્યાંયથી ઘી ન આવી શકે.

પાકશાળામાં કામ કરનારા બ્રાહ્મણો હતા, તેમણે માંહોમાંહી યોજના કરી. લાડુ તૈયાર કર્યા હતા તે બધા તળાવમાં નાખી દીધા. બીજે દિવસે

તે દ્વેષી બ્રાહ્મણો કોલાહલ કરવા લાગ્યા : લાડુ ખલાસ થઈ ગયા છે માટે ઘી લાવો. હજારો બ્રાહ્મણો માટે રસોઈ બનાવવાની બાકી છે. કોઠારી સંતોએ ઘીનાં કુડલાં તપાસવા માંડ્યાં પણ બધાં જ ખાલી. ઘી મળતાં વાર થઈ એટલે દ્વેષીઓએ કોલાહલ મચાવી દીધો કે ઘી લાવો... ઘી લાવો...

શ્રીહરિ સમજી ગયા કે આ બધું દ્વેષીઓનું કામ છે. વિશેષ તપાસ કરતાં જાણવા મળ્યું કે દ્વેષીઓએ લાડવા તળાવમાં નાખી દીધા છે ને અમદાવાદથી આવતાં ઘીનાં ગાડાં માટે નાકાબંધી કરી છે. આનો નિવેડો તરત જ લાવવાની જરૂર જણાઈ. જ્યાં ઘીનાં કુડલાં હતાં ત્યાં શ્રીહરિ પધાર્યા. તેમાંથી એક કુડલાંમાં પોણો મણ ઘી દેખાડ્યું, ત્યાં સોટી અડાડીને કહ્યું : આ કુડલાંમાંથી જોઈએ એટલું ઘી કાઢતા રહેજો, એ પ્રમાણે કુડલાંમાંથી અખંડ ધારે ઘી કાઢવા માંડ્યું. દ્વેષી બ્રાહ્મણો તો છક થઈ ગયા. એ જોતા જ રહી ગયા; વિચારવા લાગ્યા જે આમને કોઈ રીતે પહોંચી શકાય તેમ નથી.

યુક્તિથી પાકશાળાનો કબજો

શ્રીહરિએ વિચાર્યું જે જ્યાં સુધી પાકશાળાનો કબજો દ્વેષી બ્રાહ્મણો પાસે છે ત્યાં સુધી તેઓ વિઘ્નો ઊભાં કર્યા કરવાના. તેમને સીધેસીધી તો ના નહિ પાડી શકાય. તેઓ રાજી ખુશીથી ખસી જાય એવી યુક્તિ શ્રીહરિએ ઘડી કાઢી. તરત જ પાકશાળામાં પધાર્યા. સાથે સત્સંગી બ્રાહ્મણોને પણ લઈ ગયા. પાકશાળામાં બ્રાહ્મણો પર અત્યંત પ્રસન્નતા દેખાડતા હોય તેમ કહ્યું : હે ભૂદેવો, તમે ઘણા દિવસથી રસોઈ કરીને થાકી ગયા છો. તમારા જેવા સેવાભાવી વિપ્રો પાસે વધારે શ્રમ કરાવવો એ યોગ્ય ન ગણાય. હવે તમે આરામ કરો. બાકી રહેલું કામ આ બ્રાહ્મણો પાર પાડશે.

એમ યુક્તિથી દ્વેષીઓને પાકશાળામાંથી છૂટા કર્યા. સત્સંગી બ્રાહ્મણોને કહ્યું : હવે તમે કબજો છોડશો નહિ. કદાચ દ્વેષી લોકો ધમાલ કરવા આવે તો તમે લાકડીથી સામનો કરજો.

યજ્ઞની પૂર્ણાહુતિ પોષ વદ ૧૦ મંગળવારના રોજ હતી. પાકશાળાનો કબજો સત્સંગી બ્રાહ્મણો પાસે હતો. જમતી વખતે કોઈ ધમાલ ન કરે તે માટે શ્રીહરિએ કાઠીઓને લાકડી તેમજ બંદૂક સહિત તૈયાર રાખ્યા હતા. જમવાની પંક્તિ થઈ. તે વખતે શ્રીહરિએ કહ્યું : ભૂદેવો, અમારે તમને જમાડવા છે. માટે શાંતિથી જમજો. કોઈ ધમાલ કરશો નહિ. જો કોઈ ધમાલ કરશે તેને સીધા-દોર કરવા આ પાર્ષદો તૈયાર છે. શ્રીહરિનો આવો પાકો બંદોબસ્ત જોઈ દ્વેષીઓ ઊં કે ચૂં કરી શક્યા નહિ. આમ યજ્ઞ નિર્વિઘ્નપણે પાર પડ્યો.

યજ્ઞને અંતે સૌ બ્રાહ્મણોને શ્રીહરિએ દક્ષિણાઓ પણ આપી. તેમાં કેટલાકને કન્યાદાન માટે, તો કેટલાકને તેમનાં બાળકોના યજ્ઞોપવીત માટે ધન આપ્યું. જે સમજુ હતા તેમણે શ્રીહરિનો પ્રતાપ જોઈને પોતાના મતનો ત્યાગ કર્યો. તેઓ શ્રીહરિના શરણે આવ્યા. ગામેગામ વાત થવા લાગી કે સ્વામિનારાયણ ભગવાને જેવો યજ્ઞ કર્યો તેવો યજ્ઞ આ દુનિયામાં બીજો કોઈ કરી શકે તેમ નથી.

જીવણ ભક્તનો પ્રેમનો રોટલો

જેતલપુરમાં રહેતા જીવણ ભક્ત બહુ જ ગરીબ પરિસ્થિતિના હતા. તેમને શ્રીહરિને વિશે અસાધારણ હેત હતું યજ્ઞ સમયે તેમણે તનથી ખૂબ જ સેવા કરી હતી. ભક્તો પાકા થાળ કરીને શ્રીહરિ પાસે લાવતા. જીવણ ભક્તને પણ થતું કે હું પણ ભગવાન માટે થાળ બનાવું ને જમાડું. પણ પોતે વ્યવહારે બહુ જ દુર્બળ. સુદામા જેવી દરિદ્રતા. ભક્ત વિચારવા લાગ્યા : હે વ્હાલમા ! તમે મને થોડુંક આપ્યું હોત તો તમારા માટે સુંદર થાળ બનાવી જમાડત. એ વિચારમાત્રથી ભક્ત ગમગીન બની ગયા. એવામાં એમનાં ધર્મપત્ની ઘરમાં આવ્યાં. પતિદેવને દિલગીર જોઈને કારણ જાણી લીધું. તરત જ કહ્યું : આવતી કાલે થાળ બનાવી પ્રભુને જમાડીશું.

'પણ આપણા ઘરમાં છે જ શું તે જમાડીએ ? એક ટંક જમવાનું

પણ પૂરું થતું નથી ને તું તો થાળ બનાવવાની વાત કરે છે !'

'અરે પતિદેવ ! ઘરમાં શેર મઠ પડ્યા છે, તેને દળીને લોટ બનાવી તેના રોટલા બનાવીશ. તમે વગડામાં જઈ ડોડીની ભાજી લઈ આવો, તેની ભાજી બનાવીશ.'

'અરે ગાંડી ! તને ખબર છે કે મોટા મોટા શ્રીમંત શેઠો સારાં સારાં પકવાનો લઈને સોનાચાંદીના પાત્રમાં ભરીને લાવે છે, ત્યાં તારો મઠનો રોટલો ને ડોડીની ભાજી શા હિસાબમાં ?'

'પતિદેવ ! મેં તો કથામાં એવું સાભળ્યું છે કે ભગવાન તો ભાવના ભૂખ્યા છે. ભક્તને ભાવ હોય તો ભાવભૂખ્યા હરિવર તે પ્રેમથી અંગીકાર કરે છે. મને આશા છે કે પ્રભુ આપણા ભાવને જરૂરથી સ્વીકારશે.'

એ સાંભળતાં જીવણ ભક્ત પણ હવે ઉત્સાહમાં આવી ગયા. પ્રભુનું સ્મરણ કરતા વગડામાંથી ડોડી વીણી લાવ્યા. ધર્મપત્નીએ ભગવાનની સ્મૃતિપૂર્વક મઠ દળી નાખ્યા. સવારના પહોરમાં બે રોટલા બનાવ્યા. રોટલા પણ સરસ દડા જેવા ફૂલ્યા. ડોડીને વઘારવાની કે તેમાં મસાલો નાખવાની વાત જ નહોતી. માત્ર બાફીને તેમાં મીઠું નાખ્યું.

રોટલો ને ભાજી પ્રભુ પાસે લઈ જવાં હતાં, પણ શેમાં લઈ જવાં ? વાસણ તો હતું જ નહિ. કપડાનો નાનો કટકો લઈ તેમાં બે રોટલાની વચ્ચે ભાજી મૂકી. ભગત તેને બગલમાં ઘાલી રંગમહોલ તરફ જવા નીકળ્યા.

આજે શ્રીહરિ રંગમહોલમાં આસન પર બિરાજ્યા છે. સૂર્યનારાયણ મંદમંદ કિરણો પ્રસારી પ્રભુના કોમળ સ્પર્શનો આસ્વાદ માણી રહ્યા છે. સંતો-ભક્તોથી ભરચક સભા શ્રીહરિના મધુર મુખારવિંદની મધુરપ માણી રહી છે. જીવણ ભક્ત સભાને છેડે હાથ જોડી ઊભા છે. આવી સભામાં પ્રભુને રોટલો આપવો કેમ ? એનો ભારે સંકોચ અનુભવી રહ્યા છે.

એ જ સમયે શ્રીહરિએ મૂળજી બ્રહ્મચારીને કહ્યું : બ્રહ્મચારી, આજે અમને બહુ જ ભૂખ લાગી છે. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : મહારાજ, હમણાં જ થાળ બનાવી આપું. શ્રીહરિએ કહ્યું : ત્યાં સુધી ખમાશે નહિ.

બ્રહ્મચારીએ વિચાર્યું જે કોઈ ભક્તનો પ્રેમ આજે ભગવાનની ભૂખરૂપે આવી પહોંચ્યો લાગે છે. પછી રંગમહોલની નીચે જવા જતા હતા ત્યાં જ જીવણ ભક્ત મળ્યા. બગલમાં પોટલી હતી. બ્રહ્મચારીને નક્કી થઈ ગયું આ ભક્તના પ્રેમને લઈને જ ભગવાનને ભૂખ લાગી છે, તેથી પૂછ્યું : ભક્ત, આ પોટલીમાં શું લાવ્યા છો ? ત્યારે સંકોચ પામતાં ભક્તે કહ્યું : એ તો ખેતરમાં લઈ જવા માટે બપોરનું ભાતું છે.

બ્રહ્મચારી તો સમજી જ ગયા હતા. ભક્તને સાથે લઈને અગાસી ઉપર આવ્યા. રોટલાની પોટલી બગલમાં હતી. શ્રીહરિએ કહ્યું : જીવણ ભગત, અમારા માટે શું લાવ્યા છો ? ભક્તે કહ્યું : મહારાજ કાંઈ નહિ. આ તો ખેતરમાં ખાવાનું ભાતું છે. શ્રીહરિએ કહ્યું : અમારા માટે થાળ બનાવીને લાવ્યા છો ને કેમ સંતાડો છો ? લાવો.

ભક્ત તો સંકોચ પામતા ઊભા જ રહ્યા. ભગવાન સિંહાસન પરથી ઊતરી જીવણ ભક્ત પાસે આવ્યા. બગલમાંથી પોટલી ખેંચી લીધી, ને પાછા સિંહાસન પર બિરાજમાન થયા.

પ્રભુની ભોજનલીલા

પોટલી છોડીને શ્રીહરિ પ્રસન્ન થઈ બોલ્યા : આ તો અમારા જ માટે લાવ્યા છો ને ? એમ કહી શ્રીહરિ રોટલો ડાબા હસ્તમાં લઈ, જમણા હસ્ત વડે ભાંગીને પ્રેમથી જમવા લાગ્યા ને કહેવા લાગ્યા : અમારા માટે રોજ થાળ થાય છે પણ આવો થાળ તો અમે કોઈ દિવસ જમ્યા નથી. આ ચીજ આ લોકની નથી. આ સાંભળી જીવણ ભક્ત ગદ્ગદ થઈ ગયા. એ વિચારવા લાગ્યા : ક્યાં આ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ ને ક્યાં હું એક તુચ્છ જીવ ? જેમની પાસે અષ્ટસિદ્ધિ ને નવનિધિ હાજર રહે છે તે ભગવાન આજે મારી

તુચ્છ જેવી વસ્તુ અંગીકાર કરે છે !! એ વિચાર માત્રથી તેમની આંખોમાંથી પ્રેમનાં આંસુ ટપકવા લાગ્યાં.

સંતોએ કહ્યું : મહારાજ એ પ્રસાદી અમને આપો તો ખબર પડે ને ? શ્રીહરિએ કહ્યું : આમાંથી તમને કોઈને કાંઈ નહિ મળે. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરેને વિચાર આવ્યો જે ભગવાન મઠનો રોટલો જમે છે પણ બહુ જમશે તો પેટમાં દુઃખશે માટે ભગવાન પાસેથી લઈ લઈએ. પણ લેવો શી રીતે ? મુક્તાનંદ સ્વામીએ બ્રહ્મમુનિને કહ્યું : તમે ભગવાનના સખા કહેવાઓ માટે લઈ આવો.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : હું લેવા તો જાઉં પણ ધણીની મરજી ન હોય ને ધોલબોલ પડી જાય તો ? છેવટે બ્રહ્માનંદ સ્વામી ધીમે રહીને શ્રીહરિની પાસે ગયા ને કહેવા લાગ્યા : વાહ મહારાજ વાહ, શી તમારી જમવાની ચાતુરી ! દાડમની કળી જેવા દાંત ! કેવી મધુર તમારી વાણી ! કેવાં અલૌકિક દર્શન ! આમ બોલતાં ચટ દઈને રોટલો લઈ લીધો. શ્રીહરિએ લૌકિક ભાવ દર્શાવતાં કહ્યું : બ્રહ્મમુનિ તમે ભારે કરી. મીઠું મીઠું બોલીને રોટલો ઝૂંટવી લીધો !

સંતો બ્રહ્મમુનિને કહેવા લાગ્યા : સ્વામી અમને પ્રસાદી આપોને. ત્યારે સ્વામીએ કહ્યું : હું લેવા ગયો હતો, ને જો ધોલબોલ પડી હોત તો શું તમે ભાગીદાર થવાના હતા ?

આનંદાનંદ સ્વામી કહે : હમારે જેતલપુરમેં તુમ અકેલે શ્રીજી પ્રસાદી ખાઓંગે ક્યા ? હમેં પ્રસાદી નહિ દેંગે ?

ત્યારે ગમ્મતમાં મૂળજી બ્રહ્મચારી કહે : અરે કવિરાજ ! પ્રસાદી વહેંચવી એ તમારું કામ નહિ, તમારે તો કાવ્ય બનાવવાનાં હોય.

બ્રહ્મમુનિ કહે : જેના હાથમાં પ્રસાદી હોય એનો અધિકાર પહેલો. એ વખતે મુક્તાનંદ સ્વામીએ પણ ગમ્મત કરતાં કહ્યું : બ્રહ્મમુનિ તો સત્સંગની મા કહેવાય. એ બધાને આપીને પછી જ જમશે.

પછી બ્રહ્માનંદ સ્વામીએ બધા સંતોને પ્રસાદી વહેંચી આપી. જીવણ

ભક્તનો આ મઠનો રોટલો સંપ્રદાયના ઈતિહાસમાં એક અવિસ્મરણીય કથા જેવો બની ગયો. એ વખતે શ્રીહરિ કેવા શોભી રહ્યા હતા, તેનું વર્ણન કરતાં સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીએ શ્લોક રચ્યો છે :

स्नातं चन्दनचर्चितं निजजनैः पुष्पस्त्रजालङ्कृतं,
प्रातः सूर्यमयूखसेवितमुखं श्रीचन्द्रशालोपरि ।
धृत्वा रोटकमेकपाणितलके भङ्क्त्वान्यहस्तेन तं,
भुञ्जानं प्रविलोक्य सेवकगणान् वन्दे सदा स्वामिनम् ॥

અર્થાત્ સ્નાનાદિથી પરવાર્યા બાદ પોતાના ભક્તો વડે ચંદનથી પૂજાએલા તેમજ અનેક પ્રકારના પુષ્પોની માળા ધારણ કરનારા અને પ્રાતઃકાળના સૂર્યનાં કિરણો દ્વારા જેમનું મુખારવિંદ સેવાઈ રહ્યું છે એવા, એક હસ્તમાં રોટલો ધારણ કરીને બીજા હસ્ત વડે તેના ટુકડા કરીને ભક્તો પર અમીદૃષ્ટિ વરસાવતા ને રોટલો આરોગતા, એવા સહજાનંદ સ્વામીને હું સદાય વંદન કરું છું. આજેય આ શ્લોક બોલતાં આપણને શ્રીહરિની એ દિવ્ય લીલાની સ્મૃતિ તાજી થઈ જાય છે.

સજની કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા

જેતલપુરના યજ્ઞ વખતે શ્રીહરિએ બધાને સેવાના લાભ આપ્યા હતા. તેમાં જેતલપુરની ગણિકા લક્ષ્મીબાઈએ પોતાના પતિત જીવનને પાવન કરવા ભગવાન પાસે સેવાની માગણી કરી હતી. તેને શ્રીહરિએ એક મણ ઘઉં દળવા આપ્યા હતા. તે ગણિકાએ તે ઘઉં પોતાને હાથે દળ્યા હતા. શ્રીહરિએ તેના ઉપર પ્રસન્નતા દર્શાવી હતી.

યજ્ઞ પૂરો થયા બાદ ગણિકાએ શ્રીહરિને પોતાને ઘેર પધારવા પ્રાર્થના કરાવી. કૃપાળુ ભગવાને તેનો પણ સ્વીકાર કર્યો. ભગવાન પોતાને ઘેર પધારવાના છે એ અદકેરા આનંદમાં એ બાઈએ ઘર ધોઈને એકદમ સ્વચ્છ કરી નાખ્યું હતું. આંગણાંમાં તોરણ લગાવ્યાં હતાં. બેઠક ખંડમાં નવા ગાલિચા, રેશમી ગોદડાં બિછાવી દીધાં હતાં. શ્રીહરિ માટે નવો પલંગ બિછાવી મશરૂનાં ગાદલાં, ગાલમશુરિયાં

ગોઠવી દીધાં હતાં. પૂજા માટે ચાંદીનાં નવાં વાસણમાં બધીજ સામગ્રી ભરીને તૈયાર કરી હતી.

શ્રીહરિ તે બાઈને ઘેર પધરામણી કરવા તૈયાર થયા ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને પણ સાથે આવવા કહ્યું. સભાજનોને અનુભવ થયો કે ભક્તિ એ માત્ર સજ્જનોનો ઈજારો નથી. ભગવાન તો બધાને અપનાવે છે. કદાપિ પતિત જીવ હોય, પણ તેનું અંતર પશ્ચાત્તાપથી નિર્મળ બની ગયું હોય, તેનો ભક્તિસ્રોત વિશેષ ભાવનાથી વહે છે. આવી જ રીતે તે બાઈ પાવન બની હતી. શ્રીહરિ તેના આવાસે પધારી રહ્યા હતા.

ઝરુખામાં ઊભી રહી આતુરકંઠે રાહ જોતી હતી. શ્રીહરિનાં દર્શન થતાં જ તે પ્રેમવિભોર બની ગઈ. સાક્ષાત્ ભગવાન પોતાના આંગણાંને પાવન કરવા પધારી રહ્યા છે !! એ આનંદના અતિરેકમાં તેની આંખોમાંથી પ્રેમનાં આંસુઓ વહેવા લાગ્યાં. શ્રીહરિની સાથે આવેલા સંતો કીર્તન ગાતા ચાલતા હતા. મહાપ્રભુએ એ બાઈના ઘર આંગણે પુનિત ચરણ માંડ્યાં.

શ્રીહરિનું પૂજન કરવા માટે બાઈએ એક પવિત્ર બ્રાહ્મણને તૈયાર રાખ્યો હતો. તેમણે વિધિપૂર્વક ચંદન, કંકુ, ચોખા, ફૂલહાર વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું. સંતોની પણ પૂજા કરી ને મેવા મીઠાઈ શ્રીહરિના ચરણે ધર્યા. શ્રીહરિએ તેમાંથી થોડું થોડું અંગીકાર કરી સંતોને પ્રસાદી આપી. પછી તે આવાસમાં મેડી ઉપર પધાર્યા ને જળ છંટકાવ કર્યો. આ સમગ્ર પ્રસંગનો ચિતાર શ્રી મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં રજૂ કર્યો છે; જેમાં ગાયું છે :

સજની કોડે આનંદ ઘેર, શ્રીજી પધાર્યા...

જેતલપુરનો યજ્ઞ પૂરો થયો, પણ લાડવા બહુ વધી પડ્યા. એ પણ શ્રીહરિનો જ પ્રતાપ હતો. એક પાર્ષદે શ્રીહરિને આ વાત કરી. પ્રભુ કહે : જે કોઈ અહીં છે તેને ઘર દીઠ ચાર ચાર લાડુ આપો. એમ કર્યું

તોય લાડુ વધ્યા તે પશુઓને ખવડાવ્યા ને છેવટે તળાવમાં નાખ્યા.

વામમાર્ગીની પેટબળતરા

શ્રીહરિએ જેતલપુરમાં આદરેલો યજ્ઞ નિર્વિઘ્નપણે રંગેચંગે પૂરો થયો એ વામમાર્ગીથી દેખી ખમાયું નહિ. વળી માંસ અને મદિરાનું ભક્ષણ કરનારાને વિદ્વાનોએ મ્લેચ્છ કહ્યા તેથી વામમાર્ગીઓ બહુ જ રોષે ભરાયા. કાળો નાગ છંછેડાય તેમ વામમાર્ગીએ નક્કી કર્યું જે કાં આપણે એમને મારીએ ને કાં આપણે મરીએ. તેઓએ પેશ્વાના સૂબા વિઠ્ઠલરાવને ફરિયાદ કરી કે સ્વામિનારાયણ પોતે બ્રાહ્મણ નથી તો પણ વેદોક્ત યજ્ઞ કરે છે. એમાંથી તમારું જરૂર અનિષ્ટ થશે. સૂબો પણ વામમાર્ગી હતો. એ પણ રોષે ભરાયો. શ્રીહરિને પકડી લેવા કેટલાક હથિયારધારી માણસો મોકલ્યા.

શ્રીહરિને આ વાતની ખબર હતી એટલે જેતલપુરથી નીકળી ગામડી ગામે પધાર્યા. આ બાજુ પેલા હથિયારધારી માણસો આવ્યા પણ શ્રીહરિનો પત્તો ન લાગતાં વીલે મોઢે પાછા ગયા.

યજ્ઞ પૂરો થયા બાદ બ્રાહ્મણો પોતપોતાને વતન જતા હતા. તેઓને એક દ્વેષી બ્રાહ્મણ મળ્યો. તેણે સાંભળેલું કે ભગવાનનો યજ્ઞ નિર્વિઘ્નપણે પાર પડી ગયો ને સર્વત્ર જયજયકાર થઈ ગયો. આ વાત તેનાથી સહી ન ગઈ. તેણે આ બ્રાહ્મણોને પૂછ્યું : યજ્ઞમાં કેટલા માણસો આવ્યા હતા ? તેમાં લડાઈ થઈ કે ન થઈ ? ત્યારે બ્રાહ્મણોએ જવાબ આપ્યો : એ યજ્ઞમાં તો લાખ માણસો ભેગા થયા હતા, ને તે યજ્ઞ નિર્વિઘ્નપણે પાર પડ્યો. એ યજ્ઞની તો વાત જ અનોખી હતી. સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર થઈ ગયો. એ સાંભળી પેલો દ્વેષી વધારે ચિડાયો. કહેવા લાગ્યો : તમે તો સાવ બાયલા રહ્યા. કોઈ ખરો બ્રાહ્મણ ત્યાં ન હતો ? જો હું હોત તો અગ્નિકુંડમાં પડત ને બળી મરત. યજ્ઞ જો નિર્વિઘ્નપણે પાર પડે તો તો બ્રાહ્મણની લાજ જાય.

આ સમયે વળી બીજા પણ કેટલાક દ્વેષી ભેળા થયા. તેઓ પણ

કહેવા લાગ્યા : તમે બ્રાહ્મણ થઈને આમ બેસી રહ્યા ? નિર્લજ્જ બનીને બધું જોઈ રહ્યા ? લાડવાની અને દક્ષિણાની લાલચમાં તમે વિઘ્ન કરવાનું પણ ભૂલી ગયા ? ત્યારે યજ્ઞમાં ગયેલા બ્રાહ્મણોએ કહ્યું : અરે ભાઈલા, અમે થાય તે બધું જ કરી ચૂક્યા. લાડવા તળાવમાં નાખી દીધા, ઘી ખૂટવાડી નાખ્યું, છતાં પણ અમે જોયું કે તેમનો પ્રતાપ બહુ જબરો છે. ખાલી કરેલા કુડલામાંથી એ સ્વામિનારાયણે ઘી કાઢ્યું ને પોતાના સત્સંગી બ્રાહ્મણોને પાકશાળામાં ગોઠવી દીધા. વળી જમતી વખતે પોતાના બંદૂકધારી પાળાઓને ગોઠવ્યા. પછી બીજું શું થઈ શકે ? અરે, એટલું જ નહિ, તેમણે દાળની એક કોઠીને બંદૂક ફોડાવી તોડી નાખી; એ સાથે ધમકી પણ આપી કે જો આઘા પાછા થશો તો કોઠીના જેવી તમારી હાલત થાશે. છેવટે અમે નીચું ઘાલીને જમી લીધું.

આમ તેઓ માંહોમાંહી વાત કરતા હતા; તેમાં જે દ્વેષી હતા તે જેમ તેમ બબડવા લાગ્યા. પરંતુ જેમણે સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ જોઈ ગુણ લીધો તે બધા કહેવા લાગ્યા : એ સ્વામિનારાયણ ભગવાન મહાપ્રતાપી છે. જુઓને હજારો લોકોને જમવા માટેની સામગ્રી થોડા જ સમયમાં ભેળી કરી લીધી. જે કુડલામાં ઘી ખલાસ થઈ ગયું હતું તેમાંથી અખંડ ધારે ઘી કાઢ્યું ! માટે એ જ ખરા ભગવાન છે. આપણે તેમનો વિરોધ ન કરતાં તેમનો આશ્રય કરીને સુખી થઈએ.

ભાવિ નિવાસે - મણિનગર આંબાવાડિયામાં

જેતલપુર યજ્ઞ પૂર્ણ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન ગામડી ગામે પધાર્યા. ભગવાનનું પૂજન અર્ચન કરી સૌએ વિવિધ પ્રકારનાં ભોજન જમાડવાના મહામોંઘેરા લ્હાવા લીધા. ત્યાંથી શ્રીહરિ અમદાવાદ તરફ પધાર્યા. તેનો ઉલ્લેખ કરતાં સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ હરિકૃષ્ણલીલામૃતના બાવન અને ત્રેપનમા અધ્યાયમાં કહ્યું છે :

ततः स पार्षदैर्युक्तो ग्रामडीग्राममव्रजत् ।
तत्र समर्चितो भक्तैः श्रीनगरं ततो ययौ ॥

ગામડીથી પ્રયાણ કરી શ્રીહરિ અમદાવાદ તરફ પધારી રહ્યા હતા. માર્ગે વટવા વિસ્તાર વટાવીને આગળ ચાલ્યા. શ્રીહરિએ એક ઘટાદાર આંબાવાડિયું જોયું. જો કે અમદાવાદ શહેર તો સાવ નજીકમાં હતું, છતાં શ્રીહરિએ કહ્યું : આ સ્થળ બહુ જ રળિયામણું છે. ચાલો અહીં થોડીવાર આરામ કરીએ.



ઘટાદાર એ આંબાવાડિયામાં પૂર્વ દિશામાં મોટું તળાવ હતું. પશ્ચિમ દિશામાં નાની તલાવડી હતી. તે તલાવડીની પૂર્વ બાજુ એક ઘટાદાર આંબો હતો. તેની છાયામાં શ્રીહરિ બિરાજમાન થયા. એ ધન્યતમ દિવસ હતો સંવત ૧૮૬૫, મહા સુદ ૧, સોમવાર ને તા. ૧૬-૧-૧૮૦૯. મહા માસનો મંગલ પ્રારંભ થઈ ગયો હતો એટલે વૃક્ષો પર કેરીઓના મરવા-મોર લહેરાઈ રહ્યા હતા. જાણે કહી રહ્યા હતા કે હે વ્હાલમા ! આંબા પાકે ત્યારે આપે અહીં પધારવું પડશે. ત્યારે પ્રભુજી પણ મંદ મંદ મલકતા કહી રહ્યા હતા : હા આવીશું... જરૂર આવીશું...

મહા માસનો મંગલ પ્રારંભ એમ સૂચવી રહ્યો હતો કે અહીં તો

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી સિદ્ધાંતના પ્રચારનું મહાકેન્દ્ર બનશે. વળી ઋતુરાજ વસંત પણ ફલિતાર્થ કરી રહ્યો હતો કે સર્વશ્રેષ્ઠ મુક્તિ - આત્યંતિક મુક્તિની વસંતઋતુ આ પાવન સ્થળે વિસ્તરતી રહેશે.

આમ્રવૃક્ષ તળે બિરાજેલા પ્રભુજીની પ્રસન્નતા જ કંઈ ઓર હતી. સંતો-ભક્તો પ્રભુનાં પ્રસન્નતા સભર દર્શન મન ભરીને માણી રહ્યા હતા. સૌનો એક જ સૂર હતો કે આવી પ્રસન્નતા તો આપણે પૂર્વે ક્યારેય માણી નથી.

પૂર્વ દિશામાં આવેલું મોટું તળાવ કહી રહ્યું હતું કે ભવિષ્યમાં અહીં હજારો મોક્ષપિપાસુઓ એકત્ર થઈને આત્યંતિક મોક્ષનાં જ્ઞાનામૃત પામશે.

એવી જ રીતે પશ્ચિમ દિશામાં આવેલું નાનું તળાવ કહી રહ્યું હતું કે અહીં તો રોજેરોજ જ્ઞાનના અખાડા ચાલશે ને મુમુક્ષુઓ જ્ઞાન અને ધ્યાનની કવાયત કરીને એવા બળિયા બનશે કે ઠેઠની સ્થિતિ (અનાદિ મુક્તની સ્થિતિ) પામી મૂર્તિમાં રસબસભાવે સુખડાં માણતા થશે.

તો વળી મોટો ઘટાદાર આંબલો કહી રહ્યો હતો કે અહીં સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન પોતાના સિદ્ધાંત પ્રચારના કેન્દ્રસ્થાનરૂપ ભવ્ય મંદિર સર્જીને પોતાનું ઘર માનીને યાવત્ચંદ્રદિવાકરૌ નિવાસ કરીને રહેશે, ને કરોડો જીવોને આત્યંતિક મોક્ષના સદ્ભાગી બનાવશે.

શ્રીહરિએ સંતો-ભક્તો સહિત થોડીવાર સ્નાન કર્યું ને જળપાન કર્યું. પોતાના ભાવિ કાયમી નિવાસ સ્થાને શ્રીહરિનું આ પ્રથમ વારનું વિચરણ હતું.

આંબાવાડિયાને પાવન કરી શ્રીહરિ અમદાવાદ શહેરમાં પધાર્યા.

ભદ્રમાં રોઝા ઘોડા પર દયાદૃષ્ટિ

અમદાવાદમાં શ્રીહરિ ભદ્રકાળી મંદિર પાસેથી પસાર થતા હતા, તે વખતે ઘોડશાળમાં બાંધેલો રોઝો ઘોડો હણહણ્યો. એ સાંભળી શ્રીહરિએ ભક્તોને કહ્યું : ચાલો, આપણે ઘોડા પાસે જઈએ. ઘોડશાળમાં જઈ

શ્રીહરિ ઘોડા પાસે ગયા. તેને સાચવનાર (ચાબુક)ને કહ્યું : આ ઘોડાની પછાડી છોડી નાખ, ને આંખ પર રાખેલા ડાબલા પણ છોડી નાખ.

ચાબુક કહે : મહારાજ ! આ ઘોડાની પછાડી ન છોડાય. હાથી જેવો આ ઘોડો જો વિફરે તો મોટું નુકશાન કરી બેસે. મને તો એ ડર લાગે છે કે અહીં ઘણા બધા અજાણ્યા લોકો ભેગા થયા છે; તેને જોઈને એ ભડકશે તો ભારે અનર્થ સર્જાઈ જશે.

શ્રીહરિ કહે : તું એ બધી ચિંતા છોડી દે. હું કહું છું તેમ કર. કોઈનેય કાંઈ ઉપાધિ નહિ થાય.

ચાબુક જડ સ્વભાવનો નહોતો. ઘોડાની પછાડી છોડી નાખી ને આંખ પર બાંધેલા ડાબલા પણ છોડી નાખ્યા.

શ્રીહરિએ એ રોઝા ઘોડા તરફ પ્રેમસભર દૃષ્ટિ કરી. ઘોડો પણ શ્રીહરિ સામું એકીટસે જોઈ રહ્યો. જોતાં જોતાં ઘોડાની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. આ દૃશ્ય જોઈને ચાબુક છક થઈ ગયો. આજુબાજુ ઊભેલા ભક્તો વિચારવા લાગ્યા : આ ઘોડો કેટલો બધો સદ્ભાગી ! ભગવાનનાં દર્શન થતાં તેને હરખનાં આંસુ આવી ગયાં !

ઘોડાને પૂર્ણકામ કરવા જ શ્રીહરિ અત્રે પધાર્યા હતા. તેથી ભક્તો પ્રત્યે બોલ્યા : આ રોઝો ઘોડો હવે ઝાઝા દિવસ જીવશે નહિ.

કેવી એ કલ્પનાતીત વાત હતી ! ભગવાન ભદ્રકાળીના મંદિર તરફ પધાર્યા. ઘોડાએ હણહણાટ કર્યો. શ્રીહરિ ઘોડાની પાસે પધાર્યા. પછાડી છોડાવી, ડાબલા પણ કઢાવ્યા. ઘોડો સહજ સહજમાં કૃતાર્થ થઈ ગયો. સેવામાં રહેનાર પશુ તો મોક્ષભાગી થાય, પણ માત્ર એક જ વખત શ્રીહરિના દૃષ્ટિપાતથી પશુને મોક્ષભાગી થવાનું તો જવલ્લે જ મળે. એ અહીં ચરિતાર્થ થયું !

આજે અમદાવાદને આંગણે હરિભક્તોનાં હૈયાં અનોખા આનંદમાં થનગની રહ્યાં હતાં. તેનું મુખ્ય કારણ એ હતું કે, આજે પોતાના ઈષ્ટદેવ જેતલપુરમાં મહાયજ્ઞ સંપન્ન કરી સર્વત્ર જયજયકાર પ્રવર્તાવી

પોતાને ઘર આંગણે પધાર્યા હતા. અન્ય નગરજનોને પણ તેનું ગૌરવ હતું. શ્રીહરિ પોતાને ત્યાં સંતો-ભક્તો સહિત જમવા પધારે એવો સૌને ઊમળકો હતો. પરંતુ એમ કરવામાં ઘણા દિવસો પસાર થઈ જાય તેમ હતું. છેવટે જ્ઞાતિવાર ભક્તોની રસોઈ અંગીકાર કરવાનો નિર્ણય કર્યો. ભગવાનની મરજીમાં ભક્તોએ સંતોષ માન્યો. ભગવાને સૌના મનોરથો પૂર્ણ કર્યા.

વહેલાલ થયું નિહાલ

શ્રીહરિ અમદાવાદમાં હતા એ વખતે વહેલાલથી જેસિંગભાઈ આવ્યા હતા. તેમણે પોતાને ત્યાં પધારવા પ્રભુને પ્રાર્થના કરી. તેમની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ વહેલાલ પધાર્યા. ભક્તોએ અત્યંત ઉમંગથી પ્યારા પ્રીતમનું સ્વાગત કર્યું. શ્રીહરિનો ઉતારો જેસિંગભાઈના માઢ ઉપર રાખ્યો. તેમના પિતા રઘુનાથદાસને હજુ શ્રીહરિનો પરિપક્વ નિશ્ચય ન હતો. તેમને મનમાં એવો સંકલ્પ રહેતો કે ભગવાનના ચરણમાં સોળ ચિહ્ન હોય. તેમનો સંકલ્પ પૂર્ણ કરવા શ્રીહરિએ ચરણ પ્રસાર્યા. ચરણમાં ચિહ્ન જોયાં કે તરત જ રઘુનાથદાસ અહોભાવથી શ્રીહરિને પગે લાગ્યા. સમય થયે રસોઈ તૈયાર થઈ. શ્રીહરિ સહુની સાથે તળાવ કાંઠે રાયણના ઝાડ નીચે પધાર્યા ને થાળ જમ્યા.

વહેલાલથી નીકળી શ્રીહરિ સલકી ગામે પધાર્યા; દયાળજી પગીને ઘેર ઉતારો કર્યો. અત્રે મહારાજે ચોરાસી કરવાની ઈચ્છા દર્શાવી. તેનો નિર્ણય કરવા સંતો તેમજ આજુબાજુના ગામના ભક્તોને તેડાવ્યા. નાંદોલના બ્રાહ્મણોને બોલાવીને પોતાનો પ્રસ્તાવ મૂક્યો. ત્યારે બ્રાહ્મણો બોલ્યા : મહારાજ, અમારી નાતમાં હમણાં મતમતાંતર ને ઝગડા હોવાથી નાતનાં જમણ બંધ રાખ્યાં છે, તેના કારણે કોઈ ક્યાંય જમવા જતા નથી. બ્રાહ્મણો અંદર અંદરના ખટરાગને કારણે અનાયાસે આવેલાં નોતરાંને માણી ન શક્યા.

કોળી-ઠાકરડાને વાળ્યા સન્માર્ગે

સલકીમાં શ્રીહરિ ચોરાસી કરવાના છે; એવા સમાચાર અહીં આજુબાજુમાં રહેતા કોળી, ઠાકરડા, ભીલ વગેરેને મળ્યા હતા. 'સહુની સાથે આપણને પણ ભોજન મળશે,' એમ વિચારી તેઓ અહીં આવ્યા હતા. ભોજન તો તૈયાર જ હતું. શ્રીહરિએ તે બધા કોળી વગેરેને પાસે બોલાવ્યા ને કહ્યું : અમે તમને એક વચન પાળવાનું કહીએ છીએ. જો તમે એ વચન પાળશો તો હું તમને બ્રાહ્મણ જેવા કરી દઈશ. બધાએ શ્રીહરિને કહ્યું : મહારાજ, આપનું વચન અમે ખબડદાર થઈને પાળીશું. તેમને શ્રીહરિએ ટકોર કરી : તમે ચોરી ને લૂંટફાટનો ધંધો કરો છો તે હવે આજથી છોડી દેજો. તમે એ ચિંતા ન કરજો જે એ કર્યા વિના ખાવાનું ક્યાંથી મળશે ? જો સારે માર્ગે ચાલશો તો ભગવાન તમને સુખી કરશે.

શ્રીહરિનાં અમૃતમય વચનો એ અબુધ પ્રજાનાં હૈયાંમાં આરપાર ઊતરી ગયાં. સૌએ પ્રતિજ્ઞા કરી કે હવેથી ચોરી-છીનાળી હરામ. દારૂ, માંસ એ પણ બંધ. સચ્ચાઈનો સૂર પારખી શ્રીહરિએ બધાને જમવા બેસાડ્યા. જમતાં જમતાં પણ તેઓને શ્રીહરિએ ટકોર કરી : જોજો હોં, હવે ઢીલા ન પડતા. બધાએ ખાત્રી આપતાં કહ્યું : મહારાજ, આપનો પ્રસાદ જમ્યા પછી ખૂટલ કેમ થવાય ? આમ શ્રીહરિએ સહજ સહજમાં અબુધ પછાત પ્રજાને સન્માર્ગે વાળી.

સલકી ગામની ખારી નદીમાં પાણી બહુ જ ઓછું રહેતું. શ્રીહરિ ત્યાં સ્નાન કરવા પધાર્યા ત્યારે દયાળજી પગીએ તે નદીમાં પાણી થવા માટે પ્રાર્થના કરી. કૃપાળુ શ્રીહરિએ તે નદીમાં પાણી છાંટી કહ્યું : હવે પાણી ઘણું થશે, ને જે પાણી પીશે તેનું પણ અમે કલ્યાણ કરીશું. આમ, સલકી ગામે કૃપાના મેહ વરસાવી શ્રીહરિ પ્રાંતિજ પધાર્યા.

કાશીરામને જીવતદાન

પોતાના ઘર આંગણે અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિનું આગમન

થતાં કાશીરામ, મયારામ, ગોવિંદરામ, મનસારામ, નથુ શાહ, તુલજારામ, ત્રિકમલાલ, સાંકળચંદ વગેરે ભક્તો તેમજ મૂળી, રત્ના, રળીયાત, નવલ, સોના, અંબા, મણી, ફુલી, ઝમકુ, જમના, લેરખી વગેરે બાઈઓએ અદકેરા ઉલ્લાસથી શ્રીહરિને વાજતે ગાજતે નગરમાં પધરાવ્યા. અહીં માર્કંડેય મુનિએ પધરાવેલા માર્કંડેશ્વર મહાદેવના મંદિરમાં શ્રીહરિનો ઉતારો રાખવામાં આવ્યો. આ મંદિરની બાજુમાં આવેલું તળાવ કમળ ને પોંયણીથી સુંદર રીતે શોભી રહ્યું હતું. તે વખતનું દૃશ્ય અત્યંત મનોહર લાગતું હતું. આજે પણ ત્યાં કમળ ને પોંયણી પુષ્કળ પ્રમાણમાં થાય છે.

મંદિરમાં મહાદેવજીને દર્શનદાને કૃતાર્થ કરી શ્રીહરિએ થોડીવાર આરામ કર્યો. આજે મયારામ વિપ્રને ઘેર થાળ બનાવવામાં આવ્યો હતો.

બીજે દિવસે અત્રેના બોખ તળાવમાં સંતો-ભક્તો સહિત સ્નાનાર્થે પધાર્યા. જળક્રીડા કરતાં ભક્તોને યાદગાર સંભારણાં કરી આપ્યાં. અત્રે ભક્તો ઘણા હતા. દરેકને એવી ઈચ્છા હતી કે ભગવાન પોતાને ઘેર થાળ અંગીકાર કરે. ભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે જ પ્રભુજી પધાર્યા હતા. રોજેરોજ નવા ભક્તોને ત્યાં થાળ આરોગવા પધારતા.

આ જ દિવસોમાં એવું બન્યું કે આ ગામમાં સત્સંગના અગ્રેસર કાશીરામ અચાનક મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા. કેવળરામના એ સુપુત્રની આવી દશા જોઈ તેમની ફોઈ ફુલીબાને બહુ જ આઘાત લાગ્યો. તેમણે શ્રીહરિ પાસે જઈ ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી : હે દયાળુ ! આપ અત્રે પધાર્યા છો ને એવામાં આપનો ભક્ત ધામમાં જાય એ જોઈ લોકો આપની નિંદા કરશે. તો દયાળુ આ વખતે તેને જીવતદાન આપો.

શ્રીહરિ કહે : કાશીરામ તો અમારો પરમ ભક્ત હતો. શમ, દમ, તપ, શૌચ, ક્ષમા, સંતોષ આદિ સદ્‌ગુણોથી સંપન્ન હતો. આ દેહે કરીને જે સાધન કરવાનાં હતાં એ બધાં તેમણે સિદ્ધ કરી લીધાં હતાં.

એટલે અમને વિચાર થયો કે હવે કાશીરામને આ લોકમાં રાખવાની જરૂર નથી; એ વિચારનો અમે અમલ કર્યો.

'પણ પ્રભુ, લોકોના મોઢે ક્યાં ગરણાં બંધાય એમ છે ? એ તો અમારા કુટુંબની હાંસી ઉડાવશે કે જોયું ને ? કાશીરામે સત્સંગ કર્યો એમાં એનું શું ભલું થયું ? આખું જીવન બરબાદ થઈ ગયું.'

'તો હાલો, એને જીવતો કરીએ', એમ કહેતાં જ શ્રીહરિ કાશીરામની પાસે આવ્યા. ઘરમાં રોકકળ ચાલુ હતી. શ્રીહરિએ તરત જ સાદ કર્યો : કાશીરામ... ઓ કાશીરામ... ઊઠ ઊભો થા... તારા વિના તારાં સંબંધીઓ રડે છે.

બસ આટલી જ વાર. જેમ ઊંઘતો માણસ કોઈનો સાદ સાંભળી આળસ મરડીને બેઠો થાય તેમ કાશીરામ પણ ઊઠ્યા ને શ્રીહરિને તરત જ પગે લાગ્યા. એ જોતાં જ રડવાનાં ડુસકાં બંધ થયાં. આખાય ઘરમાં આનંદ આનંદ છવાઈ ગયો. ગામના લોકોને ખબર પડી કે મૃત્યુ પામેલા કાશીરામને સ્વામિનારાયણ ભગવાને જીવતા કર્યા. એ જોવા માટે શું તેડાં મોકલવાં પડે ? લોકોનાં ટોળેટોળાં જોવા માટે ઊમટી પડ્યાં. સૌના મોઢે એક જ વાત ચર્ચાવા લાગી કે સ્વામિનારાયણ ભગવાન તો મરેલાનેય જીવતા કરે છે.

કાશીરામની માતાને યમદૂત દ્વારા નિશ્ચય

કાશીરામને સત્સંગનો રંગ પરિપક્વ હતો, પણ તેમની માતા પોતાની જૂની માનીનતામાં મક્કમ હતી. મૃત્યુ પામેલા પુત્રને પ્રભુએ જીવતદાન આપ્યું તોય તેને જૂનું જડ-વલણ જ પકડી રાખ્યું.

સત્સંગના દ્વેષી બ્રાહ્મણો બ્રહ્મભોજન ગોઠવતા ત્યારે તેઓ કાશીરામને વિમુખ ગણીને ન બોલાવતા. કાશીરામને તેમાં આનંદ થતો. એમના હૈયે એવો સુવિચાર હતો કે ભગવાનના વિરોધીના હાથનું ભોજન જમવું એ પણ પાપ છે. આ નિમિત્તે એમાંથી બચી જવાય છે. કાશીરામ જમવા ન જાય એટલે તેમની માતા પણ ન જઈ શકે. આવું લાંબું

ચાલ્યું તેથી ગુસ્સે થઈને બોલી : કાશીરામ ! તેં આપણા કુળથી વિરૂદ્ધ સંપ્રદાયનો આશ્રય કર્યો એ મને બિલકુલ પસંદ નથી. માટે ભલો થઈને એ ધર્મને મૂકી દે, તો જ હું ભોજન કરીશ.

કાશીરામ કહે : મા, મેં સમજી વિચારીને સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો છે. આપણા ધર્મમાં માત્ર વાણીવિલાસ છે, પણ વર્તન નથી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતો ને ભક્તો કેવા ધર્મ નિયમ પ્રમાણે વર્તે છે ? આજે હળાહળ કળિયુગમાં આવું ધર્મપરાયણ જીવન ક્યાંય જોવા મળતું નથી.

ખરેખર આ સત્ય હકીકત હતી. પરંતુ જૂનવાણીના જડવલણથી કાશીરામની માતા બહુ જ ગુસ્સે થઈને બોલી : તારી બુદ્ધિ ભમી ગઈ છે એટલે તું આમ બોલે છે, પણ મારી વાત સાંભળી લે કે, આ સંપ્રદાયનો તું ત્યાગ નહિ કરે ત્યાં સુધી હું જમીશ જ નહિ. ભલેને મારો દેહ પડી જાય. એમ બબડતી એ જમ્યા વિના સૂઈ ગઈ.

પોતાના અદના ભક્તનું કષ્ટ કાપવા શ્રીહરિએ એ બાઈને ભયંકર યમદૂતો દેખાડ્યા. ભયંકર મોઢાં, લાંબા વાળ, લાલચોળ આંખો; તાડ જેવા લાંબા, કાજળ જેવા કાળા ને ભયંકર ગર્જના કરતા યમદૂતો એ બાઈને ચોમેરથી ઘેરી વળ્યા ને પ્રહાર કરવા લાગ્યા. આ તો યમદૂતના પ્રહાર. એમાં કાંઈ બાકી રહે ? કાશીરામની માતાના છક્કા છૂટી ગયા. એ થરથર ધ્રૂજતી પોકારવા લાગી : અલ્યા કાશીરામ ! મને આ યમદૂતોથી બચાવ. તું સ્વામિનારાયણનો ભક્ત છે, તો મારું આટલું કામ કર.

જ્યાં બાઈ સ્વામિનારાયણ નામ બોલી ત્યાં જ યમદૂતો નાસી ગયા. આવો અનુભવ થાય પછી કહેવાનું જ શું હોય ? સવારે વહેલી જાગીને નાહી ધોઈને પરવારી એ સીધી પોતાના પુત્ર પાસે પહોંચી ગઈ ને કહેવા લાગી : બેટા કાશીરામ ! સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. આટલા દિવસથી હું અભાગણી માનતી નહોતી, પણ આજે તો મને પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો. મેં સ્વામિનારાયણ નામનો ભૂલથી

પણ ઉચ્ચાર કર્યો ત્યાં જ મને યમદૂતોથી મુક્તિ મળી ગઈ. આજથી હું પણ તારી જેમ અનન્યભાવથી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીશ. બસ, ત્યારથી કાશીરામના ઘરમાં વિખવાદનું વાતાવરણ સમેટાઈ ગયું ને સ્નેહ, સંપ, સદ્ભાવની રોશની ઝળહળી ઊઠી.

તુલજારામને સમાધિ

પ્રાંતિજમાં જ ખેમચંદ વણિક હતા. તેમના સુપુત્ર તુલજારામને ભગવાનને વિશે અસાધારણ પ્રીતિ હતી. એ ઘરમાં બેઠાં બેઠાં ભગવાનની લીલા યાદ કરતો હતો. એમાં એને સમાધિ થઈ ગઈ. એ સમાધિમાં તેને દિવ્ય તેજોમય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય તેજોમય દર્શન થયાં.

અચાનક ઢળી પડેલા તુલજારામને જોતાં જ સંબંધીજનો ગભરાઈ ગયા. એનું નામ દઈને ઢંઢોળવા લાગ્યા. ઘણીવાર સુધી એમ કર્યા છતાંય તુલજારામ ન જાગ્યો એટલે બધાએ માની લીધું કે તુલજારામ મરી ગયો. સગાંસંબંધીઓ હૈયાફાટ રુદન કરવા લાગ્યાં.

સમાધિ થવાથી આવું થાય એવી કોઈને ખબર નહોતી. છેવટનો નિર્ણય પણ થઈ ગયો. તુલજારામના અંતિમ સંસ્કાર માટે બધી સામગ્રી એકત્ર કરી તેની નનામી તૈયાર કરવા માંડ્યા. તુલજારામના સમાચાર તેના ભાઈ પાનાચંદને મળ્યા, એટલે એ પણ આવી ગયા. પોતાના ભાઈ આમ અચાનક મૃત્યુ પામે એનો શોક પાનાચંદને પણ અસહ્ય થઈ પડ્યો.

દોડતા દોડતા એ શ્રીહરિ પાસે ગયા. ગદ્ગદ કંઠે પ્રાર્થના કરી : હે દયાળુ ! મારો ભાઈ તુલજારામ મૃત્યુ પામ્યો છે. ઘરમાં રોકકળ મચી ગઈ છે. આપ દયા કરો ને એને જીવતો કરો.

‘અરે પાનાચંદ ! એ મૃત્યુ નથી પામ્યો. એને તો સમાધિ થઈ ગઈ છે, એટલે સ્થિર થઈ ગયો છે.’

‘તો પ્રભુ ! ઘેર પધારીને આપ એને સમાધિમાંથી જગાડો ને ?’

'પાનાચંદ ! ત્યાં અમારે આવવાની કાંઈ પણ જરૂર નથી. તું ત્યાં જા ને ત્રણ વખત નામ દઈને મોટેથી બોલાવજે.'

'પણ પ્રભુ ! મારો બોલાવ્યો એ સમાધિમાંથી ક્યાંથી આવે.'

'પાનાચંદ ! તું જઈને ખાત્રી તો કર.' એવાં શ્રીહરિનાં વચન સાંભળી પાનાચંદ તરત જ આવ્યો ભાઈને ઘેર. તુલજારામના કાન પાસે મોઢું રાખીને મોટેથી કહ્યું : તુલજારામ... ઓ તુલજારામ... ઓ તુલજારામ... જ્યાં ત્રીજીવાર નામ બોલાયું તે જ ઘડીએ તુલજારામ જાગ્યો. બધાંને એમ લાગ્યું કે મૃત્યુ પામેલો તુલજારામ પાછો જીવતો થયો. વાતો પણ એ રીતે જ ચર્ચાવા લાગી. ત્યારે તુલજારામે ખુલાસો કર્યો : હું મરી નહોતો ગયો, પણ સ્વામિનારાયણ ભગવાનની દયાથી મને સમાધિ થઈ હતી. એમાં મને ભગવાનનાં દિવ્ય તેજોમય દર્શન થયાં !! હું તો ધન્ય ધન્ય થઈ ગયો. વાહ...વાહ... એ દર્શન તો એ દર્શન ! મને તો એમ જ હતું કે એ દર્શન કર્યા જ કરું, કર્યા જ કરું, પણ પાનાચંદે મને જગાડ્યો એટલે મારે ના છૂટકે અહીં પાછા આવવું પડ્યું.

આ બધી હકીકત જાણી સંબંધીજનોને આનંદ થયો. ગામમાં પણ બધે વાત પ્રસરી જતાં લોકોએ સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કર્યો.

પ્રાંતિજમાં શ્રીહરિનું ટૂંક સમયનું રોકાણ થયું. તેમાં આવાં અદ્‌ભુત ઐશ્વર્યોનાં દર્શન થતાં રહ્યાં. પરિણામે આખું પ્રાંતિજ ગામ હરિવરના રંગે રંગાઈ ગયું. ભક્તોને નિહાલ કરી શ્રીહરિ જેતલપુર પધાર્યા.

ગરીબ વિપ્રની કાકડી આરોગી

જેતલપુરમાં શ્રીહરિએ ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો. તે નિમિત્તે સંતો-ભક્તોએ સાથે મળીને રંગમહોલની પશ્ચિમ દિશામાં આવેલા વડ તળે હિંડોળો બાંધ્યો. ભક્તોના પ્રેમને વશ થઈ શ્રીહરિએ ભારે ભારે જરિયાની વસ્ત્રો ધારણ કર્યાં, એ જ રીતે ચંદન, પુષ્પહાર આદિ ઉપચારથી કરેલી પૂજા અંગીકાર કરી. ભક્તોની પ્રાર્થના સ્વીકારી પ્રભુ

હિંડોળે બિરાજમાન થયા. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ રેશમની દોરી વડે શ્રીહરિને ઝુલાવવા લાગ્યા. ગવૈયા સંતો વિવિધ વાજિંત્ર વગાડી કીર્તનગાન કરવા લાગ્યા. આવાં અણમોલ દર્શનની મોજ માણી આકાશમાર્ગે આવેલા દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. હિંડોળે ઝુલતા હરિવર સમક્ષ હજારો હરિભક્તોની આંખો અપલક દૃષ્ટિથી મંડાઈ ગઈ.

સભામાં હીરાચંદ ભક્ત બેઠેલા હતા. તેમને મનમાં શંકા થઈ કે સ્વામિનારાયણ ભગવાનને લોકો જગતના આધાર કહે છે, પરંતુ હાલમાં તો એવું દેખાય છે કે વડ ભગવાનને ધારણ કરી રહ્યો છે ! એ સંશયને દૂર કરવા શ્રીહરિએ અકળ કળા કરી. જમણા હસ્તની તર્જની - પ્રથમ આંગળીમાંથી અપાર તેજ છોડ્યું. ચોમેર તેજ તેજ છવાઈ ગયું. એવું દિવ્ય તેજોમય વાતાવરણ થઈ ગયું કે જાણે આકાશમાં કોટી સૂર્ય ચંદ્ર ઉદય પામ્યા !! આટલેથી ન અટક્યું. એ તર્જની આંગળીમાંથી અનંત કોટી બ્રહ્માંડ અણુની માફક ઊડતાં દેખાયાં. જીવનમાં કદીએ ન માણેલાં એવાં દર્શનથી સૌ વાહ વાહ કરવા લાગ્યા.

એ અવસરે એક ગરીબ વિપ્ર આવ્યો. એના હાથમાં કાકડી હતી. એ વિપ્ર તો સભાને છેડે ઊભો હતો. કાકડી શ્રીહરિને અર્પણ કરવાની હૈયે હોંશ હતી. પણ મોટી સભાને છેડે ઉભેલો એ ગરીબ, પ્રભુ પાસે શી રીતે જઈ શકે ? એ ગદ્‌ગદ થઈ ગયો. મારા વ્હાલમાને આ કાકડી શી રીતે અર્પણ કરી શકીશ ? એ વિચારમાત્રથી એની આંખો ભીની થઈ ગઈ.

અંતર્યામી શ્રીહરિ તેનો મનોભાવ પામી ગયા. હિંડોળામાંથી ઊઠીને તે વિપ્ર તરફ ચાલવા માંડ્યા. ભક્તોએ પ્રભુને માર્ગ કરી આપ્યો. એ સાથે સૌ વિચારમાં પડી ગયા કે પ્રભુ કઈ બાજુ જઈ રહ્યા છે ? ચાલતા ચાલતા પ્રભુ પેલા ગરીબ વિપ્ર પાસે પહોંચી ગયા. કાકડી માગી લીધી. સભાજનો ફાટી નજરે જોઈ રહ્યા. વિચારવા લાગ્યા : વિપ્ર ભલેને ગરીબ છે, પણ એની ભાવના ઉચ્ચ કોટીની છે, એટલે

જ આટલી સભા ભેદીને એની ભેટ સ્વીકારી. એ ગરીબનિવાજ ખરા.

બંને હસ્તમાં એક એક કાકડી ગ્રહણ કરી, વારાફરતી તે આરોગતા શ્રીહરિ પાછા આવીને હિંડોળે બિરાજ્યા. કાકડીને ચતુરાઈથી ચાવતા શ્રીહરિની મધુરી મૂર્તિનાં દર્શન સૌ સંતો-ભક્તો મન ભરીને માણી રહ્યા હતા. જમતા જમતા શ્રીહરિ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે બોલ્યા : આ કાકડી અહીંની નથી. આ તો શ્વેતદ્વીપની છે. એવી સ્વાદિષ્ટ છે કે તેની કોઈ ઉપમા દઈ શકાય તેમ નથી.

ત્યારે બ્રહ્મમુનિ કહે : હે પ્રભુ ! આપ જમો એમાં આપને કાકડીના સ્વાદની ખબર પડે. એના સ્વાદની અમને શી રીતે ખબર પડે ? અમે તો એવું સાંભળ્યું છે કે મોટા હોય તે એકલા ન જમે. પોતાની પાસે આવનાર નાના હોય તેને પણ આપે.

પ્રભુ મંદ મંદ મલકતા બોલ્યા : વાહ બ્રહ્મમુનિ ! તમને કળપૂર્વક માગી લેતાં બહુ સારું આવડે છે. લ્યો ત્યારે, ચાખી જુઓ.

કાકડી બ્રહ્મમુનિના હાથમાં આવી ત્યાં જ મુક્તાનંદ સ્વામી બોલ્યા : બ્રહ્મમુનિ તો સત્સંગની મા કહેવાય એટલે એ તો બધાને આપીને જ જમશે. આ રીતે હાસ્ય-વિનોદ કરતાં સૌએ પ્રસાદી લીધી.

શ્રીહરિની લીલા ખરેખર અદ્‌ભુત હતી. કાકડી લાવનાર ગરીબ વિપ્રને વાતની વાતમાં આત્યંતિક મોક્ષનો સદ્‌ભાગી કરી દીધો. આ લીલાને પ્રત્યક્ષપણે માણનાર સંતોએ વર્ણન કર્યું છે :

स्त्रीपुंसैर्जयतल्पपत्तनबहिर्वाटिवटे वेष्टिते,
दोले तूलपटोपबर्हणपटैर्जुष्टे चलन्मूर्तये ।
हस्ते कोमलकर्कटीफलयुगं धृत्वा विलोक्य स्वकान्,
दन्तैश्चर्वणचातुरीं विदधते तस्मै नमः स्वामिने ॥

જેતલપુરની બહાર વાડીમાં વડવૃક્ષને વિશે બાંધેલા; અને સુતરાઉ તથા રેશમી વસ્ત્રોથી શણગારેલા, અને પોતાના આશ્રિત હજારોહજાર સ્ત્રી પુરુષોથી વીંટાએલા, હિંડોળામાં બિરાજમાન ચંચળમૂર્તિ, અને

પોતાના હાથમાં કોઈ પ્રેમી ભક્તે આપેલ બે કાકડી ફળને ધારી પોતાના ભક્તોને, પોતાની કરુણાપૂર્ણ દૃષ્ટિથી આર્દ્ર કરી, દાંત વડે તે કાકડી ફળને ચાવવાની ચતુરાઈને વિસ્તારતા, અર્થાત્ પોતાના ભક્તોને આનંદ ઉપજાવતા થકા, તે કાકડી ફળને ધીરે ધીરે જમતા એવા તે સ્વામીને - શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર હો.

આમ જેતલપુરમાં ભક્તોને યાદગાર સંભારણાં કરાવી શ્રીહરિ ધોળકા થઈ રોજકા પધાર્યા. અત્રેના ગામધણી કાકાભાઈ હતા. એમને અંગોઅંગે સત્સંગનું જોમ હતું. એમના ભાઈ માનાભાઈને પણ એવો જ ઉમંગ હતો. ધોલેરાના દરબાર પુંજાજી બાપુના યોગથી એ બંને સત્સંગી થયા હતા. વળી આ ગામના રંગનાથ પટેલ, શિવશંકર ભટ્ટ, ગગા ભટ્ટ, મશરુ ગોળ વગેરે પણ શ્રીહરિને વિશે અનન્ય ભાવથી જોડાયા હતા. એ સૌના મનોરથો પૂર્ણ કરવા માટે જ શ્રીહરિ રોજકા પધાર્યા હતા. સૌએ અદકેરા ઉલ્લાસથી શ્રીહરિનાં દર્શન, સેવા-સમાગમનો લાભ લીધો. મહામોંઘાં સંભારણાં કરાવી શ્રીહરિ શિયાણી પધાર્યા.

અહીંના દરબાર હરિસિંહ શ્રીહરિને વિશે અત્યંત હેતવાળા હતા. તેમનો સત્સંગ રંગ તેમના પરિવારમાં પણ ઊતર્યો હતો. આ ગામના જ રાજપરિવારમાં અજિતસિંહજી નામના ઉત્તમ મુમુક્ષુ હતા. સાચા સંતની શોધને અંતે તેમણે રામાનંદ સ્વામી પાસેથી ભાગવતી મહાદીક્ષા ધારણ કરી હતી. પરમ ચૈતન્યાનંદ સ્વામી નામે પ્રસિદ્ધ આ સ્વામીએ ધરમપુરનાં રાણી કુશળકુંવરબાઈને સત્સંગ કરાવ્યો હતો.

શિયાણી ગામમાં વિપ્રોનો સત્સંગ સારો એવો ખીલ્યો હતો. તેમાં મુખ્ય હતા શિવરામ ભટ્ટ. વખત જતાં એમણે પણ સંતની દીક્ષા ગ્રહણ કરી ને અખંડાનંદ સ્વામી નામે ઓળખાયા. માર્ગમાં ચાલતાં એમને ચાર વાઘ મળ્યા તોય પણ ભય પામ્યા નહોતા.

સત્સંગ-પરાયણ આવા ભક્તોના મનોરથો પૂર્ણ કર્યા વિના પ્રભુને ચાલે જ કેમ ? એટલે જ શિયાણી ગામે પધાર્યા ત્યારે ગામધણી જાલમસંગ સાથે શિવરામ ભટ્ટ, ભીમા વોરા, મેઘા પટેલ વગેરેએ પ્રભુને વાજતે

ગાજતે ગામમાં પધરાવ્યા.

ભગવાનની સાથે સંતો પાર્ષદો ને કાઠીઓ પણ હતા. કાઠીઓ હોય એટલે ઘોડાં પણ હોય. એ બધાનો એક ઠેકાણે ઉતારો કરવા મોટી જગ્યાની જરૂર પડે તેમ હતું. એવી વિશાળ જગા મેઘા પટેલને ઘેર હતી એટલે તેમને ત્યાં ઉતારો કર્યો.

પોતાના ઈષ્ટદેવની સેવાનો આ રીતે સહજમાં લાભ મળી ગયો, એનો મેઘા પટેલને હૈયે બહુ જ આનંદ થયો. તેમણે કહ્યું : મહારાજ ! આજે રસોઈ પણ મારા તરફથી ને ભોજન પણ મારે ઘેર રાખો.

મીઠાબોલા માવામાં બાઈને હેત થયું

ભગવાન જાણતા હતા કે મેઘા પટેલની પત્નીને સત્સંગનો રંગ લાગ્યો નથી એટલે પટેલને માથે આટલો બધો બોજ મૂકવા જેવું નથી, એટલે કહ્યું : પટેલ, ઘોડાં બીજે બંધાય તેમ નહોતું એટલા માટે તમારે ઘેર ઉતારો રાખ્યો. રસોઈ તો શિવરામ ભટ્ટ અથવા ભીમા વોરાને ત્યાં કરવા દો.

ભગવાને તો કહ્યું પણ પટેલને ઉમંગ હતો કે ભગવાન પોતાને ત્યાં જમે એ લાભ કેમ જતો કરાય ? એટલે કહે : મહારાજ ! આજ તો તમે અમારા મહેમાન છો, માટે રસોઈ અહીં કરો ને જમવાનું પણ અહીં જ રાખો.

પટેલની મુશ્કેલી પ્રભુજી સમજતા હતા. એ ટાળવા પ્રયત્ન કરતા હતા, પણ પટેલે પોતાનો આગ્રહ ચાલુ જ રાખ્યો એટલે પ્રભુએ છેવટે કહ્યું : કાચી રસોઈ કરાવો.

'ના મહારાજ ! કાચી રસોઈ નહિ કરવા દઉં. મારે ઘેર તો લાડવા કરીને જમો.' પટેલનો ખૂબ આગ્રહ જોઈને પ્રભુએ પાકી રસોઈનો નિર્ણય કર્યો. સંતોએ રસોઈ કરી પણ લાડુ માટે ઘી નહોતું મળ્યું.

તેની તપાસ કરવા માટે મહાનુભાવાનંદ સ્વામી ભગવાન પાસે આવ્યા ને કહ્યું : પાટલા ક્યાં છે ? ભગવાન કહે : રસોઈમાં વળી

પાટલાનું શું કામ છે ?

સ્વામી કહે : રસોઈ તો તૈયાર થઈ ગઈ છે ને લાડવા કરવા ઘી ગોળ જોઈએ છે.

'તો પછી પાટલા પાટલા શું કરો છો, પટેલ કહોને.' એમ રમુજ કરતા શ્રીહરિ હસવા લાગ્યા એટલે બીજા સંતો-ભક્તો પણ હસ્યા.

કોઈને અહીં એવું પણ થાય કે મહાનુભાવાનંદ સ્વામી જેવા મોટા સંતને શું ખબર નહિ પડતી હોય કે પાટલા ને પટેલમાં શું ફેર છે ? પરંતુ આવું કહેવાનું પ્રયોજન એ જ હતું કે પ્યારા પ્રીતમને રાજી કરવાનો એવો કોઈ મોકો મળી જાય ત્યારે આવી રમુજ કરીને પ્રભુજીને હસાવતા.

ઘી ગોળ લાવવાં હતાં. એમાં મેઘા પટેલનું કશુંય ચાલે તેમ નહોતું. છતાં અખતરા ખાતર પટેલ લેવા ગયા. ત્યારે પત્નીએ ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું કે, આવા ને આવા કેટલાયને ઘેર તેડી લાવો છો, એ બધાને માટે શું અમે નવરાં બેઠાં છીએ ? એમ જો બધાને ઘી ગોળ આપવા માંડીએ તો ઘરને ઠેકાણે ઘોલકું થઈ જાય.

ભગવાને વિચાર્યું કે, વાત વણસે તેના પહેલાં પાળ બાંધી લેવી સારી. એટલે તરત જ એ પટેલ પાસે ગયા ને કહ્યું : ઘી ગોળ ભીમા વોરા પાસેથી લાવો. એમાં બાઈને શા માટે હેરાન કરો છો ? એ બહુ જ સારાં છે. એમને વ્યવહાર સાચવતાં આવડે છે, એટલે તમારો વ્યવહાર બહુ સારો ચાલે છે. એ ન હોય તો તમે વ્યવહાર પણ બગાડી નાખો. તમારાં ઘરનાં માણસ સમજુ છે, શાણાં છે એટલે તમારી લાજ-આબરૂ સારી છે.

પોતાની પ્રશંસા સાંભળી પટલાણી પાણી પાણી થઈ ગયાં. કહેવા લાગ્યાં : મહારાજ ! તમારા જેવા મહેમાન અમારે ઘેર ક્યાંથી હોય ? હું તો એમ કહેતી હતી કે તમારા વિના બીજે જ્યાં ત્યાં વાપરીએ તો એ લાંબું ક્યાં સુધી પહોંચે ? તમારા પ્રતાપથી પાંચ-છ કુડલાં ઘીનાં


ભર્યાં છે ને ગોળની તો આખી કોઠી ભરેલી છે, તોય ભીમા વોરાને ત્યાંથી ઘી ગોળ મંગાવવાનું શા માટે કહો છો ? જે જોઈએ તે બધું જ અહીંથી જ લ્યો.

'પણ બાઈ, તમારે ત્યાંથી ઘણું બધું લીધું છે. લોટ, દાળ, ખીચડી એ બધાં તમારાં જ છે, તો હવે ઘી ગોળ ભીમા વોરાને ત્યાંથી લાવવા દોને.'

'ના મહારાજ ! એમ તો હું કદાપિ નહિ થાવા દઉં. મારી પાસે પાંચ-છ કુડલાં ઘીનાં ભર્યાં છે, તેમાંથીય તાજા ઘીનું કુડલું લ્યો. મારા તરફથી સારામાં સારી રસોઈ કરીને સૌને જમાડો.'

'બાઈ તમારી ભાવના ખરેખર અનોખી છે, કેમ જે તમારા પિતાને સત્સંગ સારો હતો, તેથી તમારી સમજણ પણ સારી રહી છે. આવું તો ક્યાંક જ જોવા મળે.'

પટલાણી તો હવે પાણી પાણી થઈ ગયાં હતાં, એટલે કહ્યું : હાલો મહારાજ ! તમને તાજું ઘી ને તાજો ગોળ બતાવું; એ તમે લેવડાવીને સંતોને આપો. સંતો કોઈપણ રીતનો સંકોચ રાખ્યા વગર એ ઘી ગોળ વાપરે. આપ ને સંતોને અર્થે જેટલું વપરાશે એ અમારું લેખે લાગશે.



એમ કહીને સઘળી સામગ્રી બતાવી.

શ્રીહરિ ઘી ગોળ ઊપડાવી સંતો પાસે લઈ ગયા. સંતોએ ઘીથી લચપચતા સરસ લાડુ બનાવ્યા. રસોઈ તૈયાર થઈ એટલે સંતો જમવા માટે શ્રીહરિને બોલાવવા આવ્યા.

ઊગમણે મુખારવિંદે બિરાજી શ્રીહરિ થાળ જમવા લાગ્યા; એવામાં શિવરામ ભટ્ટ ભગવાન માટે થાળ બનાવીને લાવ્યા. ભગવાન કહે : અરે ભટ્ટ ! તમે શા માટે દાખડો કર્યો ? અમારા માટે અહીં થાળ કરેલો જ છે.

ભટ્ટ કહે : મહારાજ ! આપ ઘણા દિવસ બાદ પધાર્યા છો તેથી થયું કે આટલો લાભ તો લેવા દે. હવે આપ એ થાળ જમો, પટેલને પણ પ્રસાદી આપો.

પટેલ કહે : મારો થાળ તો મહારાજે દાખડો કરીને કરાવ્યો છે. એ સાંભળી શ્રીહરિ હસવા લાગ્યા ને પટેલ પણ હસ્યા. થાળ જમ્યા બાદ શ્રીહરિએ એ પ્રસાદી મેઘા પટેલને અને સાથે આવેલા ઉત્તમ રાજા-દાદાખાચરને પણ આપી. સંતો-ભક્તોને તાણ કરીને જમાડતા પ્રભુ બોલ્યા : આ તો દાખડો કરીને સીધાં આવ્યાં છે તે પ્રેમથી જમો.

શિયાણીના આગમન નિમિત્તે શ્રીહરિએ મેઘા પટેલને સુખિયા કરી દીધા, કેમ જે તેમનાં પત્નીને ધીમે ધીમે ભગવાન પ્રત્યે ભાવના વૃદ્ધિ પામવા લાગી.

આ રીતે ભક્તોને કૃતાર્થ કરી શ્રી સ્વામિનારાયણ ભગવાન લીંબડી વગેરે ગામ થઈ મેથાણ પધાર્યા.

ડોસી 'સ્વામિનારાયણ' ન બોલી

મેથાણમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ભક્તોના મનોરથો પૂર્ણ કરવા ભક્તોને ઘેર જમવા પધારતા. એક દિવસ અહીંના પુંજાભાઈને સાથે લઈને એક ભક્તને ઘેર શ્રીહરિ પધારતા હતા. રસ્તાની નજીકમાં એક ડોસી છાણાં થાપતી હતી. તેને પુંજાભાઈ કહે : ડોસીમા, એક

વખત સ્વામિનારાયણ બોલો તો તમારું કલ્યાણ થાય.

ડોસી કહે : હા ખરી વાત, એ નામ બોલું તો કલ્યાણ થાય. પુંજાભાઈએ ફરીથી કહ્યું : ડોસીમા, એક વાર તો સ્વામિનારાયણ બોલો, ભગવાન તમારું કલ્યાણ કરશે.

ડોસી સાવ જડ સ્વભાવની હતી. તેણે ભગવાન સામું પણ ન જોયું. છાણાં થાપવાનું ચાલુ રાખ્યું.

પુંજાભાઈને થયું કે કેમેય કરીને ડોસી જો એકવાર સ્વામિનારાયણ બોલશે તો બિચારીને આ ભવમાં ભટકવાનું મટી જશે. તેથી ત્રીજીવાર પણ કહ્યું : ડોસીમા, તમને આ બધી ઝંઝટમાંથી છૂટીને પરમ સુખી થવું હોય તો એક વખત સ્વામિનારાયણ બોલો. આ ભગવાન એવા દયાળુ છે કે માત્ર એક વખત સ્વામિનારાયણ નામ બોલે છે, તેનું પણ કલ્યાણ કરી દે છે.

આટઆટલું કહ્યા છતાંય ડોસીએ એનું જડ વલણ છોડ્યું નહિ. તેણે એ જ હાંક્યે રાખ્યું : પુંજાજી, તમે કહો છો એ સાચું છે કે નામ બોલવાથી કલ્યાણ થાય. ભગવાન આ બંનેનો સંવાદ સાંભળી મનોમન હસવા લાગ્યા કે, જીવ કેવા અવળા સ્વભાવના છે ! એમને સુખી થવાનો કોઈ ઉપાય બતાવે છે, તોય તે વાત સ્વીકારવા તૈયાર થતા નથી. આવું થવાનું કારણ એ જ છે કે,

જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં...

ડોસીની જડતા જોઈ શ્રીહરિ હસતા હસતા ત્યાંથી પસાર થયા ને જે ભક્તને ઘેર થાળ કરવામાં આવ્યા હતા ત્યાં પધાર્યા.

શ્રીહરિએ મેથાણથી વહેલી તકે મછીઆવ પહોંચવાનું લક્ષ્ય બાંધ્યું, કેમ જે ફૂલદોલોત્સવ ઊજવવા ત્યાંના દરબાર દાજી બાપુને અગાઉથી જાણ કરી દીધી હતી. માર્ગે આવતાં ગામોમાં ભક્તોને સુખિયા કરતા શ્રીહરિ મછીઆવ પધાર્યા.

મછીઆવમાં ફૂલદોલોત્સવ

રાજપરિવારનો અસાધારણ પ્રેમ

ગુજરાતના નળકંઠા પંથકમાં આવેલું મછીઆવ ગામ. આ ગામના દરબાર સુલતાનસિંહજી - સુરસિંહજી વાઘેલા - દાજી બાપુ. તેમનાં ધર્મપત્ની સજનકુંવરબા - ફઈબા. આ પરિવારને રામાનંદ સ્વામીના વખતથી જ સત્સંગનો રંગ લાગ્યો હતો. દાજીબાપુના કુંવર દરબાર બાપુભાઈ, તેમનાં ધર્મપત્ની ફુલીબા તેમજ દાજીબાપુનાં કુંવરી બાઈજીબામાં સત્સંગનો અમર વારસો ઊતર્યો હતો.

ગરાસિયામાં સાસુને ફુઈ-ફઈ કહેવાનો રિવાજ હોવાથી ફુલીબા પોતાનાં સાસુ સજનકુંવરબાને ફઈબા કહેતાં. તેથી સત્સંગમાં તે ફઈબા નામે ઓળખાયાં. એમ કહેવાય છે કે આ પરિવારના પ્રેમને વશ થઈ સ્વામિનારાયણ ભગવાન બત્રીસ વાર પધારેલા છે.

આ વખતે સંવત ૧૮૬૫માં શ્રીહરિએ ઘણો સમય રોકાઈને આ પરિવારને ફૂલદોલોત્સવનો મહામોંઘો લાભ આપવાનું વિચારી રાખ્યું હતું. કચ્છ, ગુજરાત, કાઠિયાવાડ વગેરે દેશોમાંથી સંતો તેમજ સત્સંગીઓ બહુ જ મોટા પ્રમાણમાં મછીઆવમાં એકત્ર થયા હતા. તેમના ઉતારા, ભોજન વગેરેની સંભાવના માટે ફઈબા તેમજ પરિવારે બહુ જ સરસ રીતે તૈયારી કરી રાખી હતી.

ઉમંગ આનંદોલ્લાસ

મછીઆવમાં શ્રીહરિના આગમન સાથે ચોમેર આનંદની લહરી પ્રસરી ગઈ. રાજપરિવારે રાજાશાહી ઠાઠમાઠથી પ્યારા પ્રીતમને ગામમાં પધરાવ્યા. દાજી બાપુના દરબારમાં મેડા ઉપર શ્રીહરિનો ઉતારો રાખ્યો.

જૂની રીતરસમ એવી હતી કે દર્શને આવનાર સત્સંગી પારકું અન્ન ન ખાય પણ પોતે લાવેલ અન્ન જમે. પારકું અન્ન પુણ્યને હરી લે છે, એવી સમજણ સાથે ભક્તો પોતાને માટે તો ખરું જ એ

સાથે કેટલાક ભક્તો શ્રીહરિ અને સંતોની રસોઈ માટે સીધા-સામગ્રી પણ લાવ્યા હતા. અહીં મછીઆવમાં પણ દાજી બાપુએ સૌના માટે સીધા-સામગ્રીની તૈયારી કરી રાખી હતી. એ બાપુના પ્રેમાગ્રહને વશ થઈ શ્રીહરિએ દરબાર તરફથી સૌને પાકાં સીધાં અપાવ્યાં. એ જ રીતે શ્રીહરિ તેમજ સંતો માટે રસોઈ દરબારમાં જ થઈ. થાળ અંગીકાર કરી શ્રીહરિએ સાત સાત વાર સંતની પંક્તિમાં પીરસ્યું. તેમાં પ્રથમ વાર બંને હસ્તમાં બબ્બે લાડુ, બીજી વાર પણ એમ જ. ત્રીજી ને ચોથીવાર એક એક લાડુ, પાંચમી, છઠ્ઠી ને સાતમી વાર પણ અડધો અડધો લાડુ. પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા સંતો પ્રસાદી લેતા. પોતાની રીતે તો થોડું જ જમતા.

મછીઆવમાં શ્રીહરિના પીરસણનો રોજેરોજનો ક્રમ થઈ ગયો. જુદા જુદા દેશના ભક્તો તરફથી રસોઈઓ થાય. શ્રીહરિ સંતોને તાણ કરી કરીને જમાડે. સાંજના સુમારે તળાવને કાંઠે તો કોઈવાર ચારણના વાડામાં સભા થાય. સંતો કીર્તનગાન કરે, કથાવાર્તા થાય, પ્રશ્નોત્તરી થાય, સંધ્યા આરતીના નિયમો પણ ગાય. ભક્તો પેંડા બરફી લાવ્યા હોય તેનો પ્રસાદ વહેંચાય. ગંગારામ મલ્લ જેવા ભક્તો મલ્લ કુસ્તીના મજરા કરે, તો વળી ગોવિંદરામ વિસામણના વેશે, વાંકાનેરના જીવરામ વૈરાગીના વેશે મજરા કરી હાસ્યરસ સર્જી દે. આ રીતે જેને જે આવડત હતી તે પ્રમાણે મજરા કરતા અને ભગવાનને રાજી કરતા.

દાજીબાપુનો આગ્રહ તો એવો હતો કે બધાને માટે રોજેરોજ પોતાના તરફથી જ રસોઈ થાય, પરંતુ બીજા પ્રદેશમાંથી આવેલા ભક્તોનો ઉમંગ હતો કે પોતાના તરફથી રસોઈ થાય. તેથી એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવી. અમદાવાદ, ડાંગરવા, કરજીસણ, વહેલાલ વગેરેથી આવેલા ભક્તોએ રસોઈના લ્હાવા લીધા.

ફૂલદોલપર્વે મંગળ દર્શન

ફૂલદોલના મંગલ દિને સંવત ૧૮૬૫, ફાગણ સુદ પૂનમ, તા. ૨-૩-૧૮૦૯ ને ગુરુવારના રોજ દાજીબાપુએ રંગબેરંગી ફૂલનો હિંડોળો

બનાવી શ્રીહરિને પ્રેમથી ઝુલાવ્યા. બીજા ભક્તોએ પણ હરિવરને ઝુલાવવાનો લ્હાવો લીધો.

રંગોત્સવ નિમિત્તે પણ સઘળી તૈયારી થઈ ગઈ હતી. અમદાવાદથી વિવિધ રંગના ગુલાલ મંગાવી રાખ્યા હતા. રંગખેલ માટે પીચકારીઓના ગંજ તેમજ રંગહોજ પણ તૈયાર હતા. દર્શનાર્થીઓ સૌ દરબારના વિશાળ ચોકમાં ઊભા રહ્યા. દરબારના મેડા પર શ્રીહરિ બિરાજ્યા જેથી સૌને દર્શન થાય. વિવિધ રંગના ગુલાલના ગોટા ભરેલી છાબ પણ ત્યાં જ ગોઠવવામાં આવી. શ્રીહરિએ કેસરિયા વાઘા ધારણ કરી કમર કસીને રેંટો બાંધ્યો.

શરૂઆતમાં શ્રીહરિએ ભક્તો પર ગુલાલના ગોટા તાકીને માર્યા. અદલ નિશાનબાજની જેમ તાકીને ગોળો એવી રીતે મારે કે ભક્તના માથા પર અથડાય. ત્યાં જ ચારેકોર આકાશમાં એ રંગની ધૂમ મચી જાય. ધોળો ગોળો ફૂટતાં ધોળો રંગ છવાય; એ જ રીતે ગુલાબી, પીળો, લીલો ગોળો ફૂટતાં તે તે રંગથી આકાશ અને અવની છવાઈ જતાં હતાં. આકાશમાં જાણે રંગીન વાદળાંની ઘટા જામી હોય એવું રંગીન વાતાવરણ થઈ ગયું. ગોળા ફેંકવાની શ્રીહરિની ચતુરાઈ જ એવી હતી કે એ દર્શનમાં કોઈનાં હૈયાં તૃપ્ત થતાં જ નહોતાં.

ગોળાની વૃષ્ટિ બાદ રંગ પીચકારીથી રંગવર્ષા શરૂ થઈ. એ પણ જાણે રંગીન વર્ષાની હેલી... એવી તો રમઝટી જામી કે જોતજોતામાં વિશાળ ચોગાનમાં કિચડ-કિચડ થઈ ગયો.

આવા રંગોત્સવને મન ભરીને માણવાનું દેવો ને અવતારો કેમ ચૂકે ? એય પણ આકાશ માર્ગે દોડી આવ્યા. દુંદુભીના નાદ સાથે પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ઘણા સમય સુધી રંગોત્સવ કરી શ્રીહરિ તળાવે સ્નાનાર્થે પધાર્યા. રંગભીનાં વસ્ત્રો દાજીબાપુને આપ્યાં. તેમણે ભારેભારે વસ્ત્રાલંકારથી શ્રીહરિની પૂજા કરી. સંતો તેમજ પાર્ષદોને વસ્ત્રો ઓઢાડ્યાં.

બે વરદાન આપ્યાં

આ અરસામાં શ્રીહરિએ એક નવું પ્રકરણ રાખ્યું હતું. સ્નાન કરવા માટે આગલા દિવસે કોરાં માટલાંમાં પાણી ભરાવી રાખતા. એ માટલાં ખુલ્લા મેદાનમાં રાખતા જેથી પાણી સારી રીતે ઠંડું થાય. એ દિવસોમાં ઠંડી પણ સારા પ્રમાણમાં હતી. એટલે રાતભરમાં પાણી હિમ જેવું ઠરી ગયું હોય. એવા પાણીથી બીજા દિવસે સવારે સ્નાન કરતા. આમ રોજે રોજ સ્નાન કરવાથી શ્રીહરિના કોમળ શરીરની ત્વચા-ચામડી બરછટ થઈ ગઈ હતી. રુધિરનાં ટશિયાં ફૂટ્યાં હતાં.

શ્રીહરિ તો સૌને અનહદ સુખમાં ગરકાવ કરનારા. એ વ્હાલમો આ રીતે પોતાના શરીરને આવી અસહ્ય વેદના આપી રહ્યા હતા. એ જોઈને આ રાજપરિવારને અપાર દુઃખ થયું. તેમાંય દાજીબાપુની કુંવરી બાઈજીબાની આંખે ઝળઝળિયાં આવી ગયાં. તેમણે માતુશ્રી, પિતાજી વગેરેને વાત કરી. એ પણ બહુ જ દુઃખી થયાં.

પોતાના શરીરને કષ્ટ આપવાના પાઠ શીખવવા શ્રીહરિએ બીજું પ્રકરણ એ રાખ્યું હતું કે, દર એકાદશીએ નિર્જળા ઉપવાસ કરતા. ગામોગામ ફરવાનું થાય, એની દોડાદોડીમાં આ રીતિ પણ દુઃખદાયી હતી.

મછીઆવમાં રાજપરિવારની ભક્તિને વશ થઈ એક દિવસ એ વ્હાલમો મોજમાં આવી ગયા. કહેવા લાગ્યા : અમે તમારો પ્રેમ જોઈ ખૂબ રાજી થયા છીએ. આજે તો તમે જે માગો તે વરદાન આપવા તૈયાર છીએ.

પોતાના પ્રાણાધારની પ્રસન્નતાસભર અમૃતવાણી સાંભળી સૌને આનંદ થયો. તરત જ બાઈજીબા બોલ્યાં : હે દયાળુ ! આપ શિયાળાના સમયમાં આવા ઠંડા જળથી સ્નાન કરો છો તે હવેથી ગરમ જળથી સ્નાન કરજો. અને એકાદશીના દિવસે ઉપવાસ ન કરતાં ફળાહાર કરજો.

શ્રીહરિ કહે : આ તો તમે અમારા માટે માગ્યું. એ તમને આપ્યું.

હવે તમારા માટે માગો.

બાઈજીબા કહે : 'દયાળુ ! આપે અમને બધુંય આપી દીધું છે. આ લોકનું તો અમારે કશું જોઈતું જ નથી, કેમ જે એ બધુંય બંધનકારી છે, આપથી વિખૂટા પાડનારું છે. આપ કહો છો ત્યારે એક ઈચ્છા રહે છે કે, આપ ઘણા સમય સુધી અહીં રોકાઈ અમને લાભ આપો.

ભક્તની નિષ્કામ માગણી પણ કોઈવાર ભગવાનને વિચાર કરતા કરી દે છે. જો કે એમાંય પ્રભુની ભક્તવત્સલતા છે. તેથી કહ્યું અહીં ઘણા સમય સુધી રોકાઈ શકાય તેમ નથી. પરંતુ જેમ ગઢપુરવાસીને વાસુદેવનારાયણનાં મૂર્તિ આપ્યાં છે, તેમ તમારા માટે પણ રાજભુવનમાં લાલજી-દામોદરનાં મૂર્તિ પધરાવી આપીએ. એમના દ્વારા તમને અમારો પ્રગટનો લ્હાવો મળતો રહેશે. એ પ્રમાણે શ્રીહરિએ એ રાજપરિવાર માટે દામોદરનાં મૂર્તિ પ્રસાદીનાં કરી આપ્યાં.

મછીઆવથી વિદાય થયા પહેલાં દાજીબાપુએ શ્રીહરિને લીલી કિનખાબનો સુરવાળ, ડગલી, મસ્તકે જરિયાની સેલું, સ્કંધ પર મૂકવા જરિયાની સેલું, કેડે બાંધવા સોનેરી સેલું, કિંમતી શાલ વગેરે પોતાના હાથે ધારણ કરાવ્યાં. ભાલમાં ચાંદલો કરી આરતી ઉતારી. સંતોને પણ ધોતિયાં ઓઢાડ્યાં.

વિદાય થતી વેળાએ દરેક સંતને બે બે લાડુ પણ અપાવ્યા. મછીઆવથી પ્રયાણ કરી શ્રીહરિ સારંગપુર પધાર્યા.

ઝાંપડીને સમાધિ

અત્રે ભક્તોને આનંદ કરાવતા એક દિવસ શ્રીહરિ જાળિયે ઘરે સ્નાન કરી કોરાં વસ્ત્રો ધારણ કરી, રોઝા ઘોડા ઉપર વિરાજમાન થઈ જીવાખાચરના દરબારમાં પધારી રહ્યા હતા. સામેથી એક ઝાંપડી લાકડાનો ભારો લઈને ત્યાંથી પસાર થતી હતી. શ્રીહરિનાં દર્શન કર્યાં કે તરત જ તેને સમાધિ થઈ ગઈ. તે ત્યાં જ ઢળી પડી. સખા સહિત શ્રીહરિ ત્યાંથી જીવાખાચરના દરબારમાં પધાર્યા અને ઢોલિયા

ઉપર વિરાજમાન થયા.

જીવાખાચરે પૂછ્યું : મહારાજ, પેલી હલકી જાતિવાળી ઝાંપડીને સમાધિ થઈ એ કાંઈ સમજાયું નહિ. પૂર્વે તેણે એવાં કયાં પુણ્ય કર્યાં હશે કે તપ કર્યું હશે જેણે કરીને તેને સમાધિ થઈ ? આપ દયા કરી એનું રહસ્ય સમજાવો. ત્યારે શ્રીહરિએ તેના પૂર્વ જન્મની વાત કરી કે તે પહેલાં મોટી શેઠાણી હતી. કૃષ્ણની ભક્તિ પણ બહુ કરતી હતી; દાન, પુણ્ય, વ્રત પણ તે ખૂબ કરતી હતી.

એક વખત તે પોતાના ઘરની બારીએ બેઠી હતી. તે વખતે ત્યાંથી એક ઝાંપડો પસાર થયો. તે વાંસળી વગાડતો હતો. તેનું શરીર ગૌરવર્ણનું હતું. માથે લાલ વસ્ત્ર વીંટ્યું હતું. પેલી શેઠાણીની નજર તે ઝાંપડા પર પડી. અત્યંત આસક્તિપૂર્વક તેના સામે જોયું તેથી તેની ચિત્તવૃત્તિ ત્યાં ચોંટી ગઈ.

શેઠાણીનો અંત વખત આવ્યો. તેને ઝાંપડામાં આસક્તિ હતી. તેથી પેલો ઝાંપડો સાંભરી આવ્યો. શેઠાણીનો દેહ પડી ગયો. હવે તેને ઝાંપડીનો દેહ આવ્યો છે. માણસનું ચિત્ત એવું નઠારું છે કે કોઈ પણ વસ્તુ નજરે પડે તેને તે સંભાર્યા કરે. જ્યાં જાય ત્યાં ચોંટી જાય. વસ્તુ સારી હોય કે નઠારી હોય તેનો વિચાર ન કરતાં તે સંભાર્યા કરે. આમ જીવને બંધન કરાવી તેને ભવસાગરમાં ભટકાવતું રહે છે.

માટે જે ભગવાનનો ભક્ત હોય તેમણે ભગવાન સંબંધી વસ્તુને હેતથી જોવી, પરંતુ જેમાં ભગવાનનો સંબંધ ન હોય તેવી હવેલી, બાગ, બગીચા, પલંગ, ગાદી તકીયા, ગાલિચા વગેરે સારી વસ્તુ નજરે ચડે તોય તેને આસક્તિપૂર્વક ન જોવી.

પૂર્વે નારદજી જોવાથી જ ઠગાયા, સૌભરી પણ જોવાથી ભરમાયા, શિવજી પણ મોહની સ્વરૂપમાં મોહ પામ્યા, ભરતજીએ રાજ્યપાટ છોડ્યું હતું, પણ મૃગલીના બચ્ચામાં બંધાઈ ગયા. સીતાજી સોનાના મૃગલામાં બંધાયાં. ખરો ભક્ત હોય તે કદાપિ લોકની સારી વસ્તુ જુએ તો પણ તેમાં આસક્તિ ન રાખે. હવે આ ઝાંપડી દેહ તજશે ત્યારે તેને

સત્સંગમાં જન્મ ધરાવશું. એ દેહે કરીને તે નિર્વાસનિક થઈને અમારું ભજન કરશે. પછી અમારા ધામને પામશે.

આ વાત સાંભળી સહુ ભક્તોએ પણ મનમાં નક્કી કરી લીધું કે ભગવાન વિના બીજી કોઈ પણ વસ્તુમાં લોભાવું નહિ. આ લોકમાં સારાં પદાર્થો બધાં જ બંધનકારી છે.

રોઝો ઘોડો ઉન્મત્ત થયો

સારંગપુરમાં દર્શનાર્થે આવેલા સંતો-ભક્તોને વળાવવા શ્રીહરિ ઘોડા પર બિરાજીને ગામની સીમ સુધી ગયા. તેવામાં ઘોડો અચાનક ભડક્યો. બે પગે ઝાડ થયો. શ્રીહરિએ તેની લગામ બરાબર પકડી રાખી. પેગડામાં ભરાવેલા બંને પગથી તેનું પેટ દબાવ્યું. થોડીવાર ધમપછાડા કરી તે ઘોડો ચાર પગે દોડ્યો. તેનો વેગ બહુ હતો. કાઠીઓ વિચારમાં જ પડી ગયા કે ઘોડાને અચાનક આ શું થઈ ગયું? કદાચ મહારાજને પાડી નાખશે તો ?

શ્રીહરિએ પણ સૌને યાદ રહી જાય તેવી લીલા કરી. ઘોડાને કુંડાળે નાખ્યો. છ-સાત કુંડાળાં ફેરવ્યો ત્યાં તો ઘોડો પરસેવે રેબઝેબ થઈ ગયો. તેની ઉન્મત્તતા શાંત પડી ગઈ. શ્રીહરિએ કાઠી ભક્તો પાસે ઘોડો ઊભો રાખ્યો; નિષ્ણાત ઘોડેસ્વારની અદાથી નીચે ઊતર્યા. પ્રભુજીને પણ પરસેવો વળી ગયો હતો. ભક્તોને અવિસ્મરણીય દર્શન કરાવી શ્રીહરિ સંતો સહિત એક વૃક્ષ નીચે બિરાજ્યા.

જીવાખાચરે હાથ જોડી શ્રીહરિને પૂછ્યું : મહારાજ, આજે આવી લીલા કરી તેનું રહસ્ય કાંઈ સમજાયું નહિ. માટે આપ દયા કરી કારણ કહોને.

શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું : કૃષ્ણના વખતથી અસુરો પોતપોતાની આસુરી વૃત્તિ છોડતા નથી. કોઈવાર તે પોતાના તપના પ્રભાવથી અદશ્યરૂપે પણ પોતાની માયા વિસ્તારતા હોય છે. આજે પણ તે અસુરો આવ્યા હતા, તેને દેખીને ઘોડો ભડક્યો હતો. પછી

અમે તેને કુંડાળે નાખ્યો તેથી અસુરો તેની નીચે કચડાઈ ગયા. વળી ઘોડો પણ ઉન્મત્ત થયો હતો તેની ઉન્મત્તતા પણ ટાળી.

આ બાબતનો આધ્યાત્મિક અર્થ સમજાવતાં કહ્યું : ઈન્દ્રયોરૂપી ઘોડા છે. તેની ચંચળતા ટાળવા માટે વધારે તપ કરવું, ભગવાનને દંડવત્ પ્રણામ કરવા, એક આસને સ્થિર બેસીને ભગવાનના નામનો જપ કરવો, ધ્યાન કરવું, મંદિરની સેવા કરવી. જો ઈન્દ્રયોરૂપી ઘોડા ઉન્મત્ત થાય તો તે જરૂર કુમાર્ગે જાય ને જીવરૂપી અસવારને જન્મમરણની ખાઈમાં નાખે. માણસને આળસ આવે તે વધતી ને વધતી જ જાય; પછી તો માળા, પૂજા વગેરે નિયમોમાં પણ આળસ વધે. આ ઘોડો સારો હતો પણ ઘણા દિવસથી તેને ફેરવ્યો ન હતો તેથી અડી કરી. લોકમાં પણ કહેવત છે કે,

પાન સડે, ઘોડા અડે, વિદ્યા વિસર જાય;
અંગારે રોટી જલે, કહો ચેલા ક્યું થાય...

આ બધાનો એક જ જવાબ છે કે ફેરવ્યા વિના. આજે ઘોડાને ફેરવ્યો તેથી તેમાં જે ઉન્મત્તતા હતી તે ટળી ગઈ. માટે સત્સંગના નિયમ-ધર્મમાં પણ ક્યારેય શિથિલતા ન આવવા દેવી.

આજે અમે આ ઘોડાને કુંડાળે નાખ્યો એ લીલાને જે સંભારશે તેને અંતકાળે અમારી મૂર્તિ યાદ આવી જશે. આમ, શ્રીહરિ વિવિધ લીલા દ્વારા પોતાના આશ્રિતોને નવો નવો બોધ આપતા.

સોમદેબાઈની અસાધારણ ભક્તિ

સારંગપુરના દરબાર જીવાખાચરનાં દીકરી સોમદેબાઈ હતાં. તેમનાં લગ્ન માતરા ધાધલ સાથે થયેલાં હતાં. સોમદેબાઈને નાનપણથી જ ભક્તિનું અંગ હતું. માતરા ધાધલનું ઘર જીવાખાચરના દરબારની બાજુમાં જ હતું. તેથી સોમદેબાઈ સમયે સમયે શ્રીહરિની સેવાનો લાભ લેતાં. ભગવાન પણ કોઈવાર સોમદેબાઈને વલોણું કરવામાં મદદ કરતા. સોમદેબાઈ તાજું માખણ કાઢી તેમાં સાકર નાખીને ભગવાનને

જમાડતાં, ગરમ રોટલા બનાવી તેમાં ઘી ગોળ નાખી જમાડતાં.

માતરા ધાધલ આ જોતા. તેમને શ્રીહરિને વિશે દિવ્યભાવની દૃઢતા થઈ નહોતી. ભગવાનની આ લીલામાં તેમને પ્રાકૃતભાવ દેખાયો. એ કાંઈ બોલી શકતા ન હતા. તેમણે એમ ન વિચાર્યું કે ભગવાન પોતાના ભક્તોના પ્રેમને વશ થઈ કેવા લાડ લડાવે છે ?


સવળી સમજણ ન આવતાં માતરા ધાધલને શ્રીહરિ પ્રત્યે દ્વેષ વધવા લાગ્યો. એમની એ દ્વેષવૃત્તિએ માઝા મૂકી. મનમાં વિચાર થયો કે કાંઈક પ્રસંગ આવે તો કાટલું કાઢી નાખું. જેમને પોતાના ઈષ્ટદેવ જાણીને ભજે છે, એમનું જ નિકંદન કાઢવાની ઘેલછા એ દબાવી ન શક્યા. એકવાર એવું જ બન્યું. સોમદેબાઈએ માતરાને કહ્યું : તમે મહારાજથી છેટાછેટા ફરો છો, તો કોઈવાર મહારાજને સ્નાન કરાવવાનો લાભ લ્યો ને.

માતરાના દ્વેષાગ્નિની પરાકાષ્ટા

માતરાએ મનમાં વિચાર્યું : આ બરાબરનો લાગ છે. એકદમ ગરમ ફફડતું પાણી માથે રેડું એટલે પરબારું કાસળ નીકળી જાય. તેમણે સોમદેબાઈને કહ્યું : આજે તો પાણી પણ હું ગરમ કરીશ ને મહારાજને નવડાવીશ પણ હું. સોમદેબાઈ બહુ રાજી થયાં. એમને લાગ્યું કે હવે માતરાને ભક્તિ જાગી લાગે છે.

આજે શ્રીહરિ એકલા જ સ્નાન કરવા પધાર્યા હતા. માતરાએ ઊકળતું પાણી તૈયાર કર્યું હતું. શ્રીહરિ પાટલા પર બિરાજ્યા ત્યારે ઉપરછલો ભાવ દેખાડતાં માતરાએ કહ્યું : મહારાજ, આજે હું તમને નવડાવીશ. મહારાજે કહ્યું : ભલે.

માતરો ઊકળતા પાણીથી ભરેલું દેગડું લઈ આવ્યો. પોતાનો હાથ ન દાઝે તે માટે દેગડા પર લૂગડું વીંટાળ્યું હતું. એ દેગડું શ્રીહરિ ઉપર રેડ્યું. તરત જ હસતાં હસતાં શ્રીહરિએ ઉપર જોયું ને કહ્યું : માતરા, આટલું બધું ઠંડું પાણી કેમ લાવ્યો ? થોડું ગરમ તો કરવું



હતું ને. માતરો એકદમ વિચારમાં પડી ગયો. પોતે દાઝી ન જાય તે માટે દેગડા ઉપર લૂગડું વીંટ્યું હતું. પાણીમાંથી એકદમ વરાળ છૂટતી હતી છતાં પણ શ્રીહરિએ કહ્યું કે પાણી ઠંડું છે ! ખાતરી કરવા શ્રીહરિના અંગ ઉપર હાથ ફેરવ્યો તો શ્રીહરિનું શરીર પણ ટાઢું જણાયું. તે સ્થિર થઈ ગયો. ભગવાનને હાથ જોડ્યા. પોતાની ભૂલ બદલ પસ્તાવો થયો. ભગવાને તેને સમાધિ કરાવી. તેમાં તેને દિવ્ય દર્શન થયાં.

માતરાને મહિમા સમજાયો

માતરા ઉપર શ્રીહરિએ ફરીથી દૃષ્ટિ કરી એટલે તે જાગ્યા. જાગતાંની સાથે તે શ્રીહરિને પગે લાગ્યા. તેમને શ્રીહરિએ કહ્યું : માતરા, જરા વિચાર તો કર. તું અમારો કાગળ વાંચીને અમને રાજી કરવા સાધુ થવા નીકળી પડ્યો હતો, ને તને આવો વિચાર ક્યાંથી આવ્યો ? આ તારી પત્ની કોણ છે તેની તને ખબર છે ? આ તો દેવકીજીનો અવતાર છે. એમને ભગવાનને પુત્રપણાના લાડ લડાવવા મળ્યા ન હતા. એમનાં અરમાન પૂરાં કરવા અમે તેમને લાભ આપીએ છીએ.

હવે માતરાના સંશયમાત્ર ટળી ગયા. તે ભગવાનને ફરીથી પગે લાગ્યા. તેવામાં બ્રહ્મચારી આવ્યા ને કહેવા લાગ્યા : અરે માતરા, ભગવાન ભીને લૂગડે છે ને અત્યારે પગે લાગવા મંડાણો છે !! તે ભગવાનને ટાઢ નહિ વાતી હોય ? માટે જલ્દી કર ને કોરાં વસ્ત્ર આપ. પછી વસ્ત્ર ધારણ કરી શ્રીહરિ નિત્ય નિયમથી પરવાર્યા.

આ બાજુ માતરા ધાધલ ઘરમાં ગયા. સોમદેબાઈ રસોઈ કરતાં હતાં તેમને પગે લાગવા માંડ્યા. સોમદેબાઈ તો એકદમ આશ્ચર્ય પામતાં ઊભાં થઈ ગયાં. પૂછવા લાગ્યાં : અરેરે, આ શું કરો છો ? પગે તો ભગવાનને લાગવાનું હોય. ત્યારે માતરાએ કહ્યું : મહારાજે આજે મને બધું જ સમજાવી દીધું છે. મહારાજને જમાડવાનો, સાથે નેતરાં તાણવાનો લાભ તમે લેતાં હતાં તેમાં મને સંશય થયો.

સોમદેબાઈએ કહ્યું : અરે ભૂંડા, તું મહારાજને ભગવાન જાણીને તેમનો કાગળ વાંચીને તરત જ સાધુ થવા ચાલી નીકળ્યો હતો; તે તારી સમજણ સળગી ગઈ ? ત્યારે માતરાએ કહ્યું : હા, એ સમજણ સળગવા માંડી હતી એટલે જ મને અવળો વિચાર થયો. ભગવાન ઉપર ફફડતું પાણી રેડવા તૈયાર થયો. એ સાંભળી સોમદેબાઈ પોકારી ઊઠ્યાં: અરે, મારા ભગવાનને દઝાડ્યા ?

માતરાએ કહ્યું : આ લોકની રીતે તો એવું જ થાત, પણ ભગવાને તે પાણી ઠંડું કરી દીધું. મને સમાધિ કરાવી ને તેમાં કહ્યું : સોમદે તો દેવકીનો અવતાર છે. તેના માટે ભૂંડા સંકલ્પ શા માટે કરે છે ? આથી મને સંશય ટળી ગયો. સોમદેબાઈએ કહ્યું : કેટલા મોટા ભાગ્યે આપણને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. મોટા મોટા દેવોને જેમનાં દર્શન દુર્લભ છે એવા સર્વ અવતારના અવતારી સ્વામિનારાયણ ભગવાન સામેથી હાલી ચાલીને આવ્યા છે. મહામોંઘા લાભ આપે છે. આપણી સાથે રમે છે, જમે છે ને આપણને લાડ લડાવે છે, એ જ ભગવાનની આપણા ઉપર અનહદ દયા છે.

સારંગપુરમાં ભક્તોને લાભ આપતા શ્રી સ્વામિનારાયણ ભગવાન ચૈત્ર પ્રારંભ પર્યંત ત્યાં રહ્યા. શ્રીહરિજયંતીના ઉત્સવનો લાભ આપવા શ્રીહરિ વિચરણ કરતા ગઢપુર પધાર્યા.

ગોપાળાનંદ સ્વામી મંડળધારી

ગઢપુરમાં શ્રીહરિજયંતી ઉત્સવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાન્નિધ્યે રંગેચંગે સંપન્ન થયો. એ વખતે ગામોગામથી

ઘણા હરિભક્તો આવેલા હતા. અગત્રાઈથી આવેલા પર્વતભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી : હે મહારાજ ! આપશ્રીને પોતપોતાને ગામ તેડી જવાની સૌને તાણ હોય. આપશ્રી એક ને ભક્તો અનેક. તેથી આ વખતે આપશ્રી અગત્રાઈ પધારી શકો તેમ ન હોય તો સંતોને મોકલો. તેમાં પણ આ સેવકની એવી ઈચ્છા છે કે મોટામાં મોટા સંતનું મંડળ છ મહિના રહે. તેમાં ગોપાળાનંદ સ્વામીને મોકલો ને તે પણ મંડળધારી કરીને.

શ્રીહરિ અને પર્વતભાઈ જાણતા હતા કે ગોપાળાનંદ સ્વામી કેવા મહાસમર્થ છે, એટલે જ પર્વતભાઈએ પ્રાર્થના કરી ને શ્રીહરિએ તે મંજૂર પણ કરી.

પર્વતભાઈ વિદાય થયા બાદ શ્રીહરિએ મોટેરા સદ્‌ગુરુઓ તેમજ સંતોને બોલાવ્યા. પર્વતભાઈએ કરેલી વાત રજૂ કરી. મોટા મોટા સદ્‌ગુરુઓમાં રામદાસભાઈ, આત્માનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સંતદાસજી સ્વામી વગેરે ૩૦ સદ્‌ગુરુઓનો આ મંડળમાં સમાવેશ થતો હતો. આ બધા સદ્‌ગુરુઓ ઘણાં વર્ષો પૂર્વે ભાગવતી મહાદીક્ષા પામેલા હતા, જ્યારે ગોપાળાનંદ



સ્વામીને તો માત્ર એક વર્ષ જેટલું થયું હતું. આથી સંતોમાં માંહોમાંહી ચર્ચા થવા લાગી કે ગોપાળાનંદ સ્વામી વિના બીજા મોટા સંતને મંડળધારી કરવામાં આવે તો ઠીક, કેમ જે એ તો ૧૨ મહિનાથી સાધુ થયા છે.

રામદાસભાઈ તો સમજતા જ હતા કે, શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને શા માટે મંડળધારી કર્યા છે, પરંતુ વાતનું રહસ્ય સ્પષ્ટ થઈ જાય તે આવશ્યક હતું. સંતોની સાથમાં પોતે ભળ્યા હોય તે રીતે શ્રીહરિને કહ્યું : હે મહારાજ ! ગોપાળાનંદ સ્વામી વિના બીજા મોટા સંતને મંડળધારી કરો તો ઠીક.

શ્રીહરિએ પણ વિચારી લીધું કે, આ વાતનો ખુલાસો નહિ થાય ત્યાં સુધી ચર્ચાનો અંત નહિ આવે, એટલે સ્વામીને કહ્યું : ગોપાળાનંદ સ્વામી તો અમારી મૂર્તિમાં રહેનારા અનાદિ મહામુક્ત છે અને સૌથી મોટા છે, માટે તેમને મોકલજો એમ પર્વતભાઈ કહી ગયા છે, તેથી એમને મંડળધારી કર્યા છે, તો તમે સૌ એમની આજ્ઞામાં રહેજો, પણ જૂનાપણાનું અભિમાન રાખશો નહિ.

વળી હે સંતદાસજી, તમે ગોપાળાનંદ સ્વામી પાસે છ મહિના રહેજો; પણ બીજે ક્યાંય જશો નહિ.

શ્રીહરિનાં વચન સાંભળી સૌને સ્પષ્ટપણે સમજાઈ ગયું ને ચર્ચાનો અંત આવી ગયો. ગોપાળાનંદ સ્વામી સાથે મોટેરા ૩૦ સદ્‌ગુરુઓ અગત્રાઈ ગયા. કથાવાર્તાના અખાડા જામ્યા. એ મોજ માણવા ફરતાં ગામોથી પણ ભક્તો ઊભરાવા લાગ્યા.

એ અરસામાં કેટલાક લોકો તીર્થયાત્રા કરવા નીકળ્યા. એ સાથે પર્વતભાઈના દીકરા મેઘજીભાઈ પોતાના પિતાશ્રીનું ન માનતાં યાત્રાએ નીકળી પડ્યા. ત્યારે દિવ્યરૂપે ગોપાળાનંદ સ્વામી તેમની સામે જઈને પાછા વાળી લાવ્યા ને પર્વતભાઈની મોટપ સમજાવી.

જે વૃક્ષ તળે કથાવાર્તા થતી હતી, એ વૃક્ષને કથાવાર્તાના શ્રવણથી વાચા સ્ફૂરી કે મારે છાંયે ભગવાનની સભા થઈ એ મારે સેવા થઈ,

તેથી મારો પણ છેલ્લો જન્મ થઈ ગયો.

સ્વામીના છ માસના નિવાસ દરમ્યાન કાળ અગત્રાઈ ગામમાં પ્રવેશી ન શક્યો તેથી ગામમાં કે સીમાડામાં જે મરે તેને સ્વામી ધામમાં તેડી જતા. સમય મર્યાદા પૂરી થતાં ગોપાળાનંદ સ્વામી અગત્રાઈથી પાછા આવતા હતા, તે વખતે નિંદા કરનાર બ્રાહ્મણોના અપરાધને ન ગણીને સ્વામીએ એમને ધામમાં મોકલી દીધા.

ગઢપુર પહોંચેલા સંતો સમક્ષ શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીની એ ઉદારતાને પ્રમાણી. આવા અનેક અનુભવો કરાવી શ્રીહરિએ સૌને સમજાવ્યું કે ગોપાળાનંદ સ્વામી કેવા મહાન છે, સમર્થ છે.

માણકી હરિની સેવામાં

ગઢપુરથી વિદાય થઈ શ્રીહરિ લોયા ગામે પધાર્યા. એ વખતે સંકલ્પ કર્યો કે મારી સેવામાં હું જેમને લાવ્યો છું, એ મારી પાસે હાજર થાય. એ કાર્યને સંપન્ન કરવામાં શ્રીહરિએ નિમિત્તરૂપ બનાવ્યા ચૂડા ગામના ભીમ પંડ્યા અને તેમના ભાઈ જીવરામને. એ બંને વ્યવહારે સુખી હતા. સત્સંગ થયા પહેલાં એ બંનેએ મનમાં સંકલ્પ કર્યો હતો કે સ્વામિનારાયણ ભગવાન પોતાના ચરણમાં ૧૬ ચિહ્નનાં દર્શન અંતર્યામીપણે કરાવે તો તેમને પ્રગટ ભગવાન જાણી તેમનું ભજન કરશું. એ સંકલ્પ ભગવાને પૂર્ણ કર્યો તેથી પાકા સત્સંગી થઈ ગયા.

એમને જ્યારે ખબર પડતી કે ભગવાન નજીકના ગામોમાં વિચરણ કરી રહ્યા છે ત્યારે બીજાં બધાં જ કામ મૂકીને દર્શનાર્થે પહોંચી જતા. એમના મિત્ર મીણાપરના ગરાસીયા મનુભા હતા. તેમને ભીમ પંડ્યાએ ૨૦૦૦ રૂપિયા આપેલા હતા. બહુધા બનતું હોય છે એવું જ થયું. લેવામાં જ સમજે પણ પાછા આપવાનું થાય એમાં મુદત લંબાયા જ કરે. ઘણો સમય વીત્યા બાદ ભીમ પંડ્યાએ વિચાર્યું જે હવે જો પૈસા હાથમાં આવે તો મારે બધાય રૂપિયા ભગવાનને આપી દેવા. એ સંકલ્પ સાથે ગરાસીયા પાસે ગયા. રૂપિયાની માગણી કરી. તેમને

ગરાસીયો કહે : હાલ સગવડ નથી, જ્યારે સગવડ થશે ત્યારે વ્યાજે સહિત આપી દઈશ.

ભીમ પંડ્યા કહે : આવા વાયદા તો તમે કેટલાય કર્યા. આજે અમે રૂપિયા લીધા વિના જવાના નથી. આમ બોલતાં મનમાં એ પણ વિચારી લીધું કે ઘરમાં નજર ફેરવું. એમાં જો કોઈ વસ્તુ હાથ આવી જાય તો તે માગી લઉં. નજર નાખતાં વંડીમાં ઘોડી બાંધેલી જોઈ. એ જોતાં જ ભીમ પંડ્યા બોલ્યા : રૂપિયા ન આપો તો કાંઈ નહિ, એને બદલે આ ઘોડી આપી દો.

ગરાસીયાને મનમાં હસવું આવ્યું કે આ બ્રાહ્મણ ભાઈ ઘોડીમાં શું સમજે ? ઘોડી લઈને એ શું કરશે ? તેથી હરખના આવેગમાં બોલી નાખ્યું : ભલે, એ ઘોડી તમને આપી. ભીમ પંડ્યાએ માણકી ઘોડી છોડી. સરક હાથમાં લઈને ચાલવા માંડ્યા. એ જોઈ ગરાસીયો ભોંઠો પડી ગયો. એ વિચારતો જ રહી ગયો કે, આ શું થયું ? મારાથી ગમ્મતમાં બોલાઈ ગયું, પણ આ માણકી ઘોડી તો મને જીવ કરતાંય વ્હાલી હતી.

ભીમ પંડ્યા ઘોડી લઈને નીકળ્યા. માર્ગમાં એ વિચાર કરતા હતા કે મેં ભગવાનને પ્રાર્થના કરી જે સંકલ્પ કર્યો હતો એ પ્રમાણે ભગવાને મારું લેણું વસૂલ કરાવી દીધું. હવે આ માણકી ઘોડી ભગવાનની કહેવાય. એમાં મારો હક ન હોય. વળી એવા ખબર પણ મળ્યા કે ભગવાન લોયા ગામે બિરાજે છે એટલે એ તરફની વાટ પકડી. પોતાને બહુ થાક લાગ્યો ત્યારે ઘોડી પર બેસવાનો વિચાર થયો. પરંતુ સુવિચાર આવ્યો કે આ ઘોડી ભગવાનની છે એવો મેં સંકલ્પ કર્યો, ત્યારથી જ એ ભગવાનની થઈ ચૂકી. મારાથી તેની ઉપર ન બેસાય. આમ વિચારતા લોયા તરફ જઈ રહ્યા હતા.

આ બાજુ સ્વામિનારાયણ ભગવાન સુરાખાચરને કહે : અમારો ગરુડ આવે છે. આ અર્થગંભીર વાણીમાં સુરાખાચરને કાંઈ ન સમજાયું. તેમણે પૂછ્યું : મહારાજ ! ગરુડ તો વિષ્ણુનું વાહન કહેવાય. એ તો

વૈકુંઠમાં હોય. એ અહીં કઈ રીતે આવે ?

આમ વાત ચાલતી હતી ત્યાં ભીમ પંડ્યા વછેરી-માણકી ઘોડી સહિત દરબારમાં પ્રવેશ્યા. કાઠી તો ઘોડાં પારખવામાં પાવરધા. સુરાખાચરે પોતાના જીવનમાં કેટલાંય જાતવાન ઘોડાં જોયાં હતાં, પણ આ માણકીના રૂપ, રંગ અને રૂઆબ ઊડીને આંખે વળગે એવાં હતાં.

વછેરી બતાવતાં શ્રીહરિએ કહ્યું : સુરા ! આ અમારો ગરુડ આવ્યો. ઘોડા-પારખુ સુરાખાચરે પણ કબૂલી લીધું કે આ વછેરી-માણકી પણ ગરુડગતિએ પ્રયાણ કરે એવી છે.

માણકી દરબારમાં પ્રવેશી ને શ્રીહરિની આંખો મળી કે તરત જ એ હણહણવા માંડી. તેની આંખમાંથી આંસુ ટપકવા માંડ્યાં. જાણે કેટલાય સમયથી જેમની રાહ જોઈ રહી હતી એ માણિગરનો મધુર મેળાપ થઈ ગયો ! માણકીના પ્રેમને પોષવા શ્રીહરિ નજીક ગયા. તેની કેશવાળી પર કોમળ હસ્ત ફેરવવા લાગ્યા.

ભીમ પંડ્યા ને તેમના ભાઈ જીવરામ કહે : હે મહારાજ ! આ માણકી આપને અર્પણ. બંને ભક્તોનો સમર્પણભાવ જોઈ શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયા.

માણકી ઘોડીની વિશેષતા

માણકી ઘોડીનો રંગ ખજૂરના જેવો ચકચકતો હતો. દૂધિયા રંગની છાતી હતી. માથું કાન ને ચારે પગ લાલ હતા. કપાળમાં ઊભો ધોળો પટ્ટો તિલક જેવો શોભતો હતો. અને પરસેવો વળતો ત્યારે ભેંસના દૂધ જેવી તેમાંથી ફોરમ છૂટતી.

રૂપે, રંગે ને ગુણે નીવડેલ કોઈ ઘોડા-ઘોડીની ચર્ચા મંડાય ત્યારે માણકી ઘોડીનો જ પહેલો દાખલો લેવાય. સૌના મોઢે એક જ વાત હોય 'માણકી તો સ્વામિનારાયણની...' એ માણકી પર હરિવર સવાર થવાના હોય ત્યારે જાણે રાજકુંવરીને શણગારે એ રીતે તેને સજાવવામાં આવતી. અલબેલાની અસવારી નીરખવા લોકોની મેદની



જામતી. તેમાંય ઘોડા-પારખુઓ અને અસવારીના નિષ્ણાતો જ્યારે હરિવરને માણકી પર અસવાર થયેલા નિહાળતા ત્યારે તો એમની આંખો પહોળી થઈ જતી. મોઢેથી શબ્દો સરી પડતા કે, વાહ સ્વામિનારાયણ ભગવાન વાહ, અસવાર તરીકેની તમારી અદ્‌ભુત અદાને કોટી કોટી વંદન; એની સાથે સાથે સાનમાત્રે હરિવરની મરજીને જાણનારી હે માણકી, તનેય કરોડો ધન્યવાદ !

આમેય કાઠી દરબારો ઘોડેસવારીના બહુ જ શોખીન. એ દરબારોની સાથે મળી જઈ તેમને વશ કરવા નિમિત્તે જાણે પ્રભુએ માણકીને સેવામાં રાખી, કેટલીક વાર તો ઘોડાદોડ પણ યોજી.

હાલમાં મુસાફરી માટે ઝડપી વાહનોનો ઉપયોગ થાય છે, તેમ એ વખતે ઘોડા જેવું શીઘ્ર ગતિમાન વાહન બીજું કોઈ નહોતું, થોડા જ સમયમાં સંખ્યાબંધ ગામે ઘૂમી વળવા ભગવાને માણકી રાખી હતી.

માણકીના વેગનો ઉલ્લેખ કરતાં સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામીએ ગાયું છે કે,

માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ,
આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ;
ગરુડ લાજ લોપી માણકીએ સોઈ...

શ્રીહરિલીલામૃતમાં પણ વર્ણન છે કે,

ત્રણ લોકની કાંતિ સંઘરી, વિધિએ શું શુભ માણકી કરી;
વિચરે બહુ વાયુ વેગથી, પણ હાલે નહિ પાણી પેટથી...

નહિ કામ લગામનું ઘણું, વરતી લે મન તો ધણી તણું;
રુચિતુલ્ય દિસે જ ચાલતી, મદમાતી સુખથી મહાલતી...
વિધિએ નવરાશમાં ઘડી, પ્રભુને ભેટ કરી પગે પડી...

લોભી બ્રાહ્મણનું કપટ

માણકી ઘોડી પર અસવાર થઈ શ્રીહરિ લોયાથી પ્રયાણ કરી ચાસકા, કરમડ થઈ જેતલપુર પધાર્યા. શ્રીહરિનો ગામેગામ જયજયકાર થઈ રહ્યો હતો. એ જયઘોષથી વામમાર્ગીઓ તેમજ શક્તિપંથીઓ વધારે ને વધારે રોષે ભરાયા હતા. ભગવાનને હેરાન કરવા ને છેવટે મારી નાખવા માટે જાતજાતના ઉપાયો કરતા હતા. તેવામાં એક શક્તિપંથી બ્રાહ્મણ પરદેશથી આવ્યો. તેને પૈસાની લાલચ આપતાં કહ્યું : જો તું જેતલપુરમાં જઈ સ્વામિનારાયણને મારી નાખે તો તને ઘણા રૂપિયા આપીએ.

બ્રાહ્મણ પહેલવાન હતો. તેણે મનમાં માની લીધું કે આ કામ હું આસાનીથી પાર પાડી શકીશ. એને પૈસાનો લોભ હતો જ. એટલે આવું નઠારું કામ કરવા તૈયાર થયો. જો કે એ ભગવાનને ઓળખતો જ નહોતો. વામમાર્ગીએ તો માત્ર એટલું જ કહી રાખ્યું હતું કે તળાવ કાંઠે સભા હોય. તેમાં જે ઊંચા આસન પર બેઠા હોય તેના પેટમાં કટાર ખોસી દેજે.

બીજે દિવસે શ્રીહરિ તળાવ કાંઠે સભા કરીને બિરાજમાન હતા. તે વખતે પેલો પૈસાનો લાલચુ બ્રાહ્મણ સંન્યાસીનો વેશ ધારી સભામાં આવ્યો. પોતે ઓઢેલા વસ્ત્રમાં કટાર સંતાડી રાખી હતી.

પ્રભુ તો એને પરખી જ ગયા હતા કે એ વેશધારી હત્યારો છે. જાણે તેને ઓળખતા હોય તેમ હાથનો ઈશારો કરી તેને બોલાવ્યો. પેલાએ પણ માની લીધું કે મારું કામ આસાનીથી પાર પડી જશે. નજીક આવી એ કપટીએ ભાવ દર્શાવતાં પ્રણામ કર્યા. શ્રીહરિએ પાર્ષદ અગરાજીને ઈશારો કરી દીધો કે આ વેશધારીની કમરમાં કટાર ખોસેલી છે.

એ વેશધારીને પ્રભુએ પૂછ્યું : તમારો દેશ કયો ? કયા મઠમાંથી આવો છો ? તમે ગિરિ, પુરી કે ભારતી ? તમારી દીક્ષા કઈ ? પણ આ તો બનાવટી હતો. એને એ બધી ખબર ક્યાંથી હોય ? જવાબ આપવામાં લોચા વાળવા માંડ્યો. એ ક્યાં કોઈ મઠનો હતો ? એ તો શઠ હતો.

શઠની અગડં બગડં વાત સાંભળી શ્રીહરિ હસવા લાગ્યા. ભાવ દેખાડતો એ ધીમે ધીમે શ્રીહરિની નજીક આવવા લાગ્યો. એ સાથે પોતાના ભગવા અંચળામાં સંતાડેલો કટાર કાઢવા માંડ્યો.

ચપળ અગરાજીએ વાઘની જેમ તેના પર તરાપ મારી. એ સાથે જ એ શઠના હાથમાંથી જમૈયો પડી ગયો. ખડીંગ... અવાજ થયો. સભાજનોને ખ્યાલ આવી ગયો. શૂરવીર કાઠીઓ અકળાઈ ગયા. અમારા ઈષ્ટદેવ આગળ આ કપટ !! ક્રોધાવેશમાં એ ઊભા થઈ ગયા. જાણે હમણાં જ તેના ટૂકડે ટૂકડા થઈ જશે એવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ.

'હવે મારું આવી બન્યું,' એ વિચાર સાથે પેલો શઠ ધ્રૂજવા લાગ્યો. પ્રભુએ શૂરવીરોને કહ્યું : તેને પાછો જવા દો, મારશો નહિ. કાઠીઓ તો સમસમી રહ્યા. કહેવા લાગ્યા : પ્રભુની આણ છે, નહિતર એ અહીંથી જીવતો કેમ જાય ? શ્રીહરિના આદેશ અનુસાર ભક્તો એને જેતલપુર ગામની બહાર તગેડીને પાછા આવ્યા.

શ્રીહરિની અકળ આગાહી

જેતલપુરમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને કરેલા મહાયજ્ઞની બોલબાલા ચોમેર પ્રસરી ગઈ હતી. ગામોગામ લોકો પ્રશંસા કરવા લાગ્યા હતા. આ ઘોર કળિયુગમાં આ શ્રી સહજાનંદ સ્વામી એવા મોટા યજ્ઞ કરે છે કે જેની મનથી પણ કલ્પના ન કરી શકાય. માટે એ ચોક્કસ ભગવાન છે.

સુજ્ઞજનો આ રીતે વિચારતા હતા, પરંતુ શક્તિપંથી વગેરે હતા તે ભગવાનનો આવો ઉત્કર્ષ સાંભળી રોષે ભરાયા. પોતાનો ઊકળાટ કાઢતા બબડવા લાગ્યા : સ્વામિનારાયણે યજ્ઞ કર્યો તેની અમને ખબર ન રહી.

હવે જો એ યજ્ઞ કરશે તો અમે લાખ્ખો રૂપિયા ખરચીને તેનો યજ્ઞ છિન્નભિન્ન કરી નાખીશું. એ સમજે છે શું એના મનમાં ?

ગામોગામ ફેલાતી આ વાતો શ્રીહરિ પાસે પહોંચી. આમેય એ અંતર્યામીથી કઈ વાત અજાણી હોય ? ગામોગામ પત્ર મોકલી જણાવ્યું : પાકા હરિભક્તો હોય તેમણે વૈશાખ માસમાં અમારી પાસે આવવું. ખોખરા મહેમદાવાદમાં યજ્ઞ કરવો છે. યજ્ઞ થાય કે ન થાય એ ઈશ્વરના હાથની વાત છે, તેમાં સંશય ન થાય તે પાકા હરિભક્ત કહેવાય. અમારાં ચરિત્ર જોઈ સત્સંગ છૂટી જાય તેવાને સાથે લાવવા નહિ. માર્ગમાં ભય હોવાથી હથિયાર સાથે લઈને આવવું.

શ્રીહરિનો પત્ર વાંચી ગામોગામથી હરિભક્તો શ્રીહરિ પાસે જેતલપુરમાં આવ્યા. કેટલાક દિવસ અહીં રોકાઈ ભક્તોના મનોરથો પૂર્ણ કર્યા.

ભાવિ નિવાસે - આંબાવાડિયામાં બીજીવાર

જેતલપુરથી પ્રયાણ કરી શ્રીહરિએ ખોખરા મહેમદાવાદ તરફ જવાનું લક્ષ્ય બાંધ્યું. પરંતુ ચાર મહિના પૂર્વે જે ઘટાદાર આંબાવાડિયું નિહાળ્યું હતું તે ભૂલાયું નહોતું. ક્યાંથી ભૂલાય ? અહીં તો પોતાને ઘર માનીને બિરાજવાનું હતું. અમદાવાદ શહેર નજીકમાં જ હતું. ત્યાં સઘળી સુવિધા થઈ શકે તેમ હતું. અરે, તેમ ન કરે તો ખોખરા મહેમદાવાદમાં જ મેવાડા બ્રાહ્મણ નથુ ભટ્ટ રહેતા હતા. પણ ના... આજે તો પ્રભુને આ આંબાવાડિયામાં જ વિશ્રાંતિ લેવી હતી.

માર્ગે પસાર થતાં આ એ જ પુણ્યવંતી ધરા આવી પહોંચી. આજે તો આ આંબાવાડિયું વ્હાલાજીને સત્કારવા અત્યંત ઉત્સુક હતું. પ્યારા પ્રીતમને ચરણે પાકાં સ્વાદિષ્ટ આમ્રફળની ભેટ ધરવી હતી. વૈશાખ મહિનો હતો એટલે એ પાક તૈયાર જ હતો. જાણે વ્હાલમાને માટે તૈયાર કરેલી મિજબાની ! તો હરિવર પણ એ મિજબાની માણવા અત્યંત ઉત્સુક બન્યા હતા. એ પરમ પાવનકારી દિન હતો સંવત

૧૮૬૫ વૈશાખ સુદ ત્રીજ, સોમવાર, તા. ૧૭-૪-૧૮૦૯.

પ્રભુ વિચારતા હતા : આ પાવન દિને તો મારે દર વર્ષે ચંદનના વાઘા ધારણ કરી ભક્તોને દર્શન સુખની લ્હાણી કરવી છે. આજે તો આ આંબાઓનો પ્રેમ મારા માટે પૂરતો છે.

આમ્રવાટિકામાં સ્વચ્છ જળથી ભરપૂર એ જ મોટું તળાવ ! પશ્ચિમમાં નાનું તળાવ. ત્યાં ખીલેલો એક ઘટાદાર મોટો આંબો કહી રહ્યો હતો : પધારો પ્રાણાધાર ! આપને માટે મિજબાની તૈયાર છે. પ્રભુએ પણ મધુર મલકાટ કર્યો. બસ નરી પ્રસન્નતા જ પ્રસન્નતા. સંતો-ભક્તોએ પણ એ મધુરપ માણી.

પ્રભુ કહે : ઉનાળો છે, ગરમી પણ છે, તો ચાલો પ્રથમ સ્નાન કરી લઈએ. સૌએ સ્નાન કર્યું. વિવિધ જળક્રીડા દ્વારા પ્રભુએ સંતો-ભક્તોને બહુ જ આનંદ કરાવ્યો. આજે પણ પ્રભુના મુખારવિંદ પર એવી જ મધુરપ મ્હોરી રહી હતી.

પાકેલાં આમ્રફળ ખેરવીને વૃક્ષો કહી રહ્યાં હતાં : હે વ્હાલમા ! આપે જ અમને સર્જ્યાં છે, આજે આપને ચરણે ધરેલાં આ ફળ કૃપા કરી અંગીકાર કરો, આપના સંતો-ભક્તોને પણ જમાડો. આજે વ્હાલમાએ આ આમ્રવનની રસોઈ આરોગી.

હરિવરના આ બીજી વખતના વિચરણની નોંધ લેતાં સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી હરિકૃષ્ણલીલામૃતના ત્રેપનમા અધ્યાયમાં જણાવે છે કે,

तदेतैः श्रीहरिर्भक्त्या भोजितः पूजितस्ततः ।
महाब्दावादमागछत् सोऽवसन् नथुसद्मनि ॥

આ જ પ્રસંગને સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીએ ‘શ્રીહરિચરિત્રામૃતસાગર’ ગ્રંથના ૧૨મા પૂરના ૭૩મા તરંગમાં નોંધ્યો છે.

ખોખરામાં ધમસાણ

ખોખરામાં સ્વાગત

પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના નિર્ધારિત ભાવિ નિવાસ આંબાવાડિયાથી ખોખરા મહેમદાવાદ પધાર્યા. હરિભક્તોએ ઊમળકાભેર સામૈયું કર્યું. પ્રભુને ગામમાં પધરાવ્યા. (અમદાવાદની પૂર્વ દક્ષિણ દિશામાં આવેલું આ ગામ હાલમાં અમદાવાદની અંતર્ગત સમાવી લેવામાં આવ્યું છે.)

અહીં મેવાડા વિપ્ર નથુભાઈ ભટ્ટ રહેતા હતા. તેમને ઘેર શ્રીહરિનો ઉતારો હતો. સંતો કાંકરિયા તળાવની દક્ષિણ તરફ આંબલીઓની છાયામાં ઊતર્યા.

'ખોખરામાં શ્રીહરિ પધાર્યા છે ને ત્યાં યજ્ઞ કરવાના છે,' એ વાત કર્ણોપકર્ણ દૂર દેશોમાં પણ વ્યાપી ગઈ. એટલે બીજા સત્સંગીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. રોજ સવારે સૂર્યોદય થયા પહેલાં શ્રીહરિ કાંકરિયા સરોવરે સ્નાનાર્થે પધારતા, સરોવરના પૂર્વ તરફના ગરનાળા પાસે સ્નાન કરતા. સાથે સંતો-ભક્તો પણ આવતા.

નિત્યવિધિથી શ્રીહરિ પરવારે એટલે ભક્તો જાતજાતની કેરીઓ લાવતા. તેમજ કેળા, પેંડા, બરફીના થાળ ભરી ભરી ને લાવતા. ફૂલના હાર પહેરાવવા માટે ભક્તોની લાંબી કતાર લાગતી. શહેરના મોટા મોટા માણસો ગાડી, રથ, બગી અથવા અશ્વ પર બેસીને દર્શનાર્થે આવતા. શહેરમાં ઘણા ભક્તો રહેતા. તેમનાં ભાવભર્યાં આમંત્રણ સ્વીકારી શ્રીહરિ તેમને ત્યાં પધરામણી પણ કરતા.

વૈશાખ વદ એકાદશી, તા. ૧૧-૫-૧૮૦૯, ગુરુવારના રોજ શ્રીહરિએ કરજીસણવાળા નાનાભાઈ ભટ્ટને કહ્યું : પાંચ મણ પેંડા-બરફી લાવો. આજે સંતોને ફરાળ કરાવીએ. નાનાભાઈ કહે : મહારાજ ! બે મણ તો ઘણા થઈ પડશે. ત્યારે પ્રભુ કહે : હવે દશ મણ લાવો.

ભક્તે વિચાર્યું કે, ભગવાનની મરજી કંઈક ઓર જ છે એટલે બીજી શંકા કર્યા વિના દશ મણ પેંડા-બરફી લઈ આવ્યા. પ્રભુએ ફરાળ કર્યું; શ્રીહરિ તો જાણતા જ હતા કે હવે ઘમસાણ મચવાનું છે ને સંતોને દૂર મોકલવા પડશે. તેના પહેલાં પ્રેમથી જમાડવા છે, એટલે સંતોને પોતાના હાથે તાણ કરી કરીને જમાડ્યા. જમાડતાં જમાડતાં કહ્યું : સંતો, ખૂબ જમજો. આવો વખત વારે વારે ન આવે.

પછી શ્રીહરિએ પાર્ષદો ને હરિભક્તોને પણ પ્રસાદી આપી. એમને પણ તાણ કરીને જમાડ્યા. એ વખતે સભામાં શ્રીહરિ મર્મવાક્ય બોલ્યા : આજે અમે શ્રેષ્ઠ મહાયજ્ઞ કરી લીધો.

ગોમતીપુરનો લોલંગર બાવો

સંતોનાં સદ્‌વર્તનની સુવાસ સારાય ગુજરાતમાં પ્રસરી ચૂકી હતી. લોકો સંત-અસંતનો ભેદ પારખતા થયા હતા. ગાંજા-ભાંગમાં મહાલનારા બાવાઓને છોડી દીધા; સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવવા લાગ્યા. પોતાનો પંથ તૂટી પડતો જોઈ એ બધા એવા તો વિફર્યા કે સ્વામિનારાયણ પંથનું નામ-નિશાન મિટાવી દઈએ. તેઓ માંહોમાંહી ચર્ચા કરવા લાગ્યા :

'સ્વામિનારાયણને હમારી રોટી છીન લી.'

'ના જાને વહ ક્યા કરતા હૈ ? લોગ ઉસકી હી તરફદારી કરને લગે હૈં !'

'જાદુઈ વિદ્યામેં બડા કાબિલ લગતા હૈ. ઉસકો મારઝૂડ કર સીધા કરના પડેગા.'

'મુઝે તો યે સમજમેં નહિ આતા કિ ઉસને જેતલપુરમેં મહાયજ્ઞ કિસ પ્રકાર સંપન્ન કિયા ?'

'ઉસકો અબ રુકાવટ નહિ કરેંગે તો ઉસકી હી બોલબાલા હો જાએગી. હમારા તો કોઈ નામ ભી નહિ લેગા.'

'લોગ ભી કિતને અંધે હૈં ! ઉનકો કૈસે સમજાએં કિ વો સબ

પાખંડ હૈ. વે ગાંજા-ભાંગકો છૂતે ભી નહિ, ઔર છૂને દેતે ભી નહિ. ઉસકો કહાં માલૂમ હૈ કિ ઈસ પ્રકાર કરને સે શિવજીકે પ્રસાદકા અનાદર હોતા હૈ.'

આ રીતે લોલંગર બાવાના મઠમાં ભેખધારીઓ વાતોના તડાકા મારી રહ્યા હતા.

આ બધા ભેખધારીનો સરદાર લોલંગર બાવો ઊંચા આસન પર બેઠો હતો. એ કદરૂપો ને ખાઈ-પીને તગડો થયેલો હતો. એની આંખો ચરસના કેફમાં લાલઘૂમ રહેતી. માથે મોટી જટા. અંગોઅંગે ચટાપટા ને ભેંસ ભડકે એવાં તિલક. બંને હાથના કાંડે રૂપાનાં ભારે કડાં. શરીર તો એવું ગંધાય કે પચીસ ફૂટ દૂર ઊભેલાને નાક દબાવવું પડે. તેનું મૂળ કારણ ગાંજા-ભાંગનું સેવન.

આ લોલંગર સાથે ૭૦૦ બાવાઓનું ઝૂંડ હતું. ગોમતીપુરમાં એ બધા રહેતા હતા. બાવાઓ બંદૂકો, તરવારો, ભાલા વગેરે શસ્ત્રો પણ રાખતા. એમની પાસે વાહનો પણ ઘણાં હતાં. ગામોગામ ફરી લોકોને ડરાવી એ યમની ફોજ ધન લૂંટતી. મન ફાવે તેમ અનીતિ કરતી, તો પણ રાજાઓ તેને રોકી શકતા નહિ એવી એની ધાક હતી.

આ બાવાઓને સમાચાર મળ્યા કે સ્વામિનારાયણ ખોખરામાં યજ્ઞ કરવાના છે. તેથી લોલંગર સાથે મંત્રણા કરી કે સ્વામિનારાયણની આસપાસ તો જબરો બંદોબસ્ત છે. એ તો હાથમાં આવી શકે તેમ નથી; પણ જો એમના બે ત્રણ સંતો હાથમાં આવે તો બરાબર વેર વાળીએ.

સંતો પર બાવાઓએ વર્તાવેલો કેર

સંતો પોતાના નિત્ય નિયમ અનુસાર ભિક્ષા માટે અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં જતા. તેમાં ચાર સંતો-યોગાનંદ, ચિદ્રૂપાનંદ, કલ્યાણાનંદ અને અરિહંત્રાનંદ ભિક્ષા માગી કાંકરિયા તરફ આવી રહ્યા હતા. એમને જોતાં જ માતેલા સાંઢ જેવા લોલંગરના લફંગા બાવાઓ એ સંતો પર તૂટી પડ્યા. ઝોળી માગી લાવ્યા હતા તે બધું જ ઝૂંટવી

લીધું. એટલેથી સંતોષ ન થયો. લાકડાંના ભારા ઉપડાવી વાંસેથી માર મારતા મારતા પોતાના મઠમાં લઈ ગયા. ત્યાં હાથ-પગ બાંધી દીધા. બાવાઓએ પગમાં જોડા પહેર્યા હતા. તેના વડે લાતોના ખૂબ પ્રહાર કર્યા. એ મારથી સંતો મૂર્છિત થઈ ગયા. બરડામાંથી લોહી ટપકવા માંડ્યું તોય પણ આ નરાધમોને લેશમાત્ર દયા ન આવી. કોઈનેય આ બાબતની ગંધ ન આવે એ રીતે એ ચારેય સંતોને મઠમાં એક ઓરડામાં સંતાડી દીધા.

એ બધાય બાવાઓમાં એક-બે સમજુ પણ હતા. તેમાંના એક વૃદ્ધ હતા. બાવાઓનાં આ પાશવી કૃત્ય જોઈ તેમણે કહ્યું : આ સંતોએ તમારું કાંઈ બગાડ્યું નહોતું તોય માર્યા; એ પાપે તમારું ઠેકાણું નહિ રહે. કોઈ પણ ગરીબને દૂભવવાનું બહુ મોટું પાપ લાગે છે. આનું ફળ તમને કાલે સવારે ચોક્કસ દેખાશે. ત્યારે પેલો ઉદ્ધત બાવો કહે : અમને કોઈનો ડર નથી. તમે ડરતા હો તો બેસી રહો.

અગ્નિથી તપેલો મોટો તવો હોય. તેના પર છાંટેલા પાણીનું બાષ્પીભવન થઈ જાય, તેમ દ્વેષાગ્નિમાં સંતપ્ત બાવા આગળ સુજ્ઞ વૃદ્ધનું ઊપજે પણ શું ?

લાલદાસ ગોરાની સમયસૂચકતા

લોકો દ્વારા લાલદાસ ગોરાને સંતોના ખબર મળ્યા. એમનું હૈયું કંપી ઊઠ્યું. આ યમગણ સાથે કળથી કામ લેવું પડે તેમ હતું. એ ગોમતીપુર મઠમાં ગયા. ધનવાન તરીકે લાલદાસ ગોરાની બોલબાલા હતી. મઠના મહંત લોલંગરને કહ્યું : આપ સબકો પક્કા ભોજન ખિલાના હૈ. કિતની મૂર્તિયાં હૈ ઈસકે બારે મેં આપ કો પૂછને કે લિયે આયા હું.

લોલંગર ખુશ થયો. કહે : આપ યહાં આયે સો અચ્છા હુઆ. સબ મિલ કર હમ સાતસોં મૂર્તિયાં હૈ.

‘કોઈ અરઝા નહિ, ઉસકા પ્રબંધ હો જાએગા. આજ તો આપકા મઠ દેખનેકી હમેં બહુત ઉમ્મિદ હૈ.’

રસોઈના લોભમાં લોલંગરે સંમતિ આપી. લાલદાસ ફરતા ફરતા જ્યાં પેલા સંતને બંધ કર્યા હતા ત્યાં ગયા. જાણે કાંઈ જાણતા ન હોય તે રીતે આશ્ચર્ય પામતાં કહ્યું : અરે મહાત્માજી, ઈસકો ક્યોં પકડ રખે હૈં ? ઐસે ગરીબ કો દુઃખ દેનેસે ક્યા ફાયદા હોગા ? જબ ઉનકો છોડ દેંગે તભી હમ રસોઈકા પ્રબંધ કરેંગે.

લોલંગરને લાગ્યું કે માંડ આવેલી તક ચાલી જશે એટલે બૂમ મારી : અય ચેલા ! ઈસ મુંડિયા કો છોડ દો, વરના બડા માલ ખો બૈઠેંગે.

આમ કળપૂર્વક લાલદાસ ગોરાએ સંતોને યમફોજથી છોડાવ્યા. એ જ રીતે પૂરતી વ્યવસ્થા સાથે શ્રીહરિની પાસે લાવ્યા.

શ્રીહરિને થએલી અરેરાટી

શ્રીહરિ દેશકાળના વિષમપણાની વાતો કરતા કહી રહ્યા હતા કે, કોઈ વાર ભગવાન પોતાના ભક્તની કસોટી લેવા કાળનું પણ જોર ચાલવા દે છે. એ જ સમયમાં લાલદાસ ગોરા ચાર સંતોને લઈને ત્યાં આવ્યા. વાંસામાં તેમજ હાથ-પગ ઉપર એટલો બધો માર મારેલો હતો કે સંતો માંડ માંડ ચાલી શકતા હતા. મહારાજને આ જોઈ અરેરાટી થઈ આવી. લાલદાસે બધી વાત કરી.

નિર્દોષ સંતો પર થએલો આ પાશવી અત્યાચાર જોતાં જ શ્રીહરિ આસનથી એકદમ ઊભા થઈ ગયા. એ ઘડી એવી હતી કે જાણે હમણાં જ પ્રલય થઈ જશે. શ્રીહરિ બોલ્યા : ભેખધારી બાવાઓએ હવે માઝા મૂકી છે. આ ગરીબ ગાય જેવા સંતોની આ દશા ! નરપશુ જેવા બાવાઓ ઉપર હવે દયા ખાવા જેવું છે શું ? એ બધા આતતાયી છે. આતતાયીને હણવામાં પાપ નથી. તે સમયે શ્રીહરિનો એવો ભ્રૂભંગ હતો કે જાણે પૃથ્વીને હમણાં જ રસાતલ કરી દેશે.

ભક્તચિંતામણિમાં સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સુણી શ્રીહરિ શ્રવણે, અંગે ઊભી થઈ રોમાવળી;
એવો કોણ અવનિ ઉપરે, જે મારા સંતને મારે વળી...

કરી નજર અતિ કરડી, થયાં લોચન લાલ વિશાળ;
ભ્રૂકુટિ ભ્રંગ ચડાવિયો, દેખી કંપવા લાગ્યો કાળ...

શ્રીહરિએ આગળ કહ્યું : પાર્ષદો, હવે તમે તૈયાર રહેજો. ખરાખરીના ખેલ તો હવે ખેલાશે. ભેખધારીઓએ માઝા મૂકી છે એટલે હવે તેની સાન ઠેકાણે લાવ્યા વિના છૂટકો નથી. ફોગટના ફુલાતા ફરે છે.

કાઠીઓ તો શ્રીહરિની આજ્ઞાની રાહ જોઈને જ બેઠા હતા. શ્રીહરિના જોમભર્યા શબ્દો સાંભળતાંની સાથે તેઓને ખુન્નસ ચઢી ગયું. એ કહેવા લાગ્યા : નિર્દોષ સંતો ઉપર આતંક ફેલાવનારા બાવાઓને તો આજે રહેંસી જ નાખીએ. સાચા અર્થમાં તો તેઓ સાધુઓ જ નથી. ભાંગ, દારૂ, હોકા, ચરસ વગેરેમાં ચકચૂર એ બાવાઓ તો પૃથ્વીના ભારરૂપ છે. તે ભાર હળવો કરવામાં જ આપણે પૃથ્વીની સાચા અર્થમાં સેવા કરી ગણાશે.

ભગવાન નહોતા મળ્યા તેના પહેલાં તો આપણે ચોરી, લૂંટફાટ કરવા શસ્ત્રો વાપરતા હતા, હવે આપણે તે પાપમાંથી છૂટી ગયા છીએ. હવે આપણાં એ જ શસ્ત્રો સંતોની સાચા અર્થમાં સેવા કરવામાં કામ આવશે. ઘણા વખતથી એ વપરાયાં નથી. આપણી તરવારની ધાર ચકાસવાનો હવે સમય આવ્યો છે. ઘણા વખત બાદ પટ્ટા ખેલવાની બાજી પણ તાજી થશે. બાવાઓ પોતાનું ધ્યેય ભૂલી ગયા છે. ભજન કરવાની વાત એક બાજુએ મૂકી દીધી છે. માત્ર બાહ્ય આડંબર કરતા એ બાવાને પણ હવે અનુભવ થઈ જશે કે લોકોને બહારથી દમદાટી દેવાનું તેમનું જોર નહિ ચાલે. આવા શૌર્યભર્યા વિચાર કરતા શૂરવીર પાર્ષદો પોતાનાં હથિયાર સજ્જ કરવા લાગ્યા.

લોલંગરનું આક્રમણ

લોલંગરને લાલદાસ ગોરાની ભેદનીતિની ખબર પડી એટલે એ વધારે ઉશ્કેરાયો. હાથમાં આવેલો શિકાર છટકી ગયો તેના રોષમાં એનો ક્રોધ આસમાને ચડ્યો. તેણે તુરત જ હુકમ છોડ્યો : આજે બધા

ભેળા થઈને સ્વામિનારાયણના મુંડિયા ઉપર તૂટી પડો.

આ બાજુ શ્રીહરિએ પણ કાઠીઓ અને પાર્ષદોને ભલામણ કરી : ભેખધારી બાવાના આક્રમણ સામે આજે તમે સજાગ રહેજો. એ સાથે મુક્તાનંદ સ્વામીને કહ્યું : તમે થોડીવાર ભક્તોને કથાવાર્તાનું સુખ આપો ત્યાં સુધી અમે જમી આવીએ. શ્રીહરિના આદેશ અનુસાર મુક્તાનંદ સ્વામી ઊંચા આસન પર બેસી મધુરતાપૂર્વક કથારસ રેલાવી રહ્યા હતા. શ્રીહરિ નથુ ભટ્ટને ઘેર જમવા પધાર્યા. સેવામાં રહેલા હથિયારધારી પાળાઓ પણ શ્રીહરિની સાથે જ હતા.

આ બાજુ લોલંગર બાવાનું ધાડું ધસી આવ્યું. બાવાઓના હાથમાં ચીપિયા, ત્રિશૂળ, ભાલા, લાકડી, ધોકા વગેરે હતાં. જુદા જુદા પ્રકારના ભયંકર વેશને લીધે તેઓ જાણે મૂર્તિમાન ભૂતની સેના હોય ને શું ? તેવા ભૂંડા લાગતા હતા. બૂમો મારતા ને ચિચિયારીઓ કરતા તે દોડતા દોડતા ધસી રહ્યા હતા. મુખી લોલંગર બાવાના હાથમાં સાંકળ હતી. તેની આંખો ધગધગતા અંગારા જેવી લાલઘૂમ હતી. અંગ ઉપર ભભૂતી લગાવી હતી.

મુક્તાનંદ સ્વામી પર હુમલો

સામેથી આવી રહેલી નરપશુની સેનાને જોઈ મુક્તાનંદ સ્વામી ચેતી ગયા. અંદાજ આવી ગયો કે આ વિફરેલી ભૂતની સેના પોતાના ભાવ ભજવશે. તરત જ કથાના આસનથી ઊતરી ગયા. દોડીને એક બ્રાહ્મણના ઘરમાં પેસી ગયા. કમાડ અંદરથી બંધ કરી દીધાં. બાવાઓએ હાહાકાર મચાવી દીધો. એક બાવો મુક્તાનંદ સ્વામીને મારવા દોડતો આવતો હતો. શ્રીહરિએ મોકલેલા ડાંગરવાના ડાભી અગરોજી તેની પાછળ દોડ્યા. પગની આંટી ભરાવી તે બાવાને પાડી દીધો. તલવારના એક જ ઝાટકાથી બાવાના બંને પગ કાપી નાખ્યા.

ત્યાં તો સામેથી બાવાઓનું મોટું ઝૂંડ ધસી આવ્યું. તે વખતે ભગુજી ને અગરોજી બે જ પાર્ષદો ત્યાં હતા. તેમણે બરાબર સામનો કર્યો. બાવા

ચારે બાજુથી ઘેરી વળ્યા. સામેથી ઘા કરવાની બાવાને હિંમત ન હતી પણ પાછળથી ભગુજી ઉપર ઘા કર્યા. બંને પાર્ષદો સામનો કરવામાં રોકાઈ ગયા. તે દરમ્યાન બીજું નરપશુનું ઝૂંડ જ્યાં મુક્તાનંદ સ્વામી ગયા હતા તે ઘરની ખડકી તોડવા માંડ્યા. ખડકી તોડીને મુક્તાનંદ સ્વામી ઉપર તૂટી પડ્યા. ખૂબ મારના કારણે સ્વામીની આંખોમાંથી લોહી ટપકવા લાગ્યું. છતાં આ નિર્દય બાવાને દયા ન આવી. ઘવાયેલી હાલતમાં ભગુજી અને અગરોજી અંદર ગયા. ત્યાં બાવાને ખબર પડી કે ભગવાન તો નથુ ભટ્ટને ઘેર જમવા પધાર્યા છે, તેથી આ ભૂતાવળ ઊપડી, નથુ ભટ્ટના ઘર બાજુ.

પાર્ષદોની સજ્જતા

શ્રીહરિ સ્નાન કરી જમવાની તૈયારી કરી રહ્યા હતા. ભટ્ટના ઘરની બહાર ૧૫ જેટલા હથિયારધારી પાર્ષદો સજ્જ થઈને ઊભા હતા. ભગુજીએ જોઈ લીધું કે બાવાનું ઝૂંડ શ્રીહરિ બાજુ ધસ્યું છે. ઘવાએલી હાલતમાં દોડતા દોડતા એ બીજા પાર્ષદો પાસે પહોંચી ગયા. બાવાઓને ધસમસતા આવતા જોઈ પાર્ષદો પણ સજાગ થઈ ગયા. શ્રીહરિએ પાર્ષદોને કહ્યું : આજે આપણે કાંઈ તોફાન કરવું નથી. ત્યારે ભગુજીએ કહ્યું : મહારાજ, આ બાવાઓ મુક્તાનંદ સ્વામી ઉપર ત્રાટક્યા હતા. તેમને ખૂબ માર માર્યો છે તેથી આંખમાંથી લોહી ટપકી રહ્યું છે. હવે તો બાવાઓને ઠેકાણે જ પાડી દઈએ. સ્વામીની પરિસ્થિતિ જાણી શ્રીહરિ ગદ્ગદ થઈ ગયા ને કહ્યું : અરે આવા પરમ સંત ઉપર આવી નિર્દયતા !! બાવાઓમાં હવે માણસાઈ મરી પરવારી છે, માઝા મૂકી છે; હવે તેને સીધા દોર કરવા પડશે.

બરાબર આ જ વખતે લોલંગરનું ટોળું ત્યાં આવ્યું. ઉઘાડી તરવારે ઊભેલા પાર્ષદોને જોયા. લોલંગરને થયું કે આ કાઠી તો આપણને રહેંસી નાખશે. બાવાની મુરાદ તો ભગવાનને પકડવાની હતી પણ ચારે બાજુથી હથિયારધારી પાળાઓને ઉભેલા જોઈ તે

આગળ ધસી ન શક્યા.

લોલંગરે વિચાર્યું : આજે ઓછા બાવાને લાવ્યો છું તેથી કાઠી પાર્ષદો અમને ભારે પડી જશે, પણ કાલે ૭૦૦ની જમાત લાવું ને બરાબર ખબર પાડી દઉં; પણ એ મગતરાને ક્યાં ખબર હતી કે આ પાર્ષદો તો આમેય તરવાર-બાજીમાં ને પટા ખેલવામાં પારંગત છે. વળી સૌથી વિશેષ તો તેમને ભગવાનનું બળ છે. ભલેને હજાર કે પાંચ હજારનું કટક લાવે, તો પણ એની ગુંજાશ નહોતી કે તે આ પાર્ષદો સામે ટક્કર ઝીલી શકે.

બીજે દિવસે મોટા પાયે હુમલો કરવાનો નિર્ણય કરી લોલંગર પાછો વળી ગયો.

મુક્તાનંદ સ્વામી શ્રીહરિની પાસે

બાવાઓ ગયા પછી પાર્ષદો મુક્તાનંદ સ્વામીને લઈને શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિએ તેમના શરીર પર કોમળ કર ફેરવ્યો, તેથી મારના કારણે થતી અસહ્ય વેદના શાંત થઈ ગઈ. સ્વામીની આવી દુર્દશા જોઈ શ્રીહરિએ કહ્યું : સ્વામી, મારો સ્વભાવ દયાવાળો છે, પરંતુ જે તમારા જેવા સંતનો દ્રોહ કરે તેના ઉપર મારે દયા રહેતી નથી. આવા કુકર્મી જીવોની સાન ઠેકાણે લાવવા હવે ખરાખરીના ખેલ ખેલ્યા વિના છૂટકો નથી.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : મહારાજ, આપ તો ક્ષમાની મૂર્તિ છો. જો આપ દયા નહિ રાખો તો આ બ્રહ્માંડ કેમ નભશે ?

તરત જ શ્રીહરિએ કહ્યું : સ્વામી, આવા નરાધમો જો પૃથ્વી પર હશે તો પૃથ્વી તેનો ભાર સહન નહિ કરી શકે. આવા આતંકવાદી આતતાયીનું તો નિકંદન કાઢી નાખવું એ જ ન્યાય છે.

મુક્તાનંદ સ્વામીએ પણ વિચાર્યું જે આજે પ્રભુની આંખ ફરી છે. હવે જરૂર અસુરોનો પરાભવ થશે. આટલા દિવસ બાવાઓનું જોર ચાલવા દીધું પણ હવે એ બધા આકડાના તૂરની જેમ ફેંકાઈ જવાના.

સંતોની સલામતી માટે સુરત

અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય જેમના સંકલ્પ માત્રમાં રહી છે એવા ભગવાન કોઈવાર અસમર્થપણું જણાવતા. ભગવાનના સંતોને ભેખધારી પરેશાન કરતા હતા તે જોઈ ભક્તોએ પ્રાર્થના કરી : હે ભગવાન, બધું જ આપની મરજીમાં રહ્યું છે, છતાં પણ ભેખધારીઓ સંતોને હેરાન કરે છે તે અમારાથી દેખ્યું જાતું નથી. ત્યારે શ્રીહરિએ કહ્યું : ભેખધારીઓનો અંત આવવાની હવે તૈયારી જ છે, માટે છેલ્લે છેલ્લે તેને ધમપછાડા કરવા દઈએ છીએ. કાલે જ એને પાઠ ભણાવી દેવા છે. પછી સંતોને કહ્યું : હે સંતો ! ભયના સમયમાં મનુષ્ય પોતાની સમગ્ર સંપત્તિને વહેલેથી જ સલામત સ્થળે મોકલી દે છે. અમારી અત્યંત વ્હાલી સંપત્તિરૂપ તમે છો. તમને નિર્ભય સ્થાને મૂકવાનો અમે નિર્ણય કર્યો છે. તમારા દ્વારે અનેક જીવોનો મોક્ષ કરવો છે.

વ્હાલમાથી વિખૂટા પડવાની વાત સાંભળતાં જ સંતોને પારાવાર દુઃખ થયું. એ પ્રાર્થના કરવા લાગ્યા : તમે તો અમારા જીવનપ્રાણ છો. તમને છોડીને અમે કઈ રીતે સુખી થઈશું ?

સંતોને સમજાવતાં પ્રભુએ કહ્યું : સંતો ! અમારે જે કામ કરવાનું છે તે બાકી છે. તમારી હયાતીમાં તે થવું મુશ્કેલ છે એટલે અમારાં વચન માનીને જાઓ. સુરતમાં સંપૂર્ણ સલામતી છે. ત્યાં તમે જશો એટલે ત્યાં સત્સંગ પણ થશે.

સંતો, તમે ધીરજ રાખજો. થોડા જ દિવસમાં અહીં દેશકાળ સારા થઈ જશે. જ્યાં સુધી અસુરોરૂપી કાંટા દૂર નહિ થાય ત્યાં સુધી તમને ભજનના માર્ગમાં અવરોધો ઊભા થયા જ કરશે. તમે આટલી ધીરજ ધારી છે તેથી સમજુ લોકો જાણતા થશે કે ખરા સંતો તમે છો. પરિણામ એ આવશે કે લોકો ભેખધારીને છોડીને તમારો આશ્રય કરશે.

સંતોને ધીરજનાં વચનો કહી શ્રીહરિએ તેઓને સુરત જવા વિદાય આપી. મુક્તાનંદ સ્વામીની સાથે આશરે ચારસો સંતો સુરત ગયા.

કાઠી ભક્તો શ્રીહરિને કહેવા લાગ્યા : મહારાજ, હવે આપ અમને આજ્ઞા આપો એટલે અમે આતંક મચાવનારા ભેખધારી પર તૂટી પડીએ. એકવાર અમને અમારા અસલ ખેલ ખેલવા દો. શ્રીહરિએ કહ્યું : આવતી કાલે જ એનો ફેંસલો થઈ જશે.

આજે તો નરમેધ થશે

સંવત ૧૮૬૫, વૈશાખ વદ ચૌદશ, તા. ૧૩-૫-૧૮૦૯, શનિવારનો સૂર્યોદય થયો. આજે એની ટશરો જાણે લોહીથી ખરડાએલી હોય એવી દીસતી હતી. શ્રીહરિ નિત્યવિધિથી પરવાર્યા. ભક્તોને આદેશ આપ્યો આજે કોઈ ઘરથી બહાર નીકળશો નહિ. કાઠી ભક્તો તેમજ પાર્ષદોને કહ્યું : આજે ખરાખરીનો ખેલ થશે. ભેખનું કાસળ નીકળી જશે. આજે તો નરમેધ થશે. ઘણા વખતથી મ્યાન કરેલી તરવાર આજે એની ચમક બતાવશે. શ્રીહરિ પાર્ષદો સાથે આ રીતે વાતો કરી રહ્યા હતા એ જ સમયે લોલંગર પોતાની ૭૦૦ની જમાત સાથે ખોખરા બાજુ ધસી રહ્યો હતો. ત્રિશૂળ, ભાલા, તીરકામઠાં, બરછી વગેરે હથિયારો લઈને તેઓ 'મારો...મારો' ની બૂમો મારતા દોડતા દોડતા આવતા હતા.

તોફાન ન કરવા ગામના લોકો તેમને સમજાવતા હતા. પણ આ તો વિફરેલા બાવાઓ. એ કાંઈ પણ સમજે એવા નહોતા. એ જોઈ શ્રીહરિ પાસે સેવામાં રહેલા શૂરવીર ક્ષત્રિયોનાં લોહી ઊકળી ઊઠ્યાં. ભગવાનને પ્રાર્થના કરી : મહારાજ ! અમને રજા આપો. આ બધાને હાલ ને હાલ બેહાલ કરી યમનું દ્વાર દેખાડી દઈએ.

ભગવાન કહે : ગામના લોકો એમને વારે છે; એમાં એ માની જાય તો આપણે લડાઈ નથી કરવી. છેવટે મુખી કહે ત્યારે તમે બાવા પર તૂટી પડજો.

બાવા તો કોઈનું ન માનતાં આગળ ધસ્યા એટલે મુખીએ હાકોટો કર્યો : અરે લંગોટાઓ ! બેફામ થઈને ગામમાં કેમ આવ્યા ?

સ્વામિનારાયણે તમારો શો ગરાસ લઈ લીધો છે કે તેમની સામે તોફાન કરવા આવ્યા છો ? ચાલ્યા જાઓ અહીંથી.

આ સાંભળી ક્રોધાવેશમાં એક બાવાએ મુખી પર તલવારનો ઘા કર્યો, પણ હાથરોલીના રતુ ખાંટ સાવધાન હતા. તેમણે ઘા ઝીલી લીધો.

મુખીએ પડકાર કર્યો : અરે બાવાઓ ! તમે સ્વામિનારાયણના સાધુઓને વગર વાંકે માર્યા, તોય તેઓએ સામનો નથી કર્યો. તેનો ગેરલાભ ઉઠાવવા તૈયાર થયા છો ?! પણ જાણી લેજો કે ભગવાન આ નહિ સાંખી લે.

એ સાંભળી લોલંગર ગર્જ્યો : અય મુખિયા ! સાધુકે બારેમેં તું ક્યા સમજે ? સ્વામિનારાયણ તો પાખંડી હૈ. ગાંજા ભાંગ તમાકુ કા નિષેધ કરનેવાલા વો અપને મનમેં ક્યા સમજતા હૈ ? આજ તો હમ સબ, ઉસકો પૂરા પાઠ પઢાએંગે.

આવા આતતાયીને હણવા પાર્ષદોને શ્રીહરિનો આદેશ મળી ગયો. બાવા જેવા નજીક આવ્યા કે કાઠીઓ તેમજ પાર્ષદો 'જય સ્વામિનારાયણ' કહીને તેમના પર તૂટી પડ્યા.

બાવાઓ પાસે શસ્ત્રો હતાં પણ તે શસ્ત્રો કેવી રીતે વાપરવાં તેની આવડત હતી જ નહિ. કેવળ પોતાની ધાક બેસાડવા શસ્ત્રો લઈને ધમાલ કરવા આવ્યા હતા.

એ બાવા કેવા હતા ? તો

અતિ કાળા ક્રોધવાળા, વળી વેશ જેના વિકરાળ છે;
જોર જટાળા લાંબી કોટાળા, કહીએ કેવા જેવા કાળ છે...
મૂછ મરડે કાંડાં કરડે, વળી ભર્યા બરડે ભાથ છે;
કૈંક ભૂરા અતિ લંબુરા, પૂરા પાંચ તે હાથ છે...
ખડગ ખાંડાં હાથ પબેડાં, સમશેર સાંગ્ય કર ગ્રહી;
બંધૂક બરછી ખરી ખરચી, અસુર સૂર આવ્યા લઈ...

(ભક્તચિંતામણિ પ્ર. ૫૭)

જેમ સિંહ બકરાં ઉપર ત્રાટકે તેમ કાઠીઓ ને પાર્ષદો બાવાઓ પર તૂટી પડ્યા. તરવારોના ઘા વીંઝવા લાગ્યા. ભેખધારીને તો કાંઈ કલ્પના જ ન હતી કે કાઠીઓ આવા બડખમદાર ખેલાડીઓ છે. બાવાઓને મોત સામે દેખાયું. શિયાળીયાંની જેમ એ ઊભી પૂંછડીએ ભાગ્યા. પાર્ષદોએ તેમનો પીછો કર્યો. ચાર જણાને તો ત્યાં ચોકમાં જ ધરાશાયી કરી દીધા.

ચાર પાડ્યા ચોકમાં, જે હતા અસુરમાં અધિપતિ;
બીજા ભણેણી ભાગિયા, ભાઈયો આપણી પણ આ ગતિ...

આજે પાર્ષદોનું ખુન્નસ જ કાંઈ ઓર હતું. લોલંગરે આ જોયું તેથી તે પણ ભાગ્યો. તેને પણ ભીતિ લાગી કે જો આ શૂરવીરોની હડફેટમાં આવ્યા તો તરત જ જમનાં દ્વાર દેખાડી દેશે. રાજા રામસિંહ, ભગુ ખાંટ, બંધિયાના મૂળુભા દરબારની તરવારથી ભેખનાં ધડ નીચે પડવા લાગ્યાં. કાઠીઓ તો પટ્ટા ખેલવામાં પણ પાવરધા હતા. તેઓ એવી ચપળતાથી તરવાર ચલાવતા હતા કે પોતાના શરીર પર એક પણ ઘા ન થવા દીધો. સામે રહેલા ભેખને ઘાયલ કર્યા. જાણે વર્ષોથી ભૂલાઈ ગયેલી પોતાની રમતને આજે તાજી કરી રહ્યા હતા.

બાવાઓ પૂંઠ વાળીને ભાગતા હતા. તેને પાછળથી ઘા ન કરાય. શૂરવીરની એ નીતિને કાઠીઓ કે પાર્ષદો ચૂકતા ન હતા. ગમે તે રીતે બાવાને સામેથી આંતરી લઈને તેને યમપુરીના દ્વારે પહોંચાડી દેતા હતા. ભક્તો સમજતા હતા કે ગરીબને પીડનારા એ તો સમાજને દૂષણરૂપ છે. આવા આતતાયીઓનો નાશ કરવો એ જ સાચી અહિંસા છે.

લોલંગર બાવાની જમાત સમાજને ત્રાસરૂપ હતી. પેશ્વાનો સૂબો પણ ગરીબો તેમજ નિર્દોષોને પીડવા માટે આ બાવાઓને ઉશ્કેરતો. આવા પૃથ્વીના ભારરૂપ નરપશુઓનો નાશ એ જ સાચા અર્થમાં પૃથ્વીની સેવા હતી.

શ્રીહરિ પોતાના શૂરવીર પાર્ષદો તેમજ કાઠીઓનો ખેલ જોઈ રહ્યા હતા. મૂઠ્ઠીભર એ શૂરવીરોએ લોલંગરની સાતસોની જમાતને ધોળે

દિવસે તારા દેખાડી દીધા. ભેખને પરાસ્ત કરી કાઠી તેમજ પાર્ષદો શ્રીહરિની પાસે આવ્યા. કોઈકને જ સામાન્ય ઈજા થઈ હતી. શ્રીહરિએ તેમના પર કોમળ કર ફેરવ્યો. સૌને શાબાશી આપતાં કહ્યું : શાબાશ, ભક્તો તમને શાબાશ. તમે ખરે ટાણે તમારું શૂરાતન દેખાડ્યું. ખરો ક્ષાત્રધર્મ તમે આજે બજાવ્યો.

આતતાયીને હણવાના ખુન્નસથી ભક્તોનાં હૈયાં એકદમ ધડકી રહ્યાં હતાં. શ્રીહરિના કોમળ હસ્તના સ્પર્શથી બધાને અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ.

વેરાભાઈને વેગનું ફળ

શ્રીહરિના ઉતારાની નજીકમાં થોડા સંતો-પાર્ષદો હતા. તેમાં નવા સાધુ થયેલા પરમાનંદ સ્વામી (વેરાભાઈ) પણ હતા. ઉપલેટા ગામના આ વેરાભાઈ ગરાસિયા-ક્ષત્રિય હતા. હલકા માણસના સંગે એ લૂંટફાટના માર્ગે ચડી ગયા હતા. પરંતુ શ્રીહરિ અને સંતોનો સમાગમ થતાં તેમણે બધા જ દુરાચારનો ત્યાગ કરી દીધેલો. સંસારનાં બંધન અસાર જણાતાં તેમાંથી છૂટવા તેમણે પ્રભુને પ્રાર્થના કરેલી. ભગવાને એવો સુયોગ પણ કરી આપેલો. ફક્ત એક જ વર્ષમાં કુટુંબનાં ૨૨ માણસો મૃત્યુ પામ્યાં. એવે ટાણે વેરાભાઈ લોકોનાં મેણાંટોણાંની પરવા ન કરતાં શ્રીહરિની પાસે આવેલા. તેમની નિઃસ્પૃહી વૃત્તિ જોઈ પ્રભુએ પ્રસન્ન થઈ તેમને સંતની પંક્તિમાં સ્થાન આપી પરમાનંદ સ્વામી નામ આપેલું.

પરંતુ ખોખરામાં થયેલા ધિંગાણાનો શોરબકોર સાંભળી તેમનું ક્ષત્રિય લોહી ઊકળી ગયું. હું સાધુ છું એવું ભાન ભૂલાઈ ગયું. જે ઘરમાં એમનો ઉતારો હતો ત્યાં કટાઈ ગયેલી તલવાર લઈને જંગમાં કૂદી પડ્યા. સંતોએ તેમને વાર્યા તોય એ પાછા ન વળ્યા.

શ્રીહરિને આ વાતની ખબર પડી ત્યારે કહ્યું : એ ગયા છે તો ખરા, પણ તે કોઈને મારી શકશે નહિ; ઉલટાના માર ખાઈને આવશે. સાધુરૂપે રહેલા વેરાભાઈ તરવાર આમ-તેમ ચલાવી રહ્યા હતા પણ

કોઈ બાવાએ તક જોઈ પાછળથી ઘા કર્યો. એમાં તેમનો કાન કપાઈ ગયો. પછી તે શ્રીહરિની પાસે આવ્યા.

તેમને શ્રીહરિએ કહ્યું : અરે સ્વામી ! તમને આ શું થયું ? સાધુરૂપે રહેલા વેરાભાઈને પોતાની ભૂલ બદલ પારાવાર પસ્તાવો થયો. તેમણે કહ્યું : એ તોફાનમાં બૂમો સાંભળી મારાથી બેસી રહેવાયું નહિ. આપની આજ્ઞા ભૂલાઈ ગઈ.

'સ્વામી ! તમે સાધુનો ધર્મ ચૂક્યા ને તમારો કાન કપાયો. સંત તો અમારી મૂર્તિ કહેવાય. તે મૂર્તિ ખંડિત થઈ એટલે હવે તમને સંત તરીકે ન રખાય. હવે તમે પાર્ષદ તરીકે રહો.'

શ્રીહરિનાં આ વચન સાંભળી વેરાભાઈની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. તેમને ધીરજ આપતાં શ્રીહરિએ કહ્યું : ભૂલની શિક્ષા થાય એ ભલા માટે જ હોય. આજ્ઞાલોપનું પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થવું એ જ ઉન્નતિ ને સિદ્ધિનું સોપાન છે. વેરાભાઈને સત્સંગનો ખપ હતો, એટલે કહ્યું : મહારાજ, આપ જેમ રાખો તેમ રહેવા તૈયાર છું. આપના ચરણથી લેશમાત્ર દૂર જવું નથી. પછી શ્રીહરિએ તેમને પાર્ષદ કર્યા.

વેરાભાઈએ વિચાર્યું જે મારો ક્ષત્રિય સ્વભાવ, તામસી પ્રકૃતિ તે ભગવાનને રાજી કરવામાં આડી આવી. એ પ્રકૃતિને ટાળ્યે જ છૂટકો. શ્રીહરિના આદેશ અનુસાર એ ધ્યાન કરવા માંડ્યા. શ્રીહરિ સ્નાન કરતા હોય, ભોજન કરતા હોય, વાર્તા કરતા હોય એવી મૂર્તિ અંતરમાં ધારતા. એમ કરતાં કરતાં તેમણે છ માસે ધ્યાન સિદ્ધ કર્યું. ભગવાન અંતરમાં બિરાજમાન થયા, એટલે અંદર રહેલા ક્રોધ, માન વગેરે બધા જ દોષ નીકળી ગયા. શ્રીહરિએ તેમનો સ્વભાવ ટાળવાનો સદાગ્રહ જોઈ બહુ જ પ્રસન્નતા દર્શાવી.

શ્રીહરિની માનુષી લીલા

વૈરાગી બાવાઓને ધોળે દહાડે તારા દેખાડી કાઠી ભક્તો તેમજ પાર્ષદો શ્રીહરિની પાસે આવ્યા. તેમને શ્રીહરિએ શાબાશી આપી ને

થોડી જ વારમાં ચરિત્ર ફેરવ્યું. કહેવા લાગ્યા : ભગુજી, મને હજુ એમ લાગે છે કે લોલંગર વેર લેવા અમારા ઉપર ચડાઈ કરશે. માટે અમે અહીંથી ઝટ નીકળી જઈએ.

'ભગવાન, તમારી જ દયાથી બાવાને ભગાડી દીધા છે, ને તમને બીક લાગે છે ?'

'એ કાંઈ સમજાવવાની જરૂર નથી. જલ્દી ઘોડો લાવો.'

શ્રીહરિની સાથે કાઠીઓ ને પાર્ષદો જવા તૈયાર થયા. ઘોડો આવતાં શ્રીહરિ તરત જ અસવાર થયા. ઘોડાને એડી મારી કે તે પૂરપાટ ઝડપે દોડ્યો. શ્રીહરિ કણભા થઈ વહેલાલ પધાર્યા. તે વખતે જેસિંગભાઈ વગેરે કોઈ ભક્તો ન હતા. પ્રભુએ પૂછ્યું : જેસિંગભાઈ વગેરે ભક્તો ક્યાં ગયા છે ? તે વખતે ત્યાં હાજર વખતબા કહે : પ્રભુ, એ તો લોકાઈએ ગયા છે.

મનુષ્યભાવ દર્શાવતા શ્રીહરિ બીકના માર્યા ધ્રૂજી રહ્યા હતા. એવું જોઈ વખતબા કહે : મહારાજ, આપ આટલા બધા ધ્રૂજો છો કેમ ? શ્રીહરિએ કહ્યું : લોલંગર મારી પાછળ પડ્યો છે. મને પકડીને તે પેશ્વાને સોંપવા માગે છે.

વખતબાને હસવું આવ્યું. તેમણે કહ્યું : મહારાજ, આપની આ લીલા જોઈ અમને સંશય નહિ થાય કે તમે ભગવાન થઈને કેમ આટલા બધા બીઓ છો. તમારી રક્ષા કરવાનો લાભ આજે અમે લઈશું. મારી પાસે તીરકામઠાં વાપરનારા સૈનિકો છે. બાઈઓ પણ ગોફણ ફેંકવામાં પાવરધાં છે.

શ્રીહરિએ કહ્યું : બોલાવો તેમને. તરત જ વખતબાએ રણશીંગું ફૂંક્યું કે તરત જ તીરકામઠાંવાળા તેમજ ગોફણ ફેંકનાર બૈરાંનાં ટોળે ટોળાં ઊમટી પડ્યાં. એ જ વખતે લોલંગરના બાવાઓ દેખાયા. વખતબા વગેરેએ ગોફણનો મારો ચલાવ્યો ને તીરકામઠાંવાળાઓએ પણ ઝડી વરસાવી. તેવામાં કાઠી સવારો ને પાર્ષદો આવી પહોંચ્યા.

આ બાજુ જેસિંગભાઈ વગેરેને પણ ખબર મળ્યા હતા તેથી તે પણ સજ્જ થઈ આવી ગયા. જેસિંગભાઈએ હુકમ કર્યો કે આ ભેખધારીની પાછળ પડો ને વીંધી નાખો.

બાવાઓની મેલી મુરાદ પાર ન પડી. એટલું જ નહિ પણ ઉલટાનું તેમને જ આ આક્રમણ ભારે પડી ગયું. પોતાની ધાક બેસાડવા હલ્લો તો કર્યો, પણ પરિસ્થિતિ એવી સર્જાઈ કે હવે જીવાશે કે કેમ ? અહીં પણ બાવાઓ ઊભી પૂંછડીએ નાઠા. હવે તો તે નરપશુઓ ધમાલ કરવાનું નામ જ ભૂલી ગયા.

બાવાઓને ભગાડી જેસિંગભાઈ વગેરે શ્રીહરિની પાસે આવ્યા. તે વખતે પણ શ્રીહરિ બીતા હોય તેમ સંતાઈને જોઈ રહ્યા હતા. એ જોઈ જેસિંગભાઈએ હસતાં હસતાં કહ્યું : મહારાજ, આપની લીલા તો ભલભલાને ભુલાવામાં નાખી દે તેવી છે.

'આવું કરીએ ત્યારે જ તમારી સમજણ કેવી થઈ છે તેની ખબર પડે.'


'મહારાજ, આપે અમને આ સેવા આપી છે એ જ અમારાં ધન્ય ભાગ્ય છે. હવે આપ સુખેથી બહાર પધારો.'

'જેસિંગભાઈ મને તો હજુ પણ એમ લાગે છે કે લોલંગર બાવો અમારો પીછો છોડશે નહિ. માટે અમારે કાલે જ કચ્છ બાજુ જવા નીકળી જવું છે.'

વહેલાલમાં અઢાર ઘેર થાળ

જેસીંગભાઈ વગેરે ભક્તોએ પ્રાર્થના કરી : મહારાજ, આપને અઢાર દિવસ તો રોકાવું જ પડશે, કેમ જે અહીંના ભક્તોને તાણ છે કે મહારાજ અમારે ઘેર જમવા પધારે. શ્રીહરિએ કહ્યું : અમારે તો કાલે જ જવું છે; વધારે નહિ રોકાવાય. જેમને જમાડવાની ઇચ્છા હોય તે બધાને કહી દો કે આવતી કાલે અમારા માટે થાળ કરે. શ્રીહરિના આદેશને શિરોવંદ્ય કરી અઢાર ઠેકાણે શ્રીહરિ માટે ભક્તોએ થાળ કર્યા.

બીજે દિવસે શ્રીહરિ નિત્ય નિયમથી પરવારી પ્રથમ જેસિંગભાઈને ઘેર જમવા પધાર્યા. ભક્તને રાજી કરવા ભગવાને પ્રેમથી થાળ અંગીકાર કર્યા. પછી કહ્યું : હવેથી અમે બધા ભક્તને ઘેર એક એક લાડુ જમશું. ત્યારે બીજા ભક્તને ઘેર, જ્યાં શ્રીહરિ જમવા પધારવાના હતા તેમને જેસિંગભાઈએ કહેવડાવી દીધું કે ભગવાન બધા ભક્તને ઘેર એક એક લાડુ જમશે. ભક્તોએ યુક્તિ કરી. ત્રણ કે ચાર લાડુને ભેળા કરીને મોટો લાડુ બનાવ્યો.



શ્રીહરિ બીજે ઘરે જમવા પધાર્યા. થાળમાં લાડુ મોટો જોઈને પૂછ્યું : લાડુ આટલો બધો મોટો કેમ છે ? પહેલા ઘરમાં તો લાડુ માપનો હતો. ત્યારે જેસિંગભાઈએ કહ્યું : મહારાજ, પહેલા ઘરની બાઈ હશે તે શહેરમાંથી આવેલી હશે એટલે શહેરના રિવાજ પ્રમાણે લાડુ નાના બનાવ્યા હતા. આ બીજા ઘરની બાઈ તો ગામડાની હશે, એટલે લાડુ મોટા બનાવ્યા. કેમ જે ગામડાના માણસોની બુદ્ધિ જાડી, કપડાં જાડાં, ઓઢવા પહેરવાનું બધું જાડું, એટલે એમની રીતિ પ્રમાણે લાડુ મોટા બનાવ્યા છે. વળી હે મહારાજ ! અમે પાટીદાર કહેવાઈએ. પાટીદારે નાનો લાડુ ન મૂકાય, જો મૂકીએ તો અમારી લાજ જાય. ભક્તનો મર્મ

સાંભળી શ્રીહરિ હસ્યા ને કહ્યું : ભલે, જેવી તમારી મરજી. આમ, ભક્તોના મનોરથો પૂર્ણ કરતા શ્રીહરિ અઢાર ઘેર થાળ જમ્યા.

શ્રીહરિ તે દિવસે સાંજે જ વહેલાલથી નીકળવાના હતા; તેવામાં ડભાણના રઘુનાથદાસ પટેલ વગેરે ભક્તો આવ્યા. તેઓએ શ્રીહરિને પ્રાર્થના કરી : મહારાજ, આપે જેતલપુરમાં મોટો યજ્ઞ કર્યો હતો તેવો યજ્ઞ ડભાણમાં કરો. ત્યારે શ્રીહરિએ કહ્યું : હમણાં લોલંગરની ઉપાધિ બહુ છે એટલે યજ્ઞ કરીએ તેમાં આપણને તે સુખ આવવા નહિ દે. માટે હમણાં અમે કચ્છમાં જઈએ છીએ ને થોડા સમય પછી સંતોને યજ્ઞની તૈયારી કરવા માટે મોકલશું ને બહુ જ મોટો ઉત્સવ કરીશું. આ રીતે ડભાણના ભક્તોને મહાન યજ્ઞ માટેનું વચન આપી શ્રીહરિ કચ્છમાં જવા માટે રવાના થયા.

ભાવસારનો ભાવ જાણ્યો

વહેલાલથી પ્રયાણ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સાદરા થઈ લાકરોડ પધાર્યા. સ્નાન કરવા શ્રીહરિ અહીંની નદીએ પધાર્યા. એ સમયે એક ભાવસાર કપડાં ધોતો હતો. ભગવાનની કમનીય મૂર્તિ જોઈ તેને મનમાં થયું કે આવા રૂપાળા પુરુષ મેં મારી જિંદગીમાં જોયા નથી. એ નક્કી ભગવાન હોય એવું લાગે છે, છતાં પણ હું ખાતરી કરી જોઉં. જો મને પોતાનું વસ્ત્ર ધોવા આપે તો એ ભગવાન ખરા. શ્રીહરિની કમનીય મૂર્તિમાં તેનું મન એવું ખેંચાઈ ગયું હતું કે તે ભગવાનના સામું જ જોઈ રહ્યો હતો.

સર્વજ્ઞ શ્રીહરિથી તે ભાવસારનો ભાવ અજાણ્યો ન હતો. સ્નાન કરી કોરું વસ્ત્ર પહેરી શ્રીહરિએ ભાવસારને પાસે બોલાવ્યો ને કહ્યું : ભાઈ, આ ધોતિયું ધોઈ આપીશ ? ભાવસારને આનંદનો પાર ન રહ્યો. તેને માટે તો મન માગ્યા મેહ વરસ્યા. અનાયાસે ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ, એ સાથે સેવાનો લાભ મળ્યો !

હાથ જોડતાં તેણે કહ્યું : મહારાજ, તમે ભગવાન ખરા. તમે મારો

સંકલ્પ જાણી ગયા ! વાહ પ્રભુ વાહ, તમે મારા ઉપર બહુ જ દયા કરી. ધોતિયું લઈ ભાવસાર ઝટપટ નદીએ ગયો. તે ધોતિયું ધોઈને શ્રીહરિ પાસે આવ્યો. વળી પ્રાર્થના કરી : પ્રભુ, આપ થોડીવાર અહીં બિરાજો, હું હમણાં જ આવું છું; એમ કહીને તે ગયો. થોડી જ વારમાં પેંડા-બરફી લાવ્યો ને કહ્યું : દયાળુ, મારી આટલી સેવા અંગીકાર કરો. ભાવસારના ભાવમાં સાર હતો. શ્રીહરિ તે જમ્યા ને ભાવસારને પ્રસાદી પણ આપી. ભાવસાર માટે જિંદગીનું અણમોલું સંભારણું થઈ ગયું. ભાવસારને કૃતાર્થ કરી શ્રીહરિ મેઉ પધાર્યા.

રૂંઢમૂંઢ બાળકનાં અંગ યથાવત્ કર્યાં

મેઉ ગામના ભૂખણ ભાવસારને ભગવાનમાં અસાધારણ પ્રેમ હતો. તેમના સુપુત્રો મંછારામ અને તુલસીદાસ પણ ભગવાનને વિશે હેતવાળા હતા. તેમાં તુલસીદાસને ત્યાં એક બાળક જન્મેલું. તેનાં હાથ પગ વગેરે અંગ નહોતાં. એ સાવ રૂંઢમૂંઢ હતું. પરિવારમાં બધાને મોટી ચિંતા થઈ કે આ બાળક આમ હાથપગ વગર જીવન કઈ રીતે જીવી શકશે ?

ભૂખણ ભાવસારે ભગવાન પાસે જઈ પોતાને ત્યાં પધારવા પ્રાર્થના કરી. ભગવાન કહે : ભાવસાર ! તારે ઘેર સૂતક છે. માટે અમારાથી તારે ત્યાં ન અવાય.

ભાવસારને તો ભગવાનનો પાકો નિશ્ચય હતો ને એમાંય ભગવાને અંતર્યામીપણે વાત કરી; એટલે મનમાં પાકો ભરોસો બેસી ગયો કે રૂંઢમૂંઢ બાળકની મુશ્કેલી હવે સહેલાઈથી ઉકેલાઈ જશે. તેમણે હાથ જોડતાં ભગવાનને કહ્યું : હે દયાળુ ! જમવામાં કે પાણી પીવામાં સૂતક હોય, પણ ઘરના ખાટલા પર બેસવામાં સૂતક શાનું નડે ?

'એ જે કાંઈ હોય તે, પણ આજે અમને ઉતાવળ છે, માટે તારે ઘેર નહિ આવી શકાય.' શ્રીહરિની આ વાત સાંભળી ભાવસાર ઉદાસ થઈ ગયા. પ્રેમી ભક્ત આ રીતે ઉદાસ થાય એ પ્રભુને પણ રુચ્યું

નહિ, એટલે દયા કરી એમના ભવને પધાર્યા.

ઢોલિયા પર બિરાજમાન થયા. તે વખતે ભાવસાર કહે : મહારાજ ! લોકમાં કહેવાય છે કે બ્રહ્મા બહુ જ બુદ્ધિશાળી છે, પણ મને તો એમ લાગે છે કે એ સાવ ભૂલકણા છે.

'એવું તે હોતું હશે ? બ્રહ્મા કદાપિ ભૂલે નહિ. જીવ હોય તે ભૂલે એમાં નવાઈ નહિ. અમે બ્રહ્માને આજ્ઞા કરી છે તે પ્રમાણે જ એ સૃષ્ટિનું સર્જન કરતા રહે છે.' શ્રીહરિએ ઠાવકાઈથી જવાબ આપ્યો.

'મહારાજ ! અમને તો નજરે દેખાય છે કે તેમણે સર્જનમાં ભૂલ કરી છે.' ભાવસારે થોડી સ્પષ્ટતા કરી.

'પણ કેવી ભૂલ કરી છે તે કહો કે બતાવો તો ખબર પડે ને.' આ રીતે અજાણ્યા થઈ શ્રીહરિએ વાત કરી ત્યારે ભૂખણ ભાવસાર જે ઘરમાં રૂંઢમૂંઢ બાળક હતું તેને ત્યાં લઈ ગયા. દૂરથી બતાવતાં કહ્યું : જુઓ મહારાજ ! બ્રહ્માએ આ કેટલી બધી ગરબડ કરી છે ! પછી પુત્ર તુલસીદાસને કહ્યું : તું બાળકને લઈ આવ. પત્ની પાસેથી એ લેવા ગયા. ત્યારે તે બાઈ કહે : છ વાહાનો ટેટો મહારાજ પાસે ન લઈ જવાય.

'અરે વાહાનો કરનારો જ ઘરે આવ્યો છે, માટે જલ્દી લાવ.' એમ કહી બાળકને સૂપડામાં સુવડાવીને શ્રીહરિની પાસે લાવ્યા. બાળકને બતાવતાં કહ્યું : મહારાજ ! આ બાળકના સર્જનમાં બ્રહ્માની ભૂલ ખરીને ?

'ભાવસાર ! મને તો આમાં બધાં અંગ દેખાય છે.'

'પણ મહારાજ ! અમને બધાને દેખાય એવું કરોને !'

તરત જ શ્રીહરિએ તે બાળક પર અમીદૃષ્ટિ કરતાં કહ્યું : અમારાં દર્શન કરવા ઉતાવળાં થઈ ગયાં ! અમે તમને વિસર્યા નથી. રામાવતારમાં શલ્યા બનીને સ્થિર થઈને પડેલાં એ હજુએ અંતરમાં ઢીમ થઈ ગયું છે ?! આમ પથરાની જેમ પડ્યાં રહીને શું કરશો ? અમારાં દર્શનની લગની હતી, એટલે અમે તમારી અધૂરપ ટાળીએ છીએ, એમ બોલતાં

વારાફરતી બાળકના બે હાથ ખેંચીને બહાર કાઢ્યા. તે જ રીતે પગ પણ ખેંચીને કાઢ્યા. અકળ કળાકર શ્રીહરિની આ અદ્‌ભુત surgery હતી, જેમાં આ લોકના નિષ્ણાત ડૉક્ટરનું ભેજું પણ કામ ન કરે.

શ્રીહરિની આ કળા જોતા ભાવસાર તેમજ ઘરનાં મનુષ્યો આશ્ચર્યચકિત થઈ ગયાં. અહોભાવ સાથે કહેવા લાગ્યાં : મહારાજ આપની કળા ખરેખર અકળ છે. અમારા ઉપર આપે બહુ જ દયા કરી; નહિતર બાળક હાથ-પગ વિના બહુ જ હેરાન પરેશાન થઈ જાત.

શ્રીહરિ કહે : ભાવસાર ! આ દીકરી છે, એ મોટી થશે ત્યારે ઘીના ઘડા ભરીને અમને આપવા આવશે. આનું નામ જમના પાડજો.

રામાવતાર સમયે એ અહલ્યાએ મોક્ષ માટે યાચના કરી હતી. તેની પૂર્તિ માટે વખતના વહન સાથે હવે તેને સત્સંગમાં જન્મ મળ્યો છે.

शुचिनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ।

યોગભ્રષ્ટ જીવને પવિત્ર ને ધર્માદિ સદ્‌ગુણોથી સમૃદ્ધ ભક્તને ત્યાં જન્મ મળે છે, તે અહીં ચરિતાર્થ થયું.

ભાવસાર કહે : મહારાજ ! બ્રહ્મા તો ભૂલ્યો હતો પણ આ જે કાંઈ છે તે આપની અલૌકિક કરામત છે, ઐશ્વર્ય છે. કદી ન સંભવી શકે એવું કામ આપે વાતની વાતમાં કરી બતાવ્યું. આપની આ અકળ કળા ને અપૂર્વ દયા જીવનભર ભૂલાય એવી નથી.

એ બાઈ મોટાં થયાં ત્યારે શ્રીહરિએ કહ્યું હતું તે પ્રમાણે ઘીના ઘડા લઈને નજીકના ગામે પહોંચી જતાં. એક વખત નારદીપુરના નાનાભાઈ દોઢસો માણસોનો સંઘ લઈ ગઢપુર ગયા ત્યારે પણ આ જમનાબાઈ મેઉથી ઘીનો ઘડો ઉપાડીને ઠેઠ ગઢપુર ગયાં. તે વખતે અત્યંત પ્રસન્નતા દર્શાવતા શ્રીહરિ બોલ્યા : જુઓ ભૂખણદાસ ! તમે કહેતા હતા કે બ્રહ્મા ભૂલ્યા છે, પણ આ બાઈ અમારા માટે ઘીનો ઘડો ઉપાડીને લાવ્યાં ! મેઉ ગામે ભૂખણ ભાવસારને કૃતાર્થ કરી શ્રીહરિ ઊંઝા ગામે પધાર્યા.

ઊંઝાના તળાવની લીલ દૂર કરી

ઊંઝાના પાદરમાં વડના વૃક્ષ નીચે શ્રીહરિ ઊતર્યા. સાથે કાઠી ભક્તો પણ હતા. લાંબો પંથ કાપીને આવ્યા હતા એટલે ઘોડાં તરસ્યાં થયાં હતાં. ભગવાને કહ્યું : આ બાજુમાં જ તળાવ છે ત્યાં ઘોડાંને પાણી પાઈ આવો.

ઘોડાં લઈને કાઠીઓ તળાવે ગયા પણ તે પાણી પર એક વેંત જેટલી લીલ જામી ગયેલી હતી. પાણી તો દેખાતું જ નહોતું. કાઠી ભક્તો વીલે મોઢે પાછા આવ્યા. લીલની વાત કરી. તે વખતે સભામાં ગામનાં માણસો પણ બેઠાં હતાં. તેમણે વાત કરી : મહારાજ ! એ તળાવને કોઈનો શાપ લાગ્યો છે તેથી તેના ઉપર એટલી બધી લીલ છવાઈ ગઈ છે કે તેનું પાણી કોઈપણ લઈ શકતું નથી. તળાવ મોટું છે. બારે માસ પાણી અખૂટ રહે છે, પણ લીલના કારણે તેનો કાંઈ ઉપયોગ થઈ શકતો નથી.

આખા ગામ માટેનો આ વિકટ પ્રશ્ન હતો. તેનો ઉકેલ આણવા પ્રભુએ નિરધાર કર્યો. માણકી ઘોડી પર બિરાજી તળાવ પાસે પધાર્યા. ભગવાન તળાવની લીલ દૂર કરવા જાય છે એ સમાચાર વાયુવેગે આખા ગામમાં પ્રસરી ગયા. લોકોનાં ટોળેટોળાં તળાવ પાસે એકત્ર થવા માંડ્યાં.

શ્રીહરિની સાન થતાં જ ઘોડી લીલ ઉપર આગળ વધી. એ લીલ દબાઈને જ્યાં શ્રીહરિના ચરણ તળાવના પાણીને અડ્યા કે તરત જ આશ્ચર્ય સર્જાયું. લીલ તૂટવા માંડી. તેનો ફડાક ફડાક અવાજ થવા માંડ્યો. થોડી જ ક્ષણમાં લીલમાત્ર નીકળી ગઈ. પૈસાભાર પણ ન રહી. આખું તળાવ નિર્મળ જળથી શોભવા લાગ્યું. ગામના માણસોએ આ દૃશ્ય પોતાની નજરે નિહાળ્યું. સૌ મુક્તકંઠે કહેવા લાગ્યા : સ્વામિનારાયણ ભગવાન પ્રગટ પુરુષોત્તમ નારાયણ છે. એમણે કેવળ દયા કરી આપણા સુખ માટેની ચિંતા કરી.

સૌને ઊમળકો જાગ્યો. એક એક શ્રીફળ લઈને શ્રીહરિના દર્શને આવવા લાગ્યા. પ્રભુ આગળ શ્રીફળનો મોટો ગંજ થયો. તેની પ્રસાદી કરીને પ્રભુએ ગામનાં બધાં માણસોને વહેંચી.

શ્રીહરિનો પ્રતાપ જોઈ ઘણા લોકોએ સત્સંગ સ્વીકાર્યો. ઘેર ઘેર પધરામણીઓ કરાવી. ઠેરઠેર વાતો થવા લાગી કે, આપણું દુઃખ ટાળવા આપણે કેટલાય સાધુ-બાવા, પીર-ફકીર, ભૂવા વગેરેને બોલાવ્યા. એ બધા ધમપછાડા કરીને મરી ગયા તોય પણ કોઈથી કાંઈ ન થયું. સ્વામિનારાયણ ભગવાન આવ્યા ને જોતજોતામાં બધી ઉપાધિ ટાળી નાખી. માટે એમના જેવા કોઈ સમર્થ નથી.

કચ્છ વિચરણ - ત્રીજી વાર

સામતજી દરબાર પર મહેર

ઊંઝા ગામે પ્રતાપ દર્શાવી શ્રી સ્વામિનારાયણ ભગવાન કાલરીયા, ગોતરકા, સાંતલપુર, આડેસર થઈ રાપર પધાર્યા. અત્રેના દરબાર સામતજી સરવૈયા હતા. તે વેદાંતી હતા. તેમણે એટલું જાણેલું કે સ્વામિનારાયણ એ તો સાક્ષાત્ ભગવાન છે. દરબાર અંધ હતા, પણ વેદાંત વિષયમાં પાવરધા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમના દરબારમાં પધારી જય સચ્ચિદાનંદ કહ્યા. દરબારે પૂછ્યું : તમે કોના સંત છો ? શ્રીહરિએ કહ્યું : અમે સ્વામિનારાયણના સંત છીએ.

દરબારે કહ્યું : તમે આ ઢોલિયા ઉપર બેસો. શ્રીહરિએ કહ્યું : અમારાથી ઢોલિયે ન બેસાય. દરબારે કહ્યું : પરમહંસને તો જ્યાં બેસાડીએ ત્યાં બેસવું જોઈએ. એમ કહેતાં દરબારે શ્રીહરિનો હસ્ત પકડ્યો. એ સ્પર્શની સાથે જ દરબારને દિવ્યતાનો અનુભવ થયો. તેમને વધારે ઉત્સુકતા જાગી. શ્રીહરિનાં અંગોઅંગ પર પોતાનો હાથ ફેરવ્યો ને તરત જ બોલ્યા : તમે જ સ્વામિનારાયણ છો.

'તમે કેવી રીતે જાણ્યું જે અમે સ્વામિનારાયણ છીએ ? તમે આંખે તો કાંઈ દેખી શકતા નથી.'

'મેં તમારાં અંગનો સ્પર્શ કર્યો એમાં જ મને નક્કી થઈ ગયું કે આવાં કોમળ અંગ મનુષ્યનાં ન હોય. માટે દયાળુ, હવે તમે અહીં રહો.'

સામતજીના પ્રેમને વશ થઈ શ્રીહરિ ત્યાં રોકાયા. સાથે આવેલા મૂળજી બ્રહ્મચારીએ રસોઈ કરી. શ્રીહરિ થાળ જમ્યા. પછી સભા થઈ તેમાં સામતજીએ વેદાંતના પ્રશ્નો પૂછ્યા. તેના ઉત્તર શ્રીહરિએ આપ્યા, તેથી સામતજીના મનમાં રહેલી અણસમજણ ટળી ગઈ.

રાપરમાં શ્રીહરિ સાત દિવસ રોકાયા. જ્યારે જવાની વાત કરી ત્યારે દરબાર કહે : મહારાજ, હજુ પાંચ દિવસ વધારે રોકાઈને પછી

જજો. શ્રીહરિએ કહ્યું : અમે તો કાલે જ જશું. એ સાંભળી દરબારે પ્રેમમાં કહ્યું : મારી પાસે માણસો ઘણાં છે. અમે બધા સાથે મળીને તમને રોકશું. દરબારે તો પોતાની કલ્પના પ્રમાણે નક્કી કરી લીધું, પણ એ બાજી ક્યાં એમના હાથમાં હતી ? ભગવાનની લીલા તો અકળ છે. રાત્રે જ ચાલી નીકળ્યા. સવારે તપાસ કરી તો ક્યાંય પત્તો જ ન લાગ્યો. ઘોડેસ્વારો દોડાવ્યા પણ ભગવાન કોઈની નજરમાં ન આવ્યા.

શ્રીહરિ આધોઈ ગામે પધાર્યા. લાધાજીના દરબારમાં ઉતારો કર્યો. અનાયાસે ભગવાનનાં દર્શન થતાં સહુ ખુશખુશાલ થઈ ગયા. લાધાજી દરબારના ચાર સુપુત્રો હતા. અદોજી, રામસંગજી, કલ્યાણજી ને રાયધણજી.

રાયધણજીના બળની પરીક્ષા

લાધાજી દરબારના ચાર પુત્રોમાં રાયધણજી બહુ જ બળવાન હતા. તે આઠ નાળિયેર એકી સાથે તોડી નાખતા. તે કેવી રીતે ? તો બે નાળિયેર કોણીમાં રાખે, બે બગલમાં રાખે, બે પીંડી ને સાથળ વચ્ચે બાંધે, બે સાથળ ને કેડની વચ્ચે ગોઠવે. પછી જેવા બેસવા જાય ને હાથ દબાવે કે આઠે નાળિયેર કડાક દઈને ભાંગી જાય.

એટલું જ નહિ ચોવડી રાશ ઢીંચણે બાંધે તેને પણ તોડી નાખે. શેરડીના સાંઠાની કાતરી તોડવી હોય તો કાચા સૂતરની જેમ તોડી નાખે. સોપારીને ચપટીમાં રાખે; તેને ભાર દઈ ચૂરો કરી નાખે. શ્રીહરિની પાસે ભક્તોએ જ્યારે આ વાત કરી ત્યારે શ્રીહરિએ રાયધણજીને કહ્યું : તમે અમારું કાંડું પકડો. એ સાંભળી રાયધણજીએ સંકોચ પામતાં કહ્યું : મહારાજ, આપે તો તપ કરીને શરીર કૃશ કરી નાખ્યું છે. બળવાન હાથે તમારું કાંડું પકડીએ એ મોટી અનીતિ કરી કહેવાય. ભક્તને સંકોચ પામતા જોઈ શ્રીહરિએ કહ્યું : તમે તેની જરાય ચિંતા ન કરો. તમે સુખેથી પકડો, પણ લેશમાત્ર બીશો નહિ.

રાયધણજીએ શ્રીહરિનું જમણું કાંડું એક હાથે પકડ્યું. શ્રીહરિ

કહે : બંને હાથે પકડો ને તેય પણ મજબૂત રીતે પકડજો. એ પ્રમાણે રાયધણજીએ જોર કરીને શ્રીહરિનું કાંડું પકડ્યું. શ્રીહરિએ સહેજ આંચકો માર્યો કે તરત જ રાયધણજીના હાથમાંથી કાંડું છૂટી ગયું.

પછી શ્રીહરિએ તેમનો જમણો હાથ પકડીને પોતાની બગલમાં ઘાલ્યો. કહ્યું : તમારો હાથ સરકાવી લ્યો. રાયધણજીએ જોર કર્યું છતાં પણ તે છોડાવી શક્યા નહિ ને વિકળ થઈ ગયા. ત્યારે શ્રીહરિએ દયા કરી તેમનો હાથ છોડી દીધો. થોડીવાર પછી રાયધણજી સ્વસ્થ થયા ત્યારે પ્રાર્થના કરી : મહારાજ, મારો હાથ ભાંગી ગયો છે. હાડકાં ભાંગીને ભૂક્કો થઈ ગયાં છે. શ્રીહરિએ રાયધણજીનો હાથ જોયો ને તેના પર કોમળ કર ફેરવ્યો કે તરત જ પહેલાના જેવો જ સાજો થઈ ગયો. ભગવાને હસતાં હસતાં કહ્યું : હાથ ક્યાં ભાંગ્યો છે ? સાજો જ છે ને ? આ બધું જ નજરે જોઈને તેમજ અનુભવીને રાયધણજીએ પ્રાર્થના કરી : હે દયાળુ, હાથ તો ભાંગી ગયો હતો, પણ આપે દયા કરી અકળ કળા દર્શાવી સાજો કરી દીધો. આવી રીતે શ્રીહરિએ આધોઈ ગામે લાધાજીના દરબારમાં ભક્તોને પોતાનો અલૌકિક પ્રતાપ બતાવી અપાર સુખિયા કર્યા.

તાજું ઘી અંગીકાર કર્યું

આધોઈ ગામે ભક્તોના ઉમંગને પોરસાવવા શ્રીહરિએ એક દિવસ કહ્યું : અમે એમ સાંભળ્યું છે કે તમારે ઘેર ઘણી ભેંસો છે ને ઘણું ઘી થાય છે. ત્યારે બાઈઓ કહે : હા મહારાજ, આપની દયાથી લીલા લહેર છે. આપ કહો તો તાજું ઘી બનાવી લાવીએ. ત્યારે શ્રીહરિએ અનુમતિ આપી.

બાઈઓએ આઠ ભેંસોના દૂધમાંથી નીકળેલ માખણ તાવવા મૂક્યું. તાવીને તેને ટાઢું કરી એક તાંસળામાં ભરીને લાવ્યાં ને શ્રીહરિની આગળ મૂક્યું. શ્રીહરિ પણ લૌકિક રીત દર્શાવતા પૂછવા લાગ્યા : આ ઘી તો બહુ જ સારું લાગે છે. શું અમને પીવા માટે આપ્યું છે ?

બાઈઓએ કહ્યું : હા મહારાજ, આપના માટે જ લાવ્યાં છીએ. આમાંથી આપને જેટલું ભાવે તેટલું પીઓ. બાકીની પ્રસાદી અમે લઈશું. શ્રીહરિએ તાંસળું હાથમાં લીધું, ને પીવા માંડ્યા. એક જ શ્વાસે પીને તાંસળું ખાલી કરી દીધું. ભક્તોએ તાંસળું તપાસ્યું. કમાલની વાત તો એ હતી કે તાંસળામાં ઘીની ચીકાશ પણ રહી ન હતી ! તે જોઈ બધા જ આશ્ચર્ય પામ્યા. એ સાથે રાજી થયા કે ભગવાને દયા કરી આપણી સેવા અંગીકાર કરી.

કરણીબાનો આગ્રહ - સંતો ઝોળી માગવા ન જાય

સંતોને એવો નિયમ હતો કે ભોજન પ્રબંધ માટે ઝોળી માગવા જવું. એકવાર કરણીબાએ શ્રીહરિને કહ્યું : આજે સંતોને ઝોળી માગવા જવા ન દેજો. અમે બધી જ સામગ્રી પૂરી પાડશું. ત્યારે શ્રીહરિ બોલ્યા : તમે સંતોને ઝોળીએ જવા દો. નહિતર એ ભૂખ્યા રહી જાશે. સંતો જો ભૂખ્યા રહેશે તો એ તમારો ફજેતો કરશે. એ બીજે ગામ જશે ત્યારે પેટ ઠબકારશે ને કહેશે કે રાયધણજીને ઘેર ગયા ને ભૂખે મર્યા. નોતરું તો આપ્યું પણ ભૂખે માર્યા.

એ સાંભળી કરણીબા પણ જોરમાં આવી ગયાં. એ કહેવા લાગ્યાં : સંતો ભૂખ્યા રહે તો કહેજો. અમે એટલી બધી રસોઈ કરી છે કે સંતો ખુટાડી શકે તેમ જ નથી. કરણીબાના આગ્રહથી શ્રીહરિ આઠ સંતોને સાથે લઈને જમવા પધાર્યા. સંતોને કહી રાખ્યું કે હું જેટલું પીરસું તેટલું બધું જ તમારે જમી જવું, પણ ના પાડવી નહિ.

શ્રીહરિ આગળ રસોઈની સામગ્રી મૂકી. પ્રભુ જમવા લાગ્યા ને સાથે સાથે સંતોને પીરસવા લાગ્યા. વ્હાલમાની મરજી હતી. સંતોએ પણ વિચાર્યું જે ભગવાન પોતે જ પીરસનારા છે ને પચાવનારા પણ એ જ છે, માટે કાંઈ પણ આનાકાની કરવી નથી. કરણીબા સામગ્રી લાવતાં જાય તે શ્રીહરિ સંતોને પીરસતા જાય. એમ કરતાં બધી રસોઈ ખૂટી ગઈ. કરણીબા પ્રેમના આવેશમાં બોલ્યાં : મારા પીટ્યા ના પાડતા

નથી. શ્રીહરિએ પણ હસતાં હસતાં કહ્યું : લાવો રસોઈ, કેમ મોળાં પડ્યાં ? હવે જો નહિ આપો તો સંતો ગામમાં જશે ને પેટ ઠબકારીને કહેશે કે રાયધણજીને ઘેર ગયા ને ભૂખે માર્યા.

રાયધણજીએ કરણીબાને કહ્યું : ભગવાન આગળ હઠ કરવા જેવી નથી, માટે કહો કે અમે હાર્યાં ને તમે જીત્યા. પણ બાઈ માન્યાં નહિ ને પાડોસણ પાસે જઈને કહ્યું : તમારી પાસે જેટલું ઘી હોય તે ઉછીનું આપો. એમ કહી ઘીથી ભરેલું મોટું પાત્ર લાવ્યાં ને ભગવાન આગળ ધર્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું : અમે પારકા ઘરની સામગ્રી જમતા નથી. તમારી પાસે જે કાંઈ હાજર હોય તે લાવો. છેવટે કરણીબાએ કહ્યું : મહારાજ, તમને તો કેમે કરીને પહોંચી શકાય તેમ નથી. રસોઈની સામગ્રી તો ઘણી કરી હતી પણ આપે સંતોને જમાડી દીધી. મેં આપની આગળ ખોટો આગ્રહ કર્યો તેથી આપે આવી લીલા કરી. હવે આપનાં કાર્યમાં ક્યારેય તર્ક ન થાય એવી દયા કરજો.

આમ, કાંઈ ને કાંઈ નિમિત્ત કરી શ્રીહરિ પોતાના ભક્તોને યાદ રહી જાય તેવાં સંભારણાં કરી આપતા હતા. આધોઈમાં સુખના સિંધુ રેલાવી શ્રીહરિ ભચાઉ પધાર્યા.

ફકીરની લાકડીનો અવાજ બંધ

ભચાઉમાં શ્રીહરિએ વાઘાશાને ઘેર ઉતારો કર્યો. ભક્તોને જાણ થતાં સૌ ઉમંગથી દર્શન માટે દોડી આવ્યા. ભગવાન માટે રસોઈ કરાવી ને પ્રેમથી જમાડ્યા. ભચાઉમાં ગુણબુદ્ધિવાળા ઘણા લોકો રહેતા હતા. તેમણે પણ વિચાર્યું કે આપણે દર્શન કરવા જઈએ ને જ્ઞાનવાર્તા સાંભળીએ. સાથે આપણા ગામના ફકીરને પણ લેતા જઈએ. જો સ્વામિનારાયણ ભગવાન હશે તો આપણને જરૂર પરચો આપશે. આવો ઠરાવ કરી બધા ભેગા થઈ ફકીર પાસે ગયા. તેને સઘળી વાત જણાવી. એ પણ સાથે આવવા તૈયાર થયો. તેને સાથે લઈને શ્રીહરિ પાસે આવ્યા. મુખી ખીમા પટેલની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિએ વાતો કરી.

મુખી સાથે આવેલા ફકીર પાસે એક લાકડી હતી. તે જ્યારે પૃથ્વી ઉપર પછાડે ત્યારે તેમાંથી બંદૂક જેવો અવાજ નીકળતો. આજે તેણે ખાત્રી કરવા બે ત્રણ વાર લાકડી પછાડી પણ બિલકુલ અવાજ ન થયો. તેથી મનોમન નક્કી કરી લીધું કે આ સ્વામિનારાયણ સાક્ષાત્ ખુદા છે.

શ્રીહરિની વાતો સાંભળી સૌને બહુ જ આનંદ થયો. તેઓ પાછા વળ્યા ત્યારે માંહોમાંહી વાતો કરવા લાગ્યા : ખરેખર સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. ફકીરે એ વાતનું સમર્થન કરતાં કહ્યું : હા, મારે તો પ્રત્યક્ષ અનુભવ થયો. મેં મારા જીવનમાં કદીય ધાર્યું નહોતું એનો મેં પ્રત્યક્ષ અનુભવ કર્યો. આજની જ વાત કરું. અમારા પીર ફકીર આવે છે કે ઓલિયા આવે છે, તેનાં દર્શન કરવા માટે હું જઉં છું, ત્યારે આ લાકડી પૃથ્વી ઉપર પછાડું છું. તે વખતે તેમાંથી બંદૂક જેવો અવાજ નીકળે છે, પણ આ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન માટે આપણે ગયા; ત્યાં મેં આ લાકડી પછાડી ત્યારે થોડો પણ અવાજ ન થયો, એ વખતે મને એમ લાગ્યું કે, લાકડી પછાડવામાં ખામી રહી ગઈ હશે. પછી ફરીથી પછાડી. એમ બે-ત્રણ વાર કર્યું છતાં પણ કાંઈ અવાજ ન થયો. ત્યારથી જ મને ખાત્રી થઈ ગઈ કે સ્વામિનારાયણ સાક્ષાત્ ખુદા છે, પરવરદિગાર છે. સ્વામિનારાયણ હિંદુ છે, ને તમે પણ હિંદુ છો. હું ભલે મુસલમાન છું પણ ચોક્કસપણે કહું છું કે સ્વામિનારાયણ સાક્ષાત્ ખુદા છે, ખુદાતાલા છે. આમ, શ્રીહરિના સંપર્કમાં આવતાં સાચા મુમુક્ષુઓ સહજ રીતે સુખનો અનુભવ કરતા હતા.

કચરા ભક્તનું શાક બકાલું વેચ્યું

ભચાઉથી રાતો રાત એકલા નીકળી શ્રીહરિ કંથકોટ પધાર્યા. કારણ એ જ હતું કે, અહીં વસતા કચરા ભક્તને શ્રીહરિને વિશે અત્યંત પ્રેમ હતો. લુહાણા જાતિના આ ભક્ત શાક-બકાલું વેચે ત્યારે પણ એ ભગવાનનું સ્મરણ કરતા. એ વ્યવહારે ગરીબ હતા. દિવસભર ઘરાક આવતા રહે એટલે ભગવાનનાં દર્શને જઈ શકાતું નહિ. એમને

વસવસો રહ્યા કરતો કે ઘણા સમયથી ભગવાનનાં દર્શન થયાં નથી એ ક્યારે થશે ?

ભક્તની આવી સાચી લાગણી ભગવાનને ભરનિદ્રામાંથી જાગૃત કરી દે. એટલા જ માટે ભચાઉથી રાતોરાત પ્રભુજી નીકળી ગયા હતા.

ઘરની સાંકળ ખખડાવી. ખાટલે સૂતેલા ભગતે કહ્યું : જે કોઈ હોય એ આવી જાઓ ને ! બારણું ખુલ્લું જ છે.

પ્રભુએ ફરીથી સાંકળ ખખડાવી. ભગત ઊભા થયા. આંખ ચોળતા બોલ્યા : હું જાગું જ છું. અટાણે શી ઉતાવળ ફાટી છે કે બારણું ખખડાવે રાખો છો ? હજુ તો રાત છે. શાકભાજી વેચવાનું ક્યાં ટાણું થયું છે ? એમ બોલતા બોલતા ભગત દરવાજાની પાસે આવ્યા.

પ્રભુ કહે : આમ બોલ બોલ કર્યા વિના આંખ ખોલીને જુઓ તો ખરા કે કોણ આવ્યું છે ? અમે શાકભાજીના ઘરાક નથી. પ્રભુનો આ સૂર ભગત પારખી ગયા. ઝટપટ બારણું ખોલ્યું. પ્રભુને જોતાં જ ભગત હરખઘેલા બની ગયા. કહેવા લાગ્યા : અહોહો મહારાજ, આ ટાણે ક્યાંથી પધાર્યા ! ને તેય પણ એકલા !!

‘ભગત, હવે વખત ન બગાડો. મને ઝટપટ ક્યાંક સંતાડી દો.’

‘અરે મહારાજ, તમને વળી સંતાવાની શી જરૂર પડી ? ઓલ્યા કાળયવનની જેમ કોણ તમારી પાછળ પડ્યું છે ?’

‘ભગત, એવું તો કાંઈ નથી, પણ મૂળજી બ્રહ્મચારી આવશે. એ તમને પૂછે તો કહી દેજો કે મહારાજ અહીંયાં આવ્યા જ નથી.’

શ્રીહરિ પાછળના ઓરડામાં બેઠા. સૂર્યોદય થતાં ભગતે દુકાન ખોલી. થોડી જ વારમાં બ્રહ્મચારી આવ્યા. કહ્યું : ભગત, જય સ્વામિનારાયણ.... અહીં મહારાજ આવ્યા છે ?

‘અરે બ્રહ્મચારી, કેવી વાત કરો ! અહીં તે મહારાજ હોતા હશે ? આ ધંધાની પળોજણમાં અડધી રાત સુધી જાગવું પડે છે. જો મહારાજ આવે તો મને એની જાણ તો થાયને ? પણ મહારાજને શું થયું, એ તો કહો ? શું રિસાઈને ચાલી નીકળ્યા ?

'એવું તો કાંઈ નહોતું, પણ રાતોરાત એકલા જ નીકળી ગયા છે,' એમ બોલતા બ્રહ્મચારી ત્યાંથી વિદાય થયા. અંદર બેઠા બેઠા શ્રીહરિએ આ સંવાદ સાંભળ્યો.

કચરા ભગત ભગવાન પાસે આવ્યા. તેમના પર રાજીપો દર્શાવતા શ્રીહરિ બોલ્યા : જવાબ દેવામાં બહુ જ ચતુર લાગો છો. હવે બીજી એક પંચાત ઊભી થઈ છે.

'એ વળી કેવી ? પ્રભુ કહોને !'

'ભગત, ભૂખ બહુ લાગી છે. હમણાં ને હમણાં કાંઈક જમવું પડે એવું લાગે છે.'

'પણ મહારાજ, હમણાં ઘણા ઘરાક આવશે. તો તેને કેમ સંભાળશું ?'

'અરે ભગત... એની ચિંતા શા માટે કરો છો ? હું થડે બેસીશ ને તમારું બકાલું વેચીશ. બોલો પછી, કાંઈ વાંધો ખરો ?'

'અરેરે મહારાજ, તમને આવું હલકું કામ સોંપાય ?'

'ભગત, એ ધાપલાવેડા છોડી દો ને ઝટ રસોઈ કરવા માંડો.'

'ભલે મહારાજ,' કહી ભગત રસોડામાં ગયા, ને ભગવાન દુકાનની આગળ બેસીને બકાલું વેચવા તૈયાર થયા ! પ્રભુની આ કેવી અકળ લીલા છે ! છૂપી રીતે આવ્યા છે, સંતાઈને રહેવું છે, એ જ ધણી જાહેરમાં બકાલું વેચવા બેઠા છે.

થોડા જ સમય પછી કોઈ બાઈ આવી. લીલાબાઈ એનું નામ. એ બોલી : મારે શાક લેવું છે. કચરા ભગત ક્યાં છે ?

'એમાં કચરા ભગતનું શું કામ છે ? આ શાકના ઢગલા પડ્યા છે. એમાંથી જે જોઈએ તે લઈ લ્યો ને !'

બાઈ રીંગણાં વીણી વીણીને છાબડીમાં નાખવા માંડી. પ્રભુએ પૂછ્યું : તમારે કેટલાં લેવાં છે, એ તો કહો...

'શેર તોલી દો.' આમ વાર્તાલાપ થતો હતો ત્યાં અંદર રસોડામાં



બેઠેલા કચરા ભગતને ચટપટી જાગી કે ભગવાન શેર ને બદલે બશેરનું તોલું તો નહિ મૂકી દે ને ?

પ્રભુએ બરાબર શેરનું તોલું મૂક્યું. ભગતને સંતોષ થયો. રીંગણાં બાજુનું પલ્લું નમતું જોઈ શ્રીહરિએ તેમાંથી મોટું રીંગણું કાઢી નાનું મૂકી દીધું. એ જોઈ પેલી બાઈ કહે : અરે બાપજી, આ કાંઈ ઘી નથી. બહુ ચીકણા લાગો છો. કચરા ભગત તો નમતું જોખી આપે છે.

'એને વેપારમાં શી ખબર પડે ? ધણી તો અમે છીએ. દૂર દૂરથી માલ લાવીએ છીએ એ ખબર છે ? ત્રણ ત્રણ ગાઉથી લાવતાં ઘોડાનેય ભાઠાં પડી જાય છે. ને વાડીવાળાય કાંઈ મફત નથી આપતા.'

રીંગણાં લેવા બાઈએ સાડીનો છેડો ધર્યો. શ્રીહરિ એમાં રીંગણાં નાખવા માંડ્યા તે વખતે એ બાઈએ ચાલાકીપૂર્વક વધારાનું એક રીંગણું લઈને ભેળવી દીધું. શ્રીહરિ આ જોઈ ગયા. તરત જ એક રીંગણું કાઢીને પાછું ઢગલામાં નાખી દીધું.

બાઈ કહે : બાવાજી, તમારો જીવ ટૂંકો લાગે છે.

પ્રભુ કહે : બાઈ, હવે ઝાઝી કડાકૂટ છોડી દે. લેવાં હોય તો લે, નહિતર બધાંય પાછાં ઠાલવી દે.

બાઈનું ધાર્યું ન થયું એટલે એ અકળાઈ. કહેવા લાગી : બાવાજી,

તમે બહુ આકરા. કચરા ભગત તો તોળ્યા પછીય એકાદ રીંગણું આપી દે છે.

'એ તો બધુંય કરશે. દુકાનનો માલિક એ નથી, હું છું.'

બાઈ મનોમન બબડવા માંડી. બીજું કાંઈ બોલી શકી નહિ. રીંગણાં લઈને રવાના થઈ.

થડા પર ભગવાન બેઠેલા. એવી આકર્ષક મૂર્તિ કે એમનાં દર્શન નિમિત્તે ઘરાકોની મોટી લાઈન લાગી. બધાને ચપળતાપૂર્વક જોખી જોખીને ભગવાન બકાલું આપતા રહ્યા. અંદર બેઠા બેઠા રસોઈ કરતા કચરા ભગત તાજુબ થઈ ગયા. આટલાં વર્ષોથી હું આ ધંધો કરું છું તોય આવી ચોક્કસાઈ ને ચપળતા હું કરી શકતો નથી.

સાંજ પડતાં સુધીમાં જે બકાલું માંડ માંડ વેચાય એ બપોર થયા પહેલાં પૂરું થઈ ગયું. પ્રભુજી કચરા ભગત પાસે આવ્યા. રસોઈ તૈયાર હતી. પ્રભુએ જમતાં જમતાં પૂછ્યું : ભગત, પેલી બાઈ કોણ હતી ? માળી ચોરટી લાગે છે. છાનું છપનું રીંગણું લઈ લીધું !! સારું થયું કે અમને નજરમાં આવી ગયું, નહિતર ખોટનો વેપાર થાત.

ભગત કહે : મહારાજ, એ બાઈ માથાભારે છે. હાથની મેલી છે. બોલવામાં ચબરાક છે. કોઈનેય બોલવા દેતી નથી, એને આજે તમે પૂગ્યા. મહારાજ, હવે એક કામ કરોને. તમે રોજ બકાલું વેચજો ને હું તમારા માટે રસોઈ કરીશ.

'ભગત, અમે કાંઈ તમારું બકાલું વેચવા નથી આવ્યા. અમે તો અનંત જીવોનાં કલ્યાણ કરવા આવ્યા છીએ. આ તો તમે અમને સંભારતા'તા એટલે દર્શન દેવા આવ્યા. હવે અમે જઈશું.'

કચરા ભગતે પ્રભુને હાથ જોડ્યા. ભગત પાસેથી વિદાય લઈ શ્રીહરિ ગામની ભાગોળે ગયા ત્યાં મૂળજી બ્રહ્મચારી સામા મળ્યા. પ્રભુ કહે : અમે ગામમાં જ હતા ને તમે ગામની બહાર કેમ વહેલા નીકળી ગયા ?

‘હા મહારાજ, તમારી લીલા ને કળા બધી અકળ છે. હવે જલ્દી હાલો. ભચાઉમાં બધા તમારી વાટ જુએ છે. કોઈને કીધા વિના રાતોરાત નીકળી જાઓ, પણ વાંસે કેટલી બધી ધમાલ થઈ પડે છે ?’

બ્રહ્મચારી સાથે આવા મીઠા વાર્તાલાપ કરતા શ્રીહરિ ભચાઉ પધાર્યા. પ્રભુનાં દર્શનથી સૌને ખૂબ આનંદ થયો. સૌ સેવા-પરિચર્યામાં પરોવાઈ ગયા.

વાંઢિયાના પાંચા બ્રાહ્મણનો પુણ્યોદય

ભચાઉથી શ્રીહરિએ એકાએક વાંઢિયા જવાનું નક્કી કર્યું. વાંઢિયા જવાનો હેતુ એ જ હતો કે ત્યાં પાંચા નામના બ્રાહ્મણ રહેતા હતા. સાત-સાત જન્મ સુધી તેમણે બ્રહ્મચર્ય વ્રત પાળ્યું હતું.

શ્રીહરિની સાથે મૂળજી બ્રહ્મચારી હતા. તેમણે ભગવાન માટે ટીમણ લીધું હતું. નિર્જન માર્ગમાં પસાર થતાં એક ભિક્ષુક મળ્યો. ભગવાનને આજે કોઈ નવી લીલા કરવી હતી. ભિક્ષુક પર દયા દર્શાવતા પ્રભુ ટીમણ માટેની સુખડી એ ભિક્ષુકને આપવા માંડ્યા. બ્રહ્મચારીએ આપવાની ઘણીય આનાકાની કરી પણ ભગવાન એકના બે ના થયા. ભિક્ષુક એ સુખડી લઈને ચાલતો થયો.

થોડો પંથ કપાયો ત્યાં ભગવાને બ્રહ્મચારીને કહ્યું : ભૂખ બહુ લાગી છે. કાંઈક ખાવાનું છે ? જો નહિ મળે તો હવે આગળ ચાલી નહિ શકાય.

ભગવાન આ પ્રકારની મનુષ્ય લીલા કરે ત્યારે ભગવાન અને ભક્ત વચ્ચે મીઠા કટાક્ષભર્યો વાર્તાલાપ પણ થાય. ભગવાનને એ કટાક્ષ પણ વહાલા લાગે. એ કટાક્ષમાં પરસ્પરના પ્રેમની પરાકાષ્ઠા હોય. એવું જોઈ કોઈ સામાન્ય માણસ અનુકરણ કરવા જાય તો તેને મોટી ખોટ વેઠવી પડે. અહીં તો ભગવાનના અનન્ય સેવક મૂળજી બ્રહ્મચારી હતા. એમને પ્રભુ સાથે ગમ્મત કરવાની ઇચ્છા થઈ એટલે કહ્યું : ખાવાનું તો લીધું હતું પણ ભિક્ષુક મળ્યો ત્યારે દાનેશ્વરીના દીકરા

થયા. ખાવાનું બધું એને અપાવી દીધું. હવે ખાવાનું માગો છો, તો ખાઓ મારો અંગૂઠો.

એ વખતે ભગવાન રસ્તામાં જ બેસી ગયા. એવામાં કોઈક ગાડાવાળો ત્યાં આવ્યો. તેને બ્રહ્મચારીએ કહ્યું : આ નાના મહારાજ ચાલતાં થાકી ગયા છે. એ માંદા પણ છે. તમારા ગાડામાં બેસાડો તો પુણ્ય થશે.

ગાડાવાળાએ પ્રભુને બેસાડ્યા. ગાડું આગળ હંકાર્યું. બળદ બહુ ઉતાવળા હતા એટલે બ્રહ્મચારી ઘણા પાછળ રહી ગયા. ભગવાને ગાડામાં બહુ ભાર મૂક્યો, ત્યાં જ બળદ અટકી ગયા. ગાડાવાળાને નવાઈ લાગી. એ મૂંઝાયો. તેને ભગવાન કહે : પાછળ ચાલ્યો આવે છે એ બાવો બહુ કામણટુમણિયો છે. તેને જો ગાડામાં બેસાડશો તો જ આ ગાડું આગળ ચાલશે.

બ્રહ્મચારી નજીક આવ્યા એટલે ગાડાવાળાએ કહ્યું : બાવાજી, ગાડામાં બેસો. બ્રહ્મચારી ના પાડવા માંડ્યા, પણ ગાડાવાળાએ આગ્રહ કર્યો એટલે બ્રહ્મચારી બેઠા. ગાડું તરત જ આગળ ચાલવા માંડ્યું. ભગવાને ગાડાવાળાને કહ્યું : જોયું ને, હું કહેતો હતો તે સાચું હતું ને ? ગાડું ચાલ્યું એટલે ગાડાવાળાને આનંદ થયો.

પંથ કપાવા માંડ્યો ત્યાં ભગવાને ગાડાવાળાને પૂછ્યું : તમારું નામ શું એ તો કહો ?

'મારું નામ કરસનદાસ પટેલ. હું વાંઢિયા ગામે રહું છું.'

ભગવાન મીઠી મીઠી વાતો કરતા હતા તે સાંભળતા સાંભળતા સહુ વાંઢિયા ગામે આવી પહોંચ્યા. ગાડાવાળો કહે : મારું ગામ આવી ગયું છે. તમારે બીજે ગામ જવું હોય તો ઊતરી જાઓ. ભગવાન તો જાણતા જ હતા કે વાંઢિયા ગામે જ પહોંચવાનું છે. ભૂખનું ચરિત્ર એટલા માટે જ આદર્યું હતું તે પાર પાડવાનું હતું. પ્રભુ ગાડા પર જ બેસી રહ્યા ને કહ્યું : અમારે તમારા ગામમાં રાત રહેવું છે. ગામની ધર્મશાળામાં લઈ જાઓ. ત્યાં અમે ઊતરી જઈશું. કરસનદાસ ધર્મશાળા

પાસે ગાડું લઈ ગયા. બ્રહ્મચારી ગાડાથી નીચે ઊતર્યા. ભગવાન પટેલને કહે : તમારું ગાડું છોડીને ધર્મશાળાના પગથિયે પાછલો ભાગ અડાડો ત્યાં હું ઊતરી જઈશ. પટેલે એમ કર્યું એટલે ભગવાન ઊતરી ગયા. પટેલ ઘેર ગયા.

ભગવાને ફરીથી વાત માંડી : બ્રહ્મચારી ! ભૂખ લાગી છે. તમે કરસનદાસને ઘેર જાઓ. એ જમવાનું આપશે. બ્રહ્મચારી પટેલને ઘેર ગયા. વાત કરી : અમારા મહારાજને ભૂખ લાગી છે. અમને બ્રાહ્મણને ખપે એવું અન્ન આપો.

પટેલ બ્રહ્મચારીને લઈને પોતાના ગોર મહારાજને ત્યાં ગયા. તેમણે પોતાનાં છોકરાં માટે રાખેલાં ખીચડી ને દૂધ આપ્યાં. એ લઈને બ્રહ્મચારી ધર્મશાળામાં આવ્યા. એ જોઈને ભગવાન કહે : આ ખીચડી ને દૂધ કોઈના પ્રારબ્ધનું છે, માટે અમે જમશું નહિ. જેને ઘેરથી લાવ્યા હો તેને પાછું આપી આવો. બ્રહ્મચારીએ ઘેર જઈ એ બધું પાછું આપ્યું. ત્યારે બ્રાહ્મણે સુખડી આપી. એ લઈને બ્રહ્મચારી ધર્મશાળામાં આવ્યા. સુખડી જમી, જળપાન કરી પ્રભુજી પોઢી ગયા.

પાંચા બ્રાહ્મણને વિચાર થયો કે મેં ખીચડી ને દૂધ છોકરાને ખાવા માટે રાખ્યું હતું. મારો એ સંકલ્પ ધર્મશાળામાં ઊતરેલા મહારાજ જાણી ગયા !! માટે એ નક્કી ભગવાન છે. બ્રાહ્મણે પોતાની પત્નીને એ વાત કરી. સાથે એમ પણ કહ્યું : એ મહારાજ જો સવારે રહેશે તો આપણે ઘેર રસોઈ કરીને તેમને જમાડીશું. આવા સંકલ્પ સાથે એ બંને સૂઈ ગયાં.

સવારના ચાર વાગે બ્રહ્મચારી જાગ્યા. ભગવાનને કહ્યું : પ્રભુ ! સવારનો ઠંડો પહોર છે. જો હમણાં ચાલી નીકળીએ તો સૂર્ય ઊગ્યા પહેલાં બીજા ગામે પહોંચી જવાય.

'પણ બ્રહ્મચારી, આ ગામમાં બ્રાહ્મણને ઘેર ખાંડના લાડુનું નોતરું છે. એ જમીને સાંજના સ્નાનાદિ કરીને નીકળશું અથવા બીજે દિવસે નીકળશું. આજે તો આપણે અહીં જ સ્નાનાદિ કરી લઈએ. બ્રહ્મચારી

શ્રીહરિનો આ મર્મ સમજી ગયા કે, ભગવાનને જમાડવાનો કોઈનો સંકલ્પ થયો હશે; તેને પૂરો કરવા ભગવાન અહીં રોકાવાનું કહે છે.

સ્નાનાદિ નિત્યક્રમથી પરવારી શ્રીહરિ પૂજા કરતા હતા તે વખતે પાંચા બ્રાહ્મણ આવ્યા. તેમણે કહ્યું : આપ જમવા પધારો તો હું રસોઈ કરાવું.

પ્રભુએ હા પાડી. પાંચા બ્રાહ્મણને આનંદ થયો. તેમણે ઉમંગથી રસોઈ કરાવી. દશ વાગે એ બોલાવવા આવ્યા. શ્રીહરિ તેમની સાથે પધાર્યા. વિપ્રની રીત-રસમ અનુસાર શ્રીહરિએ સ્નાન કરી પીતાંબર પહેર્યું. બીજું એક વસ્ત્ર ઓઢ્યું. વિપ્રે ઢાળેલા પાટલા પર પ્રભુજી બિરાજ્યા. બાજુમાં બ્રહ્મચારી બેઠા. બ્રાહ્મણે લાડુ, શાક, ભજીયાં, અથાણું , ચટણી, પાપડ, દાળ, ભાત, રાયતાં વગેરે પીરસ્યાં. ભગવાન તે જમવા લાગ્યા.

પાંચા બ્રાહ્મણ અને તેમની પત્નીને શ્રીહરિના પ્રભુપણા વિશે ખાત્રી થઈ ગઈ હતી. તેમણે પૂરા ભાવ સાથે રસોઈ બનાવી હતી ને એવા અહોભાવ સાથે એ બંને દર્શન કરી રહ્યાં હતાં.

એ દંપતીને પોતાનો યથાર્થ નિશ્ચય કરાવવા પ્રભુએ તેમને સમાધિ કરાવી. દિવ્ય તેજોમય ધામમાં આ જ ભગવાન આવી રીતે જ જમી રહ્યા છે એવાં દર્શન એ બંનેને થયાં. થોડી જ વારમાં એ સમાધિ ઊતરી. હવે તો એ બંનેના આનંદની સીમા નહોતી. બ્રાહ્મણ પ્રભુને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા માંડ્યા. બાઈએ પંચાંગ પ્રણામ કર્યા.

ભગવાન થાળ જમીને પરવાર્યા. પાંચા બ્રાહ્મણે ભગવાન માટે સરસ પલંગ ઢાળ્યો. પ્રભુ તે પર બિરાજ્યા. બ્રાહ્મણે ચંદન પુષ્પાદિથી પ્રભુનું પૂજન કર્યું. રૂપિયાનો થાળ ભેટ ધર્યો ને આરતી ઉતારી. બ્રાહ્મણની પ્રાર્થના સ્વીકારી તેમને વર્તમાન ધરાવી પ્રભુએ તેમને કંઠી બાંધી. પાંચા બ્રાહ્મણના મનોરથો પૂર્ણ કરી ભગવાન ધર્મશાળામાં ગયા. પોતાના પરિવાર સહિત પાંચા બ્રાહ્મણે પ્રસાદી લીધી. યજમાન કરસનદાસને પણ પ્રસાદી આપવા ગયા. પોતાને સમાધિમાં થયેલા અનુભવની વાત કરી.

કરસનદાસે એ પ્રસાદી લીધી. તેમને પણ શુભ સંકલ્પ થયો કે જો મહારાજ આ ગામમાં આજે રોકાય તો મારે ઘેર રસોઈ કરાવીને કાલે જમાડીશ; હું પણ સત્સંગી થઈશ.

અંતર્યામીથી શું અજાણ્યું હોય ? પટેલનો સંકલ્પ જાણી રોકાયા. આમેય એ પટેલે પ્રભુને ગાડામાં બેસાડી આ ગામ સુધી લઈ આવવાની સેવા કરી હતી તેનું ફળ પણ આપવાનું હતું.

સાંજે પાંચા બ્રાહ્મણ અને કરસનદાસ ધર્મશાળામાં આવ્યા. પટેલે પોતાને ત્યાં જમવા માટે પધારવા પ્રાર્થના કરી. ભગવાને મંજુરી આપી.

પાંચા બ્રાહ્મણે કરસનદાસને ત્યાં રસોઈ કરી. ભગવાન પટેલને ત્યાં પધાર્યા. નિયમાનુસાર સ્નાનાદિ કરી જમવા માટે પાટલા પર બિરાજ્યા. બ્રાહ્મણે થાળ મૂક્યા. શ્રીહરિ જમવા લાગ્યા. એ જ ઘડીએ શ્રીહરિની ઈચ્છાથી પટેલ અને તેમની પત્નીને સમાધિ થઈ. પટેલ કૃષ્ણચંદ્રના ઉપાસક હતા. તેથી તેમને ગોલોક ધામનાં દર્શન કરાવ્યાં. કૃષ્ણચંદ્રનાં દર્શન કરી દંપતીને આનંદ થયો. તેમને કૃષ્ણચંદ્રે કહ્યું : તમે જો અમારું ભજન કરશો તો તમને ગોલોક ધામ મળશે; પણ જો સર્વોપરી સુખ પામવું હોય, આત્યંતિક મોક્ષ પામવો હોય તો તમારે ઘેર આવેલા છે તે પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તેમના હાથે વર્તમાન ધારણ કરી કંઠી બાંધશો ને તેમનું ભજન કરશો તો પરમ મોક્ષને પામશો.

સમાધિમાંથી જાગૃત થતાં એ દંપતીએ પણ પ્રાર્થનાપૂર્વક વર્તમાન ધારી સત્સંગ સ્વીકાર્યો.

મૂળજી બ્રહ્મચારીને ભગવાનની સઘળી લીલાનો અંદાજ આવી ગયો કે ભગવાને ટીમણ અપાવી દીધું, ભૂખનો ભાવ દેખાડ્યો, ગાડાવાળા કરસનદાસ મળ્યા, એના ગાડામાં બેઠા, વાંઢિયા ગામે આવ્યા; એ કેવળ પાંચા બ્રાહ્મણને સાત સાત જન્મ પર્યંતનું બ્રહ્મચર્યનું ફળ દેવા માટે જ. એ સાથે કરસનદાસ પટેલને સેવાના મીઠા મેવારૂપે આત્યંતિક

મોક્ષનું વરદાન દેવાનું હતું.

કયો ભક્ત ક્યાં રહે છે ને તેનું કામ કેવી રીતે પાર પાડવું એ તો ભગવાનને જ આવડે. એ ભક્ત માટે પોતાને કેટલોય દાખડો વેઠવો પડે તોય એ વેઠી લે છે, પણ પોતાના અનન્ય ભક્તના મનોરથો પૂરા કરે છે ત્યારે જ તેમને શાંતિ થાય છે.

વાંઢિયા ગામે પાંચા બ્રાહ્મણ અને કરસનદાસ પટેલને કૃતાર્થ કરી ભગવાન વિચરણ કરતા કરતા ભુજ પધાર્યા.

ભુજમાં અન્નકૂટોત્સવ

ભુજમાં ભગવાનજી સુથારને ઘેર સભા કરીને શ્રીહરિ બિરાજમાન હતા. તે અરસામાં દરિદ્રવેશે એક બાળક અહીં આવ્યો. વનવિચરણ વેળાએ શ્રીહરિને મળેલો આ બાળક ૧૨ વર્ષ સુધી ઠેરઠેર ઘૂમ્યો હતો. તેનો ખપ જોઈ શરણે રાખી જીજ્ઞાસાનંદ સ્વામી નામાભિધાન કર્યું હતું.

શ્રીહરિનો ઉતારો હીરજીભાઈ સુથારને ઘેર હતો; એ અરસામાં દિવાળીનું પર્વ નજીકના દિવસોમાં આવતું હતું. હીરજીભાઈને સંકલ્પ થયો જે ભગવાન અન્નકૂટનો ઉત્સવ અહીં કરે તો સારું. અંતર્યામી શ્રીહરિએ કહ્યું : હીરજીભાઈ, અમારે અન્નકૂટ અહીં ભુજમાં કરવો છે; તેની તૈયારી કરાવજો. દેશોદેશ કંકોત્રીઓ લખી સંતો-ભક્તોને તેડાવજો.

અન્નકૂટ અંગેની સામગ્રી તૈયાર કરવા માટે સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામ મલ્લ વગેરે ભક્તો તેમજ સૂરજબાઈ વગેરે બાઈઓએ સેવા શરૂ કરી દીધી. બધાંને એક જ તાન હતું કે આપણે ઉમંગથી સેવા કરશું, તેમાં લેશમાત્ર કસર નહિ રાખીએ.

પકવાન બનાવવામાં ભાઈઓના વિભાગમાં પ્રાગજી પુરાણીને મોટેરા નીમ્યા ને બાઈઓમાં સૂરજબાને મુખ્ય તરીકે નીમ્યાં. ખાંડ, સાકર, ઘી, ગોળ, લોટ વગેરેના ગંજ ખડકાવા લાગ્યા. ભૂખ કે થાકની પરવા કર્યા વિના સહુ સેવામાં લાગી ગયા. અન્નકૂટની તૈયારી ચાલતી હતી તે દરમ્યાન શ્રીહરિ હમીરસરમાં સ્નાન કરવા પધારતા.

દિવાળીના દિવસો નજીક આવતાં દેશદેશાંતરથી ભક્તો ઉમંગથી આવવા લાગ્યા. ભક્તો ભગવાન માટે વિવિધ પ્રકારનાં આભૂષણ લાવ્યા. સંતોને પણ શ્રીહરિનાં દર્શનની આતુરતા હતી. તેઓ ઉતાવળા ઉતાવળા ભુજ તરફ આવવા લાગ્યા. સૌને એ જ મનન અને ચિંતન હતું કે ભગવાન આપણને ભેટશે, છાતીમાં ચરણ આપશે, કોમળ હસ્ત આપણા માથે મૂકશે, પ્રસાદીના હાર આપશે અને થાળની પ્રસાદી આપશે.

આ બાજુ પાકશાળામાં સેવા કરતા ભક્તોને પ્રોત્સાહન આપવા શ્રીહરિ ત્યાં પધારતા. પકવાન્નથી ભરેલાં મોટાં મોટાં પાત્રો જોઈ શ્રીહરિ પૂછતા કે આ પાક કોણે બનાવ્યા છે ? ભક્તોની સેવા-ભક્તિ જોઈ ભગવાને ખૂબ રાજીપો દર્શાવ્યો. દેશોદેશથી દર્શનાર્થે દોડી આવેલા સંતો પર પ્રભુએ અસાધારણ વ્હાલ દર્શાવ્યો. પોતાને પ્રાણ સમાન વહાલા એ સંતોને ભગવાને પ્રેમથી બોલાવ્યા, જમાડ્યા ને ઉતારા કરાવ્યા. ભક્તોના સંઘ આવતા હતા તેમના માટે શ્રીહરિ ઉતારા, ભોજન વગેરેની વ્યવસ્થા કરાવતા હતા.

સંવત ૧૮૬૫ આસો વદ ૦)), તા. ૭-૧૧-૧૮૦૯, મંગળવારે દિવાળીની રાત્રે હજારો દીવાની દીપમાળા સજાવી ભક્તોએ અદ્‌ભુત શોભા બનાવી હતી. આરતી સમયે શ્રીહરિએ સૌને અલૌકિક દર્શન આપ્યું. મૂર્તિમાંથી તેજનો સમૂહ છૂટ્યો; એ જોઈ સહુ આશ્ચર્ય પામતા કહેવા લાગ્યા : હે મહારાજ ! અમે ખરેખર ધન્ય બની ગયા. આપની દયા જીવનભર ભૂલાય એવી નથી. આપ તો સર્વ કારણના કારણ છો, સર્વાવતારી છો, તે દયા કરી અમારાં કલ્યાણ કરવા, સામે ચાલીને આવ્યા છો. અમારા ઉપર આવી ને આવી દયા સદાય વરસાવતા રહેજો.

બીજે દિવસે અન્નકૂટની આબેહૂબ રીતે સજાવટ કરવામાં આવી. શ્રીહરિ આરતી કરવા પધાર્યા. આરતી બાદ મુકુંદવર્ણીએ બનાવેલ થાળ જમ્યા. સંતોને પણ ખૂબ તાણ કરીને જમાડ્યા. ભક્તો ઉમંગથી પૂજાની સામગ્રી લાવ્યા હતા. તેમણે પ્રેમથી શ્રીહરિની પૂજા કરી.

ભક્તોના હૈયે આજે અનોખો આનંદ હતો. સૌએ શ્રીહરિને

પ્રાર્થના કરી : હે સર્વ કારણના કારણ સ્વામિનારાયણ ભગવાન, આપ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છો, છતાં પણ અમને પોતાના દાસ જાણીને સમીપની સેવા આપો છો, એ જ અમારાં મોટાં ભાગ્ય છે. અનંત અનાદિ મુક્તો તમારી મૂર્તિમાં રસબસ રહ્યા છે ને રોમેરોમનાં સુખ લે છે, છતાં પણ તમારા મહિમાનો પાર પામી શકતા નથી, એવા સર્વોપરી તમે છો. તમારું ઐશ્વર્ય છુપાડી અમારા મનોરથ પૂરા કરવા અમારા જેવા થઈને આ પૃથ્વી ઉપર દર્શન દો છો. તમે મનુષ્ય જેવા જણાઓ છો તેથી અજ્ઞાની લોકો તમને પોતા જેવા જાણે છે. રોષમાં આવી તમારી સામે જેમ તેમ બોલે છે; તેને તમે સહન કરો છો. તમારા પ્રતાપે કરીને આ સંતો પણ ધીરજ ધારે છે. કોઈ અજાણમાં તેમને કઠણ વચન કહે છે, વાંકું ચૂંકું બોલે છે, તોય તેનો અભાવ લેતા નથી, સામું તેનું હિત થાય તેવું ચિંતવન કરે છે.

હે કરુણાના સાગર, અમે આપની કૃપાથી સદાય સુખિયા છીએ, એ કૃપાને અમે ક્યારેય ભૂલી ન જઈએ. જેમ અનાદિમુક્ત દાસભાવે કરીને આપની મૂર્તિમાં રહ્યા છે તેમ અમને પણ રાખજો. ભક્તોની પ્રાર્થના સાંભળી શ્રીહરિ બહુ જ રાજી થયા; એ સાથે આદેશ આપ્યો : તમે સાવધાન થઈને પંચવર્તમાન પાળજો, ધર્મ-નિયમમાં સાવધાન થઈને વર્તજો.

પછી સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી વગેરેએ શ્રીહરિને રાજી કરવા વિવિધ પ્રકારનાં વાજિંત્રો લઈ કીર્તનગાન કર્યું. સંગતિના મોટા જ્ઞાતાને પણ ઝાંખપ પમાડે તેવાં કીર્તનગાન સાંભળી સભાજનો વાહ વાહ પોકારી ઊઠ્યા. એ કહેવા લાગ્યા કે, સંગતિ તો ઘણાયનાં સાંભળ્યાં છે, પણ સ્વામિનારાયણ ભગવાનના સંતો જેવા સંગતિના નિષ્ણાત અમે અમારી જિંદગીમાં જોયા નથી.

સંતોએ કરેલા કીર્તનગાનથી સમસ્ત વાતાવરણમાં દિવ્ય ચેતના પ્રસરી ગઈ. સૌને અનુભવ થયો કે સંગતિને જ્યારે ભક્તિની શક્તિ મળે છે ત્યારે મનુષ્ય ભગવાનની મસ્તીમાં તન્મય બની જાય છે.

આ રીતે અન્નકૂટ ઉત્સવના આયોજન નિમિત્તે ભુજમાં જય જયકાર પ્રવર્તી ગયો.

લાધીબા ભાઈની જાનમાં

પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન ભુજમાં હતા એ સમયગાળામાં નથુભાઈના સુપુત્ર હરજીવન મહેતાનાં લગ્ન લેવાયાં. કાયસ્થ નથુભાઈ મહેતાનાં પાંચ સંતાનો હતાં. લાધીબા, ભાગબાઈ, શિવરામ, નારાયણજી અને હરજીવન. માતા-પિતા ધામમાં ગયેલાં હતાં. એ પરિવારમાં લાધીબા સૌથી મોટાં હતાં. તેમણે સત્સંગ દ્વેષી પતિનો વહેલેથી ત્યાગ કરી સાંખ્યયોગ ધારણ કર્યો હતો.

બધો પરિવાર શ્રીહરિ પાસે આવ્યો. લાધીબા કહે : મહારાજ ! મારો નાનો ભાઈ હરજીવન પરણે છે. અમારા પરિવારમાં વડીલ તરીકે હું છું. માટે એ પ્રસંગ શોભાવવા મારે જાનમાં જાવું પડશે. બધાની એવી ઇચ્છા છે.

તેમને સમજાવતા પ્રભુ બોલ્યા : તમે સાંખ્યયોગી છો. તમારાથી જાનમાં ન જવાય.

ભગવાને આ રીતે ના પાડી તોય લાધીબા ભગવાનની મરજી સમજ્યાં નહિ. તેમણે ફરીથી કહ્યું : મહારાજ ! હું મોટેરી છું. મારા સગા ભાઈનાં લગ્ન છે એટલે ગયા વિના નહિ ચાલે.

પ્રભુજી તો જાણતા જ હતા કે આ દુરાગ્રહ નકામો છે, બાઈના સ્વભાવ અનુસાર એ ખોટી જીદ છે. એટલે સંકેતમાં કહ્યું : અમે તો ના પાડીએ છીએ, છતાં તમારે જવું જ હોય તો જાઓ.

એ સમયે લાધીબાએ બીજો પ્રસ્તાવ મૂક્યો : મહારાજ ! વિવાહમાં ઘણા લોકો ભેળા થવાના છે. તે વખતે જો આપ પધારો તો બહુ જ મજા પડે. બીજાં બધાં સગાં એ તો માત્ર કહેવા પૂરતાં, પણ અમારા સાચા સગા ને સાચા વ્હાલા તો આપ છો; તો કૃપા કરી અમારી આટલી અરજી સ્વીકારો.

આ કેવી વિચિત્રતા હતી ! પ્રભુએ કહ્યું એ પ્રકારે કરવા લાધીબા તૈયાર ન થયાં; પણ પ્રભુએ એ બાબતને ન ગણકારી. પોતાની દયાનું અધિકપણું દર્શાવતા પ્રભુએ હા પાડી.

બહુધા આવું જ બનતું હોય છે. ભગવાન અને તેમના સત્પુરુષ કહે તે પ્રમાણે કરવા ઘણા જીવો તૈયાર થતા નથી, છતાંય જીવોના એ નાદાનપણાને પ્રભુ લક્ષ્યમાં લેતા નથી. એ તો જીવને કેવળ નિભાવવાનું તાન રાખે છે ને પ્રાર્થના સ્વીકારતા રહે છે. પોતાને દેહે કરીને કેટલુંય કષ્ટ વેઠવું પડે છે, તેને પણ ગણકારતા નથી.

ભગવાન કહે : હરજીવન ! તારાં લગ્ન છે, તો આજે તને ભેટમાં શું આપીએ ? તને જે કાંઈ જોઈતું હોય તે માગી લે. ભક્તને મન તો ભગવાનનો રાજીપો એ જ મોટી મોજ હતી. એટલે કહ્યું : હે મહારાજ ! આપની અમારા પર અનહદ દયા છે. અહીં જે કાંઈ છે તે પણ આપનું જ દીધેલું છે.

ભગવાન માગવાનું કહે છે તે પણ આવા નિષ્કામ ભક્તને જ. સકામ ભક્તને તો કહેતા જ નથી, કેમ જે એ તો ધન-સમૃદ્ધિ જ માગે. મોક્ષમાર્ગમાં એ વિઘ્નરૂપ બને.

હરજીવનભાઈનો નિષ્કામભાવ જોઈ શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયા. પોતાની પ્રસાદીરૂપે તેમને દૂધ-પૌંઆનો થાળ આપ્યો, તેમજ પોતે ધારણ કરેલા ભારે પોશાક, કપૂરના શણગાર, બાજુબંધ, વેઢ-વીંટી વગેરે આપ્યાં. ભગવાનની અપાર પ્રસન્નતા જોઈ હરજીવનભાઈ ગદ્‌ગદ થઈ ગયા.

બીજા દિવસે જાનપ્રસ્થાન થયું. રંગેચંગે હરજીવનભાઈનો લગ્ન પ્રસંગ સંપન્ન થયો. પાછા વળતાં અણધારી આફત આવી પડી. લાધીબા ગાડામાંથી પડી ગયાં. તેમને એવો મૂઢ માર વાગ્યો કે શરીરનું કંઈ ભાન જ ન રહ્યું. દાંત જકડાઈ ગયા. તેમને સાવચેતીપૂર્વક ઘેર લાવ્યા. પરિસ્થિતિ ખૂબ ગંભીર જણાઈ તેથી લાધીબાના ભાઈ શિવરામ

ભગવાનની પાસે આવ્યા. સઘળી વાત કહી.

હીરજીભાઈને ઘેર બિરાજેલ ભગવાન તત્કાળ ખબર કાઢવા લાધીબા પાસે આવ્યા. ભગવાને તરત જ ઉપાય શરૂ કર્યા. બકરીનું દૂધ, હળદર મંગાવ્યું. એક કડાઈમાં નાખીને સગડી ઉપર મૂકી, તેને હલાવી ઘાટી રબડી બનાવી. પોતાના ભક્ત માટે ભગવાન કેટલી બધી કાળજી લે છે !

થાળીમાં રબડી ઠારીને તૈયાર કરી. વેલણથી લાધીબાનું મોઢું પહોળું કરાવ્યું. પ્રભુએ પોતે એ રાબ પાઈ. એક પૈસાભાર રાબ પેટમાં ગઈ ત્યાં જ લાધીબાનું શરીર હલ્યું. પ્રભુ બોલ્યા : લાધીબા જીવે એમ નહોતાં, પણ આજે ભગવાનની દયાથી ઊગરી ગયાં. પ્રભુએ આ રીતે ત્રણ દિવસ સુધી સવાર ને સાંજ એમ બે વાર પોતાના હાથે રાબ કરીને લાધીબાને જમાડી.

આ પ્રકારની પ્રક્રિયા પ્રભુજીને તો નિમિત્તમાત્ર હતી. એ તો સંકલ્પે કરીને તેમની બધી જ ઉપાધિ ટાળી શકે તેમ હતા, છતાં પોતાના ભક્ત પ્રત્યે પોતાને કેવી અસાધારણ લાગણી છે, પ્રેમ છે, તે આ સેવાના નિમિત્તથી સાબિત કરી બતાવ્યું.

લાધીબા સાજાં થયાં. હવે તો તેમને પણ પોતાની ભૂલ સમજાઈ ગઈ હતી. તેમણે ગદ્‌ગદ કંઠે આંસુ સારતાં પ્રાર્થના કરી : હે પ્રભુ ! મેં મારા તુચ્છ સ્વભાવને વશ થઈ તમારી આજ્ઞા લોપી. એટલા માટે જ મને દુઃખ આવ્યું. આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે ભવિષ્યમાં આપ જે કાંઈ કહેશો તે પ્રમાણે જ હું અવશ્ય કરીશ. મને સમજાઈ ગયું છે કે, આપની મરજી પ્રમાણે રહેવામાં જ સદાય સુખ રહેલું છે.

લાધીબાની વચન-પાલન તત્પરતા

કેટલાક સમય બાદ ભગવાને વિચાર્યું કે લાધીબા મારા વચનમાં કેવાં નિષ્ઠા-પરાયણ બન્યાં છે તેની હું આજે પરીક્ષા કરું. થોડી જ વાર બાદ લાધીબા આવ્યાં. તેમને ભગવાને કહ્યું : લાધીબા, મારું

એક વચન માનશો ?

'હા મહારાજ ! આપ કહો ને શું ન થાય ? આપ જેમ કહો તેમ કરવા હું તૈયાર છું.'

'જરા વિચાર કરજો હોં. એ વચન બહુ આકરું છે. માટે વિચારીને બોલજો. પછીથી ફરી જશો તો નહિ ચાલે.'

'પ્રભુ ! આપના વચનમાં ફેર પાડે એ બીજા. એક વખત તો ઠોકર ખાધી છે. હવે એવું ભૂલે ચૂકે પણ થવા દેવું નથી. માટે સુખેથી કહો.'

'તો એક કામ કરો. તમે સાંખ્યયોગીનાં વસ્ત્ર પહેર્યાં છે, તેના બદલે ગૃહસ્થ બાઈના શણગાર સજીને એટલે સાડલો ને ચૂડલો પહેરી કપાળમાં ચાંદલો કરી, સેંથો પાડીને ભડને નાકેથી પાણીનું બેડું ભરીને અહીં લાવો.

આ વાત સાંભળવી સહેલી લાગે, પણ જીવનમાં એ કરી બતાવવાનો વખત આવે ત્યારે ભગવાનનું વચન કેવું મનાય છે તેનો અંદાજ આવી જાય. આ તો ખાંડાની ધારના ખેલ. લોકો કેટલાંય મેણાંટોણાં મારે, પણ જેમના હૈયે ભગવાનની ભક્તિનો, ભગવાનના વચનનો કેફ ચડ્યો હોય, જેને ભગવાનનું ઘેલું લાગ્યું હોય, તેને કોઈપણ પ્રકારનો સંશય ન થાય.

લાધીબા કહે : મહારાજ ! મારે તો આપ જેમ કહો તેમ જ કરવું છે. તમારા વચન પ્રમાણે વર્તવામાં મારા ચિત્તમાં એવો અલૌકિક કેફ ચડ્યો છે કે તે કોઈનો ઉતાર્યો ઊતરે તેમ નથી. હે વ્હાલા ! તમારી સાથે પ્રીત બાંધ્યા પછી જો હું લોકની પરવા કરવા જાઉં તો હું અભાગણી કહેવાઉં. તમે દયા કરીને અમારા જેવા અલ્પ જીવોને પોતાના જાણી દર્શનસેવાનો લાભ આપો છો એ જ અમારાં મોટાં અહોભાગ્ય છે.

લાધીબાએ તરત જ પોતાના સંબંધી પાસેથી સધવાના શણગાર મંગાવી લીધા. માથે બેડું લીધું. ભગવાનને પ્રેમથી વંદન કરીને ભુજની બજારમાં નીકળી પડ્યાં.



લાધીબાના અંગે સધવાના શણગાર જોઈને લોકોને નવાઈ લાગી. કોઈક એકે પૂછી નાખ્યું : અરે લાધી, કોનું ઘર માંડ્યું ? લાધીબા પાસે જવાબ તૈયાર જ હતો; કેમ જે એમને તો અવિનાશી વર શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા હતા.

તરત જ સણસણતો જવાબ આપ્યો : પૂર્ણ પુરુષોત્તમ નારાયણનું ઘર માંડ્યું. બીજે તો રંડાપાનો ભય રહેલો છે. એ સગપણ તો તદ્દન ક્ષણભંગુર છે.

રે સગપણ હરિવરનું સાચું;
બીજું સર્વે ક્ષણભંગુર કાચું... રે સગપણ...
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાંગ્યું મન મિથ્યા ભારી;
છે વરવા જેવા એક વનમાળી... રે સગપણ...

આવા હરિવર મને મળ્યા છે; એવા ભગવાનને છોડીને બીજાને મારા શિર પર ધારું તો તો મારું જીવતર બગડી જાય.

આવી ચોખવટભરી વાત થાય પછી કોઈ ઊભું રહે ખરું ? આ

પ્રકારે ભુજની બજારમાં જે કોઈ મળે તેને જવાબ આપતાં લાધીબા ભગવાન પાસે આવ્યાં. તેમની આવી દૃઢતા જોઈ શ્રીહરિ બહુ જ પ્રસન્ન થઈ બોલ્યા : લાધીબા, તમે તો અશક્ય કામ પાર પાડી બતાવ્યું.

'અરે પ્રભુ, એમાં મેં કાંઈ ધાડ મારી નથી. હું તો તમારી દાસી છું. મારે તો આપ કહો તેમ કરવાનું જ હોય. આપની સેવામાં હાથ જોડીને હજૂર રહેવાનું હોય. આપની સેવામાં રહી આપના હુકમનો અમલ કરું એમાં જૂ મારી સેવકાઈની શોભા છે.'

લાધીબાની સમજણ જોઈ પ્રભુ બોલ્યા : તમે કરવા જેવું બધું કરી લીધું, એ સાથે કહી પણ દીધું કે સેવક કેવો હોવો જોઈએ. આજે અમે તમારા પર બહુ જ પ્રસન્ન છીએ. જે માગવું હોય તે માગો.

દિલના દરિયાવ પ્રભુજી આ રીતે અઢળક ઢળ્યા હોય ત્યારે સાચો સેવક શું માલ-ખજાના માગે ? ગામ ગરાસ કે ધન દોલત માગે ? ના... ના... એ તો હાથ જોડીને એટલું જ માગે કે હે પ્રભુ ! મને તમારી મૂર્તિ અખંડ દેખાય. લાધીબાએ પણ ભગવાન પાસે આ જ માગ્યું.

લાધીબાની વચનનિષ્ઠા ભુજની શેરીએ શેરીએ ગૂંજી ઊઠી. સૌનો એક જ સૂર હતો કે ધન્ય છે લાધીબાને કે જેમણે ભગવાનના વચને કરીને અશક્ય કાર્ય કરી બતાવ્યું. એથીય વિશેષ ધન્ય છે સ્વામિનારાયણ ભગવાનને કે જેમણે એવા વચનનિષ્ઠ અસંખ્ય ભક્તો કેળવ્યા છે, જેઓ શાસ્ત્રનો સાર સમજી બેઠા છે કે, **करिष्ये वचनं तव ।**

કચ્છમાં અન્ય ગામે વિચરણ

કઢીમાં ચાર શેર મરચાં

ભુજમાં ભક્તોને અપાર સુખમાં ગરકાવ કરી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન માનકૂવા પધાર્યા. અત્રે નાથા સુથારને ઘેર ઉતારો કર્યો. ભક્તોએ પ્રાર્થના કરી કે અહીં ઘણા દિવસ રહો. શ્રીહરિએ શરત મૂકતાં કહ્યું : ભલે રહીશું, પણ અમને ભૂખ લાગી છે એનું શું ? અમારે માટે કઢી બનાવો. તેમાં અમે આપીએ એટલાં બધાંય મરચાં નાખવાં.

પછી ચાર શેર મરચાં મંગાવ્યાં. શ્રીહરિએ પોતાને હાથે તે ખાંડ્યાં ને કહ્યું : આ બધાં જ મરચાં કઢીમાં નાખો. નાથાનાં પત્નીએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે બધાં જ મરચાં કઢીમાં નાખ્યાં. કઢી તૈયાર થઈ એટલે શ્રીહરિ જમવા પધાર્યા. સુંદર બાજોઠ ઉપર બિરાજમાન થયા.

બાઈને ચિંતા થઈ : જો હું બધી જ કઢી પીરસી દઈશ તો મહારાજને પેટમાં બળશે, માટે અડધી જ આપું. પછી અડધી કઢી પીરસી. બાકીની કોઠલામાં મૂકી દીધી. શ્રીહરિ તો તે બધી જ પી ગયા. પછી તરત જ જવા તૈયાર થયા. ગામ બહાર પહોંચ્યા ત્યારે બાઈએ પ્રાર્થના કરાવી : મહારાજ આપે તો અહીં રોકાવાનું વચન આપ્યું હતું, તોય કેમ ચાલતા થયા ?

તેનો ખુલાસો કરતાં શ્રીહરિએ કહ્યું : તમે અમને બધી કઢી આપી નહિ તેથી ચાલી નીકળ્યા. ત્યારે બાઈએ હાથ જોડીને કહ્યું : મને એમ જે મહારાજ બધી જ કઢી જમશે તો પેટમાં બહુ જ બળશે તેથી કઢી ન આપી. એ મારી ભૂલ થઈ, પણ હવે આપ પાછા પધારો. હું બધી જ કઢી આપું. પછી શ્રીહરિ પાછા પધાર્યા. બાઈએ બધી જ કઢી પીરસી. શ્રીહરિ બધી જ જમી ગયા.

ભગવાનની લીલા ખરેખર અકળ હોય છે. બાકી સામાન્ય માણસ જો

ચાર શેર મરચાં ખાય તો જરૂર મરે, પણ શ્રીહરિ પોતાના ભક્તજનોને સંભારણાં થાય તે માટે નવી નવી લીલા કરે તે સાથે અંતર્યામીપણું પણ દેખાડે.

દહીંસરાના કચરા ભક્તને વરદાન

માનકૂવામાં કેટલાક દિવસ રહી ભક્તોને સુખિયા કરી શ્રીહરિ દહીંસરા પધાર્યા. ગામની ભાગોળે પહોંચ્યા તે વખતે કચરા ભક્ત વાડીએથી પાછા આવતા હતા. અનાયાસે પ્યારા પ્રીતમનાં દર્શન થતાં કચરા ભક્ત આનંદમાં ઝૂમી ઊઠ્યા. ખૂબ પ્રેમપૂર્વક પ્રાર્થના કરતાં કહ્યું : આપ ગામમાં પધારો ને થાળ અંગીકાર કરો. શ્રીહરિએ કહ્યું : અમારે કેરા જવાની ઉતાવળ છે. છતાં તમારી તાણ છે તો અમારા માટે પાણી લાવો. કચરા ભક્ત ગોવર્ધન વ્યાસને ત્યાંથી પાણી લાવ્યા. ભક્તનો પ્રેમભાવ જોઈ શ્રીહરિ પ્રસન્ન થઈ બોલ્યા : તમે અમારા માટે પાણી લાવ્યા; તેથી અમે તમારા પર રાજી થઈ વરદાન આપીએ છીએ કે તમારે ત્યાં પુત્ર થશે તે પરમ ભક્ત થશે. અમારી મૂર્તિમાં રહેનારા અનાદિ મુક્ત થશે. (શ્રીહરિના એ વરદાન અનુસાર કચરા ભક્તને ત્યાં પુત્ર કેસરાભાઈ થયા હતા, જેમણે જીવનપ્રાણ અબજી બાપાશ્રીના સમાગમે કરીને સદેહે અનાદિ મુક્તની સ્થિતિ પ્રાપ્ત કરી હતી.) કચરા ભક્તે શ્રીહરિને એ પણ પ્રાર્થના કરી કે, આપ દયા કરી અમારે ત્યાં એકવાર થાળ અંગીકાર કરો. ભક્તની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ સંતો સહિત જમવા પણ પધાર્યા.

કેરા અને બળદિયામાં

દહીંસરામાં ભક્તોને લાડ લડાવી શ્રીહરિ મેઘપુર, નારણપુર થઈ કેરા પધાર્યા. કેરાનાં સદાબાને ભગવાનને વિશે અસાધારણ પ્રેમ હતો. તેમના પતિ રાયબજીને શ્રીહરિ ઉપર બહુ જ દ્વેષ હતો તેથી તે સદાબાને વારે ઘડીએ હેરાન કરતો, છતાં પણ સદાબાએ સત્સંગની અચળ ટેક રાખી હતી. તેમના પ્રેમને વશ થઈ શ્રીહરિ સંત પાર્ષદ મંડળ સહિત

પધાર્યા. સદાબાએ થાળ કરાવી ખૂબ તાણ કરી કરીને સહુને જમાડ્યા.

ગામથી ઉત્તર દિશામાં જ્યાં બે નદીનો સંગમ થાય છે. ત્યાં પાણીનો ધરો છે. અહીં શ્રીહરિ સખા સહિત ઘણીવાર નહાવા પધારતા, તેમજ ગામની પશ્ચિમ દિશામાં આવેલા ધરામાં નહાવા પધારતા. સદાબાના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ વૃષપુર-બળદિયા પધાર્યા. અહીં શ્રીહરિ ઠાકોર દેરે ઊતર્યા. અહીંના પરમ પ્રેમાળ ગંગદાસ ભક્તે શ્રીહરિને પોતાને ઘેર જમવા માટે પ્રાર્થના કરી. કૃપાળુ શ્રીહરિએ તેમની પ્રાર્થના સ્વીકારી. અત્રેના રત્ના ભક્ત, મેઘા ભક્ત, ગોવા ભક્ત વગેરેએ પણ ઉમંગથી સેવા કરી. ગામ બહાર આવેલ કાળી તલાવડીમાં ઘણા સમય સુધી સ્નાન કર્યું ને આર્ષવાણી ઉચ્ચારી કે, અહીં મોટા મોટા યજ્ઞો થશે.

ગંગદાસ ભક્તની પ્રેમસભર પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ તેમને ઘેર જમવા પધાર્યા. તેમને પાંચ પુત્રો હતા. તેજાભાઈ, રૂડાભાઈ, મૂળજીભાઈ, કરસનભાઈ ને દેવજીભાઈ. રૂડાભાઈના પુત્ર પાંચાભાઈ ને પ્રેમજીભાઈ હતા. ગંગદાસ ભક્તના આખા કુટુંબનો અસાધારણ પ્રેમ જોઈ શ્રીહરિએ વરદાન આપ્યું કે તમારા જેવા ભક્તોને ઘેર રહેવું અમને બહુ જ ગમે છે. (એ અનુસાર પાંચાભાઈને ત્યાં સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન જીવનપ્રાણ અબજી બાપાશ્રીરૂપે પ્રગટ થયા.)



તેરામાં દુષ્ટ વૈરાગી વિપ્ર વેશે

બળદિયાથી શ્રીહરિ તેરા ગામે પધાર્યા. અહીં નોંધા સુથારને ઘેર ઉતારો રાખ્યો. સભામાં શ્રીહરિ બિરાજ્યા એ વખતે એક વિપ્ર સભામાં આવ્યો. ભગવાન તો જાણતા હતા કે એ કોણ છે. તોય લૌકિક શિષ્ટાચાર કરતાં નામ - ઠામ પૂછ્યાં. વિપ્રે અમદાવાદની પોળનું ઠામ કહ્યું ત્યારે પ્રભુએ ભક્તોને કહ્યું : આ ભૂદેવને પાકું સીધું અપાવો.

વિપ્ર કહે : મહારાજ ! મારી પાસે બળતણ નથી. ભગવાને કહ્યું : તમે ઉતારે જાઓ, અમારા ભક્ત તમને સીધું આપી જશે. આજે ભગવાન એ વિપ્ર સાથે એવા ભળી ગયા કે એને કાંઈ ખબર જ ન પડે. એમની કળા ખરેખર અકળ હોય છે. જીવની એવી અવળાઈ હોય છે કે તે ભગવાનને છેતરવાના ઉપાય કરતો રહે છે.

વિપ્ર રાજી થતો ઉતારે ગયો. ધનજી સુથારને પ્રભુ કહે : વિપ્રનો વેશ લઈને આવેલો એ વૈરાગી છે. એનું મનોવલણ કેવું છે તેની ખાત્રી કરવા તમે જાઓ. એમને કહેજો કે તમારા જેવા મહાન પુરુષને મળીને મારું આજનું સીધું લેખે લાગ્યું. કેમ જે મારી ઘરવાળી છે તેને સ્વામિનારાયણે વશ કરી લીધી છે. એટલે એ તો સીધું આપે એવી નથી, પણ મારું રૂડું થવાનું થયું તેથી તમારી પાસે સીધું આવ્યું.

વળી હે વિપ્ર ! મને તો એમ થાય છે કે આ સ્વામિનારાયણે બધાને વશ કરી લીધા છે, તેથી હું તો બહુ જ ત્રાસ પામી ગયો છું. ક્યારનોય એ જ વિચાર કરું છું કે આ મત ક્યારે નાશ પામશે ?

ધનજી ભક્તે એ વિપ્રવેશધારી એ વૈરાગીને કહ્યું. વૈરાગીએ તરત જ પોતાનું પોત પ્રકાશ્યું. એ ભભકીને બોલ્યો : મેરે જૈસે ૫૦ જોગી ઈસ વિસ્તારમેં ફિરતે હૈ. હમ સબ મિલકર ઉસકો ત્રાસ દેંગે. યદિ હમેં વહ સ્વામિનારાયણ એકાંતમેં મિલ જાયેંગે તો ઉસકો મારપીટ કર સીધા કર દેંગે.

વૈરાગી પાસેથી સઘળી માહિતી લઈ ધનજી ભગત શ્રીહરિની

પાસે સભામાં આવ્યા. વાત કરી : એ વૈરાગી બહુ જ અડબંગી છે. એ તો આપને મારી નાખવાની તજવીજ કરી રહ્યો છે.

એ સાંભળતા જ ડુંગરજી વગેરે પાર્ષદોનાં હૈયાં કકળી ઊઠ્યાં. કહેવા લાગ્યા : મહારાજ ! અમને આજ્ઞા આપો. હમણાં જ જઈને એ બાવાને સીધો દોર કરી દઈએ. તેમને શાંત પાડતા પ્રભુ બોલ્યા : આપણે કાંઈ કરવું નથી.

ભગવાને ના કહી તેથી પાર્ષદો મનમાં ને મનમાં સમસમી રહ્યા, પણ એટલું તો નક્કી કરી લીધું કે કાલે સવારે તે અહીંથી નીકળશે ત્યારે તેને ઘેરી વળશું. પરંતુ બન્યું એવું કે એ બીજે દરવાજેથી નીકળી ગયો. જો કે એમાંય શ્રીહરિનો એવો સંકેત હશે કે પાર્ષદો તે અડબંગીને મારે, તેમાં ખોટી ધમાલ મચી જાય. એવું ન થાય તે માટે શ્રીહરિએ આમ થવા દીધું.

રવજી સુથાર પર દયા

તેરાથી શ્રીહરિ કાળા તળાવ ગામે પધાર્યા. અહીં ભીમજી સુથારની ઓરડી પાસે શ્રીહરિ સભા કરીને બિરાજમાન હતા. તે વખતે અહીંના રવજી સુથાર પોતાને જમવા માટે રોટલા બનાવવા સામગ્રી લઈને પોતાના ભાઈને ઘેર જતા હતા. એ જ્યારે પાછા વળ્યા ત્યારે પ્રભુએ સાદ કરીને તેમને બોલાવ્યા.

ભગવાન જાણતા હતા કે તેમણે ભારે ભૂલ કરી હતી. તેના ફળરૂપે એ વ્યવહારમાં બહુ જ દુઃખી થયા છે. એ ભૂલને લક્ષ્યમાં ન લેતાં ભગવાને તેમને પાસે બોલાવીને પૂછ્યું : રવજી ! ભગવાન સાંભરે છે ? ત્યારે ખેદપૂર્વક તેમણે કહ્યું : મહારાજ ! કોઈક વાર જ સાંભરે છે.

એ વખતે સભાજનોને ભગવાને વાત કરી : આ રવજી રામાનંદ સ્વામીના વખતથી સત્સંગી હતા. એ બાળબ્રહ્મચારી હતા. સારા ને સરળ સ્વભાવવાળા હતા. તેથી અમે તેમને સમાધિનું ઐશ્વર્ય આપ્યું.

એ સાથે ચાર બાબતનો નિયમ આપ્યો કે, ઝીણાં વસ્ત્ર ન પહેરજો; કોઈએ રાંધી આપેલો પાકો થાળ ન જમજો; બાઈઓની સભામાં વાત ન કરજો; ઢુંઢિયાના અંતરમાં પ્રવેશ ન કરજો. પરંતુ ઐશ્વર્યના કેફમાં એ છકી ગયા. જે વાતની ના કહી હતી તે જ કર્યું.

સભામાં બેઠેલા હરભમ સુથારે કહ્યું : હા મહારાજ, વળી આપે તેને કચ્છમાં ફરવાનું કહ્યું હતું, પણ એ કચ્છમાં તો માત્ર પાંચ દિવસ જ ફર્યો ને પછી કાઠિયાવાડ બાજુ પહોંચી ગયો. ત્યાં બધાને સમાધિ કરાવવા માંડ્યો, એટલે લોકો તેને પૂજવા માંડ્યા.

એ સભામાં સુંદરજીભાઈ પણ બેઠેલા હતા. તેમણે કહ્યું : મહારાજ આ વાતની મને જાણ થઈ એટલે જ મેં કાગળ લખી વાલજી સુથાર મારફતે આપને સંદેશો કહેવડાવ્યો.

'હા સુંદરજીભાઈ, અમે કુંડળમાં મામૈયા પટગરને ઘેર હતા ત્યારે અમને એ કાગળ મળ્યો. વાંચીને અમે વિગત જાણી લીધી કે રવજી તો ભગવાન થઈ પડ્યો છે. એ જ વખતે અમે ગાદી પર બે વખત થપાટ પછાડી. એ જોઈ સભામાં બેઠેલા ગોપાળાનંદ સ્વામી બોલ્યા : આજથી એની સમાધિ પૂરી થઈ. હવે પાછો લાકડાં છોલતો થઈ જશે.

રવજી સુથારને પશ્ચાત્તાપ

રવજીને પોતાની ભૂલ સમજાઈ ગઈ હતી. તેને દિલમાં પારાવાર પસ્તાવો થઈ રહ્યો હતો કે ભગવાને મને પોતાનો અદનો સેવક ગણીને સત્સંગ પ્રચાર કરવાની તક આપી; પરંતુ હું કેવો અભાગિયો કે માન-તાનમાં છકી ગયો, ભગવાનનો સમોવડિયો થઈને બેઠો !! ધિક્કાર છે મને... મારા અક્ષમ્ય અપરાધને મનમાં ન ગણીને એ દયાળુએ મને સામેથી બોલાવ્યો !!

માફી માગવા માટે હું ગોંડલ ગયો તે વખતે પણ ભગવાને મારા ઉપર કેટલી બધી દયા કરી ! મારો જીવનવ્યવહાર અટકી ન પડે તે માટે પ્રભુએ જ વ્યવસ્થા કરી આપી.

હરભમ સુથાર ઉપર પત્ર લખી આપ્યો. તેમાં મને રહેવા માટે ઘર અને ખેતીકામ માટે બળદની પણ ભલામણ લખી આપી. કયાં દયાળુ પ્રભુની ઉદારતાની પરાકાષ્ઠા ! ને ક્યાં મારા જેવા અલ્પ જીવની અધમતાની પરાકાષ્ઠા !

એ જ વખતે પ્રભુએ પૂછ્યું : રવજી, હવે રોટલાનું કેમ કરો છો ?

'મહારાજ, સવારે કામ કરવા જાઉં છું ત્યારે ટાઢો રોટલો લઈને જાઉં છું; ભૂખ લાગે ત્યારે ખાઈ લઉં છું.'

'રસોઈ કરનારી ઘરવાળી આવી છે ને ! એ શું કરે છે ?'

'પ્રભુ ! એ તો એને ઘેર ગઈ છે એટલે હું મારે હાથે રોટલો કરી લઉં છું; કોઈવાર મારા ભાઈને ત્યાં કરાવું છું. આમેય ઘરવાળી હોય તોય મારે તો ઉપાધિ ને ઉપાધિ જ રહે છે.'

'કેમ ? એવું તે વળી શું છે ?'

'મહારાજ ! એને હું કહું કે તું રોટલો ને દાળ બનાવજે, ત્યારે એ ખીચડી બનાવે. વળી કોઈવાર કહું કે ખીચડી, શાક ને વડાં બનાવજે ત્યારે એ રોટલો કરે. એને પૂછું કે શાક બનાવ્યું છે કે નહિ ? તો કહે એવા સ્વાદ શા માટે કરો છો ? ભગવાનના ભક્તને વળી સ્વાદ કેવા ? આવી ગમાર છે.'

એ સાંભળી મંદ હાસ્ય કરતા પ્રભુ બોલ્યા : રવજી, એ તારી ગુરુ થઈ. તને એ નિઃસ્વાદી બનાવીને જ જંપશે. છતાંય તું ચિંતા ન કરીશ. તને અમે પરમહંસ બનાવી દઈશું એટલે એ બધીય ઉપાધિ ટળી જશે.

શ્રીહરિની અકળ કળા

રવજી સુથારને નિર્વાસનિક કરવા માટે જ પ્રભુએ એક દિવસ એ બાઈને રમૂજમાં સમજાવી દીધું હતું. એ બાઈ દર્શને આવી. થોડી જ વાર થઈ ત્યાં અચાનક એક ઉંદર તેના ખોળામાં આવ્યો. એ જોતાં જ બાઈ એવી બી ગઈ કે ભાગંભાગ કરવા માંડી. એ જોઈ ભગવાને કહ્યું : તમે ઉંદરથી બીઓ છો, તો પછી યમ આવશે ત્યારે શું કરશો ?

'મહારાજ ! હું તો તમારી ભક્ત છું. મારા રોયા યમ મને શું કરી શકવાના હતા ?'

'અરે બાઈ ! બીજાને એકવાર યમપુરી ભોગવવી પડશે, પણ તારે તો બે વાર ભોગવવી પડશે.' પ્રભુનું એ વચન સાંભળી બાઈ બહુ જ ગભરાઈ ગઈ. ઘેર જઈને રડવા જ માંડી. આખી રાત રડ રડ કર્યું. બીજે દિવસે એ બાઈનાં સંબંધીએ ભગવાન આગળ વાત કરી.

ભક્તોને મોકલી ભગવાને એ બાઈને સભામાં બોલાવી. તે વખતે પણ બાઈએ એ જ મૂંઝવણ રજૂ કરી : મહારાજ ! મારો એવો કેવો મોટો વાંક કે મને બે વાર યમપુરી ?!

પ્રભુએ ખુલાસો કર્યો : તેં મારા ભક્તને રોકી રાખ્યો છે. તે ઉદાસ થાય એવું આજથી જ કરવા માંડ.

'ભલે મહારાજ ! એ તો મને બહુ જ સરસ ફાવશે. થોડા જ દિવસમાં એને ઉદાસ કરી મેલીશ.' બસ, ત્યારથી માંડીને આ બાઈએ તેના ઉપાય આદરી દીધા હતા.

સભામાં બેઠેલા રવજી સુથારને પ્રભુએ પૂછ્યું : તમે સમાધિ કરાવતા ત્યારે જમવાનું કેમ કરતા ?

'પ્રભુ ! સવારમાં નાહ્યા પછી મોતિયા, જલેબી, ઘેબર, દૂધ, પેંડા, બરફી વગેરે તાજી મીઠાઈ મળતી. બપોરે પણ પાકાં પાકાં ભોજન મળતાં. રોજ રોજ નવા નવા ભક્તને ઘેર નવી નવી રસોઈ થતી. સાંજ પડતાં દૂધ ચોખા ને સાકર મળતાં, પણ મારી અવળાઈને કારણે હું તમારી દયાને પચાવી ન શક્યો.'

ભગવાન કહે : જોયું ને ! કેવું સારું સારું ખાવાનું મળતું ! આવો ભા, આવો ભા... એવું માન પણ મળતું , પરંતુ જ્યારે તેનો ઘમંડ આવ્યો, અહંકાર આવ્યો ત્યારે એ બધુંય જતું રહ્યું. પછી કહ્યું : બોલ રવજી, હવે તારે શું કરવું છે ?

'પ્રભુ હવે સંસારનો મોહ સઘળો ટળી ગયો છે, તો સેવામાં રાખી

લ્યો.' પ્રભુએ તેમને ભાગવતી મહાદીક્ષા આપી રામદાસજી સ્વામી નામ આપ્યું.

પૂછ્યા વિના લેવાય તે ચોરી

કાળા તળાવ ગામે બપોરના શયન બાદ શ્રીહરિ સભામાં બિરાજ્યા. એ વખતે સંતોનું મંડળ આવ્યું. તેમાં મૂળજી બ્રહ્મચારી પણ હતા. સંતોએ એક કેરી પ્રભુના ચરણે ધરી. પ્રભુએ તે છોલીને લાવવાનો આદેશ આપ્યો. બ્રહ્મચારી તે લઈને છોલવા ચાલ્યા. એ જ વખતે શ્રીહરિએ તેમને પાછા બોલાવ્યા. એ આવ્યા એટલે પૂછ્યું : વર્ણી ! આ કેરી ક્યાંથી લાવ્યા ?

'મહારાજ ! અમે ફરતા ફરતા મોથાળા ગામે ગયા. ત્યાં એક આંબા તળે રાત રહ્યા. એ વખતે આ કેરી પડેલી દીઠી. અમને વિચાર થયો કે આપના માટે લઈએ એટલે લાવ્યા છીએ.'

પ્રભુએ ભક્તોને પૂછ્યું : અહીં કેરીઓ થાય છે ?

'થાય છે ખરી, પણ બહુ જ ઓછી. કોઈક જ ગામમાં એ જોવા મળે છે. એટલે અહીં એવો ધારો છે કે ધણીને પૂછ્યા વગર પોતાને હાથે કેરી ન લેવાય.'

'જો કોઈ પૂછ્યા વિના લે તો શું થાય ? એનો માલિક વઢે કે ન વઢે ?'

'હે મહારાજ ! વઢવાની વાત એક બાજુ જ રહી. એ તો સીધો મારવા જ માંડે.'

ભક્તની વાત સાંભળી શ્રીહરિએ તરત જ ટકોર કરી : સંતો ! કોઈની ધણીયાતી વસ્તુ હોય, તેને પૂછ્યા વિના લેવી એ ચોરી કહેવાય. એવી વસ્તુની પ્રસાદી પણ ન કરાય. સારા હેતુ માટે પણ આ રીતે પૂછ્યા વિના કોઈ પણ વસ્તુ ન લેજો.

જો ગુજરાત જેવું હોય, જેમાં રખોપું પણ ન થતું હોય, એટલે વન વગડા જેવું હોય તેમાંથી લે એમાં કાંઈ વાંધો નહિ, પરંતુ આવા

દેશમાં તો ખાસ આ વાતનું ધ્યાન રાખવું. છતાં હવે તમે લાવ્યા છો તો છોલીને લાવો. બ્રહ્મચારી કેરી છોલીને લાવ્યા. પ્રભુજી તે જમ્યા.

આ રીતે કોઈ પણ પ્રસંગ હોય તેમાં ભગવાન પોતાના સંતો - ભક્તોમાં કાંઈ પણ પ્રકારની ખામી ચલાવી લેતા નહિ. તરત જ ટકોર કરીને ચેતાવી દેતા. એમને તો એ જ તાન હતું કે મારા આશ્રયે આવનારમાં તલમાત્ર પણ કસર ન રહેવી જોઈએ.

ભક્તના અપરાધનું ફળ

કાળા તળાવથી પ્રયાણ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન વિવિધ ગામે વિચરણ કરતા માંડવી પધાર્યા. અહીં ખૈયા ખત્રી વગેરેના મનોરથો પૂર્ણ કર્યા. ભગવાનજી સુથારની પ્રાર્થના સ્વીકારી તેમને ઘેર પધાર્યા. ભક્તે શ્રીહરિ તેમજ સંતો માટે પ્રેમથી રસોઈ કરાવી ખૂબ તાણ કરીને જમાડ્યા.

બીજે દિવસે સવારે શ્રીહરિ દાતણ કરી રહ્યા હતા. સામે ચોકમાં એક ઘાંચીનો ઊંટ લડથડિયાં ખાતો જોયો. તરત જ તેના માલિક ઘાંચીને પાસે બોલાવ્યો ને કહ્યું : તારો ઊંટ ભૂખ્યો જણાય છે. ત્યારે ઘાંચીએ કહ્યું : મહારાજ ! હવે મને યાદ આવ્યું કે હું રાત્રે ઊંટને ચરો નાખવાનું ભૂલી ગયો હતો. દરરોજ તો હું ચરો નીરું છું, પણ આ રાત્રે હું ભૂલી ગયો હતો. શ્રીહરિને તે ઊંટના જન્મનું રહસ્ય ભક્તોને સમજાવવું હતું. તે નિમિત્તે ઘાંચીને પૂછ્યું : એ ઊંટ રોટલો ખાય કે નહિ ? ભોળા ભાવે ઘાંચીએ કહ્યું : મહારાજ ! રોટલા તો અમે ખાઈએ છીએ; તેથી રોટલા તો ખવડાવ્યા નથી, પણ અમે તેને ખોળ આપીએ છીએ તે ચાવીને ખાય છે.

એ વખતે શ્રીહરિએ સંતોને કહ્યું : તમારી પાસે ઝોળીમાં રોટલા હોય તે લાવો. સંતો લાવ્યા. તે રોટલાને બેવડા ચોવડા કરી શ્રીહરિ પોતે તે ઊંટના મોઢામાં મૂકવા લાગ્યા. પ્રાણી પ્રત્યેની તેમની કરુણા આ દૃશ્યમાં સ્પષ્ટ જણાતી હતી.



પ્રભુએ બીજા રોટલા પણ મંગાવ્યા ને ઊંટને ખવડાવ્યા. સહુ આશ્ચર્ય પામતા આ દૃશ્ય જોઈ રહ્યા હતા. એ સાથે વિચારી રહ્યા હતા કે, ઊંટને ભૂખ લાગી હોય તો તેને ચરો કે ખોળ ખવડાવવાનો હોય, પણ શ્રીહરિ તો રોટલા ખવડાવી રહ્યા છે ! શ્રીહરિએ રોટલા મંગાવ્યા; તેની આખી ઝોળી ભરાણી. તે ઘાંચીને આપીને શ્રીહરિએ કહ્યું : હવે તું આ ઊંટને રોટલા ખવડાવજે ને પાણી પાજે. પછી ઘાણીએ જોડજે. શ્રીહરિની આજ્ઞા અનુસાર ઘાંચીએ બધું જ કર્યું.

સંતોને પણ નવાઈ લાગી. એટલે પૂછ્યું : હે મહારાજ ! આપ તો સર્વોપરી ભગવાન છો. આ ઊંટ ઉપર દયા દર્શાવી, તે ખરેખર ઊંટનાં મહાભાગ્ય કહેવાય. શ્રીહરિએ તેનો ખુલાસો કર્યો : આ ઊંટ પૂર્વ જન્મમાં મોટો તપસ્વી હતો, પણ તેણે ભગવાનના ભક્તનો અપરાધ કર્યો તેના ફળરૂપે તેને આ જન્મ મળ્યો છે. માટે કોઈનો અપરાધ થઈ જાય એવું ક્યારેય પણ ન કરવું જોઈએ.

થાય તો સેવા કરવી, પણ કુસેવા ન કરવી; એટલે દ્રોહમાં ફસાઈ ન જવાય તેની ખાસ તકેદારી રાખવી. જાણે અજાણે જો ભગવાન કે ભક્તનો દ્રોહ થઈ જાય તો સ્તુતિ પ્રાર્થના કરીને તે દોષ માફ કરાવવો.

જો ભગવાન કે ભક્તનો દ્રોહ થઈ જાય તો તે દ્રોહ કરનારની ભક્તિ સર્વે વ્યર્થ થઈ જાય છે. છેલ્લે શ્રીહરિએ ઘાંચીને કહ્યું : તેં અમારા વચન પ્રમાણે કર્યું તો અમે તારું પણ સારું કરીશું.

આત્માનંદ સ્વામી દ્વારા કલમા સંભળાવ્યા

ઘાંચીનો સરળ સ્વભાવ જોઈ પ્રસન્ન થઈ શ્રીહરિએ પૂછ્યું : તમે સાંજે ક્યાં જાઓ છો ? ઘાંચીએ હાથ જોડીને કહ્યું : અમે સાંજે કલમા સાંભળવા જઈએ છીએ. ત્યાં કાજી અમને કલમા સંભળાવે છે. શ્રીહરિએ સંતોને પૂછ્યું : તમારામાંથી કોને કલમા આવડે છે ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું : મહારાજ ! મને કલમા આવડે છે. પછી શ્રીહરિએ તે બોલવા કહ્યું એટલે આત્માનંદ સ્વામી પાંચ કલમા બોલ્યા. હિંદુ સંપ્રદાયના સંતને કલમા બોલતા જોઈ ઘાંચી રાજી થઈ ગયો. એ કહેવા લાગ્યો : મહારાજ ! આવા કલમા તો અમારા કાજીને પણ બોલતાં આવડતા નથી. તે સમયે ઘાંચીની દીકરી ત્યાં બેઠી હતી; તેને સમાધિ થઈ ગઈ. પોતાની બાળકીને નિશ્ચેતન થયેલી જોઈ ઘાંચી ગભરાઈ ગયો. એ પ્રાર્થના કરવા લાગ્યો : મારી દીકરીને આમ અચાનક શું થઈ ગયું ? તેને આશ્વાસન આપતાં શ્રીહરિએ કહ્યું : તું કાંઈ ચિંતા રાખીશ નહિ. તારી દીકરીને સમાધિ થઈ છે. તે હમણાં જ જાગશે. પછી તું તેને બધી જ વાત પૂછજે.

થોડીવાર પછી ઘાંચીની દીકરી જાગી, એટલે ઘાંચી રાજીનો રેડ થઈ ગયો. એ પૂછવા લાગ્યો : અરે ! દીકરી, તને શું થઈ ગયું હતું ?

'આ ભગવાને મને સમાધિ કરાવી હતી. સમાધિમાં મેં તેજનો મોટો સમૂહ જોયો. તે તેજની મધ્યે દિવ્ય સિંહાસન જોયું. એ શોભા તો મારા મોઢે કહી શકાય તેમ નથી. તે સિંહાસન ઉપર આ શ્રી સ્વામિનારાયણ ભગવાનને બેઠેલા જોયા. તેમની પાસે અનંત મુક્તો બેઠેલા હતા. અવતારો ભગવાનને સ્તુતિ કરતા હતા. એટલું જ નહિ અનંત પેગંબરો પણ આ ભગવાનને હાથ જોડી પ્રાર્થના કરતા હતા.'

નાની બાળકીની વાત સાંભળી ઘાંચી ઘેલો ઘેલો થઈ ગયો. એ હાથ જોડી કહેવા લાગ્યો : વાહ ! મહારાજ વાહ! આપે મારા ઉપર બહુ જ દયા કરી. અમે તો સાવ અબુધ છીએ. ધર્મની વાતમાં કાંઈ પણ સમજતા નથી. છતાં પણ અમારા ઉપર આપે જે કૃપા વરસાવી છે એ કૃપા અમે ક્યારેય ભૂલી ન જઈએ એવી દયા કરજો.

આમ, શ્રીહરિએ માંડવીમાં ઊંટના નિમિત્તે પ્રાણીમાત્ર પર દયા રાખવાનું શીખવ્યું. સાથે સાથે એ પણ શીખવ્યું જે ગમે તેવો મોટો તપસ્વી હોય પણ જો ભગવાનના ભક્તનો અપરાધ કરે તો તેને મહાકષ્ટ ભોગવવું પડે છે; પરંતુ ઘાંચીની જેમ જે સરળ સ્વભાવ રાખે છે તે અનાયાસે ભગવાનની પ્રસન્નતા મેળવી શકે છે.

સમજણ શિવરામ મહેતાની

માંડવીમાં સભા પ્રસંગે ભગવાને સહજ રીતે એક પ્રશ્ન કર્યો : તમે અમારા માટે શું શું કરી શકો ?

'મહારાજ ! આપ કહો ને અમારાથી શું ન થાય ? કહો તો અમે આ સંસારનો ત્યાગ કરી દઈએ. આપ જે ઘડીએ આજ્ઞા કરો તે જ ઘડીએ અમે અમારાં મોટાં ભાગ્ય માની ત્યાગી થઈ જઈએ.'

'હે ભગવાન ! આપને માટે અમે અમારું માથું આપી દઈએ, આપના વચને ટૂક ટૂક થઈ જઈએ, તેમાં લેશમાત્ર પણ પાછો પગ ન ભરીએ.'

'હે દયાળુ ! આપે અમારા ઉપર જે અનહદ દયા કરી છે તે ભૂલી ભૂલાય તેવી નથી. માટે જો આપ કહો તો અમારાં ઘરબાર લૂંટાવી દઈએ.' આવી રીતે ભક્તોએ ભગવાનના વચને કાંઈ ને કાંઈ કરી છૂટવાની ભાવના વ્યક્ત કરી.

આ સમયે સભામાં ભુજના શિવરામ મહેતા બેઠા હતા. તેમની નોકરી માંડવીમાં હતી. તેથી તેઓ માંડવીમાં રહેતા હતા. તેમણે પોતાની સમજણ વ્યક્ત કરતાં કહ્યું : મહારાજ ! આગળ જે જે

વાતો થઈ તેમાં મને તો એટલો બધો સાર જણાતો નથી. શિવરામની વાત સાંભળી ભક્તો આશ્ચર્ય સહ ચમક્યા. એ વિચારવા લાગ્યા : આપણે આટલી બધી સમર્પણની વાત કરી. એથી આગળ વધીને શિવરામ મહેતા તે વળી શું કહેશે ?

શિવરામ મહેતાએ તે બાબતનો ખુલાસો કરતાં કહ્યું : આ સંસારમાં જીવો પરસ્પર બંધાએલા પડ્યા છે, તેમાં જો ઝગડો થાય તો દૂર દેશમાં ભાગી જાય છે, તો વળી કેટલાક રીસાઈને ત્યાગી થઈ જાય છે. કેટલાક આળસુ હોય તેને કામ કરવાનું આવે ત્યારે ટૂંટીયાં વાળે ને બેઠે બેઠે ખાવાની લાલચે સંસારનો ત્યાગ કરે. માટે એમાં પણ કાંઈ સાર નથી.

કેટલાકે માથું ઉતારી દેવાની વાત કરી તેમાં પણ જો કોઈને વોળાવા તરીકે લીધેલ હોય. તેના માટે પાંચ કોરી આપવાનું ઠરાવ્યું હોય એ સમયે રસ્તામાં જતાં જો કોઈ ચોર લૂંટવા આવે તો વોળાવા તરીકે રહેલો પુરુષ પોતાનું માથું કપાઈ જાય ત્યાં સુધી સામનો કરવા ઝઝૂમે છે. માટે એ વાતમાં પણ કાંઈ સાર જણાતો નથી.

વળી કેટલાકે એમ કહ્યું જે આપને માટે ઘરબાર લૂંટાવી દઈએ. તો લોકમાં પોતાની કીર્તિ માટે ને પોતાની વાહ વાહ કહેવડાવવા માટે ઘરબાર લૂંટાવી દે છે. લગ્ન વખતે બીજાની પાસેથી ઉછીના પૈસા લાવીને પોતાનો વટ પાડતા જોવામાં આવે છે. માટે એ વાતમાં પણ સાર જણાતો નથી. એ બધા જ સ્થૂળ વિચાર છે.

પરંતુ હે કૃપાસાગર ભગવાન ! આપના પ્રતાપે કરીને મને જે સમજાયું છે તે કહું છું. આપ અક્ષરધામમાં જેવા દિવ્ય તેજોમય છો તેવા ને તેવા જ આ લોકમાં દર્શન આપો છો; નિર્ગુણ ને દિવ્યમૂર્તિ છો. આપ અનંત અનાદિ મુક્તોના આધાર છો. આપે આ મનુષ્ય દેહ ધારણ કરીને દિવ્યભાવ છુપાવી રાખ્યો છે.

આપ આ દેહે કરીને જે જે લીલા કરો છો તેમાં આ લોકની રીતે શુભ કે અશુભ જણાતી હોય, પણ એ બધી જ લીલા હું દિવ્ય જાણું

છું. હે ભગવાન ! આપ મનુષ્યભાવ દર્શાવતા લઘુશંકા કે બહિર્ભૂમિએ જાઓ તેને પણ હું દિવ્ય જાણું છું. આપની દયાથી મારામાં આ સમજણ આવી છે. તેમાં ક્યારેય ફેરફાર ન થાય એવી દયા કરજો.

શિવરામ મહેતાની વાત સાંભળી શ્રીહરિ બહુ જ રાજી થઈને બોલ્યા : શિવરામ ! તમારી સમજણ બહુ જ ભારે છે. આવી સમજણ દૃઢ કરે તેને જીવનમાં ક્યારેય પણ ધક્કો ન લાગે.

ભાગ્યવાન બાગવાન

માંડવીમાં સભા પૂરી થયા બાદ શ્રીહરિએ ખૈયા ખત્રી વગેરેને કહ્યું : હવે અમારે ડોણ ગામે જવું છે. ભગવાનની મરજી જોઈ ભક્તોએ કહ્યું : ભલે મહારાજ ! જેવી તમારી મરજી. શ્રીહરિ કેટલાક સંતો-ભક્તોને સાથે લઈ ડોણ ગામે જવા રવાના થયા.

થોડાક આગળ ગયા ત્યાં શ્રીહરિએ કહ્યું : અમારે શૌચ ક્રિયા માટે જવું પડશે. શૌચ વિધિ કરીને પાછા આવ્યા ત્યારે વાત કરી : અમારા પગમાં કાંટો વાગ્યો છે. માટે જેને કાંટો કાઢતાં આવડતું હોય તે કાઢો. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું : મહારાજ ! મને આવડે છે.

નજીકમાં જ લીંબડાના ઝાડ નીચે ઓટલો હતો; તેના ઉપર શ્રીહરિ પડખાભેર સૂતા. સ્વામીએ શ્રીહરિનો કોમળ ચરણ પોતાના ખોળામાં લઈ સાફ કર્યો. કાંટો કાઢવા માંડ્યા પણ આજે અણધારેલો અનુભવ થયો. જેમ જેમ ચામડી કોતરતા જાય તેમ તેમ કાંટો ઊંડો પેસતો જાય.

શ્રીહરિ તો હસતા હસતા આ બધું જોઈ રહ્યા હતા. વધારે ખોતરવાથી ચરણે લોહી આવી ગયું પણ કાંટો ન નીકળ્યો તે ન જ નીકળ્યો. આત્માનંદ સ્વામી પણ વિચારમાં પડી ગયા. ગમે તેવી વિચિત્ર રીતે કાંટો લાગ્યો હોય તે પોતે સહેલાઈથી કાઢી શકતા હતા પણ આજે કાંટો કેમ નીકળતો નથી ?!

શ્રીહરિએ કહ્યું : બીજા કોઈને બોલાવી લાવો. બાકી આમ ને આમ તો અમારાથી ચાલી શકાશે નહિ. પછી તપાસ કરતાં ત્યાં જ

આવેલ ફૂલવાડીના બાગવાનને પૂછ્યું. તેણે ઉમંગથી હા પાડી. તે તરત જ ભગવાનની પાસે આવ્યો. કાંટો કાઢવાનો ચીપિયો પણ તે સાથે લાવ્યો હતો.

બાગવાને શ્રીહરિનો ચરણ પોતાના ખોળામાં લીધો. પલકવારમાં એવી સહજતાથી કાંટો કાઢ્યો કે શ્રીહરિને સહેજ પણ દુઃખાવો ન થયો. બાગવાનની કળા જોઈ શ્રીહરિએ તેને આશીર્વાદ આપ્યા : તેં મારા પગમાંથી કાંટો કાઢ્યો, તો હું તારા જન્મ મરણના અનેક કાંટા કાઢી નાખીશ ને તારું આત્યંતિક કલ્યાણ કરીશ.

બાગવાને હાથ જોડ્યા. કરગરતાં કહ્યું : હે ભગવાન ! હું તો મહા અપરાધી છું. મેં બ્રહ્મહત્યા કરી છે. ક્રોધના કારણે મેં મારા સગા ભાઈને મારી નાખ્યો છે. ખરી આતુરતાથી તે ભગવાનને વિનવી રહ્યો હતો.

શ્રીહરિએ તેને આશ્વાસન આપતાં કહ્યું : હવે તારી એ બ્રહ્મહત્યા ગઈ ને અનંત જન્મનાં પાપ પણ ગયાં. તને તારી ભૂલ સમજાઈ. વળી તેં અમારી સેવા કરી, તેથી અમે તારું આત્યંતિક કલ્યાણ કરીશું.

કાંટો વાગવાની લીલા નિમિત્તે શ્રીહરિએ બાગવાનને ન્યાલ બનાવ્યો. વાતની વાતમાં બાગવાનને મોક્ષનું વરદાન આપ્યું.

પ્રેમાધીન પ્રભુ

ડોણ ગામે શ્રી સ્વામિનારાયણ ભગવાને વસ્તા સુથારને ઘેર ઉતારો કર્યો. ત્યાં ભક્તોને અપાર સુખમાં ગરકાવ કરી શ્રીહરિ કાળા તળાવ ગામે પધાર્યા. ભીમજીભાઈ, રવજીભાઈ, હરભમ સુથાર વગેરે ભક્તોએ ખૂબ આગ્રહ કરી શ્રીહરિને પાંચ દિવસ રોક્યા. ભક્તોનો પ્રેમભાવ જોઈ શ્રીહરિ સંતોને તાણ કરી પીરસતા. તેરાના ભક્તોની પ્રેમસભર પ્રાર્થના સ્વીકારી મહાપ્રભુજી તેરા પધાર્યા. અહીં પ્રાગજી પુરાણી પાસે ભગવાન કથા કરાવતા. પ્રસંગને અનુરૂપ વાતો પણ કરતા.

ડભાણના ભક્તોએ યજ્ઞ માટે શ્રીહરિને પ્રાર્થના કરી હતી. તેને અનુલક્ષીને શ્રીહરિએ સંતોને કહ્યું : તમે ડભાણ બાજુ જાઓ. યજ્ઞ

માટેની સામગ્રી તૈયાર કરાવો. ત્યાંના રઘુનાથદાસ પટેલ, ઉમરેઠના ઠાકર રૂપરામ, દવે નિર્ભયરામ, નડીયાદના ગંગારામ, મોહનરામ વગેરે તથા કરજીસણના નાનાભાઈ વગેરેને સાથે રાખી સામાન એકઠો કરજો.

આ સાથે એક તકેદારી પણ રાખજો. લોલંગર બાવાને હજુ પણ રીસ ઊતરી નથી. એ તોફાન ન કરી બેસે તે માટે પણ સાવધાન રહેજો. જો કે અમે ઘણા કાઠી, રજપૂતને સાથે લાવીશું. માગશર માસમાં યજ્ઞ શરૂ કરશું ને પોષ સુદ પૂનમે પૂર્ણ કરશું. કાઠીયાવાડ, સોરઠ, ઝાલાવાડ, ગુજરાત વગેરે દેશોમાં કંકોત્રી પણ લખશું. એમ કહીને સંતોને વિદાય કર્યા.

વૈરાગીના બે મોટા અખાડા હતા. ભગવાને ત્યાં પત્ર લખ્યા. ગુજરાતમાં લોલંગર બાવા ઉપર પણ પત્ર લખ્યો. તેમાં જણાવ્યું : ખોખરા મહેમદાવાદમાં અમે તમારી સેવા સારી રીતે કરી શક્યા નથી. માટે તમે ડભાણમાં જરૂર આવજો. ત્યાં અમે તમારી સારી રીતે સેવા કરીશું. તમારા જેવા મહાન વૈરાગ્યવાન પુરુષોની સેવા એ તો અતિ દુર્લભ છે. માટે આપ ડભાણના યજ્ઞમાં અવશ્ય પધારજો.

ડભાણ ગામે મહારુદ્ર કરવાનો હતો. તેની તાબડતોબ તૈયારી કરવાની હતી. તે માટે શ્રીહરિ તેરા ગામથી પ્રસ્થાન કરી ભુજ પધાર્યા. ત્યાંથી અંજાર ગામે ચાર દિવસ નિવાસ કરી ચિરઈ થઈ ભચાઉ પધાર્યા. આગળ પ્રયાણ કરતાં માર્ગમાં એક ગરીબ વિપ્ર મળ્યો. તેના પગમાં જોડા પણ ન હતા. ભગવાને દયા કરી તેને પોતાનો ચોફાળ અને મોજડી આપી દીધી. વિપ્રને રાજી કરી ભગવાને તેને વિદાય કર્યો. સાથે રહેલા સંતો તેમજ ડુંગરજી આદિક પાર્ષદને કહ્યું : તમે ગુજરાતમાં જાઓ ને યજ્ઞ માટેની તૈયારી કરાવો. અમે પણ થોડા જ સમયમાં ત્યાં આવીશું. ભગવાનની આજ્ઞા થઈ એટલે પાર્ષદોએ અનિચ્છાએ પણ ભગવાનને એકલા મૂકીને જવું પડ્યું.

પ્રભુને એકલા ચાલવું એ પણ હેતુપૂર્વકનું હતું. ગામથી બે ખેતરવા

દૂર પાણીનો કૂવો હતો. તેમાં પાણી બહુ જ મીઠું હતું. બાઈઓને ખબર પડી કે શ્રીહરિ અહીંથી નીકળવાના છે તેથી થાળ તૈયાર કરીને લાવી હતી. એ કૂવાને કાંઠે ઊભી હતી. શ્રીહરિ ત્યાં પધાર્યા એટલે બાઈઓએ પ્રાર્થના કરી : હે મહારાજ, આપના માટે થાળ તૈયાર કર્યા છે; આપ દયા કરી અંગીકાર કરો.

બાઈઓની સાચા ભાવની પ્રાર્થના હતી. શ્રીહરિ તેમના પર રાજી થયા. કૂવાના કાંઠા પાસે લીંબડાના વૃક્ષ નીચે શ્રીહરિ બિરાજમાન થયા. બાઈઓએ થાળ પીરસ્યા. તેમના મનોરથ પૂરવા શ્રીહરિ પ્રેમથી થાળ જમ્યા. થાળની પ્રસાદી બાઈઓને આપી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. અડવાણે પગે ચાલતા શ્રીહરિ આધોઈ ગામે આવ્યા.

કરણીબાનો અસાધારણ પ્રેમ

આધોઈ ગામે રાયધણજીના દરબારમાં આવીને શ્રીહરિ થાંભલાની ઓથે ઊભા રહ્યા. બીજા કોઈને ખબર ન પડી, પણ કરણીબા દેખી ગયાં. તેમને તો સપને પણ ખ્યાલ ન હતો કે પોતાના ઈષ્ટદેવ આમ અચાનક સામે ચાલીને આવશે. તેમના માટે તો મન માગ્યા મેહ વરસ્યા. ઉતાવળાં ઉતાવળાં ભગવાન પાસે આવ્યાં; ભગવાનને પ્રણામ કર્યા. સુંદર ઢોલિયો સજાવ્યો. તે પર પ્યારા પ્રીતમને પધરાવ્યા ને સમાચાર પૂછવા લાગ્યાં : અરે મહારાજ ! આપ કયા ગામેથી અહીં આવ્યા ? કોઈ સેવક પણ સાથે નથી !

‘કરણીબા, એ સમાચાર તો અમે પછીથી કહીશું, પણ અમને અત્યારે એવી ભૂખ લાગી છે કે ન પૂછો વાત. તમારી પાસે જમવાનું જે કાંઈ તૈયાર હોય તે લાવો.’ એ સાંભળી કરણીબા દિલગીર થયાં. કહેવા લાગ્યાં : મહારાજ, હમણાં જ બધા જમ્યા છે એટલે હાલમાં થાળ માટે બીજું કાંઈ તૈયાર નથી. આપ જો થોડી જ વાર ખમો તો હું થાળ તૈયાર કરું.

શ્રીહરિ કહે : ભૂખ તો એવી લાગી છે કે થોડી વાર પણ ખમાય એમ નથી. ઘરમાં જે કાંઈ તૈયાર હોય તે લાવો. બાઈ વિચારતાં હતાં

કે મારો વ્હાલીડો સામે ચાલીને ઘેર આવ્યો ને એમને જમવા માટે હું કાંઈ આપી શકી નહિ ! કરણીબા બહુ જ દિલગીર થઈ ગયાં. નેણેથી નીર વહેવા લાગ્યાં.

બાઈને દિલગીર જોઈને શ્રીહરિએ કહ્યું : 'બાઈ, બહુ ચિંતા ન કરશો. દહીં હશે તોય ચાલશે. અમે નાના હતા ત્યારે દહીં બહુ જમતા. માટે દહીં હોય તો દહીં લાવો.' એ સાંભળતાં જ કરણીબાને હર્ષનો પાર ન રહ્યો. તરત જ કહ્યું : 'મહારાજ, એ તો હું હમણાં જ લાવું.' એમ બોલતાં એ ઝડપભેર ઓરડામાં ગયાં. પ્રેમમાં ને પ્રેમમાં દહીં ભરેલું આખું ગોરસું લઈને ઉતાવળાં ઉતાવળાં પાછાં આવ્યાં.

ભગવાન પણ તેમનો પ્રેમ જોઈ દહીં પીવા માંડ્યા. એક ગોરસું પૂરું થયું. ભગવાન કહે : હજુ હોય તો લાવો. કરણીબાએ બીજું ગોરસું હાજર કર્યું. આમ કરણીબા ગોરસાં લાવતાં ગયાં ને પ્રભુ દહીંપાન કરતા ગયા. આઠ ગોરસાં દહીં પીધું એટલું જ નહિ ઘી પણ જમ્યા ને કહ્યું : હવે તમે શાંતિથી અમારા માટે થાળ કરો. કરણીબાનો સાચો પ્રેમ હતો, ભાવ હતો તેથી ભાવભૂખ્યા ભગવાને થાળ જમવાની રુચિ પણ દર્શાવી.

કરણીબા સાથે બાઈઓ ભેળાં મળી ભગવાનને માટે થાળ બનાવવા



લાગ્યાં. તેમનો ભક્તિભાવ જોઈ ભગવાન રાજી થયા. તે સમયે ભગવાન પોતાના ચરણ ઉપર હસ્ત ફેરવતા હતા. તે દેખીને કરણીબા કહેવા લાગ્યાં : હે પ્રભુ, તમારા ચરણમાં કાંટા લાગ્યા હોય એવું લાગે છે. માટે લાવો, હું કાંટા કાઢું. 'ભલે, કાંટા કાઢો,' એમ કહીને પ્રભુએ ચરણ લાંબા કર્યા. કરણીબાએ ભગવાનના

ચરણને પ્રથમ હળવે હાથે પાણીથી ધોયા, ને ધીમેથી લૂછીને કાંટા કાઢવા માંડ્યાં. એક, બે, ત્રણ નહિ, પૂરા અઢાર કાંટા કાઢ્યા.

સહેજ વિચાર કરીએ તો ખ્યાલ આવે કે આપણને એક કાંટો વાગ્યો હોય તો પણ ચાલી ન શકીએ. ત્યારે પ્રભુજીને તો અઢાર કાંટા વાગ્યા હતા !!

કાંટા કાઢ્યા પછી ભગવાનને ઊને નીરે સ્નાન કરાવ્યું. પછી શ્રીહરિએ શ્વેત વસ્ત્ર ધારણ કર્યું. કરણીબા ઉપર પ્રભુજી અત્યંત પ્રસન્ન થયા. તેમને વરદાન આપ્યું, 'જેમ તમે અમારા ચરણમાંથી કાંટા કાઢ્યા, તેમ તમારા ચૈતન્યમાંથી સંસારના કાંટા અમે કાઢી નાખ્યા.'

થાળ તૈયાર થઈ ગયો હતો તેથી ભગવાન થાળ જમ્યા. બાઈઓના પ્રેમને વશ થઈને સારી રીતે જમ્યા. પ્રસન્નતા દર્શાવતા પ્રભુજી બોલ્યા : હવે ભૂખ મટી. ચળુ કરી મુખવાસ લઈ શ્રીહરિ ઢોલિયા પર બિરાજ્યા.

એ વખતે જીજીબાની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિએ રાયધણજી આદિ ચારેય ભાઈઓને માલ મિલ્કતની વહેંચણી કરી આપી.

ગોપી બન્યા ગિરધારી

શ્રીહરિની દૃષ્ટિ પિત્તળના કટોદાન પર પડી. ભગવાને પૂછ્યું : કરણીબા આ શું છે ? તે સાંભળી કરણીબાએ કહ્યું : આ ત્રણ પગવાળો પિત્તળનો દાબડો કટોદાન કહેવાય. તેમાં અમારા કિંમતી વસ્ત્રાલંકારો છે.

ભગવાન કહે : અમને બતાવો ને. કરણીબા દાબડો ખોલીને બતાવવા લાગ્યાં. સાથે સાથે મનોમન વિચારવા લાગ્યાં : ભગવાન આ વસ્ત્રાલંકારો ધારણ કરે ને ગોપીવેશે દર્શન આપે તો જીવન ધન્ય થઈ જાય.

અંતર્યામી શ્રીહરિ આ સંકલ્પ જાણી ગયા ને બોલ્યા : કરણીબા, આ સમયે અમે અમારા પ્રેમી ભક્તોના મનોરથો પૂર્ણ કરવા જ પ્રગટ થયા છીએ. ધામમાં મુક્તોને અમે વરદાન આપ્યું હતું કે તમે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરશો ત્યારે તમારા સર્વ મનોરથો અમે પૂર્ણ કરીશું.

તો લાવો વસ્ત્રાલંકાર.

કરણીબા વસ્ત્રો અને અલંકારો લાવ્યાં. ભગવાન પ્રસન્ન થકા બોલ્યા : તમારાં વસ્ત્રો અમને પહેરતાં ન આવડે. ત્યારે કરણીબાએ સર્વે વસ્ત્રો, પ્રેમમૂર્તિ શ્રીહરિને ધારણ કરાવ્યાં. કર્ણ, કંઠ, બંને હસ્ત, ચરણ આદિક સમગ્ર અંગોને વિષે રત્નજડિત સુવર્ણના અલંકારો ધારણ કરાવ્યા. ભગવાનનાં આ નવલાં દર્શન કરવા કરણીબાએ સર્વે બાઈઓને બોલાવ્યાં. તેઓ પણ આ દર્શન કરતાં જ પ્રેમસમાધિમાં ખોવાઈ ગયાં. લેરખડો આજે લહેરમાં હતા. બોલ્યા : ચાલો આપણે રાસ રમીએ. બાઈઓને વણમાગી મનગમતી મોજ સહજમાં મળી ગઈ. ભગવાન સાથે સૌ રાસ રમવા લાગ્યાં. સખીભાવનું કીર્તન ગવાતું હતું,

'સુણ સાહેલી વાત કહું, કાનો મારી કેડે પડ્યો,
પાણી ભરવા હું ગઈ, ત્યાં અચાનક આવી ચડ્યો.'

તાલ અને કીર્તનોના સથવારે રાસની રમઝટ જામી. દરબારગઢના ચોકની બહાર રાયધણજી, તેમના ભાઈઓ અને હરિભક્તો બેઠેલા હતા. આ અવાજ સાંભળી એ આશ્ચર્યચકિત થઈ ગયા. દીવાલમાં દીવો મૂકવાનો ગોખલો હતો, રાયધણજીએ તે કોચ્યો. અંદર જોવા લાગ્યા, તો ગોપીવેશે રાસ રમતા ભગવાનનાં દર્શન થયાં. તેમનાં રોમરોમમાં દિવ્ય આનંદ છવાઈ ગયો.

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી ભગવાનને શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા. પૂછવા લાગ્યા : મહારાજ, અહીં પધાર્યા છે ? રાયધણજીએ ઈશારાથી ચૂપ રહેવા જણાવ્યું અને ધીરા અવાજે કહ્યું : આવો સંતો, પ્રેમમૂર્તિ સહજાનંદજીનાં નવલાં દર્શન કરાવું. બંને સદ્‌ગુરુઓએ બાકોરા વાટે શ્રીહરિજીનાં નવલાં દર્શન કર્યાં. એ બોલ્યા : હે રાયધણજી ! જે ભગવાન જોગી, જતી, તપસ્વીને ધ્યાનમાં પણ દર્શન ન આપે તે નટરાજ આજે ભક્તોના મનોરથ પૂરા કરી રહ્યા છે. અહો, તમારાં સહુનાં ધનભાગ્ય છે. શીઘ્ર કવિરાજ બ્રહ્માનંદ સ્વામીએ આંખે દીઠેલો અનુભવ કીર્તનમાં ગૂંથી લીધો. ''ગોપી

બની ગયા ગિરધારી રે, પહેર્યો ઘાઘરડો ઘેરાળો રે'' એ કીર્તનનાં ૧૨ પદની તત્કાળ રચના કરી.

બાઈઓને યજ્ઞ દર્શનનું વરદાન

શ્રીહરિએ રાયધણજીને કહ્યું : અમે દર્ભાવતી (ડભાણ)માં મહારુદ્ર કરવાના છીએ. ભક્તો કહે : અમે પણ સાથે ચાલીએ. અમારે પણ દર્શન, સેવા સમાગમનો લાભ લેવો છે. રાયધણજી, જેમલજી, હદુજી વગેરે ભગવાન સાથે જવા તૈયાર થયા. કરણીબા કહેવા લાગ્યાં : હે મહારાજ ! આ કચ્છ દેશના સર્વે ભક્તજનોનાં કલ્યાણ માટે અહીં જ યજ્ઞ કરો તો સારું. ગુજરાતમાં તો આપે ઘણે ઠેકાણે ઘણીવાર યજ્ઞો કર્યા છે, તો અમને પણ એક વખત લાભ આપો. કારણ એટલું જ છે કે, શ્રદ્ધાએ સહિત તે યજ્ઞમાં જે સેવા કરશે તે તમારા અક્ષરધામને પામશે. અમારા કુળનો ધર્મ છે જે બાઈઓએ ઓઝલમાં રહેવું એટલે અમારાથી ત્યાં આવી શકાય નહિ. માટે આપ અહીં જ યજ્ઞ કરો. કરણીબાની આ પ્રાર્થનામાં વિનમ્રતા હતી. પ્રભુએ આશીર્વાદ આપ્યા : કરણીબા, તમને અમારી યજ્ઞલીલાનાં દર્શન અહીં ઘેર બેઠાં થશે. કરણીબાને કૃતાર્થ કરી શ્રીહરિએ દરબારોને સાથે લઈ આધોઈથી ગુજરાત તરફ પ્રસ્થાન કર્યું.

શ્રીહરિ માળિયા થઈ ખાખરેચી પધાર્યા. ત્યાંના તળાવમાં ઘોડાંને પાણી પીવડાવીને વાંટાવદર થઈ હળવદના તળાવ પાસે પધાર્યા. ગામમાં ભક્તોને ભગવાનના આગમનની ખબર મળતાં સૌ આનંદવિભોર બની સામા આવ્યા. વાજતે ગાજતે પ્યારા પ્રીતમને ગામમાં પધરાવ્યા. ઈશ્વર દવેના ડેલામાં ભગવાનનો ઉતારો રાખવામાં આવ્યો. ભગવાન ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ભક્તોએ પૂજા સામગ્રી તેમજ પેંડા, સાકર, બરફી, શ્રીફળ, પતાસાં વગેરે ભગવાનને ચરણે અર્પણ કર્યાં.

ભક્તાધીન ભગવાન બે મણ જેટલી સામગ્રી જમી ગયા. શિવ જાનીએ ભગવાનને માટે થાળ બનાવ્યો હતો. ભક્તોએ આવીને ભગવાન પાસે એ વાત કરી. ભાવભૂખ્યા ભગવાન કહે : ચાલો, આજે તો અમને

બહુ જ ભૂખ લાગી છે. શિવ જાનીની ભાવના પૂર્ણ કરવા ભગવાન તેમને ઘેર પધાર્યા. ભક્તે વિવિધ પ્રકારની ભોજન સામગ્રી તૈયાર કરી હતી; સાથે સાથે પેંડા પતાસાં વગેરે પણ તૈયાર રાખ્યાં હતાં. એ બધી સામગ્રી લગભગ મણેક ભારની હતી. પ્રેમ પરવશ પ્રભુજી એ બધું જ જમી ગયા. આ જોઈ ભક્તો બહુ જ આશ્ચર્ય પામ્યા. એ કહેવા લાગ્યા : આવાં દર્શન તો આપણને ક્યારેય થયાં નથી.

થાળ અંગીકાર કરી ભગવાન ઉતારે પધાર્યા. ભક્તોએ પંચામૃતથી પાદપ્રક્ષાલન કર્યું ને ચરણામૃતની પ્રસાદી લીધી. ભગવાનના ભાલમાં ચંદન ચર્ચીને ફૂલમાળા, વસ્ત્રાલંકાર અર્પણ કરી આરતી ઉતારી. આમ માત્ર એક દિવસ શ્રીહરિએ રોકાણ કર્યું, તેમાં પણ ભક્તોને કેટલાંય સંભારણાં કરી આપ્યાં.

હળવદથી નીકળી શ્રીહરિ ધ્રાંગધ્રા થઈ મેથાણ ગામે પધાર્યા. અત્રેના પ્રેમી ભક્ત ઝાલા પુંજાજીને ઘેર પાંચ દિવસ નિવાસ કર્યો. વિપ્ર ગોવિંદરામ ને તેમના ભાઈ દેવરામ, અમૃતબેન વગેરે ભગવાન માટે સુંદર થાળ કરતાં. વળી ખૂબ તાણ કરી જમાડતાં.

એ વર્ષે શિયાળામાં કમોસમી વરસાદ થયેલો. દયાળુ પ્રભુએ હરિભક્તોના ખળામાં ભરેલા અનાજના ઢગલાઓનું રક્ષણ કર્યું હતું. અત્રે ભક્તોના મનોરથ પૂર્ણ કરી ભગવાન ખેરવા ગામ થઈ રામગ્રી પધાર્યા. અત્રેના જીવરાજ ભક્તને ઘેર રાતવાસો કર્યો. આ જીવા પટેલ પછીથી શ્રીહરિ પાસે ત્યાગી થઈને રહ્યા હતા. તેમનું નામ નરોનારાયણાનંદ સ્વામી હતું. તેમના પૂર્વાશ્રમના બે પુત્રો પણ સાધુ થયા હતા. તેમનાં નામ યોગાનંદ સ્વામી અને કૃષ્ણાનંદ સ્વામી હતાં.

રામગ્રીથી પ્રયાણ કરી દદુકા થઈ ભગવાન મછીઆવ પધાર્યા. દાજીબાપુના દરબારમાં પધારી થાળ અંગીકાર કરી ભાત ગામ થઈ જેતલપુર પધાર્યા. ગંગામાએ ભગવાન માટે થાળ કર્યો, તે અંગીકાર કરી બીજે દિવસે સવારે ડભાણ ગામે પધાર્યા.

ડભાણમાં મહાયજ્ઞ

ઘોડાસરમાં ભક્તિનાં ઘોડાપૂર

ડભાણ ગામે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આગમન પૂર્વે જ યજ્ઞ સામગ્રીની તૈયારી માટે સંતો-ભક્તોમાં અનેરું જોમ ખીલી ઊઠ્યું હતું. ભગવાનના આદેશથી સૌ હરખભેર તૈયારીમાં લાગી ગયા હતા. શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી વગેરેને ભગવાન કહે : તમે યજ્ઞ માટે બાકીનો સામાન તૈયાર કરાવો. અમે ઘોડાસર, હાથણોલી વગેરે ગામોમાં જઈને થોડા જ દિવસમાં પાછા આવીશું. તમે સહુ જાણો છો કે વૈરાગીઓને આપણા ઉપર બહુ જ વેર છે, માટે હથિયારધારી લોકોને તેડાવી લેજો. વડતાલ, બામણોલી, શેલડી વગેરે સ્થળેથી પણ બોલાવી લેજો.

સંતોને આ રીતે ભલામણ કરી મૂળજી બ્રહ્મચારીને સાથે લઈને ભગવાન ત્યાંથી ઘોડાસર જવા રવાના થયા. માર્ગમાં બ્રહ્મચારીને કહ્યું : અમે જલ્દીથી ઘોડાસર જઈશું. તમે ધીમે ધીમે ત્યાં આવજો. એમ બોલતાં જ ભગવાને ઉતાવળી ગતિએ ચાલવા માંડ્યું ને ઘોડાસર ગામે પહોંચ્યા.

અત્રેના રાજા જાલમસિંહ ખાંટે ભગવાનને જોએલા ન હતા પરંતુ તેમણે પોતાનાં માતુશ્રી પાસેથી ભગવાનનો મહિમા સાંભળ્યો હતો. તેથી દર્શન માટે તૈયાર થઈને ઊભેલા હતા.

જેતલપુરમાં સંવત ૧૮૬૫માં થયેલા યજ્ઞ પ્રસંગે એ ઘોડાસરનાં રાજમાતા દર્શનાર્થે ગયાં હતાં. તે વખતે રાજમાતા રામભક્ત હતાં. ત્યાં ઘોડાસરનાં અંબાબાઈએ મહારાજના પ્રતાપની, મહિમાની અનેક વાતો રાજમાતાને કહી. તે રાત્રે રાજમાતાને સ્વપ્નમાં રામચંદ્રજીનાં દર્શન થયાં. તેમને રામચંદ્રજીએ કહ્યું : આત્યંતિક કલ્યાણ જોઈતું હોય તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં આશ્રિત થાઓ. વળી સ્વયં શ્રીજીમહારાજે દર્શન આપ્યાં. અંબાબાઈએ ભગવાનના સ્વરૂપનું વર્ણન કર્યું હતું, તેવાં

સાક્ષાત્ દર્શન તેમને થયાં. આવો પ્રત્યક્ષ અનુભવ કરી એ સત્સંગી બન્યાં હતાં. એ સત્સંગના સંસ્કાર તેમણે પોતાના પુત્ર જાલમસિંહ ખાંટના હૈયે પણ રેડ્યા હતા. એ ઠાકોર ભગવાનને 'બાપો' કહેતા હતા. સંતો આવે ત્યારે 'બાપાના સાધુ' આવ્યા એમ કહેતા હતા.

રાજમાતાને એવો સંકલ્પ હતો કે મારે મારા પુત્રના દરબારમાં એકવાર ભગવાનની પધરામણી કરાવવી. એ સંકલ્પ પૂર્ણ કરવા ભગવાન ઘોડાસર આવી રહ્યા છે. આવા સુખદ સમાચાર મળતાં એ દરબાર ભગવાનની રાહ જોઈને ઊભા હતા. પરંતુ જ્યારે ભગવાન સામા મળ્યા ત્યારે દરબારને એમ લાગ્યું કે આ તો ભગવાનના કોઈ ભક્ત છે.

પ્રભુ પાસે બરફીની માટલી હતી. તેમાંથી કાઢીને પ્રભુએ દરબારને આપી. એ સાથે કહ્યું : લ્યો દરબાર, બાપાએ પ્રસાદ મોકલ્યો છે.

'પણ એ બાપો ક્યાં છે એ તો કહો ?'

'બાપો વાંસે આવે છે. એમણે જ આ પ્રસાદ મોકલ્યો છે.'

'એ બાપો કેવા છે ?'

'મારા જેટલા ઊંચા ને મારા જેવો જ આકાર છે.'

'બાપો અમને દર્શન દેશે ?'

'હા બાપો દર્શન દેશે ને એ વાંસે આવે છે.'

રાજાએ પ્રભુને ભક્ત જાણીને પ્રણામ કર્યા. પ્રભુ તો સડસડાટ કરતા ત્યાંથી નીકળી ગયા. આશરે બે એક ખેતરવા ગયા એવામાં પાછળથી મૂળજી બ્રહ્મચારી આવ્યા. ત્યારે જાલમસિંહજી કહે : બાપો આવ્યા, બાપો આવ્યા... ત્યારે બ્રહ્મચારી કહે : હે રાજન્, બાપો તો આગળ ચાલ્યા ગયા તે છે, હું તો એમનો સેવક છું. એ સાંભળી રાજાને બહુ જ ખેદ થયો. એ વિચારવા લાગ્યા : ભગવાન સામે ચાલીને આવ્યા, તો પણ હું તેમને ઓળખી શક્યો નહિ !! તેમણે એવું પણ કહ્યું કે બાપો મારા જેવા છે, તો પણ મને સમજાયું નહિ !!

એ તરત જ પોતાના ઘોડા ઉપર ચડી ઉતાવળા ભગવાનની પાછળ ગયા. ભગવાન પાસે જઈને પ્રેમથી દંડવત્ પ્રણામ કર્યા. કહેવા લાગ્યા : મહારાજ, તમારી લીલા અકળ છે. તમારા શબ્દનો સાર હું સમજી ન શક્યો, પણ બ્રહ્મચારીએ વાત કરી ત્યારે સાચી જાણ થઈ. હવે આપ આ ઘોડા ઉપર બિરાજો, ને હું ઘોડાને દોરીને ચાલું.

મનુષ્યભાવ દર્શાવતા ભગવાન બોલ્યા : અમને ઘોડો ચલાવતાં નથી આવડતું. જો પડી જવાય તો વાગી જાય.

'તમને તો બધુંય આવડે, છતાં તમે બીક દર્શાવો છો, તો હું ઘોડાની લગામ પકડીને ચાલીશ. પણ તમે તો ઘોડા ઉપર જ બેસો.'

પ્રભુ ઘોડા પર ન બેઠા એટલે રાજાએ ગામમાંથી તત્કાળ સુખપાલ, વાજિંત્ર, નિશાન ડંકા વગેરે સામૈયાનો સામાન મંગાવ્યો. પ્રભુને સુખપાલ - પાલખીમાં બિરાજમાન કર્યા. એ પાલખી રાજાએ પોતે ઉપાડી. ત્યારે પ્રભુ કહે : તમે રહેવા દ્યો. બીજા સેવકો ઘણાય છે.

'હે બાપા ! જો મારો ભોઈનો અવતાર આવ્યો હોત, તો જેની-તેની પાલખી ઉપાડવી પડત; જ્યારે આ તો બાપાની પાલખી છે. એને ઉપાડવાનું તો મોટા ભાગ્યવાળાને મળે, થોડે પુણ્યે ન મળે.'

આવા ઉત્કૃષ્ટ મહિમા સાથે જાલમસિંહજીએ પાલખી ઉપાડી. ગામની ભાગોળે આવ્યા. તેમના પર બહુ જ રાજી થઈ પ્રભુ કહે : દરબાર, હવે તમે પાલખી રહેવા દ્યો ને ઘોડેસ્વાર થાઓ.

પ્રભુના આદેશને શિરોવંદ્ય કરી રાજા ઘોડેસ્વાર થયા. પ્રભુ વાજતે ગાજતે દરબારમાં પધાર્યા. મૂળજી બ્રહ્મચારીએ પ્રભુ માટે સરસ થાળ બનાવી રાખ્યા હતા તે અંગીકાર કરવા પધાર્યા. દરબારનાં માતુશ્રી તેમજ દરબારનો બહુ જ પ્રેમાગ્રહ હતો તેથી પ્રભુ ધીમે ધીમે ઘણીવાર સુધી જમ્યા. પછી સભામાં પધાર્યા.

અહીં ઘણા લોકો એકત્ર થયેલા હતા. પ્રભુએ તેઓને સમાધિનો અનુભવ કરાવ્યો. દરબારને પ્રભુમાં વિશેષ ભાવ થયો. એ કહેવા

લાગ્યા : આપ તો સર્વોપરી ભગવાન છો. હવે તો અહીં જ રહો.

અહીંથી ભગવાને સંતમંડળને તેડાવ્યાં, તેમાં સર્વપ્રથમ મહાનુભાવાનંદ સ્વામીનું મંડળ આવ્યું. પછી તો ગામોગામથી ને દેશોદેશથી ભક્તો આવવા માંડ્યા.

ભગવાન કથાવાર્તા કરતા. તેમાં સંતની સભામાં ત્યાગમાર્ગની વાતો કરતા ને આકરા નિયમ પળાવતા. સંતો ગામની બહાર આંબલિયોમાં રાતવાસો કરતા. ભગવાન અર્ધી રાત્રે જાગતા કે તરત જ એક મશાલ પ્રગટાવીને સંતોના ઉતારા બાજુ જતા. ત્યાં સંતોને જગાડીને ઘાટ સંકલ્પ સંબંધી વાત કરતા. વળી એમ પણ કહેતા કે જેણે વિષયને જીતવા હોય તેણે તપ કરવું જોઈએ, દેહને દમવો જોઈએ.

અતિ સર્વત્ર વર્જયેત્

ભગવાને તપની રુચિ દર્શાવી. તેમાં એક સંતને વિશેષ ચટકી જાગી. અન્ન-પાણીનો ત્યાગ કરી માત્ર તપપરાયણ રહેવા તે વનમાં ગયા.

માગશર મહિનો ચાલતો હતો. તેથી ઠંડી ખૂબ હતી. છતાં પણ સંત ત્યાંથી ડગ્યા નહિ. આ વાતની કોઈને ખબર ન હતી.

માગશર સુદ ૧૩, તા. ૨૦-૧૨-૧૮૦૯, બુધવારના રોજ બારમુવાડા ગામના ભક્તે રસોઈ કરાવેલી. તે જમવા માટે ભગવાન સંતોને સાથે લઈ બારમુવાડા ગામે જવા રવાના થયા. માર્ગમાં થોડે દૂર પેલા સંતને તપ કરતા દીઠા. એ ધ્યાનમાં બેઠા હતા. તેમને ભગવાને સાદ કરીને બોલાવ્યા. સાદ સાંભળતાં જ એ ઊઠીને ભગવાન પાસે આવ્યા. ત્રણ દિવસથી તેમણે કાંઈ પણ ભોજન કર્યું ન હતું.

ભગવાને તેમને કહ્યું : કળિયુગમાં એવું અતિ કઠણ તપ યોગ્ય નથી, કે જેણે કરીને દેહ પડી જાય. મનુષ્ય-દેહ તો અમૂલ્ય છે. ભગવાનનું ભજન કરવા માટે ભગવાને આપેલી અમૂલખ ભેટ છે. તપે કરીને દેહનો જે ત્યાગ કરે તે આત્મઘાતી કહેવાય. એમ કરવાથી તો ભગવાન ઉલટાના કુરાજી થાય. જેણે કરીને દેહ પડી જાય એવું

ઊગ્ર તપ જે કરે છે તેનો નરકે નિવાસ થાય છે. માટે સમૂહમાં રહીને તપ કરવું, પણ સમાજથી નોખા પડીને અતિશે તપ ન કરવું.

હું સહુથી વહેલો થાઉં એમ માનીને જે દોડવા માંડે છે તે વચમાં જ થાકી જાય છે. બહુ તપ કરવા માંડે તે કાં તો માંદો પડે ને કાં તો મૃત્યુ પામે. ભોજન જમવું હોય તો કોળિયે કોળિયે જમાય, પણ આખો લાડવો મોઢામાં ન મૂકી દેવાય.

સેના લડતી હોય તેમાં કોઈ સૌથી આગળ થવા જાય, તેનું નક્કી મૃત્યુ થાય ને ગાંડો ગણાય; પણ સમૂહમાં રહીને લડે તો તે સામેના સૈન્યને મારી હઠાવે. ભરતજી જો સમૂહમાં ન રહ્યા તો મૃગદેહ લેવો પડ્યો. સૌભરી વગેરે પણ સમૂહ વિના ચલાયમાન થયા.

ભગવાનનાં આવાં અમૃતમય વચન સાંભળી સંત બહુ જ રાજી થયા. એ તરત જ ઊભા થઈ ગયા. પાસે આવીને ભગવાનને પ્રેમથી દંડવત્ પ્રણામ કર્યા. સંતની સરળવૃત્તિ જોઈ ભગવાન બહુ જ રાજી થયા. તેમને પેંડાની પ્રસાદી આપી. ભગવાનની મરજી જાણી સંત ત્યાં જ પ્રસાદી જમ્યા ને પાણી પીધું. એ જોઈને શ્રીહરિ એ સંત ઉપર બહુ જ રાજી થયા. બારમુવાડા ગામે જઈ થાળ જમીને પાછા હાથરોલી પધાર્યા.

આ અરસામાં સુરતના ભક્તો ભગવાનનાં દર્શન માટે ડભાણ ગયા. તેમને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ભગવાન થોડા જ સમયમાં ડભાણ પધારશે. હાલમાં તેઓ હાથરોલી છે. ભગવાનનાં દર્શન જેટલાં વહેલાં થાય તેટલું સારું, એવા શુભ વિચાર સાથે સૌ હાથણોલી આવ્યા. ભગવાનનાં દર્શન કરી આનંદ પામ્યા.

જાલમસિંહ દરબારનું જોમ

ભગવાનનાં પુનિત પગલાં માટે ઘોડાસર ગામ બાકી હતું. દરબાર જાલમસિંહે ભગવાનને પ્રાર્થના કરી : આપ ઘોડાસર પધારો. આપને વિરાજમાન થવા પાલખી તૈયાર કરી છે. આપ તેમાં બિરાજો એટલે તે પાલખી પણ પાવન થાય. ભગવાન પાલખીમાં બિરાજ્યા. દરબારે પોતે

પાલખી ઉપાડી. ઘોડાસરમાં પ્રવેશતાં ખૂબ જ ધામધૂમ થઈ. આનંદની હેલી મચી ગઈ. માગશર વદ ૧, તા. ૨૨-૧૨-૧૮૦૯, શુક્રવારના પાવન દિને વિવિધ પ્રકારનાં વાજાં ને ઢોલ નગારાંના નિનાદથી આખું ઘોડાસર ગામ ધણધણી ઊઠ્યું. આખા ગામમાં સવારી ફરી. રાજાએ પોતાના દરબારમાં ભગવાનને પધરાવ્યા. પૂજાના વિવિધ ઉપચારથી ભગવાનની પૂજા કરી આરતી ઉતારી. વળી ભગવાનને પ્રાર્થના કરી : હે દયાળુ, મારા લાયક કાંઈ કામ હોય તે સુખેથી કહેજો.

શ્રીહરિ પોતે કાળના પણ કાળ છે પણ ભક્તને સેવાનો લાભ મળે એવા હેતુથી કહેવા લાગ્યા : અમારે ડભાણમાં યજ્ઞ કરવો છે, પણ વૈરાગી અમારાથી વેર રાખે છે. બીજા પણ કેટલાક એવા છે, જેઓ આપણો ઉત્કર્ષ દેખી શકતા નથી. યજ્ઞમાં ભંગ કરવા મથે છે. આમાં તમારી સહાયતાની જરૂર છે.

ભગવાનની સામેથી માગણી એ જ રાજાને મન અહોભાગ્યની વાત હતી. ભગવાનની સેવાનો ખરેખરો મોકો હતો. તેમણે કહ્યું : મહારાજ, મારી પાસે એક લાખ ભીલ છે, જે તીર કામઠાં ચલાવવામાં હોશિયાર છે. રાવણ જેવાની ફોજ ભલેને આવે, તેને હું સહજમાં મારી હઠાવું.

શ્રીહરિએ કહ્યું : લાખ જણાનું કામ નથી, કેમ જે કચ્છ, ઝાલાવાડ વગેરે દેશના ઘણાય ભક્તો આવવાના છે; તેઓ યુદ્ધકળામાં પાવરધા છે, એટલે ઝાઝા માણસોની જરૂર નથી. થોડા જ શૂરવીરોની જરૂર છે. પછી રાજાની જ્યાં નોબત ગડગડી ત્યાં જ દશ હજાર કામઠીવાળા તૈયાર થઈ ગયા. વળી ગામોગામથી ને દેશોદેશથી ભક્તો આવતાં ઘોડાસરમાં માનવ મહેરામણ લહેરાવા લાગ્યો.

તે દિવસે એટલો મોટો ભક્તસમુદાય હતો કે તેમને જમાડવા સીત્તેર મણ શીરો કર્યો હતો. સુરતનો સંઘ લઈને ભાઈચંદ શેઠ આવ્યા હતા. એ સંઘે ૧૮૦૦ રૂપિયાનું મૂલ્યવાન મંડીલ ભગવાનના મસ્તકે બંધાવ્યું; તેમજ વેઢ, વીંટીઓ, કડાં, સાંકળાં, બાજુબંધ, પોંચાં ઈત્યાદિ સુવર્ણના

અલંકારો અને જરિયાની વસ્ત્રો ભગવાનને ધારણ કરાવ્યાં. પીળું છત્ર તથા અબદાગીરી, બે ચામર, ઘોડીનું ચોકઠું, કોટીયું, ડુમરી ઈત્યાદિ કિંમતી વસ્તુઓ ભગવાનને પ્રેમપૂર્વક અર્પણ કરીને આરતી ઉતારી. આ સર્વ સામાન દશ હજાર રૂપિયાનો હતો. ભગવાનનાં એ કમનીય દર્શનથી કેટલાય ભક્તોને સમાધિ થઈ.

ડભાણ તરફ પ્રયાણ કરવાનું હતું. એ સમયે અલૈયાખાચરે રોઝા ઘોડા ઉપર બેસવા ભગવાનને પ્રાર્થના કરી. ત્યારે જાલમસિંહ દરબારે કહ્યું : જે ઘોડાને બરાબર ખેલવી જાણે તે આવા ઘોડા ઉપર બેસી શકે. એ દરબારને પોતાની કળાની ખાત્રી કરાવવા શ્રીહરિએ અકળ ચરિત્ર કર્યું. થોડીવાર ઘોડાને ગોળાકારે ફેરવ્યો. પછી ઘોડાને એડી મારી એવો પૂરપાટ દોડાવ્યો કે શ્રીહરિએ કંઠમાં ધારણ કરેલા ફૂલના હારમાંથી એક એક કરીને ફૂલ ખરવા માંડ્યાં. જેમ સળગતું ઊંબાડિયું વેગથી ગોળ ગોળ ફેરવે ત્યારે એકતાર કુંડાળું થઈ જાય; તેમ અશ્વ ઉપર ચક્રાકારે ગોળ ગોળ ફરતા શ્રીહરિ ચક્રાકારે દેખાતા હતા. દરબારની સાથે સંતો-ભક્તો પણ આ દર્શન માણી વાહ વાહ કરવા લાગ્યા.

ઘોડો ઊભો રાખ્યો ત્યારે દરબાર જાલમસિંહજી એકદમ પ્રભુની પાસે આવ્યા. એ કહેવા લાગ્યા : મહારાજ ! આપની કળા ખરેખર અકળ છે. આપના જેવા ઘોડેસ્વાર મારી જિંદગીમાં મેં ક્યાંય દેખ્યા નથી. આ દર્શન ખરેખર મારા જીવનનું યાદગાર સંભારણું બની રહેશે. હું તો એમ માનતો હતો કે આપને ઘોડા ખેલવવાનો અનુભવ નહિ હોય, પણ આજનાં દર્શનથી મારો બધો સંશય ટળી ગયો.

તે વખતે અલૈયાખાચરે કહ્યું : દરબાર, આ ભગવાન તો બધી જ કળા જાણે છે. એ જ્યારે મનુષ્યચરિત્ર કરે ત્યારે એમ કહે જે મને એ આવડતું નથી. એમની કળા બધી જ અકળ છે. કોઈકવાર એ બ્રહ્માંડનો નાશ કરે ને કોઈકવાર વાહન શોધે, કોઈકવાર પોતાના ભક્તની રક્ષા કરે ને કોઈકવાર સહાય માગે. ભગવાનની એવી અજબની લીલામાં ભલભલા ભરમાઈ જાય.

ઘોડાસરથી નીકળેલી રાજરાજેશ્વરની આ વિજય સવારી કુણા ગામે આવી. અહીં વસ્તા ભક્તે ભગવાનની પ્રેમપૂર્વક સંભાવના કરી. ત્યાંથી પ્રયાણ આદરી કરુણાનિધાન શ્રી સ્વામિનારાયણ ભગવાન માગશર વદ ૧૨, મંગળવારના સાયંકાળે ડભાણ પધાર્યા.

ભગવાનના આગમન સાથે સમસ્ત વાતાવરણમાં નવચેતના ઘૂમી વળી. મુક્તમુનિ, બ્રહ્મમુનિ વગેરે સંતોએ ભગવાનને પ્રેમ-પુષ્પમાળા અર્પણ કરી દંડવત પ્રણામ કર્યા. વાજતે ગાજતે શ્રીહરિ ગામમાં પધાર્યા. રઘુનાથ પટેલને ત્યાં મેડી પર ઉતારો કર્યો.

શ્રીહરિની સાથે હજારો સરબંદી - તીર કામઠાંવાળા કોળીઓ આવેલા હતા. એમને જોઈને લોકોને બીક લાગી કે આ બધા અમારી સારી સારી વસ્તુઓ લૂંટી લેશે. વેપારીઓ દુકાનો માંડીને બેઠા હતા. તેમને પણ બીક લાગી. એ બધા ભેળા થઈને શ્રીહરિની પાસે આવ્યા. કહેવા લાગ્યા : આ કોળી આવ્યા છે, તે અમારી દુકાનો લૂંટી લેશે એવો ભય જણાય છે. માટે કંઈક કરો. તેમને સમજાવતાં ભગવાન કહે : આ કોળી કાંઈ લૂંટવા માટે આવેલા નથી. આ યજ્ઞમાં કોઈ હરકત ન કરે તે માટે રક્ષણની સેવા કરવા આવ્યા છે. તમે સુખેથી વેપાર કરો.

શ્રીહરિ જાણતા હતા કે આ ફોજ ઘોડાસરથી માંડીને જ્યાં જ્યાંથી પસાર થઈ છે ત્યાં ત્યાં સર્વત્ર ફફડાટ વ્યાપી ગયો છે. બીકના માર્યા લોકોએ ખેડામાં અંગ્રેજ સરકારને આ અંગેની ફરિયાદ પણ કરી છે. તેથી સરકાર આ અંગેની તપાસ કરવા પણ આવશે. પાણી પહેલાં પાળ બંધાય એ આવશ્યક હતું. શ્રીહરિએ જાલમસિંહજી દરબારને સઘળી વાત કરી. દરબાર કહે : મહારાજ ! મને તો આપની મરજી હોય તેમ કરવામાં જ સુખ મનાયું છે.

ભીલ સૈન્યને વિદાય કરતાં પહેલાં શ્રીહરિએ બધા માટે રોટલી કંસાર વગેરે બનાવડાવી સૌને ખૂબ તાણ કરીને જમાડ્યા. જાલમસિંહજી દરબારને તેમજ તેમની સાથે ખબડદાર સરદારોમાંથી આશરે સો જણાને પોતાની સાથે રાખ્યા. બીજા બધાને રજા આપી.

થોડી જ વાર બાદ અંગ્રેજોની પલટન આવી. એમાં સેંકડો સૈનિકો હતા. તેમાં ચાર મુખ્ય અમલદારો હતા. શ્રીહરિ અશ્વ પર અસવાર થઈ તેમને મળવા માટે ગયા. શ્રીહરિએ સમાજ-સુધારણા માટે કરેલાં અપ્રતિમ કાર્યોથી તે ખૂબ જ પ્રભાવિત થયેલા હતા. શ્રીહરિ તેમની નજીક ગયા ત્યારે એક એક ચરણે બબ્બે સાહેબોએ સ્પર્શ કર્યો. તેમણે કહ્યું : આ સંઘની ચોકી કરવા અમને સરકારે મિત્રભાવે મોકલ્યા છે.

શ્રીહરિએ એ અમલદારોને કહ્યું : ચોકી કરવા માટે અમારી પાસે પૂરતા પ્રમાણમાં માણસો છે. છતાં તમે આવ્યા છો તો તમારા પાંચ છ માણસો રાખો. બાકીના તમે એક રાત રોકાઈને જાઓ. વધારાના માણસોની જરૂર પડશે તો તમે અહીંથી પાંચ કોશ જ દૂર છો એટલે તરત જ બોલાવી લેશું. શ્રીહરિના આદેશનો અંગ્રેજ પલટને પણ અમલ કર્યો.

યજ્ઞની જાહોજલાલી

મહાન યજ્ઞ થાય તેનો અંદાજ તે સમયની સીધા સામગ્રી પરથી જ આવી જાય. આ યજ્ઞ વખતે એક હજાર જેટલા બ્રાહ્મણો તો રોજ લાડુ બનાવવામાં પ્રવૃત્ત રહેતા. તેમાં જેમ બને તેમ વધુ ઘી વપરાય તેના ઉપાય કરતા રહેતા. તેનું કારણ એ હતું કે આ નિમિત્તે પણ જો ઘી ખૂટી જાય તો સ્વામિનારાયણ ભગવાનનું ખોટું દેખાય. બ્રાહ્મણોના આ મનોભાવને શ્રીહરિ જાણતા હતા તેથી એમ કહ્યું : લાડુમાં જેટલું ઘી નાખવું હોય તેટલું નાખો, ભાવે તેટલું ઘી પંગતમાં બેસીને પેટ ભરીને પીઓ. કદાચ તળાવમાં પાણી ખૂટશે, પણ અમારા કોઠારમાં ઘી નહિ ખૂટે. આ સાથે એ પણ સાંભળી લો કે, જે કોઈ ઘીની ચોરી કરતો પકડાશે તો તેને અમે સભા વચ્ચે ચોરના રૂપમાં ઊભો રાખશું.

એક દિવસ ઘીનાં પાત્રથી ભરેલાં સાત ગાડાં આવ્યાં. ઘી ઉતારી લીધા પછી બ્રાહ્મણોએ પૂછ્યું : આ ઘી તમે ક્યાંથી લાવ્યા ? ગાડાવાળાએ કહ્યું : તમે ઘી ખાયા કરોને, તમારે પૂછ્યાનું શું કામ છે ? ખૂટે ત્યારે કહેજો.

એટલું બોલતાં જ ગાડા સહિત તે અદૃશ્ય થઈ ગયો. ત્યારે બ્રાહ્મણોએ જાણ્યું કે ભગવાનની કળા ખરેખર અકળ છે. આમને આપણે કોઈ રીતે પહોંચી વળીએ તેમ નથી.

એ વખતે એક શેરનો એક લાડુ વાળવામાં આવતો. આજની જેમ એક કિલો લોટમાંથી ૨૦ લાડુ થાય એવા નહોતા. મોટા માણસ માટે બે લાડુ ને નાના માટે એક લાડુ એમ પીરસાતું. તેમાંય જેને જેટલા જમવા હોય તેટલા છૂટથી પીરસવામાં આવતા.

લાંબી લાંબી પંક્તિઓ થાય; એમાં પાત્ર ભરીને ઠેઠ સુધી પીરસી શકાય તેમ નહોતું. હાથથી ખેંચી શકાય એવી એકસો નાની ગાડીઓ કરાવી હતી. એકમાં દસેક મણ જેટલા લાડુ ભરતા. બે વિપ્ર તે ગાડીને ખેંચતા અને બે પીરસતા.

રોજેરોજ આ પ્રમાણમાં ઘી, ગોળ, ચોખા, દાળ, મસાલો વગેરે સામગ્રીઓ કોઠારમાં છલકાતી રહેતી. કોઈને પણ કળ પડતી નહોતી કે આટલો બધો તૈયાર સામાન ક્યાંથી આવે છે ? આ સામગ્રી પ્રમાણે તાંબા-પીત્તળ, લોખંડનાં વાસણોના પણ ગંજ ખડકાએલા હતા. કોઠારનો સઘળો વહીવટ વિપ્ર નાનાભાઈ ભટ્ટ મેવાડા સંભાળતા હતા.

આવા મહાન યજ્ઞ થાય ત્યારે આવક જાવકનો હિસાબ મયારામ ભટ્ટ સંભાળતા, પરંતુ કોઈ અનિવાર્ય કારણવશાત્ એ આ યજ્ઞમાં આવી શક્યા નહોતા. શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : આ વખતે મયારામ ભટ્ટ આવી શક્યા નથી માટે આ કામ અમદાવાદના ડુંગરપરા નાગર બાપુભાઈને સોંપીએ. એ આદેશ અનુસાર બ્રહ્માનંદ સ્વામીએ હિસાબનું કામ બાપુભાઈને સોંપ્યું.

સંવત ૧૮૬૬, પોષ સુદ ૨, તા. ૭-૧-૧૮૧૦, રવિવારના રોજ આ મહાયજ્ઞ શરૂ થયો. ગામની પશ્ચિમ દિશામાં અઢાર વિઘા આંતરીને મોટો યજ્ઞમંડપ બાંધવામાં આવ્યો હતો. તેના મધ્ય ભાગમાં શ્રીહરિને બિરાજમાન થવા મોટો મંચ સજાવ્યો હતો. યજ્ઞકુંડમાં રોજ પચીસ મણ જેટલું ઘી હોમાતું. શ્રીહરિ દરરોજ યજ્ઞમંડપમાં પધારતા. વિપ્રો શ્રીહરિનું

પૂજન કરતા. વિપ્રોના બુલંદ વૈદિક મંત્રોચ્ચારથી આખું ડભાણ ગામ તો શું, ગામની આસપાસની સીમ પણ દૂર દૂર સુધી ગાજી ઊઠતી.

આશ્રિતો પ્રત્યે પ્રભુની આત્મીયતા

મહાયજ્ઞમાં હજારોની સંખ્યામાં ભક્તો એકત્ર થયા હતા. તેમને ઉતારે ઉતારે દર્શન દેવા શ્રીહરિ સ્વયં પધારતા, ખબર અંતર પૂછતા. ભક્ત કાંઈ ભેટ સામગ્રી લાવ્યા હોય તે અંગીકાર કરતા. કોઈની પાસે ભાતું ન હોય કે ખર્ચી ખૂટી ગઈ હોય, તેમને કહેતા કે મોદીખાનેથી સીધું લઈ લેજો, એમાં કાંઈ પણ સંકોચ ન રાખજો. વળી કોઈને કાંઈ વસ્તુની જરૂર પડે તો મંગાવી આપતા. પોતાના ઈષ્ટદેવનો આવો આત્મીયભાવ માણી ભક્તો ગદ્‌ગદ થઈ જતા. એમને લાગતું કે આપણાં સગાં સંબંધી ખબર ન રાખી શકે એવી ખબર, આપણા આ વ્હાલમા રાખી રહ્યા છે. આપણા સાચા સગા ને સાચા વ્હાલા તો સ્વામિનારાયણ ભગવાન છે. આ લોકનાં સગાં વ્હાલાં એ તો બધાં સ્વાર્થનાં છે.

આટલો બધો મોટો સમુદાય; તેના ખબર અંતર પૂછવા. એમાં એક સ્વરૂપે તો પહોંચી ન વળાય એટલે અનેક રૂપ ધારણ કરી દર્શનદાન દેતા. ભગવાનની મધમીઠી વાણી સાંભળી દૂરદૂરથી આવેલા ભક્તો પોતાને શરીરે વર્તાતો થાક ભૂલી જતા; સ્વસ્થ થઈ સમૈયાની સેવામાં લાગી જતા.

કેટલાક પ્રતિષ્ઠિત મોટા પાટીદારો અને અમીનો જે સત્સંગી નહોતા, તેમણે યજ્ઞની ગોઠવણી ને વ્યવસ્થા જોઈ. એ કહેવા લાગ્યા : સ્વામિનારાયણ ભગવાને કેવો મોટો યજ્ઞ કર્યો છે !! ગમે તેવો મોટો ચક્રવર્તી રાજા પણ આવું ન કરી શકે. સ્વામિનારાયણ ભગવાન પાસે તો કાંઈ ગામ ગરાસ નથી, કોઈ રાજા પાસેથી એ ધન પણ લેતા નથી, છતાં આટલી બધી સામગ્રી એ કઈ રીતે એકત્ર કરી શકે છે !! કેટલાકને એ જનોઈ અપાવે છે, કેટલાકને કન્યાદાન કરાવે છે,

કેટલાંય ગામોમાં ચોરાશી કરે છે, છતાંય કોઈની પાસે એ ધન માગતા જ નથી. જેટલું ધન ખર્ચે છે તેટલું ધન તેમને તરત જ મળી રહે છે ! આ શી રીતે બને છે તે કળી શકાતું નથી. આ રીતે જ્યાં જુઓ ત્યાં સ્વામિનારાયણ ભગવાનનાં અદ્‌ભુત કાર્યો ને સામર્થીની પ્રશંસા થતી હતી.

ભક્તોની ગફલત - ભગવાનની રીસ

આરામ કરવા શ્રીહરિ મેડા પર જતા. એક દિવસ ભગવાન મેડા પર આરામ કરી રહ્યા હતા. એ સમે અસ્થિર મગજવાળો સુરતનો નારણદાસ મેડા પર ચડી આવ્યો. ભગવાનની બાજુમાં જ સૂઈ ગયો. ભગવાન એકદમ ઝબકીને જાગી ગયા. તરત જ હાકોટો કર્યો : કોણ છે અહીંયાં ? કોઈ માણસ ઠેઠ અહીં સુધી ચડી આવે છે તોય કાંઈ રોકટોક કરતા નથી ? આ તે તમારી કેવી સેવકાઈ છે ? તમે તો જાણો છો કે અમને મારવા લોલંગર લાગ જોઈને બેઠો છે તોય આવી ગફલત !

પ્રભુની આવી હાક સાંભળતાં જ બધા ફફડી ગયા. સૌને ભૂલ પણ સમજાઈ. જ્યારે ધણીની આંખ ફરે ત્યારે તો બાજુમાં જવાની હિંમત જ કોણ કરી શકે ?

પ્રભુએ લીલા આગળ વધારી. ભારે ભારે ઘરેણાં પહેર્યાં હતાં. એક પછી એક કાઢી કાઢીને ફેંકવા માંડ્યાં. વેઢ, વીંટી, કડાં, પોંચી, અંગૂઠી, બાજુબંધ, કુંડળ, સુવર્ણના હાર બધું જ ફેંકી દીધું. વસ્ત્રો પણ કાઢી નાખ્યાં. માત્ર એક ધોતી જ રાખી. કોઈની જીગર નહોતી ચાલતી કે ભગવાન પાસે કેમ જવું ?

સામાન્યતઃ આવો વિકટ સમય આવે ત્યારે સંતો રામદાસજી સ્વામીને વાત કરતા. એ રામદાસભાઈ તો રામાનંદ સ્વામીના સૌથી જૂના શિષ્ય-સંત. એમને ભાઈ તરીકે સંબોધીને ભગવાન પોતે માન આપતા. એ સ્વામી જ્યારે ભગવાન પાસે આવતા ત્યારે ભગવાન રીસનો ત્યાગ કરતા.

રામદાસજી સ્વામીને સમાચાર મળ્યા. એ ભગવાન પાસે આવ્યા. કહેવા લાગ્યા : પ્રભુ ! આ તો બધા આપના બાળકો કહેવાય. એમનાથી ભૂલ થઈ જાય. જો આપ આમ તેના પર રીસ રાખશો તો બિચારા નભી કેમ શકશે ? માટે કંઈક દયા કરો. વસ્ત્ર અલંકાર કાઢી નાખ્યા છે તે ધારણ કરો.

સ્વામીની વિનંતી પ્રમાણે ભગવાને પ્રકરણ ફેરવ્યું. વસ્ત્રાલંકાર ધારણ કર્યા. પછી હસતા હસતા કહેવા લાગ્યા : ચાલો, ભૂલી જાઓ એ વાત. જે થયું તે થયું, પણ હવે સહુ સાવધાન રહેજો. ગફલતમાં રહો ને કોઈ ઘા કરી જાય. એમાં પસ્તાવું પડે, તેના કરતાં અગાઉથી તકેદારી રાખવી જોઈએ.

સીધું દેનાર, સમર્થ શાહુકાર

આ મહાયજ્ઞ માટે ઘી, ગોળ, ખાંડ, ઘઉં, ચોખા વગેરે સીધાંનો સામાન લેવાનો હતો. શ્રીહરિએ ચાલીશ ગાડાં સાથે અણીયાળી ગામના પૂંજા શેઠને ખંભાત મોકલ્યા હતા. તેમને કહ્યું હતું કે ખંભાતના દરવાજા પાસે વડ છે ત્યાં રોકાજો. ત્યાં તમને એક શેઠ મળશે. તે જોઈતો સામાન આપશે. બીજે દિવસે પૂંજા શેઠ ખંભાત પહોંચ્યા. વડ પાસે રોકાયા. તે વડ પાસે ત્રણ વખારો પણ હતી. તે સમયે ગામના દરવાજામાંથી વેપારી જેવા લાગતા ત્રણ માણસો વખારો તરફ આવ્યા. તેમાંથી શેઠ જેવા લાગતા એક વેપારી પૂંજા શેઠ પાસે આવ્યા. એ પૂછવા લાગ્યા : તમે કોણ છો ? આ ગાડાં કોનાં છે ? ને શાના માટે આ બાજુ આવવાનું થયું છે ?

'આ ગાડાં શ્રી સ્વામિનારાયણ ભગવાને મોકલ્યાં છે. તેઓ ડભાણમાં મોટો અહિંસક યજ્ઞ કરે છે. તે પ્રસંગે સીધાં સામાનની પુષ્કળ પ્રમાણમાં જરૂર પડે તેમ છે. એ લેવા માટે અમે અહીં આવ્યા છીએ.' પૂંજા શેઠે ખુલાસો કર્યો.

વેપારી શેઠ બોલ્યા : અમારું નામ હરિદાસ શેઠ છે. સામે દેખાતી

અનાજની ત્રણ વખારો અમારી છે. તમે ગાડાં જોડીને અમારી વખારે આવો. અમે જથ્થાબંધ અનાજના વેપારી છીએ. માલ પણ સારો છે ને તાજો છે. એમ કહીને પૂંજા શેઠને ગાડાં સહિત પોતાની વખારે લઈ ગયા. સામગ્રી બતાવતાં કહ્યું : આ રહ્યો સામાન. જેટલું જોઈએ તેટલું ભરી લો. સહેજ પણ સંકોચ ન રાખશો. અને હા.... તે યજ્ઞમાં લાખો હરિભક્તો આવશે. તેથી તમારાં ચાલીશ ગાડાંનો સામાન ઓછો પડશે.

એમ કહીને હરિદાસ શેઠે પોતાના મુનીમને બોલાવ્યા. તરત જ આદેશ આપ્યો, 'તમે બનતી ત્વરાએ નગરમાં જાઓ. બીજાં વીસ ગાડાં ડભાણ જવા ભાડે કરીને લઈ આવો. ગાડાંવાળાઓને જવા આવવાનું ભાડું તથા વાટખર્ચી ઠરાવીને આપી દેજો.' હરિદાસ શેઠના કથન અનુસાર થોડીવારમાં નગરમાંથી વીસ ગાડાં પણ આવી ગયાં. એકંદરે સાઠ ગાડાંમાં જોઈતો સામાન ભરી દીધો.

પૂંજા શેઠે કહ્યું : આ સામાનના કેટલા રૂપિયા થયા તે કહો. અમે તો આ દેશના અજાણ્યા છીએ. એટલે પૈસાનો વ્યવહાર બાકી ન રખાય. શેઠે કહ્યું : આ તે કેવી વાત કરો છો ? તમે અજાણ્યા ક્યાંથી હોઈ શકો ? તમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના છો. તેથી આખાએ જગતમાં જાણીતા છો. અમારે તો નિયમ છે કે અમે રાતના નાણું લેતા નથી. અમે તો ધોળે દહાડે નાણું ચોક્કસ કરીને લઈએ છીએ. માટે કાલે સવારે આવજો ને નાણાં આપજો. અમારે હવે વાળુનો સમય થઈ ગયો છે માટે મોડે સુધી રોકાઈ શકાય તેમ નથી.

બસ, આટલું કહી પોતાની વખાર બંધ કરીને શેઠ પોતાને ઘેર જવા રવાના થયા. પૂંજા શેઠ સીધું-સામાન ભરેલાં ગાડાં વખારમાંથી મોટા મેદાનમાં લઈ ગયા. ત્યાં રાત પસાર કરી. બીજે દિવસે સવારે શેઠ નાણાં આપવા માટે વખાર બાજુ ગયા, તો ત્યાં વખાર જ ન હતી. ખુલ્લું મેદાન હતું. શેઠે ગામમાં તપાસ કરાવી. જાણવા મળ્યું કે એ નામના શાહુકાર કોઈ હતા જ નહિ. અરે, એ સ્થળે કોઈની વખાર પણ ન હતી. ત્યારે પૈસા આપવાની વાત જ શી રીતે થાય ?

છેવટે શેઠ ગાડાં લઈ પાછા ડભાણ આવ્યા. શ્રીહરિએ ગામોગામ કંકોત્રી મોકલી હતી. તેમાં વેદપાઠી વિપ્રોને પણ તેડાવ્યા હતા. ગામની પૂર્વ દિશામાં જ્યાં તળાવ છે તેના ઉત્તર કિનારે પાકશાળા કરાવી હતી. સભા માટે અઢાર વિઘામાં પટમંડપ બાંધવામાં આવ્યો હતો.

દ્વેષીની મલિન મુરાદ ધૂળમાં

આ યજ્ઞમાં પંદર દિવસ સુધી હજારો બ્રાહ્મણો જમ્યા. એમાં કેટલાકને કુબુદ્ધિ જાગી; જો આ યજ્ઞ નિર્વિઘ્નપણે પૂરો થાશે તો આપણી લાજ જાશે. માટે કોઈક ઉપાય કરીને યજ્ઞમાં ભંગાણ પાડીએ. પહેલાં આપણાં માણસોને જમાડી લઈએ. બાકીનાને રોકી રાખીએ, એટલે આપોઆપ ધમાલ થાશે ને ભંગાણ પડશે. આપણા પક્ષમાં ઘણા બ્રાહ્મણો છે; ભેળા મળીને લોટ, લાડવા વગેરે લૂંટી લેશું; વધારાના હશે તે તળાવમાં નાખી દેશું. ગોળ, ઘી વગેરે સામગ્રી રાતોરાત ઉપાડી જાશું. પછી ઘેર નિરાંતે બેઠા બેઠા ઘી, ગોળ ને રોટલી જમશું. બ્રાહ્મણોની આ મલિન મુરાદ શ્રીહરિ જાણી ગયા.

સુરાખાચર આદિ ભક્તોને આ વાત કરીને કહ્યું : અમે રૂપિયા ભરેલા બે તાસ પાળાઓના માથે ઉપડાવીને જઈએ છીએ. તમે સંકેત કરી તે તાસ પાળાના માથેથી ઉપાડી જજો.

પાકશાળાનો કબજો લેવડાવવા પ્રભુએ કળ વાપરી. ૨૦૦ સત્સંગી બ્રાહ્મણોને નવડાવી અબોટિયાં સહિત તૈયાર કર્યા. કાઠીઓને પણ હથિયાર સહિત તૈયાર કર્યા. પાળાના માથે રૂપિયાના બે તાસ ઉપડાવીને પાકશાળા પાસે આવીને ઊભા.

રસોયા પૂછવા લાગ્યા : મહારાજ ! કેમ પધાર્યા ? ભગવાન કહે : તમે રસોઈ કરવાનો ખૂબ દાખડો કર્યો છે તેથી દક્ષિણા આપવા આવ્યા છીએ. જુઓ, આ બે તાસમાં રૂપિયા ભરેલા છે તે તમને આપવા છે.

બ્રાહ્મણો કહે : થોડાક લાડુ વાળવાના બાકી છે તે વાળીને પછી ઊઠીએ. ભગવાન કહે : એની ચિંતા ન કરો. આ અમારા ભૂદેવો

આવ્યા છે. બાકીનું કામ તેઓ પૂરું કરી લેશે. અમે તમને દક્ષિણા આપીએ એ લઈને તમે આરામ કરો.

પાકશાળામાં બે હજાર બ્રાહ્મણો હતા. એ બધા બહાર નીકળ્યા કે તરત જ શ્રીહરિએ સત્સંગી બ્રાહ્મણોને પાકશાળામાં મોકલી દીધા. પ્રવેશ દ્વાર પાસે હથિયારધારી પાળાઓ ગોઠવી દીધા. સત્સંગી બ્રાહ્મણો લાડુ વાળવા માંડ્યા.

બહાર આવેલા કુસંગી બ્રાહ્મણો કહે : હવે અમને દક્ષિણા આપો. તે વખતે સુરાખાચર ને સોમલાખાચર કહે : અરે મહારાજ ! આમ કાણુ કરો છો ? ભગવાન કહે : ભૂદેવોએ દાખડો બહુ કર્યો છે એટલે દક્ષિણા આપવી છે. કાઠી કહે : ભૂખ્યા પેટે દક્ષિણા ન દેવાય.

પછી બ્રાહ્મણોને કહ્યું : ભૂદેવો ! તમે પહેલા ભોજન કરી લો એટલે તમને દક્ષિણા પણ આપી દઈએ. એમ યુક્તિ કરી બેય તાસ ઉપડાવીને પાછા લઈ ગયા. બ્રાહ્મણો સમજી તો ગયા પણ કાંઈ બોલી શક્યા નહિ. માંહોમાંહી કહેવા લાગ્યા : આપણે સ્વામિનારાયણને છેતરવા ગયા, પણ પૈસાના લોભમાં આપણે જ છેતરાઈ ગયા.

કુસંગી બ્રાહ્મણોએ બીજી મેલી મુરાદ વિચારી લીધી. ધાર્યું કે જમવાની પંક્તિ થશે તે વખતે ભંગાણ પાડશું. ભોજનની પંક્તિ થઈ. એ વખતે સંતો પતરાળાં ને પડીયા આપવા ગયા. દૂર બેઠેલા બ્રાહ્મણ મોટેથી બોલવા માંડ્યા ‘આંહી દેતા જાઓ.’ સંતો કહે : અમે ક્રમથી બધાને દેતા આવીશું. બ્રાહ્મણોને તો કાંઈક નિમિત્ત ઊભું કરીને ધમાલ કરવી જ હતી. કેટલાક ઊભા થઈ ગયા. સંતોના હાથમાંથી પતરાળાં ને પડીયા ઝૂંટવી લીધાં. ભાંગીને ભૂક્કો કરી નાખ્યાં.

તરત જ ભગવાને કાઠીને સમસ્યા કરી. બંદૂકો ફોડી. તેમાં દાળની એક કોઠી પણ ફોડી નાખી. ભગવાને પડકાર કર્યો : બ્રાહ્મણો ! કાન ખોલીને સાંભળી લો. હવે જે કોઈ ધમાલ કરશે તેની આ કોઠીના જેવી દશા થશે. તમને જમાડીએ એના પુણ્યની અમને જરૂર નથી. ને તમારા જેવા આતતાયીને મારીએ તેનું અમને પાપ લાગવાનું નથી. જો

ભોજન કરવું હોય તો તમારા માટે તૈયાર જ છે, તમે સુખેથી જમજો.

પીરસણ શરૂ થયું. ગાડાં ભરી ભરીને લાડુ પીરસવા માંડ્યા. શ્રીહરિએ એવો સખત બંદોબસ્ત કર્યો હતો કે દ્વેષી બ્રાહ્મણો કાંઈ પણ બોલી શક્યા નહિ. નીચી મૂંડી રાખીને જમી લીધું. દ્વેષીની મેલી મુરાદ મનમાં ને મનમાં જ રહી ગઈ.

બ્રાહ્મણનું નિર્ગુણ દ્રવ્ય

ડભાણમાં મહાન યજ્ઞની મોજ માણવા હજારો ભક્તો આવ્યા હતા, તેમાં માત્ર તવંગર જ હતા એમ નહિ, ગરીબ ભક્તો પણ હતા. તેમાંના એક હતા રોહિશાળ ગામના વિપ્ર લક્ષ્મીરામ. તે લોક-વ્યવહારે બહુ જ ગરીબ હતા, પણ તેમનું અંતર અસાધારણ પ્રેમભક્તિથી છલકાતું હતું. તેમને એક મિત્ર હતો. તેનું નામ ભરવાડ હાજો ગમારો હતું.

ભક્તે મિત્રને કહ્યું, 'મારે ભગવાનનાં દર્શન કરવા જવું છે તો તું મને કાંઈ મદદ કરીશ ?' ભરવાડે પોતાની ઘરવાળીનાં ચાંદીનાં કડલાં આણંદજી કોઠારીને ત્યાં ગીરવે મૂકીને સાત રૂપિયા લીધા. તે પૈસા લઈને બંને જણા ડભાણ આવ્યા હતા. ભક્તો ભગવાનનું પૂજન કરતા હતા. તેમાં કિંમતી સામગ્રી ભેટ કરતા હતા. તેમને જોઈ લક્ષ્મીરામને સંકોચ થતો હતો કે ભગવાનને અર્પણ કરવા કેવી રીતે જાઉં ?

ભક્તનો ઉમદા ભાવ હતો. શ્રી સ્વામિનારાયણ ભગવાન પાટ પરથી ઊભા થયા. ભક્તને પોતાની પાસે બોલાવ્યા. પ્રેમથી કહ્યું : લક્ષ્મીરામ, આ યજ્ઞમાં અમને અર્પણ કરવા જે રકમ તમે લાવ્યા છો તે અમને આપો. જરાય સંકોચ રાખશો નહિ. લક્ષ્મીરામે હાથ જોડીને કહ્યું : હે મહારાજ ! હું તો એક ગરીબ બ્રાહ્મણ છું. મારા મિત્રે મને મદદ કરી છે તે સાત રૂપિયા જ છે. મારે આપને ભેટ આપવા છે. આ ભક્તો તો મોટી મોટી રકમ આપના ચરણે ધરે છે. એ જોઈ આપને આવી તુચ્છ ભેટ આપતાં સંકોચ થાય છે.

શ્રીહરિ તે ભક્તની પીઠ પર હાથ ફેરવતાં કહે : ભક્તરાજ !



તમારા સાત રૂપિયા તો બીજાના કરોડ રૂપિયા કરતાં પણ કિંમતી છે. એટલે જ અમે સામે ચાલીને તમારી પાસેથી ભેટ માગીએ છીએ.

લક્ષ્મીરામ પ્રેમવિભોર બની ગયા. ભક્ત પાસેથી એ સાત રૂપિયા ભગવાને હસ્તમાં ગ્રહણ કરીને ઉછાળ્યા. એમાં પણ ભક્તનો ભાવ ઊછળતો હતો. બહુ જ પ્રસન્ન થયેલા ભગવાને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોને કહ્યું : બ્રાહ્મણનું નિર્ગુણ દ્રવ્ય આવ્યું એટલે અમારો યજ્ઞ પૂરો થયો.

ભગવાને તે ભક્તને એક રૂપિયો પ્રસાદીનો આપતાં કહ્યું : ભક્ત, આ રૂપિયાથી વેપાર કરજો. તમે સુખી થશો. લક્ષ્મીરામભાઈ ઘેર પાછા આવ્યા. તે રૂપિયામાંથી મરચાંનાં બી લઈને તેનો હવેજ કરીને વેચ્યો. (મરચાંનાં બી તેમજ હળદરના ગાંગડાને સાથે વાટીને દાળશાકનો મસાલો બનાવવામાં આવતો તેને હવેજ કહેતા.) તેમાંથી નફો થયો. એ વેપાર કરતાં કરતાં ભગવાનની કૃપાથી સાઠ હજાર રૂપિયાના આસામી થયા.

પ્રેમસહિત શ્રદ્ધાપૂર્વક થોડી સેવાનું આ ફળ હતું. દરિદ્ર ભક્ત ધનવાન બની ગયા.

કાનમ દેશના સંઘે ભગવાનનું પૂજન કરી, આરતી ઉતારી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. પાછા જવાની અનુમતિ માગતાં પોતાના દુઃખની વ્યંગપૂર્વક પ્રાર્થના કરી : હે મહારાજ ! આપ અહીં ભગવાન થઈને પુજાઓ છો, તેમ અમારે ત્યાં એક બીજો ભગવાન જાગ્યો છે. એ માણસના હાથપગને વાંકા વાળી મૂકે છે. આ લોકના ભાવ અનુસાર આશ્ચર્ય દર્શાવતા શ્રીહરિ બોલ્યા : એવો તે વળી કોણ છે ? ત્યારે ભક્તોએ ખુલાસો કર્યો : હે મહારાજ ! અમારા દેશમાં લાંગ સિવાય બીજું કાંઈ ધાન પાકતું નથી. તે લાંગ ખાતાં ચાલીશ વર્ષની ઉંમર થાય કે માણસના હાથપગ વાંકા વળી જાય છે.

કરુણાનિકેત શ્રીહરિ બોલ્યા, અરેરે ! આવું દુઃખ મારા ભક્તોને ? જાઓ, હવેથી તમારી જમીનમાં સાતેય ધાન્ય પાકશે ને કપાસ પણ સારો થશે. ભગવાનનાં અમૃતમય વચનો સાંભળી કાનમના ભક્તોએ ભગવાનનો જયજયકાર કર્યો. શ્રીહરિના આશીર્વાદથી તે જમીન તે સમયથી કસદાર બની.

જોબન લૂંટારાને ભક્ત કર્યો

જોબનની ધાક

ચરોતર પ્રદેશમાં એક ખૂંખાર લૂંટારાની ધાક હતી. એ હતો જોબન પગી, ઉર્ફે જોબન વડતાલો. એનું નામ પડે એટલે લોકો ધ્રૂજી ઊઠતા. બાળકો જોબનનું નામ સાંભળતાં જ હઠ છોડી દેતા. જે ગામ પર જોબન પગી ત્રાટકે તે ગામ ઉજ્જડ થઈ જતું. ધમાલિયું ગામ નિરવ થઈ જતું. જોબનનો શબ્દ એ જ એનો કાયદો; એમાં બીજા કોઈનો ન ચાલે વાયદો. એનો નિર્ણય એટલે આખરી નિર્ણય. પોતે ધારેલા નિશાનની આડે આવનાર, હતો ન હતો થઈ જતો.

માણકી ઘોડીની બાતમી

શ્રી સ્વામિનારાયણ ભગવાને ડભાણમાં મહાયજ્ઞનું આયોજન કર્યું. એ અરસામાં એક દિવસ જોબનપગી ને તેના સાથીદારો અલક-મલકની વાતો કરતા હતા. એવામાં નવી વાત લઈને રૂડિયો રખડું ને લાખો વડગામો આવ્યા. તેમણે કહ્યું : સ્વામિનારાયણ મોટો જગન કરે છે; એમાં મોટા શેઠ શાહુકારો આવવાના છે. તેઓ ભગવાન માટે ભારે ભારે વસ્ત્રાલંકાર લાવશે.

‘અરે લાખા ! તો તો કાઠિયાવાડી દરબારો પણ હશે,’ જોબને કટાક્ષમાં કહ્યું.

‘બાપુ ! એ તો સૌથી પહેલા હશે.’

‘તો તો આપણું કામ પાર પડી જશે.’

‘એ વળી કયું કામ ? કાંઈ સમજાયું નહિ !’

‘ભલા માણસ ! એય મારે કહેવું પડે ! કાઠિયાવાડી દરબારોનાં ઘોડાં કેવાં પાણીદાર હોય છે, એ તો ખબર છે ને ?’

‘અરે બાપુ ! એની તો વાત જ શી કહેવી ! આપણાં પાણીદાર ઘોડાં પણ એની આગળ પાણી ભરે.’

'એમાંય સ્વામિનારાયણની માણકી ઘોડીની તો બહુ જ બોલબાલા છે. એ મારે હાથવગી કરવી છે. લોકો જેને ભગવાન કહે છે એનું ભગવાનપણું પણ મારે જોઈ લેવું છે.'

'પણ બાપુ ! એ જગનમાં ભારે બંદોબસ્ત કરેલો છે. અંગ્રેજ સરકારના સિપાઈ ઉપરાંત ઘોડાસરના રાજા જાલમસિંહનું હજારોનું ભીલ સૈન્ય ખડે પગે હાજર રહેવાનું છે.'

'મારે તો બસ સ્વામિનારાયણની ઘોડી પર થાપો મારવો છે. બાકી તમારે જેને જેમ સાનુકૂળ પડે તેમ દાગીના વગેરે લૂંટજો. ધમાલ ન થાય તેની ખાસ તકેદારી રાખજો.'

જોબન ડભાણમાં

વેશપલટો કરી જોબન પગી, તેના ભાઈઓ શકરો, સુંદર, દલો ને કેટલાક સાથીદારો ડભાણ આવ્યા. સમૈયાને પાંચ-છ દિવસ વીતી ગયા હતા. ક્યાં ક્યાં શું શું ગતિવિધિ ચાલે છે તેની સઘળી માહિતી જોબન વગેરેએ મેળવી લીધી હતી.

ગામ બહાર યજ્ઞશાળા હતી, તેના દક્ષિણ ભાગમાં ઘોડશાળ હતી. તેમાં પહેલે જ ખીલે માણકી ઘોડી બાંધેલી હતી. કાઠી દરબારોના જાતવાન ઘોડા પણ ત્યાં જ હતા. ઘોડશાળની પાછળ મોટું આંબાવાડિયું હતું. તેમાં બે થડિયાવાળો ઘેઘુર આંબો, ડભાણિયા આંબા નામે ઓળખાતો હતો. રાત પડતાં આંબાની છાયામાં જોબનપગી અને બાજુના આંબાઓમાં તેમના સાથીઓ છુપાયા.

બરાબર અડધી રાત થઈ ત્યાં ઘોડશાળ બાજુ જતાં પહેલાં જોબનપગીએ તપાસી લીધું કે શ્રીહરિ વસ્ત્ર ઓઢી ભરનિદ્રામાં આરામ કરી રહ્યા છે. બે અંગરક્ષકો હથિયારબંધ સાવધ થઈને બેઠા છે.

સારી તક જાણી જોબન પગી ઘોડશાળની નજીક ગયો. પ્રભુની માણકી જોતાં જ જોબનનું મોં પહોળું જ થઈ ગયું. ઓહોહો... શું માણકી છે !! આ તો મારી પાસે જ હોવી જોઈએ.

જોબનને આશ્ચર્યની હારમાળા

આથી પહેલાં શ્રીહરિ જ્યારે વડતાલ આવેલા, તે વખતે જોબને શ્રીહરિનો ઘોડો જોયો હતો, તેના કરતાંય આ ઘોડીની વાત જ અનોખી હતી.

બિલ્લી-પગે જોબને ઘોડશાળમાં પ્રવેશ કર્યો. ત્યાં જ આશ્ચર્ય સર્જાયું. પ્રભુ પોતાની માણકી ઘોડીના બરડા પર હાથ ફેરવી રહ્યા છે ! તેને પંપાળી રહ્યા છે !

જોબનને નવાઈ લાગી. વિચાર થયો : અરે ! હું હમણાં જ ખાત્રી કરીને આવ્યો છું કે સ્વામિનારાયણ સૂઈ ગયા છે, તે એટલી જ વારમાં ક્યારે જાગ્યા ને અહીં આવી ગયા !! શું આ ભ્રમ છે કે સાચું ? એની ખાત્રી કરવા ફરીથી પ્રભુના ઉતારા પાસે જઈને જોયું તો પ્રભુજી પોઢેલા હતા.

શું આ સ્વપ્ન છે કે હકીકત ? તેની ખાત્રી કરવા જોબને આંખો ચોળી. મનમાં થયું કે સ્વામિનારાયણ જાદુગરા છે એટલે મારી વાત જાણી ગયા લાગે છે. પણ એને બિચારાને એ ક્યાં ખબર હતી કે, આ પ્રભુ તો એક બ્રહ્માંડની નહિ, પણ અનંતકોટી બ્રહ્માંડની ગતિવિધિને હસ્તામલકવત્ દેખે છે, જાણે છે.

જોબનની માયાજાળ શ્રીહરિ તો જાણતા જ હતા, પણ આજે શિક્ષા નહોતી કરવી. અકળ કળા દર્શાવી તેને સાચે રાહે લાવવા માગતા હતા. દાનવમાંથી માનવ બનાવવા માગતા હતા, ડાકુમાંથી ભક્ત બનાવવા માગતા હતા.

શ્રીહરિ સૂતા છે એવો ભાવ પણ આલોકના માનવી માટે છે. બાકી તો પ્રભુ જાગે આઠે પહોર. સૌ ઊંઘનારાઓની રક્ષા કરનારા એ છે, એ પ્રભુ શું સૂવે ખરા ? આ લોકમાં સૂવાના ભાવ દેખાડે છે, તે પણ નરનાટકને શોભાવવા માટે. એમ કહેવાય છે કે જોબને લુકાંજન આંજ્યું હતું. એ અંજન જે આંજે તેને કોઈ જોઈ ન શકે, પણ પોતે

બધું જ જોઈ શકે.

પ્રભુ પોઢ્યા છે કે નહિ તેની ખાત્રી કરવા ફરીથી એ પ્રભુના ઉતારે આવ્યો. પ્રભુ તો પોઢેલા જ હતા. એ જ રીતે ફરીથી ઘોડશાળમાં જોયું તો પ્રભુ ઘોડીને જોગાણનો તોબરો ચડાવી રહ્યા હતા, એટલે પાવરામાં દાણા ભરી પાવરો મોઢે બાંધી રહ્યા હતા.

જોબનપગી બીજા ઘોડા પાસે ગયો. ત્યાં પણ શ્રીહરિ દેખાયા ! આજે તો જોબન માટે આશ્ચર્યની હારમાળા સર્જાઈ હતી. આ રીતે અખતરા કરતાં કરતાં સવાર થઈ ગયું. હવે ત્યાં રોકાવું જોખમકારક હતું. જોબને પોતાના સાથીદારો સહિત ચાલતી પકડી.

દિવસ દરમ્યાન બધા ભેગા થયા. કોઈને સૂઝતું નહોતું કે શું કરવું ? કોઈ પણ તરકીબ કામ લાગતી નહોતી. ઘોડી ચોરવી છે એવા વિચારમાં એ બધાની ઊંઘ હરામ થઈ ગઈ હતી. બે દિવસ ને બે રાત સુધી કોઈ નિરાંત કરીને બેઠા નહિ. અરે માણકી ઘોડી તો શું ? એકેય ઘોડું એમને હાથ ન આવ્યું.

જોબનનો જુસ્સો ઊતર્યો

ધારેલાં નિશાન પાડનાર, ધારેલી ધાડ પાડનાર, રજવાડામાંય રાડ મચાવનાર ને આજ સુધી ક્યાંય નિષ્ફળ ન જનાર જોબન પગીનું મન ચક્રાવે ચડ્યું. કેટલાય શૂરવીરોનું પાણી ઉતારનારો જોબન. એનું પાણી ઓસરવા માંડ્યું. એ સાથે જોબને ફરીથી મનમાં મક્કમ નિરધાર કર્યો : આજે જો હું ઘોડી લીધા વિના જાઉં તો જોબન એવું મારું નામ લાજે.

પોતાના બીજા ત્રણ ભાઈ તેમજ બે ત્રણ સાથીદારો સાથે જોબને ત્રીજી રાતે મરણિયો પ્રયાસ આદર્યો. ઘોડશાળમાં ગયા. આજે તો રોજના કરતાંય નવીન દર્શન થયાં ! ઘોડે ઘોડે પ્રભુજી ઊભેલા છે ! કોઈ ઘોડાને ખરેરો ફેરવે છે, કોઈને જોગાણ આપે છે, કોઈને પાણી પાય છે, કોઈને પાવરો ચડાવે છે, કોઈને બરડે હાથ ફેરવે છે. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિ પ્રકરણ ૫૯માં નોંધે છે :



લાખો લોકો ભેળા થયા, નીરખવા નયણે નાથ;
તેમાં નરા તસ્કરા, આવ્યા'તા નાખવા હાથ..
જોયા સરવે સંઘને, ખબડદાર દીઠા ખરા;
પછી અશ્વ ઉપરે, આવી તાકિયા તસ્કરા...
ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા, નયણે નિદ્રા નવ કરી;
આવીને જુએ અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દિઠ્યા હરિ...

જેમ જોબનને ઘોડી ચોરવાનો રઘવાટ થયો હતો, તેમ જોબનને પોતાની સામર્થીનો પરચો દેખાડવા શ્રીહરિ અધીરા થયા હતા. પછી તો જોબનનુંય શું ચાલે ? ને કોઈનુંય શું ચાલે ? જોબનના જુસ્સાનું જોબન હવે ઊતરી ગયું હતું. સુંદરપગી કહે : મોટા ભાઈ ! તમે બાપુભાઈને ઘેર ઘોડો ચોરવા ગયા હતા ત્યારે મેં તમને કહ્યું હતું : આ મનુષ્ય નથી પરમેશ્વર છે. એમને છંછેડવામાં માલ નહિ. જેમની પાસેથી ગુનાનો છૂટકારો લેવાનો હોય એમના ગુના કરીએ છીએ, તો પછી છુટાશે કેમ ? હવે ડા'પણ ડોળવું સારું નથી.

જોબનપગીનું હૃદય પણ હવે હળવું બન્યું હતું. બધાએ સાથે મળીને

નિર્ણય કરી લીધો કે હવે તો હરિવરના ચરણે જ જીવન ઝુકાવી દઈએ.

જોબન પ્રભુના શરણે

સંવત ૧૮૬૬, પોષ સુદ દશમ, તા. ૧૫-૧-૧૮૧૦, સોમવારનો એ દિન હતો. જોબનપગીના જીવનમાં આજે સદાચારના સૂરજનો ઉદય થયો હતો. એટલે જ પોતાના ભાઈઓ સહિત શ્રીહરિની સભામાં આવ્યા. પ્રભુએ તેમને હેતથી બોલાવ્યા. એ પાસમાં આવ્યા ત્યારે મંદ હાસ્ય વેરતા પ્રભુ બોલ્યા : જોબન,તમે બહુ ઉજાગરા કર્યા તોય એકેય ઘોડું હાથ ન આવ્યું ? અમને કહ્યું હોત તો તરત જ એક ઘોડું આપી દેત. વગર ઉજાગરે કામ પતી જાત. શાણો માણસ તે કહેવાય જે દુરાચાર છોડી સન્માર્ગે જીવન વિતાવે. ચોરી છિનાળી એ તો હલકાની નિશાની છે. કૃપાદષ્ટિ ભર્યા પ્રભુના આ મર્મવાક્યથી જોબન વગેરેના અંતરાત્મા જાગી ગયા. એ સાથે જ પ્રભુએ કહ્યું : ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા છો તો આજે તમને પ્રસાદી આપીએ.

ભગુજી લાડુ લાવ્યા. પ્રભુએ સૌને આદરભેર જમાડ્યા. આ જ પ્રભુની પ્રભુતા હતી. ચોરી કરવા આવનારને, અપરાધીને સત્કારે. તેને સન્માનપૂર્વક જમાડે. આવા વ્હાલમાની ક્ષમાભાવનાથી જોબન વગેરેની આંખો આંસુથી છલકી ગઈ. જાણે વર્ષોથી કરેલાં પાપ આંસુરૂપે વિદાય લેવા માંડ્યાં. એ જ પ્રેમપૂર્ણ નેત્રે સહુ પ્રભુને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

જોબનને જૂની યાદ તાજી કરાવતા પ્રભુ બોલ્યા : જોબન ! યાદ છે, તમને એક વર્ણી મળ્યા હતા. તેમના ચરણે તમે આળોટ્યા હતા. તમારી બધી વાત કરી હતી. એને ઓળખો છો ? આ શબ્દે જબ્બર જાદુ કર્યો. નદીમાં જેમ ઘોડાપૂર આવે ને કાંઠા છલકાઈ જાય એમ જોબનપગી હૈયાફાટ રુદન કરવા લાગ્યા. અનેકને રડાવનાર જોબનપગી આજે શ્રીહરિના ચરણે ઝૂકી ચોધારાં આંસુ સારવા લાગ્યા. એમનું કાળજું કકડી રહ્યું હતું.

હે ભગવાન ! મેં કુકર્મો કર્યાં છે તે ગણ્યાં ગણાય તેમ નથી. લૂંટફાટ કરવામાં કેટલાયને મોતને ઘાટ ઉતાર્યા છે. હું તો પાપનો પર્વત છું. આજે આપને શરણે આવ્યો છું. હે મારા પ્રાણાધાર ! હે ક્ષમાસાગર ! મને ક્ષમા કરો. મારા પર કૃપાદૃષ્ટિ કરો. આપના વિના મારે કોઈનો સહારો નથી. હે મારા તારણહાર ! ડૂબતા બાળકને બચાવી લ્યો.

સંગદોષે કરીને અવરાઈ ગયેલો જોબન પગીનો અંતરાત્મા હવે જાગી ગયો હતો. પ્રભુએ પોતાનો કોમળ કર જોબનની પીઠ પર ફેરવતાં આશ્વાસન આપ્યું. વર્તમાન ધરાવવા હાથમાં પાણી આપ્યું. એ વખતે જોબનને ફરીથી અરેરાટી ઊપજી. એમણે કહ્યું : પ્રભુ, મારા જેવા પાપના પહાડને શરણે લેશો તો લોકો એમ માનશે કે કાળાં કર્મ કરનારનેય સ્વામિનારાયણ ભગવાન છાવરે છે ! એમાં તમારી કીર્તિને કાળપ લાગશે. સત્સંગની શોભાને કલંક લાગશે.

ભક્તનો સાચા દિલનો એ એકરાર હતો. સામે પ્રભુ પણ એવા દિલદાર હતા. તરત જ બોલ્યા : જોબન ! તારાં પાપ તો કાંઈ ગણત્રીમાં જ નથી. અનંતકોટી બ્રહ્માંડોનું પાપ ભેળું થાય તો પણ અમને ઝાંખપ પમાડી શકે તેમ નથી. મારા શરણે આવે એનાં જન્મોજનમનાં પાપ બાળી તેને નિર્ભય કરી શકું છું. મારે શરણે આવેલાની આબરૂ સાચવવી એ તો મારું બિરુદ છે.

જોબનપગીએ પ્રભુના હાથે વર્તમાન ધાર્યાં. એ સાથે એમના ભાઈ અને સાથીદારો પણ પ્રભુના શરણે થયા. આજે તો જાણે સારાય ગુજરાત ને આજુબાજુનાં રાજ્યો માટે મંગલ વધામણાં થયાં ! જેમના ત્રાસથી પ્રજા થરથર કંપતી હતી એ આજે પ્રભુનો એક અદનો સેવક બની રહ્યો હતો !

લાખો બન્યો સવા લાખનો

આજે સભામાં લાખો કોળી (વડગામો) પણ હાજર હતો. એને જૂની પહેચાન કરાવવા પ્રભુ બોલ્યા : લાખા... ઓ લાખા...કાંઈ

ઓળખાણ બોળખાણ પડે છે ?

આજથી કેટલાંક વર્ષ પૂર્વનો સૂર, જેનું એ લાખો કોળી રટન કરી રહ્યો હતો, એનું સામ્ય જણાયું. ‘અરે લાખા ! આ તારી ઝોળીમાં શું છે ? હાં... એ જ મિઠાશ ! પણ એ તો બટુક બ્રહ્મચારી હતા. આવા રાજાધિરાજ તો નહિ જ. આવી ગડમથલ સાથે કહ્યું : આવો સ્વર ક્યાંક સાંભળ્યો હોય એવું લાગે છે.

‘લાખા ! મરેલાં માછલાને જીવતાં કરી પાણીમાં નંખાવ્યાં ને નદીના પાણી ઉપર સડસડાટ કરતા ચાલ્યા ગયા એ કોણ હતા ?

‘અરેરે મહારાજ ! એ તમે હતા ! વાહ દયાળુ ! હું તો તે દિવસથી તમારી રાહ જોતો બેઠો હતો. આજે તો હું ન્યાલ ન્યાલ થઈ ગયો. મારી સંભાળ લીધી, મારી સંભાળ લીધી... આજે એય જોબનપગીની જેમ પશ્ચાતાપના પુનિત ઝરણામાં ડૂબકાં લઈ પવિત્રતાના માર્ગે પગલાં માંડવાનો એકરાર કરી રહ્યો હતો. એને પણ પ્રભુએ શરણે સ્વીકાર્યો. લાખા કોળીને પ્રભુને જમાડવાનો સંકલ્પ હતો. એ ઝટપટ બરફી લાવ્યો. પ્રભુએ અંગીકાર કરી.

નારાયણગિરિ બાવા પણ શરણે

ડભાણના ઉત્સવ પર વડતાલથી હરિભક્તો આવ્યા હતા, તેમ જોબનપગીના લંગોટિયા મિત્ર નારાયણગિરિ બાવા પણ આવ્યા હતા. જોબનપગી પ્રભુના શરણે થયા. હજુ બાવાજીને ડગમગાટ હતો. જ્યાં મિત્ર પાસેથી સઘળી હકીકત જાણી ત્યાં જ એ બાવાજીના અંતર આંગણે પ્રકાશ છવાઈ ગયો. એ પણ પ્રભુનું શરણું સ્વીકારવા તૈયાર થઈ ગયા.

જોબનપગી સાથે સહુ દર્શનાર્થે જવા ચાલ્યા. નારાયણગિરિએ પોતાની એક સરસ ગોદડી પોતાની બગલમાં સંતાડીને લીધી. મનમાં સંકલ્પ કર્યો કે આ ગોદડીને સંતાડીને ઉપર લૂગડું ઓઢીને બેસીશ. જો એ ગોદડી મારી પાસેથી તાણી લે ને એ સ્વામિનારાયણ પોતે ઓઢી લે તો એ ભગવાન ખરા. પછી તો હુંય વર્તમાન ધારીને સત્સંગી થઈ

જઈશ; એટલું જ નહિ, મારે ત્યાં હેતે પ્રીતે પધરાવીશ ને જમાડવાના લ્હાવા લઈશ.

સહુ સભામાં આવ્યા ત્યારે શ્રીહરિએ નારાયણગિરિને નામ દઈને પાસે બોલાવ્યા. એ ભગવાનની પાસે ગયા કે તરત જ તેમની બગલમાં રહેલી ગોદડી લઈને પોતાના સ્કંધે ઓઢી લીધી. એ જ વખતે બાવાજીએ પોક મૂકી. બધાય સ્તબ્ધ થઈને જોતા જ રહી ગયા કે બાવાજી શા માટે રડે છે ?

સૌની શંકાનું સમાધાન થાય તે માટે શ્રીહરિએ સામેથી પૂછ્યું : અરે બાવાજી ! અમે તમારો સંકલ્પ પૂરો કર્યો, તોય કેમ રડવા માંડ્યા ? નારાયણગિરિ કહે : હજુ મારો એક સંકલ્પ બાકી છે. આપ વડતાલ પ ધારો ને અમારે ઘેર પંદર દિવસ સુધી સંતો સહિત રહો તો છાનો રહું.

'તમેય ખરા મળ્યા. એક સંકલ્પ પૂરો કર્યો ત્યાં બીજો માંડીને બેઠા ?'

'પ્રભુ ! અમે તો જીવ છીએ એટલે નવા નવા તરંગો થયા કરે. મને ખાત્રી છે કે આપ એય પૂરો કરશો.'

'ભલે બાવાજી ! તમારા જેવા પ્રેમીને ના પડાશે ?'

એ વખતે નારાયણગિરિને પોતાની જૂની વાત યાદ આવી ગઈ. એ કહેવા લાગ્યા : હે મારા વ્હાલમા ! આપે સત્સંગ કરાવવા મુક્તાનંદ સ્વામીને મોકલ્યા હતા. એ વખતે તેમણે આપના મહિમાની ઘણી વાતો કરી હતી, પણ હું બાવો હોવા છતાં બહારવટિયાને સંગે ચડેલો હતો, તેથી પથ્થર ઉપર પાણી જેવું થયું; અમે બેય કોરાધાકોર રહ્યા. ઉપરથી ભગત જેવો દેખાવ કરતા. પણ આજે તો તમે અપાર દયા કરી મને પાકો નિશ્ચય કરાવી દીધો છે; એ હવે ફરે તેમ નથી. આજે મને ફરીથી વર્તમાન ધરાવી કંઠી બંધાવો. આજ પછી હું આપની મરજી પ્રમાણે જ વર્તીશ.

મૂળજી બ્રહ્મચારી પાણી લાવ્યા. પ્રભુએ બાવાજીને વર્તમાન ધરાવી કંઠી બંધાવી. એ જ વખતે બાવાજીએ કહ્યું : પ્રભુ, આજ સુધી તો અમે

શિવભક્ત હતા, પણ હવેથી તમારા થયા. આ નિશ્ચયમાં ડગમગાટ ન થાય એવી દયા કરજો.

હવે તો જોબનપગીનો જીવન પલ્ટો થઈ ગયો. જે આંખમાંથી અગ્નિ ભભૂકતો તે આંખમાં પ્રેમ નીતરવા લાગ્યો, જે મુખમાંથી અપશબ્દો નીકળતા તે મુખમાંથી 'સ્વામિનારાયણ' નામનો જપ થવા લાગ્યો, જે હાથમાં શસ્ત્રો હતાં તે હાથમાં માળા શોભવા લાગી. પાપવૃત્તિ એ પ્રેમ અને પવિત્રતામાં પરિણમી. ચરોતર દેશ માટે હવે તો લીલાલહેર થઈ પડી; કારણ એ જ હતું કે, જેના ભયથી આખો દેશ ધ્રૂજતો હતો તે હવે ભગવાનના પરમ ભક્ત બન્યા હતા.

મૂળજી શેઠને અદ્‌ભુત અનુભવ

યજ્ઞનો લાભ લેવા હજારો ભક્તો આવ્યા હતા. એ સૌ શ્રીહરિનાં દર્શન, પૂજન વગેરે કરવા આવતા. તેમાં પૂજાની સામગ્રી ઉપરાંત રૂપિયા પણ ભેટ ધરતા. એ રોકડ નાણાના સોળહજાર રૂપિયા થયેલા. એ નાણું સાચવવા આજની જેમ બેંક પદ્ધતિ નહોતી. એની ગણત્રી કરી પટારામાં ભરતા. એ રીતે મૂળજી શેઠે તેની ગણત્રી કરી કોથળીમાં ભરીને મોટા પટારામાં મૂકીને તાળું વાસી દીધું. શેઠે જેમની પાસેથી સીધા-સામગ્રી વગેરે જે કાંઈ લીધું હતું, તેની ભરપાઈ કરવા માટે આ રૂપિયા રાખ્યા હતા.

યજ્ઞ પૂરો થયો તે વખતે શ્રીહરિએ એ પટારામાંથી રૂપિયા કઢાવ્યા; બ્રાહ્મણોને દક્ષિણારૂપે અપાવી દીધા. મૂળજી શેઠને આ વાતની ખબર થઈ. એ હાંફળા ફાંફળા થતા શ્રીહરિની પાસે આવીને કહેવા લાગ્યા : મહારાજ ! એ રૂપિયા તો મેં સીધા-સામાનવાળાને દેવા માટે રાખ્યા હતા, હવે નામાવાળાને શું દઈશું ?

શ્રીહરિ કહે : અમે એ રૂપિયા લીધા જ નથી. પટારો ઉઘાડીને જુઓ તો ખરા. શેઠે જઈને પટારો ઉઘાડ્યો તો જેમ ગોઠવીને કોથળીઓ મૂકી હતી તેમ અકબંધ જોયું. શેઠ છક થઈ ગયા. એ કહેવા લાગ્યા : મહારાજ ! તમારી લીલા અકળ છે. ઉપરછલી દૃષ્ટિથી જોતાં અમને

મતિભ્રમ થઈ જાય છે. હવેથી એવું ન થાય એવી દયા કરજો.

શ્રીહરિના પ્રૌઢ પ્રતાપે ડભાણ યજ્ઞમાં જયજયકાર થઈ ગયો. સંવત ૧૮૬૬ના પોષ માસની પૂનમના દિને આ મહાયજ્ઞની પૂર્ણાહુતિ થઈ. તે જ દિને શ્રીજીમહારાજે સદ્‌ગુરુ શ્રી શતાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને ભાગવતી દીક્ષા આપી. વિપ્રોને શ્રીહરિએ પુષ્કળ દક્ષિણા આપી. યજ્ઞનો લાભ લેવા માટે દેશોદેશથી આવેલા ભક્તો શ્રીહરિની અનુમતિ લઈ પોતપોતાને ગામ જવા રવાના થયા.

વ્હાલમાને વડતાલનું નોતરું

ડભાણનો યજ્ઞ પૂરો થયા બાદ જોબનપગી, નારાયણગિરિ, બાપુભાઈ પટેલ, વાસણ સુથાર, રણછોડદાસ, તખો પગી વગેરે શ્રીહરિ પાસે રજા લેવા ગયા. સૌની પ્રેમાગ્રહ ભરી પ્રાર્થના હતી કે પ્રભુ વહેલી તકે વડતાલ પધારે. પ્રેમવશ પ્રભુએ અનુમતિ પણ આપી.

હરખાતા હૈયે સૌ વડતાલ ભણી જઈ રહ્યા હતા; તેવામાં જોબનપગીને સંકલ્પ થયો : હું ઘેર પહોંચું તે વખતે મારા ઘરની મેડી પર ભગવાન બેઠા હોય, એવાં દર્શન થાય તો જીવનભર હું એમનો ગુલામ થઈને રહીશ.

વડતાલ પહોંચી જોબનપગીએ પોતાના ઘર તરફની શેરીમાં પ્રવેશ કર્યો ત્યાં જ શ્રીહરિને પોતાના ઘરની મેડી ઉપર બારી પાસે બેઠેલા જોયા. પગીના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો. ઘડીભર તો એમ જ લાગ્યું કે ભગવાન મારથીય પહેલાં ક્યારે ને કેવી રીતે આવી ગયા ? ડભાણમાં જોયા તે સાચું કે મેડી પર બેઠા છે તે સાચું ?

તરત જ યાદ આવી ગયું કે પોતે સંકલ્પ કર્યો હતો તે પૂર્ણ કરવા આ રીતે દર્શન આપ્યાં. ત્યાં જ શ્રીહરિએ સામેથી સાદ કરીને બોલાવતાં કહ્યું : જોબન ! તમે તો અમારા કરતાં વહેલા નીકળ્યા હતા, તોય કેમ મોડા પડ્યા ? ક્યાં અટવાઈ ગયા હતા ? અમે તો તમારી વાટ જોતા ક્યારનાય અહીં બેઠા છીએ.

પ્યારા પ્રીતમના એ મધમીઠા શબ્દો સાંભળી જોબનનો મનનો મોરલિયો નાચી ઊઠ્યો. એ નાચવા લાગ્યા. એમને જોઈને લોકો પૂછવા લાગ્યા : જોબન ! કેમ નાચવા માંડ્યો ?

‘ભાઈઓ ! એ વાતમાં તમને સમજણ પડે એવું નથી. મારા વ્હાલમાએ મારો મનોરથ પૂરો કર્યો. જુઓ... સામે બારીએ મારો વ્હાલમો બેઠા છે.’

જોબનપગીની શેરીમાં આજે આનંદની હેલી છવાઈ ગઈ. એમની પત્ની તેજબાઈએ પુત્રીઓને કહ્યું : સૂરજ... રળિયાત... બહાર જો તો ખરી, શાનો અવાજ થઈ રહ્યો છે ? લોકો કેમ ભેગા થયા છે ? દીકરીઓએ જોઈને કહ્યું : બારીએ એક બાવો બેઠો છે એમને જોઈને આતા વગેરે નાચી રહ્યા છે.

જોબનનાં માતુશ્રી વખતબા તો પહેલેથી જ ભક્ત હૃદયનાં હતાં. એ તો ભગવાનને ઓળખી ગયાં હતાં. તેમણે કહ્યું : દીકરી ! એ બાવો નથી પણ આપણા સહુનો તારણહારો છે.

ભગવાન બારીમાં બેઠે બેઠે બોલ્યા : અરે જોબન ! ક્યાં સુધી મને અહીં બેસાડી રાખવો છે ? હવે તો ઉપર આવોને ! જોબનપગીને પાકું થઈ ગયું કે ભગવાન ખરેખર પધારી ચૂક્યા છે. ભગવાનને સત્કારવા પટારામાંથી ગાદલાં વગેરે સામાન કઢાવી પથરાવ્યાં ને જ્યાં ઉપર ગયા તો ભગવાન ન જોયા. સુંદરપગીને પૂછ્યું : ભગવાન ક્યાં ગયા ? હમણાં જ તો એ અહીં હતા !

ભગવાનની બેઠક પાસે રેશમી રૂમાલ પડેલો હતો. એ જોઈને જોબનપગી કહે ભાઈ.. જોને.. ભગવાનનો રૂમાલ તો અહીં પડ્યો છે, તો પછી ભગવાન ક્યાં ગયા ?

‘ભાઈ, ભગવાન તો ભક્તવત્સલ છે. તમે સંકલ્પ કર્યો એટલે દિવ્યરૂપે દર્શન આપ્યાં.’ આમ વાત થઈ એવામાં જ ખબર આવ્યા કે ભગવાન ડભાણથી પધારી રહ્યા છે.

પોતાના પ્યારા પ્રીતમને પ્રેમસભર ગામમાં પધરાવવા

જોબનપગીએ ઠેર ઠેર તૈયારીઓ આદરી દીધી. મંગલ વધાઈરૂપે પાંચ મણ સાકર મંગાવી. હવે તો બાપુભાઈ સહિત સૌ તૈયારીમાં લાગી ગયા. આખાય વડતાલમાં આનંદનું મોજું ફરી વળ્યું.

સઘળી તૈયારી કરી ભક્તો વડતાલની ભાગોળે પહોંચ્યા. પ્રભુ પધારતાં ઢોલ ઢબુક્યા વિવિધ વાજિંત્રોના સૂરો રેલાયા. દર્શનાર્થીઓને ખોબલે ખોબલે સાકર વહેંચાઈ. આબાલ વૃદ્ધો પ્રભુની મસ્તીમાં નાચ્યા ને ઝૂમ્યા.

ભગવાને જૂની યાદ અપાવતાં ગમ્મતમાં કહ્યું : જોબન ! તમે અમારો ઘોડો લેવા બાપુભાઈને ત્યાં આવ્યા હતા એ યાદ છે ને ? તે વખતે તમે બાપુભાઈ આગળ કંઈક બોલ્યા હતા એ યાદ છે ?

'પ્રભુ, હું ઘોડો લેવા આવ્યો હતો એ યાદ છે, પણ શું બોલ્યો હતો એ કાંઈ યાદ આવતું નથી.'

'તમે કહ્યું હતું કે ઘોડો લીધા વિના હું તમારા ભગવાનને નહિ છોડું. એટલે અમે પણ નક્કી કરી લીધું કે અમે પણ જોબનને નહિ છોડીએ. એને શરણે લઈને જ જંપીશું.'

'અહો પ્રભુ ! આપ કેવા પરમ ઉદાર છો એ હવે સમજાય છે. ગમે તેવો પાપી જીવ હોય તો પણ તેને માફ કરીને સન્માર્ગે વાળી રહ્યા છો, એ દયા તો જીવનભર ભૂલાય એવી નથી.'

વડતાલવાસી ભક્તોની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ થોડા દિવસ રોકાયા. શ્રી મુક્તાનંદ સ્વામીએ આ વિસ્તારમાં સત્સંગ કરાવેલો હતો. આસપાસનાં ગામોમાં વસતા એ ભક્તોએ ભગવાનને પોતાને ત્યાં પધારવા પ્રાર્થના કરી. પ્રેમવશ પ્રભુજી બામણોલી, મહેમદાવાદ-સારંગપુરમાં વિચરણ ઉમરેઠ થઈ મહેમદાવાદ પધાર્યા.

મહેમદાવાદમાં સત્સંગનાં મંડાણ

મહેમદાવાદમાં આમ તો બિલકુલ સત્સંગ નહોતો. પરંતુ શ્રીહરિની આજ્ઞાથી મહેમદાવાદ પધારેલા સંન્યાસી પદ્મનાભાનંદ સ્વામી એમાં નિમિત્તરૂપ બન્યા. એ મહેમદાવાદ ગયા ત્યારે તેમને ઉતારા માટેની

પણ સગવડ નહોતી. છેવટે અહીંના બેચર ભટ્ટની પોળના દરવાજાના મેડા ઉપર ઉતારો કર્યો. તે વખતે ભટ્ટ અફીણના ભારે બંધાણી હતા.

એક દિવસ બહુ અફીણ ખાવાથી તેમને બહુ જ અકળામણ થયેલી. તે દિવસે સ્વામીએ તેમને પોતાની પાસે બેસાડી સ્વામિનારાયણ નામની ધૂન કરી. એ સાંભળી ભટ્ટની અકળામણ ઘટી. તે પણ ધૂનમાં જોડાયા. થોડી જ વારમાં તે સ્વસ્થ થઈ ગયા. ત્યારથી તેમણે નક્કી કરી લીધું કે આ સંતો બહુ જ મોટા છે. મને જેમના નામથી શાંતિ થઈ એ સ્વામિનારાયણ ભગવાન પણ અત્યંત મોટા છે. આમ પાકું કરી તે સત્સંગી થયા.

એવામાં ડાકોરની યાત્રાએ વીસેક જેટલા લોકો નીકળ્યા. તેમને પોતાના અનુભવની વાત કરીને એ વડતાલ ગયેલા. પદ્મનાભાનંદ સ્વામીએ શ્રીહરિને તેઓની ઓળખાણ પડાવી સીધાં અપાવેલાં. મૂળજી પટેલની વાડીએ તે વિપ્રોએ રસોઈ કરી. એ વખતે સંકલ્પ કરેલો કે સ્વામિનારાયણ ભગવાન હોય તો આપણી પાસે આવીને જમવાનું માગે. કૃપાળુ શ્રીહરિએ એ સંકલ્પ પણ પૂરો કર્યો. ત્યારથી એ બધાને પરિપક્વ નિશ્ચય થઈ ગયેલો.

મહેમદાવાદમાં મનમાગ્યા મેહ

જેતલપુરમાં શ્રીહરિએ મહાયજ્ઞ કર્યો હતો ત્યારે ઠેરઠેરથી બ્રાહ્મણોને તેડાવ્યા હતા. તેમાં મહેમદાવાદથી બેચર ભટ્ટ, અમથા ભટ્ટ, અંબારામ ભટ્ટ, મોતીરામ વ્યાસ, વિશ્વનાથ, શિવશંકર વગેરે કેટલાય બ્રાહ્મણો ગયા હતા. જેતલપુર મહાયજ્ઞમાં શ્રીહરિએ દર્શાવેલાં ઐશ્વર્યોનો અનુભવ કર્યો. પરિણામે મહેમદાવાદ ગામ સત્સંગના રંગે રંગાઈ ગયું. વળી ડભાણના યજ્ઞ વખતે વિશેષ અનુભવ થયો. પ્યારા પ્રીતમ પોતાને ત્યાં પધારે ને દર્શન, સેવા, સમાગમનો લાભ આપે તેવી ભક્તોએ ભગવાનને પ્રાર્થના કરી. પ્રેમવશ પ્રભુ મહેમદાવાદ પધાર્યા. બેચર ભટ્ટનો નિર્મળ ભાવ જોઈ શ્રીહરિએ તેમને ઘેર ઉતારો રાખ્યો. ઘરનું આંગણું મોટું હતું એટલે કથાવાર્તાનો પણ સુયોગ ત્યાં થઈ શકે તેમ હતું. ત્યાં કૂવો

પણ હતો. શ્રીહરિને સ્નાનાદિ માટે સુગમ પડે એવું હતું.

મહેમદાવાદમાં બધા ભક્તોને તાણ હતી કે ભગવાન દરેકના ઘરનો થાળ અંગીકાર કરે. તે માટે ભગવાને દરેકને દિવસો ફાળવી આપ્યા. જેમને થાળ જમાડવાનો વારો હોય તે બાઈ પોતાને ઘેરથી થાળ બનાવીને ભગવાનના ઉતારે લાવતી. સંતો-ભક્તો માટે રસોઈ બેચર ભટ્ટને ઘેર જ થતી.

આ ગામમાં દુર્લભરામ નામના બ્રાહ્મણ હતા. એ બહુ જ ધનાઢ્ય હતા. તેમને મહાદેવજીમાં આસ્થા હતી. એમનાં પત્ની ઉમિયાબાઈને સત્સંગનો રંગ અંગોઅંગ ચડી ગયો હતો; પોતાના સુપુત્ર હરિકૃષ્ણને પણ સારા સંસ્કાર આપી ભક્તિ-પરાયણ બનાવી દીધો હતો. જેવો એ ગુણિયલ તેવો જ એ રૂપવાન હતો. આશરે અઢારેક વર્ષની તેની ઉંમર હતી. શ્રીહરિ મહેમદાવાદ પધાર્યા ત્યારથી એ સવારથી સાંજ સુધી સેવામાં ખડે પગે હાજર રહેતો. તેની એ સેવાભાવનાથી શ્રીહરિ બહુ જ પ્રસન્ન થયા. તેને સંત બનાવવાનું વિચાર્યું. એક દિવસ શ્રીહરિએ તેના પિતા દુર્લભરામને વાત કરી. પરંતુ એમાં એ સંમત ન થયા.

ઉમિયાબાઈની દુર્લભ સમજણ

ઉમિયાબાઈને ખબર પડી કે શ્રીહરિ પોતાના સુપુત્રને સંત બનાવવા માગે છે; બાઈને બહુ આનંદ થયો. શ્રીહરિ પાસે જઈને કહ્યું : હે દયાળુ, આપે જ દીધેલો હરિકૃષ્ણ એ તો આપે આપેલી થાપણ છે. આપ જ્યારે માગો ત્યારે અમારો હક દાવો ન ચાલે. આમેય તે આપનો થઈને જ રહ્યો છે. એ આપની સાથે રહીને સેવા કરશે તેનું ફળ અમને પણ મળશે. માટે આપ સુખેથી તેને સાધુ કરો.

દુર્લભરામની સંમતિ વિના જો હરિકૃષ્ણને સંત બનાવે તો તેમને સત્સંગનો અભાવ આવી જાય તેમ હતું. શ્રીહરિ જાણતા હતા કે હરિકૃષ્ણને ક્યાંય પણ આસક્તિ નથી. માટે હવે તેને પોતાની મૂર્તિના સુખે સુખિયો કરી દેવો છે.

હરિકૃષ્ણની મરજી શું છે તે જોવા શ્રીહરિએ તેને પૂછ્યું. એ તો

બહુ જ રાજી થયો. કહેવા લાગ્યો : હે દયાળુ ! આપ કેવળ દયા કરી મને સુપાત્ર ગણી આપની દિવ્ય મૂર્તિમાં રસબસ કરવા માગો છો, એ મારાં ખરેખર અહોભાગ્ય ગણાય.



આજના કોઈ યુવાનને ધામમાં તેડી જવાનું કહીએ તો એમ જ કહે કે, પચાસ સાઠ વર્ષ પછી વાત. અત્યારે શી ઉતાવળ છે ? પરંતુ હરિકૃષ્ણે તો તરત જ સંમતિ દર્શાવી દીધી.

ભગવાન કહે : 'પણ હરિકૃષ્ણ ! તારી મા આમાં સંમત થશે કે નહિ ?'

'અરે મહારાજ ! એમને તો મારા કરતાંય સવાઈ સમજણ છે. મારા જીવનમાં સત્સંગના સંસ્કાર એમણે રેડ્યા છે. એ તો એમ જ સમજીને બેઠાં છે કે ઘરમાં જે કાંઈ છે તે બધું જ આપનું જ છે. મારી તો એ જ અરજી છે કે આ કામમાં હવે વિલંબ ન કરશો.'

'તારા માટે તેરશ તિથિ પાકી, બસ.'

'ભલે મહારાજ ! હું તૈયાર જ છું.'

બરાબર તેરશના દિવસે ઉમિયાબાઈને શ્રીહરિ માટે થાળ બનાવવાનો વારો હતો, એટલે એ રસોઈમાં પરોવાયાં હતાં. માતુશ્રીને હરિકૃષ્ણે કોઈ વાત નહોતી કરી એટલે એમને બીજી ખબર પણ ક્યાંથી હોય ?

હરિકૃષ્ણ સ્નાન પૂજાદિ નિયમથી પરવાર્યો. દીધેલા વાયદા પ્રમાણે તેને પોતાની મૂર્તિના સુખે સુખિયો કરવા શ્રીહરિ દિવ્યરૂપે પધાર્યા. જે ઓરડામાં હરિકૃષ્ણ બેઠો હતો, ત્યાં જઈને કહ્યું : બોલ બેટા, તૈયાર છે ને ?

'હા દયાળુ, હું તો પરવારીને બેઠો છું.'

'તારી માતાને ખબર આપવા છે ?'

'એમાં મને કાંઈ ખબર ન પડે. જેવી તમારી મરજી.'


આ વાર્તાલાપમાં ઉમિયાબાઈને એટલી તો ખાત્રી થઈ ગઈ કે, હરિકૃષ્ણ શ્રીહરિ સાથે વાતો કરી રહ્યો છે. તેથી એ ઝટપટ હરિકૃષ્ણના ઓરડામાં ગયાં. ત્યાં જ તે દીકરાએ કહ્યું : મા ! જુઓ, મને મહારાજ તેડવા પધાર્યા છે. હું ધામમાં જાઉં છું.

જુવાનજોધ દીકરો આમ અચાનક ધામમાં જાય એ વાત સાંભળતાં જ માતાની છાતીનાં પાટિયાં બેસી જાય. પરંતુ અહીં એમ ન બન્યું. ઉમિયાબાઈએ ભગવાનની મરજી જાણી લીધી. આ લોકનાં કૂટણાં કર્યા કરતાં દીકરો શ્રીહરિની મૂર્તિનાં સુખડાં લેશે, એ જ મોટી આનંદની વધાઈ હતી. હરિવરને હાથ જોડતાં કહ્યું : હે મહારાજ ! જેવી આપની મરજી... ને એ જ ક્ષણે હરિકૃષ્ણ નશ્વર દેહનો ત્યાગ કરી શ્રીહરિની મૂર્તિના સુખે સુખિયો થઈ ગયો.

આ બાજુ બેચર ભટ્ટને ઘેર શ્રીહરિની સેવામાં રહેલા મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું : મહારાજ ! રોજ તો હરિકૃષ્ણ વહેલી સવારથી હાજર થઈ જાય છે, પણ આજે કેમ ન દેખાયો ? આજે તો એમને ઘેરથી આપના માટે થાળ આવવાના છે. શું એની તૈયારી માટે રોકાયો હશે ? બ્રહ્મચારીની વાત સાંભળી શ્રીહરિએ મંદ હાસ્ય કર્યું.

આજે ઉમિયાબાઈને માત્ર એક જ તાન હતું કે, મારે તો મારા પ્રાણાધારને જમાડવા છે, તેથી હરિકૃષ્ણને અડક્યા વિના ભારેભારે શણગાર સજ્યા. થાળ લઈને એ આવી પહોંચ્યાં શ્રીહરિના ઉતારે.

ખરેખરાં પ્રેમીનો થાળ આરોગવા શ્રીહરિ પણ ઉતાવળા થયા. ઉમિયાબાઈને કહ્યું : આજે તો બહુ ભૂખ લાગી છે માટે થાળ જલ્દી



પીરસો. બાઈએ પ્રેમથી થાળ પીરસ્યો. આજે શ્રીહરિની પ્રસન્નતા જ કંઈ ઓર હતી. વાનગી વખાણતા જાય ને આરોગતા જાય. અલ્પાહાર કરનારા હરિવર આજે ના પાડતા જ નહોતા. જે વાનગી થાળમાં પૂરી થાય તે ઉમિયાબાઈ પીરસતાં જાય.

આજે મૂળજી બ્રહ્મચારીને બીજી કોઈ પ્રવૃત્તિ નહોતી. બેઠે બેઠે શ્રીહરિની ભોજનલીલાનાં દર્શન કરવાનાં હતાં. એ પણ વિચારમાં પડી ગયા કે રોજ કરતાં શ્રીહરિ ત્રણગણું જમી ગયા તોય હજુ ઓડકાર ખાતા નથી કે ના પણ પાડતા નથી ! તેમણે કહ્યું : અરે પ્રભુ ! આજે તો આપ ઘણું બધું જમ્યા, તોય ના પાડતા નથી ! આ બાઈએ તમને વશ કરી લીધા લાગે છે.

તરત જ શ્રીહરિ બોલ્યા : બ્રહ્મચારી, આ બાઈ કઈ પરિસ્થિતિમાં અમને જમાડવા આવ્યાં છે, એ જો તમે સાંભળશો તો છાતીનાં પાટિયાં બેસી જશે.

બ્રહ્મચારીને પણ જાણવાની ઈન્તેજારી જાગી. પૂછ્યું : મહારાજ ! કહો તો ખબર પડે ને...

પ્રભુએ ખુલાસો કર્યો : આજે તમે સવારે પૂછતા હતા કે હરિકૃષ્ણ કેમ દેખાતો નથી. એ હરિકૃષ્ણને અમે અમારી મૂર્તિના સુખે સુખિયો કરી દીધો છે. તેનો દેહ હજુ ઘરમાં જ પડ્યો છે. પરંતુ એ કશાયની ચિંતા કર્યા વિના અમને જમાડવાના એકમાત્ર તાનથી એ સોળે શણગાર સજીને અહીં આવ્યાં છે. બોલો હવે ! આ બાઈનો પ્રેમ કેવો ગણવો ? બ્રહ્મચારી એ સાંભળતાં જ સ્થિર થઈ ગયા. બાઈની સમજણને ધન્યવાદ આપ્યા.

ઉમિયાબાઈ કહે : હે દયાળુ ! આપ સામે ચાલીને આવ્યા ને દીકરાને ધામનું રાજ આપ્યું એનાથી મોટો બીજો કયો આનંદ હોઈ શકે ? એ તો આપે મને સાચવવા આપેલી થાપણ હતી.

શિવ ઉપાસક દુર્લભરામને મંદિરે પૂજામાં ઘણો સમય લાગતો. એ જ્યારે પાછા આવ્યા ત્યારે ઉમિયાબાઈ શ્રીહરિને જમાડી પાછાં આવ્યાં. દીકરો હરિકૃષ્ણ દેહ ત્યજી ગયો એ જાણ થતાં જ દુર્લભરામ ધ્રૂસકે ને ધ્રૂસકે રડતા વલોપાત કરવા લાગ્યા : મારું જીવન રાખમાં રગદોળાઈ ગયું.

દીકરાના અંતિમ વિધિ બાદ ઉમિયાબાઈ પતિદેવને સમજાવી શ્રીહરિ પાસે લાવ્યાં. પ્રભુએ પણ તેમના ભેળા ભળી શોક વ્યક્ત કર્યો, એ સાથે દેહની ક્ષણભંગુરતાની વાતો કરી. એ સાંભળી દુર્લભરામને શોકની માત્રા હળવી થઈ. ત્યારથી ધીમે ધીમે એમને સત્સંગ થતાં શ્રીહરિનો મહિમા સમજાયો.

શ્રીહરિએ મહેમદાવાદમાં દશેક દિવસનો નિવાસ કર્યો. ત્યાંથી નડીયાદ થઈ વડતાલ વગેરે કેટલાંય ગામોમાં વિચરણ કરતા કરતા સારંગપુર પધારતાં મોટી વાડીએ ઊતર્યા.

કાઠીઓ સાથે રમૂજી લીલા

મોટી વાડીના માલિક સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ભક્ત હતા. ભગવાનને અહીં બાટી બનાવીને જમવી હતી; એ પણ પોતાના

હસ્તે બનાવીને. વાડીના માલિકને કહ્યું એટલે બાટીનો સઘળો સામાન લાવી આપ્યો. શ્રીહરિ પોતે બાટી બનાવી શેકવા લાગ્યા. તે વખતે કહ્યું : તમે બધા કાઠીઓ વટલાએલા છો, માટે આજે અમારા હાથે રસોઈ કરીને જમીશું. બાટી શેકતાં શ્રીહરિ તેને હસ્તે કરીને ફેરવવા લાગ્યા તેના કારણે હસ્ત દાઝવા લાગ્યા.

એ જોઈ સુરાખાચર કહે : મહારાજ ! આપના હસ્ત દાઝે છે. તેથી ફૂંકવું પડે છે. જો આપ અમને રજા આપો તો આ બાજરાનાં રાળાંથી બાટી ફેરવીએ. એમાં તો બાધ નહિ ને ?

'રાળાંથી ફેરવવામાં કાંઈ બાધ નહિ, સુખેથી ફેરવો.' સુરાખાચર રાળાંથી બાટી ફેરવતા હતા એમાં અચાનક શ્રીહરિને અડી ગયા. પ્રભુના હસ્ત હજુ લોટવાળા જ હતા. તેથી બોલ્યા : માળો જાડિયો ! અમને અડીને ભ્રષ્ટ કર્યા. કાંઈ ગતાગમ છે કે નહિ ? હવે અમે શું ખાશું ?

'ભણે મહારાજ ! શું કરું ? ખબર તો ઘણીય રાખી પણ અડી જવાયું. હજુ બાટીને અડ્યો નથી, એટલે એ તો કામ આવશે ને ?'

'ના... હવે એ મારે કાંઈ જોઈતું જ નથી.' આમ શ્રીહરિએ કહ્યું. તેનું કારણ એ જ હતું કે ગામમાંથી અમરબાઈ તથા ઘેલા શેઠનાં ધર્મપત્ની વગેરેને સમાચાર મળી ગયા હતા કે પ્રભુજી મોટી વાડીએ ઊતર્યા છે. હરિવરને હેતે જમાડવાનો સારો મોકો છે, એમ જાણી એ બાઈઓ થાળ લઈને આવી રહી હતી.

અમરબાઈ વગેરે બાઈઓ થાળ લઈને વાડી તરફ આવતી હતી. તેમને જોઈ સુરાખાચર પણ શ્રીહરિનું રહસ્ય સમજી ગયા.

બાઈઓએ શ્રીહરિની પાસે આવીને થાળ મૂક્યા. પ્રભુજી કહે : તમે કીર્તન બોલો તો અમે થાળ જમીએ. ત્યારે અમરબાઈ ગાવા લાગ્યાં :

છોગાળો રે છોગાળો, છોગાં લીધાં હાથે,
મોરલી મેલી માથે રે, છેલ છોગાળો...

એ સાંભળી શ્રીહરિ હસી પડ્યા ને કહેવા લાગ્યા : મોરલી માથે

ને છોગાં હાથે... એવું તે કોઈ દા'ડો હોતું હશે ? છોગાં માથે હોય ને મોરલી હાથે હોય !! માટે હવે એમ બોલો કે,

છોગાળો રે છોગાળો, મોરલી લીધી હાથે,
છોગાં મેલ્યાં માથે રે, છેલ છોગાળો...

અમરબાઈ કહે : મહારાજ ! અમે તો એમ શીખ્યાં હતાં એટલે એમ બોલ્યાં. હવેથી આપ કહો છો એમ બોલશું.

શ્રીહરિ જાણતા હતા કે ગામડામાં રહેતી બાઈને ગામડાની રીતિ અનુસાર કાંઈ ને કાંઈ કળા આવડતી હોય. એટલે બાઈઓને પૂછ્યું : કોઈને કૂતરાં તુતકારતાં (પાસે બોલાવતાં) આવડે છે ? ત્યારે ઘેલા શેઠનાં ધર્મપત્ની કહે : મહારાજ ! મને સરસ આવડે છે.

'ભલે, તો બોલાવ કૂતરાંને.'

તરત જ શેઠાણી તુ તુ... તુ તુ... એમ બોલવા માંડ્યાં ત્યાં જ સામી વાડીમાં રહેલું કૂતરું પૂંછડી પટપટાવતું દોડતું દોડતું આવ્યું. શેઠાણીનો મજરો જોઈ શ્રીહરિ રાજી થઈ બોલ્યા : બહુ સારું આવડે છે.

આ રીતે સૌને હાસ્યવિનોદમાં ગરકાવ કરતા શ્રીહરિ થાળ જમ્યા, કાઠીઓ પણ જમ્યા. બાઈઓના મજરા જોઈ શ્રીહરિએ તેમને પણ પ્રસાદી આપી. કૂતરું પણ દુર્લભ પ્રસાદીનું સદ્ભાગી બન્યું. મોટી વાડીમાં થાળ આરોગી શ્રીહરિ ગામમાં પધાર્યા ને જીવાખાચરના દરબારમાં ઉતારો કર્યો.

રાવળને કીધો ન્યાલ

સારંગપુરમાં શ્રીહરિના નિવાસ દરમ્યાન એક રાત્રે શ્રીહરિ પોઢ્યા હતા. ત્યાં મોડી રાતે પશે ગામનો વૈજો રાવળ આવ્યો. ગાનકળામાં એ નિપુણ હતો. રવાજ વગાડી તેણે પ્રભાતી રાગ છેડ્યો. રાવળના ગાનમાં રવાજનો પણ સરસ સુમેળ હતો. એ સાંભળી ભગવાન જાગૃત થયા, બહુ જ પ્રસન્નતા દર્શાવી. પાસે ઊભેલા સેવકને પૂછ્યું : આ સંગીત વગાડનારને મારી પાસે બોલાવો. એક સેવક પેલા રાવળ

પાસે ગયા. તેને કહ્યું : તમને ભગવાન બોલાવે છે. એ સાંભળી રાવળ ખૂબ આનંદ પામ્યો. એના હૈયે અહોભાવ જાગ્યોઃ અરે ભગવાન મને સામેથી બોલાવે છે ! એ તો મારાં મોટાં ભાગ્ય કહેવાય.

હરખ પામતો રાવળ શ્રીહરિની પાસે આવ્યો. શ્રીહરિએ તેને પૂછ્યું : તમે આ કયા હેતુથી વગાડો છો ? તેણે કહ્યું : બીજાની આગળ તો પૈસા મેળવવા માટે ને દેહના ગુજરાન માટે વગાડું છું, પણ આપની પાસેથી મારે બીજી કાંઈ અપેક્ષા નથી. આપ મારા પર રાજી થાઓ, એ જ માગું છું, જેથી મારું કલ્યાણ થાય.

કરુણાનિધાન ભગવાન રાવળની આવી શુદ્ધ ભાવના જોઈ બહુ જ રાજી થયા ને મોક્ષનું વરદાન આપ્યું; તે સાથે સોનેરી સાજે સજેલો ઘોડો, વાઘા, સુરવાળ, જરિયાની મંડીલ, રૂપાની ચાખડી આદિ ભેટ આપ્યું. ભક્તો તો જોતા જ રહી ગયા. એ કહેવા લાગ્યા : ભગવાને રાવળને વાતની વાતમાં ન્યાલ ન્યાલ કરી દીધો.

ભગવાન આવાં ચરિત્ર દ્વારા સમજાવે છે કે, બીજી કોઈ આશા વગર ભગવાનને પ્રસન્ન કરવાના હેતુથી જે કોઈ સેવા-પરિચર્યા, મજરા વગેરે કરે છે, તેને ભગવાનનો વિશેષ રાજીપો મળે છે.

વડનગરના શોભારામને અંધાપો

ડભાણના યજ્ઞમાં ગામોગામથી હજારો ભક્તો આવેલા હતા. તેમાંથી વડનગરથી વિપ્ર મોતીરામ પણ આવેલા. યજ્ઞ પૂરો થયા બાદ તે પાછા વડનગર ગયા. ત્યાં પોતાના કાકા શોભારામને મળવા ગયા. શોભારામ તો સત્સંગનો મહા દ્વેષી હતો. ભગવાને ડભાણમાં યજ્ઞ કર્યો તેની તેને ખબર ન હતી.

ભત્રીજાને ઘણા દિવસ બાદ જોઈને તેણે પૂછ્યું : અરે ! મોતીરામ, તું હમણાં કેટલાક દિવસથી કેમ દેખાતો ન હતો ? ક્યાં ગયો હતો ? મોતીરામે કહ્યું : કાકા, શ્રી સ્વામિનારાયણ ભગવાને ડભાણમાં મહાન યજ્ઞ કર્યો હતો. એનો લાભ લેવા હું ત્યાં ગયો હતો. એ યજ્ઞની તો

શી વાત કરું ! એક લાખ જેટલા તો બ્રાહ્મણ ભેળા થયા હતા. તેમાંય એક હજાર બ્રાહ્મણ તો વરણીમાં બેઠા હતા. પરનાળે અખંડ ધારે ઘી યજ્ઞકુંડમાં હોમવામાં આવ્યું.

એ સાંભળતાં જ શોભારામ ધુંઆપુંઆ થઈ ગયો. એ બબડવા લાગ્યો : અરે, સ્વામિનારાયણે યજ્ઞ પૂરો કર્યો ! બને જ નહિ. મોતીરામ કહે : કાકા, યજ્ઞ પૂરો થયો. આખા ગુજરાતમાં સહુ આનંદપૂર્વક કહે છે કે, શ્રી સ્વામિનારાયણ ભગવાને જેવો યજ્ઞ કર્યો તેવો યજ્ઞ આ પૃથ્વી ઉપર કોઈ મોટો શહેનશાહ પણ કરી શકે તેમ નથી.

શોભારામ કહે : ત્યાં કોઈ ખરો બ્રાહ્મણ નહિ ગયો હોય, નહિતર છેલ્લીવારે કુંડમાં પડીને મરત. જો હું આવ્યો હોત તો કુંડમાં પડીને પણ એનું ભૂંડું દેખાડત. મોતીરામ કહે : કાકા, કેટલાક બ્રાહ્મણોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભૂંડું દેખાડવા પોતાનાથી થાય એટલા પ્રયત્નો કરી જોયા પણ કોઈનું કાંઈ ન ચાલ્યું. સો સીધાં માગે તો પાંચસો સીધાં આપે, ગોળ માગે ત્યાં ખાંડ આપે, ખાંડ માગે ત્યાં સાકર આપે, પાણી માગે તો ઘી આપે. કાકા ! એ તો સાક્ષાત્ ભગવાન છે.

હવે શોભારામથી રહેવાયું નહિ. પોતે જે આસન પર બેઠો હતો તે પર હાથ પછાડીને ઘૂરક્યો : મોતીરામ, જો તારા સ્વામિનારાયણ ભગવાન સાચા હોય, તો હું આઠ દિવસમાં આંધળો થાઉં. ત્યારે મોતીરામે કાકાને બહુ સમજાવ્યા કે કાકા, તમે હાથે કરીને આવું શીદને માગો છો ? એ ભગવાન તો ચિંતામણિ તુલ્ય છે. જેવું ચિંતવશો તેવું મળશે. માટે કંઈક સારું માગી લ્યો. સારી શિખામણ મૂર્ખને કામ આવતી નથી એ રીતે શોભારામે કહ્યું : એ સાચા ભગવાન હોય તો ભલેને મેં માગ્યું તે મને મળે.

બસ, વાત પૂરી થઈ. આઠ દિવસની વાત તો વેગળી રહી. માત્ર ચાર દિવસમાં જ તે આંધળો થયો. અચાનક આમ થવાથી શોભારામ તો હેબતાઈ જ ગયો. મોતીરામને ઘેર બોલાવીને કહ્યું : ભત્રીજા, તું સ્વામિનારાયણને પ્રાર્થના કર તો હું દેખતો થાઉં, મારા માટે તો હવે

જીવવું ભારે થઈ પડશે. ત્યારે મોતીરામે કહ્યું : કાકા, તમારા જેવા દ્રોહી ને દ્વેષી તો આંધળા જ સારા, જેથી કોઈને નડતર ન કરો. આમ કેટલાક પોતાને હાથે કરીને પોતાનું ભૂંડું કરે.

આધોઈ તેમજ દેવળીયામાં યજ્ઞલાભ

ડભાણમાં મહારુદ્ર યજ્ઞની સમાપ્તિ પછી શ્રીજીમહારાજની આજ્ઞાથી રાયધણજી આદિક કચ્છી ભક્તો પોતાને ઘેર જવા રવાના થયા. સંઘ દેવળીયા ગામના પાદરે સવારે ચાર વાગે પહોંચ્યો. તે સમયે સૌએ આશ્ચર્ય જોયું. અનેક સંતો તળાવમાં સ્નાન કરતા સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામોચ્ચાર કરતા હતા. રાયધણજી આદિક બે ચાર આગેવાન સત્સંગી આવીને સંતોને પગે લાગ્યા.

એક સંતે પૂછ્યું : ભક્તરાજ, ક્યાંથી આવ્યા ? રાયધણજી બોલ્યા : સ્વામી, અમે ડભાણથી આવીએ છીએ. મહારાજે ત્યાં મોટો યજ્ઞોત્સવ કર્યો હતો. સંત બોલ્યા : અરે ભક્તરાજ ! શ્રીહરિ તો આ ગામમાં છેલ્લા એક માસથી બિરાજમાન છે. સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી ભાગવતની કથા કરે છે. નવાઈ પામતા કચ્છી ભક્તો સંતો સાથે ગામમાં ગયા. સભા મધ્યે બિરાજમાન શ્રીહરિનાં દર્શન થતાં ભક્તોએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ભગવાને પૂછ્યું : ભક્તો તમે ક્યાંથી આવ્યા ? રાયધણજી આદિક ભક્તોને નવાઈ લાગી. એ બોલ્યા : મહારાજ આપની આ કેવી અલૌકિક લીલા છે ! એક મહિનાથી અમે આપની સેવામાં હતા. ડભાણમાં મોટો યજ્ઞ કર્યો. લાખો વિપ્રો જમાડ્યા, હરિભક્તો તથા સંતોને અઢળક સુખ આપ્યાં. અમને રજા આપતાં કહ્યું કે ઘરે જાઓ ને તમારા સંબંધીને દર્શન કરવા મોકલજો.

શ્રીહરિ બોલ્યા : ભક્તો, અમે તો એક મહિનાથી આ દેવળીયા ગામમાં જ છીએ. જુઓ આ બધા સંતો ને ભક્તો. તે પણ એક માસથી અહીં જ છે.

કચ્છના ભક્તોએ સભા જોઈ તો ડભાણમાં જે સંતો ને ભક્તો હતા તે અહીં પણ દેખાયા. સંઘના હરિભક્તો આશ્ચર્ય સાથે અહોભાવમાં ગરકાવ થઈ ગયા. બપોરના મહાપ્રસાદ જમાડીને શ્રીહરિએ સંઘને વિદાય કર્યો.

થોડા દિવસે સંઘ કચ્છ આવ્યો. સૌ સૌના ઘરે ગયા. રાયધણજી, હિન્દુજી વગેરે આધોઈ આવ્યા. પોતાના દરબારને શણગારેલો જોયો. અનેક હરિભક્તોનાં દર્શન થયાં. કરણીબા તથા રામસંગજી તેમની પાસે આવ્યા. એ કહેવા લાગ્યા : જુઓ શ્રીહરિએ આપણા દરબારમાં બિરાજીને પારાયણ કરાવી. એક મહિના સુધી અનંત સંતોને તેમજ દેશોદેશના હરિભક્તોને શ્રીહરિએ દિવ્ય સુખો આપ્યાં.

શ્રીહરિની અકળ કળા ભલભલાને ભુલાવામાં નાખી દે એવી હતી. અનંત જીવોના કલ્યાણને માટે એક જ સમયમાં એકી સાથે આધોઈ, દેવળીયા તથા ડભાણને વિષે યજ્ઞોત્સવ કર્યો !

બાપુભાઈને કપટનું ફળ

ડભાણના મહાયજ્ઞમાં મયારામ ભટ્ટ આવી શક્યા ન હતા. તેમની અવેજીમાં હિસાબનું કામ અમદાવાદના નાગર બ્રાહ્મણ બાપુભાઈને સોંપ્યું હતું. પરંતુ તેમણે હિસાબમાં ઘાલમેલ કરી. એટલેથી એ ન અટક્યા. એવો દાવો કર્યો કે, મેં મારા બે હજાર રૂપિયા ઉમેરીને ખાતું સરભર કર્યું છે. તેમનું કપટ શ્રીહરિથી અજાણ્યું ન હતું. તેમને યુક્તિથી પાઠ ભણાવવાનું વિચારીને કહ્યું : પૈસા લેવા માટે સારંગપુર આવજો. ત્યાં મયારામ ભટ્ટ હિસાબ તપાસીને તમને પૈસા આપી દેશે.

શ્રીહરિ સારંગપુર પધાર્યા ત્યારે મયારામ ભટ્ટ દર્શને આવ્યા. પૈસાના લોભે બાપુભાઈ પણ આવ્યા. ભગવાને મયારામ ભટ્ટને હિસાબની વાત કરી; ત્યારે સુરાખાચરે કહ્યું : મહારાજ, દરરોજ મોટી મોટી ભેટો આવતી હતી એટલે યજ્ઞમાં નાણું ખૂટે એમ જ ન

હતું. તેનો કાંઈ હિસાબ માંડ્યો છે કે નહિ ? બાપુભાઈએ હિસાબના કાગળીયા બતાવ્યા. મયારામ ભટ્ટે તે જોઈને કહ્યું : આમાં કાંઈ સ્પષ્ટ નોંધ દેખાતી નથી, માટે પૈસા ખૂટ્યા એ વાત માન્યામાં આવે તેમ નથી. આમાં જરૂર કાળું ધોળું થયેલું લાગે છે. જો ખર્ચ ને ઊપજની ચોખવટ કરી આપે તો તેના પૈસા ચૂકવી દઉં.

શ્રીહરિ મર્મપૂર્વક બોલ્યા : આપણા સત્સંગમાં બાપુભાઈ જેવા કોઈ કાર્યકુશળ નથી. તેમણે ડભાણ યજ્ઞમાં બધો વ્યવહાર સંભાળ્યો એટલે યજ્ઞમાં કોઈ જાતની મુશ્કેલી પડી નહિ. બાપુભાઈ તો અમારી આજ્ઞાથી જ સંસારમાં રહ્યા છે. જો અમે આજ્ઞા કરીએ તો તે સંસારનો પણ ત્યાગ કરી દે એવા બળિયા છે. માટે બીજી માથાકૂટ કર્યા વિના બાપુભાઈને પૈસા આપી દો. કદાચ તે ગુરુનું દ્રવ્ય ખાશે તો જીવનમાં સુખી નહિ થાય. ભટ્ટ કહે : કાલે એમને પૈસા આપીશું, તે પહેલાં વિગતવાર હિસાબ તપાસી લઈએ.

શ્રીહરિએ મર્મમાં કહ્યું હતું તે વાત સુરાખાચરે બરાબર મનમાં ધારી લીધી હતી. તેમણે વિચાર્યું : બાપુભાઈએ કપટ કરી ધન લેવાનું ધાર્યું છે, માટે એને પણ યુક્તિથી બોધપાઠ આપવો પડશે.

સુરાખાચરે મનમાં ધારેલો વિચાર વહેલી તકે અમલમાં મૂકાય એ આવશ્યક હતું. તે માટે શ્રીહરિએ બીજે દિવસે સભામાં વાત કરી : વ્યવહારનું કાર્ય કુશળતાપૂર્વક પાર પાડવું એ બહુ અઘરું કામ છે. એ કામને બાપુભાઈ સરસ રીતે પાર પાડી શકે છે. એ ખરેખર બહુ મોટા છે. તેમનાં ધર્મપત્ની રાજબાઈ પણ ધર્મનિષ્ઠ ને ભક્તિવાળાં છે. બંને જણ શૂરવીર છે. અમારી આજ્ઞા પાળવામાં સદા તત્પર રહે છે.

શ્રીહરિનાં વચનનો મર્મ સુરાખાચર સમજી ગયા. એ કહે : મહારાજ ! નાગર જેવા કોઈ ખળ પુરુષ ન કહેવાય. મોટા રાજાઓને પણ છોડે નહિ. એના વહીવટમાંથી ધન પોતાના ઘર ભેગું કરી દે. એક માત્ર નરસિંહ મહેતા ભક્ત હતા. બીજા આ મયારામ ભટ્ટ છે. એ કંચન-કામિનીથી ઉદાસ છે.

તરત જ શ્રીહરિ બોલ્યા : તમે કહો છો એવા બાપુભાઈ નથી. એમને માયાની લેશમાત્ર આસક્તિ નથી. એમને સંન્યાસી થવું એ બિલકુલ કઠણ નથી. આવા ભક્તને તમે સામાન્ય વ્યક્તિ સમજો છો ?

આમ વાતની વાતમાં શ્રીહરિએ બાપુભાઈને પો'રો ચડાવી દીધો. એમાં સુરાખાચરને સારો મોકો મળી ગયો.

સુરાખાચર તો આમેય ચતુર. રમુજના નિમિત્તે કોઈને પકડમાં લેવાની સારી કળ હતી. સભામાં જ બાપુભાઈને પૂછ્યું : દ્રોણાચાર્ય ને ભીષ્મપિતામહ, એ બેમાંથી કોણ શ્રેષ્ઠ ? ત્યારે બાપુભાઈ કહે : દ્રોણાચાર્ય શ્રેષ્ઠ. સુરાખાચર કહે : ના, ના. ભીષ્મપિતામહ શ્રેષ્ઠ.

એ સાંભળી બાપુભાઈ સહેજ ગરમ થઈ બોલ્યા : ક્ષત્રિય તો બ્રાહ્મણથી કદાપિ શ્રેષ્ઠ ન હોઈ શકે. એ તો બ્રાહ્મણના શિષ્ય ગણાય. બીજી વાત પણ સાંભળી લો. બ્રાહ્મણ તો જ્ઞાની અને વૈરાગ્યવાળો હોય, જ્યારે ક્ષત્રિયને રાજ્યનું અભિમાન હોય. એવા ક્ષત્રિય બ્રાહ્મણથી શી રીતે શ્રેષ્ઠ હોઈ શકે ?

સુરાખાચર કહે : એમ માત્ર બોલવાથી કાંઈ ન વળે. આજે જ બંનેનું પારખું કરીએ. તમે બ્રાહ્મણ છો ને હું ક્ષત્રિય છું. જોઈએ તો ખરા કે માયામાં કોણ વધારે બંધાઈ રહ્યું છે. હું રાજ્ય ત્યાગીને સાધુ થાઉં ને તમે પણ ઘરનો ત્યાગ કરીને સાધુ થાઓ. આજે બાપુભાઈને પોરો ચડી ગયો હતો. એ તોરમાં ને તોરમાં બોલ્યા : સુરા, હું તો હમણાં જ સાધુ થઈ જઈશ, પણ તારાથી રાજ્ય નહિ છોડી શકાય, માટે ખોટી ડંફાસ હાંકવાની જરૂર નથી.

સુરાખાચરને અંદાજ આવી ગયો કે,બાપુભાઈને પોરો બરાબર ચડી ગયો છે; તરત જ કહ્યું : હું હમણાં જ સાધુ થાઉં છું ને તમે પણ હમણાં જ સંન્યાસી થાઓ.

બાપુભાઈ કહે : મહારાજ આજ્ઞા કરે તો હું હમણાં જ તૈયાર છું. શ્રીહરિએ કહ્યું : ખરી વાત; બાપુભાઈને સંન્યાસી થવું કાંઈ કઠણ

નથી. જો તે સંન્યાસી થાય તો બધા નાગરો તેમને પગે પડે. બધા મોટા મોટા નાગર દીવાનો પણ તેમની અનુપમ રીતે પૂજા કરે, કારણ કે સંન્યાસ આશ્રમ એ ઘણો મહાન છે. તો બાપુભાઈ, સામે સભામાં તમારાં ધર્મપત્ની બેઠાં છે. તેમની સંમતિ લઈ આવો.

બાપુભાઈ પોતાનો વટ દેખાડવા પોતાનાં પત્નીની રજા લઈને પાછા સભામાં આવ્યા. શ્રીહરિએ દેવાનંદ સ્વામીને બોલાવી બાપુભાઈને સંન્યાસીની દીક્ષા અપાવી. ભગવાં વસ્ત્રો પહેરાવ્યાં. દંડ-કમંડલું આપ્યું. વિપ્રને ઘેર તે ભીક્ષા માગી લાવ્યા ને પછી સભામાં બેઠા. પછી સુરાખાચરને કહ્યું : હવે તમે પણ થાઓ તૈયાર.

સુરાખાચર કહે : મારે તો પત્નીની રજા લેવા માટે લોયા જવું પડશે. પત્નીની રજા વિના સાધુ ન થઈ શકાય. બાપુભાઈ, એ તો તમારા જેવા કોઈ વીરલા હોય, એ જ આવું શૂરવીરતાનું કામ કરી શકે. અમારા જેવાથી તો ન થઈ શકે. ખરેખર તમને બહુ જ ધન્યવાદ.

બાપુભાઈએ જાણ્યું જે સુરાખાચરે મને પાણી ચડાવ્યું ને હવે છટકી ગયા, તેથી પોકે પોકે રડવા માંડ્યા. એ કહેવા લાગ્યા : હવે મારી પત્નીનું શું થશે ? એ પોતાનો વ્યવહાર કેવી રીતે ચલાવશે ?

શ્રીહરિ કહે : એની ચિંતા ન કરો. એના વ્યવહાર માટે સોનાનાં આ બે કડાં આપું છું. એ સાંભળી બાપુભાઈ રાજી થયા ને ડભાણમાં જઈને રહ્યા.

છ મહિના પછી તેમને તાવ આવ્યો. પત્નીને સેવા કરવા બોલાવી. ભગવાને કહ્યું હતું તે પ્રમાણે તેમનું મૃત્યુ થયું. ગુરુનું દ્રવ્ય ઓળવવાથી એ ભૂતયોનિને પામ્યા. પોતાના ઘરમાં રહ્યા. તેમના ભાઈમાં રહીને બોલ્યા ત્યારે સહુને ખબર પડી. પોતે કરેલી ચોરીની કબૂલાત કરી. ભગવાનનું દ્રવ્ય ચોરવાના પાપે બાપુભાઈને ૧૨ વર્ષ સુધી ભૂતયોનિમાં ભટકવું પડ્યું હતું.

વખતના વહન સાથે શ્રીહરિ ઠેરઠેર વિચરણ કરતા જેતલપુર પધાર્યા ત્યારે તેમના ભાઈમાં પ્રવેશ કરીને એ જેતલપુર આવ્યા. તે વખતે ભગવાન પાસે માફી માગતાં પ્રાર્થના કરી : મેં આપના અપાર ગુના કર્યા છે. મારો ગુનો આપના સિવાય કોઈ માફ કરી શકે તેમ નથી. આપે મારો સંપૂર્ણ વિશ્વાસ કર્યો, પણ મેં કૃતઘ્નીએ ખોટું નામું લખ્યું. મારું કપટ ઢાંકવા સંતોની આગળ જેમ-તેમ બોલ્યો. પરિણામે હવે મેં ઘણાં ખાસડાં ખાધાં છે. મને હવે સમજાઈ ગયું છે કે જે વિશ્વાસઘાત કરે છે તે બધા ભૂતયોનિને પામે છે. હવે હું આપની દયાની ભીખ માગું છું. કૃપા કરી મને આ યોનિમાંથી મુક્ત કરો. બાપુભાઈનો સાચા દિલનો પસ્તાવો જોઈ પ્રભુએ તેમને મુક્તિ આપી હતી.

સારંગપુરમાં બાપુભાઈને કપટનું ફળ આપી ત્યાંથી વિચરણ કરતા શ્રીહરિ ગઢપુર પધાર્યા. જીવાખાચરની પ્રાર્થના સ્વીકારી તેમના દરબારમાં પધાર્યા. ત્યારે નાટ્યકલાના નિષ્ણાત વઢવાણના દેવકૃષ્ણ અને બેચરભાઈ ઉપાધ્યાયે બાવા-બાવીના વેશ સજી ઢોંગી બાવાની ઠગબાજી રજૂ કરી. ગમ્મત સાથે જ્ઞાન પીરસી ભગવાન આગળ ખૂબ મજરા કર્યા.

ભક્તાધીન, ભક્તરક્ષક - પરીક્ષક

શામજી પટેલનો સમર્પણભાવ

એક દિવસ ગઢપુરમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતોની પંક્તિમાં પીરસી રહ્યા હતા; એવામાં મેમકા ગામના શામજી પટેલ ગઢપુર આવ્યા. એ વ્યવહારે બહુજ ગરીબ હતા, પરંતુ સત્સંગનો રંગ એમના અંગોઅંગે વ્યાપી ગયેલો હતો. એ બહુ મહેનત કરતા પણ વ્યવહારમાં તેમને બહુ વળતર મળતું નહોતું. છતાં પણ એ ભક્તને મનમાં વિચાર સરખો પણ થયો નહોતો કે ભગવાન મને આવી કંગાલ સ્થિતિમાં શા માટે રાખે છે ?

વખત એવો આવ્યો કે ભક્તને માથે દેવું બહુ જ વધી ગયું. છેવટે એ ગામ છોડીને કાઠીયાવાડમાં ચોરવીરા ગામે જઈને વસ્યા. ત્યાં કાંધાં કરીને એક વાણિયા પાસેથી ભેંસ લીધી. આશરે એક મણ જેટલું ઘી થયું ત્યારે તે વેચવા માટે ગઢપુર ચાલી નીકળ્યા.

મનમાં સંકલ્પ કરતા હતા : ઘણે દહાડે ગઢપુર જવાનું થયું છે. એમાં જો મારા વ્હાલમા સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થઈ જાય તો મજા પડી જાય. ભગવાનને તો ઘણા ભક્તો. એમના મનોરથો પૂરવા ગામોગામ વિચરણ કરવાનું થાય. એટલે ઘણા સમય સુધી ગઢપુરમાં રોકાવું પાલવે પણ કેમ ? આવા મનોમંથન સાથે એ ગઢપુર આવી પહોંચ્યા. એવામાં સામેથી લાધા ઠક્કર મળ્યા. એમને શામજી પટેલે પૂછ્યું : ભગવાન અહીં બિરાજે છે ને ?

‘હા પટેલ, ભગવાન અહીં જ છે. દાદાખાચરના દરબારમાં દર્શનદાન આપી રહ્યા છે.’

એ સાંભળતા જ શામજી પટેલના હૈયે હરખની લેરખી છવાઈ ગઈ. કહેવા લાગ્યા : વાહ રે વાહ ! ભગવાનને ભેટવા મારા મનમાં ઘણા દિવસથી ઇચ્છા હતી. આજે તે પૂરી થશે. ચાલો ભગત !

આપણે દર્શને જઈએ. આ ઘીનું દેગડું હમણાં તમારા ઘરે મૂકી દઉં. એ તો પછીય વેચાશે, પણ ભગવાનનાં દર્શન ક્યાંથી ?

લાધા ઠક્કરને ઘેર ઘીનું પાત્ર મૂકી બંને જણ દાદાખાચરના દરબારમાં આવ્યા. એ વખતે સંતોની પંક્તિ થઈ હતી. સ્વામિનારાયણ ભગવાન સ્વહસ્તે પીરસતા સંતોને તાણ કરીને લાડુ, સાટા, જલેબી જમાડી રહ્યા હતા. એ જોતાં જ શામજી પટેલના મનમાં વિચાર ઝબકી ગયો : જમનારા મહા મુક્તો છે. જમાડનારા મારા દીનદયાળુ



વ્હાલમો છે. મારી પાસે એટલી મૂડી નથી કે હું રસોઈ આપી શકું. પણ હા... એક વાત બની શકે તેમ છે. મણ ઘી લાવ્યો છું. જો મહારાજ સંતોને જમાડે તો મજા પડી જાય. આવો સુયોગ ક્યાંથી મળે ?

ત્યાં વળી એમ પણ સંકલ્પ થયો કે ઘી વેચીને વેપારીને પૈસા આપવાના છે તેનું કેમ કરીશ ? એનું પણ સમાધાન મળી ગયું. વેપારીને તો જેમ તેમ કરીને મનાવી લઈશ, પણ આવો મોકો વારે વારે ક્યાંથી મળશે ? માટે આ ઘી રસોઈ માટે જ આપી દઉં. લાધા ઠક્કરને આ વાત કરી. બંને શ્રીહરિ પાસે આવ્યા. શામજી પટેલે રસોઈ

માટે પ્રાર્થના કરી.

શામજી પટેલના દુર્બળ વ્યવહારથી શ્રીહરિ અજ્ઞાત નહોતા. એટલે કહ્યું : ભગત ! તમે ગરીબ છો. ઘી વેચીને દાણા લેવા માટે આવ્યા છો, આવી વિકટ પરિસ્થિતિમાં એ ઘીની રસોઈ અમારાથી લેવાય નહિ.

પટેલ કહે : મહારાજ ! મારો વ્યવહાર તો જેમ તેમ કરીને નભ્યો જશે, પણ સંતોને રસોઈ આપવાનો આવો મોંઘો અવસર ફરી ક્યારે મળશે ? મારા ઉપર રાજી થઈને રસોઈની હા પાડો.

ભક્તની લાગણીભરી આ પ્રાર્થનાએ ભગવાનને મૂંઝવણમાં મૂકી દીધા. છેવટે પ્રભુએ કહ્યું : ભલે, ઘી લાવો; સંતોને જમાડીએ. આવતી કાલે તમારી રસોઈ.

પ્યારા પ્રભુએ પોતાની પ્રાર્થના મંજુર કરી, એનો ભક્તને અપૂર્વ આનંદ થયો. તેમણે ઘીનું દેગડું લાવીને પ્રભુના ચરણે ધર્યું. બીજે દિવસે શામજી પટેલ તરફથી રસોઈ થઈ. શ્રીહરિ ને સંતો પોતાની રસોઈ જમ્યા એનો અદકેરો આનંદ પટેલના હૈયે સમાતો નહોતો.

ખાલી પાત્ર લઈને એ ઘેર ગયા. જેમની પાસેથી ભક્તે પૈસા લીધા હતા એ બધા ઉઘરાણી કરવા આવ્યા. તેમને ભક્તે વિનયપૂર્વક સઘળી વાત કરી. એ સાથે ખાત્રી પણ આપી કે તમારા બધા પૈસા હું ચોક્કસ આપીશ. ઉઘરાણી કરનારા પાછા ગયા.

ભગવાનની ઈચ્છા અનુસાર ભક્તે એક ખેતરમાં કપાસ ને બાજરો વાવ્યો. ચાર નાના બળદ રાખી ખેતી કરી. એ ખેતીમાં ધાર્યો નહોતો એવો મબલખ પાક તૈયાર થયો. ત્રણસો મણ કાલાં પાક્યાં. એક મણના ત્રણ રૂપિયાના ભાવે એ વેચાયો ને અઢીસો મણ બાજરો થયો. બીજાના કરતાં સારો માલ હતો. એમાં પણ સારી કિંમત ઊપજી. તેમાંથી ભક્તનું દેવું ચુકતે થઈ ગયું, એટલું જ નહિ; ઘણા રૂપિયા વધ્યા. ત્યારથી માંડીને શામજી પટેલને ખેતરમાં ઘણી નીપજ થવા માંડી. ટૂંક જ સમયમાં એ સારા આસામી થઈ ગયા.

ગઢપુરમાં એકાદ અઠવાડિયું રોકાઈ શ્રીહરિ કરિયાણા પધાર્યા. અહીં દેહાખાચર તથા મીણબાઈના આગ્રહથી વસંતોત્સવ ઊજવી અપાર રંગક્રીડા કરી.

ઝીણાભાઈની ઉપાધિ ટાળી

કરિયાણાથી પ્રયાણ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને વહેલી તકે પંચાળા પહોંચવાનું લક્ષ્ય બાંધ્યું. પ્રભુ જાણતા હતા કે પોતાના અનન્ય ભક્ત ઝીણાભાઈને આહીરો બહુ જ કનડગત કરી રહ્યા છે. ઘરમાં તાજું ધાન નથી. તેના કારણે ભક્તને ખોરી જારથી દેહનો નિભાવ કરવો પડે છે.

કોઈનેય આગોતરા સમાચાર આપ્યા વિના આજે પ્રભુજી ઝીણાભાઈના દરબારમાં પહોંચી ગયા. તે વખતે તેમનાં માતુશ્રી ગંગાબા હતાં. પ્રભુ કહે : આજે અમને બહુ ભૂખ લાગી છે, કાંઈક જમવાનું આપો.

'દયાળુ ! થોડીવાર ખમો, હું હમણાં જ રસાઈ બનાવી આપું છું.'

'એટલી વાર ખમાય એમ નથી. જે કાંઈ તૈયાર હોય તે હાલ ને હાલ લાવો.'

ગંગાબા પાસે તો ખોરી જારના રોટલા હતા. પ્રભુને એ કેમ અપાય ? એમ એ વિચારતાં હતાં ત્યાં પ્રભુ કહે : રોટલા ટાઢા છે તેની ચિંતા ન કરો. અમને જલ્દી આપો. ગંગાબાએ રોટલો ને કઢી તૈયાર હતાં તે પીરસ્યાં. પ્રભુજી જમવા બેઠા.

ઝીણાભાઈને ખબર મળ્યા કે ભગવાન પોતાના દરબારમાં પધાર્યા છે. એટલે એ દોડતા દોડતા આવી પહોંચ્યા. પ્યારા પ્રીતમને રોટલો જમતા દીઠા. તરત કહ્યું : અરે પ્રભુ આપના માટે આ ભોજન નથી. એટલું બોલતા ગદ્ગદ થઈ ગયા.

ભગવાન કહે : ઝીણાભાઈ ! તમે તો દરબાર કહેવાઓ તોય તમે આવી ખોરી જુવાર જમો છો !! કાંઈ કારણ તો કહો...

'દયાળુ, આપનો આશ્રય કર્યા પછી મને કોઈ જીવને દુભવતાં સંકોચ થાય છે. અમે ગરાસિયા એટલે અમે જાતે ખેતી ન કરીએ. ક્યારેય ખેતી ન કરી હોય એટલે તે આવડે પણ નહિ. જમીન તો ઘણી છે; ગામના આહીરોને ખેડવા આપી છે. અમારા પિતા ધામમાં ગયા પછી આ આહીરો વંઠી ગયા છે. જે કાંઈ પાક થાય છે એમાંથી અમને કાંઈ આપતા જ નથી. એમને કાંઈક કહીએ તો સામેથી દમદાટી દેતા ફરે છે. એટલે સંગ્રહી રાખેલી જૂની ને ખોરી થઈ ગયેલી જાર ખાવી પડે છે.'

'દરબાર ! આવું કેટલા સમયથી ચાલે છે ?'

'પ્રભુ ! દોઢેક વરસ વીતી ગયું.'

પોતાના અનન્ય ભક્તનું આ પ્રકારનું દુઃખ સાંભળતાં જ પ્રભુજીનું દિલડું દ્રવી ઊઠ્યું. તરત જ નિર્ણય કરી લીધો કે આહીરોને પાઠ ભણાવવા પડશે.

કેટલાક મહિના પહેલાં શ્રીહરિ કર્નલ વોકરને મળ્યા હતા. એ વખતે વોકરે કહેલું હતું કે અમારા યોગ્ય કંઈક કામ હોય તો જરૂર જણાવજો.

ઝીણાભાઈનો સંદેશો કોઈના મારફતે મોકલવો એ પ્રભુને યોગ્ય ન લાગ્યું. પ્રભુજી પોતે જ ઊપડ્યા. માણકી પર અસવાર થયા. એ માણકી તો ભગવાનની મરજીને સમજનારી. જાણે પાંખો આવી હોય તેમ ઊપડી. સોરઠ, ઝાલાવાડ વગેરે દેશ પાર કરી શેત્રુંજી, કાળુભાર, સાબરમતી, મેશ્વો પસાર કરી વાત્રક તીરે ખેડાના કેમ્પ પર આવી પહોંચ્યા. ત્યાં ચોકીદારો ચોકી કરી રહ્યા હતા. રાજવી વેશમાં પ્રભુને ચોકીદારો ઓળખી ગયા; કેમ જે થોડા જ દિવસ પહેલાં તેઓએ પ્રભુનાં દર્શન કરેલાં હતાં. પ્રભુએ કહ્યું : અમારે વોકર સાહેબને મળવું છે.

'પણ એ સૂતેલા છે, અત્યારે કેમ જગાડાય ?!'

'એમને માત્ર સંદેશો જ આપો કે સ્વામિનારાયણ આવ્યા છે. એ

તમને મળવા માગે છે.'

પહેરેગીર સંકોચ પામતો સાહેબ પાસે ગયો. ધીમેથી સંદેશ આપ્યો. 'સ્વામિનારાયણ' નામ સાંભળતાં જ વોકર સાહેબ સફાળા ઊભા થઈ ગયા. ઉતાવળા ઉતાવળા શ્રીહરિની પાસે આવ્યા. પ્રભુને પ્રેમથી વંદન કરીને પૂછ્યું : આમ અચાનક રાત્રે કેમ આવવાનું થયું ?

'કામ એવું જ અગત્યનું છે એટલે જ આવ્યા છીએ.'

'તો સુખેથી કહો. મારાથી થઈ શકે તેટલી મદદ કરીશ.'

પંચાળાના ઠાકોર ઝીણાભાઈ અમારા નીતિવાળા ભક્ત છે; એમની ખેતીની જમીન આહીરોએ પચાવી પાડી છે. બે વરસથી ઊપજનો ભાગ પણ આપ્યો નથી.'

'પણ એ તો કહો કે આપ અત્યારે રાતોરાત ક્યાંથી આવ્યા ?'

'સાહેબ અમે ત્યાંથી જ આવ્યા છીએ.'

'અહો ! એટલે બધે દૂરથી ! ને તેય પણ આ ઘોડી પર ! પોતાના ભક્ત માટે આટલો બધો દાખડો કર્યો ! ધન્ય છે તમને ને ધન્ય છે આ ઘોડીને. કાલથી જ આહીરોની સાન ઠેકાણે આવી જશે.' કર્નલ વોકર સાથે આ રીતે વાતચીત કરી શ્રીહરિએ ઘોડી પંચાળા તરફ દોડાવી મૂકી.

બે ત્રણ દિવસમાં જ ટોપાધારી અંગ્રેજોની સેના પંચાળા બાજુ આવી પહોંચી. બંદૂકોના ભડાકા થયા. આહીરો ફફડી ઊઠ્યા. આમેય એ આહીરો અંગ્રેજોથી બહુ જ ડરતા. એમને ખ્યાલ આવ્યો કે એ બધાનો ઉધડો લેવા જ સેના આવી છે; આવી ખબર પડે પછી કોઈ ઊભા રહે ખરા ?

જે આહીરોએ ઝીણાભાઈના ખેતરમાં પડાવ નાખ્યા હતા એ બધા પોતાનો સામાન મૂકીને ભાગવા માંડ્યા; પરંતુ સૈનિકો હવે શું તેમને જવા દે ? બધાને આંતરી લીધા ને એવી દંડાવાળી કરી કે માતેલા સાંઢ જેવા બનેલા એ આહીરો શિયાળ જેવા રાંક બની ગયા. એવો ભય લાગ્યો કે હવે જો આઘાપાછા થયા તો આ સેના આપણને ભડાકે ઉડાડી દેશે.

શ્રીહરિ તે ખળામાં પધાર્યા. આહીરો કહે : મહારાજ ! અમને આ યમગણથી છોડાવો.

'તમે વંઠી ગયા છો, અનીતિ કરો છો, હરામનું ખાઓ છો, એનું ફળ તો ભોગવવું જ પડશે ને ?'

'હવે અમે એવું નહિ કરીએ. અમને એક વખત છોડાવો.'

'જો છૂટવું હોય તો એક જ ઉપાય છે. તમે બે વર્ષથી ઝીણાભાઈનું અનાજ દબાવી રાખ્યું છે તે બધુંય લાવીને તેમના કોઠારમાં ભરી દો. એટલું જ નહિ, એમની માફી માગો. હવે પછી જો આઘાપાછા થયા છો તો આ સેના તમને ભડાકે દેશે.'

આહીરો તો એવા ફફડી ગયા હતા કે શ્રીહરિનાં વચનનો અમલ તત્કાળ કર્યો. કેટલાકને એ પણ સમજાઈ ગયું કે નીતિ પ્રમાણે વર્તવામાં જ સુખ છે. સ્વામિનારાયણ ભગવાન બધાને નીતિપરાયણ જીવન જીવવાનો બોધ આપે છે, આમ વિચારી કેટલાય આહીરો ભગવાનના આશ્રિત થયા.

પંચાળામાં ઠાકોર ઝીણાભાઈનો ઉપદ્રવ મટાડી શ્રીહરિ રાયપુર, કોટડા, થઈ ગોંડલ પધાર્યા. અહીંના નરેશ દેવોજી પોતાના ચાર સુપુત્રો નાથોજી, કાનોજી, મોતીભાઈ અને ભાણભાઈ, તેમજ નાના ભાઈ હઠીજી ને ભાવસિંહ સહિત શ્રીહરિના દર્શનાર્થે આવ્યા. રાજ્યના સેનાપતિ પદ પર રહી હઠીજીએ રાજ્યમાં શાંતિ પ્રસ્થાપિત કરી હતી. શ્રીહરિનો પટ્ટાભિષેક થયો તે વખતે દેવોજીના પ્રતિનિધિ તરીકે હઠીજી હાજર રહ્યા હતા.

ગોંડલ પધારેલા શ્રીહરિનું જાજરમાન સ્વાગત કરી દેવોજીએ પોતાના ચાર પુત્રોની ઓળખાણ આપી; ત્યારે આર્ષદૃષ્ટા શ્રીહરિ બોલ્યા : મોતીભાઈ ને ભાણભાઈ અમારા ને બીજા બે તમારા. એ કથન અનુસાર મોતીભાઈ ને ભાણભાઈએ સત્સંગનો વારસો રાખ્યો હતો.

ગોંડલમાં રાજ પરિવાર તેમજ ભક્તોને સુખિયા કરી શ્રીહરિ જેતપુર, ધોરાજી, દૂધીવદર, કંડોરડા થઈને કાલાવડ પધાર્યા. ત્યાં એક રાત રોકાયા. બીજે દિવસે સવારે સાથે આવેલા સખાઓને રજા આપી

પોતાના અશ્વને પણ તેમની સાથે મોકલી દીધા. પછી શ્રીહરિ મોડા ગામમાં જાડેજા દરબાર રણમલસિંહને ત્યાં પધાર્યા. અહીં નદીમાં સ્નાન કરીને શ્રીહરિ પાછા ઉતારે પધાર્યા. જલા ભક્તની બેન પાલીબાઈ પેંડાનો થાળ ભરીને લાવ્યાં. તે વખતે બ્રહ્મચારી પણ થાળ લાવ્યા. તેમાં શીરો, પુરી, રોટલી, દાળ, ભાત, શાક, અથાણાં વગેરે હતું. પ્રેમવશ પ્રભુજીએ પેંડા ને થાળ જમીને સૌને પ્રસાદી પણ આપી.

દરબાર રણમલસિંહજીએ ભારે ભારે ઉપચારથી શ્રીહરિની પૂજા કરી આરતી ઉતારી. સાંજના સમયે શ્રીહરિ કરમદીના ઘુને-ધરામાં સ્નાન કરીને પરવાર્યા. મેઘરાયજીના આંબાવાડિયામાં સભા કરી. તે વખતે સોની હીરજીભાઈ વગેરેએ પૂજન અર્ચનના લ્હાવા લીધા. શ્રીહરિએ વાત કરી : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા, બ્રહ્મચર્ય અને અહિંસા; એટલાં સાધન પાકાં થાય ત્યારે ઉપાસકની શુદ્ધિ થાય છે. અક્ષરાતીત એવા પુરુષોત્તમનારાયણ છે તેને ભજને કરીને સર્વે મોટપને પામેલા છે. એ પુરુષોત્તમનારાયણ જેવા તો અક્ષર પર્યંત કોઈ નથી. એવા તો એ એક જ છે.

સભામાં બેઠેલા દરબાર રણમલસિંહ વગેરે સૌએ સારમાં સારરૂપ આ વાતને પોતાની જીવનદોરીરૂપ માની તેની દૃઢતાની ગાંઠ વાળી લીધી.

દરબારને સત્સંગ થવામાં શ્રીહરિની એક દિવ્ય લીલા નિમિત્તરૂપ બની હતી. શ્રીહરિ ગંગાજળા ગામની નદીમાં સ્નાન કરતા હતા તે વખતે નદીમાં રહેલા મગરનો ઉદ્ધાર કર્યો હતો. બસ ત્યારથી જ રણમલસિંહજીને દૃઢ નિશ્ચય થઈ ગયો હતો. વળી સંતસમાગમ કર્યો તેમાં તેમને સંસારનું મિથ્યાપણું સમજાઈ ગયું હતું. તેથી સંત થવા શ્રીહરિ પાસે ગયા હતા. તેમને શ્રીહરિએ બોચાસણના કાશીદાસના કામમાં મદદ માટે મોકલ્યા, તે કામ પણ તેમણે હર્ષપૂર્વક કર્યું હતું. તેમની સેવાભાવનાથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ ભાગવતી મહાદીક્ષા આપી અક્ષરાનંદ સ્વામી નામ આપ્યું હતું. વખતના વહન સાથે તેમને વડતાલ મંદિરના મહંતપદે પણ નીમ્યા હતા.

પૂર્વાશ્રમમાં જેમને શ્રીહરિને વિશે અસાધારણ લગની લાગી હતી એવા રાજવી દરબાર રણમલસિંહજી તેમજ અત્રે વસતા અન્ય ભક્તોના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ અલૈયા ગામમાં નારાયણજી સુતારને ત્યાં થઈને ભાદરા પધાર્યા.

મહાલોભી પ્રેમજી વાણિયો

ભાદરા ગામે શ્રીહરિ પધારતાં અત્રે વિશ્રામ સુથાર વગેરે ભક્તો રોજ ભગવાન માટે નવી નવી રસોઈ કરાવતા. ભક્તોનો ભાવ જોઈ ભગવાન જમવા પધારતા. અહીં ધ્રોળ ગામનો પ્રેમજી વાણિયો પણ રોજ જમવા માટે ભગવાનની સાથે પહોંચી જતો. તેમણે એકવાર પણ રસોઈ આપી ન હતી. શ્રીહરિ તેની લોભવૃત્તિ જાણતા હતા.

એકવાર હરિભક્તોએ ભગવાન પાસે કહ્યું : પ્રેમજી વાણિયો રોજ આપની સાથે જમવા માટે ઘૂસી જાય છે, પણ સેવાના નામે એક ટકાનું પણ ખર્ચ કરતો નથી. આપ તેને ઘેર એક વખત જમો તો અમને જોવાની મજા આવે. શ્રીહરિએ કહ્યું : તમે ચિંતા ન કરો. મારા મનમાં એ વાત ક્યારનીય રમે છે. એક દિવસ એવો સુયોગ પણ થઈ જશે.

એક દિવસ શ્રીહરિ સભામાં બિરાજમાન હતા; એવામાં પ્રેમજી વાણિયો ત્યાં આવ્યો. તેને પ્રભુએ કહ્યું : મેં એવું સાંભળ્યું છે કે તમે જમવામાં બહુ જ વખણાઓ છો. તો મારે તમને પેંડા જમાડવા છે. તો બોલો કેટલા પેંડા જમશો ?

'અરે મહારાજ ! પાંચ શેર પેંડા તો હું ઊભે ઊભે ઝાપટી જાઉં .'

'જો તમે ન જમી શકો તો તમે બધાય સત્સંગીને જમાડશો ને ?'

'મહારાજ ! ભલે, એ વાત મંજુર. પાંચ શેર પેંડામાં તો હું ભૂક્કોય રહેવા નહિ દઉં. જો વિશ્વાસ ન આવતો હોય તો આ નંગ જડેલો સોનાનો દાગીનો પટેલને આપું છું.'

પ્રેમજી વાણિયાને બરાબર પોરસો ચડી ગયો હતો. એને થયું આજે તો વગર માંગે પરબારા પાંચ શેર પેંડાનો મેળ પડી ગયો !

શ્રીહરિએ પેંડા મંગાવ્યા. વાણિયા આગળ મૂકીને કહ્યું : લે જમવા માંડ. વાણિયો ત્રણેક શેર પેંડા માંડ જમ્યો ત્યાં જ તેને અકળામણ થવા માંડી. થોડું થોડું કરીને બીજા એક શેર પેંડા તો માંડ માંડ પૂરા કર્યા. છેવટે પાંચ પેંડા વધી પડ્યા.

'અરે પ્રેમજી કેમ જમતો અટકી ગયો !' પ્રભુએ પૂછ્યું.

'પ્રભુ, હું ઘણુંય મથું છું પણ હવે એક પેંડોય મોંમાં જાય એમ નથી. કોણ જાણે કેમ થયું ? નહિતર પાંચ શેર પેંડા પૂરા કરવા એ તો મારે સાવ રમત વાત હતી.'

'તો હવે તારે સત્સંગીને જમાડવા પડશે.'

'ભલે પ્રભુ ! નક્કી થયું એ પ્રમાણે હવે કર્યા વિના ક્યાં છૂટકો છે ? આ સાથે મારે એ શરત છે કે ગોળના લાડુ બનાવો ને તેમાં જેમ બને તેમ ઓછું ઘી નાખજો.'

હવે ભક્તોને બોલવાનો વારો આવી ગયો. કહેવા લાગ્યા : હે મહારાજ ! આ કંજૂસનો કાકો છે. તેણે સંતોનેય ક્યારેય જમાડ્યા નથી. આપ જ્યાં પધારો ત્યાં એ ઝાપટવા સૌથી પહેલો હાજર થઈ જાય છે. એ મફતિયું કેટલુંય ઝાપટી ગયો છે. પુણ્યના નામે તેણે એક પાઈ પણ વાપરી નથી. એની પાસે પાંચ હજાર રૂપિયા છે, તોય પોતાને ઘેર પેટ પૂરતું જમતોય નથી. પારકે ઘેર તો અકરાંતિયો થઈને ઝાપટવા મંડી પડે છે.

'ભક્તો ! આવું હોય તો આપણે એની પાસેથી દૂધપાકની રસોઈ લઈએ.' 'અરે મહારાજ ! જો દૂધપાકની રસોઈ કરશો તો તો મારું ઘરબાર સાફ થઈ જશે. પછી ઘડપણમાં હું શું ખાઈશ ? મારે તો ભીખ માગવાના દા'ડા આવશે.'

છેવટે હા... ના... કરતાં દૂધપાક કરવાનું નક્કી થયું. એ દૂધપાક ઓછો વપરાય તે માટે વાણિયો કહે : દૂધપાકમાં જાયફળ વધારે નાખજો. આ સાથે એ વાત પણ પાકી કે, જમવા માટે દરેક કુટુંબમાંથી એક જ વ્યક્તિ આવે. પોતાના પુત્ર પરિવારમાંથી કોઈનેય ન લાવે.

તરત જ શ્રીહરિએ ટકોર કરી : એ નહિ બને. બધાય આવશે ને તારે તેમને જમાડવા પડશે. ભગવાનના કડક વલણ આગળ વાણિયાની વાણિયાબાજી ન ચાલી. પ્રભુએ ભક્તોને પણ કહી દીધું : સગાંસંબંધીને લઈને જમવા આવજો. આ સાથે પ્રભુએ પણ તકેદારી રખાવી કે વાણિયો દૂધપાકમાં કાંઈ ઘાલમેલ ન કરી શકે.

જમવાની પંક્તિ થઈ. ભોજન પીરસાઈ ગયાં. શ્રીહરિ પોતે પીરસવા પધાર્યા. તે પણ દૂધપાકની તાંબળી હાથમાં લઈને. વાણિયાનું મોઢું પહોળું થઈ ગયું. એ કહેવા લાગ્યો : અરે મહારાજ... આટલું બધું પીરસશો તેના પૈસા હું ક્યાંથી લાવીશ ? હવે આ જમણમાં તમે મારું કારજ પણ ભેગું ગણી લેજો.

સહુ જમી રહ્યા બાદ ભક્તોએ મુખવાસ માગ્યો. વાણિયો કહે : રસોઈમાં વરિયાળી આપવાનું ઠરાવેલું નથી, માટે તે નહિ મળે.પરંતુ પ્રભુએ તો દૂધપાક પીરસી બધુંય વળતર મેળવી લીધું હતું.

બીજે દિવસે વાણિયો પ્રભુ પાસે ગયો. દાગીનાની માંગણી કરી. પ્રભુ કહે : રસોઈના બધા પૈસા ચૂકવી દે પછી જ તને દાગીનો પાછો મળશે. સીધું લાવી આપનાર પટેલે પણ કહ્યું : હા મહારાજ ! આ વાણિયા પાસે ઉધારાની વાત બાકી રખાય એવી નથી.

પ્રભુ કહે : વાણિયા ! તું જલ્દી જા; આ પટેલને પૈસા ચૂકવી દે એટલે તને દાગીનો પાછો મળી જશે.

કહટાતો કહટાતો વાણિયો રૂપિયા લાવ્યો. પ્રભુએ સીધાનો હિસાબ ચૂકતે કરાવી દીધો. પછી જ દાગીનો વાણિયાને આપ્યો.

લોકો પોતાની લોભવૃત્તિ છોડી શકતા નથી, પણ ભગવાન તો એવા કળિયા, બળિયા ને છળિયા છે કે લોભીને પણ બરાબરના પાઠ ભણાવીને જ જંપે છે.

ચોફાળનો તરાપો કર્યો

ભાદરા ગામમાં શ્રીહરિ ઊંડ નદીએ રોજ જળક્રીડા કરવા જતા. નદી કિનારે આવેલા વિશાળ વડલા પર ચડીને ધૂબાકા મારતા. બાહ્ય

દૃષ્ટિએ લૌકિક જણાતી આ પ્રભુની લીલા ભક્તોની સ્મૃતિ માટે હતી.

એક દિવસ વિશ્રામ સુથારને પ્રભુએ કહ્યું : લાકડાંનો તરાપો લઈ આવો. એના પર બેસીને આપણે સામે કિનારે જઈએ.

'પણ મહારાજ, હાલમાં લાકડાંનો તરાપો તૈયાર નથી. કદાચ બનાવવા બેસીએ તોય તત્કાળ બની શકે એમ નથી, એને બનાવતાં ઘણો સમય લાગે.'

'કાંઈ વાંધો નહિ. ચાલો બીજો ઉપાય કરીએ. કપડાંનો ચોફાળ લઈ આવો. આપણે ચોફાળનો તરાપો બનાવીને સામે કિનારે જઈએ.'

શ્રીહરિએ આમ કહ્યું તે વખતે કેટલાક ભક્તો બાજુમાં ઊભા હતા. એ કહેવા લાગ્યા : મહારાજ, કપડાના ચોફાળ પર બેસીને સામે કિનારે શી રીતે જવાય ?

શ્રીહરિ મલક્યા. કહ્યું : તમે ચોફાળ લાવો તો ખરા. આપણે જોઈએ કે તેનો તરાપો બનાવી નદી પાર કરાય છે કે નહિ ?



શ્રીહરિના આ સૂરમાં ભક્તો સમજી ગયા કે આજે પ્રભુજીએ નવી લીલા કરવા ધારી છે એનાં દર્શન આપણને સહજ સહજમાં થઈ જશે.

ચોફાળ આવી ગયો. પ્રભુએ આદેશ કર્યો : તમે ચાર ભક્તો છેડા પકડી નદીના પાણીમાં ઊભા રહો ને ચોફાળ પહોળો કરો. પાણી ઉપર ચોફાળ પથરાયો ત્યાં જ શ્રીહરિએ ભક્તોને કહ્યું : હવે તમે આ તરાપા પર બેસવા માંડો.

કેટલાકને જીજ્ઞાસા હતી, કેટલાકને ખાત્રી કરવી હતી, કેટલાકને અખતરો કરવો હતો, તો કેટલાક સંપૂર્ણ વિશ્વાસી હતા. શ્રીહરિની આજ્ઞા થતાં વિશ્વાસી ભક્તો તરાપા પર બેસવા માંડ્યા. બાકીનાએ આ નજરે નીહાળ્યું, એટલે પાકો ભરોસો બેસી ગયો કે હવે કાંઈ વાંધો આવે એમ નથી. ચપોચપ સહુ ચોફાળના તરાપા પર બેસી ગયા.

પ્રભુએ પણ એવી કરામત કરી કે, ચોફાળનો એ તરાપો લાકડાના જેવો મજબૂત થઈ ગયો. એટલું જ નહિ, ભક્તો જેમ જેમ બેસતા ગયા તેમ તેમ એ તરાપો લાંબો પહોળો થતો ગયો. કોઈ એ કળી શકતા નહોતા કે આ શી રીતે થઈ રહ્યું છે ! સૌનાં હૈયાં આજે આનંદ સાથે આશ્ચર્યભાવમાં છલકી રહ્યાં હતાં. શ્રીહરિ પણ આવીને સૌની મધ્યે બિરાજ્યા. ત્યાં જ તરાપો પોતાની મેળે ગતિ કરવા લાગ્યો.

સામાન્ય રીતે તરાપો ચલાવવા હલેસાં મારવાં પડે. પરંતુ આ અલૌકિક તરાપાને હલેસાંની પણ જરૂર નહોતી ! જે તરાપો શ્રીહરિના સંકલ્પથી સર્જાયો એમાં શી ખામી હોય ? એમાં તો બધું જ અદ્‌ભુત... અદ્‌ભુત...

તરાપો તરતો તરતો સામે કિનારે પહોંચ્યો. ત્યાં નદી તટ પર વિવિધ જળક્રીડા કરી શ્રીહરિએ સૌને યાદગાર સંભારણાં કરાવી આપ્યાં. ફરીથી આદેશ કર્યો : હવે પાછા તરાપામાં બેસી જાઓ. હવે તો કોઈનેય શંકા નહોતી એટલે બધા ચપોચપ બેસી ગયા. પૂર્વવત્ હલેસાં વિના ગતિ કરતા સૌ પાછા આવી પહોંચ્યા.

દિવ્ય અનુભવ માણનારા સંતો-ભક્તોનો હરખ આજે ચરમ સીમાએ પહોંચ્યો હતો. કોઈનેય કલ્પનામાં ન આવે એવો એ

અલૌકિક અનુભવ હતો.

જોડિયાના રાજા સંગ્રામજીને સત્સંગ

ભાદરા ગામની નજીક જ આવેલું જોડિયા; એ જામ તાબાનું બંદર. અહીંના રાજા સંગ્રામજીને સત્સંગ થયેલો નહોતો. વળી એ દેવીપૂજક હતો. સ્વામિનારાયણ ભગવાનનો ઉત્કર્ષ જોઈ એ મનમાં બળી મરતો. જોડિયામાં સત્સંગીઓ સારા પ્રમાણમાં હતા. એમને હેરાન કરવાનો લાગ જોઈને બેઠો હતો.

અહીં વસતા એક પટેલનો દીકરો સત્સંગી થયો. પટેલ દેવીપૂજક હતો. પુત્ર સત્સંગી થયો, એ જોઈ પટેલ અકળાયો. તેણે રાજાને કાનભંભેરણી કરી : આપના રાજ્યમાં સ્વામિનારાયણનું નવું તૂત ઊભું થયું છે. એ જાદુઈ વિદ્યા જાણે છે. તેના દ્વારા કેટલાયને ભરમાવી નાખ્યા છે. મારા પુત્ર ઉપર પણ ભૂરકી નાખી છે, એટલે મારું કહ્યું માનતો જ નથી. એ સ્વામિનારાયણ પંથવાળા દેવીની નિંદા કરે છે.

આ અંગે રાજા સંગ્રામજીએ કોઈપણ જાતની ઊંડી તપાસ ન કરી. તરત જ હુકમ કર્યો કે સ્વામિનારાયણના સત્સંગીઓને વીણી વીણીને કેદમાં નાખો. એ પ્રમાણે તેનો અમલ પણ થયો.

ભાદરામાં રહેલા શ્રીહરિને આ સમાચાર મળ્યા કે તરત જ મૂળજી બ્રહ્મચારીને સાથે લઈને જોડિયા ગામે પહોંચ્યા. એ વખતે સંગ્રામજી દેવીની પૂજા કરી પાલખીમાં બેસીને પાછો વળ્યો હતો. શ્રીહરિની પ્રશાંતમૂર્તિનાં દર્શન કરતાં જ તેના હૈયામાં પ્રવર્તેલા ઊગ્ર વિચારો શાંત થયા. પાલખીમાંથી ઊતરી ભગવાનને પ્રણામ કર્યા. પ્રભુનો ધર્મોપદેશ સાંભળી તેનામાં સવિશેષ સાત્ત્વિક વૃત્તિ જાગૃત થઈ. પોતાની ભૂલ સમજાઈ. તરત જ પ્રભુને પ્રાર્થના કરી. પોતાની પાલખીમાં બિરાજમાન કરી પોતાના દરબારમાં પધરાવી સન્માન કર્યું. આ રીતે તત્કાળ હૃદય પરિવર્તન થવાનું કારણ એ જ હતું કે એ દૈવી જીવ હતો, પણ સંગદોષે કરીને અવરાઈ ગયો હતો.

શ્રીહરિ દરબારમાં જ બિરાજમાન હતા એવામાં પેલો ફરિયાદી પટેલ આવી પહોંચ્યો. તેને શ્રીહરિએ દિવ્ય તેજોમય સ્વરૂપે દર્શન આપ્યાં. ભગવાનનો પ્રતાપ જોઈ પટેલે પણ ભગવાનનું શરણું સ્વીકારી લીધું. વળી પ્રાર્થનાપૂર્વક પોતાને ઘેર પધરાવી થાળ જમાડ્યા.

સંગ્રામજીએ કેદ કરેલા સત્સંગીઓને છોડી દીધા એટલું જ નહિ, તેમના પ્રત્યે આદરભાવ દર્શાવ્યો. ત્યારથી માંડીને સત્સંગીઓને ભજન માટે સઘળી વાત સુગમ થઈ ગઈ હતી. શ્રીહરિ જોડિયા પધારે ત્યારે દરબાર દર્શનાર્થે જતા, કોઈવાર પોતાને ત્યાં જ ઉતારો કરાવીને જમાડતા.

ભાદરા થઈને કચ્છમાં જવાનું થાય ત્યારે શ્રીહરિને જોડિયા બંદરે આવવાનું થતું જ, કેમ જે ત્યાંથી દરિયાઈ માર્ગે માંડવી આદિ બંદરે પહોંચવા જોડિયા બંદર ઉપયોગી થતું.

જોડિયાનાં હરબાઈએ વહાણ ડોલાવ્યું

દરબારને સત્સંગ કરાવ્યા બાદ શ્રીહરિ જોડિયા બંદર પધાર્યા તે વખતે ભગવાનની સાથે કોઈ નહોતું. અહીં હરબાઈ ભગવાનને વિશે અત્યંત પ્રેમવાળાં હતાં. એમના મનોરથ પૂરા કરવા ભગવાન પધાર્યા હતા. ભગવાને તેમને ત્યાં ઉતારો કર્યો.

જો ભગવાન મોટા સમુદાય સાથે પધારે તો હરબાઈનો સંકલ્પ પૂરો થઈ શકે તેમ નહોતું, તેથી ભગવાન એકલા પધાર્યા હતા. વળી દરબારને ખબર પડે તો એ પણ રોકી રાખે તેમ હતું.

પોતાના ઈષ્ટદેવ સામે ચાલીને આવ્યા એટલે બાઈને આનંદ આનંદ થઈ ગયો. રોજે રોજ નવી નવી વાનગી બનાવી એ ભગવાનને જમાડતાં.

ઘઉં - ચણાના લોટના પુડલા, પુરણપોળી, ચુરમાના લાડુ, મોહનથાળ વગેરે પકવાન સાથે કંઈનું કંઈ ફરસાણ, ચટણી, પાપડ, અથાણાં, દાળભાત - શાક પણ હોય.

એક દિવસ હરબાઈ થાળ કરતાં હતાં; એ સમે શ્રીહરિ નહાવા માટે જતા હતા. રસ્તામાં ભુજના સુંદરજી સુથાર મળ્યા. ભગવાનને

પ્રાર્થના કરી : મહારાજ ! આપ ઘણા સમયથી કચ્છમાં નથી પધાર્યા. આપના પ્રેમાળ ભક્તો આતુર નયને આપનાં દર્શન ઝંખી રહ્યા છે, તો કૃપા કરી કચ્છમાં પધારો.

'અરે સુંદરજીભાઈ ! અમે એવા કાંઈ નવરા નથી કે તમો કહો ને અમે ચાલી નીકળીએ. કેટલાય ભક્તો અમારી રાહ જોઈને બેઠા હોય એનું શું થાય ?'

'પણ પ્રભુ ! આજે જ માંડવી તરફ વહાણ જનારું છે. આવો સુયોગ વારે વારે ક્યાંથી મળે ? ભક્તો આતુર નયને આપની રાહ જોઈ રહ્યા છે.'

પ્રેમાધીન પ્રભુએ ભક્તનું વચન સાંભળીને પ્રકરણ ફેરવ્યું. કહેવા લાગ્યા : સુંદરજીભાઈ ! તો તો અમારે આવ્યા વિના છૂટકો જ નથી.

ભગવાનની પણ કેવી અકળ લીલા ! નાહવા માટે જઈ રહ્યા હતા ને ઉતારા પર હરબાઈ ભગવાન માટે થાળ બનાવી રહ્યાં હતાં, એ બધું જ મૂકી દઈને સુંદરજીભાઈ સાથે ભુજ તરફ જવા નીકળી પડ્યા !

બંદરે આવ્યા ત્યારે સુંદરજીભાઈને પૂછ્યું : તમે કયું વહાણ નક્કી કર્યું છે, એ તો બતાવો ? ભક્તે વહાણ બતાવ્યું. ભગવાન કહે : ખારવાને બોલાવી લાવો. મારે એક ખાત્રી કરવી છે.

'ભલે મહારાજ ! હમણાં જ બોલાવી લાવું,' કહેતાં જ સુંદરજીભાઈ ખારવાને બોલાવી લાવ્યા.

પ્રભુએ પૂછ્યું : આ તારું વહાણ બૂડે કે નહિ ?

'અરે મહાત્માજી ! આ વહાણ બૂડે એવું નથી,' ખારવાએ મક્કમતાથી ખુલાસો કર્યો.

'પૂર્વે કોઈનાં વહાણ બૂડ્યાં હશે કે નહિ ?' ભગવાનનું એ વચન સાંભળી ખારવાને એમ લાગ્યું કે આ મહાત્મા બહુ બીકણ લાગે છે, એટલે કહ્યું : એ તો સો વહાણમાંથી કોઈક જ વહાણ બૂડે.

'કદાચ આ તારું જ વહાણ સો માંહેલું હોય તો ?' ભગવાનના આ પ્રશ્ને ખારવાને મૂંઝવણમાં મૂકી દીધો. બિચારાને ક્યાં ખબર હતી કે આ પ્રશ્ન પૂછનારા તો અનંતકોટી જીવોને ભવસાગર પાર કરાવનારા સમર્થ ખેવટિયા છે. એ તો કાળૂનાય કાળ છે. એમને વળી કોનો ડર ?

ખારવાએ કહ્યું : અરે મહાત્માજી ! તમે નાહકની ચિંતા કરો છો. અમે તો દરિયા-દેવના દીકરા. ગમે તેવી કઠણ પરિસ્થિતિ સર્જાય તોય વહાણને ડૂબવા ન દઈએ. માટે બીજી ચિંતા છોડી ઝટ વહાણમાં બેસી જાઓ.

ખારવા સાથે આમ અકળ વાર્તાલાપ કરી શ્રીહરિ, સુંદરજીભાઈ તેમજ બીજા કેટલાક મુસાફરો વહાણમાં બેઠા. ખારવાએ વહાણ હંકાર્યું. જોડિયાનો કાંઠો માંડ માંડ દેખાય એટલે દૂર સુધી પહોંચી ગયા.

જોડિયામાં શ્રીહરિ માટે થાળ બનાવીને હરબાઈ પરવારી ગયાં. ઘણો સમય વીતી ગયો તોય શ્રીહરિ પાછા ન વળ્યા. હરબાઈએ વિચાર્યું : મહારાજ તો સ્નાન કરવા ગયા છે, તેમાં આટલી બધી વાર ન લાગે. ચાલ, તપાસ તો કરું કે ભગવાન ક્યાં છે ?

તરત જ એ ધ્યાનમાં બેઠાં. અંતર્વૃત્તિ કરીને જોયું તો સુંદરજીભાઈ સાથે શ્રીહરિ માંડવી બંદર તરફ જઈ રહ્યા હતા ! તરત જ વિચાર કર્યો : મારો થાળ પડ્યો મૂકીને ભગવાન ચાલી નીકળ્યા એ કેમ ચલાવી લેવાય ? સુંદરજીભાઈએ પણ સમજવું જોઈએ કે કોઈના કામમાં આ રીતે ગાબચી ન મરાય.

વાયુનું સ્વરૂપ ધારણ કરીને હરબાઈ પહોંચી ગયાં વહાણ પાસે. ત્યાં જ વહાણની આજુબાજુમાં તોફાન મચી ગયું. વાયુના પ્રચંડ વેગથી દરિયામાં મોજાંની ઊછળકૂદ થવા માંડી. વહાણ એકદમ હાલકડોલક થવા માંડ્યું. એમાં બેઠેલા બધાના જીવ અદ્ધર થઈ ગયા. બચાવો... બચાવો... ની બૂમો પાડવા લાગ્યા. ખારવાએ જોયું કે થોડે દૂર રહેલાં બીજાં વહાણ સલામત રીતે ગતિ કરી રહ્યાં હતાં. જે કાંઈ તોફાન હતું

તે આ વહાણની આજુબાજુમાં જ હતું ! પ્રભુ જાણતા હતા કે આ બધું તોફાન હરબાઈનું છે તેથી મંદમંદ હસી રહ્યા હતા. પરંતુ ખારવાને લાગ્યું કે, આ મહાત્માએ કાંઈક મંત્રતંત્ર કર્યું છે, તે વિના અચાનક આમ ન થાય. વહાણમાં બેઠા પહેલાંય કેટલાય વિચિત્ર પ્રશ્નો પૂછીને મને મૂંઝવી દીધો હતો. આમ રોષે ભરેલો એ શ્રીહરિ પાસે આવ્યો. કહેવા લાગ્યો : અરે મહાત્માજી ! તમે મંત્રતંત્ર કરીને આ શું તોફાન માંડ્યું છે ? વહાણમાં બેઠેલા બધા મરી જશે એનું ભાન છે કે નહિ ? વહાણ ડૂબે કે નહિ એમ પૂછીને મારું તો માથું દુઃખવી નાખ્યું ને અહીં આવીને આ તોફાન માંડ્યું ?!

પ્રભુ કહે : ભલા માણસ ! અમે જંત્રમંત્ર જાણતા નથી, ને તેમાં માનતા પણ નથી. અમે કાંઈ કર્યું જ નથી. છતાંય તને અમારા ઉપર આશંકા રહેતી હોય તો લે હું ઊતરી જાઉં, બસ ! એમ કહેતાં જ શ્રીહરિએ વહાણમાંથી ધૂબકો માર્યો.

સુંદરજીભાઈથી રહેવાયું નહિ. એમણે વિચાર્યું કે ભગવાન વિના મારે પણ જીવીને શું કરવું ? એટલે એય પાણીમાં કૂદી પડ્યા. ત્યાં જ આશ્ચર્ય સર્જાયું. દરિયાનું તોફાન બંધ થયું. મુસાફરોનાં હૈયાં શાંત થયાં. મોટા આશ્ચર્યની વાત એ હતી કે શ્રીહરિ દરિયાના ઊંડા પાણીમાં પણ ગોઠણ સુધી જ ડૂબેલા હતા ! આવું તો કોઈએ ક્યારેય જોયું નહોતું કે સાંભળ્યું પણ નહોતું. અરે ! એવું બની શકે તેમ પણ નહોતું પણ એ તબક્કે ખારવાને એમાં રસ ન જાગ્યો.

માંડ માંડ બચ્યા એમ વિચારી ખારવાએ તો વહાણ હંકારી મૂક્યું. સુંદરજીભાઈને પણ નવાઈ લાગી કે ભગવાને અચાનક આવું ચરિત્ર કેમ કર્યું ?

ભગવાને ખુલાસો કર્યો : હરબાઈએ અમારા માટે થાળ બનાવ્યો હતો. તેને મૂકીને આપણે ચાલી નીકળ્યા એટલે પાછા વાળવા તેમણે વાયુરૂપે આવીને તોફાન મચાવ્યું. જો આપણે કૂદી પડ્યા ન હોત તો

એ વહાણ ડૂબી જાત.

શ્રીહરિ હરબાઈને ઘેર પાછા આવ્યા. સ્ત્રીના સહજ સ્વભાવે હરબાઈએ રેડિયો ચાલુ કર્યો. જો કે એમાં પણ ભગવાન પ્રત્યેનો પ્રેમ હતો. કહેવા લાગ્યાં : તમને તો સુંદરજીભાઈ વ્હાલા. એટલે અમને અળખામણાં કરીને ચાલી નીકળ્યા. પણ આપના માટે થાળ કર્યો હતો એ તો પડ્યો જ રહેત ને !

'પણ શું કરું હરબાઈ ! સુંદરજીભાઈએ આગ્રહ કર્યો એટલે એમનુંય માનવું પડે ને ?'

'પણ પ્રભુ ! એક વખત જમવાનું નક્કી થયા પછી ચાલી નીકળાતું હશે ?'

'હરબાઈ ! તમારા જેવાં અનેક ને અમે એક, તે બધેય કેટલું પહોંચી વળીએ ? એકનું કામ કરીએ ત્યાં બીજો રીસાય. અમારે કરવું કેમ ?'

'આપના માટે કાંઈ કઠણ નથી. કેટલેય ઠેકાણે અનેક રૂપ ધારણ કરીને ભક્તોના મનોરથ પૂરા કર્યા છે.'

'અરે ! એ તો અમે ભૂલી જ ગયા. ચાલો હવે જે થયું તે. જમવાનું લાવો. બહુ જ ભૂખ લાગી છે.'

ભક્ત અને ભગવાનના પ્રેમસંવાદમાં પણ જ્ઞાનરસની પણ રેલમછેલ હોય છે. ભગવાનને આવા પ્રેમી ભક્તના કટાક્ષ પણ મીઠા લાગે છે. પોતાના ભક્તને પરવશ થયા હોય તેમ પોતાનું ધાર્યું છોડી દે છે. ભક્ત કહે તેમ કરવા તૈયાર થઈ જાય છે. તેમાં પોતાના દેહને પડતા કષ્ટને પણ ગણકારતા નથી.

હરબાઈએ પ્રભુજીને પ્રેમથી થાળ જમાડ્યા. સુંદરજીભાઈને પણ પ્રભુની પ્રસાદીનો લાભ મળ્યો.

કચ્છમાં કૃપાનિધાન

કૂવાનું પાણી મીઠું કર્યું

કચ્છમાં વસતા ભક્તોના મનોરથો પૂર્ણ કરવા કરુણાનિધાન ભગવાને કચ્છની વાટ પકડી. જોડીયાથી વહાણમાં બેસી સમુદ્રની ખાડી ઊતર્યા. અંજારમાં આવી રાત રોકાયા. ત્યાંથી ધમડકા પધાર્યા. ત્યાંથી પ્રયાણ કરી શ્રીહરિ ભચાઉ થઈ ખોખરા જતા હતા. માર્ગમાં બાઈઓ મળ્યાં. ભગવાન માટે થાળ બનાવીને લાવ્યાં હતાં. તેમના પ્રેમને વશ થઈને કૂવાના થાળા પર બેસીને થાળ જમ્યા.

ખોખરા ગામે શ્રીહરિના આગમન સાથે ભક્તોના હૈયે આનંદના ઓઘ ઊમટ્યા. અત્રે વાલજી સુથારને ઘેર ભગવાને નિવાસ કર્યો. અહીં પાણીની બહુ જ તંગી હતી. ભક્તોએ ભગવાનને કહ્યું : હે પ્રભુ, આ ગામના તળાવમાં જ્યાં સુધી પાણી હોય ત્યાં સુધી મનુષ્યો ને પશુઓને પાણીનું સુખ હોય છે, પણ વરસાદનું પાણી ખૂટી જાય ત્યારે બે ત્રણ ગાઉ દૂરથી પાણી લાવવું પડે છે.

શ્રીહરિએ કહ્યું : આ ગામની સીમમાં કૂવો કેમ ખોદતા નથી ? તળાવમાં ખૂટી જાય પણ કૂવામાં તો મળે જ ને ?

'હે પ્રભુ, અમે કૂવા તો ખોદ્યા પણ બધાય કૂવામાં સમુદ્રના જેવું ખારું પાણી નીકળે છે.'

ભક્તોની ઉપાધિ દૂર કરવા શ્રીહરિ ભક્તોને સાથે લઈ ગામની વાયવ્ય દિશામાં પધાર્યા. ભાગોળમાં ઊભા રહી કહ્યું : અહીં ખોદો. ભક્તો એ ઠેકાણે ઘણાય દાખડા કરી ચૂક્યા હતા, પણ કાંઈ સફળતા મળી નહોતી. એટલે કહેવા લાગ્યા : અહીં તો કેટલાય કૂવા ખોદ્યા છે, પણ પાણી ખારું નીકળ્યું છે. ભગવાન કહે : અમારા વચને ખોદો તો ખરા... પછી ત્યાં જ કૂવો ખોદાવ્યો ત્યારે તેમાંથી અમૃત જેવું મીઠું પાણી નીકળ્યું, એ જોઈ આખું ગામ સત્સંગી થયું.

હરભમ સુથારનો સંશય ટાળ્યો

ભગવાન ખોખરાથી અંજાર પધાર્યા. કચ્છમાં વિચરણ કરતા સંતોને એ સમાચાર મળ્યા એટલે તેઓ પણ દર્શનાર્થે આવી પહોંચ્યા. અંજારમાં શ્રીહરિ ચાગબાઈને ઘેર થાળ જમ્યા, ને સંતોને પણ તાણ કરીને જમાડ્યા.

એક વખત શ્રીહરિ પીંપળાના વૃક્ષ નીચે વિશાળ સભા યોજીને જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા, તેવામાં કાળા તળાવ ગામના હરભમ સુથાર ભગવાનનાં દર્શન કરવા માટે આવ્યા. તેમને મનમાં એમ હતું કે હું બહુ જ દૂરથી આવ્યો છું, એટલે ભગવાન મને સામેથી બોલાવશે.

શ્રીહરિ તો જાણતા જ હતા કે એમ કરવાથી ભક્તને માન વધશે, તેથી તેમને બોલાવ્યા નહિ. થોડીવાર તે ઊભા પણ રહ્યા. પરંતુ શ્રીહરિએ તેમના સામું પણ ન જોયું. છેવટે એ થાકીને સભામાં બેસી ગયા. ઘણો સમય વીતી ગયો. હવે હરભમ સુથાર સંકલ્પ કરવા માંડ્યા : હું ઘણા ગાઉથી ચાલીને ભગવાનનાં દર્શન કરવા આવ્યો છું, તોય ભગવાને મને બોલાવ્યો નહિ કે આવો ભક્ત, તમે ક્યારે આવ્યા ? તમે આવ્યા તેથી અમે રાજી થયા છીએ. અરે, બીજું કાંઈ નહિ તો જય સ્વામિનારાયણ તો કહે. એ પણ ન કહ્યા ! એ તો ઠીક પણ સામુંય ન જોયું !!

ભક્તનું મન આમ અવળા ચકરાવે ચડ્યું; અંતર્યામી શ્રીહરિ એ જાણી ગયા. મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : સ્વામી, અમારો દેશ અહીંથી કેટલો દૂર છે ? ત્યારે સ્વામીએ કહ્યું : લાખ મણ લોઢાનો ગોળો ધામથી પડતો મૂકીએ, તે વાયુના લહરકે ઘસાતો ઘસાતો અહીં આવે ને પૃથ્વી પર પડે ત્યારે રજ ભેળો રજ થઈ જાય, એટલો બધો દૂર આપનો દેશ છે, આપનું ધામ છે.

શ્રીહરિ બોલ્યા : આટલું બધું દૂર આપણું ધામ છે. ત્યાંથી આપણે આવ્યા છીએ. તેમાં કોઈ આપણને ગાળ દે છે, કોઈ ધૂળ નાખે છે, કોઈ અપમાન કરે છે, તેને અમે મનમાં ગણતા નથી, પરંતુ તે

સહન કરીએ છીએ. સમર્થ હોવા છતાં જરણા કરીએ છીએ. છતાં પણ કેટલાક મનમાં એમ વિચારતા હશે કે અમે કેટલા બધા દૂરથી આવ્યા, છતાં પણ મહારાજે અમને ન બોલાવ્યા. આમ ખોટા ઘાટ ઘડે છે.

શ્રીહરિની વાત સાંભળી હરભમ સુથાર સમજી ગયા. ખ્યાલ આવી ગયો કે હું અવળા સંકલ્પ કરવા માંડ્યો તેથી જ ભગવાને આમ કહેવાનું શરૂ કર્યું. મારા હિત માટે ભગવાને મને ચેતાવ્યો. તરત જ તે સભામાં ઊભા થયા. હાથ જોડી ભગવાનને પ્રાર્થના કરી : હે મહારાજ, મને આપને વિશે અવળા સંકલ્પ થયા. એ અપરાધ આપ દયા કરી માફ કરો.

શ્રીહરિએ હરભમ સુથારને સમાધિ કરાવી. તેમાં ભક્તને ભગવાનનાં દિવ્ય તેજોમય દર્શન થયાં. સમાધિમાંથી જાગૃત થઈ ભક્ત બહુ જ આનંદ પામતા ભગવાનને પગે લાગ્યા. વળી પ્રાર્થના કરી સંતો-ભક્તો માટે રસોઈ કરાવી. આમ, શ્રીહરિએ કેવળ કૃપા કરી હરભમ સુથારને પરિપક્વ નિશ્ચય કરાવ્યો. અંજારથી પ્રયાણ કરી ભગવાન ભુજ પધાર્યા.

ભુજમાં વસંતોત્સવ

સર્વ સુખના ધામ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાન્નિધ્યે ભુજમાં વસતા ભક્તોના હૈયે વસંત ખીલી. એ સાથે વસંત પંચમીના દિવસો પણ જૂજ પ્રમાણમાં બાકી રહ્યા. સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામ મલ્લ વગેરે ભક્તોએ ભગવાનને પ્રાર્થના કરી : દયાળુ ! આપ વસંત પંચમી અહીં જ કરો. પ્રેમવશ પ્રભુએ અનુમતિ આપી. ભક્તોએ આ અમૃતમય ઘડી માણવાનાં નિમંત્રણો ઠેરઠેર મોકલી દીધાં.

ભગવાનના સાન્નિધ્યે મહામોંઘેરો લ્હાવો લેવા ભક્તો ઠેરઠેરથી ઊમટી પડ્યા. પ્યારા પ્રીતમની પૂજા કરવા માટે ભક્તોએ આણેલી સામગ્રીઓ બેસુમાર હતી. વસંત ઋતુનો સમય હતો. તેને અનુરૂપ શ્રીહરિએ વાસંતી વસ્ત્રો ધારણ કર્યાં. ભક્તોએ આબેહૂબ રીતે શણગારેલી પાટ પર પ્રભુજી બિરાજમાન થયા. સૌની પ્રેમલાગણીને પોષવા પ્રભુએ

પૂજા અંગીકાર કરી.

સંવત ૧૮૬૬, મહા સુદ ૫, તા. ૮-૨-૧૮૧૦, ગુરુવારના પાવન દિને વસંતપૂજા નિમિત્તે એક સરસ મંડપ શણગાર્યો હતો. તેના મધ્ય ભાગમાં શ્રીહરિ નયનરમ્ય આસન પર બિરાજ્યા. પ્રભુની આગળના ભાગમાં આઠ પાંખડીવાળા કમળના આકારે એક સરસ વેદિકા સજાવવામાં આવી હતી. તેના પર સુવર્ણ કળશ મૂકી તેના પર શ્રીફળ મૂક્યું. તેની ચારે તરફ ધરો-દુર્વા ઘઉંની ડૂંડી, આંબાનો મોર, પાંદડાં વગેરે મૂકીને સરસ શણગાર્યો હતો. જોનારને એ જોતાં જોતાં તૃપ્તિ જ ન થાય એવી અનુપમ શોભા હતી. વિપ્રવર્યોએ વૈદિક મંત્રગાન કર્યું, જેનાથી ચારે દિશાઓ ગાજી ઊઠી. સંતોએ વસંતપદ ગાઈને ઓચ્છવ કર્યો.

ફગવાના પ્રસાદ નિમિત્તે ધાણી, ખજૂર, ખારેકનાં મોટાં પાત્રો શ્રીહરિ આગળ મૂક્યાં. એ જ રીતે અબીલ, ગુલાલ વગેરેના થાળ, શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા. ભક્તોને એવી ઈચ્છા હતી કે આજે વ્હાલમાના હાથે રંગોત્સવની પણ મોજ માણવી છે. તે માટે કેસૂડાં, પતંગ વગેરે રંગનાં મોટાં મોટાં પાત્રો ભરીને તૈયાર રાખ્યાં હતાં. શ્રીહરિ માટે સોનાની બે પીચકારી પણ તૈયાર હતી. અન્ય માટે પણ પીચકારીના મોટા ગંજ કર્યા હતા. ઓચ્છવ ને વૈદિક મંત્રગાન બાદ કપૂરની આરતીથી વસંતપૂજા વિધિ પૂર્ણ થયો.

રંગોત્સવના મંગલ પ્રારંભમાં રામદાસજી સ્વામીએ શ્રીહરિ ઉપર રંગની પીચકારી ચલાવી. પ્રભુએ પણ એ પ્રેમસભર પીચકારી સ્વીકારતાં પરમ પ્રસન્નતા દર્શાવી. સંતો-ભક્તો સૌએ એ પ્રેમસભર દર્શન મન ભરીને માણ્યાં. ભગવાનની પ્રસન્નતા જોઈ સંતો અને ભક્તોને પણ ઉમંગ જાગ્યો. ચારેકોરથી રંગની ઝડીઓ વર્ષી. પ્રભુજી રંગમાં રસતરબોળ બની ગયા.

આજે સહુ ભગવાનના દિવ્ય રંગે રંગાવા આવ્યા હતા. એમના મનોરથો પૂર્ણ કરવા શ્રીહરિ સજ્જ થયા. કેડે એક પીતાંબર લપેટી

દીધું. હસ્તમાં પીચકારી લીધી. સંતો વારાફરતી પીચકારી દેતા રહ્યા ને શ્રીહરિ સૌને રંગમાં રસતરબોળ કરતા રહ્યા. એ જ રીતે અબીલ-ગુલાલની ફાંટો ભરી ભરીને ઉડાડતા રહ્યા. એ ઉડાડવાની છટા ને ચપળતા અનોખી હતી. દર્શન માણનાર તાજુબ થઈ હરખભેર બોલી ઊઠતા હતા કે વાહ મહારાજ વાહ ! જેવા તમે સર્વોપરી, એવી તમારી છટા પણ સર્વોપરી.

જોતજોતામાં ચોમેરથી આકાશમાં અને પૃથ્વી પર અબીલ-ગુલાલ છવાઈ ગયો. તેમાં સંતો-ભક્તો પણ એવા રંગાઈ ગયા કે આખી સૃષ્ટિ જાણે ગુલાલમય બની ગઈ ! આકાશ તો જાણે ગુલાબી વાદળોથી છવાઈ ગયું !

રંગોત્સવ પૂર્ણ કરી શ્રીહરિ સંત-ભક્તના વિશાળ સંઘ સહિત હમીરસર તળાવે સ્નાનાર્થે પધાર્યા. તેમાં તળાવનું જળ પણ ઘડીભર ગુલાલમય બની ગયું. અહીં વિવિધ જળક્રીડા દ્વારા પ્રભુએ સૌને અપાર આનંદ પમાડ્યો. સ્નાન કરી નૂતન વસ્ત્રો ધારણ કરી પાછા પધાર્યા. સૌ ભક્તોને પોશ ભરીભરીને ફગવાની પ્રસાદી આપી.

સંતોને જમવા માટે ડુંગરજી, ઉમાભાઈ વગેરે પાર્ષદોએ એક સરસ મંડપ શણગાર્યો હતો. તેમાં વિવિધ પ્રકારના રંગની આબેહૂબ રંગોળી પૂરી હતી. કેળના સ્તંભ રોપીને સુંદર બાગ જેવી શોભા ખડી કરી હતી. મંડપમાં ખંડે ખંડે બાજોઠ મૂક્યા હતા. તે પર સંતો બેઠા. મંડપના મધ્ય ભાગમાં સુંદર પાટ પર શ્રીહરિ બિરાજ્યા. પ્રભુએ મસ્તક પર લાલ રેશમી કોરનો રૂમાલ બાંધ્યો હતો.

સંતો સર્વસ્વના સમર્પણભાવે શ્રીહરિમાં જોડાએલા હતા. તેમને પ્રેમથી પીરસવા શ્રીહરિ સજ્જ થયા. આજે ઘેબર, સૂતરફેણી ને બરફીનાં પકવાન હતાં. એ સાથે ભજીયાં વડાં, શાક, પાપડ, અથાણાં, દાળ, ભાત પણ હતાં. શ્રીહરિના હાથનો પ્રસાદ એ તો વિકારમાત્રને ટાળી દેનારો તો ખરો જ. એ સાથે તેનો સ્વાદ પણ અનોખો. એવા મહિમાથી સંતોએ એ પ્રસાદ લીધો. પ્રભુએ પણ તાણ કરી કરીને પીરસ્યું.

ભક્તોના ઉમંગને લક્ષ્યમાં લઈ શ્રીહરિએ પૂજન-અર્ચન કરવાની સંમતિ આપી. બપોર બાદ શ્રીહરિ સ્નાનાદિથી પરવાર્યા ત્યારે ભક્તો પૂજા-સામગ્રી લાવ્યા. ભગવાનજી સુથારે શ્રીહરિને જરિયાની સુરવાળ, જામો, સોનાનાં કડાં વગેરે ધરાવ્યાં. મસ્તક પર ફૂલોનો ખૂંપ ધરાવ્યો. જેની ચારે બાજુએ ફૂલનાં લટકણીયાં શોભી રહ્યાં હતાં. એ વખતે ભગવાનનું મુખારવિંદ જાણે ફૂલમંડળીમાં ઢંકાઈ ગયું હોય એવાં રમણીય દર્શન થતાં હતાં. આવી રીતે અન્ય હરિભક્તોએ પણ વ્હાલમાના પૂજનના લ્હાવા માણ્યા.

મન બહુરંગી

શ્રીહરિના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ જામી હતી. એ સૌ પર આશિષનાં અમી ઢોળતા શ્રીહરિએ વાત કરી : ભગવાનનો ભક્ત હોય તેણે પોતાના મનનું કહ્યું ક્યારેય કરવું નહિ. મન તો કરોડો વેશ કરે એવું વિચિત્ર છે. એ ભૂતપ્રેત જેવું છે.

मन हे भूतप्रेत हि जेसा, गुन आधिन वश वर्तत तेसा ।
हरि कुं तन मन अरपन किना, हरिजन कुं चलना हरि आधिना ॥
निज के मन न माननां कबहु, हरिजन जो भयेउ सबहु ।
कोटि चरित्र मन देखावे, एसो ताको स्वभाव रहावे ॥

(શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર ૧૦, તરંગ ૩૪)

ભૂત જેવું મન સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણને આધીન વર્તે છે. માટે ભક્તે પોતાનાં તન, મન ભગવાનને અર્પણ કરી દેવાં, ભગવાનને આધીન થઈને ચાલવું પણ મનનું ક્યારેય માનવું નહિ. એ મનને જીતવાનો ઉપાય સત્સંગથી પમાય છે. જે સત્સંગી હોય છે તે ભગવાનનાં આજ્ઞાવચન પ્રમાણે વર્તે છે. આપણા સત્સંગમાં રહેલા હરિભક્તોના સત્સંગનું પોષણ સંતો જ કરે છે. સંત-સમાગમરૂપ પોષણ વિના કદાચ કોઈ બ્રહ્મા જેવો મોટો હોય તો પણ મનસ્વીપણે વર્તવા માંડે છે, તો પછી મનુષ્યની તો વાત જ શી કહેવી ?

સત્સંગ વિનાનો કોઈ મનુષ્ય કદાચ બ્રહ્મા જેવો ચતુર હોય તો પણ તેને સત્ય અસત્યની ગમ પડતી નથી. એ ભલેને અઢાર પુરાણ, વેદ, સ્મૃતિ-ધર્મશાસ્ત્ર ને રાજનીતિ વગેરે ભણ્યો હોય; જ્યોતિષ શાસ્ત્ર, શિલ્પ શાસ્ત્રમાં પારંગત થયો હોય; વૈદકના ગ્રંથો ભણી રોગીને દેખતાંની સાથે જ તેના રોગનું નિદાન કરી દેતો હોય; આવું અનંત પ્રકારનું ચાતુર્ય મેળવ્યું હોય તો પણ જેને સત્સંગ ન હોય તેની ચોક્કસ ફજેતી થાય છે ને ભવાટવીમાં તેને વારંવાર ભટકવું પડે છે. સત્સંગ વિનાની બધી હોશિયારી કુસંગ કરાવનારી છે.

सत्संग विन फजेतो मिले विधि कोटि सम ।
नर्क साज हे ते तो, जमपुरि भटकी मरत तेहु ॥

કરોડો બ્રહ્માના જેવું સુખ મળે તો પણ સત્સંગ વગર તો અંતે ફજેતી છે અને બધો સુખનો સામાન તો નરકે જવાનો સામાન છે. શ્રીહરિની આ પરમ હિતકારી વાત સાંભળી સૌ ભક્તો બહુ જ રાજી થયા.

સંધ્યાનો સમય થઈ ગયો હતો તેથી ભક્તોએ તેને અનુરૂપ સઘળી તૈયારી કરી રાખી હતી. અંધારું થવા માંડે એટલે તે વખતે હાલની જેમ વીજળી ઉપકરણોની વ્યવસ્થા નહોતી કે સ્વીચ દબાવો ને અજવાળું થઈ જાય.

શ્રીહરિનાં દર્શન સરસ રીતે થાય તે માટે મશાલો પ્રગટાવવામાં આવી હતી. થોડે થોડે અંતરે તે લઈને ભક્તો ઊભા હતા. શ્રીહરિની આજુબાજુ બિલોરી કાચનાં ઝાડ અને કાચની હાંડીઓમાં દીવાઓ પ્રગટાવ્યા. ચોમેરથી ઝબુકતા દીવાઓની મધ્યે શ્રીહરિની કમનીય મૂર્તિનાં દર્શન ખરેખર અવર્ણનીય હતાં. જાણે દેવો દીવારૂપે થઈ નૃત્ય કરતા શ્રીહરિની આગળ મજરા કરી રહ્યા હતા !!

સંધ્યા આરતીના નિયમો બાદ સંતોએ કીર્તન-ભક્તિની રમઝટી મચાવી. વિવિધ વાદ્યવાદનમાં સંતો પારંગત હતા. મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીએ સરોદા લીધા; પ્રેમાનંદ સ્વામીએ દોકડ લીધાં. તંબૂરો લઈ ગાન કરતા દેવાનંદ સ્વામી સાથે તેમનું ગાયક મંડળ સજ્જ થયું.

જ્ઞાનાનંદ સ્વામી ને સુખાનંદ સ્વામીએ સિતાર લીધા. નિર્વિકારાનંદ સ્વામી અને હર્યાનંદ સ્વામી તાલ વાદ્યમાં નિપુણ હતા.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી ને પ્રેમાનંદ સ્વામી તો વાદ્યવાદનની સાથે ગાનકળામાં અનોખી જમાવટ કરી શકતા હતા. સંતોની કીર્તન-ભક્તિ શરૂ થઈ, એ વેળાએ સંગીતનો અનોખો માહોલ સર્જાયો. એ સાંભળતા શ્રીહરિ મંદમંદ ડોલવા લાગ્યા. મોટા મોટા રાજ-દરબારોમાં સંગીતની મહેફીલ જામે એ તો મનને બહેકાવનારી હોય, જ્યારે આ કીર્તન-ભક્તિ તો ગમે તેવા વિષયી જીવને પણ ભક્તિરસમાં તરબોળ કરી દેનારી હતી. મધરાત થઈ ગઈ તોય કોઈ ઊઠવાનું નામ લેતા નહોતા. છેવટે શ્રીહરિએ સંકેત કર્યો એટલે એ કીર્તન-ભક્તિ પૂર્ણ થઈ.

મંદવાડ નિમિત્તે અકળ ભોજન

શ્રીહરિ ભુજમાં જ દર્શનદાન દઈ રહ્યા હતા. એવામાં એકવાર શ્રીહરિ સભા કરીને બિરાજ્યા હતા. તે વખતે શ્રી મુક્તાનંદ સ્વામીને કહ્યું : સ્વામી, મારો હાથ જુઓ. શરીરમાં કાંઈક કસર જેવું જણાય છે. એ સાંભળી મુક્તાનંદ સ્વામી તરત જ ઊભા થયા. ભગવાન પાસે આવીને હસ્ત ગ્રહીને નાડી જોઈને કહ્યું : મહારાજ, આપને શરીરે તાવ દેખાય છે, માટે આપનું આસન અહીં ખુલ્લી જગ્યામાં ન રખાય. એકાંત સ્થળમાં આસન રાખીએ. ત્યારે ભગવાને પણ અનુમતિ આપી. સુંદરજીભાઈના ડેલામાં આસન હતું તે ઓસરીમાં રાખ્યું. ભગવાન પલંગ પર પોઢ્યા. મુક્તાનંદ સ્વામીને કહ્યું : આ તાવ એમ ને એમ મટે એવો નથી. એના માટે તો ભારે ઔષધ કરવું પડે એમ છે. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે : મહારાજ, આપ કહો એ ઔષધ કરીએ.

શ્રીહરિ કહે : ચાર શેર રાતાં મરચાં લાવો. તેને વાટીને તૈયાર કરો. તેની સાથે પાંચ શેર ખાટું દહીં ને બાજરીનો રોટલો પણ લાવજો. મુક્તાનંદ સ્વામીને શ્રીહરિની લીલામાં સંશય ન હતો. મરચાં, દહીં,

રોટલો વગેરે મંગાવ્યું. ત્યારે સુંદરજીભાઈનાં ઘરનાં માણસોને થયું કે આવું તો કોઈ જમી પણ ન શકે. માંદો માણસ જો એ ખાય તો જરૂર મૃત્યુ પામે. પરંતુ શ્રીહરિની મરજી જોઈ બધું જ તૈયાર કર્યું.

તૈયાર થયેલી સામગ્રી મુક્તાનંદ સ્વામી પાસે આવી. સ્વામીએ શ્રીહરિને કહ્યું : મહારાજ, આપે જણાવ્યું એ પ્રમાણે વસ્તુઓ તૈયાર થઈ ગઈ છે. શ્રીહરિ પ્રસન્ન થઈ તરત જ ઊઠ્યા. બાજોઠ ઉપર બિરાજમાન થયા. પ્રથમ રોટલો ને દહીં ચોળીને ભેગું કર્યું. તેના ઉપર મરચાં નાખ્યાં. એ બધું ભેળવીને ભગવાન જમવા માંડ્યા. બધું જમી રહ્યા એટલે ભગવાન બોલ્યા : હવે અમારો રોગ ગયો. એ વખતે શ્રીહરિની નાડી મુક્તાનંદ સ્વામીએ જોઈ. ખરેખર રોગ ન જણાયો. સુંદરજીભાઈએ કહ્યું : હે મહારાજ, તમારી લીલા અકળ છે. તમે તો અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છો, ધારો તે કરી શકો તેમ છો, એટલે તમને તો કાંઈ ન થાય, પણ બીજો કોઈ આવું ખાય તો જરૂર મૃત્યુ પામે.

મૂળજી અને કૃષ્ણજીનો ઉત્તમ વૈરાગ્ય

ભુજથી માનકૂવા પધારી શ્રી સ્વામિનારાયણ ભગવાને એક નવી લીલા આદરી. સભા કરીને બેઠા. હસ્તમાં કાતર લીધી ને જાહેરાત કરી : અમારા સાચા સત્સંગી હોય તે અમારી પાસે આવો, ત્યાગી કરવા છે.

એ વખતે સભામાં ખાસ્સા એવા ભક્તો બેઠા હતા, પણ આ રીતે એકદમ સંસારનો ત્યાગ કરવાની વાત નીકળતાં કેટલાક તો ઊઠીને રવાના થઈ ગયા. સભાની મર્યાદાનો ભંગ ન કરાય એવા હેતુથી કેટલાક સભામાં બેસી તો રહ્યા, પણ શ્રીહરિની સન્મુખ જોવાની જીગર ન ચાલી.

સાંજની વેળા હતી, એટલે સૌ પોતપોતાનાં કામ આટોપી ઘેર જવાની તજવીજમાં હતા; એ જ રીતે અહીંના કણબી મૂળજી વરસાણી

અને કરસનજી પીઠોડિયા (કૃષ્ણજી) એ બંને મિત્રો ખેતી કામ કરી પાછા વળી રહ્યા હતા. એમને સમાચાર મળ્યા કે સ્વામિનારાયણ ભગવાન માનકૂવા પધાર્યા છે. બંનેનાં હૈયાં ઝાલ્યાં ન રહ્યાં, ભગવાનનાં દર્શનાર્થે તેમણે દોટ મૂકી. એમને જોઈને એક જણે પૂછ્યું : અરે ! આમ દોડતા દોડતા કઈ બાજુ જાઓ છો ?

બંને કહે : ભગવાન આપણે ઘર આંગણે પધાર્યા છે, એ તો દર્શનની સુવર્ણમય તક. એ તકને કેમ જતી કરાય ? તમેય હાલો અમારી સાથે.

'અરે ભગત ! આજે તમે ન જાઓ તો સારું.'

'કેમ ! એવું તે વળી શું છે ?'

'મહારાજ આજે હાથમાં કાતર લઈને બેઠા છે. તમને સાધુ કરી નાખશે, બાવા કરી નાખશે.'

આ તો બંને મિત્રોને ગમતી વાત હતી. કેમ જે, એ બંને મિત્રોએ પહેલેથી ત્યાગાશ્રમ સ્વીકારવાનો નિર્ણય કરી લીધો હતો. પરંતુ તેમનાં સંબંધીઓ તેમાં સંમત થયાં નહોતાં એટલે ભગવાને તેમને ના પાડી હતી. આજે તો એવો સુયોગ અનાયાસે સિદ્ધ થઈ જાય તેમ હતું. બંનેને લાગ્યું કે ભગવાને આપણા માટે જ આ ચરિત્ર આદર્યું લાગે છે.

મૂળજી અને કરસનજી બંને દોડતા દોડતા સભામાં આવ્યા. ભગવાનને દંડવત્ કરી તરત જ પાસે જઈ પ્રાર્થના કરી : મહારાજ ! અમને સાધુ કરો. અમે તૈયાર છીએ.

ભગવાન કહે : સાધુ થાવું એ કાંઈ ભાજી-મૂળા ઉખાડી નાખવા જેવું સહેલું કામ નથી. સાધુ થાશો એટલે ખાવાનું નહિ મળે, લોકોનાં અપમાન સહન કરવાં પડશે, બાવાઓ મારશે, ટાઢ-તડકામાં રઝળવું પડશે, સમાજનો તિરસ્કાર વેઠવો પડશે.બોલો છે તૈયારી ? તમારા મનને સમજાવી જુઓ, પછી આ પગલું ભરજો.

મિત્રોના મનની મક્કમતા

બંને મિત્રો થોડે દૂર જઈને પોતાના મનને કહેવા લાગ્યા : હે

મનવા ! કરોડો જન્મ ધર્યા પછી આવો મોંઘો માનવ દેહ મળ્યો છે. એમાંય આવા અત્યંત દુર્લભ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. એમને નહિ ભજીએ તો ફરીથી કૂતરાં, ગધેડાં, બિલાડાં વગેરે પશુ-પંખીઓની યોનિમાં ભટકવું પડશે, ત્યાં તને કોણ ખાવા દેશે ? કોણ ઓઢવાનું દેશે ? કોણ પથારી કરી દેશે ? જો એમાંથી છૂટવું હોય તો એક જ ઉપાય છે, ને તે છે સ્વામિનારાયણ ભગવાનનું શરણું.

માટે હે મનવા, સંસારની જંજાળ છોડી ભગવાનનો આશ્રય કરી લે; તો ભગવાનની મૂર્તિનું અવિનાશી સુખ પામીશ.

આ રીતે નક્કી કરી બંને મિત્રો શ્રીહરિની પાસે આવ્યા ને કહ્યું : મહારાજ ! અમારા મનજીભાઈએ હા કહી છે, તો હવે તમે અમને સાધુ કરો. આમ બોલતાં કૃષ્ણજી પોતાના કેડિયાની કસો છોડવા માંડ્યા. મૂળજી કહે : હવે ક્યાં કેડિયું પહેરવું છે ? તોડી નાખ. એમ કરતાં બંને કસો તોડવા માંડ્યા. ત્યાં જ શ્રીહરિ બોલ્યા : બસ... બસ... તમે સાધુ થઈ ચૂક્યા. અમારી કસોટીમાં તમે પાર ઊતર્યા. હવે અમારી આજ્ઞા છે કે તમે તમારે ઘેર જાઓ. તમારા સંબંધીઓ ઉપાધિ કરે તેમ છે. તમે સંઘ સાથે ગઢપુર આવ્યા હતા ત્યારે સાધુ થવાની ઈચ્છામાં ઘણા સમય સુધી અમારી પાસે રોકાઈ ગયા હતા. તેથી મા-બાપ ને ઘરના મનુષ્યોના કાગળ આવ્યા હતા. એટલે અમે તમને પાછા ઘેર જવાનું કહ્યું હતું. તોય તમે ઘેર ન ગયા. રસ્તામાં વાણિયાની વણથલી ગામે રોકાઈ ગયા. ત્યાં સત્સંગી લાધા સુથાર પાસે મજૂરી કરી. વળી સમૈયા નિમિત્તે પાછા ગઢડે આવ્યા. કમાણીના ૪૦ રૂપિયા અમને ભેટ ધર્યા. ત્યાગી થવાની પ્રાર્થના કરી. ત્યારે પણ અમે એ જ કહ્યું હતું કે તમારા માવતરની રજા-ચિઠ્ઠી લઈને આવજો. અમારો એ જ આગ્રહ છે કે તમે સગાંસંબંધીની રજા લઈને આવો, જેથી અમને લોકનાં મેણાં ન સાંભળવા પડે.

બંને મિત્રો ઉદાસ થઈ ઘેર ગયા. રજા આપવા ઘણી વાતો કરી પણ કોઈ માન્યા નહિ. છેવટે કૃષ્ણજીએ તો અંગને ભસ્મ કરી નાખ્યું.

સ્વાર્થી સંબંધીઓએ તિરસ્કાર કરી કાઢી મૂક્યા.

અહીંના દરબાર અદાભાઈએ તેમને આશ્રય આપ્યો. યોગ્ય સારવાર પણ કરાવી. માનકૂવાથી વિદાય થયેલા શ્રીહરિ કચ્છનાં કેટલાંક ગામોમાં વિચરણ કરી ગઢપુર પહોંચ્યા. જ્યારે મૂળજી અને કૃષ્ણજીના સમાચાર મળ્યા ત્યારે ભગવાને બંનેને કસોટીની એરણે ચડાવવાનો નિરધાર કર્યો. પત્ર મારફતે બંને ભક્તોને તેમજ અદાભાઈને વિમુખ જાહેર કર્યા; તોય એ ત્રણેએ ગામલોકોનો તિરસ્કાર સહન કરીને પણ કથાવાર્તાનું અંગ મોળું પડવા ન દીધું.

આમ તો અદાભાઈ કચ્છના મહારાવ પ્રાગમલજીની ચોથી પેઢીએ ભાયાત હતા. માનકૂવા, સુખપર, સામત્રા અને ઘોડાલખ એ ચાર ગામમાં તેમનો અડધો ભાગ હતો ને વાડાસર આખું ગામ એમને ગરાસમાં મળ્યું હતું. વ્યવહારમાં આવી મોટપ ધરાવતા હોવા છતાં સત્સંગ પ્રત્યે તેમનું મમત્ત્વ જ પુરવાર કરી આપતું હતું કે ભગવાનના ભક્તને જ એ પોતાના સાચા સગા તરીકે માનતા હતા.

પ્રભુની કસોટીની એરણ

માનકૂવામાં રહેલા કૃષ્ણજી સાજા થયા બાદ બંને મિત્રોએ ગેરુ મંગાવી વસ્ત્રો રંગ્યા. ભગવાનના સ્મરણપૂર્વક એ ધારણ કરી લીધાં. ને ગઢપુર તરફ ચાલી નીકળ્યા. દાદાખાચરના દરબારમાં આવ્યા. પ્રભુને દંડવત્ કરવા લાગ્યા. હજુ પણ એ બંનેની વિશેષ કસોટી શ્રીહરિને લેવી હતી. તેથી પૂછ્યું : તમે કોના પરમહંસ છો ?

‘મહારાજ ! અમે તમારા...’

‘તમારાં નામ શું છે, એ તો કહો.’

‘પ્રભુ આપે જ સમજાવ્યું છે કે નામરૂપ મિથ્યા છે.’

‘મોટા જ્ઞાની થઈ પડ્યા લાગો છો; એય પાર્ષદો... આ બંનેને કાઢી મૂકો. આપણે એમનું કામ નથી.’

પ્રભુની આજ્ઞા થતાં પાર્ષદોએ તેમને કાઢી મૂક્યા. બંને જણા ઘેલા



નદીના સામે કાંઠે જઈને બેઠા. ભગવાનની મૂર્તિ સંભારીને કીર્તન ગાવા લાગ્યા. બંનેનાં હૈયાં ગદ્ગદ્ થઈ ગયાં હતાં. બસ એ જ વિચાર સાલી રહ્યો હતો કે આપણે કેવા દુર્ભાગી ! ભગવાન આપણને સેવામાં રાખવા તૈયાર થતા નથી ! આપણને એમના વિના રહેવાતું નથી. જે આપણા આધાર છે એ જ આપણને તરછોડી દે, તો પછી અરજી કોની આગળ કરવી ? આપણને ખરેખર ધિક્કાર છે. આવા વિચાર સાથે બંનેની આંખોમાંથી ચોધારાં આંસુ વહેવા માંડ્યાં.

એ સમયે શ્રીહરિ અક્ષર ઓરડીમાં પોઢ્યા તો ખરા પણ નિદ્રા ન આવી. કારણ એ જ હતું કે એ બંને ભક્તોની પ્રેમવૃત્તિની દોરી પ્રભુને ખેંચી રહી હતી, એટલે ભગવાનનો ઢોલિયો ખેંચાવા માંડ્યો.

ભગવાને તરત જ બીજો આદેશ આપ્યો : પાર્ષદો... જાઓ અને પેલા બંને વિમુખોને ત્યાંથી દૂર તગેડી મૂકો. ઘાંટા પાડીને કીર્તન બોલે છે ને અમને સુખેથી ઊંઘવા દેતા નથી.

પાર્ષદોએ જઈને કહ્યું : નીકળો અહીંથી, ખબર નથી પડતી ? સાવ નાક વગરના લાગો છો. તમે ઘાંટા પાડીને કીર્તન બોલો છો તેથી મહારાજને વિક્ષેપ થાય છે.

ભગવાનનો આ આદેશ હતો, એટલે કાંઈ પણ બોલ્યા વિના બંને ઘેલાને સામે કાંઠેથી પણ દૂર જઈને બેઠા. હજુ પણ બંનેનાં હૈયાં વલોવાતાં હતાં. બંને આલાપી રહ્યા હતા : આપણાથી એવો કયો અપરાધ થઈ ગયો છે કે ભગવાન આપણને પાસમાં રાખવા તૈયાર થતા નથી ! પોતાનાથી વધારે ને વધારે દૂર કરવાનો આદેશ આપી રહ્યા છે ! જ્યાં ધણી જ સામેથી રૂઠે પછી ફરિયાદ પણ કોને કરવી ? હે મહારાજ ! આપ આ દીન બાળકો પર દયા કરજો. આપની દયા વિના અમે કોઈપણ રીતે નભી શકીએ તેમ નથી.

બીજો દિવસ થયો. સંતો કે સત્સંગી આવે તેમનાં દર્શન કરે, ભગવાનના ખબર અંતર પૂછે. એ સાંભળીને થોડી રાહત થાય. નહિ ખાવાનું, નહિ પીવાનું એ તો જાણે ઠીક પણ ભગવાનનાં દર્શન વિના સમય કેમ પસાર કરવો એ મોટી સમસ્યા હતી. રાત પડી એટલે સંતો-ભક્તોની આવન જાવન બંધ થઈ. વળી બધું સૂમસામ. બંનેએ કીર્તનગાન શરૂ કર્યું. એ વખતે પણ એમ જ થયું. ભગવાનનો ઢોલિયો ખેંચાવા મંડ્યો. ફરીથી પાર્ષદોને એ જ આદેશ થયો. આ કચ્છી અમારો કેડો મૂકતા નથી માટે એમને વગડામાં કાઢી મૂકો. પાર્ષદોએ જઈને ભગવાનનો આદેશ કહ્યો. બંને કહે : ભગવાનની આજ્ઞા છે એટલે છેટે જઈએ છીએ પણ કીર્તનભક્તિ તો કરીશું જ. આમ તો અમે બીજાનું સહન ન કરી લઈએ, એનાં માથાં ભટકાવીને ફોડી નાખીએ એવા છીએ.

એ સાંભળતાં જ પાર્ષદો મૂઠ્ઠી વાળીને ભાગ્યા. ભગવાનને વાત કરી. ત્રીજે દિવસે ને રાતે તેમ જ થયું. ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા ને તરસ્યા તો હતા જ, એ સાથે પ્રભુનો વિરહાગ્નિ પણ ખરો. શરીરમાં કાંઈ શક્તિ રહી નહોતી છતાંય કીર્તનભક્તિ ચાલુ જ રાખી.

ચોથે દિવસે સવારે શ્રીહરિ પ્રાતઃવિધિથી પરવાર્યા; એ વખતે પ્રભુને પણ બેચેની વર્તાઈ રહી હતી. પાર્ષદોને કહ્યું : પેલા બે કણબી મારી પાછળ પડ્યા છે, છાલ છોડતા નથી, એમને કાંઈક કહો.

પાર્ષદ કહે : મહારાજ ! હવે તો અમને જતાં સંકોચ થાય છે. કેમ જે બિચારા ત્રણ ત્રણ દિવસથી ભૂખ્યા ને તરસ્યા તડપી રહ્યા છે. એમને જવાનું કેમ કહેવાય ?

'તો હવે જઈને બોલાવી લાવો.'

'પ્રભુ ! સાચું કહો છો ? બોલાવી લાવીએ ?'

'હા... હા... જાઓ... અબઘડી બોલાવી લાવો !'

પાર્ષદો દોડતા દોડતા ઘેલાને સામે કાંઠેથી દૂર બેઠેલા મૂળજી અને કૃષ્ણજી પાસે પહોંચી ગયા. બંને ભક્તો આંખો મીંચી હરિના કીર્તનગાનમાં તલ્લીન બની ગયા છે. અશક્તિના કારણે સ્વર પણ મંદ પડી ગયો છે. આખા અંગમાં ગ્લાની છવાઈ ગઈ છે. હવે તો અશ્રુપ્રવાહ માટે આંખોમાં પાણી પણ સૂકાઈ ગયું છે. એમને જોઈ ભલભલાનું દિલડું દ્રવી ઊઠે એવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ છે.

પાર્ષદોએ મોટેથી બૂમ મારી : ઓ મૂળજી... ઓ કરસનજી... તમને મહારાજ બોલાવે છે. બંનેએ આંખો ખોલી... પાર્ષદોને જોયા. તરત પૂછ્યું : ખરેખર અમને બોલાવે છે ! ! મહારાજ બોલાવે છે !!

'હા... હા... મહારાજ તમને બોલાવે છે.'

જેમ બાળક પોતાની માતા વિના ટળવળતો હોય ને જે ઘડીએ એને ખબર મળે કે માતા તેને મળવા આવે છે. એ ઘડીએ બાળકનો ઉત્સાહ કેવો અનોખો બની જાય ? તેમ મૂળજી અને કૃષ્ણજીની અશક્તિ ક્યાંય ગાયબ થઈ ગઈ.

'મારા પ્રભુ બોલાવે છે.. મારો વ્હાલો બોલાવે છે...' એમ બોલતા બંનેએ દોટ મૂકી.

આ બાજુ શ્રીહરિ પણ અક્ષર ઓરડી પાસે ઊભા રહી નેજવું માંડીને જોઈ રહ્યા હતા. દૂરથી મૂળજી અને કૃષ્ણજીને દોડતા દોડતા આવતા દેખ્યા. એ જ ઘડીએ શ્રીહરિ અક્ષર ઓરડીનાં પગથીયાં ટપોટપ ઊતરી ગયા. દોડતા દોડતા સામે જવા લાગ્યા. સંતો-ભક્તો

પ્રભુના આ દર્શનને આશ્ચર્ય સાથે જોઈ રહ્યા.

મૂળજી ને કૃષ્ણજી થોડા દૂર હતા ત્યાં જ શ્રીહરિ દંડવત્ કરવા લાગ્યા. પોતાના પ્રીતમને આમ કરતા જોઈ એ ભક્તોથી પણ રહેવાયું નહિ, એમણે પણ દોટ મૂકી. પાસે આવીને પ્રભુને ઉપાડી લીધા. કહેવા લાગ્યા : અરે પ્રભુ ! આમ તે કાંઈ થતું હશે ?

એ બંનેને ભેટતા પ્રભુ બોલ્યા : આજે તમે અમને જીતી લીધા. અમે તમને કૂતરાની જેમ હડધૂત કર્યા, તરછોડ્યા તોય તમે અમને છોડયા નહિ. ધન્ય છે તમને.

પછી પ્રભુએ તેમને નહાવા - ધોવા માટેની વ્યવસ્થા કરાવી. પૂજાદિ નિયમથી પરવાર્યા બાદ પ્રભુ થાળ આરોગવા બેઠા. બન્ને ભક્તોને પાસે બેસાડ્યા. થાળની પ્રસાદી આપી. ખૂબ તાણ કરીને જમાડ્યા. બીજે જ દિવસે પ્રભુએ બંનેને ભાગવતી મહાદીક્ષા આપી. મૂળજીનું નામ સર્વજ્ઞાનંદ સ્વામી રાખ્યું ને કૃષ્ણજી - કરસનજીનું નામ ઘનશ્યામાનંદ સ્વામી રાખ્યું.

ઝોળીની રમુજી લીલા

માનકૂવામાં મૂળજી અને કરસનજીની અકળ રીતે કસોટી કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન રોહાગઢ વગેરે ગામે થઈ કાળા તળાવ ગામે પધાર્યા. અત્રે ભીમજી સુથાર વગેરેના મનોરથો પૂર્ણ કરી માંડવી, ડોણ થઈ તેરા ગામે નાગજી સિંગજી સુથારને ઘેર ઉતારો કર્યો. ત્યાં પ્રાગજી દવે પાસે કથા કરાવી. શ્રીહરિની આજ્ઞા અનુસાર કચ્છમાં સત્સંગ પ્રચાર કરતા સંતોને તેડાવ્યા તેથી મહાનુભાવાનંદ સ્વામી વગેરે મંડળ સહિત ત્યાં આવ્યા.

બપોરે સભા થઈ. ઘણા ભક્તો દર્શનાર્થે આવ્યા. તેમને શ્રીહરિએ ધર્મજ્ઞાનાદિની વાતો કરી. પછી હસતાં હસતાં કહ્યું : અમારા સંતો કાલે ઝોળી માગવા આવશે. જેને ઘેરથી ખાલી આવશે તેની લાજ જાશે. ત્યારે બાઈઓ બોલ્યાં : અમારી લાજ કેમ જાશે ? એક જ ઘરમાં અમે

ઝોળી ભરી દઈશું, એમાં લેશમાત્ર અધૂરું નહિ રહે. શ્રીહરિ કહે : સંતો ઘણા છે, એનો ખ્યાલ રાખજો.

બીજે દિવસે સવારે શ્રીહરિએ સંતોને ઝોળી માગવા માટે મોકલ્યા. એક સંતની સાથે એક શિષ્ય. સંતો ઝોળી લઈને નીકળ્યા. 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો' ના નાદ શેરીએ શેરીએ થવા લાગ્યા. ભક્તોને એ ખબર ન હતી કે વારાફરતી ઘણા સંતો ભિક્ષા માગવા આવશે. તેથી પહેલા સંત આવ્યા તેની ઝોળી ભરી દીધી. થોડીવાર રહીને બીજા સંત આવ્યા. તેમને આપવા માટે કાંઈ હતું નહિ. સંત ખાલી ઝોળીએ પાછા ગયા.

સંતો ઝોળી માગીને પાછા આવ્યા. એ ઝોળીનું અન્ન ભેળું કર્યું. તેના ગોળા વાળ્યા. આ બધું શ્રીહરિએ નજરે જોયું. થોડીવાર પછી બીજા સંતો આવ્યા. તેમની ઝોળી ખાલી હતી. ત્યારે બાઈઓને શ્રીહરિ કહેવા લાગ્યા : જુઓ, આ સંતો ખાલી-હાથે પાછા આવ્યા.

બાઈઓ કહે : મહારાજ, અમને એવી ક્યાં ખબર હતી કે આપ સંતોને વારાફરતી મોકલશો ? આમ શ્રીહરિએ વાતની વાતમાં સૌને આનંદ કરાવ્યો.

સંતો ગોળા લઈ જમવા બેઠા. એ વખતે શ્રીહરિએ પણ એક ગોળો લીધો. જમણા હાથમાં ગોળો રાખી શ્રીહરિ જમતા હતા તેવામાં આત્માનંદ સ્વામી આવ્યા. તેમને શ્રીહરિએ પૂછ્યું : તમારી ઝોળી ખાલી કેમ રહી? સ્વામી કહે : મહારાજ, હું આખા ગામમાં ફરી વળ્યો પણ ક્યાંય ભિક્ષા ન મળી. પછી સ્વામી જમવા બેઠા. શ્રીહરિ તો જમીને રવાના થયા. ગામની બહાર જઈને ઊભા રહ્યા. તે વખતે તડકો આકરો હતો. સંતોએ શ્રીહરિ માટે એક ગોદડી પાથરી ને એક ગોદડી શ્રીહરિના મસ્તક ઉપર ધરી રાખી. થોડીવારમાં આત્માનંદ સ્વામી પણ ત્યાં આવ્યા. સંતોની સરળતા તેમજ આજ્ઞાપાલનની તત્પરતા જોઈ શ્રીહરિ તેમને ખૂબ પ્રેમથી ભેટ્યા. તાપ બહુ જ હોવાથી જમીન ખૂબ

તપેલી હતી. સંતો પાસે જોડા ન હતા. સૌ અડવાણે પગે ચાલતા હતા. શ્રીહરિ આગળ ચાલતા હતા. તેમણે પાછળ જોયું તો સંતો ઉઘાડે પગે ચાલતા હતા, તેથી પોતે મોજડી પહેરેલી હતી તે પણ કાઢી નાખી. માર્ગમાં આવેલા વિપ્રને દાનમાં દઈ દીધી. શ્રીહરિની ચાલ બહુ જ ઉતાવળી હતી. સંતોને તેમની સાથે રહેવા માટે દોડવું પડતું હતું.

એક વૃક્ષ આવતાં શ્રીહરિ તેની છાંયે બિરાજ્યા. સંતો પણ થોડીવારમાં આવી ગયા. સૌથી પ્રથમ મહાનુભાવાનંદ સ્વામી આવ્યા. શ્રીહરિએ સંતોને પૂછ્યું : સંતો, આજે તમારા પગ બહુ બળ્યા ? ત્યારે મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા : મહારાજ, આજે તાપ બહુ છે તેથી બધાને પગે બહુ જ ગરમી લાગી છે. હું અમદાવાદમાં ઝોળી માગવા ગયો હતો ત્યારેય પગ તો બળ્યા હતા, પરંતુ આજે તો તેના કરતાં પણ વધારે તાપ છે. તે વખતે શ્રીહરિએ સંતોને ત્યાગ વૈરાગ્યની વાત કરતાં જણાવ્યું કે સંતોને તો જાણીને ટાઢ તડકો, ભૂખ તરસ સહન કરવું, તેણે કરીને ઈન્દ્રિયોની ચંચળતા ટળે. આમ વાતો કરતા તેરા ગામે પધાર્યા.

સંતદાસજીને સમાધિ

તેરા ગામમાં કૃપાનિધાન શ્રી સ્વામિનારાયણ ભગવાને નથુ સુથારને ઘેર ઉતારો કર્યો. રોજ કથાવાર્તા થતી. એમ કેટલાક દિવસ વીતી ગયા. એક દિવસ કોઢમાં ઢોલિયા ઉપર બિરાજી વાતો કરતા હતા. તે સમયે સંતદાસજી પણ પાસે બેઠા હતા. ભગવાનની વાતો એકાગ્રચિત્તે સાંભળતાં સાંભળતાં એ ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. કોઈને તેની ખબર ન હતી. ભગવાન કહે : હવે અહીં અમને ઘણા દિવસ થઈ ગયા માટે અમે જઈશું. ભક્તોએ ખૂબ જ પ્રાર્થનાપૂર્વક કહ્યું : આપ પાંચ દિવસ વધુ રોકાઓ. પરંતુ ભગવાનનો સંકલ્પ પ્રબળ હતો. વહેલી સવારે નીકળવાનું નક્કી કર્યું. એ પ્રમાણે ભગવાન વહેલા વિદાય થયા. સંતોના ઉતારામાં પથ્થરના થાંભલા પાસે સંતદાસજી બેઠેલા હતા. ધ્યાનમાં ઊંડા ઊતરતાં તેમને સમાધિ થઈ ગઈ હતી. શ્રીહરિને વળાવવા માટે

ઘણા ભક્તો ગામની નદી સુધી આવ્યા. શ્રીહરિએ તેમને પાછા જવા આજ્ઞા કરી ત્યારે ભક્તો પાછા વળ્યા.

આ દરમ્યાન નથુ સુથારનો સાથી ખેતરમાંથી આખું ગાડું ભરીને કડબ લાવ્યો. કોઢમાં જ્યાં સંતો ઊતર્યા હતા ત્યાં કડબ ભરી દીધી. સાથીને તો એવી કલ્પના જ ક્યાંથી હોય કે ત્યાં કોઈ બેઠું હશે ? વળી ત્યાં અંધારું હતું. સાથીને તો એમ જ હતું કે ભગવાન અને સંતો ગયા એટલે આ જગા ખાલી જ હશે. શ્રીહરિ તેરા ગામથી ભુજ પધાર્યા. ત્યાંથી ગુજરાતમાં વિચરણ કરતા કરતા પાછા કચ્છમાં પધાર્યા તેને છ માસ વીતી ગયા હતા. તેરા, કાળા તળાવ વગેરે ગામના ભક્તોને ખબર પડી એટલે તેઓ પણ જલ્દીથી ભુજ આવ્યા. સૌએ ભગવાનને પ્રાર્થના કરી : આપ અહીંથી ગુજરાત પધાર્યા તેને કેટલાય દિવસો વીતી ગયા. અમે તમારાં દર્શનની ક્યારનાય રાહ જોઈ રહ્યા હતા. જો આપ કોઈ સંતને પણ અહીં રાખી ગયા હોત તો અમને સંત સમાગમનું સુખ મળત.

એ સાંભળી મંદ હાસ્ય કરતા શ્રીહરિ બોલ્યા : ગુજરાતમાં કેટલાય ભક્તો છે, તેમના સંકલ્પ પૂરા કરતાં ઘણો સમય પસાર થઈ જાય. પરંતુ તમારા માટે તો અમે એક સંતને મૂકીને ગયા હતા.

'અરે મહારાજ, આપના ગયા પછી અમે તો કોઈ સંત જોયા જ નથી. આપ તેરાથી જે દિવસે રવાના થયા તે દિવસે અમે ખેતરમાંથી કડબ લાવીને ભરી દીધી છે. ત્યાં તો અમને કોઈ સંત જોવામાં આવ્યા નહિ. કડબ ભરેલી એમ ને એમ જ પડી છે.'

'તમે હમણાં પાછા તેરા ગામે જાઓ. અમે માનકૂવા વગેરે ગામે ફરતા ફરતા ત્યાં આવીશું ત્યારે તમને સંત દેખાડીશું.'

ભગવાનનું વચન સાંભળી બધાને કુતૂહલ જાગ્યું કે સંત હશે ક્યાં ? પછી શ્રીહરિ માનકૂવા ગામે પાંચ દિવસ રોકાઈ તેરા ગામે પધાર્યા. આજુબાજુના ગામેથી ઘણા ભક્તો તેમજ ભાવિકો ભેળા થઈ ગયા.

આજે બધાને કૌતુક જોવાનું હતું કે ભગવાન સંતને મૂકીને ગયા હતા તે સંત ક્યાં હશે ? ને કિયા હશે ? ભક્તોએ પણ પહેલો એ જ પ્રસ્તાવ મૂક્યો : હે મહારાજ, આપ અમને સંત બતાવો. ત્યારે શ્રીહરિએ કહ્યું : ચાલો તમારી કોઢમાં. કડબ ભરી છે ત્યાં સંતદાસજી બેઠા છે. અમે તમને બતાવીએ.

શ્રીહરિ નથુ સુથારની કોઢમાંથી કડબ કઢાવવા માંડ્યા. ભક્તોને નવાઈ લાગી. કહેવા માંડ્યા : મહારાજ, અહીં તે સંત ક્યાંથી હોય ? છ માસથી આમ ને આમ ભરેલી જ પડી છે. ભગવાન કહે : તમે કડબ કાઢવા માંડો, એટલે બધું જ પારખું મળશે. છેવટે બધી જ કડબ કાઢી. સંતદાસજી સમાધિમાં બેઠેલા હતા.



મહાપ્રભુએ સાદ પાડીને કહ્યું : સંતદાસજી, જાગો. ત્યારે તે જાગ્યા ને શ્રીહરિનો ચરણસ્પર્શ કર્યો. હરિભક્તો છક થઈ ગયા. વિચારવા લાગ્યા કે, છ છ મહિના સુધી જમ્યા વિના એમ ને એમ કઈ રીતે જીવી શક્યા ! અરે શરીરમાં પણ કાંઈ ફેરફાર થયો ન હતો !!

ભક્તો શ્રીહરિને હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા : હે પ્રભુ,

અમારાથી આ સંતનો અપરાધ થઈ ગયો. આપ માફ કરો. શ્રીહરિએ તેમને કહ્યું : તમારાથી અજાણમાં એમ થઈ ગયું માટે તમે નિશ્ચિંત રહો. આમ, સંતદાસજીની સમાધિ કચ્છના ભક્તો માટે એક અનેરું સંભારણું બની ગઈ.

ભુજમાં ફૂલદોલોત્સવ

ભુજમાં વસંત પંચમી ઊજવાઈ એ જ વખતે નક્કી થઈ ગયું હતું કે, ફૂલદોલોત્સવ પણ અહીં જ ઊજવાશે. કચ્છનાં વિવિધ ગામે વિચરણ કરી શ્રીહરિ ભુજમાં પધાર્યા ત્યારે ફૂલદોલોત્સવને માત્ર બે દિવસ જ બાકી રહ્યા હતા. આ પર્વ નિમિત્તે ભક્તોએ અગાઉથી તૈયારી કરી રાખી હતી. દૂરદૂર વસતા ભક્તોને પણ નિમંત્રણો પાઠવી દીધાં હતાં એટલે ભક્તો પણ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

ભક્તોના પ્રેમને વશ થઈ શ્રીહરિએ કેસરિયાં વસ્ત્ર ધારણ કર્યાં. એ જ રીતે અંગોઅંગે ફૂલડાના શણગારથી ગરકાવ થયા. જે અશ્વ પર શ્રીહરિ બિરાજવાના હતા તેને પણ ફૂલથી શણગાર્યો હતો. પ્રભુના શિરે ધરેલું છત્ર પણ ફૂલોનું બનાવ્યું હતું. એ જ રીતે બંને બાજુથી પ્રભુને વાયુ ઢોળવા પંખા પણ ફૂલના હતા. ઢોલ, તાસાં, શરણાઈના નિનાદો સાથે ભુજની બજારો ધણધણી ઊઠી. ઠેરઠેર દર્શનાર્થીઓની ભીડ જામી. શ્રીહરિ તેમજ સંતોને સૌએ ફૂલોથી વધાવ્યા. વાજતે ગાજતે આ શોભાયાત્રા સભામંડપે પહોંચી. અહીં શ્રીહરિ બિરાજમાન થતાં બુલંદ જયનાદો થયા. ફૂલોના અલંકારોથી ગરકાવ ને ફૂલોના હિંડોળામાં બિરાજી ઝૂલતા પ્યારા પ્રીતમ સમક્ષ સંતોએ હોળી, વસંત વગેરેનાં પદો ગાઈ ઝાંઝ, મૃદંગ વાદન સાથે ઓચ્છવની રમઝટી મચાવી.

ફાગણ વદ ૧, તા. ૨૨-૩-૧૮૧૦, ગુરુવારે રંગોત્સવ નિમિત્તે સંતો-ભક્તોએ સાથે મળીને અબીલ, ગુલાલ, પીચકારી વગેરેની તૈયારી કરી દીધી હતી. શ્રીહરિ માટે ઊંચો મંચ બાંધ્યો હતો.

આવા ઉત્સવો ઊજવવા પાછળ શ્રીહરિનો હેતુ એ જ હતો કે

લોકોમાં પ્રવૃત્ત બિભત્સ વૃત્તિના સ્થાને સાત્ત્વિક વૃત્તિનું સામ્રાજ્ય સ્થપાય. તેથી પ્રસંગને અનુરૂપ ઉપદેશ પણ આપતા રહેતા. પોતાના ભક્તોને તો એ સમજણ આવી ગઈ હોય પણ ઉત્સવનો લાભ લેવા આવનાર ભાવિકજનો આ બાબતથી માહિતગાર થાય. આ બાબતને લક્ષ્યમાં રાખી શ્રીહરિએ વિશાળ સભા સમક્ષ વાત કરી : આજનો રંગોત્સવ ભગવાનને રીઝવવા માટે છે, તેમાં ભગવાનને સંભારીને રંગે રમવું. જે મનોવિનોદ માટે રમે છે તેને અંતકાળે યમસદનમાં ધકેલાવું પડે છે. જે લોકો વિવાહમાં ને હોળીમાં લોકલાજ છોડીને મન ફાવે તેમ બોલે છે તે હકીકતમાં માનવ નથી.

હોળી પાકા હરિભક્તની નિશાની આંકી દે છે. તેવા સમય વિના તો સૌ બરાબર જ દેખાતા હોય છે. જે સાચા ભક્ત છે તે હરિના રંગના ભીના થઈ જાય છે ને નિરંતર તાજા ને તાજા આનંદમાં ગરકાવ રહે છે. એ ભગવાનનાં ચરિત્ર સિવાયના બધા જ શબ્દોને ત્યજી દે છે. સંતો કે હરિભક્તોએ હોળીનો દિવસ જોઈને તોફાન મસ્તી ન કરવી જોઈએ. જેઓ લાજ મર્યાદા રાખતા નથી તેમની બુદ્ધિ દુષિત થઈ જાય છે. વર્તન ઉપરથી અંતરનો ભાવ દેખાઈ આવે છે. સદ્‌બુદ્ધિવાળા સંતો અને હરિભક્તો તરત જ પરીક્ષા કરી લે છે.

આ રીતે સુબોધનાં વચનો કહી શ્રીહરિ સૌ પર રંગવર્ષા કરવા તૈયાર થયા. તે વખતે મસ્તકે પાઘડી ને કેડે દુપટ્ટો કસીને બાંધ્યાં. વિવિધ પ્રકારનાં વાદ્યો વાગવા લાગ્યાં. શરણાઈ, તુરાઈ, રણસીંગી, ભેરી, ભુંગળની સાથે તાસાં, નોબત, ઢોલ, ચોઘડિયાં, પડઘમ વગેરેની ધણધણાટી ચોમેર છવાઈ ગઈ.

શ્રીહરિની કોર હરિભક્તોનો સમુદાય હતો. સંતોના સમુદાયમાં સાંખ્યયોગી હરિભક્તો, વર્ણીઓ ને પાર્ષદો હતા. બંને પક્ષ માટે રંગના મોટા હોજ તૈયાર હતા. પીચકારીઓના મોટા ગંજ ખડકાયા હતા. અબીલ ગુલાલ ભરેલી ફાંટો શ્રીહરિની પાસે ગોઠવાઈ હતી. સર્વપ્રથમ શ્રીહરિએ પીચકારી દ્વારા રંગવર્ષા શરૂ કરી. ત્યાં જ સામસામેથી રંગની

ઝડીઓ છૂટી. જાણે રંગીલો વરસાદ !! થોડી જ ક્ષણમાં સૌ રંગમાં રસતરબોળ થઈ ગયા. તેના ઉપર શ્રીહરિના હાથે અબીલ ગુલાલની ફાંટો ઊડી. આ રંગલીલાને જોવા નગરવાસી લોકો આવેલા હતા. એ પણ રંગોત્સવમાં જોડાઈ ગયા. એમને પણ આનંદ આવ્યો. તેમના માટે જીવનનો એક યાદગાર અવસર બની ગયો. સૌના હૈયાનો એ જ સૂર હતો કે આવી રંગ-ક્રીડા અમે અમારા જીવનમાં ક્યાંય જોઈ નથી.

રંગોત્સવ પૂર્ણ કરી શ્રીહરિએ સંતો-ભક્તો સહિત હમીરસર તળાવે જઈ સ્નાન કર્યું. નૂતન વસ્ત્રો ધારણ કર્યાં. વાજતે ગાજતે શ્રીહરિ પાછા પધાર્યા ત્યારે ફૂલના હિંડોળે બિરાજ્યા. પ્રસંગને અનુરૂપ પ્રસાદ નિમિત્તે ભક્તો પણ ધાણી, ખજૂર, ખારેક વગેરે લાવ્યા હતા, તો કેટલાક સાકરના હારડા લાવ્યા હતા. ભક્તોને પ્રેમની અભિવૃદ્ધિ થાય તે માટે શ્રીહરિએ દરેકના હાર સ્વીકાર્યા.

ફગવાનો પ્રસાદ લેવા સંતો આવ્યા. તેમને મોટા મોટા ખોબા ભરી પ્રભુએ પ્રસન્નતાપૂર્વક એ પ્રસાદ આપ્યો. ભક્તોને પણ એ લાભ આપ્યો.

ભુજથી શ્રીહરિએ સંતોને અંજાર મોકલ્યા ને પોતે મૂળજી બ્રહ્મચારી સાથે માંડવી પધાર્યા. ત્યાંથી શ્રીહરિ વહાણમાં બેસીને જોડિયા પધાર્યા. ભક્તોને સુખિયા કરવા શ્રીહરિ ભાદરા, અલૈયા, મોડા, કંડોરડા, દૂધીવદર, ફણેણી થઈ ધોરાજી બાજુ પધારી રહ્યા હતા.

ધોરાજીથી અગત્રાઈ

ધોરાજીના કેશવજી દવેનો સેવાભાવ

ભગવાનના વિચરણમાં પણ કેટલાયને દર્શન-સેવાનો સુયોગ મળી જાય. ધોરાજીના કેશવજી દવે કાંઈ કામ પ્રસંગે કંડોરડા બાજુ ગયેલા હતા, તે કામ પતાવીને પાછા પોતાના વતન તરફ જઈ રહ્યા હતા. એમાં દવેને ભગવાનનાં દર્શન થઈ ગયાં.

અનાયાસે ને અણધારી રીતે આમ પ્યારા પ્રીતમનાં દર્શન થાય ત્યારે ભક્તનો આનંદ ચરમસીમાએ પહોંચે એમાં કહેવાનું જ શું હોય ? શ્રીહરિ સાથે કેટલાક સંતો ને પાર્ષદો પણ હતા. દવેએ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એ વખતે એવું બન્યું હતું કે, ભગવાન સાથે રહેલા સેવકોમાં કોઈની પાસે પાણી નહોતું.

ભક્ત કેવા સમર્પિત છે તેની સૌને જાણ થાય તે માટે ભગવાને લીલા આદરી. કહેવા લાગ્યા : દવે ! આજે અમને બહુ જ તરસ લાગી છે.

દવે કહે : મહારાજ ! હું આ વિસ્તારનો ભોમિયો છું. મને ખબર છે કે અહીંથી થોડે જ દૂર પાણીનો કૂવો છે. આપ થોડીવાર આરામ કરો. હું હમણાં જ પાણી લઈને આવું છું.

ભક્ત લોટો લઈને કૂવા તરફ દોડ્યા. લોટામાં કુલેર હતી. પાણી લેવા માટે બીજું કોઈ પાત્ર નહોતું. દવેએ વિચારી લીધું કે, આ લોટો ખાલી કરીને એમાં પાણી ભરી લાવું. લોટો ખાલી કરવા માટે ઊભા રહેવું એમને પરવડે તેમ નહોતું. જો ઊભા રહે તો પાણી લાવવામાં વિલંબ થાય તેમ હતું. એટલે દવે દોડતા દોડતા લોટામાં રહેલી કુલેર ખાલી કરતા ગયા. કૂવે જઈ તરત જ પાણી ભરી લીધું. દોડતા દોડતા પાછા આવી ગયા. કહ્યું : મહારાજ ! લ્યો પાણી.

ભક્ત કઈ રીતે પાણી લાવ્યા હતા તે પ્રભુથી અજાણ્યું નહોતું. સાથે રહેલા સેવકોને ખ્યાલ આવે તે માટે કહ્યું : દવે ! આ લોટામાં તો ઘીની સુગંધ આવે છે !

'હા મહારાજ ! એમાં કુલેર ભરી હતી,' ભક્તે ખુલાસો કર્યો.

'પણ દવે ! કુલેર એટલે શું; એ તો કહો ?'

'મહારાજ ! આ દેશમાં એવો રિવાજ છે કે બીજા ગામે જવું હોય તો ભાતા માટે કુલેર બનાવીએ. બાજરીના શેકેલા લોટમાં ઘી ને ગોળ મેળવી દઈએ એટલે બની જાય કુલેર.'

'દવે ! લાવો એ કુલેર, અમે પણ જમીએ.'

'મહારાજ ! મને એમ કે આપના માટે જલ્દી પાણી લાવું એટલે દોડતાં દોડતાં કુલેર વેરતો ગયો.'

'અરે ભગત ! આવું તે કરાતું હશે ? પાણી લેવા માટે ભાતુંય ફેંકી દીધું ! એ તો બહુ ખોટું થયું,' એમ બોલતા ભગવાન દિલગીર થઈ ગયા.

દવે કહે : હે મહારાજ ! મારી ભૂખની ચિંતા ન કરો. આપનાં દર્શન થયાં એટલે મને બધી જ તૃપ્તિ થઈ ગઈ. ભક્તની આવી સમજણ જોઈ ભગવાન બોલ્યા : દવે, તમારા ઉપર અમે બહુ જ રાજી થયા છીએ. જે માગવું હોય તે માગો.

આ તો નિષ્કામ ભક્ત હતા એટલે જ ભગવાને માગવાનું કહ્યું હતું. ભક્ત કહે : મહારાજ ! આપ મારા પર ખરેખર પ્રસન્ન થયા હો તો તમારા ચરણનો અંગૂઠો મને મોઢામાં આપો.

ભગવાને જમણો ચરણ લાંબો કર્યો. દવે તેને મોઢામાં મૂકી ચૂસવા લાગ્યા. એમાં ભગવાને એવી કળા કરી કે દવેને ભૂખ લાગી હતી તે બિલકુલ મટી ગઈ. ભક્તે તૃપ્તિનો ઓડકાર ખાધો.

બધા આશ્ચર્યચકિત થઈ જોઈ જ રહ્યા. અંગૂઠો ચૂસવાથી ભક્ત ધરાઈ ગયા ! હા ભાઈ હા... ભગવાન તો જેમ ધારે તેમ કરી શકે. અંગૂઠો ચૂસાવવાનું તો નિમિત્ત હતું. એ તો સંકલ્પ માત્રે કરીને ભક્તની ભૂખ ટાળી દે એવા સમર્થ છે.

માવજી દવેના દીકરાને આશીર્વાદ

ધોરાજીના માવજી દવે બહુ જ પાકા સત્સંગી હતા. એમને હરજીવન,

રાઘવજી, લાલજી અને કેશવજી એમ ચાર દીકરા હતા. એ હજુ નાના હતા એવામાં માવજી દવે અને તેમનાં ધર્મપત્ની ધામમાં ગયાં. એટલે એ બાળકો સાવ નિરાધાર થઈ ગયા. તેમની સાર સંભાળ માવજી દવેનાં બેન ગંગાબાઈ રાખતાં. પોતાના કુટુંબ ઉપરાંત આ ચાર બાળકોનું ભરણપોષણ કરવાનું કામ ગંગાબાઈને વિશેષ બોજારૂપ થઈ પડ્યું હતું.

આ બાઈની મુશ્કેલી દૂર કરવા શ્રીહરિએ બાઈને સહજ સ્વભાવે પૂછ્યું : તમારે શું દુઃખ છે ? બાઈ કહે : મહારાજ ! મારા ભાઈના ચાર દીકરા નાના છે, તેથી વ્યવહારની બહુ ઉપાધિ રહે છે.

શ્રીહરિ કહે : એ બાળકોને બોલાવી લાવો. બાઈએ એ ચારેય બાળકોને શ્રીહરિની સમક્ષ હાજર કર્યા. એ ચારેય જણાને માતાપિતાના સંસ્કાર નાનપણથી મળેલા હતા. એટલે ભગવાન પાસે આવીને નમ્રતાપૂર્વક પગે લાગ્યા. એમને જોઈ ભગવાન પ્રસન્ન થઈ બોલ્યા : ગંગાબાઈ ! આ છોકરા તો બહુ ડાહ્યા લાગે છે. બધોય વ્યવહાર ઉપાડી લે એવા છે.

ગંગાબાઈને નવાઈ લાગી. મનમાં થયું કે બાળકો હજુ નાના છે, કાંઈ ભણ્યા પણ નથી, તો એ વ્યવહાર કઈ રીતે ઉપાડી લેશે ?

સઘળી સમસ્યાનો ઉકેલ શ્રીહરિના હાથમાં જ હતો. મુક્તાનંદ સ્વામીને આદેશ આપ્યો : આપણી પાસે જે કોઈ પુસ્તક હોય તે લઈ આવો.

'પ્રભુ, હાલમાં તો હાથના લખેલા રામકથાના કાંડ છે.'

'જાઓ, લઈને જલ્દી પાછા આવો.'

પ્રભુના એ આદેશ અનુસાર સ્વામી એ પુસ્તક લાવ્યા. તેમાંથી દરેકને એક એક કાંડ આપ્યા. પણ હરજીવનને ન આપ્યો.

આવું થાય ત્યારે દરેકને એવું તો થાય જ કે બધાને આપ્યું ને મને કેમ નહિ ? મને એકલાને જ અળગો રાખ્યો ! પરંતુ હરજીવન સંસ્કારી હતો. ગુણિયલ હતો. તેણે વિચાર્યું : ભગવાન જે કાંઈ કરે છે તે મારા સારા માટે જ કરે છે. ભગવાન મને બીજી કોઈ અલગ રીતે સુખિયો કરશે. આમ વિચારી એ ચૂપ રહ્યો.

ભગવાન બાળકોને કહે : ચાલો, વાંચવા માંડો; પણ બાળકો નાના હતા, એટલે કાંઈ ભણેલા નહોતા. એ કહેવા લાગ્યા : મહારાજ ! અમે હજુ એટલું ભણ્યા નથી.

'બ્રાહ્મણ તો બ્રહ્માના પુત્ર કહેવાય, એ તો સદાય ભણેલા જ હોય, માટે વાંચવા માંડો.'

ભગવાન તો मूकं करोति वाचालं । એમનું વચન ફળ્યા વિના રહે ખરું ? બાળકો તરત જ વાંચવા માંડ્યા. એ પણ શુદ્ધ ને સ્પષ્ટ ઉચ્ચારણ સાથે.



ગંગાબાઈ એ જોતાં જ તાજુબ થઈ ગયાં. અહોભાવ સાથે શ્રીહરિને વંદન કરતાં બોલ્યાં : વાહ દયાળુ વાહ ! આપની કળા ખરેખર અકળ છે. આપે તો વાતની વાતમાં મારી સઘળી ઉપાધિ દૂર કરી દીધી !

ભગવાન કહે : ગંગાબાઈ ! આમનો વ્યવહાર હવે અમારે માથે છે, માટે હવેથી તમે ચિંતા ન કરતાં.

મોટા ભાઈ હરજીવનને ભગવાને કાંઈ ન આપ્યું એટલે મુક્તાનંદ સ્વામીએ ચિંતા વ્યક્ત કરી : મહારાજ ! આ મોટો હરજીવન બાકી

રહી ગયો. તેને પણ એક કાંડ આપ્યો હોત તો સારું થાત.

'સ્વામી, અમને જેમ રુચ્યું તેમ કર્યું.' શ્રીહરિના આ સાંકેતિક વચનમાં કોઈને કાંઈ ગમ ન પડી.

આ શબ્દનું રહસ્ય છ મહિના બાદ સ્પષ્ટ થઈ ગયું. ભગવાન સંતો-ભક્તો સહિત પાછા ધોરાજી પધાર્યા તે વખતે મુક્તાનંદ સ્વામીને જ પૂછ્યું : સ્વામી ! આ દવે ચાર ભાઈ હતા એમ અમને યાદ આવે છે, ને ત્રણ છે તેનું કેમ ?

ત્યારે પેલા બાળકો જ બોલ્યા : આપ અહીંથી પધાર્યા બાદ એ બે ત્રણ માસમાં જ દેહ મૂકી ગયા.

'જોયું સ્વામી ! અમે આ કારણસર હરજીવનને કાંડ આપ્યો નહોતો.'

પ્રભુનું આ વચન સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યા : મહારાજ ! આપની લીલા ખરેખર અકળ છે. ભવિષ્યમાં કોનું શું થવાનું છે તેની અમારા જેવાને શી ગમ પડે ? એટલે સંશય થાય, પણ આપ એવા દયાળુ છો કે અમારી એ અણસમજણ ટળાવવા પ્રત્યક્ષ પુરાવો પણ કરાવી આપો છો.

પછી શ્રીહરિ દવેના ફળિયામાં પીંપળાના વૃક્ષ નીચે બિરાજ્યા. એ વખતે ગંગાબાઈ વઘારેલા મઠ લાવ્યાં. પ્રભુ તે જમવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીને વિચાર થયો કે, મઠ પચવામાં ભારે પડશે, એટલે પ્રભુને કહ્યું : મહારાજ ! હવે થોડી પ્રસાદી અમારા માટે રાખો ને ? તોય ભગવાને જમવાનું ચાલુ રાખ્યું.

થોડીવાર પછી ત્યાંથી ચાલ્યા ત્યારે મૂળજી બ્રહ્મચારીએ કહ્યું : મહારાજ ! એવા કાચા મઠ જમતા હતા, પણ પેટમાં દુ:ખશે તો ?

'બ્રહ્મચારી ! મઠ કાચા હતા પણ ડોશીનો ભાવ કાચો નહોતો એટલે અમને નહિ દુ:ખે.'

'હા મહારાજ ! એ ખરી વાત. અમારા જેવાને એ હજમ કરવું ભારે થઈ પડે.' પ્રેમવશ પ્રભુએ આ રીતે ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા.

ગોંડલના દરબાર હઠીસિંહજીનો દર્શન ખપ

શ્રી સ્વામિનારાયણ ભગવાન ધોરાજીમાં હતા એ અરસામાં ગોંડલના દરબાર હઠીસિંહજી કાંઈ કામ પ્રસંગે ધોરાજી આવેલા હતા. એમને ખબર મળ્યા કે સ્વામિનારાયણ ભગવાન ધોરાજીમાં છે.

દરબાર જાણતા હતા કે શ્રીહરિ બહુ જ પ્રતાપી છે. તેથી એમને કેટલાય દિવસથી મનમાં રહ્યા કરતું હતું કે મારે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં છે. આજે એવો સુયોગ સહજમાં મળી જાય એમ હતું. એમણે તત્કાળ નિર્ણય કરી લીધો કે બીજાં કામ તો પછીય થશે. મારે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં છે.

ડાયરો ભરાયો હતો એમાં દરબારે આ પ્રસ્તાવ મૂક્યો; ત્યારે કોઈ એક જણે કહ્યું : દરબારશ્રી ! એ તો ગમે તેને ત્યાં બેઠા હશે.

હઠીસિંહે કહ્યું : મહાન પુરુષનાં દર્શન કરવાં એમાં કાંઈ માન-મરતબાની અપેક્ષા ન રખાય. એવા મોટા જ્યારે સામાન્ય વ્યક્તિને ત્યાં જવામાં સંકોચ નથી અનુભવતા, ત્યારે એમની આગળ હું શા લેખામાં ! આટલું બોલતા દરબારશ્રી તો જવા માટે તૈયાર થઈ ગયા. એમણે તપાસ કરાવી તો જાણવા મળ્યું કે ભગવાન એક ગરાસિયાને ઘેર પધાર્યા છે. એટલે દરબારશ્રી તરત જ ઊપડ્યા એ ગરાસિયાના ઘર તરફ.

આ બાજુ ગરાસિયાને ખબર મળ્યા કે દરબારશ્રી આવે છે. વાત સાંભળતાં જ ગરાસિયાને અંગે પરસેવો છૂટી ગયો. એ મૂંઝાઈ ગયો. ભગવાનને કહેવા માંડ્યો : મહારાજ ! અહીં તો ગોંડલ નરેશ પધારે છે. એમનું સ્વાગત કરવા મારી પાસે તો કાંઈ છે જ નહિ. ભગવાન કહે : એ આવે એમાં તને શું વાંધો છે ? હું બેઠો છું તેમ એ આવીને મારી બાજુમાં બેસશે.

'પણ મહારાજ ! અમારા ગરાસિયામાં એવો રિવાજ છે કે દરબારશ્રી આવે ત્યારે અમારે કાવા-કસુંબા કરવા પડે. તેમને અમુક નાણું પણ ભેટ ધરવું પડે. એટલેથી પૂરું થાય તોય બસ, પણ એમની સાથે આવેલાને અફીણની મિજબાની કરાવવી પડે. એનો ખરચો બહુ થાય. એટલા બધા

પૈસા મારે કાઢવા ક્યાંથી ?' ગરાસિયે આમ પોતાની મૂંઝવણ રજૂ કરી.

'ભગત, અમે હોઈએ ત્યાં આવા કાવા-કસુંબા થાય જ નહિ, માટે એ ચિંતા છોડી દો.' ભગવાને આટલી બધી હિંમત આપી તોય તે ગરાસિયાની મૂંઝવણ ટળી નહિ એટલે પ્રભુએ કહ્યું : ચાલો, આપણે સવા કુંભારને ત્યાં જઈએ. એમ કહીને ત્યાં પધાર્યા.

ગરાસિયાના ઘર તરફ જતા દરબારશ્રીને ખબર મળ્યા કે ભગવાન સવા કુંભારને ત્યાં પધાર્યા છે, ત્યારે દરબારશ્રી કહે : ચાલો સવા કુંભારને ત્યાં. આપણે સ્વામિનારાયણનાં દર્શન કર્યા વિના પાછા વળવું નથી. વારે વારે આવો સુયોગ થવો બહુ દુર્લભ છે. એ સાંભળી દરબારશ્રી સાથે જે માણસો હતા તે કહેવા લાગ્યા : અરે બાપુ ! આપ આવા મોટા રાજા થઈને કુંભારને ત્યાં જાઓ એ તો બિલકુલ અયોગ્ય કહેવાય. ત્યારે દરબારશ્રીએ ચોખ્ખું ચટ સંભળાવી દીધું : સ્વામિનારાયણ મહાપ્રતાપી પુરુષ છે. એમને કાંઈ હરકત નથી, તો આપણને શું હરકત છે ?

કુંભારને ખબર મળ્યા કે, દરબારશ્રી પોતાને ઘેર આવી રહ્યા છે એટલે એનેય મૂંઝવણ થઈ પડી. ભગવાન તો તે જાણતા જ હતા છતાં પૂછ્યું : ભગત ! કેમ મૂંઝાઈ ગયા ?



'પ્રભુ ! મારે ઘેર દરબારશ્રી પધારશે તેમને બેસવા માટે શું આપવું ? મારી પાસે તો કાંઈ બિછાનું છે જ નહિ.'

'અરે ભગત ! એ દરબાર જેના માટે આવે છે એ ગુણા પર બેઠા છે તેમ એ દરબાર માટે બીજા ગુણા પાથરી દો.'

સવા કુંભારે ગુણો પાથર્યો ત્યાં જ દરબારશ્રી આવી પહોંચ્યા. પ્રભુનાં દર્શન થતાં જ દરબારશ્રીની ચિત્તવૃત્તિ ભગવાનમાં ચોંટી ગઈ. હાથ જોડી એ પ્રભુને પગે લાગ્યા. એ સાથે પ્રાર્થના કરી : મહારાજ ! મને ઘણા વખતથી આપનાં દર્શનની ઈચ્છા હતી તે આજે પૂરી થઈ.

ભગવાને પ્રસન્નતા દર્શાવતાં દરબારશ્રીને બેસવાનો સંકેત કર્યો. એય પણ હરખભેર ગુણા પર બેઠા. સાથે આવેલા નોકરચાકરો તો જોતા જ રહી ગયા. ભગવાને દરબારશ્રીને મનુષ્ય જન્મની સાર્થકતા અંગેની વાતો કરી. દરબારશ્રીને બહુ જ મજા પડી.

ગરમીનો સમય હતો એટલે ભગવાનને વારે ઘડીએ પાણી પીવું પડતું હતું. પાણીનું પાત્ર ભગવાનની પાસે જ હતું. પાણી પીતાં ભગવાને દરબારશ્રીને કહ્યું : લ્યો દરબાર, પાણી પીશો ?

દરબારશ્રીને એમ કે ભગવાન તો હલકી જાતના લોકોને ત્યાં જમે છે, એટલે એમનું ખવાય પીવાય નહિ, તેથી થોડી આનાકાની કરી. પરંતુ ભગવાને કહ્યું : દરબાર ! બીજી શંકા કુશંકા છોડી દો ને પાણી પીઓ. ભગવાનનો આગ્રહ જોઈ દરબારશ્રીએ પાણી પીધું. એ પીતાં જ અંતરમાં ટાઢો શેરડો વ્યાપી ગયો. બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. એમનો હરખ હવે ઝાલ્યો ન રહ્યો. કહેવા લાગ્યા : હે મહારાજ ! તમે ભગવાન ખરા. આટલા દિવસથી તમને પ્રતાપી પુરુષ માનતો હતો પણ પરિપક્વ સમજણ થઈ નહોતી. આજે પાકી ખાત્રી થઈ ગઈ કે, તમારો આશરો કરીએ તો કલ્યાણ થઈ જાય, પણ મારી એટલી લાચારી છે કે, તમે નિયમ પળાવો એ અમારાથી પળે નહિ.

'દરબાર ! આજથી તમારું ધર્મરાજ્ય. આટલું કરશો એટલે મુક્તાનંદ

સ્વામીની હારે તમારું કલ્યાણ.'

દરબારશ્રી કહે : ભલે મહારાજ, એ મારે કબૂલ મંજુર. આ સાથે પ્રભુએ આદેશ આપ્યો : અહીં સદાવ્રત ચાલે છે તેની વ્યવસ્થા કરવાની જવાબદારી પણ સંભાળી લ્યો. ભગવાનના એ આદેશનું પાલન કરવા દરબારશ્રી હરખભેર સંમત થયા. શ્રીહરિ પાસે વર્તમાન ધારણ કર્યાં.

પર્વતભાઈની ઉત્તમ સ્થિતિ

ધોરાજીમાં ભક્તોને કૃતાર્થ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન ભાડેર, પીપલાણા થઈ અગત્રાઈ પધાર્યા. આ અરસામાં જન્માષ્ટમીનો સમૈયો નજીક હોવાથી શ્રીહરિએ અગત્રાઈમાં જ આ ઉત્સવ ઊજવવાનું નક્કી કર્યું. તે માટે ઠેરઠેર કંકોત્રીઓ મોકલી સંતો-ભક્તોને તેડાવ્યા.

હરિવરનાં હરખનાં તેડાં આવે પછી કોનાં હૈયાં ઝાલ્યાં રહે ? દેશોદેશથી ભક્તો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા. જેવો ભક્તોને ઉમંગ હતો એવા જ ઉમંગ સાથે સંવત ૧૮૬૬, શ્રાવણ વદ ૮, તા. ૨૨-૮-૧૮૧૦, બુધવારના રોજ જન્માષ્ટમીનો સમૈયો ઊજવાયો. એ રાતે શ્રીહરિની સન્મુખ મોટી સભા થઈ. તે સમે શ્રીહરિએ પર્વતભાઈને પૂછ્યું : અમે તમને અક્ષરધામથી આ લોકમાં લાવ્યા છીએ. તો હવે એ કહો કે તમને અહીંના પંચવિષય કેવા લાગે છે ?

પર્વતભાઈએ વિનમ્રભાવે કહ્યું : હે પ્રભુ ! આપની ઈચ્છાનુસાર આ સેવકને અહીં આવવાનું થયું છે, તેમાં પંચવિષયનાં સુખનો મેં લેશમાત્ર સંબંધ રાખ્યો નથી. આપની મૂર્તિ વિના હું બીજું કાંઈ દેખતો જ નથી. મારું મન રાત દિવસ આપની મૂર્તિમાં જ નિમગ્ન રહે છે. આપનું ધ્યાન કરવાનું જ મને નિરંતર અનુસંધાન રહે છે. હું તો નિરંતર તમારી મૂર્તિમાં જ રહ્યો છું.

તેની નોંધ લેતાં સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામી શ્રી ઘનશ્યામલીલામૃત ઉત્તરાર્ધના ૬૧મા તરંગમાં કહે છે :

તવ રૂપ વિશે મારું મન, અહોનિશ રહે છે મગન;
મુને બીજું નથી કાંઈ ભાન, નિત્ય ધરું છું તમારું ધ્યાન ॥૧૮॥
મૂર્તિમાં રહું છું દિન રાત, કૃપાનાથ કહું સાચી વાત;
એમ શ્રીહરિ સહજાનંદ, સ્વામિનારાયણ સુખકંદ ॥૧૯॥
પોતાના જે છે અનાદિ મુક્ત, તેની સ્થિતિ જણાવાની જુક્ત;
પરવતભાઈને કૈ વચન, શાંત કરાવ્યાં સર્વેનાં મન ॥૨૦॥

પર્વતભાઈના ઉત્તર દ્વારા પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તોને અનાદિ મુક્તની સ્થિતિ સમજાવવા માગતા હતા. એનું ટૂંકમાં વર્ણન કરતાં ભગવાને કહ્યું : અમારા અનાદિ મુક્ત અનંત કોટી બ્રહ્માંડોનાં કલ્યાણ કરવા અમારી ઈચ્છાથી આ લોકમાં પ્રગટ થાય છે. એ તો સદાય નિર્દોષ અને નિર્વિકારી છે. એમના શરણે જે કોઈ આવે છે તે કાળ, કર્મ, માયાના ભયથી રહિત થઈ જાય છે, એટલું જ નહિ, એ જીવ અમારા સાધર્મ્યને પામીને અંતે અમારી મૂર્તિમાં લીન થઈ જાય છે. અજ્ઞાની જીવને અમારા અનાદિ મુક્તની અલૌકિક રીતમાં કાંઈ પણ ગમ પડતી નથી. આ રીતે શ્રીહરિએ પર્વતભાઈના નિમિત્તે પોતાના અનાદિ મુક્તની સ્થિતિની વાત સમજાવી.

અગત્રાઈમાં ઉત્સવ નિમિત્તે દેશોદેશથી આવેલા ભક્તોને શ્રીહરિએ દેશકાળના સમાચાર પૂછ્યા.

વિસનગરના સૂબાનો ઉપદ્રવ

વિસનગરથી ભક્તો આવેલા હતા. તેમને પ્રભુએ પૂછ્યું : તમને ભજન ભક્તિ બરાબર થાય છે ને ?

'પ્રભુ ! આપની દયાથી ભજન ભક્તિમાં બહુ જ આનંદ વર્તે છે, પણ કેટલાક દ્વેષી લોકોની પરેશાની હદ બહારની વધી ગઈ છે.'

'તો પછી ત્યાંના મોટા અધિકારીને કેમ વાત કરતા નથી ?'

'અરે પ્રભુ ! મોટો અધિકારી સૂબો લાલદાસ દેસાઈ જ બહુ કનડગત કરે છે.'

'તમે ભજન કરો એમાં વળી સૂબાને શું વાંધો પડ્યો ?'

'મહારાજ ! એ વૈરાગી બાવાને માને છે, એટલે એને આપના પ્રત્યે બહુ જ દ્વેષ છે.'

'એ કનડગત કેવી કરે છે એ તો કહો.'

'જે આપને માને છે તેને એ નાત બહાર મૂકે છે, બંદીખાને નાખે છે. એક વાર તો તેણે અમને ઉનાળાના તડકામાં બેસાડ્યા. તોય અમે ભજન ન છોડ્યું.'

'ક્યાં સુધી બેસાડ્યા ? ઠેઠ સાંજ સુધી ?'

'અરે પ્રભુ ! એનો ઈરાદો તો એવો જ હતો કે સાંજ સુધી અમને તડકામાં બાળવા.'

'પણ એ કેમ અટક્યું ?'

'મહારાજ ! એમનાં સગાં બહેન ઉદયકુંવરબા અને ભાણેજ બળદેવને આપની કૃપાથી સત્સંગનો રંગ અંગોઅંગ ચડી ગયો છે. એ બંનેને ખબર પડી કે સૂબાએ અમને તડકે બેસાડ્યા છે એટલે એય અમારી જોડે આવીને તડકામાં ઊભાં રહ્યાં. સૂબાએ તો એ બંનેને વાર્યાં. કહ્યું : તમને મેં ક્યાં તડકે ઊભાં રહેવાનું કહ્યું છે ? તમે તો મારાં બહેન છો.'

ત્યારે બાઈએ સણસણતો જવાબ આપ્યો; ચોખવટ કરી : જા જા પીટ્યા, તું ક્યાં મારો ભાઈ છે ? મારા સાચા ભાઈ તો આ સત્સંગી છે. લોહીની સગાઈ સાચી નથી, સત્સંગની સગાઈ સાચી છે. એ સાંભળી સૂબો ચૂપ થઈ ગયો. બાઈની સાથે અમને પણ છાંયડે લીધા. પોતાનાં સગાં બહેન ને ભાણેજ તડકે બળે એ સૂબાને કેમ પોસાય ?

'તો ભક્તો ! તમે પણ અમારા સગા છો. તમને દુઃખ પડે એ અમને ન પોસાય. તમારું દુઃખ ટાળવા અમે વિસનગર આવશું.'

'અરે રે મહારાજ ! એવું તો ભૂલેય ન વિચારજો, કેમ જે એ સૂબો વંઠી ગયેલો છે. એ તો પ્રતિજ્ઞા લઈને બેઠો છે કે, મારે સહજાનંદને

પકડીને કેદખાનામાં નાખવા છે.'

વળી એટલો બધો રઘવાયો થયો છે કે જ્યાં જ્યાં લાગ મળે ત્યાં કનડગત ઊભી કરે છે. એ સૂબો જ્યાં જ્યાં જાય છે ત્યાં સત્સંગીને ત્રાસ આપે છે.

ભક્તોને પડેલાં દુઃખની વાત સાંભળી કરુણાનિધાનનું દિલ દ્રવી ઊઠ્યું. તેમને ધીરજ દેતાં કહ્યું : તમે હિંમત રાખજો, ને ભજન સ્મરણ ચાલુ રાખજો. થોડા જ દિવસમાં તમારું દુઃખ દૂર થશે.

શ્રીહરિ અગત્રાઈમાં પર્વતભાઈને રાજી કરીને જૂનાગઢ પધાર્યા. અહીં દાદાભાઈની મેડીમાં ઉતારો કર્યો.

જીવની અવળાઈ

જૂનાગઢમાં ભક્તોની પ્રાર્થના સ્વીકારી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને ઘેર જમવા પધારતા. ગોકળદાસ ભાટિયા ભગવાનના પાકા સત્સંગી હતા. તેમને સંકલ્પ થયો જે મારે પણ ભગવાનને ઘેર તેડી જઈ જમાડવા. પરંતુ તેમની માતુશ્રીને સત્સંગ ન હતો. એ બોલતી જે સહજાનંદ તો જાદુગરા છે, એટલે એમને જોઈને લોકો ગાંડા થઈ જાય છે. જો તે અહીં આવશે તો હું તેમની સામું જ નહિ જોઉં.

ગોકળદાસને તો સાચો ભાવ હતો. ભગવાન માટે થાળ બનાવવા પવિત્ર બ્રાહ્મણને બોલાવ્યો. થાળ તૈયાર થયો એટલે ભક્ત ભગવાનને ઘેર તેડી લાવ્યા. એ અવસરે પેલી અવળચંડી ડોસી ઘરમાં સંતાઈ ગઈ. ભક્તની પ્રાર્થના સ્વીકારી ભગવાન ખૂબ પ્રેમથી જમ્યા ને પાછા ઉતારે જવા ચાલતા થયા. ડોસીને લાગ્યું જે ભગવાન ઘરથી નીકળી ગયા છે. એટલે તેણે હળવેકથી બારણું ખોલ્યું. એ ખોલતાંની સાથે જ ભગવાને વાંસે જોયું. ભગવાનનું મુખ જોતાં જ ડોશીને ભગવાનની મૂર્તિ જીવમાં ચોંટી ગઈ.

ડોસી નિઃસાસા નાખવા માંડીઃ અરે, આ જાદુગરા બાવાએ મારા

ઉપર ભૂરકી નાખી ! અરેરે, હવે મારું શું થાશે ? એ અવળચંડી ડોસી મૂર્તિ ભૂલવા ઘણુંય મથી પણ ભૂલાય જ નહિ. જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં મૂર્તિ દેખાયા જ કરે. આંખો ચોળીને જુએ તો પણ મૂર્તિ દેખાતી બંધ ન થાય. છેવટે તેણે લોકોને ઉપાય પૂછવા માંડ્યા. લોકોમાં કોઈ કહે : ગોદડું ઓઢીને સૂઈ જાઓ, અંધારી ઓરડીમાં બેસી રહો... ડોસી એ બધુંય કરી છૂટી, પણ કાંઈ ન થયું. છેવટે એક કુસંગીએ કહ્યું : તમે લસણ, ડુંગળી વગેરે ખાઓ ને છીંકણી સૂંઘો તો સ્વામિનારાયણ જાશે. અભાગણી ડોશીએ એમ કર્યું ત્યારે ભગવાન દેખાતા બંધ થયા.

જીવ ખરેખર કેવા અવળચંડા છે કે જેમનાં દર્શન માટે મોટા યોગી, તપસ્વી સાધના કરે તો પણ દર્શન ન થાય, તેવા ભગવાનનાં હાલતે ચાલતે દર્શન થાય તેમાંય અકળાઈ જાય !!

પંચાળાના દરબાર ઝીણાભાઈની પ્રાર્થના સ્વીકારીને શ્રીહરિ જૂનાગઢથી માણાવદર, પીપલાણા થઈને પંચાળા પધાર્યા. અહીં ભક્તોના મનોરથો પૂર્ણ કરી કરિયાણા પધાર્યા.

નેત્ર ફેરવવામાં બ્રહ્માંડોની બદલી

કરિયાણામાં શ્રીહરિના નિવાસ દરમ્યાન લીંબડીના મૂળજી શેઠ દર્શનાર્થે આવ્યા. ત્રણ ચાર દિવસ બાદ શ્રીહરિ કાળુભાર નદી તટે સભા કરીને બિરાજમાન હતા. મોટેરા સંતો, ભક્તો, સાંખ્યયોગી તેમજ કર્મયોગી બાઈઓ પણ બેઠાં હતાં. શ્રીહરિની અમૃતવાણીને સૌ મન ભરીને માણી રહ્યા હતા.

વાતો કરતાં કરતાં શ્રીહરિએ અકળ ચરિત્ર કર્યું. ઘણીવાર સુધી ઊંચી દૃષ્ટિ રાખી જોઈ રહ્યા. જાણે કોઈને સાન કરી રહ્યા હોય તેમ નેત્ર ફેરવ્યાં ને મસ્તક ડોલાવ્યું. થોડીવાર બાદ પાછા વાતો કરવા લાગ્યા. આખી સભાએ આ જોયું પણ શ્રીહરિની આ લીલાનું રહસ્ય કોઈ પામી શક્યું નહિ. સભા વિસર્જન કરી શ્રીહરિ ઉતારે જઈને પોઢ્યા.

એ રાતે દશ વાગ્યે થોડાક સંતો ને ભક્તો શ્રીહરિની પાસે બેઠા

હતા. મૂળજી શેઠ પણ ત્યાં હતા. જીવુબા, લાડુબા, રાજબાઈ વગેરેએ સંદેશો મોકલ્યોઃ અમારે દર્શન કરવા આવવું છે. એટલે શ્રીહરિએ બાજુમાં બેઠેલા સંતોને ત્યાંથી વિદાય કર્યા. બાઈઓએ આવીને દર્શન કર્યાં.

રાજબાઈએ શ્રીહરિને કહ્યું : મહારાજ ! આપની મરજી હોય તો એક પ્રશ્ન પૂછવો છે. શ્રીહરિએ અનુમતિ આપી એટલે રાજબાઈએ પૂછ્યું : આજે સભામાં આપ ઊંચી દષ્ટિ કરીને જોતા હતા, નેત્ર ફેરવ્યાં ને મસ્તક ડોલાવ્યું એ ચરિત્રનું રહસ્ય કાંઈ સમજાયું નહિ. કૃપા કરી તે જણાવશો ?

શ્રીહરિએ ખુલાસો કર્યો : અમારાં દર્શને નરનારાયણ તેમજ બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરે દેવો આવ્યા હતા. એમની સાથે નારદ સનકાદિક મોટા મોટા મહર્ષિઓ પણ હતા. તે વખતે તમને તો એમ જ લાગ્યું કે અમે થોડીવાર સુધી એમના સામું જોયું. પરંતુ એ તો ઘણા સમય સુધી અમારાં દર્શને રોકાયા. અમે જ્યારે નેત્ર ફેરવ્યાં ત્યારે કેટલાંય બ્રહ્માંડોના ઈશ્વરની બદલી થઈ ગઈ. એ બધી કાર્યવાહી પૂરી થયા પછી અમારી આજ્ઞા લઈ સૌ પોતપોતાના સ્થાનકે ગયા.

શ્રીહરિ પાસેથી રહસ્ય પામી રાજબાઈ વગેરે બાઈઓ પોતાના ઉતારે ગયાં. બાજુમાં બેઠેલા મૂળજી શેઠ વિચારમાં પડી ગયા. એમને થયું : ભગવાને આટલું બધું મોટું કામ થોડી જ વારમાં પતાવી દીધું !! એ સૂતા તો ખરા પણ રાતભર આવા જ વિચારમાં અટવાએલા રહ્યા.

સવારે ઊઠીને નહાવા ગયા. દરરોજ જે આરે એ નહાવા જતા હતા એ આરે ન ગયા, પરંતુ વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી વગેરે સંતો જે આરે નાહતા હતા તે આરે ગયા. એમને એ જાણવું હતું કે સમાધિવાળા એ સંતો શ્રીહરિની એ રહસ્યમય વાત જાણતા હશે કે નહિ ?

મૂળજી શેઠને જોઈ વ્યાપકાનંદ સ્વામીએ પૂછ્યું : શેઠ, રોજ તો તમે બીજા આરે નહાઓ છો. આજે કેમ અહીં આવ્યા ?

'સ્વામી, તમારાં દર્શન કરવા આવ્યો.'

'દર્શન કરવા આવ્યા કે કાંઈ પૂછવા આવ્યા છો ? કાલે રાતે પ્રભુજી સાથે પ્રશ્નોત્તરી થઈ તે બધી સાંભળી લીધી, તોય અમને શું પૂછવા આવ્યા ? વાણિયા ખરા ને, એટલે બધી ચોક્કસાઈ કરવા આવ્યા ?'

'સ્વામી, વાત તો જાણે એવી જ છે.' એ વખતે વ્યાપકાનંદ સ્વામીએ વિસ્તારીને વાત કરી. એ સાંભળીને મૂળજી શેઠ ખુશખુશાલ થઈ ગયા. એમને ખ્યાલ આવી ગયો કે, સ્વામિનારાયણ ભગવાન તો નેત્રની સાનથી કેટકેટલુંય કામ પાર પાડી દે છે. એવા સર્વોપરી ભગવાન મને મળ્યા છે તેથી હું ધન્ય ધન્ય થઈ ગયો.

બીજે દિવસે એ શેઠને હર્ષાયમાન જોઈ શ્રીહરિએ અજાણ્યા થઈ પૂછ્યું ત્યારે શેઠે સઘળી વાત કરી. એ સાથે પ્રાર્થના પણ કરી : હે પ્રભુ ! આપે નેત્રસાન અંગે બાઈઓ પાસે ખુલાસો કર્યો તેમાં મને થોડી શંકા થઈ, એ મારી ભૂલ થઈ. પરંતુ મોટેરા સંતોએ તેનો ખુલાસો કરી આપ્યો એટલે હું સંપૂર્ણપણે નિઃસંશય થઈ ગયો.

આ રીતે કરિયાણામાં શ્રીહરિ નવાં નવાં ચરિત્રો કરતા. કેટલાક દિવસ પર્યંત અહીં ભક્તોને દર્શન, સ્પર્શ, સેવા સમાગમનું સુખ આપી શ્રીહરિ ગઢપુર પધાર્યા.

ભક્ત રક્ષક - પરીક્ષક ભગવાન

વિસનગરની વાટે

વિસનગરના ભક્તને પડતા દુઃખથી કરુણાસાગર શ્રી સ્વામિનારાયણ ભગવાનને અંતરમાં અત્યંત ઉદાસીનતા છવાઈ ગઈ હતી. પ્રભુની ઉદાસી જોઈ ગઢપુરવાસી પણ ખૂબ જ ચિંતાતુર થયાં. મૂળજી બ્રહ્મચારીને તેઓએ ભગવાનની ખબર રાખવા કહ્યું. રાત્રે પણ બ્રહ્મચારી જાગતા. પરંતુ જ્યારે ભગવાને જવાનું વિચાર્યું હોય ત્યારે તેમને કોણ રોકી શકે ? બ્રહ્મચારીને ઊંઘ પ્રેરી એટલે તે થોડાક નિદ્રાધીન થયા, ત્યાં જ શ્રીહરિ અડધી રાતે એકલા જ ચાલ્યા.

થોડીવાર પછી બ્રહ્મચારી જાગ્યા. ભગવાનને ન દીઠા એટલે બહુ જ ગભરાઈ ગયા. આંખમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યાં. ક્યાં ગયા મારા જીવનપ્રાણ !... અરે, હું કેમ આવો ઊંઘણશી થયો ? ભક્તોએ મારા ઉપર વિશ્વાસ મૂક્યો હતો, તેમને હવે હું શું જવાબ દઈશ ? એમને હવે મોઢું કેમ દેખાડી શકીશ ? કોઈપણ ભોગે મારા પ્રભુજીનો પત્તો મેળવીને જ જંપીશ. પણ જવું કઈ બાજુ ? ત્યાં તો તરત જ વિચાર આવ્યોઃ જ્યારે ભગવાન રીસાય ત્યારે રાધાવાવને રસ્તે જ જાય. વળી વિસનગરના ભક્તોની વાત સાંભળી ભગવાન દિલગીર થયા છે તેથી નક્કી ગુજરાતની વાટ પકડી હશે.

બ્રહ્મચારીએ પણ ઉતાવળી ગતિએ એ જ વાટ પકડી. ગામના સિમાડે પહોંચતાં શ્રીહરિને આગળ જતા જોયા. શ્રીહરિએ પાછળ જોયું. બ્રહ્મચારીને ઉતાવળા ઉતાવળા પાછળ આવતા જોયા. તેમને પાછા વાળવા શ્રીહરિએ પથ્થર ફેંકવા માંડ્યા. બ્રહ્મચારી કહે : હે ભગવાન, તમે પથ્થર ફેંકો છો, તે મને વાગશે તો પણ હું પાછો નહિ જાઉં. વળી હે મહારાજ, તમે એકલા વિચરશો તેમાં આ સેવક સાથે હશે તો કામ લાગશે. એ દેશમાં બીજો સેવક શોધવા ક્યાં જશો ?

'બ્રહ્મચારી ! અમે એવા કાંઈ અપોંચિયા નથી કે અમને બીજાની જરૂર પડે. વનવિચરણ કર્યું ત્યારે કોણ સાથે હતું ?'

'હે પ્રભુ ! એ તો તમે ધારો તે કરી શકો તેમ છો. પણ આ સેવકની એવી ઇચ્છા છે કે તમારો પડછાયો થઈને રહું.'

'પણ એ તમને ખબર છે કે હું તો વિસનગર બાજુ જઈ રહ્યો છું ?'

'અરે મારા પ્રભુ ! ત્યાં તો ભૂલે ચૂકે જવા જેવું નથી. પેલો ભૂંડો સૂબો તમારો પાકો દુશ્મન છે. માટે ત્યાં જવું એ તો સર્પના મોઢામાં હાથ ઘાલવા જેવું છે. વાઘનો કાન ઝાલવા જેવું છે.'

'બોલો બ્રહ્મચારી ! આ પીપળાનાં પાન કોણ હલાવે છે ?'

'મહારાજ ! આપના વિના બીજો કોણ હોઈ શકે ?'

'તો પછી એ બિચારા લાલદાસની શી હેસિયત કે મારા સામે બાથ ભીડી શકે ? એ તો તુચ્છ જીવ છે.'

'ખરી વાત મહારાજ ! આપનો મહિમા જાણ્યા છતાંય ક્યારેક એવાં શંકાનાં આવરણ ઊભાં થઈ જાય છે... એ સાચી વાત સૂઝવા દેતાં નથી. હવે આ બાબતનું જાણપણું રહે એવી દયા કરજો.' આમ વાર્તાલાપ થતો રહ્યો ને પંથ કપાતો રહ્યો. એમ કરતા કંથારીયા પહોંચ્યા.

કંથારીયામાં હિંસા બંધ કરાવી

કંથારીયા ગામે એક રજપૂત ભક્ત હતા. તેમને ઘેર પ્રભુએ ઉતારો કર્યો. બ્રહ્મચારીએ કરેલા થાળ અંગીકાર કર્યા. રાત પડી ત્યારે ભક્તે વાત કરી : મહારાજ ! આ ગામમાં હું એક જ સત્સંગી છું.

બીજા બધા આ ગામની પાદરમાં સ્થાપેલી દેવીને માને છે. દેવીને માને એ તો જાણે ઠીક, પણ દેવી આગળ હિંસા કરે છે. દશેરાના દિવસે તેઓ એક બકરાનો ને પાડાનો વધ કરે છે. આવું ઘોર પાપ મારાથી દેખ્યું જાતું નથી.

'ભગત, એનો સરસ ઉપાય બતાવું. દશેરાની આગલી રાતે, એટલે

આસો સુદ નોમની રાતે તમે દેવીની મૂર્તિ ઉપાડજો. તેને તળાવમાં લઈ જજો. તે બૂડી જાય એટલા ઊંડા જળમાં બુડાડજો. પછી લોકોને એમ કહેજો કે રાતે દેવી મને સ્વપ્નામાં કહી ગઈ છે કે મને હિંસા ગમતી નથી. હિંસા કરે તેની પાસે મારે રહેવું નથી. જ્યારે લોકો સમ ખાઈને કહે કે હવે અમે હિંસા નહિ કરીએ; ત્યારે તેમને બતાવજો કે દેવી પાણીમાં બેઠી છે.

શ્રીહરિએ કહેલો ઉપાય તો સારો હતો પણ તે કેવી રીતે પાર પાડવો ? મૂર્તિ તો ભારે હોય. ભક્તની એ મૂંઝવણ દૂર કરવા શ્રીહરિ બોલ્યા : એમાં શું ચિંતા કરો છો. તમે અમારી મૂર્તિનું ધ્યાન ધરજો, એટલે શરીરમાં જોર વધશે ને સુખેથી એ મૂર્તિ ઉપાડી શકાશે.

ભક્તને દૃઢ ભરોસો હતો કે ભગવાન કહે છે માટે તેમજ થશે. શ્રીહરિના આદેશ અનુસાર ભક્ત આસો સુદ નવમીની રાતે શ્રીહરિને યાદ કરતા દેવીના મંદિરે ગયા. હાથ અડાડ્યો ત્યાં મૂર્તિ ઊંચકાઈ. ભક્તને બિલકુલ વજન ન લાગ્યો. જાણે રૂની પોટલી ઉપાડી !! ભગવાનને યાદ કરતા એ રજપૂત ભક્ત ગામના તળાવમાં દેવીની મૂર્તિને પધરાવી આવ્યા. લોકોએ સવારે દેવીની મૂર્તિ ન જોઈ ત્યારે રજપૂત ભક્તે શ્રીહરિના કહ્યા પ્રમાણે વાતની ચોખવટ કરી. છેવટે જ્યારે બધાએ હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી ત્યારે ભાળ બતાવી. આમ, અહિંસાધર્મપ્રવર્તક શ્રીહરિએ અલૌકિક રીતથી હિંસામય પ્રવૃત્તિ બંધ કરાવી.

વિજાપુરનાં વજીબા

કંથારીયાથી પ્રયાણ કરી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન વિચરણ કરતા વિજાપુર પધાર્યા. અહીં સથવારા જાતિનાં વજીબા ભગવાનનાં અનન્ય ભક્ત હતાં. પૂર્વે એ માર્ગીપંથમાં હતાં. ભેખમાં ભગવાન હોય એવા ભાવથી કેટલાય વૈરાગીઓની સેવા કરેલી. તેમને ત્યાં રામદાસભાઈ પધાર્યા. તેમનાં વાણી-વર્તન જોઈ વજીબા

અને તેમના પતિ પ્રાગજીભાઈને બહુ જ ગુણ આવ્યો. તેથી રામાનંદ સ્વામીનો આશ્રય કરેલો. રામાનંદ સ્વામી અંતર્ધાન થયા બાદ તેમણે સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપની વાત જાણેલી પણ પ્રત્યક્ષ દર્શન કર્યાં નહોતાં. ભગવાનનો નિશ્ચય થયા બાદ ગમે તે કોઈ વૈરાગી આવે તેને વજીબા તરત જ રવાના કરી દેતાં.

વજીબા સત્સંગી થયાં એની ખબર શ્રીહરિના દ્વેષી સૂબા લાલદાસને પડી. એ સૂબો વડનગર, વિસનગર, વિજાપુર, કડી, કલોલ, મહેસાણા, પાટણ વગેરેનો કાર્યભાર સંભાળતો હતો. વજીબાની વાત જાણી એ બરાબર ધૂંધવાયો. તેણે મનમાં નક્કી કરી લીધું : ગમે તેમ કરીને વજીબાને સત્સંગ છોડાવીને જંપીશ.

એ ઝટપટ વિજાપુર આવ્યો. પોતાની હૈયાવરાળ ઠાલવતાં ભભૂક્યો : હે બાઈ, તું સાવ ભોળી છે. સ્વામિનારાયણની માયાજાળમાં તું ક્યાં ફસાઈ ગઈ ? જોજે હોં... પાછળથી પસ્તાવું ન પડે.

વજીબાએ પણ તેને જડબાતોડ જવાબ આપ્યો : સૂબાજી, એક સ્પષ્ટ વાત કાન ખોલીને સાંભળી લો. અત્યાર સુધી તો ઢોંગી, ધૂતારા, વ્યસની, પાખંડી બાવાઓ આવતા. એમાંથી મને ભગવાને ઉગારી છે. તમે જેનો દ્રોહ કરો છો એ સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતો પવિત્ર અને નિયમ ધર્મે યુક્ત છે. જો તમે તમારું હિત ઈચ્છતા હો તો મારું માનો; સ્વામિનારાયણ ભગવાનનો આશરો સ્વીકારી લો. ન્યાલ થઈ જશો.

સૂબાએ પોતાની વાત હાંકી. કહેવા લાગ્યો : હું કાંઈ તારી જેમ ભરમાઈ જાઉં એવો નથી. હું તો રાહ જોઈને જ બેઠો છું કે સ્વામિનારાયણ અહીં ક્યારે આવે. જો એ હાથમાં આવશે તો તેમને કેદ કરીને જ જંપીશ.

વજીબાએ પણ સૂબાને ખુમારીપૂર્વક કહ્યું : સૂબાજી, તમે શું મારા સ્વામિનારાયણ ભગવાનને પકડી શકવાના હતા ? એમને કેદ કર્યા પહેલાં તમે કેદ ન થઈ જાઓ એ જાળવજો. સાક્ષાત્ ભગવાનનો દ્રોહ

કરવા માંડ્યા છો પણ યમપુરીમાં યમનો માર ખાતાં ખાતાં તોબા પોકારી જશો, ત્યારે પેટ ભરીને પસ્તાશો.

સૂબો કહે : યમનો માર હું ખાઈ લઈશ. એ સાથે એ પણ સાંભળી લે કે આ તારા ઘરની સામે પીપળો છે. એની પાસે કૂવો છે. કૂવાની પાછળ તુલસી ક્યારો છે. જો તારા સ્વામિનારાયણ ભગવાન હોય તો પીપળો ખસેડી તુલસી ક્યારાના ઓટલાને અડાડી કૂવાથી દૂર કરે. તુલસી ક્યારાની ને પીપળાની પ્રદક્ષિણા થાય એવું કરે તો તારા ભગવાન સાચા.

વજીબા કહે : સૂબાજી, મારા ભગવાન તો બધું ય કરવા સમર્થ છે. જો કદાચ એમ ન કરે તો પણ એ ભગવાન મટી જવાના નથી. આવી રીતે સૂબા સામે પણ વજીબાએ સત્સંગ પક્ષની ટેક રાખી હતી. એ વજીબાની કસોટી કરવા ભગવાન આજે વિજાપુર પધાર્યા. અંગે ભભૂતી લગાવી ફક્કડ બાવાના જેવો જ વેશ કર્યો.

સાંજનો સમય હતો. ગામમાં પ્રવેશતાં જ કેટલાક લોકો મળ્યા. તેમને પૂછ્યું : અહીં ઊતરવા જેવું કોઈ ઘર છે ? એક જણે કહ્યું : અહીં વજીબાઈ છે. એ પહેલાં તો માર્ગીપંથમાં હતી એટલે સાધુ-બાવા ત્યાં પડ્યા-પાથર્યા રહેતા, પણ હવે એ સ્વામિનારાયણની થઈ છે એટલે સ્વામિનારાયણના સંતો વિના કોઈનેય ઊતરવા દેતી નથી, એવી બગડી ગઈ છે.

'પણ એ અમને તો ઉતારો આપશે ને ?'

'ના રે ના, મને લાગતું નથી કે તમને ઉતારો આપે. ગાંજો - ભાંગ ન લેતા હો તો જાઓ, પછી તો જે થાય તે ખરું.'

પ્રભુ વજીબાના ઘર તરફ ઊપડ્યા. આ સાથે મૂળજી બ્રહ્મચારીને કહી રાખ્યું : હું જે કાંઈ પણ ચરિત્ર કરું તેમાં તમારે વચમાં બોલવું નહિ. શાંતિથી સાંભળ્યા કરજો.

વજીબાનું ઘર મોટું હતું. ફળિયું પણ વિશાળ હતું. ફળિયામાં કૂવાના

કાંઠે પીપળો હતો. શ્રીહરિ તો સીધેસીધા વજીબાના ઘરની ઓસરી ઉપર ચડી ગયા. એમને સામાન્ય સાધુ - બાવા સમજી વજીબાએ તાડૂકો કર્યો : એય બાવાજી ! આમ કોઈને પૂછ્યા વગર કોઈના ઘરમાં ઘૂસી આવો છો ? કાંઈ ભાન છે કે નહિ ?

'અરે બાઈ ! સંતને વળી શાની ફિકર. સબ ભૂમિ ગોપાલકી. અમે તો અભ્યાગત છીએ. તમે બહુ સેવાભાવી છો એવું તમારું નામ સાંભળીને આવ્યા છીએ.'

'તમારા જેવા ઘણાય ઢોંગી - ધૂતારા બાવા રખડે છે. એમના માટે આ ઘર નવરું નથી, સમજ્યા ?'

'બાઈ, સાંજ પડી ગઈ છે એટલે બીજે ક્યાંય જવાય એમ નથી. એક રાત પૂરતું રોકાવું છે. સવાર પડશે એટલે ચાલ્યા જઈશું.'

'તમે તીર્થવાસી ભલે રહ્યા. એમ તીર્થો કરી કરીને મરી જશો તોય તમે લખચોરાશીના ફેરામાંથી મુક્ત નહિ થઈ શકો. કાંઈ ન મળ્યું ખાવા એટલે થઈ ગયા બાવા. આ ભેખ કેમ લીધો છે ?'

'ભગવાન મેળવવા, એમાં તે વળી કહેવાનું જ શું હોય ?'

'તમને હજુ સુધી ભગવાન મળ્યા નથી, પણ મને તો મળ્યા છે. કહો તો બતાવું. જો તમને કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરો. એ પ્રગટ પ્રમાણ ભગવાન હાલ ગઢપુરમાં દર્શન દે છે.'

ત્યારે મૂળજી બ્રહ્મચારી સામે જોતા પ્રભુજી બોલ્યા : જોયું ને ! ગામમાં લોકો કહેતા હતા તે વાત સાચી છે. આ બાઈ સાવ બગડી ગઈ છે. એનું મગજ ફરી ગયું લાગે છે. સ્વામિનારાયણે એને ભરમાવી નાખી છે. એને બિચારીને ક્યાં ખબર છે કે સ્વામિનારાયણે બાબરો ભૂત સાધ્યો છે તેથી નવા નવા જાદુ દેખાડે છે. એની પ્રસાદી જે કોઈ ખાય છે એ ગાંડા થઈ જાય છે ને તેની પાછળ પાછળ ફર્યા કરે છે. આ લોકમાં કેવું ધતીંગ ચાલે છે ! માણસને ભગવાન ઠોકી બેસાડ્યો છે !

તરત જ વજીબાએ ધડાકો કર્યો : અલ્યા લંગોટા, માનવું હોય તો માન, નહિ તો નીકળ ઘરની બહાર. મારે તારું કાંઈ સાંભળવું નથી.

'બાઈ ! સાચું હંમેશાં કડવું લાગે છે. આ હળાહળ કળિયુગ ચાલે છે. એમાં ભગવાન ન હોય એમ બધાંય શાસ્ત્રો કહે છે. તમને એની ખાત્રી કરવી હોય તો કાશી સુધીના મોટા મોટા પંડિતો તેડાવીએ ને મોટી સભા કરીએ. જો એ પંડિતો તમારા સ્વામિનારાયણને ભગવાન કહે તો અમે માનીએ ને તેમના શિષ્ય થઈએ.'

હવે વજીબાથી રહેવાયું નહિ. ત્રાડ પાડતાં કહ્યું : આ તારી ડંફાસ મારે નથી સાંભળવી. તને ભગવાન મળ્યા નથી ને સાચા ભગવાન બતાવું છું તે માનતો નથી. અહીંથી જતો રહે. હવે તો ખાવા પણ નહિ આપું. જો ચલમ-બીડી દેખીશ તો તારો લબાચો પણ દૂર ફેંકી દઈશ.

આમ વાતચીત ચાલતી હતી એવામાં વજીબાના પતિ પ્રાગજીભાઈ આવ્યા. તેમણે પણ વાતનો તાગ મેળવી કહ્યું : બાવાજી ! તમે ખોટો હઠાગ્રહ ન કરો. અહીંથી ચાલ્યા જાઓ ને બીજા કોઈને ઘેર જઈ રાતવાસો કરો.

પતિ-પત્નિનો આવો દૃઢ નિશ્ચય જોઈ શ્રીહરિ મનોમન પ્રસન્ન થયા. એ સાથે કહ્યું : માજી ! હવે અમે કાંઈ નહિ બોલીએ. તમે કહેશો ત્યાં ખૂણામાં પડ્યા રહેશું. અમે સાવ અજાણ્યા છીએ. રાત થવા આવી છે. હવે અમે ક્યાં જઈએ ? આજની રાત પૂરતા રહેવા દો.

વજીબાને દયા આવી. કહ્યું : આ ઓસરીના ખૂણામાં પડ્યા રહેજો; એટલું કહીને એ ઘરકામમાં પરોવાયાં.

થોડી જ વાર થઈ ત્યાં શ્રીહરિ એ બાઈના ઓરડા તરફ ગયા. કહેવા લાગ્યા : બાઈ ! તમારે જીવનમુક્તાને ભગવાન માનવા હોય તો ભલે માનજો, પણ અમને ખાવાનું તો આપો. બહુ ભૂખ લાગી છે.

'અરે બાવા ! તને મારે શું કહેવું ? મારા ભગવાનનું આટલું બધું વાકું બોલ્યા પછી ખાવાનું માગતાં શરમ નથી આવતી ! ધૂળ ફાક ધૂળ !

'પણ બાઈ ! હવે સ્વામિનારાયણનું વાંકુ નહિ બોલીએ, કંઈક ખાવાનું તો આપો.'

'જોઈતો હોય તો ચપટી લોટ આપું, સાંજનું ભોજન તો પૂરું થઈ ગયું છે.'

'અરે બાઈ ! ચપટી લોટને શું કરીએ ? કંઈક તૈયાર હોય તે આપોને, ભગવાન તમારું કલ્યાણ કરશે.'

'પણ બાવાજી ! હાલમાં તૈયાર ભોજન ક્યાંય નથી.'

'અરે મૈયા ! જૂઠું શા માટે બોલો છો. અંદરના ઓરડામાં અઢાર લાડુ પડ્યા છે તેમાંથી આપોને,' એ સાંભળી વજીબા ચમક્યાં. વિચારવા લાગ્યાં : આ બાવો ચમત્કારી લાગે છે; એને એવી ક્યાંથી ખબર પડી ગઈ કે ઓરડામાં લાડુ છે ને તેય તે પૂરા અઢાર !

વજીબાએ ઓરડામાં જઈને જોયું. જેમ પ્રભુએ કહ્યું તેમજ હતું. એટલે એ લાડુ લઈને આવ્યાં, પ્રભુને આપ્યા. પરંતુ મનમાં મક્કમતા તો એ જ હતી કે ગમે તેવો સિદ્ધિવાળો આવે, ને ગમે તેવા ભારે ચમત્કાર બતાવે, તોય મારા સ્વામિનારાયણ ભગવાન આગળ તો બધા સાવ તુચ્છ છે, રાંક છે.

ભગવાન જમ્યા પછી પોઢવા તૈયાર થયા. ત્યારે વજીબાએ સાદડી આપી. પ્રભુ કહે : સાદડી તો ખૂંચે. વજીબાને થયું કે બાવા ઉપર દયા કરવા ગઈ ત્યાં એ સામેથી ચોંટ્યો !! તરત જ સંભળાવી દીધું : આ શાનો તાયફો માંડ્યો છે ? શાંતિથી સાદડી પર પડ્યા રહો.

'પણ બાઈ ! ખાટલા વગર નહિ ચાલે.'

'અરે આ બધી માથાકૂટ શા માટે કરો છો ? મારા ઘરમાં વધારાનો ખાટલો છે જ નહિ.'

'અરે બાઈ ! આમ જૂઠું શા માટે બોલો છો ? ઘરના માળિયામાં નવી પાટી ભરેલો ખાટલો તૈયાર જ છે, તોય શા માટે ના પાડો છો ?' વજીબાને આશ્ચર્ય થયું. ઓરડાની અંદર માળિયામાં રહેલી વસ્તુની

આ બાવાને ક્યાંથી ખબર પડી ગઈ ! એટલે બીજી રકઝક કર્યા વિના ખાટલો કાઢી આપ્યો.

પ્રભુએ આગળ ચલાવ્યું : અરે બાઈ ! આ ખાલી ખાટલા ઉપર કેમ સૂવાય ? ગોદડું લાવી આપોને !

'અરે બાવાજી ! તમે કહેતા હતા કે કાંઈ નહિ માગું, તોય ખાટલો માગ્યો, એ આપ્યો એટલે ગોદડું માગ્યું !! મારી પાસે વધારાનાં ગોદડાં છે જ નહિ.'

'અરે બાઈ ! તમેય કમાલ કરો છો. આપવું નથી એટલે જુઠ્ઠું બોલો છો ! જુઓને પેલા ડામચિયામાં નવાં ગોદડાં મૂકેલાં છે ને, તેમાંથી આપી દો એટલે છેડો છૂટી જાય.'

હવે વજીબાને એટલું તો નક્કી થઈ ગયું કે બાવો છે તો ચમત્કારી પણ મારા પ્રભુની તોલે તો એ ન જ આવી શકે. વજીબાએ ગોદડું આપ્યું; મૂળજી બ્રહ્મચારીએ તેને ખાટલા પર બિછાવ્યું. તે પર શ્રીહરિ પોઢ્યા. ઘરમાં જઈ વજીબાએ બારણાં બંધ કર્યાં; પણ તેમને ચિંતા હતી કે બાવાજી આ નવી વસ્તુ લઈને રાતોરાત જતા તો નહિ રહેને ? એટલે બારણાની તિરાડમાંથી જોવા લાગ્યાં. ત્યાં જ તેમને કૌતુક દેખાયું.

પ્રભુએ સૂતાં સૂતાં ચરણ લાંબા કર્યા. તે સીધા પીપળાના વૃક્ષને અડ્યા. હાથ ઓસરીએ અડ્યા. ચરણનો ધક્કો લાગતાં જ પીપળો કૂવાની નજીક જ હતો તે ત્યાંથી પાંચ હાથ ખસી ગયો. ભગવાનનું મોટું સ્વરૂપ જોઈ વજીબાને બીક લાગી જે આ તે કોઈ જન હશે કે બ્રહ્મરાક્ષસ ?! પરંતુ મુખારવિંદ સામું જોયું તો શાંતિ શાંતિ થઈ ગઈ. ત્યારે વિચાર્યું : એ ગમે તેવું આશ્ચર્ય બતાવશે તો પણ હું સ્વામિનારાયણ ભગવાન વિના બીજાને કદાપિ ભગવાન નહિ માનું. કદાચ એ આકાશમાં ઊડે કે સૂરજ - ચાંદામાં સમાઈ જાય ; કદાચ અગ્નિમાં પ્રવેશ કરે કે સમુદ્રમાં પ્રવેશ કરે, બીજાના અંતરનું જાણે, તો પણ મારા ભગવાન આગળ તણખલા જેવા છે.

શ્રીહરિના ચરણના ધક્કાથી પીપળો ખસી ગયો એની વજીબાને કાંઈ ખબર નહોતી પડી, એટલે એ તો સૂઈ ગયાં. વહેલી સવારે શ્રીહરિ બ્રહ્મચારી સહિત વજીબાને ત્યાંથી નીકળી ગયા. સવારે વજીબા વગેરે જાગ્યાં. તેના પહેલાં પતિ પ્રાગજીભાઈની નજર પીપળા તરફ પડી. તે જોઈને તેમને આનંદ થયો. વજીબાને કહ્યું : આ બાવો ખરેખર કમાલ કરી ગયો ! આપણને સૂબાએ કહ્યું હતું; તે પહેલાં મારે કેટલાય સમયથી વિચાર થતો હતો કે આ પીપળો કૂવાને કાંઠે છે તો નવો કૂવો કરીએ, પણ બાવાએ તો ઝાડને જ ખસેડી દીધું ! મારું કામ સહેલાઈથી પાર પડી ગયું.

વજીબા કહે : તમને ભલે એમાં પ્રતીતિ આવે, પણ મારે મન મારા સ્વામિનારાયણ ભગવાન વિના ગમે તેવો ચમરબંધી આવે, તોય એનો લેશમાત્ર ભાર ન પડે.

આ પ્રસંગ બાદ વજીબા શ્રીહરિના દર્શનાર્થે ગયાં ત્યારે તેમને તો ખબર જ નહોતી, પરંતુ ભગવાને જ્યારે સઘળી યાદી અપાવી. ત્યારે બાઈને બહુ દિલગીરી થઈ. એ વખતે એ બાઈની પ્રશંસા કરતાં ભગવાને કહ્યું : નિશ્ચય તો આ વજીબાના જેવો જોઈએ. ગમે તેવો પ્રતાપી હોય તોય એમાં પ્રતીતિ ન આવે. ભગવાન ડોલાવે તો પણ નિશ્ચયમાંથી ડોલે નહિ, આવા અનન્ય ભક્તને ખરેખર ધન્યવાદ ઘટે.

વિસનગરના સૂબાની સાન ઠેકાણે આણી

વિજાપુરથી શ્રીહરિને વહેલી તકે વિસનગર પહોંચવું હતું. પોતાના આશ્રિતોની વેદના પ્રભુને સાલી રહી હતી. એટલે જ વિજાપુરથી વહેલા વિદાય થઈ વિસનગર આવી પહોંચ્યા. સીધા ઉદયકુંવરબાઈને ઘેર ગયા. બારણું ખખડાવ્યું. એ ખોલતાં પ્યારા પ્રભુનાં દર્શન થતાં એ બાઈ અહોભાવમાં ગરકાવ થઈ ગયાં. પુત્ર બળદેવને કહ્યું : અરે બેટા ! જો તો ખરો, આપણો વ્હાલમો આપણે ઘેર હાલી ચાલીને આવ્યા છે. ચાલ બધી તૈયારી કર.

ભગવાન સ્નાનાદિથી પરવાર્યા કે તરત જ બળદેવને કહ્યું : તારા મામાને ખબર આપ કે અમે અહીં આવ્યા છીએ. એમને પૂછી આવ કે અમે ત્યાં આવીએ કે એ અહીં આવે ?

'અરે મહારાજ ! એમની પાસે જવા જેવું નથી. આપના ઉપર એને બહુ જ દ્વેષ છે. એ સાવ આસુરી બુદ્ધિનો છે. તમને પકડીને કેદ કરવા એ વાટ જોઈને બેઠો છે. તમે જો સામેથી જશો તો એને સારો લાગ મળી જશે.'

'બળદેવ ! આ જગતમાં કોનું ધાર્યું થાય છે ? એ સૂબાનું કે ભગવાનનું.'

'પ્રભુ ! ધાર્યું તો આપનું જ થાય છે. સૂબો તો બિચારો જીવ છે.'

'તો બોલ, હવે કાંઈ ચિંતા છે ?' એ વચનમાત્રે બળદેવને સંશય ટળી ગયો. તરત જ મામા લાલદાસ સૂબા પાસે ગયો. ખબર આપ્યા : સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે. હાલમાં અમારે ઘેર છે. એ અહીં આવે કે તમે ત્યાં આવશો ?

ભાણાએ કહેલ સમાચાર જાણતાં જ લાલદાસ વિફર્યો. ક્રોધથી લાલ-પીળો થતો એ બોલ્યો : એ એકલા છે કે સાથે કાઠી દરબારો છે ? કાઠી હશે તો ધિંગાણું થઈ પડશે.

'મામા, એ તો એકલા જ છે. સાથે એક બ્રહ્મચારી છે.'

'કાઠીઓ સાથે નથી' એ જાણી સૂબાને આનંદ થયો.

પોતાનો વટ દેખાડતો વ્યંગભાષામાં તાડૂક્યો : ભાણા ! તારા સ્વામિનારાયણ મને દર્શન દેવા આવે તેની પહેલાં મારા આરબો એને દર્શન દેશે. એ તેમને પકડશે, પછી મારી પાસે લાવશે.

લાલદાસ મામાનો ગુસ્સો જોઈ બળદેવ હસ્યો. એ જોઈ લાલદાસ વધારે રોષે ભરાયો. તેના આરબ જમાદારને હુકમ કર્યો : અરે ઓ જમાદાર ! હાલ ને હાલ ત્રીસ આરબોને લઈ બળદેવને ઘેર જાઓ. ત્યાં સહજાનંદ છે તેને પકડીને મારી આગળ હાજર કરો.

ભાણા બળદેવે કહ્યું : મામા ! ત્રીસ આરબની શી જરૂર છે ? સ્વામિનારાયણ ભગવાન સાથે માત્ર એક બ્રહ્મચારી જ છે. લાલદાસ તાડૂક્યો : ભાણા, તારા જેવા ચાંદલાવાળા બીજા કોઈ ધમાલ ન કરે તે માટે.

'મામા, જમાદાર સાથે ત્રીસ આરબો નહિ, અનેક બેરખ મોકલશો તો પણ તમે તેમને નહિ પહોંચી વળો; કેમ જે તમે ભગવાન સામે બાથ ભીડો છો.'

આ બાજુ અંતર્યામી શ્રીહરિએ બ્રહ્મચારીને આદેશ કર્યો : તમે આખા શરીરે ભભૂતી લગાવી દો ને વીર આસને બેસી જાઓ. બ્રહ્મચારીએ તરત અમલ કર્યો. તેમને એક સોટી આપીને પ્રભુજી બોલ્યા : ફોજ આવશે, એમાં હું જેના સામે સાન કરું તેના સામે સોટી ધરજો. બીજો ઈશારો કરું એટલે બીજો છેડો ધરજો.

આટલો જ્યાં સંકેત થયો ત્યાં જમાદાર સહિત આરબો હબે-તબે કરતા આવી પહોંચ્યા. જમાદારે કડકાઈથી પૂછ્યું : સ્વામિનારાયણ કોણ છે ? શ્રીહરિ બોલ્યા : અમે સ્વામિનારાયણ છીએ. જમાદારે ઝટ આદેશ કર્યો : પકડો આમને.

ત્યાં જ શ્રીહરિએ બ્રહ્મચારીને સાન કરી. બ્રહ્મચારીએ સોટીનો છેડો ધર્યો કે તરત જ જમાદાર ધબ કરતો હેઠો પડ્યો. મુખિયાની આ દશા જોઈ આરબો બધા હેબતાઈ ગયા. આગળ આવવાની કોઈ હિંમત કરી શક્યો નહિ.

ફરીથી શ્રીહરિની સાન થઈ. બ્રહ્મચારીએ સોટીનો બીજો છેડો આગળ ધર્યો. જમાદાર જાગ્યો. થોડી જ વારમાં તેને અદ્‌ભુત અનુભવ થઈ ગયો હતો.

શ્રીહરિના ચરણે ઢળી પડ્યો. એ ગદ્‌ગદ થઈ સ્તુતિ કરવા લાગ્યો : હે પરવરદિગાર ! મારી કસૂર માફ કરો. આપ આવા મહાન છો એની મને ખબર નહોતી. જમાદારની સાથે આરબો પણ નમ્ર થઈ

સ્તુતિ કરવા લાગ્યા.

જમાદાર પોતાના સાથીદારો સહિત પાછો આવ્યો, પણ સૂબાએ શ્રીહરિને ન જોયા એટલે રોષે ભરાયો. જમાદારે ખુલાસો કર્યો : માલિક ! એ તો સાક્ષાત્ ખુદા છે. તમે કહેશો તો બીજા સામે લડવા હું તૈયાર છું, પણ એમની સામે તો નહિ જ. મને તો એમ લાગે છે કે તમે તમારું હિત ઈચ્છતા હો તો તમેય તેમના શરણે થઈ જાઓ.

આરબ જમાદારની વાત સાંભળી લાલદાસ લાલપીળો થઈ ગયો. એણે ધમકી આપી : જમાદાર, તું મારા લશ્કરનો માણસ છે. મારા હુકમનું પાલન નહિ કરે તો તેનું પરિણામ શું આવશે એ ખબર છે ?

જમાદારે શાંતિથી કહ્યું : સરકાર, હું લશ્કરનો માણસ છું એ કબૂલ. લશ્કરના માણસ તરીકે મારે દુશ્મન સામે લડવાનું હોય; ખુદા સામે નહિ.

સૂબો વિચારતો જ રહી ગયો કે આ બધો શો ગજબ થઈ રહ્યો છે ?! એવામાં જ શ્રીહરિ બ્રહ્મચારી સહિત ત્યાં આવી પહોંચ્યા. ભભૂતી લગાવેલ બ્રહ્મચારીને સૂબાએ મોટા સિદ્ધ માન્યા એટલે તેમને પગે લાગ્યો. શ્રીહરિને તેમના શિષ્ય માનીને માત્ર દૂરથી જ નમન કર્યું.

સૂબાને રાજનીતિનો બોધ આપતાં પ્રભુએ કહ્યું : સૂબાજી ! આપ સુજ્ઞ છો, રાજ્યનો કારભાર ભૂલીને સત્સંગીઓ પ્રત્યે દ્વેષભાવ રાખો છો. તમારા જેવા ડાહ્યા માણસ માટે તે શોભાસ્પદ નથી. સંતો અને ભક્તો તો જગતના હિતમાં પ્રવર્તેલા હોય. તેમને દુઃખ દેવાથી યમપુરીમાં જવું પડે, એમ ભાગવત વગેરે આપણાં શાસ્ત્રો કહે છે.

'એ તમારી યમપુરી પણ ખોટી ને એ તમારાં શાસ્ત્રો પણ ખોટાં. લોકોને ડરાવવા માટે તમે યમપુરીની વાત લઈને બેઠા છો. તેને ભોળા લોકો માને, અમે નહિ. તમારી વાતો બધી કલ્પિત છે.'

'તો તમારે એનો અનુભવ કરવો છે ?'

'આવું કહેનારા તો કંઈક જોઈ નાખ્યા તોય કોઈનું કાંઈ વળ્યું નથી.'

'તો સૂબાજી ! લ્યો, કરી લ્યો પ્રત્યક્ષ અનુભવ,' એમ કહેતાં

જ શ્રીહરિએ સૂબા સામે દૃષ્ટિ કરી કે તરત જ તેને સમાધિ થઈ. આ સમાધિમાં ધામનાં દર્શનની તો વાત જ નહોતી, પણ વાત હતી યમપુરીની. યમદૂતો સૂબા પર તૂટી પડ્યા. યમપુરીમાં એનો સૂક્ષ્મ દેહ માર ખાતો હતો. તેના ઓયકારા અહીં રહેલા સ્થૂળદેહ દ્વારા નીકળી જતા હતા. મારને લીધે ઊછળતો તેનો દેહ ને મોઢેથી નીકળતા ઓયકારા ત્યાં ઉભેલા બધા લોકો નજરે નિહાળી રહ્યા હતા. સૂબો બચાવો... બચાવો.. ની મોટેથી બૂમો પાડી રહ્યો હતો.

યમપુરીનો બરાબર અનુભવ કરાવી શ્રીહરિ તેને પાછો સ્થૂળ દેહમાં લાવ્યા. જાગૃત થતાં એ માંડ માંડ ઊઠી શક્યો. તરત જ એ શ્રીહરિને પગે લાગ્યો. ગદ્‌ગદ થઈ પ્રાર્થના કરવા લાગ્યો : હે કૃપાનાથ ! તમે તો અનંત બ્રહ્માંડના આધાર છો. મને જમાદારે પોતાના અનુભવની વાત કરી તોય અહંકારને લીધે હું ન માન્યો. તમારો દ્વેષ કરી મેં ઘોર અપરાધ કર્યો. મને માફ કરો. કૃપા કરી મને તમારા શરણે સ્વીકારો.

સૂબાને હવે પૂરેપૂરી સમજણ આવી ગઈ હતી. એટલે પ્રભુએ તેને વર્તમાન ધરાવ્યાં. દ્વેષભાવ હતો તે હવે પ્રેમભાવમાં પરિણામ પામ્યો. સૂબાએ પ્રાર્થના કરી : દયાળુ ! આજ મારે ઘેર પધારો. મારે તમારી પૂજા કરવી છે, હેતે-પ્રીતે જમાડવા છે.

પ્રેમવશ પ્રભુજી સૂબાજીને ઘેર પધાર્યા. સૂબાજીએ પૂરા ભાવ સાથે ભોજનપાન કરાવ્યાં. ભારે વસ્ત્રાલંકાર ભેટ ધર્યા. હવે સત્સંગીઓ એમને માટે ભાઈ સમાન બની ગયા, એટલે બધાને નાતમાં લીધા ને આદર-સન્માન કર્યું.

વિસનગરમાં આ વાત ઠેર ઠેર પ્રસરી ગઈ. લોકોનાં ટોળેટોળાં દર્શનાર્થે ઊમટી પડ્યાં. સૌને એ પણ નક્કી થઈ ગયું કે સ્વામિનારાયણ સંપ્રદાય સાચો છે. તેમાં સદાચાર છે, નીતિ નિયમ છે, સત્યનો રણકાર છે; તેથી ઘણા લોકોએ ભગવાનનો આશ્રય કર્યો. આજે તો આખું વિસનગર શ્રીહરિના રંગે રંગાઈ ગયું. ઘેર ઘેર પ્રભુની પાવન પધરામણી થઈ. ચોમેર જયજયકાર છવાઈ ગયો.

નાજા જોગીયાનો પક્ષ

વિસનગરથી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને તાબડતોડ ભોંયરા ગામે પહોંચવું હતું. કારણ એ જ હતું કે સત્સંગનો પક્ષ શિર સાટે રાખનાર પોતાના અનન્ય ભક્ત નાજા જોગીયાની રક્ષા કરવાની હતી. ભોંયરાના ક્રૂર રાજા વાજસુરખાચરે વિના વાંકે નાજા જોગીયાનાં ઢીંચણ ભાંગવાનો ઘાતકી નિર્ણય કર્યો હતો.

આમ તો વાજસુરખાચર બે ગામનો ધણી હતો. જસદણ અને ભોંયરા. તેમાં ઢીંચણ ભાંગવાનું અધમ કામ ભોંયરા ગામમાં થતું હતું. કોઈ ચોરી કરે તેને આ દંડ કરવામાં આવતો. આ ઘાતકી રાજાના ભોંયરા ગામે નાજા જોગીયાને વસવાનું થયું તેનોય આગવો ઈતિહાસ છે.

ભક્તનું મૂળ ગામ તો લાખણકા. એમના ભાઈ હતા રામા જોગીયા. બંને ભાઈને સંતોના સમાગમથી સત્સંગનો રંગ લાગ્યો. એ જોઈ ગામનો મુખિયો લાખો ગોવાળિયો રોષે ભરાયો. દ્વેષનું મૂળ કારણ હતું તેનો વ્યસની સ્વભાવ. સ્વામિનારાયણ ભગવાનના સંતો તે છોડાવતા. તેથી તેનું વ્યસની મંડળ ઓછું થઈ ગયું, એ તેનાથી દેખ્યું ન ગયું.

એકવાર શ્રીહરિ લાખણકા પધાર્યા. ભક્તોએ ભાવપૂર્વક પ્રભુજીનું સ્વાગત કર્યું. બંને જોગીયા ભાઈઓએ સેવાનો મોંઘેરો લાભ લીધો. એ વખતે ભગવાનની સાથે કાઠીઓ ઘણા હતા એટલે લાખા ગોવાળિયાનું કાંઈ પણ ન ઊપજ્યું. એ મનમાં ને મનમાં સમસમી રહ્યો.

થોડા સમય બાદ બે સંતો આવ્યા. એ વખતે બંને ભાઈ ખેતરે ગયેલા. તેમનાં વૃદ્ધ માતુશ્રીએ સંતોને સીધું સામાન આપ્યું. સંતો રસોઈ કરવા માંડ્યા. લાખાને ખબર પડી કે સંતો આવ્યા છે.

વેરવસૂલાતનો ખરો મોકો જોઈ પોતાના આઠ દશ સાગરીતોને સાથે લીધા. એ ઝડપભેર નાજા જોગીયાને ઘેર પહોંચી ગયો. સંતો સામે એ એલફેલ બકવા માંડ્યો : આ મારું ગામ છે. મારી રજા વિના અહીં આવ્યા જ કેમ ? હાલ ને હાલ ગામ છોડીને ચાલ્યા જાઓ.

આ નઠોરને સમજાવવા નાજા જોગીયાની વૃદ્ધ માતાએ ઘણી આજીજી કરી. છેવટે એટલુંય કહ્યું કે જમીને ચાલ્યા જશે, પણ લાખો એકનો બે ન થયો. સંતોએ ખીચડી ચડવા મૂકી હતી એમાં જ ધૂળ નાખી. વૃદ્ધ બાઈથી આ સહ્યું ન ગયું. એ રુદન કરવા લાગી પણ પેલા નીચને લેશમાત્ર દયા ન આવી. સંતોને તગડીને કાઢી મૂક્યા.



ડોસીમાના પુત્રો ઘેર આવ્યા. બધી વાત જાણી નાજા ને રામા જોગીયાએ નિર્ણય કરી લીધો કે હવે તો મારીએ કે મરીએ. સત્સંગનો પક્ષ રાખતાં ગામ મૂકવું પડશે તોય વાંધો નથી. ધર્મપરાયણ સંતોનું આવું હળાહળ અપમાન સાંખી લઈએ તો આપણો ક્ષાત્રધર્મ લાજે, કુળ લાજે. અમે કાંઈ મવાલી માણસ નથી કે દુષ્ટોથી દબાઈ જઈએ.

પોતાનાં માતુશ્રીને સલામત સ્થળે મૂકી બંને ભાઈ શસ્ત્રથી સજ્જ થઈ ગામના ચોરે ગયા. લાખો ગોવાળીયો વગેરે કસુંબાપાણીના નશામાં ચકચૂર હતા, તેમના પર તૂટી પડ્યા. બે ત્રણને તો ત્યાં જ ઘાયલ કર્યા. ઘણા લોકો હથિયારો લઈને વાંસે થયા. એમને પહોંચી વળવું મુશ્કેલ હતું, એટલે નજીકના વળાંકમાં લાગ જોઈ સંતાઈ ગયા. જેવા લોકો નજીક ગયા કે સિંહ જેમ બકરા પર તરાપ મારે તેમ ઉઘાડી તલવારે મરણિયા થઈને તૂટી પડ્યા. ચાર-પાંચ જ્યાં ઘવાયા ત્યાં બાકીના ઊભી

પૂંછડીયે પાછા ભાગ્યા.

બંને ભાઈને હવે લાખણકામાં રહેવું જોખમભર્યું હતું એટલે નજીકના બીજા ગામમાં વસવાટ માટે તપાસ કરી, પણ લોકોમાં લાખાની ધાક હતી એટલે કોઈ રાખવા તૈયાર ન થયું. ભડલી ગામે ભાણખાચરે થોડા દિવસ રાખ્યા; પરંતુ લાખાએ ત્યાં પણ ટકવા ન દીધા. છેવટે એ ભોંયરા ગામે સ્થિર થયા.

નિર્મલ હૃદયના ભક્ત હંમેશાં એમ જ ઈચ્છતા હોય કે પોતાને જે પ્રાપ્તિ થઈ છે તેના સહભાગી બીજાને પણ કરવા. નાજા જોગીયાને વિચાર થયો કે રાજા વાજસુરખાચર બહુ જ ઘાતકી સ્વભાવના છે. કોઈનો અલ્પ સરખો ગુનો થાય તોય તેના ઘુંટણ પર હથોડો મરાવી ભાંગી નાખે છે. તેને જો સત્સંગ થાય તો તેનું હૃદય કોમળ થાય. માટે રાજાની આગળ વાત કરું.

આવા જ શુભ આશયથી નાજા જોગીયા રાજા પાસે ગયા. વાત કરી : આજ સ્વામિનારાયણ નામે ભગવાન પ્રગટ થયા છે. એમનાં અદ્ભુત ઐશ્વર્યો જોઈને હજારો લોકો તેમના શરણે થયા છે ને સદાચાર પરાયણ જીવન જીવી રહ્યા છે.

રાજાએ પ્રશ્ન કર્યો : નાજા ! એ સ્વામિનારાયણ હાલ ક્યાં છે ?

'રાજન્ ! હાલમાં તો એ વિસનગરમાં છે એવું જાણવા મળ્યું છે.'

'તો મારી એક વાત સાંભળ. તું કહે છે કે એ પ્રભુ છે. જો એ પ્રભુ હોય તો કાલે સવારે અહીં હાજર થાય.'

'અરે રાજન્ ! વિસનગર તો કેટલું બધું દૂર છે ? ત્યાંથી અહીં શી રીતે આવી શકે ?'

'ભગવાન તો અંતર્યામી હોય, ને ધારે તે કરી શકે. માટે કહું છું કે જો તારા ગુરુ ભગવાન હશે તો આવતી કાલે સવારે અહીં આવી પહોંચશે. પૂર્વે જેમ દ્રૌપદીને વસ્ત્રો પૂરી સંકટમાંથી ઉગારી, નરસિંહ મહેતાની સહાય કરી, તેમ તારા ગુરુ ભગવાન હશે તો સહાય કરવા

અહીં આવશે. હું તેમની પાસે મારું કલ્યાણ માગીશ. જો એ નહિ આવે તો હું તારા ઘુંટણ ભાંગીશ. મારો આ નિર્ણય અફર રહેશે.'

ભક્તની વહારે ભગવાન

વાજસુરખાચરના નિર્ણયની વાત અંતર્યામી શ્રીહરિથી અજાણી નહોતી, એટલે જ મૂળજી બ્રહ્મચારીને સાથે લઈ તાબડતોડ ભોંયરા પહોંચવા ઉતાવળા થયા હતા. સાંજે વઢવાણ પહોંચ્યા એ વખતે ભોગાવો નદી ગાંડીતૂર બનેલી હતી. કોઈ પણ સંજોગોમાં આગળ જઈ શકાય તેમ નહોતું. નદી કાંઠે આવેલી દેરી પાસે આવ્યા.

'બ્રહ્મચારી ! તમે આ દેરીમાં રોકાઈ જાઓ. અમારે હાલ ને હાલ જવું પડશે.'

'પણ પ્રભુ ! એટલી બધી શી ઉતાવળ છે ?'

'ઉતાવળ છે એટલે જ તો કહું છું. કાલે સવારે હું ભોંયરા ગામે નહિ પહોંચું તો ત્યાંનો રાજા નાજા જોગીયાના ઘુંટણ ભાંગવાનો છે, આટલું કહેતાં જ શ્રીહરિ વિદાય થયા. નદીના જળ પર સડસડાટ ચાલ્યા.

ભોગાવો નદીના પૂરનો ઘૂઘવાટ જ એવો હતો કે અચ્છા અચ્છા તરનારની છાતીનાં પાટિયાં બેસી જાય. આવા પ્રચંડ પ્રવાહમાં પાણી ઉપર વેગથી ચાલતા ભગવાનને અહીંના ભાણજી મહેતા વગેરે કેટલાય લોકોએ જોયા. મહેતાને લાગ્યું કે આ પુરુષ અલૌકિક છે. શ્રીહરિ નદી પસાર કરી પૃથ્વી પર આવ્યા ત્યારે મહેતાએ પૂછ્યું : આપ આમ ઉતાવળા ક્યાંથી આવો છો ? ને કઈ બાજુ જઈ રહ્યા છો ?

ભગવાન કહે : અમે વિસનગરથી નીકળ્યા છીએ. અમારા ગુરુજી સાથે હતા, પણ નદીમાં પૂર હોવાથી આવી શક્યા નથી. જો તરાપો મોકલો તો એ અહીં આવી શકે.

ભાણજી મહેતાને થયું કે જેમના શિષ્ય આવા પ્રતાપી છે એમના ગુરુની તો વાત જ અનોખી હશે. તરત જ તરાપો મોકલી મૂળજી બ્રહ્મચારીને તેડી લાવ્યા.

પરસ્પર વાતચીત થતાં ભાણજી મહેતાએ જાણ્યું કે ખરા ગુરુ તો આ સ્વામિનારાયણ ભગવાન છે. મહેતાને બહુ જ આનંદ થયો. એ કહેવા લાગ્યા : હજારો ભક્તો પોતાને ત્યાં આપની પધરામણી કરાવવા પડાપડી કરે છે, એ આપ પ્રભુ સામે ચાલીને મને દર્શન દીધાં !! ખરેખર હું કૃતાર્થ થયો. હવે અહીંથી હું આપને જવા દઈશ નહિ. કૃપા કરી મને સેવાનો લાભ લેવા દો.

ભગવાન કહે : મહેતા ! અમારે ભક્તની રક્ષા કરવા વહેલી તકે ભોંયરા ગામે પહોંચવું પડે તેમ છે. જો અમે કાલે સવારે ત્યાં નહિ પહોંચીએ તો ભક્તનું જીવન જોખમમાં મૂકાઈ જશે. આ સાંભળી ભાણજી મહેતા કાંઈ બોલી શક્યા નહિ. અશ્રુભીની આંખે પ્રભુને વિદાય આપી.

ભોંયરા પ્રત્યે જતા પ્રભુ પવનવેગે ગતિ કરી રહ્યા હતા. મૂળજી બ્રહ્મચારીને વાંસે દોડવું પડતું હતું. એમ કરતાં ભાદર નદી પાસે પહોંચ્યા. ત્યાં પણ પ્રચંડ પૂર હતું. મૂળજી બ્રહ્મચારીને ત્યાં જ રાખી ભાદર નદી પાર કરી સવારના ચાર વાગે ભોંયરા પહોંચ્યા.

આમ તો પ્રભુ સંકલ્પમાત્રે કરીને ત્યાં પહોંચી શકે તેમ હતા, પણ પોતાના અનન્ય નિષ્ઠાવાન ભક્ત માટે પોતે પણ કેટલાં બધાં કષ્ટ વેઠે છે !! એ પણ ચરિતાર્થ કરી બતાવવું હતું, એટલે આ લીલા દેખાડી.

આ બાજુ નાજા જોગીયા વગેરેને એ જ ચિંતા સાલતી હતી કે ઠેઠ વિસનગરથી પ્રભુ ઠેઠ અહીં સુધી કેમ આવી શકશે ? કદાચ એ નહિ આવી શકે ને રાજા મારા ઘુંટણ ભાંગશે એ તો હું ખમી લઈશ, પણ લોકોને મારા સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની નિષ્ઠા ડગી જશે, એ મારાથી કોઈ પણ સંજોગોમાં નહિ ખમી લેવાય. આવી શુભ ભાવનાથી એ ભક્ત ધ્યાનસ્થ થઈ ભગવાનના ભજન-સ્મરણમાં લાગી ગયા. આખી રાત અખંડ ભજન ચાલુ રાખ્યું.

ભગવાને વહેલી પરોઢે નાજા જોગીયાના ઘરનું બારણું ખખડાવ્યું. ભક્તને તો કલ્પના જ નહોતી કે ભગવાન પધાર્યા હશે. બારણું ખોલતાં

જ ભગવાનનાં દર્શન થયાં. ભક્તનો આનંદ ચરમસીમાએ પહોંચ્યો. મનનો મોરલો નાચી ઊઠ્યો. કહેવા લાગ્યા : અરે પ્રભુ ! આપ તો કેટલેય દૂર હતા ને એક જ રાતમાં અહીં !

'હા ભગત ! તારા જેવા નિષ્ઠાવાન ભક્તની સહાય કરવી, એ તો અમારે આદિ અનાદિ કાળનો ધર્મ છે.'

'મારા વ્હાલા પ્રભુ ! આપની આ દયા જીવનભર ભૂલાય એવી નથી.'

'પણ નાજા ! આડાં અવળાં ઝાંખરામાંથી આવવાથી અમને પગે કાંટા વાગ્યા છે તે કાઢી નાખ.' વ્હાલમાના આદેશે ભક્તે કાંટા કાઢ્યા; એ સાથે એ વિચારમાં ડૂબી ગયા કે મારા વ્હાલમાએ મારા જેવા તુચ્છ જીવ માટે આટલું બધુ કષ્ટ વેઠ્યું ! એ વિચારમાત્રથી આંખોમાં આંસુ આવી ગયાં.

પ્રભુએ કહ્યું : ભગત હવે જલ્દી કર. મારે સ્નાનાદિ નિયમ બાકી છે. ભક્તે સઘળી તૈયારી કરી. પ્રભુજી સ્નાન ભોજનાદિથી પરવાર્યા. વાજસુરખાચરને સંદેશો મોકલ્યો કે નાજા જોગીયાના ભગવાન ભોંયરા આવી પહોંચ્યા છે ને થોડી જ વારમાં તમારે ત્યાં આવે છે.

ભગવાન પરવારીને દરબાર તરફ ચાલ્યા. થોડે આગળ જતાં લોકોનાં કરુણ રુદન સંભળાયાં. દયાળુ પ્રભુનું દિલ દ્રવી ઊઠ્યું. તરત જ પૂછ્યું : લોકો આમ રુદન શા માટે કરે છે ?

'પ્રભુ ! અહીંના દરબારે વિચિત્ર કાયદો કર્યો છે. ગમે તે કોઈ ચોરી કરે તેના ઘુંટણ ભાંગી નાખવામાં આવે છે. તેના દુઃખથી લોકો આમ રુદન કરે છે.'

'આવા ઘાતકીનું મોઢું જોવું એ જ પાપ છે. ચાલો આપણે પાછા જઈએ.'

નાજા ભક્ત તેમજ પીડાતા લોકોને ચિંતા થઈ. એ પ્રાર્થના કરવા લાગ્યા : પ્રભુ ! આપ એ રાજા પાસે જઈ ધર્મનો ઉપદેશ આપો તો તેને કાંઈક સુમતિ આવે.

સૌની અરજી સ્વીકારી પ્રભુજી દરબારમાં પધાર્યા. પોતે કરેલા નિર્ણય પ્રમાણે પ્રભુને પધારેલા જોઈ રાજાને આનંદ થયો. પ્રેમથી સત્કાર કર્યો. ઉત્તમ આસન પર પ્રભુને બિરાજમાન કર્યા. એ સાથે કહ્યું : તમે આવ્યા તે બહુ સારું કર્યું; નહિતર નાજા જોગીયાના ઘુંટણ ભંગાત. તમે નાજાને ઉગાર્યો.

'હા રાજન્ ! એ નાજાની જેમ તમને પણ ઉગારવા આવ્યા છીએ.'

'પણ મારે કાંઈ કષ્ટ છે જ નહિ, તો પછી ઉગારવાની વાત જ ક્યાં રહી ?'

'હે રાજન્ ! તમને ખબર છે કે તમે બહુ મોટું પાપ કરી રહ્યા છો ?'

'ગુનેગારને દંડ દેવો એ તો રાજાની ફરજ છે, એ ફરજ અદા કરવામાં વળી શાનું પાપ ?'

'રાજનીતિમાં કહ્યું છે કે માણસને તેના ગુના પ્રમાણે સજા કરવી. એ રાજનીતિ અને ધર્મશાસ્ત્રના નિયમને નેવે મૂકી દઈને તમે મનસ્વીપણે દંડ દ્યો છો, લોકોનાં ઘુંટણ ભાંગી નાખો છો. લોકોના એ નિસાસાનો દંડ તમારે યમપુરીમાં ભોગવવો પડશે.'

'એ તો લોકોને ડરાવવા માટે તમે તૂત ઊભું કર્યું છે. બાકી યમપુરી જેવું કાંઈ છે જ નહિ.'

'તો તમારે એની ખાત્રી કરવી છે ?'

'હા... હા... આજે તો બધો નિવેડો લાવી દેવો છે.'

પ્રભુએ પણ સામેથી કહ્યું : હા રાજન્ ! થઈ જાય આજે જ નિવેડો. એમ કહેતાં જ રાજાને સમાધિ કરાવી યમપુરી દેખાડી. રાજાના સૂક્ષ્મ દેહ પર યમદૂતો ફરી વળ્યા. એવા તો સખત પ્રહાર કરવા માંડ્યા કે રાજા તોબા પોકારી ગયો. મારના કારણે રાજાનો સ્થૂળ દેહ ઓયકારા કરતો આમતેમ આળોટતો હતો.

યમપુરીનો અનુભવ કરાવી શ્રીહરિ તે રાજાને પાછા સ્થૂળ દેહમાં લાવ્યા. જાગૃત થતાં રાજાએ પ્રભુના ચરણ પકડી લીધા. કરગરતાં

કરગરતાં પ્રાર્થના કરી : હે ભગવાન ! હવે મને બચાવો. મારી ભૂલ મને સમજાઈ ગઈ, હવે હું ક્યારેય આવાં ઘોરકર્મ નહિ કરું. નીતિ પ્રમાણે વર્તીશ. આપ કહેશો તે પ્રમાણે જ કરીશ.

'અમારો આદેશ છે કે આજથી કોઈના ઘુંટણ ભાંગશો નહિ. યોગ્યતા પ્રમાણે જ શિક્ષા કરજો. જેને તમે બંદીવાન બનાવ્યા છે તે બધાને રજા આપી દો.'

શ્રીહરિના એ આદેશનો અમલ રાજાએ તત્કાળ કરાવ્યો. ત્યારથી માંડીને પોતાનું શેષ જીવન નીતિમત્તા પ્રમાણે વીતાવ્યું. નાજા જોગીયાએ પણ નિર્ણય કરી લીધો કે હવે તો ભગવાનની અખંડ સેવામાં જોડાઈ જવું છે એટલે ગૃહવ્યવહાર આટોપી લઈ શ્રીહરિની સાથે ગઢપુર ગયા.

બેરખા પ્રકરણ

ગઢપુરમાં વાસુદેવનારાયણનો ઓરડો અને દાદાખાચરના ઓરડાની વચ્ચેની દીવાલમાં એક દ્વાર હતું. શ્રીહરિ ત્યાં બિરાજતા. ઠાકોરજીના ઓરડામાં સંતો ને ભક્તો બેસતા અને દાદાખાચરના ઓરડામાં બાઈઓ બેસતી. આ રીતે ભગવાનનાં દર્શન બંને બાજુ બેઠેલા ભક્તોને થતાં.

ચાતુર્માસ ચાલુ હોવાથી શ્રીહરિ પ્રાગજી દવે પાસે કથા વંચાવતા. રાત્રે મોડે સુધી ધ્યાન કરાવતા. ધ્યાનના સમયે શ્રીહરિ સૌને સાવધાન રાખતા. જો કોઈનેય કથા કે ધ્યાનના સમયે ઝોલું આવે તો તેને જગાડવા શ્રીહરિ સોપારીનો બેરખો તડાક દઈને મારે. પછી તે વ્યક્તિ ઊઠીને ભગવાનને આપવા આવે. આવો નિયમ રાખેલો.

આમ કરતાં એક દિવસ સુરાખાચરને ઊંઘ આવી. તેમને ઝોકાં ખાતા જોઈ શ્રીહરિએ તડાક દઈને સોપારીનો બેરખો માર્યો. સુરાખાચર ઝબકીને જાગી ગયા. બેરખો ભગવાનને આપવા આવ્યા. રમુજી સ્વભાવ પ્રમાણે કહ્યું : શું કરીએ મહારાજ, ઈ બધો વાંક આ કથા વાંચે સે ઈ ભટડાનો. એનેય બેરખો મારો.

ભગવાન કહે : તમને ઊંઘ આવે તેમાં ભટ્ટનો શો વાંક ? સુરાખાચર

કહે : ભણું મહારાજ, આ ભટ્ટ પુસ્તકના બાંધણામાં સાથે ઊંઘનેય બાંધતો આવે સે. એટલે જેવી તે પોથી સોડે કે તરત જ ઊંઘ સૂટી જાય સે. ઈ પહેલી જ મારી પાસે આવીને ધામા નાખે સે ને ભટોભટ માથાં પસડાય સે. ઈ ભટડાનો વાંક ખરો ને ? હવે ભટડાને કહી દો કે ઊંઘને સાથે બાંધતો ન આવે. એમ રમુજ કરીને બધાને હસાવ્યા.

થોડીવાર પછી બ્રહ્માનંદ સ્વામીને ઝોકું આવ્યું. શ્રીહરિએ તેમને બેરખો માર્યો. સ્વામી ઝબકી ગયા ને શ્રીહરિ પ્રત્યે બોલ્યા : મહારાજ ! મને બેરખો કેમ માર્યો ? હું તો ધ્યાનમાં આપની મૂર્તિનાં દર્શન કરતાં કીર્તનની રચના કરતો હતો.

શ્રીહરિ મર્માળું હાસ્ય રેલાવતા બોલ્યા : એમ ? બોલો જોઈએ તે કીર્તન. ત્યારે સ્વામીએ કહ્યું : હું બોલું અને સભા ઝીલે તો કીર્તનની મઝા આવે. શ્રીહરિ કહે : કબૂલ, ભલે એમ કરો.

બ્રહ્માનંદ સ્વામીએ 'તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે' કીર્તનનાં ચાર પદ શીઘ્રતાથી ગાઈ બતાવ્યાં. શ્રીહરિ સ્વામીની શીઘ્ર કવિત્વ શક્તિની પ્રશંસા કરતા બોલ્યા : સ્વામી, અમારા સ્વરૂપનું અખંડ ચિંતવન કરતા તમારા જેવા સંત ઉપર બેરખો નાહક નાખ્યો. બ્રહ્માનંદ સ્વામી તરત જ હાથ જોડી બોલ્યા : ના મહારાજ ! આપની કૃપાથી કવિત્વ શક્તિ સહજ છે. આથી સભા એક પંક્તિ ઝીલે, ત્યાં બીજી પંક્તિની રચના કરી દેતો હતો. સ્વામીની નિખાલસતા જોઈ શ્રીહરિ અતિશય રાજી થયા.

બીજે દિવસે શ્રીહરિના આસનની બાજુમાં બેઠેલા મૂળજી બ્રહ્મચારી ઊંઘવા માંડ્યા. તેમનાં નસકોરાંનો અવાજ ઘરરર... ઘરરર... આખી સભામાં ગુંજવા લાગ્યો. આ લાગ ઝડપી લેતાં બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર એકી સાથે બોલ્યા : જુઓ મહારાજ, મૂળજી બ્રહ્મચારી ઊંઘ્યા...

ત્યારે શ્રીહરિ બોલ્યા : એ ઊંઘતા નથી. અમારું ધ્યાન કરે છે.

ત્યારે સુરાખાચરે સખાભાવથી કહ્યું : એ તો તમારા સેવક છે એટલે તમે એમનું સાચવો છો પણ બ્રહ્મચારી તમારી મૂર્તિનું ધ્યાન કરે છે એની ખાત્રી શી ? જો સાચે જ ધ્યાન કરતા હોય તો આમ ડોલાં ન ખાય ને ? શ્રીહરિ બોલ્યા : ચાલો ત્યારે, એની ખાત્રી કરાવું. એમ કહેતાં જ મૂળજી બ્રહ્મચારીને બેરખો માર્યો. તેવા જ બ્રહ્મચારી ઝબકીને જાગ્યા. એ ભગવાન પાસે દોડી ગયા. તરત જ ભગવાનને પોતાના ખભે ઉપાડીને ચાલવા માંડ્યા.

આ બધું દૃશ્ય સભાજનો આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યા. ભગવાનને તેડીને બ્રહ્મચારી ઓસરીની બહાર નીકળ્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું : બ્રહ્મચારી, મને ક્યાં લઈ જાઓ છો ? ત્યારે બ્રહ્મચારીને ભાન આવ્યું. પાછા સભામાં આવ્યા ત્યારે શ્રીહરિએ પૂછ્યું : તમે મને તેડીને ક્યાં જતા હતા? બ્રહ્મચારી કહે : મહારાજ, મને તો એવું સ્વપ્ન આવ્યું હતું કે આપણે કોઈ ગામમાં ગયા છીએ ને એક મહેલમાં બેઠા છીએ, ત્યાં અચાનક આગ લાગી. મને વિચાર થયો જે મારા જીવનપ્રાણને તેમાંથી બચાવી લઉં, એમને તો ઊની આંચ પણ ન આવવા દઉં. તેથી દોડીને આપની પાસે આવીને તેડી લીધા, પણ આપે મને નામ દઈને બોલાવ્યો તેથી જાગી ગયો. હે પ્રભુ, આમાં મારાથી ભૂલ થઈ તે દયા કરી માફ કરો.

પછી બ્રહ્માનંદ સ્વામી તથા સુરાખાચરને શ્રીહરિ કહે : હવે તમે જ કહો કે મૂળજી બ્રહ્મચારી શું કરતા હતા ? ત્યારે સુરાખાચરે કહ્યું : હે પ્રભુ, આપે કહ્યું તે વાત ખરેખર સાચી છે. અમે માયાના જીવો આપની વાતમાં ઝાઝું સમજીએ નહિ તેથી સંશય કરીએ, પરંતુ આપ દયાળુ દયા કરી ખાત્રી કરાવો ત્યારે ખબર પડે ને અમારી ભૂલ સમજાય. માટે આપ સદાય અમને અમારી ભૂલ ઓળખાવતા રહેજો. ગઢપુરમાં ભક્તોના મનોરથો પૂર્ણ કરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા કુંડાલ, ડાંગરવા, કરજીસણ થઈ ઉનાવા પધાર્યા.

દંઢાવ્યમાં કૃપાવર્ષા

ઉનાવા ગામનો ઉમંગ

ઉનાવામાં વસતા ઉમંગી રામદાસ, બાજીદાસ, વણારસીભાઈ, રઘાભાઈ, વાલાભાઈ, કાનદાસ, અવચલદાસ, મુનદાસ, કૃષ્ણદાસ વગેરે ભક્તો શ્રીહરિને સત્કારવા સામૈયું લઈને ગામની ભાગોળે ગયા. વાજતે ગાજતે શ્રીહરિને ગામમાં પધરાવ્યા.

દૂર ખેતરોમાં રહેલા ભક્તોને જાણ થઈ કે સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે તેથી દોડતા દોડતા ગામમાં આવ્યા. પ્રભુના દર્શનની તાણમાં પોતાના દેહની પણ પરવા ન કરી. માર્ગમાં પથરા વગેરે વાગવાથી પગમાં લોહી નીકળતું હતું તેનું પણ ભાન ન રહ્યું. પ્યારા પ્રીતમનાં દર્શન કરી હૈયામાં અનોખી ટાઢક અનુભવી. અત્રેના મુખિયા રામદાસભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી : આ ભક્તો દર્શનાર્થે દોડીને આવ્યા તેમાં પથરા વગેરે અથડાવાથી પગમાં લોહી નીકળે છે. તો હે દયાળુ, એમનું એ કષ્ટ દૂર કરો.

શ્રીહરિ પ્રસન્ન થઈ બોલ્યા : અમારાં દર્શન માટે આમ જેમને ઉમળકો છે તેને અમે કાળ, કર્મ, માયાના બંધનથી ઉગારીને અમારી મૂર્તિના સુખે સુખિયા કરીશું.

આજે રામદાસભાઈને ઘેર થાળ હતો. શ્રીહરિ તેમને ઘેર પધાર્યા. થાળ અંગીકાર કર્યા. હરિવરને હેતેથી ઝુલાવવા રામદાસભાઈએ પોતાની મેડી પર હીંચકો બાંધ્યો હતો. તે પર બિરાજી ભક્તને લાભ આપ્યો.

ઉનાવામાં ત્રણ દિવસ રોકાઈને શ્રીહરિ બાલાગઢ ગામે માલજી ચૌધરી, અમીચંદ સુથાર, રતન દવે, જીવરામ વગેરે ભક્તોના મનોરથ પૂર્ણ કરી માણસા પધાર્યા.

માણસા ગામે મોજ

માણસાના દરબાર સબળસિંહજી, પૃથ્વીસિંહજી વગેરે શ્રીહરિને

વિશે અનન્યભાવે જોડાએલા હતા. તેમણે ઉમંગભેર શ્રીહરિને ગામમાં પધરાવ્યા. પ્રભુનો ઉતારો પોતાના દરબારમાં જ રાખ્યો. અત્રેના દૂધિયા કૂવાના જળથી પ્રભુએ સ્નાન કર્યું. ભક્તોએ તૈયાર કરાવેલા થાળ અંગીકાર કર્યા.

સાંજના સુમારે મલાયસરની ઉત્તરદિશામાં ઉગેલા લીંમડાના વૃક્ષ નીચે સભા કરી. એ અવસરે શ્રીહરિએ મસ્તકે સોનેરી પાઘ ધારણ કરી હતી. કંઠમાં ગુલાબના હાર ધારણ કર્યા હતા. પ્રશ્નોત્તરી ચાલતી હતી.

એવામાં આ જ ગામનો ઘેલારામ શાસ્ત્રી આવ્યો. એને સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે દ્વેષ હતો. એ સભામાં આવીને મોટેથી બોલવા લાગ્યો : સ્વામિનારાયણ ક્યાં છે ? અહીં તો બધા સાધુઓ બેઠા છે ને હરિભક્તો બેઠા છે. સ્વામિનારાયણ કેમ દેખાતા નથી ? એ ક્યાં ગયા છે ?

ઘેલારામની આંખમાં દ્વેષનાં પડળ છવાઈ ગયાં હતાં; એટલે શ્રીહરિ ત્યાં હાજર હોવા છતાંય એને ક્યાંથી દેખાય ? તેને હરિભક્તો કહેવા લાગ્યા : અમે તો સ્વામિનારાયણ ભગવાનને દેખીએ છીએ. હજારોને ભગવાનનાં દર્શન થાય છે. તને પૂર્વજન્મનું પાપ નડે છે તેથી દર્શન થતાં નથી. આ સાંભળતાં જ તે ભોંઠો પડી ગયો. મૌન થઈને આમ તેમ નજર ઘુમાવવા લાગ્યો, પણ તેને ભગવાનનાં દર્શન ન થયાં તે ન જ થયાં.

અહીંના વનમાળી ભાવસારે શ્રીહરિ માટે થાળ કરાવ્યા હતા. તેમને ઘેર પધારી શ્રીહરિએ થાળ અંગીકાર કર્યા. સંતો પણ જમ્યા. શ્રીહરિ ઢોલિયા પર બિરાજ્યા. ભાવસારને કહ્યું : ઘોડાં માટે દાણા ને ઘાસ લાવો. ભાવસાર કહે : પ્રભુ, ઘાસ તો ઘણું છે, પણ દાણા બહુ થોડા છે, નાની કોઠીમાં ભર્યા છે. કોઠી ઉપર થેપ કર્યો છે.

શ્રીહરિ કહે : ચાલો, આપણે જોઈએ તો ખરા કે કોઠીમાં કેટલા દાણા છે ? ભક્ત તો જાણતા હતા કે બહુ જ થોડા દાણા વધ્યા છે. છતાં ભગવાન કહે છે એ વચનમાં બિલકુલ શંકા કર્યા વિના કોઠી

બતાવી દઉં. ભગવાનના કથનનું શું રહસ્ય છે એ મારા જેવા અલ્પ જીવને ક્યાંથી ખબર પડે ? એમ વિચારી શ્રીહરિને કોઠી પાસે લઈ ગયા. ઉપરથી લગાવેલો થેપ હટાવી કોઠીનું ઢાંકણું ઉઘાડ્યું ત્યાં જ શ્રીહરિની કૃપાથી કોઠી છલોછલ ભરેલી દેખાઈ.

ભગવાન કહે : ભગત ! આ કોઠી તો આખીય ભરેલી છે. આમાં તો મને અપાર દાણા દેખાય છે. હવે તેને ફરીથી છાંદી દો ને સાણેથી દાણા કાઢવા માંડો.

ભક્તે દાણા કાઢવા માંડ્યા. ઘોડાં માટે જોઈએ તેટલા દાણા કાઢી આપ્યા. હકીકતમાં તો માત્ર એક મણ દાણા જ હતા. પરંતુ ભગવાનના આશીર્વાદ મેળવ્યા બાદ એક વરસ સુધી ભક્તે તે દાણા વાપર વાપર કર્યા તો પણ ન ખૂટ્યા. બાર મહિના પછી કોઠી જોઈ તો પૂર્વવત્ ભરેલી જ હતી.

ભાવસાર ભક્તને ન્યાલ કરી શ્રીહરિ માણકી પર અસવાર થઈ ગામની મુખ્ય બજારેથી પસાર થતા હતા, ત્યાં જ પેલો ઘેલારામ શાસ્ત્રી આવ્યો. એને એમ કે મને ભગવાનનાં દર્શન થશે; પણ એમ ન થયું. બીજા બધાને દર્શન થાય પણ ઘેલારામને ન થાય.

શ્રીહરિ તળાવને કાંઠે લીંમડાના વૃક્ષ નીચે બિરાજ્યા. સભામાં જ્ઞાનામૃતના રસથાળ પીરસ્યા. વળી સંકલ્પ કર્યો કે, આ લીંમડો મીઠો થાય. બસ એ જ ઘડીએ કડવો લીંમડો મટીને મીઠો થઈ ગયો. જોતજોતામાં આખા ગામમાં વાત પ્રસરી ગઈ કે સ્વામિનારાયણ ભગવાને કડવા લીંમડાને મીઠો બનાવી દીધો ! એ જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં. ભક્તો તો ત્યાં હતા જ. બીજા લોકો ત્યાં ભેળા થતાં તળાવને કાંઠે માનવીઓનો મોટો મેળો ભરાયો. સૌના મોઢે એક જ વાત હતી કે સ્વામિનારાયણ ભગવાન બહુ જ પ્રતાપી છે. કદી ન ધાર્યું હોય એવું કરી બતાવે છે. ભગવાનનો પ્રૌઢ પ્રતાપ જોઈ બીજા કેટલાય લોકો ભગવાનના આશ્રિત થયા.

લાંઘણોજમાં સાકરના થાળ

માણસા ગામે મોજ કરાવી વિચરણ કરતા સ્વામિનારાયણ ભગવાન એક સમી સાંજે લાંઘણોજ પધાર્યા. એ વખતે માત્ર ડુંગરજી પાર્ષદ સાથે હતા. અહીંનાં અમૃતબાઈને ભગવાનને વિશે અસાધારણ પ્રેમ, એટલે જ શ્રીહરિએ તેમના ઘરની સાંકળ ખખડાવી. બારણું ખોલતાં જ પ્રભુને જોઈ અમૃતબાઈ ઘેલાં ઘેલાં થઈ ગયાં. કહેવા લાગ્યાં : મહારાજ ! સાંજ પડી ગઈ છે. તો અહીં જ રોકાઈ જાઓ. આપને માટે હું થાળ બનાવું.

'પણ અમૃત, મારે આજે બહુ જ ઉતાવળ છે. થોડીવાર પણ રોકાવાય એવું નથી. બીજી વખત આવીએ ત્યારે વાત.'

'મહારાજ ! એ ગમે તે હોય. ઘણા દિવસે પધાર્યા છો. માટે આજે તો રોકાવું જ પડશે. આપનો વાયદો ક્યારે પૂરો થાય તેની શી ખબર ?'

'ના અમૃત ! તું આજે ગમે તેટલું કહીશ તોય મારાથી રોકાવાય તેમ નથી.' શ્રીહરિના સૂરમાં જવાની મક્કમતા જાણી અમૃતબાઈ બીજું કાંઈ બોલી ન શક્યાં. પ્રભુજી તો સડસડાટ કરતા ત્યાંથી ચાલી નીકળ્યા. અમૃતબાઈના હૈયેથી નિસાસો નીકળી ગયો. ઘણે દહાડે મહામોંઘો લ્હાવો લેવાનો અવસર મને ન મળ્યો ! મેં ભગવાનમાં પૂરો પ્રેમ કેળવ્યો નથી. નહિતર ભગવાન મને આમ મૂકીને વિદાય ન થાય. એમ વિચારતાં એ બાઈની આંખે ઝળઝળીયાં આવી ગયાં.

અમૃતબાઈની હૃદયની ભાવનાનો સૂર પ્રભુજી પામી ગયા. નક્કી કરી લીધું કે, આ બાઈની ભાવના પૂર્ણ કરવી જ પડશે. તેય પાછા એમને ઘેર જઈને નહિ, પણ એમની વાડીએ જઈને.

હવે તો રાત્રીના અંધકારના ઓળા પૃથ્વી પર પથરાઈ રહ્યા હતા. શ્રીહરિ ડુંગરજી પાર્ષદને સાથે લઈને લાંઘણોજની ગલીઓ વટાવી થોડે દૂર ગયા. રસ્તામાં લીલીછમ વાડી જોઈ શ્રીહરિએ ડુંગરજીને કહ્યું : રાત પડી છે. હવે ક્યાંય જવાય તેમ નથી. ચાલો આ વાડીમાં જ ઉતારો કરીએ.

વાડીમાં કામ કરનારા મજૂરો ત્યાં જ હતા. પ્રભુએ પૂછ્યું : આ વાડી કોની ? અહીં ઊતરવા મળશે ? અહીં રાતવાસો કરવો છે. મજૂરો શ્રીહરિને ઓળખી ગયા. કહે : ભલે મહારાજ ! સુખેથી પધારો. આ તો તમારાં ભક્ત અમૃતબાઈની વાડી.

'પણ પ્રભુ, અમૃતબાઈને ઘેર જ ઉતારો કરો ને; ત્યાં ગોદડાં-ગાદલાં બધું જ મળી રહેશે.'

'અમને વાડી કે વન જેવું શાંત વાતાવરણ સારું ફાવે. કોઈના ઘરમાં રહેવામાં અમને મૂંઝવણ થઈ પડે.'

'તો ભલે મહારાજ ! જેવી આપની મરજી.'

વાડીના ઘેઘૂર આંબા નીચે પ્રભુએ ઉતારો કર્યો. મજૂરોએ અમૃતબાઈને હરિવરની વધાઈ આપી. એ જ ઘડીએ એ બાઈના હૈયે આનંદનો ઉદધિ છલકી ગયો. હાશ... પ્રભુએ પ્રાર્થના સ્વીકારી ખરી. વહેલી સવારે થાળ કરી મારા વ્હાલમા પાસે પહોંચી જઈશ. એમને જમાડીને પછી જ જવા દઈશ. આવા વિચારમાં એ બાઈને ઊંઘ જ ન આવી. પ્રભુ માટે શું શું બનાવું, એની વિચારધારા ચાલુ રહી. સ્નાનાદિથી પરવારી અમૃતબાઈ રસોઈમાં લાગી ગયાં. સેવ, રોટલી, દૂધ, દહીં, માખણ, અથાણાં, પાપડ, ચટણી વગેરે સામગ્રી તૈયાર કરી. જુદાં જુદાં પાત્રોમાં ભરી તે બધું જ એક ટોપલામાં સરસ રીતે ગોઠવીને ભર્યું.

કોઈ વસ્તુ બાકી તો નથી રહી જતી ને ? એ વિચારતાં તરત જ યાદ આવી ગયું કે, સાકર તો બાકી છે ! એ ઝટપટ રસોડામાં ગયાં. અંદર અંધારું હતું. ડબરો ઉપાડ્યો. પણ ભૂલમાં સાકરને બદલે બાજરાનો લોટ ભરેલો ડબરો હાથમાં આવ્યો. એ પણ ટોપલામાં ગોઠવી દીધો. હજુ પ્હો ફાટ્યું નહોતું. રખેને પ્રભુ વહેલા પરવારીને જતા રહે તેની ચિંતામાં બાઈ વાડીએ આવવા નીકળી પડ્યાં.

આ બાજુ વાડીમાં શ્રીહરિ સ્નાનાદિથી પરવાર્યા. ડુંગરજીને પૂછ્યું : તને રાતે ઊંઘ આવી કે નહિ ?

ડુંગરજી કહે : મહારાજ ! ઊંઘ આવે એમ હતું જ ક્યાં ? આખી રાત પેટમાં બલાડાં બોલ્યાં છે.

પ્રભુ કહે : તું તો ખાઉધરો જ છે. જ્યાં કાંઈ મોકો મળે એટલે ખાવાની જ વાત માંડે.

ડુંગરજી કહે : શું કરું મહારાજ ! અમે રહ્યા આ લોકના જીવ. એટલે ભૂખ તો લાગે ને ! ગઈકાલ બપોરથી કાંઈ ખાવા મળ્યું જ ક્યાં છે ? તમે ભગવાન છો એટલે તમને ભૂખ ક્યાંથી લાગે ?

'સાચું કહું ડુંગર ! ભૂખ તો મનેય લાગી છે. આવી ભૂખ તો મારી જિંદગીમાં ક્યારેય લાગી નથી. કાંઈ કારણ સમજાતું નથી કે આટલી બધી ભૂખ કેમ લાગી !'

શ્રીહરિને આ રીતે રમુજ કરતા જોઈ ડુંગરજીએ પણ મસ્કો માર્યો : પ્રભુ ! ગઈ કાલે પેલી બાઈ કેટલુંય કરગરી તોય જમવાની ના પાડી, પછી તો ભૂખે રહેવું પડે ને. ભૂખ કોની સગી થાય છે ? હાલો હવે બીજે ગામ જઈએ તો ખાવા ભેગા થઈએ.

'પણ ડુંગર ! ભૂખને લીધે એવી અશક્તિ આવી ગઈ છે કે અહીંથી એક ડગલુંય મંડાય એમ નથી.'

'અરે મહારાજ ! અહીં વાડીમાં જમવાનું કાંઈ નહિ મળે.'

'મને તો એમ લાગે છે કે જમવાનું સામે ચાલીને આવી રહ્યું છે.'

'મહારાજ, તમેય કમાલ કરો છો ને. જમવાનું તે વળી ચાલીને આવતું હશે.'

'હા... હા... આવે છે એટલે જ તો કહું છું.' ત્યાં જ સ્વર સંભળાયો : અરે, આ વાડીમાં કોણ ઘૂસી ગયું છે ? ધણીને પૂછ્યા વિના વાડીમાં ઘૂસી જવાતું હશે ?'

અંતર્યામી તો જાણતા જ હતા કે કોણ બોલે છે, છતાં પ્રેમી સાથે ગમ્મત કરવી હતી તેથી કહ્યું : અરે બેન ! એ તો અમે.

'એમ 'અમે' બોલ્યેથી શું ખબર પડે ? નામ-ઠામ તો દેવું પડે

ને ! ચોખ્ખું ચટ કહી દો ને કે તમે કોણ છો ?'

ડુંગરજીને એમ લાગ્યું કે આ બાઈ એની સ્ત્રી જાતિના સ્વભાવ પ્રમાણે બોલવા માંડશે તો ભગવાનનો અપરાધ કરી બેસશે. એટલેથી નહિ અટકે; ભોજનને બદલે ગાળો ખાવી પડશે. એટલે દોડીને વાડીના ઝાંપે ગયા. બાઈને કહ્યું : આ તો આપણા પ્રભુ બોલે છે, માટે બોલવામાં વિવેક રાખજો.

આમ વાર્તાલાપ થતાં અમૃતબાઈ પ્રભુ પાસે પહોંચી ગયાં. માથે ટોપલો જોઈ પ્રભુએ પૂછ્યું : અરે અમૃત ! આટલી વહેલી સવારે આ ટોપલો લઈને ક્યાં ઊપડી ?

'એમા શું કહેવાનું હોય ? મારા સાથીને ભાત આપવા.'

'તું તો બહુ મોટી થઈ ગઈ ! તારેય સાથી રાખવો પડે છે !'

'મહારાજ ! અમે રહ્યાં વાડીવાળાં. એટલે સાથી તો રાખવો પડે ને. ઘણું કામ હોય એમાં એકલાં કેટલે પહોંચી વળીએ ?'

'પણ બાઈ ! તેં કેટલા સમયથી સાથી રાખ્યો છે ?'

'અરે મહારાજ ! એ જુગોજુગનો સાથી છે. એને મારા વિના ચાલતું નથી ને મને એના વિના ચાલતું નથી.'

'પણ અમૃત ! ભાતમાં શું લઈ જાય છે એ તો દેખાડ.'

માથેથી ટોપલો ઉતારી અમૃતબાઈએ વાનગી દેખાડી. એ જોઈ શ્રીહરિ કહે : બાઈ, તારો સાથી આટલો હવાદિયો છે ?

'હા મહારાજ ! એ હવાદિયો છે ને હઠીલોય છે. ભૂખ્યો રહે પણ પોતે ધારેલું જ કરે. એના વિના એને ચેન ન પડે.'

'આજે એક કામ ન કરે ? એ ભાત આપી દે. આજે તો કડકડતી ભૂખ લાગી છે.'

'કાલે ઘણુંય કહ્યું કે જમી લો તોય ન માન્યા. હવે રઢ લઈને બેઠા કે ભૂખ લાગી છે. લ્યો હવે જમી લ્યો. તમારા જેવા હઠીલા કોણ થાય ?'

પ્યારા પ્રીતમ આગળ થાળ મૂકી, એક એક ડબરામાંથી વાનગી કાઢી બાઈ પીસરવા માંડ્યાં. પ્રભુ સેવ ચાખીને કહે : અરે અમૃત ! આમાં સાકર નાખ.

'અરે હા મહારાજ ! એ તો હું ભૂલી જ ગઈ.' એમ કહેતાં જ સાકર સમજીને લાવેલા ડબરામાંથી બાજરીનો લોટ સેવ પર નાખ્યો. પછી તો દહીંમાં, દૂધમાં બધાંમાં (સાકર) નાખી. અથાણાં, પાપડ, રોટલી પર તો નખાય તેમ નહોતું એટલે એ બાકી રહ્યું.

ભગવાન તો વાનગીને વખાણતા જાય ને જમતા જાય. આજે પ્રભુજી એ બાઈનો પ્રેમ આરોગવા લાગ્યા. ઉતાવળથી જમતા પ્રભુજીને જોઈ ડુંગરજીને ચિંતા પેઠી કે મહારાજ બધું જ જમી જશે તો મારે ભૂખ્યા રહેવું પડશે.

ત્યાં જ પ્રભુ કહે : બાઈ હવે બસ, તારી સાકર આજે ખૂબ જમ્યા. આ ડુંગરજી પણ ભૂખ્યો થયો છે. એને પ્રસાદી આપ.

હવે ડુંગરજીનો વારો આવ્યો. સેવનો કોળિયો વાળી જેવો મોઢામાં મૂક્યો કે તરત જ બકારી આવવા માંડી. શ્રીહરિ કહે : છાનોમાનો જમી લે ને ! માંડ માંડ ખાવા મળ્યું ને આવા તાયફા કરવા માંડ્યો ?

'અરે મહારાજ ! ગળે ઉતારવા ઘણુંય મથું છું, પણ અંદર પેસતું જ નથી.'

'અલ્યા ડુંગરિયા ! અમને ન નડ્યું ને તને તો પહેલે જ કોળિયે નડી ગયું ! ધાપલાવેડા કર્યા વગર જમવા માંડ. નહિ ખાય તો તારે માથે રેડીશ. આટલી બધી સરસ વાનગી છે ને તને બકારી આવે છે !? સાકર ઓછી પડી હોય તો સાકર નખાવી દઉં.'

'હાચું કહું મહારાજ ! મને તો એમ લાગે છે કે આમાં બાજરાનો લોટ નાખેલો છે.'

'બેસ બેસ ચાંપલા ! આવી સરસ વાનગીમાં તે વળી બાજરાનો લોટ હોતો હશે ?'

ત્યાં જ બાઈને ફડકો પેઠો. કાંઈક ગરબડ થઈ લાગે છે. (સાકરનો) ડબરો ઉઘાડ્યો ત્યાં જ ખ્યાલ આવી ગયો. બાઈને પારાવાર દુઃખ થયું. અરે... રે... મારા વ્હાલમાને આવો કાચો લોટ જમાડ્યો ! હું કેવી અક્કલ વગરની કે કાંઈ ચોક્કસ પણ કર્યું નહિ !

પ્રભુને હાથ જોડતાં ગદ્‌ગદ થઈ એ બાઈ કહેવા લાગ્યાં : મહારાજ ! હું સાવ અભાગણી ! મારાથી મોટી ભૂલ થઈ ગઈ. સાકરને બદલે બાજરાનો લોટ પીરસી દીધો ! આ અપરાધમાંથી હું ક્યારે છૂટીશ ?

મંદ હાસ્ય વેરતા ને બાઈને ધીરજ આપતા પ્રભુ બોલ્યા : બાઈ તું ચિંતા ન કર. આજે તેં અમને જમાડ્યું તે અમૃત કરતાંય સ્વાદિષ્ટ હતું.

'ના... ના... મહારાજ ! હું આપના માટે બીજું ભોજન બનાવું. એ જમાડીને પછી જ જવા દઈશ.'

'અરે અમૃત ! હવે તું બનાવીશ એ આના જેવું સ્વાદિષ્ટ નહિ થાય. તું જરાય ચિંતા ન કરીશ. તારું નામ અમૃત, તારો ભાવ પણ અમૃત જેવો,' આમ બોલતા ને અમૃતમય દૃષ્ટિ કરતા શ્રીહરિ ત્યાંથી વિદાય થયા. એ અમૃતમય નજરનું પાન કરતાં અમૃતબાઈ હાથ જોડીને દર્શન સુખ માણતાં રહ્યાં. લાંઘણોજમાં અમૃતબાઈને અમૃતમય મોજ આપી શ્રીહરિ ડાંગરવા પધાર્યા, તે વખતે સંતો-ભક્તો ત્યાં હતા. શ્રીહરિનાં દર્શનથી સૌને આનંદ થયો.

ડાંગરવામાં દૂધની રેલમછેલ

ડાંગરવાનાં જતનબાને શ્રીહરિને વિશે અસાધારણ હેત હતું. એવા પ્રેમાળ ભક્તોના મનોરથો પૂર્ણ કરવા શ્રીહરિ આલોકમાં પધાર્યા હતા. એમાં કોઈવાર એવાં ચરિત્ર કરતા કે સામાન્ય બુદ્ધિવાળો ગોથાં ખાઈ જાય.

શ્રીહરિ ડાંગરવા પધાર્યા તે વખતે નજીકના ગામમાં રહેતા ગોવિંદ ભક્ત પણ આવ્યા હતા. પોતાને ગામે તેડી જવા તેમણે પ્રાર્થના કરી.

પ્રભુએ પ્રસ્તાવ મૂક્યો : અમને દહીં-દૂધમાં તાણી કાઢે - છૂટથી વાપર્યા છતાં દહીં-દૂધ ખૂટવા ન દે, તેને ઘેર જવાનો અમે ઠરાવ કર્યો છે. આ તો જતનબાને માટે મનગમતી વાત હતી. તરત જ કહ્યું : મહારાજ ! તમારા સાધુને હું દહીં દૂધમાં તાણી કાઢું.

'એમ માત્ર કહી દેવાથી વાત પૂરી નહિ થાય. જો ખૂટશે તો તારા હેકારા (હુરિયો) બોલાવીશ,' પ્રભુએ શરત મૂકી.

જતનબા પણ આજે રંગમાં હતાં. પૂરી મક્કમતા સાથે કહ્યું : આ સાથે મારી શરત પણ સાંભળી લો. જો વધી પડે તો હું તમારા હેકારા બોલાવું. બોલો છે મંજુર ?

ભગવાન અને ભક્તના આવા મીઠા વાર્તાલાપમાં સામાન્ય વ્યક્તિને છોકરાંની રમત જેવું લાગે, પરંતુ ભગવાનનો આવો લીલાવિસ્તાર ભક્તજનને ગુણગાન ગાવા માટે ને અંતરમાં શાંતિ મેળવવા માટે હોય છે.

દૂધ-દહીંનો તોટો ન આવે તે માટે જતનબાએ અગાઉથી પાળ બાંધી લીધી. આજુબાજુનાં ગામથી તેમજ આ જ ગામમાંથી દૂધ મંગાવી લીધું. મોટી ગોળીઓમાં મેળવી દીધું. એ જ રીતે બીજે દિવસે સવારે પુષ્કળ પ્રમાણમાં દૂધ ભેગું કરાવી લીધું. રસોઈ પણ તૈયાર કરાવી.

જમવા માટે સંતની પંક્તિ થઈ. શ્રીહરિ દોણું લઈને દૂધ-દહીં પીરસવા લાગ્યા. એક સંતને પીરસી બીજા સંત પાસે જાય, તે દરમ્યાન ધાર પાછી ન વાળે. આમ બે ત્રણ પાત્ર ખાલી થયાં ત્યાં સુધી જતનબા જોઈ રહ્યાં, પણ કાંઈ બોલ્યાં નહિ. પ્રભુની આ લીલા ચાલુ રહી એટલે જતનબાથી રહેવાયું નહિ. એ કહે : મહારાજ ! આ દૂધ-દહીં ઢોળવા માટે ભેગું નથી કર્યું, પીરસવા માટે કર્યું છે. ઢોળીને ખુટાડવું એમાં કાંઈ નવાઈ નથી. પીરસીને ખુટાડો તો તમે ખરા.

એ જ સમયે દોણું ખાલી થયું; તે મૂકીને શ્રીહરિએ બીજું દોણુ જેવું હાથમાં લીધું કે તરત જ જતનબા પ્રભુને ફરી વળ્યાં.

દોણાનો કાંઠો સજ્જડ રીતે પકડી લીધો ને કહેવા લાગ્યાં : તમે તો બધું ઢોળવા માંડ્યા છો. આ તે કાંઈ પીરસવાની રીત છે ? આમ કરીને તો અમનેય ખુટાડતાં આવડે છે. આપણી શરત હતી પીરસવાની, નહિ કે ઢોળવાની.

આમ બોલતાં જતનબા દોણું પોતાના તરફ ખેંચે ને શ્રીહરિ પોતાના તરફ ખેંચે. આ રીતે થોડીવાર ખેંચતાણ ચાલી. આ તો પ્રભુની એક લીલા હતી. નહિતર જતનબાનું ગજું શું જે અનંતકોટી બ્રહ્માંડોના કર્તા હર્તા પ્રભુજી પાસેથી દોણું ઝુંટવી શકે ? ખેંચતાણ કરતાં શ્રીહરિએ સ્હેજ આંચકો માર્યો. ત્યાં જ દોણાનો કાંઠો જુદો થઈ ગયો. એ કાંઠો રહ્યો જતનબાના હાથમાં ને દહીં ભરેલું દોણું રહ્યું પ્રભુના હાથમાં. શ્રીહરિને તો દહીંની જ જરૂર હતી. એ લઈને શ્રીહરિ પાછા પીરસવા માંડ્યા. એ દોણું પૂરું થઈ રહ્યું; તે બતાવતાં જતનબાને કહ્યું : લાવો બીજું દૂધ દહીં.

પ્રભુ તો જાણતા જ હતા કે જતનબાએ બીજાં ચાર પાંચ પાત્રો સંતાડી રાખ્યાં છે, પણ આ લોકના માનવની જેમ વર્તી પોતાના સેવકોને યાદગાર સંભારણાં કરાવવા નવી નવી લીલાઓ કરી રહ્યા હતા.

શ્રીહરિ કહે : જતન ! લાવ દૂધ, નહિતર તારા હેકારા બોલાવું.

'પ્રભુ ! એમ તરત જ હેકારા કરાવવા દઉં એવી નથી. તમે જ કૃપા કરી સુઝાડ્યું છે. હજુ ચાર પાંચ ગોળીયો ભરેલી પડી છે,' હસતાં હસતાં જતનબાએ કહ્યું.

'જતન તુંય જબરી હોં; તને તો કેમેય કરીને ન પહોંચાય.'

'અરે પ્રભુ ! આપ તો ભક્તાધીન છો એટલે આમ બોલો છો, પણ અમારા જેવા આ લોકના જીવનું ગજુ શું ? આ દાસીની એ જ અરજ છે કે આમ ને આમ નવાં નવાં સંભારણાં કરાવી અમને આપની મૂર્તિમાં તલ્લીન કરી દેજો,' હાથ જોડતાં જતનબાએ નમ્રતાપૂર્વક નિવેદન કર્યું.

પ્રભુને આવી વિનમ્રતા પસંદ છે, એટલે જ પ્રસન્ન થઈ બોલ્યા : જતન ! કાંઈ વર માગ, તું જે માગે તે આપું. જતનબા કહે : મહારાજ ! મારે ઘરે જે કોઈ મરે તેનું કલ્યાણ કરજો.

'ભલે જતન, તારે ઘેર જે કોઈ મરશે તેનું કલ્યાણ થાશે, એ સાથે બીજું પણ વરદાન આપીએ છીએ કે, આજથી તારે ઘેર દૂધ દહીં ખૂટશે નહિ.'

રાજાધિરાજ જ્યારે રીઝે ત્યારે પરલોકનું તો મળે જ, એ સાથે આ લોકનું પણ આપી દે. ખરું સમજવાનું એ છે કે એમનો રાજીપો ઝીલતાં આવડવું જોઈએ. જે એમની મરજી સાચવી જાણે એને એ ન્યાલકરણ બાપો ન્યાલ ન્યાલ કરી દે એવા છે.

જતનબાને અમુલખ લ્હાવા આપી શ્રીહરિ મોટેરા ગામે પધાર્યા. અત્રે પુરુષોત્તમ પટેલને ઘેર ઉતારો કર્યો. સંવત ૧૮૬૭, માગશર સુદ ૫, તા. ૧-૧૨-૧૮૧૦ ને શનિવારનો એ મંગલમય દિન હતો.

દ્વેષી સૂબાની મેલી મુરાદ

શક્તિપંથીની કાનભંભેરણી

મોટેરા ગામમાં વસતા ભક્તોએ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. સંવત ૧૮૬૭ નું વર્ષ હતું. એ વખતે અમદાવાદમાં સૂબાગીરી સંભાળનાર રઘનાથ મહીપતનો ૧૦ વર્ષનો (સંવત ૧૮૫૬ થી ૧૮૬૬) ગાળો પૂરો થયો હતો. એમને લોકો કાકા સાહેબ તરીકે ઓળખતા હતા. એ જ્યારે ગામગોઠ - ગામના વહીવટ, રાજકીય જાણકારી, દેખરેખ નિમિત્તે તે તે ગામે જતા ત્યારે મલબા દાદા કામ સંભાળતા. તેમના ભત્રીજા ચીમનરાવજી બહુ જ વિચક્ષણ હતા. તેથી સૂબાગીરીની સઘળી કાર્યવાહી તેમને સોંપી દીધી હતી. એ ચીમનરાવજી સાત્વિક વૃત્તિવાળા હતા. ખુશાલ ભટ્ટ દ્વારા તેમને સ્વામિનારાયણ સંપ્રદાયનો સત્સંગ થયેલો હતો. તેથી જ્યારે જ્યારે સ્વામિનારાયણ ભગવાન અમદાવાદ પધારતા ત્યારે ત્યારે એ ચીમનરાવજી પોતે જ ભગવાનને દબદબાભેર રાજાશાહી ઠાઠ સાથે શહેરમાં પધરાવતા.

કાકા સાહેબ પછી તેમનો ભત્રીજો વિઠ્ઠલરાવ બાલાજી અમદાવાદનો સૂબો થયો. એ ‘વિઠ્ઠુબા ભાઉ’ નામે પણ ઓળખાતો. આ સૂબો શક્તિપંથી હતો. વળી એ લોલંગર બાવાને પોતાના ગુરુ તરીકે માનતો. ખોખરામાં થયેલા નરમેધ વખતે લોલંગરને બહુ જ ખુવારી વેઠવી પડી હતી. તેથી આ સૂબાને શ્રીહરિ પ્રત્યે બહુ જ દ્વેષ હતો. તેને સમાચાર મળ્યા કે સ્વામિનારાયણ ભગવાન મોટેરા ગામે આવ્યા છે ને અમદાવાદમાં રોકાવાના છે.

એ તક જોઈ કેટલાક વામમાર્ગી ને શક્તિપંથી બ્રાહ્મણો સૂબા પાસે ગયા. એમને હવે પાકી ખાત્રી હતી કે આ વિઠ્ઠલરાવ સૂબો સ્વામિનારાયણ ભગવાનનો દ્વેષી છે એટલે ભગવાન વિરૂદ્ધ જેમ ભરાવશું તેમ માની

જશે. તેથી વાત કરી : સ્વામિનારાયણ તો વેદથી વિરૂદ્ધ પ્રવૃત્તિ કરે છે. તેમણે જેતલપુરમાં યજ્ઞ કર્યો તેમાં હિંસામય યજ્ઞ કરનારને મ્લેચ્છ સાબિત કર્યા. જો તેમની પ્રવૃત્તિ લાંબી ચાલશે તો તમારા રાજ્યમાં જરૂર અનર્થ સર્જાશે. સૂબાને આ વાત મગજમાં ઠસી ગઈ. તેણે કહ્યું : હવે તેનું કેમ કાસળ કાઢવું એ મારા હાથમાં છે.

'પણ સૂબાજી ! જોજો હોં, એમની પાસે કરડા કાઠી ને હિંમતબાજ પાર્ષદો છે.'

'એ બધી ચિંતા છોડી દો. બધું કામ હેમખેમ પાર પાડી દઈશ. જોજો આ સૂબાનો વટ !'

અમદાવાદમાં અલબેલો

મોટેરા ગામે શ્રીહરિ પધાર્યા ત્યારે અમદાવાદમાં રહેતા ભક્તોને ખબર મળતાં તેઓ વિવિધ ભેટ સામગ્રી સહિત દર્શનાર્થે દોડી આવ્યા. ફળ, મેવા, મીઠાઈ, ફૂલહાર વગેરે અર્પણ કરી ધન્યતા માણી.

બીજે દિવસે માગશર સુદ ૬ના દિને શ્રીહરિ અમદાવાદ પધાર્યા. આ વખતે પ્રાણનાથ શુક્લને ઘેર ઉતારો રાખ્યો. એ ભક્ત તો હતા જ, એ સાથે બહુ જ પ્રતિષ્ઠિત નાગરિક હતા. ખુદ સૂબો પણ તેમને કાંઈ કહી શકતો નહિ. ભગવાન પ્રત્યે દ્વેષના કારણે એ સતત એવા મનોમંથનમાં રહેતો કે, 'કેમેય કરીને સ્વામિનારાયણને પકડી લઉં અથવા કાસળ કાઢી નાખું.'

પોતેય કંઈક કરી જાણે છે એના તાનમાં એ મનમાં ફૂલાતો વિચારવા લાગ્યો : એમનું સન્માન કરવાના નિમિત્તે એમને મારે ત્યાં બોલાવીશ. માન-મરતબો દઈ એમનું દબદબાભેર સ્વાગત કરીશ. મારા સિંહાસનની બાજુમાં એમનું સિંહાસન કરાવીશ. તેલનું મોટું ટાંકું ભરીને રાખીશ. તેના પર વાંસની જૂની પાતળી ખપાટો ગોઠવીશ. તેના ઉપર એ સિંહાસન ગોઠવીશ. તેના પર ગાદી તકિયા મૂકીને એવાં સરસ બિછાનાં પાથરીશ કે ભલભલાને તેના પર બેસવાનું મન થઈ જાય.

ઉપરછલ્લો વિવેક કરી સ્વામિનારાયણને બેસાડીશ એટલે કડડભૂસ કરતું આસન ટાંકામાં ને એની કથા પૂરી ! કેવો ફક્કડ ઉપાય છે ! આવું તો આ બંદાને જ આવડે.

આવા તુચ્છ વિચાર સાથે એ મનમાં મલક્યો... દાંત ભીંસીને મનોમન હસ્યો... એના હોઠના ખૂણે થૂંકની ફીસોટી ઊપસી આવી.

પોતાના આ મલિન વિચારનો અમલ કરવા સૂબાએ સઘળી તૈયારી કરી લીધી. સેનાધિપતિ આગળ કહ્યું : આપણે સ્વામિનારાયણનું સન્માન કરવું છે, વાજતે ગાજતે દરબારમાં - ભદ્રમાં બોલાવવા છે.

'જી હજૂર' કહેતા સેનાધિપતિ પણ તૈયાર થઈ ગયા.

શ્રીહરિ એ વખતે અમદાવાદમાં જ હતા. પ્રાણનાથ શુક્લને ઘેર જ હતા. સેનાધિપતિ પ્રભુની પાસે આવ્યો. વંદન કરી કહ્યું : તમે યજ્ઞ કર્યો એ અમારા સૂબાજીને બહુ જ ગમ્યું છે, એટલે જ એ આપનું સન્માન કરવા ઈચ્છે છે. આપના માટે એમણે બગી મોકલી છે, તેમાં બેસીને પધારવાનું છે.

સૂબો દ્વેષી છે એ તો સૌ જાણતા હતા. તેના આ આદરભાવમાં જરૂર કપટ છે એવો સૌને ખ્યાલ પણ આવી ગયો. તેથી સંતો - ભક્તો ના પાડવા લાગ્યા.

પ્રભુ કહે : ધાર્યું ધણીનું થાય છે, ને ડાહ્યાનું ડહાપણ જાય છે. તમે ચિંતા ન કરો, બધાં સારાં વાનાં થશે. એમ કહેતા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. સેનાધિપતિએ ઘણો આગ્રહ કર્યો પણ શ્રીહરિ બગીમાં ન બેઠા.

કપટ પધરામણી

માગશર વદ ૭, તા. ૧૭-૧૨-૧૮૧૦, સોમવારે સૌ ભદ્રમાં આવ્યા ત્યારે સૈનિકોએ કાઠી દરબારોને રોક્યા. કહે : માત્ર મહારાજને જવાનું છે; સૂબાજીનું ફરમાન છે. સંતોને પણ અંદર જતાં રોક્યા.

ભાવ દેખાડવા સૂબો બહાર આવ્યો. દગલબાજ દોઢા નમે એમ પ્રભુને વંદન કર્યા. એની મેલી મુરાદ જોઈ શ્રીહરિ મલક્યા. એમાં

સૂબાએ મનમાં માની લીધું કે સહજાનંદને મારી ચાલબાજીની ગંધ સરખી પણ આવી નથી.

સંતોને અંદર પ્રવેશવાની ના કહી તે વખતે દેવાનંદ સ્વામી (દંડી સંન્યાસી)ને પણ રોકવા માંડ્યા. પણ એ સ્વામી એવા મજબૂત હતા કે તેમના એક જ ધક્કામાં પેલો દરવાન ગબડી પડ્યો. સ્વામી અંદર પેસી ગયા.

ભાવ દેખાડતો સૂબો કહે : આપે કૃપા કરી મારો આવાસ પાવન કર્યો. જેતલપુરમાં મહાયજ્ઞ કરી તમે હજારો લોકોમાં ધર્મશ્રદ્ધા દૃઢ કરાવી. એ પ્રતાપ જાણીને મને પણ ભાવ જાગ્યો. આપનું જાજરમાન સ્વાગત કરવા મેં એક સરસ ગાદી તૈયાર કરી છે. તે પર આપ બિરાજો ને હું આપનું પૂજન કરું. વારે વારે આવો અવસર ક્યાંથી મળે ?

'અરે સૂબાજી, અમે તો સાધુ કહેવાઈએ. અમારે આવા રાજ્યાસન પર બેસવું એ અયોગ્ય કહેવાય.'

સૂબાને તો ગમે તેમ કરીને કપટ-આસન પર શ્રીહરિને બેસાડવા હતા. વધારે ભાવ દેખાડતાં કહ્યું : તમે તો અનેકના ગુરુ છો, પૂજનીય છો, માટે આ આસન તમારા માટે યોગ્ય જ છે.



હવે શ્રીહરિએ વિચાર્યું : આ સૂબો અમથો અમથો ગલ્લાં તલ્લાં કર્યા રાખશે. એટલે કહ્યું : સૂબાજી, ગુરુની ગાદી તો સ્થિર હોય. તમારી રાજગાદી ને આ ગાદી અસ્થિર લાગે છે. જોઈએ તો ખરા.

આટલું બોલતાં શ્રીહરિએ તે આસન પર જોરથી લાકડી ખોસી કે તે આસન ઘાસના માંચડાની જેમ કડડભૂસ કરતું તૂટી પડ્યું. આ સાથે જ શ્રીહરિ બોલ્યા : આવાં અસ્થિર આસન તો તમારા જેવા રાજાઓનાં હોય છે.

સૂબો તો એવો ઝંખવાણો પડી ગયો કે તેને પૃથ્વી માર્ગ કરી દે તો અંદર પેસી જાય. એ ધ્રૂજવા લાગ્યો. સૂબાજીની બાજી બધી અવળી પડી. પોતે ફોડવા ધારેલ ફટાકડાનું સૂરસૂરિયું થઈ ગયું. દેવાનંદ સ્વામીની આંખ ફરકી, હોઠ ફફડ્યા, કાયા કંપી, રૂંવાડાં ખડાં થયાં... જાણે હમણાં જ પ્રલય કરી નાખશે.

દટ્ટણ બોલવા જતાં માત્ર દટ્ બોલવા ગયા ત્યાં જ શ્રીહરિએ તેમનું મોઢું પકડી લીધું. એ સાથે કહ્યું : તમે આમ શહેર ઊંધું વાળવાનો સંકલ્પ કરશો તો પછી મોક્ષ કોના કરશો ? દુષ્ટ જીવો દુષ્ટતા કરતા આવ્યા છે, કરતા રહે છે ને કરતા રહેવાના. તેમાંય જેને રાજ્યમદ છે તેને તો એય ભાન હોતું નથી કે ધર્મ શું છે ને અધર્મ શું છે. તેને ભગવાનની બીક તો હોતી જ નથી. મનમાં દ્વેષ જાગે એટલે જીવ લેતાં એને વાર જ ન લાગે. કોઈ ગરીબ, સંત કે બ્રાહ્મણ ઉપર તો તેને દયા હોતી જ નથી. એ બેફિકરો થઈને દૈહિક સુખ ને ભોગવિલાસમાં ચકચૂર રહે છે. સજ્જનોને પીડવાથી અંતે તેનો નરકમાં નિવાસ થાય છે.

દ્વેષી સૂબાને હવે બીજું કાંઈ બોલવા જેવું રહ્યું નહોતું. વળી પોતે ધારેલું નિશાન પાર પડ્યું નહોતું એટલે ક્રોધથી થરથર ધ્રૂજતો એ બોલ્યો : તમારે અમદાવાદમાં ક્યારેય આવવું નહિ.

‘ક્યાં સુધી ન આવીએ ?’

‘જ્યાં સુધી મારું રાજ્ય હોય ત્યાં સુધી.’

'કાંઈ વાંધો નહિ,' એટલું બોલી શ્રીહરિએ ત્રણ ચપટી વગાડી. એમાં એ સૂચન હતું કે ત્રણ મહિનામાં જ તેનું રાજ્ય ચાલ્યું જશે.

સૂબાએ બીજો હુકમ કર્યો : ઇડરીએ દરવાજે થઈને તમારે નીકળવાનું છે.

શ્રીહરિ દેવાનંદ સંન્યાસી સહિત બહાર આવ્યા. અહીં સંતો, હરિભક્તો, કાઠી દરબારો, પાર્ષદો ઊભા હતા. દેવાનંદ સ્વામીને જોઈ બધાને એ અટકળ તો થઈ જ ગઈ હતી કે કાંઈક અનિષ્ટ થયું છે. સઘળી વાત જાણતાં કાઠી દરબારો એકદમ આકરા થઈ ગયા. કહેવા લાગ્યા : હાલ ને હાલ એ સૂબાને બેહાલ કરી નાખીએ. એ દુષ્ટ એના મનમાં સમજે છે શું ?

સૌને શાંત કરતાં શ્રીહરિએ કહ્યું : સૂબો એનાં અપલક્ષણથી બેહાલ થવાનો છે. આપણે કાંઈ કલહ કરવો નથી. તેણે કહ્યું છે તે પ્રમાણે આપણે શહેરથી બહાર નીકળી જઈએ.

ભદ્રથી નીકળી શ્રીહરિ જેતલપુર જવા દક્ષિણાદે દરવાજે ગયા પણ દરવાનોએ અટકાવ્યા. આ રીતે અગિયાર દરવાજે અટકાયત થઈ. છેવટે ઇડરીયે દરવાજેથી શ્રીહરિ શહેરની બહાર નીકળ્યા.

ઈતિહાસકારો કહે છે કે આ પ્રસંગ પછી તરત જ અમદાવાદમાં ધરતીકંપ થયો હતો; તેમાં ઘણાં મકાનો પડી ગયાં હતાં. શ્રીહરિએ ભક્તોની રક્ષાને લક્ષ્યમાં લઈ તરત જ એ ધરતીકંપ બંધ કરી દીધો હતો.

સૂબાના રાજ્યનો અંત આવ્યો. ભગવાનનો અપરાધ કરવાથી થોડા જ સમય બાદ એ આંધળો થયો. વળી રક્તપિત્તનો રોગ લાગુ પડ્યો. છેવટે બહુ જ પરેશાની વેઠતો એ કમોતે મૂઓ.

શ્રીહરિ પ્રયાણ કરી રહ્યા હતા તેવામાં એક ભક્ત બરફી ભરેલી માટલી લાવ્યા. શ્રીહરિ તે જમ્યા ને ભક્તોને પ્રસાદી આપી. બાકીની પ્રસાદીરૂપે ભક્તને પાછી આપી. ત્યાંથી મોટેરા, વહેલાલ થઈ શ્રીહરિ જેતલપુર પધાર્યા.

જેતલપુરમાં બીજો મહાયજ્ઞ

પ્રારંભિક ચર્ચા વિચારણા

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે ગઢપુરમાં દર્શનદાન આપી રહ્યા હતા એ અરસામાં પ્રભુએ પોતે જ પ્રસ્તાવ મૂક્યો હતો : અમારે હજુ પણ એક યજ્ઞ કરવો છે. એ ક્યાં કરવો ? તે અંગેની ચર્ચા વિચારણા માટે સંતો-ભક્તોને બોલાવ્યા.

કયા કયા દેશમાં શાની સગવડ સારી છે તે માટે કાઠિયાવાડ, સોરઠ, હાલાર, કચ્છ, ઝાલાવાડ, દંઢાવ્ય આદિની વિચારણા કરતાં છેવટે એમ જણાયું કે જેતલપુરમાં બધી વાતે સાનુકૂળ પડશે. સંતોએ પણ આ વાતનું સમર્થન આપ્યું. પરંતુ આ અંગેના ભાવિ વિશે શ્રીહરિ સઘળું જાણતા હતા, એટલે કહ્યું : ત્યાં યજ્ઞ કરવામાં અમને ભારે જોખમ લાગે છે; કેમ જે પહેલાં જ્યારે બ્રાહ્મણો ભેગા થયા હતા તેમાં અમે વિદ્વાનો પાસે શાસ્ત્રચર્ચા કરાવી હતી. તેમાં સુજ્ઞ બ્રાહ્મણોએ સ્પષ્ટ નિવેદન કર્યું હતું કે જે હિંસામય યજ્ઞ કરે છે તે મ્લેચ્છ છે. તેથી શક્તિપંથીઓ રોષે ભરાયા છે. રાજાને કાનભંભેરણી કરવા તૈયાર થઈને જ બેઠા છે. વળી હાલમાં જે સૂબો છે એ પણ પાકો દ્વેષી છે; એટલે હાલના તબક્કે અમને તો એમ લાગે છે કે આ યજ્ઞમાં અધવચ્ચે ભંગાણ પડશે.

શ્રીહરિએ આ રીતે ચોખવટ કરી, પણ સંતો-ભક્તોને લાગ્યું કે બ્રાહ્મણો જમશે એટલે વિરોધ નહિ કરે. પોતાને મળેલા તૈયાર ભાણા ઉપર એ પથરો નહિ નાખે. પ્રભુએ જાણ્યું જે સંતો-ભક્તોનો આ દુરાગ્રહ છે. એટલે છેવટે કહ્યું : ભલે, કરો તૈયારી.

યજ્ઞ સામગ્રી તથા વિપુલ પ્રમાણમાં સીધા-સામગ્રી એકત્ર કરવા માટે શ્રીહરિએ સુરતમાં રહેલા આનંદાનંદ સ્વામીને જેતલપુર મોકલ્યા. વળી પોતાની પાસે રહેલા જયાનંદ વર્ણી, નાનાભાઈ ભટ્ટ વગેરેને પણ જેતલપુર મોકલ્યા. બીજા સંતોને દેશોદેશમાં સત્સંગ પ્રચાર માટે

મોકલતાં આદેશ આપ્યો : તમે જ્યાં જ્યાં ફરો ત્યાં એવી વાત કરજો કે, જેતલપુરમાં યજ્ઞ થશે.

શ્રીહરિના આદેશ અનુસાર નાનાભાઈએ જેતલપુરમાં આવી ગોવિંદાનંદ સ્વામીને કહ્યું : દશ હજાર મણ ઘઉં મંગાવો ને તે હિસાબે ઘી, ગોળ, ચોખા, દાળ વગેરે મંગાવો. એ જ પ્રમાણે બળતણ માટે લાકડાં, વાસણ આદિ ભેળાં કરાવો.

મોટા પાયે આયોજન થયેલું હતું એટલે આસપાસનાં ગામોમાં જે સંતો ને શ્રદ્ધાવાળા ભક્તો હતા તેમને જેતલપુર બોલાવી સઘળા કામની વહેંચણી કરી દીધી. જોતજોતામાં સામગ્રીઓના ગંજે ગંજ ખડકાવા લાગ્યા.

પ્રભુજી તો જાણતા જ હતા કે આ વખતે દ્વેષીઓ વિઘ્ન કરવાના જ છે, છતાં સંતો-ભક્તોના ઉત્સાહને ટકાવી રાખવા મૌન સેવ્યું.

સંવત ૧૮૬૭ ના પોષ વદ પંચમીથી યજ્ઞનો આરંભ કરવાનો હતો તેને થોડા દિવસની વાર હતી. ઉમરેઠના નંદુભાઈ ઠાકરે પ્રભુને પોતાને ત્યાં પધારવા પ્રાર્થના કરી. તેનો સ્વીકાર કરી પ્રભુજી ઉમરેઠ પધાર્યા.

શ્રીહરિનાં બે સ્વરૂપે દર્શન

શ્રીહરિએ પ્રેમી ભક્ત નંદુભાઈ ઠાકરને ઘેર ઉતારો કર્યો. તેમણે પરમ ઉલ્લાસપૂર્વક બારસો રૂપિયા ભગવાનના ચરણે ધરી આરતી ઉતારી. શ્રીહરિનાં દર્શન કરવા નરભેરામ દવે, રૂપરામભાઈ, જમનાબાઈ વગેરે ભક્તો આવ્યા હતા.

અહીંનાં વિપ્ર જમનાબાઈએ ભગવાનને પ્રાર્થના કરી : આપ દયા કરી મારે ઘેર જમવા પધારજો. ભગવાને તેમને હા કહી. સેવાની સારી તક જોઈ બાઈએ અત્યંત ઉમંગથી વિવિધ પ્રકારની વાનગી બનાવી. પણસોરાના પાટીદાર નાગરદાસે ભગવાનને પોતાને ઘેર થાળ જમવા પ્રાર્થના કરી ત્યારે તેમને પણ હા પાડી. બીજે દિવસે સવારે શ્રીહરિ પણસોરા પધાર્યા. નાગરદાસ ભક્તે વિપ્ર પાસે થાળ કરાવ્યો હતો.

આ તરફ જમનાબાઈને જ્યારે ખબર પડી કે ભગવાન તો પણસોરા પધારી ગયા છે. એટલે તે રડવા લાગ્યાં. તેમણે પ્રતિજ્ઞા કરી કે, ભગવાન પાછા આવીને મારે ઘેર થાળ જમશે તો જ હું જમીશ, નહીં તો અનશન વ્રત લઈ દેહ પાડી દઈશ. તેમને ધીરજ આપતા નરભેરામ બોલ્યા : તમે ચિંતા કરશો નહિ. અમે ભગવાનને તેડી લાવીએ છીએ.

નરભેરામ અને અન્ય બે ત્રણ હરિભક્તો પણસોરા આવ્યા. શ્રીહરિને વાત જણાવી. એટલે ભગવાન ઉમરેઠ જવા તૈયાર થયા. સ્થાનિક ભક્તોએ પ્રાર્થના કરી : દયાળુ, અહીં પણ થાળ તૈયાર છે. શ્રીહરિ મર્માળું હાસ્ય કરતાં બોલ્યા : અહીં પણ અમે જમશું. એમ કહી ઉમરેઠ જવા નીકળી ગયા.

પણસોરાના હરિભક્તો ભગવાનને વળાવીને ગામમાં ગયા, તો ત્યાં પણ ભગવાનનાં દર્શન થયાં. કંઠમાં હાર ધારણ કર્યો છે. થાળ જમી રહ્યા છે. તેમને આશ્ચર્ય થયું કે આ શું ?! તેમણે એક હરિભક્તને ઉમરેઠ મોકલ્યો. શ્રીહરિ ઉમરેઠમાં પણ હતા. જમનાબાઈને ત્યાં થાળ આરોગી તેમનો ભાવ પૂરો કરી રહ્યા હતા. થાળ જમ્યા બાદ પ્રભુજી હરિભક્તોને ઘેર પધરામણીએ પણ પધાર્યા ! ઉમરેઠમાં શું ચાલી રહ્યું છે તે જોવા પણસોરાનો હરિભક્ત આવ્યો. તેણે શ્રીહરિને અહીં પણ જોયા. આશ્ચર્ય સાથે ઉમરેઠના હરિભક્તોને સવિસ્તર વાત કહી. આ વાતની ખાત્રી કરવા નંદુભાઈ ઠાકરે કેટલાક હરિભક્તોને તરત જ પણસોરા મોકલ્યા. એ હરિભક્તોને પણસોરામાં પણ ભગવાનનાં દર્શન થયાં. જેમ આખા-પીપલાણામાં ભક્તોને લાભ આપ્યો હતો તેમ ભગવાને અહીં પણ ભક્તોને ન્યાલ કર્યા. આ દિવ્ય લીલા દ્વારા હરિભક્તોને અપાર આનંદ આપી શ્રીહરિ ડડુસર પધાર્યા. અહીં ગલુજીના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ કઠલાલ પધાર્યા.

કઠલાલનાં કશળબા

અહીં ભગવાનનાં એકાંતિક ભક્ત કશળબા રહેતાં હતાં. એમને

કેટલાય સમયથી ઈચ્છા હતી કે કઠલાલ ગામ તો વ્યસન, વહેમ વગેરેમાં ગળાડૂબ છે. એ બધાને મારે સદાચારી ને સુખી બનાવવા છે. એમના દિલમાં પરિવર્તન આવે તે માટે કશળબાઈએ ઉપાય શોધી કાઢ્યો કે, ગામના કૂવામાં ભગવાનનું ચરણામૃત રેડું. એ પ્રસાદીમય જળ જે પીએ તેની બુદ્ધિ નિર્મળ થાય ને મોક્ષના માર્ગે ચાલે.

એક દિવસ એવો સુયોગ બની ગયો. કશળબા ગામના કૂવે પાણી ભરવાની તૈયારી કરી રહ્યાં હતાં એ જ સમયે સ્વામિનારાયણ ભગવાન ત્યાંથી પસાર થયા.

જાણે ડોશીમાનો સંકલ્પ પૂરો કરવા ત્યાં પધાર્યા હોય એવો સુયોગ સર્જાઈ ગયો. ડોશીમાને પોતાનો સંકલ્પ યાદ આવી ગયો. એમણે ઝટપટ ઘડો કૂવામાં નાખ્યો ને બહાર કાઢ્યો. ત્યાં સુધીમાં શ્રીહરિ થોડે દૂર સુધી પહોંચી ગયા. પરંતુ ડોશીમા હિંમત રાખી પાછળ પાછળ દોડતાં દોડતાં કહેવા લાગ્યાં : હે ભગવાન, ઊભા રહો, ઊભા રહો... છેલ્લા અસવારે તે બૂમો સાંભળી પાછળ જોયું તો બેડલું માથે લઈને ડોશીમા દોડતાં આવતાં હતાં.

અસવારે પ્રભુને વાત કરી. શ્રીહરિ ત્યાં જ ઊભા રહ્યા. ડોશીમા આવી પહોંચ્યાં. એમને પ્રભુએ પૂછ્યું : માજી, આમ બેડું લઈને દોડ્યાં આવો છો, તે શું તમારે અમને પાણી પાવું છે ?

'ના મહારાજ, મારે તો તમારું બીજું કામ છે. અમારા ગામના લોકોનું કલ્યાણ કરવું છે.'

'જો તેઓ વર્તમાન ધારીને આશ્રય કરશે તો કલ્યાણ થાશે.'

'પણ મહારાજ, એ બધાય અવળી બુદ્ધિના છે. બુદ્ધિ સારી થાય તો કાંઈક સવળું સૂઝે ને ?'

'એમની બુદ્ધિ સારી થાય પછી વાત.'

'મહારાજ, એમની બુદ્ધિ સારી થાય એટલા માટે જ હું આપની પાસે કંઈક માંગણી કરવા આવી છું.'

'એવી તે વળી શી માંગણી છે ?'

ડોશીમાએ જળ ભરેલો ઘડો પ્રભુના ચરણ આગળ મૂક્યો ને પ્રાર્થના કરી : પ્રભુ ! આમાં આપનો ચરણ અંગૂઠો બોળો. શ્રીહરિએ મોજડી કાઢીને ચરણનો અંગૂઠો બોળ્યો.

બાઈની ભાવના કેવી ઉત્કટ છે તેની જાણ ભક્તોને થાય તે આવશ્યક હતું. એટલે જ શ્રીહરિએ પૂછ્યું : બાઈ ! આ પાણીનું તમે શું કરશો ?

'મહારાજ ! આપશ્રીનું ચરણામૃત હું પીશ.'

'બાકીના પાણીનું શું કરશો ?'

'દયાળુ ! આ ગામનો કૂવો છે એમાં આ પાણી રેડી દઈશ, એટલે આખા કૂવાનું પાણી પ્રસાદીનું થઈ જશે. એ પાણીને જે પીશે તે સત્સંગી થશે. હાલમાં તો આપ નથી રોકાતા, પણ ભવિષ્યમાં જે સત્સંગી થશે તેમના પ્રેમને વશ થઈને આપને આ ગામમાં આવવું જ પડશે.'

'પણ બાઈ ! તમે શાથી જાણ્યું જે લોકો સત્સંગી થશે ?'

'મહારાજ ! જેને આપનો સ્પર્શ થાય, દર્શન થાય તેમજ કોઈપણ રીતે સંબંધમાં આવે તે સત્સંગી થાય છે, તેમ આપની આ પ્રસાદીરૂપ ચરણામૃત જે પીએ તે સત્સંગી કેમ ન થાય ?'

બાઈની અલૌકિક મહિમાદૃષ્ટિ જોઈ ભક્તો માંહોમાંહી વાત કરવા લાગ્યા કે, ભગવાનની સાથે ફરીએ છીએ પણ આ બાઈના જેવો મહિમા સમજી શક્યા નથી. શ્રીહરિ ત્યાંથી વિદાય થયા પછી બાઈએ એ પ્રસાદીનું જળ ગામના કૂવામાં રેડ્યું. કશળબાના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ જેતલપુર પધાર્યા. કશળબાએ કૂવામાં રેડેલા પ્રસાદીના જળપાનથી કેટલાય લોકો સત્સંગી બન્યા.

ભક્તો પ્રત્યે પ્રભુની આત્મીયતા

યજ્ઞની જાહેરાત ગામેગામ થઈ ગઈ હતી એટલે હજારોની સંખ્યામાં ભક્તો ઊમટી પડ્યા હતા. એ જ રીતે ભરપેટ પકવાનની મિજબાની

માણવા માટે હજારો બ્રાહ્મણો પણ ઊમટી પડ્યા હતા. ભક્તો ભગવાનનું પૂજન કરવા વિવિધ સામગ્રી લાવેલા હતા. તેમના ભાવને પોષવા શ્રીહરિ તે તે વસ્તુ અંગીકાર કરી પ્રસન્નતા દર્શાવતા હતા.

પૂજે જન જીવનને મળી રે, લાવે પૂજા વિધ્યે વિધ્યે વળી રે;
ચર્ચી ચંદન હાર પહેરાવે રે, ગૂંથી ગજરા તોરા ધરાવે રે ॥૨૬॥
કરે પુષ્પના કંકણ કાજુ રે, બાંધે બેરખા સુંદર બાજુ રે;
કરે ફૂલનો ફેંટો પછેડી રે, વળી જમાડે ઉતારે તેડી રે ॥૨૭॥
દિયે દર્શન એવાના એવા રે, જગજીવન છે જોયા જેવા રે;
એમ કરે છે લીલા અપાર રે, નીર્ખી સુખ લિયે નરનાર રે ॥૨૮॥

(ભક્તચિંતામણિ પ્રકરણ ૬૧)

ભક્તોની ખબર પૂછવા શ્રીહરિ ભક્તોના ઉતારે જાય. સેવા અંગીકાર કરે. એ સાથે પરસ્પર સ્નેહ સંપ રાખવાની ભલામણ કરે. એવી મધુરતાથી વાત કરે કે ભક્તો દૂર દૂરથી આવેલા હોય તે પોતાના થાકને ભૂલી જાય. કોઈ ભક્તોને અણબનાવ છે એવું સ્હેજ પણ ધ્યાનમાં આવે તો ટકોર પણ કરે કે કલેશ-કંકાસ થાય ત્યાંથી ભગવાન દૂર જતા રહે છે. ભગવાનની મીઠી ટકોરથી ભક્તો ચેતી જાય ને સેવામાં એવા સાવધાન થઈ જાય કે વિવાહ અવસરના ઉત્સાહથીય બમણા ઉત્સાહે સેવામાં પરોવાઈ જાય.

યજ્ઞમંડપની જાહોજલાલી

બાદશાહી રંગમહોલ અને જેતલપુર ગામ વચ્ચે વડની છાયાવાળો ચોક હતો. તે વડની પાસે જ એક અદ્‌ભુત યજ્ઞમંડપ કરાવ્યો હતો. યજ્ઞવિધિ માટે કુશળ વિપ્રોને સઘળી જવાબદારી સોંપવામાં આવી હતી. ઉમરેઠના હરિભાઈ શુકલ, શીવા જાની, શંભુરામ શુક્લ, અમદાવાદના હિંમતરામ નાગર, હરિભાઈ નાગર વગેરે વેદજ્ઞ વિપ્રો ગામોગામથી હરખભેર આવ્યા હતા.

યજ્ઞમાં ઘી હોમવા માટે તાંબાનાં પરનાળાં કરાવ્યાં હતાં. તેને

ચારે દિશામાં ગોઠવવામાં આવ્યાં હતાં. યજ્ઞમંડપ પર સુવર્ણનો કળશ હતો. યજ્ઞકુંડ, મંડપ, વેદિકા વગેરેની ગોઠવણી એવી અદ્ભુત રીતે કરવામાં આવી હતી કે જોનારાની દૃષ્ટિ ત્યાં જ સ્થિર થઈ જાય. યજ્ઞમાં હોમવા માટે ઘી એટલું બધું આવ્યું હતું કે મોટા રાજા પણ તે જોઈને ધીરજ ગુમાવી બેસે. શ્રીહરિને તો એવું જ તાન હતું કે યજ્ઞમાં જે કોઈ આવે તેનો મોક્ષ કરવો. અહિંસામય યજ્ઞમાં સાત્વિક ભોજન જમે તો હિંસામય યજ્ઞમાં માનનારા વિપ્રોના હૈયે સાત્ત્વિકતા વસે, તેઓ સદ્વિચાર પરાયણ બને.

દ્વેષી બ્રાહ્મણોની વિપરીત મતિ

સંવત ૧૮૬૭, પોષ વદ પાંચમ, તા. ૧૫-૧-૧૮૧૧, મંગળવારથી જેતલપુરમાં બીજા મહાયજ્ઞનો મંગલ આરંભ થયો. આખું જેતલપુર ગામ ભક્તિના નિનાદથી ગાજવા લાગ્યું. પરંતુ શક્તિ ઉપાસકો ને વામમાર્ગીથી સ્વામિનારાયણ ભગવાનનો આ ઉત્કર્ષ દેખી ખમાયો નહિ. માંહોમાંહી ભેળા થઈને અમદાવાદના સૂબાને જ ઉશ્કેરવાનો ઠરાવ કર્યો.

સૂબા પાસે જઈ વાત કરી : તમે અહીંના રાજા છો, છતાંય તમને પૂછ્યા વિના સ્વામિનારાયણે યજ્ઞ શરૂ કર્યો છે. તમને પૂછ્યા વિના જે કાંઈ પ્રવૃત્તિ થાય તેને અમે ઉદ્ધતાઈ કહીએ છીએ. અમે તો દરેકને પ્રમાણભૂત વાત કરીએ છીએ. જ્યારે પહેલો યજ્ઞ કર્યો હતો ત્યારે તમારા પિતાનું મૃત્યુ થયું હતું અને હવે આ યજ્ઞ કરે છે તેમાં તમારું મૃત્યુ નક્કી છે. જો તેમાંથી ઊગરવું હોય તો એક જ ઉપાય છે કે તે યજ્ઞ બંધ કરાવો.

જે દિનો એ જગન થાય છે રે, તે દિનો રાજ તેજ જાય છે રે;
એને જજ્ઞે મૂઓ તાત તારો રે, હવે આવ્યો છે તમારો વારો રે ॥૩૦॥
માટે જીવવું હોય રાજન રે, તો ન કરવા દિયો જગન રે;
સુણી આવી નરેશને આંધી રે, કહે જાઓ લાઓ એને બાંધી રે ॥૩૧॥

(ભક્તચિંતામણિ પ્રકરણ ૬૧)

આ સંવાદ ચાલતો હતો તે વખતે 'બચ્ચા જમાદાર' નામથી ઓળખાતા એક મુસલમાન અધિકારી હાજર હતા. એ સમજુ હતા. તેમણે કહ્યું : સ્વામિનારાયણ અહીં આવ્યા હતા ત્યારે મેં તેમને જોયા છે. એમના પ્રતાપની સારી રીતે ખબર છે. આમ તો અમે હિંદુને માનીએ નહિ એવી અમારી જાતિ છે, પણ હિંદુઓમાં સ્વામિનારાયણના જેવા પ્રતાપી મેં બીજા કોઈ જોયા નથી. અત્યારે આ સ્વામિનારાયણ સર્વોપરી છે. એમના પ્રતાપની જેમને ખબર નથી એ બધા અબુધ લોકો તેમની નિંદા કરે છે. લોકો તેમને જેવા જાણશે તેવું તેમને ફળ મળશે. એ તો કલ્પવૃક્ષ જેવા છે. જેનાં સદ્‌ભાગ્ય જાગે છે તે તેમને સત્કારે છે.

બચ્ચા જમાદારે આટલું સ્પષ્ટ કહ્યું; છતાં ટૂંકી મતિના વિઠ્ઠલરાવ સૂબાએ તે વાતને ન ગણકારી. તેનું કારણ સ્પષ્ટ હતું કે એ સૂબો પોતે શક્તિપંથી હતો એટલે સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે તેને દ્વેષ હતો. વળી થોડા જ સમય પહેલાં તેણે યોજેલી કપટ પધરામણીની ચાલબાજી નિષ્ફળ ગઈ હતી. તેથી એ વધારે ધૂંધવાયો હતો. તેણે તરત જ ફોજને આદેશ આપ્યો : જલ્દી જાઓ જેતલપુર. સ્વામિનારાયણનો યજ્ઞ છિન્ન ભિન્ન કરી નાખો; એટલું જ નહિ સ્વામિનારાયણને પકડીને મારી આગળ હાજર કરો.

ચતુરવર પધાર્યા ચલોડા

અમદાવાદના સૂબાની મેલી મુરાદ અંતર્યામી શ્રીહરિથી અજાણી નહોતી. જો ભક્તો આગળ સૂબાની વાત કરે તો લોકોમાં ઉશ્કેરાટ વધી જાય તેમ હતું. એટલે જ જણાવવાનું યોગ્ય ન લાગ્યું. એવામાં જ ચલોડા ગામથી ખબર આવ્યા કે જીતબાઈ બહુ જ માંદાં છે. આપનાં દર્શન માટે એ ઝંખી રહ્યાં છે.

ભગવાને પણ નિર્ણય કરી લીધો કે આ નિમિત્ત બહુ સારું છે. તરત ભક્તો આગળ વાત કરી : માંદાની ખબર કાઢવી જોઈએ. અમે હાલમાં ત્યાં જઈને તરત પરત આવી જઈશું.

પ્રભુ જેતલપુર પધાર્યા ત્યારથી પાંચમી રાત હતી. ગામના મુખી પાટીદારોને બોલાવીને પ્રભુએ કહ્યું : સીધું સામાન ઘણું છે. જે આવે તેને જમાડજો.

વળી આનંદાનંદ સ્વામી અને ગોવિંદાનંદ સ્વામીને આદેશ આપ્યો : સરકારી સિવાયના કોઈ માણસ જોરાવરથી સામાન લૂંટવા આવે તો આપણી પાસે સરબંદી પાર્ષદો તૈયાર છે.

કદાચ કોઈ સરકારી માણસ આવે ને એ ગાળ દઈને બોલાવે તો પણ તમારે તે સહન કરી લેવું. એ કદાચ સામાન લૂંટે તો લૂંટવા દેજો, પણ તેમની સામે કોઈ કડવું વેણ ન બોલજો, એમાં છેવટે તમારો જ વિજય છે.

સંતોના ઉતારા ફૂલવાડીમાં બોરસલીના ઝાડ તળે હતા. તેમને કહ્યું : આ લોકમાં જેની મોટામાં મોટી ભીતિ છે એવા દ્રવ્યનો તમને ત્યાગ કરાવી દીધો છે એટલે તમે નિર્ભય છો.

આ રીતે બધાને ભલામણ કરી શ્રીહરિ રાતોરાત ચલોડા જવા અશ્વારૂઢ થયા. પશ્ચિમ દિશા તરફ ગતિ કરતા સાબરમતી નદી સુધી પહોંચ્યા ત્યારે રાત બે ઘડી બાકી હતી. ત્યાં નદીમાં સ્નાન કરી દિવસ ઊગતાં ચલોડા પહોંચી ગયા.

ગામમાં ખબર મળ્યા કે પ્રભુ પધાર્યા છે; ત્યાં જ ભક્તોના હૈયાનો સાગર હિલોળે ચડ્યો. પ્યારા પ્રીતમને ઉમંગભેર ગામમાં પધરાવ્યા. ઢોલ, તાસાં વગેરેના નિનાદથી આખું ચલોડા ગામ ગાજી ઊઠ્યું. ગામના લોકોએ રસ્તાની બંને બાજુ ઊભા રહી પરમ આદર સહ વંદન કર્યા.

શ્રીહરિ જેમના નિમિત્તે પધાર્યા હતા એવાં જીતબાઈને ઘેર સર્વપ્રથમ પધાર્યા. બાઈને તો કલ્પના જ નહોતી કે ભગવાન આમ પધારશે. પ્યારા પ્રીતમનાં દર્શન થતાં જ એ બાઈ ગદ્‌ગદ થઈ ગયાં. એમનું હૈયું આલાપી ઊઠ્યું : અરે પ્રભુ ! આપે મારા માટે આટલું બધું કષ્ટ વેઠ્યું ! રાતોરાત પ્રવાસ ખેડ્યો ! નિદ્રા પણ ન લીધી !

જીતબાને ભગવાને અભયના આશિષ આપ્યા. એ સાથે ભક્તોના મનોરથો પૂર્ણ કરવા ચલોડામાં જ રોકાયા. ભક્તોએ પણ ઉમંગથી સેવા કરી. મૂળજી બ્રહ્મચારીએ શ્રીહરિ માટે સાકરનો શીરો, મેંદાની પુરી ઉપરાંત સુરણ અને રતાળું તળીને તેનું શાક બનાવ્યું. દહીંવડાં ને કેળાનાં ભજીયાં સાથે દાળ ને ભાત તો ખરાં જ. બહુ જ ભાવથી પ્રભુજીને જમાડ્યા.

પ્રભુની સાથે આવેલા હરિભક્તો માટે અહીંના ભક્તોએ ભોજન તો બનાવ્યાં જ; એ સાથે સરસ કેળા ને સફેદ શેરડી પણ આપી.

ફોજના ભૂંડા હાલ

પેશ્વા સૂબાનો હુકમ છૂટતાં તેની ફોજ વહેલી સવારે અમદાવાદથી નીકળી. સવારના નવ વાગતાં જેતલપુર આવી પહોંચી. સૌથી પ્રથમ યજ્ઞમંડપમાં ગયા. કેટલાકે આખા ગામને ને કોટને ઘેરો ઘાલ્યો. ઘેરો ઘાલવાનું પ્રયોજન એ જ હતું કે ભગવાનને પકડી લેવા. વહેલી તકે કામ પાર પડે તે માટે કેટલાક ગામની અંદર પેઠા.

ગામના મુખી પાટીદારને ધમકાવતાં કહ્યું : સ્વામિનારાયણ ક્યાં છે ? અમને જલ્દી દેખાડો. સરકારની રજા લીધા વિના એ અહીં શા માટે યજ્ઞ કરે છે ? હવે જો એ રજા લીધા વિના યજ્ઞ કરશે તો દંડ તમારે ભરવો પડશે. અમને જલ્દી બતાવો કે એ ક્યાં સંતાઈ ગયા છે ?

મુખી કહે : સ્વામિનારાયણ તો આજે રાતે જ ચાલ્યા ગયા છે. ક્યાં ગયા છે તેની કોઈને ખબર નથી. સરકારનો અપરાધ થાય એવું એમણે કાંઈ કર્યું જ નથી. બ્રાહ્મણોને જમાડવામાં ને યજ્ઞ દ્વારા દેવોને તૃપ્ત કરવામાં તમે અપરાધ ગણતા હો, તો હવે એ યજ્ઞ નહિ કરે.

ફોજ સંતોના ઉતારે આવી. સંતોમાં કોઈ ધ્યાન કરતા હતા તો કોઈ ગ્રંથ વાંચન કરતા હતા. તેમની પાસે હોકો ચલમ માગ્યાં. ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું : અમે એવાં વ્યસનમાત્રનો ત્યાગ કર્યો છે. ફોજે પણ જોયું કે અહીં લૂંટવા જેવું કાંઈ નથી. તેમને મુક્તાનંદ

સ્વામીએ આદરપૂર્વક કહ્યું : સવારથી આવેલા છો. ભૂખ્યા થયેલા હશો. તો જમી લ્યોને.

જુલમ ગુજારવા આવેલા સૈનિકોને ભૂખ તો બરાબર લાગી હતી. પણ જો જમે તો ભૂંડા લાગે. તેથી જમ્યા વિના ચાલી નીકળ્યા.

શ્રીહરિનો ક્યાંય પત્તો ન લાગ્યો. એટલે સૈનિકોને થયું કે એ કોટમાં સંતાઈ ગયા હશે. અંધારિયા ભાગમાં એ આમતેમ લાકડી ઘુમાવવા લાગ્યા તેમાં કોઈ મધમાં લાકડી અથડાઈ.ત્યાં જ તેમાં રહેલી મધમાખી છંછેડાઈ. આ તો ભમરિયું મધ -પીળી મધમાખી. એ તો બહુ જ ડંખીલી; તે ઊડી. એ સૈનિકોને એવી વાંસે થઈ કે તેનાથી બચવા સૈનિકોને દોટ મૂકવી પડી. છતાંય તેનો પીછો ન છોડ્યો. તેમાં કેટલાક તો એવા લપેટમાં લેવાઈ ગયા કે મધમાખીના કરડવાથી તેના ઓયકારા નીકળી ગયા. મધમાખીથી બચવાનો એક જ ઉપાય હતો કે બસ દોડ્યે જ રાખો, અથવા તો કોઈ તળાવ મળે ત્યાં ડૂબકી મારો. દોડતાં દોડતાં સૈનિકો લોથપોથ થઈ ગયા. ઠેઠ ચંડોળા તળાવે પહોંચ્યા ત્યારે તેમાં ડૂબકી તો મારી, પણ આ મધમાખી કાંઈ છોડે ? પાણી ઉપર જ ચક્રાવા લેવા માંડી. સૈનિકો ઝાઝીવાર સુધી પાણીમાં પણ શી રીતે રહી શકે ? જેવો કોઈ મોઢું બહાર કાઢે કે તરત જ ચટકો મારે. પ્રભુને પરેશાન કરવા આવેલા સૈનિકો જ પરેશાન થઈ ગયા. એ માંડ માંડ અમદાવાદ ભેગા થયા. સૂબાનો મનસૂબો ધૂળમાં મળી ગયો.

સૂબા પાસે સૈન્યનું નિવેદન

સૈનિકો સૂબા પાસે ગયા ને કહ્યું : અમે યજ્ઞ બંધ કરાવી દીધો છે.

'પણ સ્વામિનારાયણ ક્યાં છે ? એમને કેમ પકડી ન લાવ્યા ?'

'સાહેબ ! એ તો જેતલપુરમાં હતા જ નહિ. અમે ઘણી તપાસ કરી. તોય ન મળ્યા એટલે વિચાર્યું કે કોટમાં સંતાઈ ગયા હશે; એ તપાસવામાં અમારા ભૂંડા હાલ થઈ ગયા.

બીજો સૈનિક કહે : એ લોકોનો વિવેક દાદ માંગી લે એવો હતો.

અમે એમની આગળ જેમ તેમ બોલ્યા તોય તે સાંભળી રહ્યા, એટલું જ નહિ અમને લાડુ જમાડવા માટે આગ્રહ કર્યો; પણ જો અમે જમીએ તો તો શ્વાન જેવા લાગીએ, નકટા લાગીએ. એવું સમજીને જમ્યા નહિ. ત્યાં હજારો લોકો જમતા હતા. લાડુના તો ત્યાં પર્વત જેવા ઢગલા પડ્યા હતા. ભૂખ્યા - દુઃખિયા જે કોઈ આવે તેને બધાને જમાડતા હતા. તળાવના કિનારે કોટ છે તે ઘી, ગોળ, લોટ વગેરેથી ભરેલો હતો. ચોખા, દાળના પણ મોટા કોઠાર ભરેલા હતા.

આ બધો ઉત્કર્ષ સાંભળીને સૂબો મનોમન સમસમી રહ્યો. વિચારવા લાગ્યો : સ્વામિનારાયણને આટલા બધા પૈસા આપે છે કોણ ? પણ એ બિચારાને ક્યાં ખબર હતી કે આ તો અનંત કોટી બ્રહ્માંડોના રાજાધિરાજ છે. એ તો જે ધારે તે કરી શકે.

ખેડામાં અંગ્રેજી અમલદારો સાથે મિલન

ચલોડાથી શ્રીહરિ જેતલપુર પધાર્યા. સંતોના ઉદાસ ચહેરા જોઈ અજાણ્યા થઈ પૂછવા લાગ્યા : અરે સંતો ! તમને કોણે દુઃખ દીધું ? સંતોએ સૈન્યની સઘળી વાત કરી.

પ્રભુ કહે : અમે તો એમ વિચાર્યું હતું કે વર્ષોવર્ષ એક યજ્ઞ કરવો ને વિપ્રોને છ માસ સુધી જમાડવા, પણ ઈર્ષાના માર્યા દ્વેષીઓએ પોતાનુંય બગાડ્યું ને સારા વિપ્રોનુંય બગાડ્યું.

મોટેરા સંતો તેમજ હરિભક્તોને બોલાવી પ્રભુએ કહ્યું : તમે વાસણ વગેરે જ્યાંથી લાવ્યા છો તે તેમને પાછાં સોંપી દો. અહીં જે ભક્તો ને વિપ્રો છે તે બધાને ભાવથી જમાડજો. અમે ખેડા જઈ અંગ્રેજ અમલદારો સાથે વાતચીત કરીશું. જે કાંઈ વિગત હશે તે જણાવશું.

ખેડા જવા શ્રીહરિ તૈયાર થયા તે વખતે કાઠી દરબારો અશ્વ સહિત તૈયાર થઈને આવી ગયા. સંતોને ખબર પડી એટલે સંતો પણ આવી ગયા. હજારો ભક્તોની ભારે ભીડ થઈ. થોડે આગળ જતાં શ્રીહરિ ફકીરની જગા પાસે ઊભા રહ્યા. ફકીરને પ્રભુને વિશે આદરભાવ

હતો. તેણે નજીક આવીને પ્રભુનાં દર્શન કર્યાં. સંતો-ભક્તોનાં વર્તન દેખીને ફકીરે નક્કી કરી લીધું હતું કે બીજા ધર્મો ઘણા છે પણ તે સ્વામિનારાયણ સંપ્રદાયની તોલે આવી શકે તેમ નથી.

જેતલપુરથી શ્રીહરિ વિદાય થયા ત્યારથી માંડીને જ્યાં સુધી પ્રભુનાં દર્શન થયાં ત્યાં સુધી સહુએ એકીટસે દર્શન કર્યાં. ખેડા પહોંચી શ્રીહરિએ વાત્રક નદીના નિર્મળ નીરમાં સ્નાન કર્યું.

શ્રીહરિને ખ્યાલ હતો કે અંગ્રેજ અમલદારો ખેડામાં જ છે. તેઓને ભગવાનના આગમનના સમાચાર આપવા ભવાનસિંહ ચોંપદારને મોકલ્યા હતા.

ખેડાનગરના પ્રવેશ દ્વાર પાસે પહોંચ્યા તે વખતે દર્શનાર્થે એ. કે. હેરન (એરણ) સાહેબ, ડન્લોપ સાહેબ, રોલ સાહેબ, વોકર સાહેબ અને ડગલી (ડગ્લાસ) સાહેબ સ્વાગત માટે તૈયાર ઊભા હતા. એ બધાએ ટોપી ઉતારી પ્રભુને પ્રણામ કર્યા. પ્રભુ પણ અશ્વ પરથી ઊતરી તેમને મળ્યા. ભગવાન પ્રત્યે સાહેબોનો ભાવ જોઈ પ્રજાજનો આશ્ચર્ય પામ્યા. કારણ એ જ હતું કે આ અંગ્રેજ અમલદારોએ શ્રીહરિનો



પ્રભાવ જોયો હતો. આમ તો આવા આદર સાથે કોઈ મોટા રાજાને પણ મળતા નહિ, પરંતુ આજે સ્વામિનારાયણ ભગવાનને પ્રેમથી ભેટ્યા ને પુષ્પહાર પહેરાવ્યો.

શ્રી સ્વામિનારાયણ ભગવાન ખેડા પધારી રહ્યા છે એ સમાચાર મળતાં તેમને અપાર આનંદ થયો હતો. તેઓ પરસ્પર કહેતા હતા કે જેમને મળવા માટે આપણે સહુ આતુર છીએ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન સામે ચાલીને આવી રહ્યા છે ત્યારે પૂરા ભાવથી આપણે એમનું સન્માન કરવું છે. એ પ્રજાજનોને નીતિમય જીવન જીવવાનો બોધ આપે છે. એમના સંપર્કમાં જે કોઈ આવે છે તે ગમે તેવા ક્રૂર, ઘાતકી કે લૂંટારા હોય છે તે બધા દુર્ગુણોનો ત્યાગ કરીને નીતિમય જીવન જીવનારા બની જાય છે.

આવી શુભ ભાવનાથી તેઓ વિલાયતી બેન્ડ લઈને આવ્યા હતા. ખેડા નગરમાં ઠેર ઠેર પાણીનો છંટકાવ કરી રાખ્યો હતો. વાજતે ગાજતે શ્રીહરિને નગરમાં પધરાવી પોતાની કચેરીમાં લઈ ગયા. એક સરસ નકશીદાર ખુરશી પર શ્રીહરિને બિરાજમાન કરી એ ચારે સાહેબો શ્રીહરિની સન્મુખ બેઠા.

પોતાના અંતરની ખુશી પ્રગટ કરતાં કહ્યું : અમારા લાયક કાંઈ કામ હોય તો વિના સંકોચે કહેજો. અમે જાણીએ છીએ કે જે લોકોએ આપનો સત્સંગ સ્વીકાર્યો છે તે બધાએ અનીતિ છોડી દીધી છે. એ જ પુરવાર કરી આપે છે કે, તમે જ સાચા ધર્મગુરુ છો. અમે ભારતનાં બીજાં કેટલાંય તીર્થોમાં ફર્યા છીએ પણ તમારે ત્યાં શુદ્ધ વર્તન છે તેવું ક્યાંય જોવા-જાણવા મળ્યું નથી.

ભગવાન કહે : અમે જેતલપુરમાં યજ્ઞનો આરંભ કર્યો, પરંતુ અમદાવાદના સૂબાએ દ્વેષથી પ્રેરાઈને યજ્ઞ બંધ કરવાનું ફરમાન કર્યું છે. તેથી યજ્ઞ બંધ કરીને અમે ડભાણ જઈએ છીએ.

અમલદારો કહે : જેતલપુર અમારા કબજામાં નથી. જો ખેડામાં યજ્ઞ કરવાનો હોય તો ખુશીથી કરો. તમારો સામાન અહીં લાવવા માટે

ગાડાં વગેરે વાહનની વ્યવસ્થા પણ અમે કરી આપીશું. અમે જાણીએ છીએ કે જેઓ તમારા દાસ થયા છે તે બધા સજ્જનો બની ગયા છે. કાઠી જેવી ક્રૂર જાતિને અમે વશ ન કરી શક્યા, તેને આપે વશ કરી છે એ જ અમારે મન મોટા આશ્ચર્યની ઘટના બની ગઈ છે.

આ રીતે બપોરના ત્રણ વાગ્યા સુધી મુલાકાત ચાલી. અત્રે ગર્ભશ્રીમંત ધનેશ્વર પંડિતે શ્રીહરિ માટે રસોઈ કરાવી હતી. તેમનો ભાવ જોઈ શ્રીહરિ જમ્યા ને પાર્ષદોને પણ જમાડ્યા.

કાળના કાળની અકળ કળા

શ્રીહરિની લીલા પણ કેવી અકળ છે ? જે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છે, જેમનાથી કાળ પણ થરથર કંપે છે તે ભગવાન આજે અસમર્થપણું દર્શાવે છે કે પોતે યજ્ઞ કરી શકે તેમ નથી.

શ્રીહરિ ખેડાથી નીકળી ડભાણ પધાર્યા. રાયજી કુબેરજીની મેડી પર ઉતારો કર્યો. તે વખતે શ્રીહરિએ મૂળજી શેઠ પાસે જેતલપુર પત્ર લખાવ્યો કે, આપણે આ વખતે મહારુદ્ર કરવો નથી. હરિભક્તોને વસંતોત્સવ કરવા ડભાણ મોકલજો. જે સામાન તૈયાર કર્યો છે તે બ્રાહ્મણોને આપજો. બીજો સામાન અહીં મોકલજો.

આ પત્ર લઈ બે પગીઓ તત્કાળ રવાના થયા. રાતના સાડા ત્રણ વાગે જેતલપુરમાં ગોવિંદાનંદ સ્વામીને પત્ર આપ્યો. સ્વામીએ આનંદ સ્વામી અને નાનાભાઈ સાથે તત્કાળ વિચારણા કરી. સવાર થતાં જ દરેક હરિભક્તને બશેર બશેરના બબ્બે લાડવા આપ્યા.

એમ કહેવાય છે કે એ સમયે ત્રણ લાખ મનુષ્યો હતા. બ્રાહ્મણ હરિભક્તોને ઘી, ગોળ, લોટ આપ્યો. એ ઉપરાંત ચાર ચાર હાથનું કાપડ પણ આપ્યું. દેશોદેશના હરિભક્તો ડભાણ તરફ જવા લાગ્યા. ત્રણ દિવસે જેતલપુર ખાલી થયું.

ડભાણમાં શ્રીહરિએ ઉદાર હાથે દાન આપવા માંડ્યું. જે કોઈ અભ્યાગત આવે તેને ચાર શેર અન્ન ને નવ હાથ લૂગડું આપવા લાગ્યા.

સુરતથી ભક્તો મોટો સંઘ લઈને આવ્યા હતા. તેઓ ભગવાન માટે કિંમતી આભૂષણો લાવ્યા હતા. તેમના પ્રેમને વશ થઈ શ્રીહરિએ તે અંગીકાર કર્યાં. વળી ભક્તો દશ અવતાર અંકિત મોટું છત્ર લાવ્યા હતા તે શ્રીહરિની ઉપર ધર્યું. એ સાથે ઘોડાનો સાજ પણ લાવ્યા હતા. ઘોડાને શણગારી તેઓએ શ્રીહરિને તે પર બિરાજમાન કર્યા.

ભક્તોના મનોરથ પૂર્ણ કરી શ્રીહરિ પાછા સભામાં આવી બિરાજ્યા. કચ્છથી ગંગારામ મલ્લ વગેરે ભક્તો આવેલા હતા. તેમણે કહ્યું : હે પ્રભુ, અમને પણ આપની આગળ મજરા કરવાની ઈચ્છા છે, તો મલ્લ કુસ્તી કરીએ ? તેમને પણ શ્રીહરિએ અનુમતિ આપી. ભક્તોએ મલ્લ કુસ્તીના જુદા જુદા દાવપેચ રજૂ કરી શ્રીહરિને બહુ જ પ્રસન્ન કર્યા.

શ્રીહરિએ રાજી થઈ પોતે ધારણ કરેલો ભારે પોશાક મલ્લોને પ્રસાદીરૂપે આપ્યો, છતાં પણ સુરતના ભક્તોને સંશય ન થયો કે આપણે ઘણા રૂપિયા ખર્ચી ભારે પોશાક લાવ્યા પણ ભગવાને તો મલ્લને આપી દીધો. તેમને એવી સમજણ હતી કે આપણે વસ્તુ ભગવાનને અર્પણ કરી, એટલે એ ભગવાનની થઈ ગઈ. પછી ભગવાનને જેમ કરવું હોય તેમ કરે.

ગોસાંઈ શ્રીહરિના દર્શનાર્થે

જેતલપુરમાં યજ્ઞ છે એમ જાણીને એક હજાર જેટલા શૈવ ગોસાંઈ જેતલપુર આવ્યા. તે વખતે શ્રીહરિએ તો યજ્ઞકાર્ય આટોપી લીધેલું હતું. સરોવરના ઉત્તર તરફના વિસ્તારમાં પાણી નહોતું તેથી ગોસાંઈએ ત્યાં પડાવ નાખ્યો. એમની પાસે ૫૦૦ જેટલા ઊંટ-ઘોડા હતા.. બહારથી દેખતાં એવું જ લાગે કે આ કોઈનું લશ્કર ઊતરી આવ્યું છે, એમને આનંદાનંદ સ્વામીએ ત્રણ દિવસ સુધી આદરભાવથી જમાડ્યા.

ગોસાંઈની ઈચ્છા હતી કે ત્યાં મહોલની ઉપર છત્રીમાં પંચમુખી શિવજી પધરાવીએ. શ્રીહરિ તરફથી એ સંમતિ મળતાં આનંદાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, નાનાભાઈ ભટ્ટ એ ત્રણેએ સાથે મળી

વિધિપૂર્વક શિવજી પધરાવ્યા. તે વખતે પણ સંખ્યાબંધ લોકોને જમાડ્યા.

સંતોની આવી ઉદારતા જોઈ ગોસાંઈને ભગવાનનો ગુણ આવ્યો. તેમણે આનંદાનંદ સ્વામીને કહ્યું : હવે તમે સુખેથી યજ્ઞ કરો; અમે તમારી મદદમાં છીએ. પેશ્વા અને ગાયકવાડ સરકાર અમને વિશેષ માને છે. ત્યારે સ્વામીએ કહ્યું : આ બાબતમાં મને કાંઈ વિશેષ ખબર ન પડે. અમારા ગુરુ જે નિર્ણય કરે તે અમને માન્ય છે. હાલમાં તેઓશ્રી ડભાણ ગામે છે. હવે જો યજ્ઞ કરવો હોય તો તે અશક્ય છે, કેમ જે હવે અહીં કાંઈ સામગ્રી બાકી રહી નથી.

ગોસાંઈએ સંતોનાં સદ્વર્તન પણ જોયાં. એ બહુ જ ખુશ થયા, કહેવા લાગ્યા : કળિયુગમાં સમર્થ ગુરુ વિના આવા શુદ્ધ ધર્મની પ્રવૃત્તિ સંભવે જ નહિ. હવે તો અમને જ્યારે તેમનાં દર્શન થશે ત્યારે જ અંતરમાં શાંતિ થશે. માટે હવે બધી જમાતને અહીં છોડી હું સવારમાં જ ડભાણ જાઉં. જો એ ત્યાંથી દૂર ગયા હશે તો પણ હું તેમની પાસે જરૂર જઈશ. આવા મહાન સત્પુરુષનાં પ્રત્યક્ષ દર્શન કરીશ ત્યારે જ મારા મનમાં શાંતિ થાશે. દર્શન કરવાનું મારા મનમાં એવું તાન લાગ્યું છે કે તે મારા મુખથી કહી શકાતું નથી. હવે તમે મને નાનો એવો પત્ર લખી આપો, જેથી કરેલી વાત પ્રમાણરૂપ ગણાય. પત્ર ન હોય તો વાતમાં પૂરો વિશ્વાસ ન આવે.

આનંદાનંદ સ્વામીએ એક પત્ર લખી ગોસાંઈને આપ્યો. મહંત તે લઈને ડભાણ તરફ જવા રવાના થયા તે વખતે સ્વામીએ તેમને પેંડા ભરેલો થાળ આપ્યો. મશાલના અજવાળે એ ઉતારે ગયા.

વહેલી સવારે મહંતજી તૈયાર થઈને ચાર ઊંટ લઈને નીકળ્યા. દરેક ઊંટ પર બબ્બે જણ બેઠા. દિવસ ઊગતાં તો એ ડભાણ પહોંચી ગયા. સંતોના ઉતારા પાસે પહોંચ્યા તે વખતે શ્રીહરિ પણ ત્યાં પધાર્યા. મહંતજી શ્રીહરિની પાસે આવ્યા. દરેકે એક એક શ્રીફળ ચરણે ભેટ ધર્યું. સ્વામીએ આપેલો પત્ર પ્રભુને અર્પણ કર્યો. એ વાંચી શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા : તમે અમને મદદ કરવા માટે તૈયાર

થયા એ પ્રેરણા તમને ભગવાને કરી છે. વળી અમારાં દર્શન માટે તમે અહીં સુધી આવ્યા છો, તે ભાવના વિના થાય નહિ. તમારા ઉપર અમે બહુ જ રાજી થયા છીએ.

મહંતજીએ પણ હાથ જોડી પોતાના હૃદયની વાત કરી : અમે આપના જેવા બીજા કોઈ દેખ્યા નથી. જે દુરાચારી છે તે આપની નિંદા કરે છે. આપના સંતો જે જેતલપુરમાં છે, તેમનાં શુદ્ધ વર્તન જોઈ મને ખૂબ આનંદ થયો. ગોસાંઈ મહંતની શુદ્ધ ભાવના તેમજ મોક્ષનો ખપ જોઈ શ્રીહરિએ વાત કરી : જેને મોક્ષનો ખપ હોય તે મનુષ્ય કહેવાય. ભગવાન વિના જેને બીજામાં તાન રહે છે તેને હંમેશાં દુઃખ જ રહે છે, ને સંસારમાં હેરાન થતા ફરે છે. જેને ખપ ન હોય તેને હિતની વાત પણ ઝેર કરતાં વધારે દુઃખરૂપ લાગે છે.

ભગવાનમાં લગની વિનાની વાત ઝાંઝવાનાં પાણી જેવી મિથ્યા છે. બીજા વિષયમાં જીવને જેવું તાન છે તેવું તાન જ્યારે ભગવાનના સ્વરૂપમાં થાય છે તેને લખચોરાશીનું દુઃખ ટળીને અત્યંત સુખ પ્રાપ્ત થાય છે. કોઈ માણસ આખા બ્રહ્માંડને મિષ્ટાન્ન જમાડી શકે એવો શક્તિમાન હોય, અરે ! કોઈ આ બ્રહ્માંડને સુવર્ણમય કરવાની શક્તિ ધરાવતો હોય, પણ જ્યાં સુધી તેને મોક્ષનો ખપ જાગતો નથી ત્યાં સુધી એની બધી શક્તિ વૃથા છે.

જેમને ભગવાનનું જ તાન છે તેનો મનુષ્યદેહ પ્રમાણભૂત છે. ભગવાનમાં લગની લાગ્યા વિના જન્મ-મરણ ને યમપુરીનું દુઃખ ટળતું નથી. જેને સત્સંગનો ખપ હોય છે તે બ્રહ્માંડનાં સુખમાં લોભાતો જ નથી. સત્સંગ આગળ એ બધાં કાકવિષ્ટાતુલ્ય જણાય છે. એવો જે હોય તે

हरि से अधिक कोउ न माने, अंतर कि कोउ वात कुं जाने ।
आकाश में कोउ उड देखावे, धन संपत कोउ अधिक देखावे ॥२१॥
पुत्र देवे कोउ व्याधि मिटावे, हरि बिन कबु न ओरमें लोभावे ।
व्याधि होवे कबु तनुमें भारी, एक रोम कोटि विंछुं दारी ॥२२॥

हरि को तोउ न आवे अभावा, सर्वोपरी जानत रहावा ।
हरि में साचे तब तान कहावे, ता पर पिछें हरि रिझावे ॥२३॥

(શ્રીહરિચરિત્રામૃતસાગર પૂ.૧૪,ત.૧૫)

સાચા ખપવાળો સત્સંગી કોઈનેય ભગવાનથી અધિક ન જાણે. કોઈ મનની વાત જાણી લેતા હોય, આકાશમાં ઊડી બતાવતા હોય, ધનસંપત્તિ બતાવતા હોય; દીકરા દેનારા કે રોગ મટાડનારા મળે, તોય સાચો સત્સંગી તેમાં ન લોભાય. શરીરમાં અસાધ્ય રોગ થાય, રૂંવાડે રૂંવાડે કોટિ વીંછીની વેદના થાય, તોય તેને ભગવાનનો અભાવ ન આવે. ભગવાનને સર્વોપરી માને. તેનું તાન એક ભગવાનમાં જ રહે; તેના ઉપર ભગવાન રીઝે છે. તેના ઉપર આખુ જગત રીઝે છે. શ્રીહરિની અમૃતવાણી સાંભળી ગોસાંઈ બહુ જ રાજી થયા.

સંવત ૧૮૬૭, મહા સુદ પાંચમ, તા. ૨૯-૧-૧૮૧૧, મંગળવાર વસંત પંચમીના દિવસે બપોરના થાળ જમીને શ્રીહરિ પલંગ ઉપર બિરાજમાન થયા. હરિભક્તો દર્શન પૂજન વારાફરતી કરી રહ્યા હતા. એ અવસરે ભુજના મૂળજી વણિકે શ્રીહરિને કનકના કુબાવાળી, બિલોરી કાચ જેવી તેજદાર સો કોરીની કિંમતી રોઝી ઢાલ ભેટ ધરી.

વણિકને એવો સંકલ્પ હતો કે ભગવાને પૂર્વે દૈત્યોને કેવી રીતે માર્યા હશે ? તેની ખાત્રી કરાવવા શ્રીહરિ તે ઢાલ હસ્તમાં લઈને ઊભા થયા. એ ઢાલને પલંગની પૂર્વ બાજુ પલંગને અડીને મૂકી. પછી પોતાની છડીની અંદર રહેલી ગુપ્તી કાઢી ને ઢીંચણભેર બેઠા. ડાબા હસ્તમાં ગુપ્તી લઈ ઢાલ ઉપર ઘા કર્યો. ગુપ્તી એક આંગળ જેટલી ઢાલમાં ઊતરી ગઈ. ફરીવાર બીજો ઘા કર્યો, તે ચાર આંગળ ઉતારી દીધી. પછી મૂળજી વણિકને પ્રસાદીની ઢાલ પાછી આપી.

ત્યારે તે વણિક બોલ્યો, હે ભગવાન ! તમે પૂર્વે અનંત અવતાર ધરી અપાર દૈત્યોને કેવી રીતે માર્યા હશે, એવો સંકલ્પ મને થતો હતો, તે તમે પ્રત્યક્ષ દેખાડીને પૂરો કર્યો.

તમારા જેવા વિપ્રો ઝાડથી ઉતારીએ

ડભાણમાં વસંત પંચમી બાદ શ્રીહરિ પીજ થઈ પીપળાવ પધારી રહ્યા હતા, ત્યાં માર્ગમાં વિશ્રાંતિ લેવા એક ઝાડ તળે બિરાજ્યા. એ વખતે વીસેક જેટલા વિપ્રો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. સંતોને જોઈ એ માંહોમાંહી વાતો કરવા માંડ્યા કે, આ સ્વામિનારાયણે આટલા બધાને સંસારનો ત્યાગ કરાવી દીધો છે. આમ ને આમ જો એ બધાને મૂંડતા રહેશે તો આ સૃષ્ટિ કેમ ચાલશે ? આપણને તો એ મગજમાં બેસતું નથી કે આવો સંસાર મૂકીને સાધુ થવામાં એમને શું વિશેષ દેખાતું હશે ?

વિપ્રોની એ અણસમજણ ટાળવાની જરૂર હતી. તેમને શ્રીહરિએ પાસે બોલાવ્યા ને કહ્યું : તમે કેટલા જણા છો ? વિપ્રો કહે : અમે વીસ જણા છીએ.

'આજે અમે તમારી ચિંતા ને શંકા દૂર કરી દઈએ. તમે વીસેય જણ સાધુ થાઓ, અમે તમારા જેવા જ વીસ બ્રાહ્મણ આ ઝાડ પરથી ઉતારીએ. બોલો, છે મંજુર ?'

'અરે મહારાજ ! એમ તે કાંઈ થઈ જતું હશે ? ઝાડ પરથી તો ફળ મળે, ત્યાંથી માણસો પાકતા હશે !'

'અમે તો કહીએ છીએ. અખતરો કરી જુઓ.' ત્યાં જ બીજો વિપ્ર બોલ્યો : અલ્યા ભાઈ, જો સાચે જ એવું થઈ જશે તો આપણે રખડી પડીશું, તેનું શું ? બીજાએ ટાપસી પૂરીઃ ખરી વાત, અખતરો કરવામાં તો મોટો ખતરો ઊભો થઈ જશે.

શ્રીહરિ કહે : તમે વીસેય જણા તૈયાર ન થાઓ તો કાંઈ નહિ, પંદર જણા તો થાઓ ! પાકી ખાત્રી થઈ જાય. સારા કામમાં ઢીલ કેવી ? સમજુ માણસ તો ખાત્રી કરીને જ જંપે.

હવે બધા અટવાયા. માંહોમાંહી કહેવા માંડ્યા : જટાશંકર, તું હા

પાડને ! એ કહે : હું શાનો હા પાડું; તને રસ છે તો તું જ ખાત્રી કરી લે ને ?

છેવટે પ્રભુ કહ્યું : પંદર નહિ તો દશ તૈયાર થાઓ, અરે પાંચ તો થાઓ. તોય કોઈ આગળ ન આવ્યો ત્યારે કહ્યું : અરે એક તો તૈયાર થાઓ. પણ શાના થાય ?

બધાને એ જ ચિંતા હતી કે આ ભગવાન કહેવાય છે ને ચમત્કાર કરીને જો આપણા જેવા જ માણસ ઝાડથી ઉતારશે તો આપણે તો મૂળગેથી સલવાઈ જશું. આમને તો કોઈ રીતે પહોંચી શકાય તેમ નથી.

છેવટે બધાએ કહ્યું : તમારી સામે બાથ ભીડાય તેમ નથી. હવે અમને રજા આપો તો જઈએ. એમ કહી વિદાય થયા.

સંતો માટે આજે એક હાસ્યનો પ્રસંગ બની ગયો. શ્રીહરિને કહેવા લાગ્યા : હે પ્રભુ, લોકો કેવા વિચિત્ર પ્રકારના તરંગોમાં રાચતા હોય છે ! બોલવામાં બહુ શૂરા હોય છે, પણ પછીથી ફસકી જાય છે. આમ વાતો કરતા પીપળાવ પધાર્યા.

વિવિધ ગામે બહુનામી

પીપળાવ, નાર, બુધેજમાં

પીપળાવ ગામના ભક્તોને સમાચાર મળી ગયા હતા કે પ્યારા પ્રીતમ પધારી રહ્યા છે એટલે જીભાઈ, બાલાજી, બેચરદાસ, ગિરધરભાઈ, દયારામ, પ્રભાશંકર, દાજીભાઈ, લક્ષ્મીરામ વગેરે ભાઈઓ તેમજ જમુનાબાઈ, હેતબાઈ, રૂપબાઈ, કૃષ્ણાબાઈ વગેરે બાઈઓ ઉપરાંત ઈસણાવ ગામના પાટીદારો રાયજીભાઈ, દાજીભાઈ વગેરે ભક્તો શ્રીફળ, ફૂલહાર લઈને તૈયાર ઊભા હતા. સૌએ ઉમંગભેર શ્રીહરિનું સ્વાગત કર્યું.

ગામના દરવાજા પાસેના મંદિરમાં શ્રીહરિએ ઉતારો કર્યો. સંઘના બીજા ભક્તો માટે ગામથી બહાર વડલાની ઘાટી છાયામાં ઉતારા હતા.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે એ વિસ્તારમાં વિચરણ કરતા હતા. પ્રભુના આગમનની જાણ થતાં એ પણ હરખભેર દર્શનાર્થે આવી પહોંચ્યા. સંતોને જોઈ શ્રીહરિ બહુ જ પ્રસન્ન થયા. પોતે કંઠમાં ધારણ કરેલા પુષ્પના હાર સંતોને પહેરાવ્યા.

વિપ્ર ભક્તોએ શ્રીહરિ માટે બનાવેલા થાળ પ્રેમરસથી ભરપૂર હતા. સાકરનો શીરો, પુરી, વાલના રસાદાર લીલવા, રસાવાળું કેરીનું અથાણું, પાપડ, દાળ, ભાત, શાક, દહીં, સાકર વગેરે જમીને શ્રીહરિએ સંતો-ભક્તોને પણ જમાડ્યા.

પ્રભુ એક ને વિવિધ ગામે વસતા ભક્તો અનેક હતા. તેથી પ્રભુને એક જ ગામે ઝાઝા દિવસ રોકાવું પરવડે તેમ નહોતું. પીપળાવ ગામે ભક્તોને કૃતાર્થ કરી શ્રીહરિ પેટલાદ તાલુકાના નાર ગામે પધાર્યા. અત્રે કાળીદાસ, રામદાસ, માધવદાસ, હરિભાઈ, ગોપાળજી, લક્ષ્મીદાસ વગેરે પાટીદાર તેમજ ભાઈજી બારોટ વગેરેએ ઊમળકાભેર પ્રભુને ગામમાં પધરાવ્યા. અત્રે ત્રણ કલાકના રોકાણ બાદ શ્રીહરિ ખંભાત

તાલુકાના ઊંટવાડા ગામે પધાર્યા. અહીં જોઈતાપગીને મનમાની મોજ આપી શ્રીહરિ બુધેજ પધાર્યા. હરિભાઈ, સુપુત્ર ખોડાભાઈ; હઠીભાઈ, સુપુત્રો કલાભાઈ, તેજાભાઈ, વરહાભાઈ વગેરે ક્ષત્રિય ભક્તોએ પરિવાર સહિત સંઘની સરસ આગતા સ્વાગતા કરી. અહીં શ્રીહરિએ એક રાત પૂરતું રોકાણ કર્યું.

ગુડેલના માર્ગે ગાયોને આકર્ષણ

બીજે દિવસે પ્રયાણ કરી ગુડેલ જવાના માર્ગે તળાવ પાસે શ્રીહરિ પહોંચ્યા. દૂર દૂર ગાયોનું ધણ ચરતું હતું. હરિવરની કમનીય મૂર્તિનાં દૂરથી દર્શન થતાં ગાયો ચરવાનું મૂકી દઈ પ્રભુ તરફ દોડી. ગોવાળો આશ્ચર્ય પામ્યા. ગાયોને પાછી વાળવા ઘણાય પ્રયત્નો કર્યા પણ કાંઈ ન વળ્યું. ગાયોના કાન અને પૂંછડાં ઊંચા થઈ ગયાં હતાં એમાં જ ગાયોના આનંદના હિંસોરા કળાઈ જતા હતા. પૂરપાટ વેગમાં દોડતી ગાયોની નજર શ્રીહરિના મુખારવિંદ તરફ સ્થિર થઈ ગઈ. દર્શનમાં એવી આતુરતા હતી કે આંખનું મટકુંય મારતી નહોતી.

ગાયોને દોડતી આવતી જોઈ શ્રીહરિની બાજુમાં રહેલા સંતો-ભક્તો ગભરાઈ ગયા હતા, પરંતુ હવે તેમનેય નિરાંત થઈ ગઈ. ગાયોની સ્થિરતા જોઈ ઘડીભર એય વિચારતા થઈ ગયા કે, આપણે ભગવાનનાં દર્શન કરીએ છે, પણ આ પશુના જેવી એકાગ્રતા કેળવી શક્યા નથી. ખરેખર આ ગાયોને ધન્ય છે.

ગાયોના પ્રેમને પોષવા શ્રીહરિ પણ અમૃત નજરે નિહાળી રહ્યા. બે ઘડી સુધી ગાયોએ દર્શન કર્યાં. દર્શનથી ભૂખ્યાં દિલ તૃપ્ત થયાં ત્યારે ગાયોનાં કાન અને પૂછ નીચાં થયાં. એમનાં અંતર ઠર્યાં.

ગોવાળો આ બધું જ આશ્ચર્ય ને અહોભાવથી નીરખી રહ્યા. એમના માટે આ વાત તદ્દન નવી હતી. સૌના હૈયે એ જ વિચાર ઘોળાઈ રહ્યો હતો કે આપણા ઈશારા માત્રથી ગાયો આપણે ધારીએ તેમ જ કરે, આપણી વાંભ ઉલ્લંઘે નહિ. આજે એવું કશુંય ન બન્યું. આપણે ધારી

રાખ્યું હતું તેનાથી બધુંય વિપરીત થયું. માટે આજે એટલું તો ચોક્કસ થાય છે કે આ કોઈ મહાન પુરુષ છે. તે વિના આવું બને જ નહિ.

શ્રીહરિ પાસે આવી બે હાથ જોડી ગોવાળો કહે : આપ સમર્થ પુરુષ છો. દુનિયાના લોકો આપને જાદુગર કહે છે, પણ તેમને આપના જાદુનું કાંઈ ભાન નથી. આપનો જાદુ આ લોકના માણસથી જુદો જ છે. પૂર્વે જેમ કનૈયે જાદુ કર્યો હતો એવો જાદુ આજે અમે તમારામાં જોયો. આપના જેવો પ્રતાપ અમે કોઈમાં જોયો નથી. આમ બોલતા ગોવાળોએ પોતાના ઈષ્ટદેવ કનૈયાના રૂપે દર્શન કરી શ્રીહરિનો આશ્રય કર્યો. વ્યસનમાત્રનો ત્યાગ કરી દીધો.

ગુડેલમાં મનમાગી મોજ

ગાયો અને ગોવાળોનો ભાગ્યોદય કરી શ્રીહરિ ખંભાત તાલુકાના ગુડેલ ગામે પધાર્યા. જીભાઈ વગેરે ભક્તોએ અદકેરા ઉલ્લાસથી શ્રીહરિનું ભાવભીનું સ્વાગત કર્યું. ભક્તો સુખડીના લાડુ બનાવીને લાવ્યા હતા. શ્રીહરિએ વર્ણીઓ, સંતો, વિપ્રો, પાર્ષદોને બોલાવી સ્વહસ્તે બબ્બે લાડુ આપ્યા. બધાને આપતાં લાડુ વધ્યા તે અહીંના હરિભક્તોને આપ્યા.

આ વખતે શ્રીહરિના વિચરણમાં સાથે એભલખાચર, જીવાખાચર, વગેરે દરબારો તો હતા જ, એ સાથે ગોંડલ નરેશ ઠાકોર હઠીભાઈ વગેરે પણ હતા. દરબાર જીભાઈ રાજાઓની રીત જાણતા હતા. તેમણે માત્ર સુખડીનું ટીમણ આપીને પૂરું ન કર્યું. દરબારો માટે ભાત, રોટલા વગેરે પણ કરાવ્યું. ગામની બહાર તળાવ પાસે સૌએ ટીમણ કરવાનું હતું. ભક્તો દૂધ ને દહીંનાં ભરેલાં પાત્રો પણ લઈ આવ્યા. સાકર ને પૌંવા પણ લાવ્યા. શ્રીહરિએ તે અંગીકાર કર્યું. ભક્તોએ પણ પ્રસાદ લીધો.

બરાબર તે જ સમયે કેળાંના વેપારી આવ્યા. ખંભાતનાં સોનેરી કેળાં ઠેરઠેર વખણાય. કેળાં જોઈને દરબારો રાજી થયા. શ્રીહરિ દરબારોની ઈચ્છા જાણી ગયા. કેળાં લેવડાવ્યાં. જેને જેટલાં જોઈએ તેટલાં

અપાવ્યાં. એ પ્રમાણે વેપારીને રૂપિયા પણ ચૂકવી દીધા. એક પૈસાનાં બે કેળાં, એમ દશ મણ જેટલાં કેળાં લીધાં. કેળાંના વેપારીને આજે અણધારી મોજ મળી ગઈ. એક જ ધડાકે બધો જ માલ ખપી ગયો, ને તેય પણ પ્રગટ પ્રભુના સાન્નિધ્યમાં. વેપારી ખરેખર ધન્ય ધન્ય થઈ ગયો. આ લોકના વેપારની સાથે પરલોકનો વેપાર પણ થઈ ગયો.

ગુડેલથી રોહણી ગામ થઈ શ્રીહરિ મીતલી ગામે પહોંચ્યા. તળાવ કાંઠે વૃક્ષછાયા તળે સંતોએ રોટલી બનાવી રાખી હતી. દરબાર હઠીભાઈએ ઘી અપાવ્યું. બીજા દરબારો સાકર લાવ્યા. પ્રથમ શ્રીહરિએ ઘી, કેળા, સાકર સાથે રોટલી વગેરેનો થાળ અંગીકાર કર્યો.

પછી સંતો, પાર્ષદો, ભક્તોને પાશેર સાકર, દોઢ પાશેર ઘી આપ્યું. તે વખતે સંઘમાં આશરે બસો માણસો હતા. શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ભગવાનની ઈચ્છાથી અહીં વનમાં પણ કેવી સારી રસોઈ થઈ !! કોઈ ઈચ્છા કરે તો પણ આવી રસોઈ ન મળે. આ રીતે શ્રીહરિનું સાન્નિધ્ય માણનાર દરેકને માટે યાદગાર સંભારણાં બની રહેતાં. ભરબપોરે પણ પ્રભુનું વિચરણ ચાલુ રહેતું.

બપોરના દોઢ વાગે શ્રીહરિ સંઘ સહિત સાબરમતી નદીના કિનારે પહોંચ્યા. કાઠી દરબારો ઉપરાંત ગોંડલના દરબાર પણ સાથે હતા, એટલે ઘોડેસવારો ઘણા હતા. કોઈ અજાણ્યા માણસ આ પ્રદેશમાં ઘુસી ન જાય તે માટે ખંભાતના નવાબે ચોકીપહેરો ગોઠવી દીધો હતો. ચોકી કરનારા સિપાઈઓએ શ્રીહરિની સાથે ગુડેલના દરબાર જીભાઈને દેખ્યા. એમને તેઓ ઓળખતા હતા તેથી પ્રવેશવાની રજા આપી.

નદી પાર કરી શ્રીહરિએ જીભાઈ પર અત્યંત પ્રસન્નતા દર્શાવતાં કહ્યું : જો તમે સાથે ન આવ્યા હોત તો સંકટ વેઠવું પડત. અમને ઘણો આનંદ થયો.

હવે તમે પાછા વળો. એમ બોલતાં શ્રીહરિએ જીભાઈને છાતીએ ને મસ્તકે ચરણારવિંદ આપ્યાં, ને પીપળી તરફ પ્રયાણ કર્યું.

પીપળીને કર્યું પૂર્ણકામ

પીપળીના દરબાર દાદાભાઈને અગાઉથી ખબર મળી ગયા કે પ્યારા પ્રીતમ પોતાને ગામ પધારી રહ્યા છે. એ જ ઘડીએ દરબારે પોતાના મિત્ર દાદાભાઈ ગઢવી તેમજ ગામના અગ્રેસરોને બોલાવી શ્રીહરિના સ્વાગત માટે તમામ તૈયારીઓ આદરી દીધી. કુંભારોને બોલાવીને કહ્યું : ખરેખર સેવાની તક આવી છે. પ્રારબ્ધ વશ થઈને તો કેટલીય વેઠ કરવી પડે છે. પરંતુ આ વેઠ નથી. દેવોનેય દુર્લભ એવી આ સેવા છે. આવી સેવામાં અનંત લાભ છે. આવી શુભ ભાવનાથી કુંભારો પચીસ નવા ઘડા સાફ કરીને તળાવેથી પાણી ભરી લાવ્યા. ઘરોઘરથી લોકો દૂધ લઈને આવ્યા. વેપારી વણિકે સાકર, ઘી, ચોખા તેમજ ઘોડાંના જોગાણ માટેનું અનાજ મોકલાવ્યું.

ગામના લોકોને જે કાંઈ સૂઝ્યું તે પ્રમાણે ગાદલાં, રજાઈ વગેરે પાગરણ ઉપરાંત સારા પલંગ પણ લઈને આવ્યા. કેટલાક તાંબા, પિત્તળનાં વાસણ લાવ્યા. રબારીઓ પણ દૂધ લાવ્યા. રસોઈ બનાવવા કેટલાક અડાયાં છાણાં લાવ્યા. આમ આખા ગામમાં જાણે સેવાનું મોજું ફરી વળ્યું, ભક્તિનું વાતાવરણ છવાઈ ગયું.

સાંજ ઢળી ગઈ હતી એટલે ગામના વાળંદો મશાલ તૈયાર કરીને લાવ્યા. આખું ગામ શ્રીહરિને સત્કારવા થનગની ઊઠ્યું હતું. વિવિધ વાદ્યોના નિનાદ સાથે શ્રીહરિને ગામમાં પધરાવ્યા.

દરબાર દાદાભાઈની આવી સરસ તૈયારી જોઈ શ્રીહરિ પ્રસન્ન થઈ તેમને ભેટ્યા. પોતાના પ્રાણનાથની આવી અણમોલી પ્રસન્નતા માણી દરબાર પણ ગદ્‌ગદ થઈ ગયા. પ્રભુના ચરણે લેટી પડ્યા.

શ્રીહરિએ દાદાભાઈના દરબારમાં પાવન પગલાં કર્યાં. એ જ રીતે તેમના ભાઈ, ક્ષત્રીય બાઈ દેવબા, દાદાભાઈ ચારણ વગેરે કેટલાય ભક્તોનાં ભવન પ્રભુપાદ-સ્પર્શે પાવન થયાં.

ગાંફ ગામે ગુણનિધિ

બીજે દિવસે શ્રીહરિ ગાંફ ગામે પધાર્યા. અત્રેના ઠાકોર મનુભા દરબારને શ્રીહરિમાં અસાધારણ હેત હતું. વસ્તા રાવળ, દેવા દવે, ગંગા દવે વગેરે વિપ્ર પરિવાર; હઠીભાઈ, હરિભાઈ, માનજી વગેરે ક્ષત્રિય; માવાભાઈ ગઢવી (કવિ); હિમરાજ સોની, લવજી કણબી આદિ સંખ્યાબંધ ભક્તો શ્રીહરિના સ્વાગતાર્થે ઊમટી પડ્યા. શ્રીહરિને બિરાજમાન કરવા રાજાના કુંવર અજુભાઈ ગજરાજ શણગારીને લાવ્યા. ડંકા, નિશાન તેમજ વાજિંત્રોના ઘોષથી આખું ગામ ધણધણી ઊઠ્યું.

રાજકુંવરે શ્રીહરિને પ્રાર્થના કરી : હે પ્રભુ, આપને મન દરેક વાહન સમાન હોય, પણ અમારી એવી ભાવના છે કે આપ ગજરાજ ઉપર બિરાજમાન હો, એવી સ્મૃતિ અમને કાયમ રહે તે માટે આપ ગજરાજ ઉપર બિરાજો. આપના ધામ સુધીમાં અનંત બ્રહ્માંડો છે તેને આપે શોભાડી દીધાં છે. આપની મૂર્તિનું જે સૌંદર્ય છે તે સામાન્ય આંખોથી દેખાતું નથી. મોટા મોટા કવિઓ તેને અપૂર્વરૂપે વર્ણવે છે. આપ હાથી પર બિરાજમાન થશો એટલે હાથીનો જન્મ પણ સફળ થશે. આપના સિવાય એકલો હાથી પણ શોભતો નથી.

રાજકુંવરની પ્રાર્થનાને વશ થઈ પ્રભુજી સુવર્ણજડિત અંબાડીમાં બિરાજ્યા. જયજયકાર તેમજ વાદ્યોના નિનાદ સાથે બંદૂકોના બહારથી આખા ગામમાં હરખની હેલી છવાઈ ગઈ. ગામના મુખ્યમાર્ગો પર બંને બાજુ હકડેઠઠ ઊભેલા દર્શનાર્થીઓના હાથમાં હાર હતા. એમની એ પ્રેમ-પુષ્પમાળાને સ્વીકારતા શ્રીહરિ તે તે ભક્તને પરત કરતા હતા.

વ્હાલમાની વિજય સવારી રાજદરબારમાં આવતાં શ્રીહરિ ગજરાજથી નીચે ઊતર્યા. ઠાકોર મનુભાએ પરમ આદર સાથે પ્રભુને વધાવ્યા. અહીંથી મહેલમાં પ્રભુને પધરાવવા કિનખાબનો તાકો પથરાવી દીધો. તે પર પાવન પગલાં કરતા શ્રીહરિ મનુભાના હાથના ટેકાને ઝીલતા મહેલમાં પધાર્યા. સુવર્ણ જઈડત પલંગ પર બિરાજમાન

થયા. દરબારે પંચામૃતથી પ્રભુનું પાદપ્રક્ષાલન કર્યું. ભાલમાં ચંદન ચર્ચી કપૂરની આરતી ઉતારી.

સંતો-ભક્તો માટે ભોજનની સઘળી તૈયારી ઠાકોર સાહેબે કરી રાખી હતી. શ્રીહરિએ થાળ અંગીકાર કરી ઠાકોર સાહેબના ભાવ અનુસાર સંતો-ભક્તોને પીરસીને તૃપ્ત કર્યા. શ્રીહરિની સમય સમયની સેવામાં જેમ સંતો ખડે-પગે હાજર રહેતા, તેમ ભક્તો પણ એવા જ ઉત્સુક હતા.

ખરી સેવકાઈ

શ્રીહરિનો એ સહજ સ્વભાવ હતો કે પોતાની સેવામાં રહેનારની ક્યારેક કસોટી પણ કરી લેતા. શ્રીહરિચરિત્રામૃતસાગરના નવમા પૂરના અઢારમા તરંગમાં આધારાનંદ સ્વામી નોંધે છે : નાથ ભક્ત અને ઉમાભાઈ નામે જે ભક્ત હતા તે અહર્નિશ શ્રીહરિની સેવા કરતા. ક્યારેક શ્રીહરિ તેમના ઉપર ખીજાય અથવા રાજી થાય, ચાહે તેવી પરિસ્થિતિમાં તેઓ સતત એક સરખી રીતે જ શુદ્ધભાવે સેવા કરતા. આપણી સેવાને શ્રીહરિ સ્વીકારે છે, તે તેમની મોટી કૃપા છે, એમ સમજતા. એટલે તેઓ ક્યારેય મનમાં ઝાંખા પડતા નહિ. રાત દિવસ હસતે મુખે જ સેવા કરતા. તેમનો પ્રેમ એક સરખો કાયમ રહેતો.

શ્રીહરિ વારંવાર વઢે છતાં તે સેવકો શ્રીહરિનો અવગુણ લેતા નહિ. આવી રીતે સેવા કરનાર સેવકો તે જ શ્રીહરિ પાસે ટકતા.

धन्य भाग्य हि ताहिके, हरि वरचत वेर वेर ।
तामें माने अति सुख हि, तापर होत अति मेर ॥१३॥
सहत वचन कटु कहि, मानत तेहि निज प्रान ।
एसे श्रीमहाराज हि, देत तेतो तेहि मान ॥१४॥

શ્રીહરિ જેને વારંવાર વઢતા તે સેવક પોતાને ધન્ય ભાગ્યશાળી માનતા. વઢવાને પણ જે અત્યંત સુખ માનતા તે સેવક ઉપર શ્રીહરિની અત્યંત કરુણા થાતી. શ્રીહરિનાં કડવાં વચનને જે સેવક સહન

કરતા તે સેવકને શ્રીહરિ પોતાના પ્રાણપ્રિય ભક્ત માનતા. તેમનો એવો સ્વભાવ હતો કે જે જેટલું સહન કરે તેને તેટલું પછીથી માન આપતા. શ્રીહરિ જેના ઉપર વધુ હેત રાખતા તેને વારંવાર વઢતા, કારણ કે તેઓ પોતાના પ્રીતિપાત્રને દૃઢ કરવા ચાહતા હતા.

તોડવા પ્રયત્ન કરવા છતાં જે તૂટે નહિ તે હીરો અમૂલ્ય કહેવાય. તે રીતે જે જે ભક્ત ટોકણીને સહન કરે તે જ ભક્ત અમૂલ્ય ગણાય અને તેની સાથે શ્રીહરિ વધારે હેત રાખે છે. ટોકણીથી જે ભક્ત મુંઝાઈ જાય તેના ગુણને પણ શ્રીહરિ સમજી રાખતા. જેમાં જેવા ગુણ હોય તેને શ્રીહરિ વર્તન ઉપરથી જાણી લેતા અને તે પછી તેના ગુણોને અનુસારે શ્રીહરિ સંસારનાં દુઃખોથી તેનો ઉદ્ધાર કરતા.

જેમાં જેટલું મુમુક્ષુપણું હોય તેમાં તેટલું નિર્માનીપણું હોય છે. જેટલું નિર્માનીપણું હોય તે પ્રમાણે શ્રીહરિ તેને ધામમાં તેવું સુખ આપે છે. જે મનુષ્ય દેહાભિમાની હોય તેને કોઈ પણ શુભ ફળની પ્રાપ્તિ થતી નથી. અનર્થમાત્રનું મૂળ દેહાભિમાન છે. નિર્માનીપણું વધારે શોભે છે. નિર્માની માણસ સૌને પ્રિય બની જાય છે. અભિમાનનું મૂળ ધન-સંપત્તિ, ઊંચું કુળ, સારી વિદ્યા, સુંદર શરીર છે. જેમાં જેવા ગુણ હોય તેને સત્પુરુષ ઓળખી લે છે.

ગાંફમાં ભક્તોને દિવ્ય લાભ

ચાર ઘડી વિશ્રાંતિ લઈ શ્રીહરિ જાગૃત થયા ત્યારે સેવકો સેવામાં હાજર થઈ ગયા. શ્રીહરિ જાણતા હતા કે, દરબાર મનુભાને કીર્તન ભક્તિમાં બહુ રસ છે. તેથી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીને આદેશ કર્યો : સંતો, કીર્તન ભક્તિ કરો.

દોકડ, સરોદ વગેરે વાજિંત્રો વગાડવાપૂર્વક સંતોએ સારંગ, ધન્યાશ્રી વગેરે રાગમાં કીર્તનગાન કર્યું. ભગવત્પ્રેમરસથી ભરપૂર એ કીર્તન; એ પણ એ સંતોએ જ રચેલાં, ને તે પણ શ્રીહરિમાં પૂરી તન્મયતા સાથે ગાયાં ત્યારે મનુભા વાહ... વાહ કરતા ડોલી ઊઠ્યા. ચાર ઘડી પર્યંત

સંતોએ કીર્તનગાન કર્યું, છતાં પણ સભાજનોના હૈયાંનો એ જ સૂર હતો કે હજુ પણ કીર્તન ભક્તિ ચાલુ રહે તો સારું. પરંતુ તે બની શકે તેમ નહોતું; કારણ એ જ હતું કે ભક્તો પોતાના આવાસમાં પ્યારા પ્રભુને પધરાવવા આતુર હતા. એ અનુસારે ઘરોઘર પધરામણી થઈ. ભક્તોએ અદકેરા ઉત્સાહથી પૂજન અર્ચનના લ્હાવા લીધા.

અહીં વસ્તા રાવળ નામના વિપ્ર ભક્તને ભગવાનમાં અસાધારણ પ્રેમ હતો. સંતો-ભક્તો માટે ભોજન પ્રબંધ તેમને ત્યાં જ કરવામાં આવ્યો હતો.

રોજકાને મોજ

શ્રીહરિની એવી રીતિ હતી કે વિચરણ દરમ્યાન રણ પ્રદેશ પસાર કરવો હોય તો બહુધા રાતનો સમય પસંદ કરતા. કારણ એ જ કે દિવસે રણ બહુ તપે. એવા આકરા તાપમાં ભોજન - પાણીનો પ્રબંધ કરવો મુશ્કેલ પડે.

ગાંફથી શ્રીહરિને રોજકા ગામે જવાનું હતું. માર્ગે આશરે સાત ગાઉનું રણ વટાવવાનું હતું. તેની પૂર્વે બધાને આરામ મળી જાય એ અનિવાર્ય હતું. વસ્તા રાવળને ત્યાં સાંજે ભોજન કર્યા બાદ શ્રીહરિએ સૌને આરામ કરી લેવાનો આદેશ આપ્યો.

અડધી રાત વીતતાં ઠંડો પહોર થયો. એ સમયે શ્રીહરિએ સંઘ સહિત પ્રયાણ કર્યું. રણનો માર્ગ પસાર કરવા ભોમિયાની ખાસ જરૂર પડે. તે વિના ભલભલા પણ અટવાઈ જાય. પૂંજા રાવળે ભોમિયા તરીકે સેવાની તક ઝડપી લીધી.

શીતલ સુખકારી ચંદ્રમાના પ્રકાશમાં પ્રયાણ કરતા પ્રભુજીને વળાવવા ઠાકોર મનુભા તેમજ ગ્રામજનો ગામની ભાગોળ સુધી સાથે ગયા. તેમને પાછા વાળીને શ્રીહરિએ રોજકાની વાટ પકડી.

રાતભરનું પ્રયાણ કરી શ્રીહરિ સવાર પડતાં રોજકા પહોંચી ગયા. દરબાર કાકાભાઈ, ગજાભાઈ ગઢવી, પિતા દેવીદાસ; મશરૂભાઈ

ગોહિલ, આતાભાઈ, હઠીભાઈ, વ્રજલાલ, નારાયણજી પંડ્યા, શંકર પંડ્યા, કાંધાભાઈ વાળા વગેરે ભક્તોએ સપરિવાર હૈયાના હેતથી શ્રીહરિને વધાવ્યા.

ગામના તળાવમાં સૌએ સ્નાનાદિ બાદ પૂજાદિ નિયમો કર્યા. સંઘ રાતોરાત લાંબો પંથ કાપીને આવ્યો હતો એટલે સૌને ભૂખ લાગે એ સ્વાભાવિક હતું. તેની અગમચેતી વાપરી અહીંના ભક્તોએ સંઘ માટે રસોઈનો સામાન તેમજ ઘોડા, બળદ વગેરે પશુ માટે ઘાસચારા વગેરેની વહેંચણી કરી લીધી હતી. રસોઈ બધાને કામ આવે તે માટે શુદ્ધ આચારવાળા બ્રાહ્મણ પાસે કરાવી હતી.

ભક્તોના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ ઝીંઝર, પોલારપુર, કુંડળ વગેરે ગામોના હરિભક્તોને અપાર સુખ આપતા સારંગપુર પધાર્યા. અત્રે જીવાખાચરની હવેલીમાં ઉતારો કર્યો. તે સમયે લોયાથી સુરાખાચર આવ્યા. સરસ મજાનો સુરવાલ શ્રીહરિને અર્પણ કર્યો.

આજે ભગવાને સુરાખાચર સાથે રમુજ કરવાનો વિચાર કર્યો. સુરા, સુરવાળ બહુ સરસ બનાવ્યો છે. એમ કહી શ્રીહરિ સુરવાલ પહેરવા લાગ્યા. મનુષ્યચરિત્ર દર્શાવતા શ્રીહરિએ એક પાયચામાં પ્રથમ એક ચરણ નાખ્યો. પછી બીજો ચરણ પણ એ જ પાયચામાં નાખ્યો. આ જોઈને સુરાખાચર બોલ્યા : અરે પ્રભુ, આ રીતે વસ્ત્ર ધારણ કરશો તો આત્યંતિક કલ્યાણ કેવી રીતે કરશો ?

શ્રીહરિ ચપટી વજાડતા બોલ્યા : બાપુ, જીવનું તો ફદલમાં કલ્યાણ કરીએ છીએ. આમ કોઈવાર શ્રીહરિ માનુષી લીલા પણ કરતા. એ પણ ભક્તને સંભારણા માટે. ત્રણ દિવસ સારંગપુરમાં રહી શ્રીહરિ લોયા પધાર્યા.

ગરીબ વિપ્રે રૂપિયો અર્પ્યો

શ્રીહરિ સુરાખાચરના દરબારમાં વિરાજમાન હતા. તે સમયે અતિ વૃદ્ધ નિર્ધન ઝાલાવાડી બ્રાહ્મણ ત્યાં આવ્યો. તેને અંગે જીર્ણ ફાટેલાં

વસ્ત્રો હતાં. માથા પર ગંદી જીર્ણ પાઘડી હતી, જેમાં કેટલીક ગાંઠો વાળેલી હતી. ભક્ત સભામાં છેક પછવાડે ઊભો હતો. અવસ્થાના કારણે તેનાં અંગ કંપી રહ્યાં હતાં. ભગવાનનાં દર્શન કરતાં કરતાં માથે બાંધેલી ધોતલીની ગાંઠો છોડીને બાંધતો જાય. આમ કરતાં તેણે એક ગાંઠ છોડી. તેમાંથી એક રૂપિયો નીકળ્યો.

ભાવ-ભૂખ્યા ભગવાન આ બધું જ જોઈ રહ્યા હતા. ભક્તનો ભાવ પૂર્ણ કરવા શ્રીહરિ બોલ્યા : ભક્તો, છેવાડે ઊભા રહેલા બ્રાહ્મણને અમારી પાસે આવવા મારગ આપો. આખી સભા ચમકીને પાછળ જોવા લાગી. ધીમે ધીમે ચાલતો વૃદ્ધ વિપ્ર ભગવાન પાસે આવ્યો.

ભગવાને હસ્ત લાંબો કરી રૂપિયો માગી લઈને પૂછ્યું : ડોસા, રૂપિયો ક્યાંથી લાવ્યા ?

'હે પ્રભુ ! હું ઝીંઝુવાડાથી કાશીદે ગયો હતો. તેમાં આ રૂપિયો મળ્યો છે. ભગવાન, આપને ભેટ ધરવા મેં આ રૂપિયો સાચવી રાખ્યો હતો.'

'તમારી પાઘડી ફાટી ગઈ છે, તે નવી લેવી હતી ને ?'

વિપ્ર પ્રેમાશ્રુ વહાવતો બોલ્યો : મારા નાથ, પાઘડી લઉં તો તમને શું આપું ? પાઘડી વિના ચાલ્યું જશે, પરંતુ આપની કૃપાદૃષ્ટિ વિના નહિ ચાલે.

વિપ્રનો સમર્પણભાવ જોઈ ભગવાને તેના માથા પર કોમળ કર મૂક્યો, ને મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા : સ્વામી, આ વિપ્રને કરવાનું કંઈ બાકી રહ્યું ? મુક્તાનંદ સ્વામી બોલ્યા : હે મહારાજ ! તેણે પોતાનું બધું કામ સિદ્ધ કરી લીધું. સભામાં બેઠેલા દરેક ભક્તોના હૈયે એ ગરીબ વિપ્રનો ભાવ વસી ગયો.

સુરાખાચરને એવી ઇચ્છા હતી કે ડભાણમાં શ્રીહરિએ જે ભારે ભારે શણગાર ધારણ કર્યા હતા એ શણગાર ધારણ કરીને દર્શન આપે. તેમણે ભગવાન સમક્ષ પ્રાર્થના કરી : હે દયાળુ ! ડભાણના યજ્ઞ વખતે

આપે જે ભારે ભારે વસ્ત્રાલંકાર ધારણ કર્યા હતા એ દર્શન અહીંના કેટલાક ભક્તો કરી શક્યા નથી. એમને એ દર્શનની તાણ છે. તો કૃપા કરી એ વસ્ત્રાલંકાર ધારણ કરી ફરીથી દર્શન આપોને.

પ્રેમવશ પ્રભુએ એ અરજી સ્વીકારી. મૂળજી બ્રહ્મચારીને કહ્યું : લાવો એ વસ્ત્રાલંકાર. પ્રેમી ભક્તોને રાજી કરીએ. મૂળજી બ્રહ્મચારી તે વસ્ત્રો લાવ્યા. પ્રભુજીએ તે ધારણ કર્યાં. એ નવલાં દર્શનથી ભક્તોને ખૂબ આનંદ થયો. આ રીતે ચાર દિવસ પર્યંત રોજ નવાં નવાં દર્શન સુખ આપી શ્રીહરિ પીપરડી, ગોખલાણા થઈ કરિયાણા પધાર્યા.

કરિયાણા ગામના દેહાખાચર અને મીણબાઈની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિએ ત્યાં સંવત ૧૮૬૭, ફાગણ સુદની પ્રથમ અને અધિક પૂનમે હુતાશની અને ફૂલદોલોત્સવ ધામધૂમપૂર્વક કર્યા. આ પ્રસંગે શ્રીહરિએ હરિભક્તોને ઉપદેશ આપ્યો : હે ભક્તો ! હોળીમાં અપશબ્દ બોલવા નહિ. ચોપાટ, ગંજીફા, ખેલવા નહિ તથા દારૂ, ભાંગ્ય વગેરે નશાકારક પીણાં પીવાં નહિ; ભાંડ ભવાઈ પણ જોવી નહિ. અમારી મૂર્તિ સંબંધી વસંત અને હોળીનાં પદ ગાઈને સાત્ત્વિક આનંદ લેવો. ઉત્સવ બાદ શ્રીહરિ વડતાલ આવવા નીકળ્યા ત્યારે ભગવાન સાથે સંતો ને પાર્ષદો હતા.

તરકડીને મોક્ષનું દાન

શ્રીહરિ વડતાલ તરફ પધારતા હતા. માર્ગે ભાલ દેશમાં સોઢી ગામના પાદરથી પસાર થયા. સવારનો સમય હતો. એ વેળાએ ભગવાન સુરાખાચરને કહે : સુરા ! બાવળનું દાતણ હોય તો દંતધાવન કરીએ.

'અરે મહારાજ ! આ તો ભાલ પ્રદેશ છે, સૂક્કો ભઠ્ઠ. અહીં તે વળી બાવળ ઊગતો હશે ? અહીં બધા ઝીલડાનું અથવા કેરડાનું દાતણ કરે છે.'

'પણ સુરાખાચર ! તપાસ તો કરો. મને ચોક્કસ લાગે છે કે ક્યાંકથી મળશે.'

સુરાખાચર શ્રીહરિની આ મર્મવાણી સમજી ગયા. એમને અંદાજ આવી ગયો કે, ભગવાન આમ બોલે છે, માટે એમાં કાંઈક રહસ્ય છે. તરત જ સુરાખાચર તપાસ કરવા નીકળી પડ્યા. આખા ગામમાં ફર્યા ત્યારે પત્તો લાગ્યો. એક બાઈએ કહ્યું : આ ગામના છેવાડે એક તરકડી રહે છે. તેણે પોતાના ઘર આંગણે એક બાવળિયો ઉછેર્યો છે. જીવસાટે એનું જતન કર્યું છે. એ બાવળનો ઉપયોગ એ પોતાના માટે પણ કરતી નથી. રાત દિવસ એ એવું જ રટન કર્યા કરે છે કે એક દિવસ ખુદા આવશે ને મારી પાસેથી માગીને દાતણ લેશે. માટે તમે ત્યાં જાઓ.

સુરાખાચરને ખાત્રી થઈ ગઈ કે ભગવાને આટલા માટે જ અહીં દાતણ માગ્યું છે. એ ઉતાવળા ઉતાવળા પેલી મુસ્લીમ બાઈનું ઘર શોધતા શોધતા ત્યાં પહોંચ્યા. નમ્રતાથી કહ્યું : બહેન ! બાવળનું એક દાતણ મળશે ?

‘આ ભાલ દેશમાં બાવળનું દાતણ માગે એવો રસિયો કોણ છે ?’

‘બહેન ! મારા ભગવાન - ખુદા આ ગામની ભાગોળે ઊભા છે. તેમના માટે લેવા આવ્યો છું.’

બાઈનું હૈયું હરખી ઊઠ્યુંઃ હું જેમના માટે આજ દિવસ પર્યંત હું મથી રહી હતી, એ ખુદા સામે ચાલીને આવ્યા ! વાહ ખુદા... વાહ... આવા અંતરના અદકેરા આનંદમાં તેણે ઝાડ પરથી એક હાથ લાંબી સોટી કાપી, તેના કાંટા ઉતાર્યા. એ સમે પણ એને એ જ રટન હતું : મારા ખુદા આજે મારા હાથની સેવા અંગીકાર કરશે. સોટી તૈયાર થઈ એટલે સુરાખાચર કહે : લાવો બાઈ, હું લઈ જાઉં.

‘ના રે ના. આ દાતણ ખુદાને આપવા હું પોતે જ આવીશ. કારણ કે મેં આ બાવળિયો ઉછેર્યો છે, તે એવી શ્રદ્ધા સાથે કે એક દિવસ ખુદા આવશે ને મારી પાસેથી દાતણ માગશે.’

દાતણ લઈ બાઈ સુરાખાચરની સાથે પ્રભુ પાસે આવી. મંદહાસ્ય વેરતા પ્રભુજી બોલ્યા : બાઈ, દાતણ લાવો. તમે કેટલાય વખતથી

અમારી રાહ જોતાં હતાં. તમારા મનોરથ પૂર્ણ કરવા અમે પંડે આવ્યા છીએ.

બાઈની આંખો પ્રેમાશ્રુથી છલકાવા લાગી. એ બોલી : હે માલિક ! હે પરવરદિગાર ! આપ જ ખુદા છો. મારા ઉપર રહેમ (દયા) કરી છે તે મારા ઈન્તકાલ (અંતકાળ) સમયે મને જન્નત (સ્વર્ગ - આપની મૂર્તિ) માં લઈ જવા પધારજો. ભગવાન કહે : બાઈ ! તારી પ્રાર્થના મંજુર.

પછી પ્રભુએ દાતણ કર્યું. એ દર્શન એ બાઈએ મન ભરીને પરમ ભાવપૂર્વક કર્યાં. મોંઘો મનુષ્ય દેહ પામીને જે કરવાનું હતું તે બાઈએ કરી લીધું.

ભગવાનને મન એવું નથી કે કોઈ ઉચ્ચ જાતિનો હોય તેનું કલ્યાણ કરવું ને નીચ જાતિનો હોય તેનું કલ્યાણ ન કરવું. ભગવાનને મન તો હિન્દુ કે મુસ્લિમ એવો ભેદભાવ નથી. જે ભાવથી ભજે એ ભગવાનને વ્હાલા.

ઈતિહાસ કહે છે કે જ્યારે તે બાઈનો અંતકાળ આવ્યો તે વખતે ભગવાન હસ્તમાં દાતણ લઈને પધાર્યા. સાથે સુરાખાચર પણ હતા. બાઈને સઘળી એંધાણી આપી. એ વખતે બાઈએ કુટુંબીજનોને કહ્યું : મેં જે ખુદાને દાતણ આપ્યું હતું એ ખુદા મને જન્નતમાં લઈ જવા પધાર્યા છે. વળી જેમણે મને ખુદાની ઓળખાણ કરાવી એ પણ સાથે જ છે. આ રીતે બોલતાં બોલતાં એ બાઈએ આખરી અલવિદા લઈને દેહ મૂકી દીધો.

બાળકનું કલ્યાણ

સંવત ૧૮૬૭નો ચૈત્ર માસ શરૂ થયો હતો. પરંતુ તાપ બહુ આકરો હતો. શ્રીહરિ ભાલ પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા હતા. એવામાં વળી નવી મનુષ્ય લીલા દર્શાવતા બોલ્યા : સુરા ! અમને બહુ તરસ લાગી

છે. કંઠે પ્રાણ આવી ગયા છે. ગમે ત્યાંથી પાણી લઈ આવો.

સુરાખાચરે તરત જ ઘોડાનું ચોકઠું મરડ્યું; પાણી શોધવા નીકળી પડ્યા. થોડે દૂર એક વાડી જોઈ. વાડીમાં કણબીનો છોકરો સાંતી હાંકતો હતો. બાપુને મારતે ઘોડે આવતા જોઈ બાળક ગભરાઈ ગયો. એને લાગ્યું કે, આ મને મારવા આવે છે. બીકનો માર્યો એ બળદીયાની ઓથે સંતાઈ ગયો.

બાપુ ત્યાં આવીને બોલ્યા : છોકરા, ગભરાઈશ નહીં. મારા ભગવાનને તરસ લાગી છે; એટલે પાણી શોધવા આવ્યો છું. તું મારી પાસે આવ ને પાણી હોય તો આપ. હવે છોકરાનો શ્વાસ હેઠો બેઠો. તે સુરાખાચર પાસે આવીને બોલ્યો : બાપુ, ઘણી ખમ્મા હજો. આજે જ નવી ભંભલી (બતક) માં પાણી ગાળીને ભર્યું છે. ઠંડું પાણી છે.

પ્રભુ શા માટે તરસ્યા થયા હતા તેનો અંદાજ પણ સુરાખાચરને આવી ગયો. હરખાતા હૈયે છોકરાને સાથે લઈને બાપુ ભગવાન પાસે આવવા નીકળ્યા. રસ્તામાં બાપુએ છોકરાને પૂછ્યું : ભગવાન પ્રસન્ન થઈને વરદાન માગવા કહેશે તો તું શું માગીશ ? બાળક બોલ્યો : અમારી પાસે સો વીઘા જમીન છે અને બીજી સો વીઘા જમીન આપે તો સુખી થઈએ. બાપુ બોલ્યા : અરે ગાંડા ! આ બધું તો નાશવંત છે. બધું અહીં જ પડ્યું રહેશે. જો તારે ખરેખરા સુખી થવું હોય તો તારા જીવનો આત્યંતિક મોક્ષ માગજે.

આમ વાતો કરતા બંને જણા ભગવાન પાસે આવી પહોંચ્યા. બાળકે ભંભલી ભગવાનને આપી. ભગવાને જલપાન કર્યું. પ્રસન્નવદને બાળકના માથે અભય હસ્ત ધરી બોલ્યા : બાળક, તું અમારી પાસે વરદાન માગ. બાળક હાથ જોડીને બોલ્યો : આપ ભગવાન છો. મારા જીવનું કલ્યાણ કરજો.

શ્રીહરિ સુરાબાપુ સામે હાથ લાંબો કરતા બોલ્યા : આવું તને આ બાપુએ શીખવાડ્યું છે. કેમ ખરી વાતને ! આ પ્રમાણે માગવાનું તો

અમારી સાથે રહેતા હોય તે જ શીખવાડી શકે. જા તારી સાત પેઢીનું કલ્યાણ થશે. તારા સંકલ્પ પ્રમાણે સો વીઘા જમીન પણ મળશે ને તું સુખી થઈશ.

આજે અલબેલો અઢળક ઢળ્યા હતા. એટલે બોલ્યા : સુરાખાચર, આજ અમારો દેહ રહે તેમ ન હતો. પણ આ બાળકે પાણી પાયું એથી રહ્યો. માટે આજથી અમે જેટલા જીવનો ઉદ્ધાર કરીએ તેનું પુણ્ય આ બાળકને અમે આપીએ છીએ. આ રીતે બાળક સહજ સહજમાં કૃતાર્થ થઈ ગયો.

જમાદારને સમાધિ દ્વારા નિશ્ચય

બાળકને મોક્ષભાગી બનાવી શ્રીહરિ સમૈયા નિમિત્તે વડતાલ તરફ પ્રયાણ કરતા હતા. માર્ગમાં એક સારું આંબાવાડિયું જોઈ શ્રીહરિ બોલ્યા : અહીં વિશ્રાંતિ લેવા જેવું સારું સ્થાન છે. ઘાટી છાયાવાળા આંબે શ્રીહરિ બિરાજ્યા. આજુબાજુમાં સંતો-ભક્તો બેસી ગયા. શ્રીહરિ સૌને દિવ્ય કથામૃતનું પાન કરાવવા લાગ્યા.

થોડી જ વાર થઈ ત્યાં એક જમાદાર ત્યાંથી પસાર થયો. તેની સાથે પચીસેક અસવારો હતા. શ્રીહરિના પ્રતાપની તેણે વાતો સાંભળેલી હતી. દર્શનનો સુયોગ અનાયાસે થઈ ગયો તેનો તેને આનંદ થયો. ઘોડેથી ઊતરી એ તરત જ શ્રીહરિ પાસે આવ્યો. પ્રેમથી પ્રણામ કર્યા. સભા તરફ તેણે નજર કરી. થોડે દૂર બેઠેલી બાઈઓ જોઈને જમાદારને મનમાં સંકલ્પ થયો : આ સભામાં બાઈઓ પણ બેઠેલી છે ! માટે અહીં ચોખ્ખો ધર્મ નહિ પળાતો હોય.

જમાદારને સાચી વાતની સમજ આપવાની જરૂર જણાઈ. અંતર્યામી શ્રીહરિએ તેને સમાધિ કરાવી. તેમાં તેને એવાં દર્શન થયાં કે પોતાના બધા પેગંબરો શ્રીહરિની સેવામાં હાથ જોડીને ઊભા છે. કદી ન જોયેલું જોઈને જમાદારને કૌતુક થયું. તેણે પેગંબરોને પૂછ્યું : તમે આ સ્વામિનારાયણને વંદન કરો છો ! એ કોણ છે એ તો કહો ?

પેગંબરોએ ખુલાસો કર્યો : એ તો અમારા ઉપરી ખુદા છે. એમના મોકલ્યા અમે આવીએ છીએ. તેં આ ખુદા વિશે ખોટો ભાવ કલ્પ્યો તેનો તને દોષ લાગ્યો. એ દોષથી બચાવવા ખુદાએ તને સમાધિ કરાવી છે. માટે હવે તું એમની પાસે જઈને માફી માગજે.

જમાદારને સમાધિ થવાથી તે એકદમ હેઠો પડી ગયો હતો. તે જોઈને તેના સાથીદારો એકદમ ગભરાઈ ગયા હતા. તેને ઢંઢોળીને જગાડવા પ્રયત્ન કરતા હતા. ઘણોય દાખડો કર્યો તોય જાગ્યો નહિ, તેથી બધાને લાગ્યું કે જમાદાર મૃત્યુ પામ્યો. ઉદાસ થઈ એ બધા શ્રીહરિ પાસે આવ્યા. પ્રાર્થના કરવા લાગ્યા : મહારાજ ! જમાદારને શું થઈ ગયું એ કાંઈ સમજાતું નથી. આમ અચાનક એ કેમ મરી ગયો !! દયા કરીને એને જગાડો.

શ્રીહરિ કહે : હવે તમે જઈને તેને હલાવો એટલે તરત જ જાગશે. વચનમાં વિશ્વાસ લાવી અસવારોએ જમાદારને સ્હેજ ઢંઢોળ્યો કે તરત જ એ બેઠો થયો. એને સમાધિમાં શ્રીહરિનો મહિમા સમજાઈ ગયો હતો. ઊઠતાંની સાથે એ શ્રીહરિના ચરણે ઢળી પડ્યો. રુદન કરતો એ ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરવા લાગ્યો : હે મહારાજ ! તમે તો સર્વ પેગંબરના ઉપરી ખુદા છો. મને તમે સમાધિ કરાવી તેમાં પેગંબરોએ મને તમારો મહિમા સમજાવ્યો. એ સાથે ટકોર પણ કરી કે આવા મોટા ખુદા વિશે શા માટે ખોટો સંકલ્પ કર્યો ? હે દયાળુ ! મારો એ અપરાધ માફ કરો, હું તમારો ગુનેગાર છું. મને આપની સેવામાં રાખી લ્યો. હવે હું ઘેર નહિ જાઉં.

જમાદારની પ્રાર્થનામાં સચ્ચાઈનો સૂર હતો. શ્રીહરિ પ્રસન્ન થઈ મંદ હાસ્ય કરતા બોલ્યા : હવે તમે રડશો નહિ. તમારા બધા ગુના માફ છે. અમે તમારા પર રાજી છીએ. હવે તમે તમારે ઘેર જાઓ.

શ્રીહરિના કહ્યા છતાં જમાદારે ઘેર ન જવાની હઠ પકડી, ત્યારે શ્રીહરિએ કહ્યું : અમારી આજ્ઞાથી તમે ઘેર જાઓ. તમારી સેવા બધી પૂરી થઈ એમ તમે નક્કી માનો. તમારું કલ્યાણ અમે કરીશું. પ્રભુની

મરજી જોઈ વારંવાર વંદન કરી જમાદારે પોતાના સાથીદારો સાથે વિદાય લીધી. શ્રીહરિ આંબાવાડિયાથી પ્રયાણ કરી વડતાલ પધાર્યા. નારાયણગિરિના નિહંગ મઠના આશ્રમમાં ઉતારો કર્યો. અહીં સંવત ૧૮૬૭, ચૈત્ર સુદ ૯, તા. ૨-૪-૧૮૧૧ ને મંગળવારે હરિજયંતી બાદ એકાદશી અને પૂનમના ઉત્સવો ધામધૂમપૂર્વક ઊજવાયા.

સંતને ધીરજથી વહેલી ધામપ્રાપ્તિ

વડતાલમાં સમૈયા દરમ્યાન શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના ઉતારે થાળ જમી રહ્યા હતા. મૂળજી બ્રહ્મચારી પીરસી રહ્યા હતા. પ્રભુનો એ સહજ સ્વભાવ હતો કે, જમતી વેળાએ વારે વારે જળપાન કરવું. થાળ અંગીકાર કરી શ્રીહરિએ મુખવાસ લીધો; ત્યારે બ્રહ્મચારીએ વાત કરી : આજે સવારે હું નિત્યાનંદ સ્વામીના ઉતારે દર્શન કરવા ગયો હતો. ત્યાં મેં એક હિન્દુસ્તાની સંતને જોયા. એ બહુજ માંદા હતા. સખત તાવ આવેલો હતો. તે વખતે નિત્યાનંદ સ્વામીએ મને એમ કહ્યું કે તમે મહારાજને જઈને આ સંતના સમાચાર દેજો.

'સંત એટલા બધા માંદા છે, તોય તમે મને વહેલેથી કેમ ન કહ્યું ?'

'અરે મહારાજ ! બન્યું એવું કે થાળમાં શું શું બનાવવું એ વિચારમાં આપને કહેવાનું જ ભૂલી ગયો.'

'ચાલો, જે થયું તે ખરું. હવે આપણે એ માંદા સંત પાસે જઈએ,' એમ કહી ચરણે ચાખડી ધારણ કરી પ્રભુજી એ સંત પાસે પધાર્યા. ચાખડી ઉતારી પોતાનો જમણો ચરણ એ સંતની છાતી ઉપર મૂક્યો. સંતને સખત તાવ હોવાથી ભગવાનના ચરણનું તળિયું તપવા માંડ્યું.

પ્રભુએ નિત્યાનંદ સ્વામીને કહ્યું : સ્વામી ! આમને તો બહુ આકરો તાવ છે ! એ વખતે તે માંદા સંતે કહ્યું : ઓ મેરે ગુરુ સાહેબ ! જેટલાં દુઃખ દેનાં હોય તેટલાં યહ અવતારમેં દેનાં, પણ દુસરા જન્મ હુએ એસા નહિ કરના. હમારે દેહકો ચાહે કુછ ભી હો, ઉસકી ચિંતા મત કરના.

સંતનાં આવાં બળનાં વચન સાંભળી શ્રીહરિ બહુ જ પ્રસન્ન થયા. એ સાથે આશીર્વાદ આપ્યા : આ સંતને આમ તો હજુ સાત દિવસની પીડા ભોગવવાની બાકી હતી, પણ હવે એ બે દિવસમાં જ ધામમાં જશે.

એ સંતના માથે બંને હસ્ત મૂક્યા. અત્યંત રાજીપો જણાવતા શ્રીહરિ બોલ્યા : આ સાધુ ખરા ધીરજવાળા છે. જેમને આવી ધીરજ હોય છે તેમના ઉપર અમે વગર કહે રાજી થઈએ છીએ. દરેકની સમજણની પરખ આવી કપરી વેળાએ થઈ જાય છે. શ્રીહરિના આશીર્વાદ અનુસાર એ સંત મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા.

દર્શનાર્થે વૃદ્ધ ડોશીનો તલસાટ

વડતાલમાં સમૈયો પૂર્ણ કરી પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન ત્યાંથી રવાના થયા. એ વખતે સુરતથી ભક્તો આવ્યા. તેમના ખબર અંતર પૂછી શ્રીહરિએ સૌને ગઢપુર આવવા આદેશ આપ્યો.

ઘોડેસવારો સહિત શ્રીહરિ વડતાલથી પ્રયાણ કરી આશરે બે ગાઉ જેટલે પહોંચી ગયા ત્યારે સુરતના ભક્તોની સાથે આવેલ એક વૃદ્ધ બાઈ મોડેથી વડતાલ પહોંચી. ભક્તોને પૂછ્યું : મહારાજ ક્યાં છે ? ભક્તો કહે : પ્રભુ તો અહીંથી નીકળી ગયા છે. તેને પણ ઘણો સમય વીતી ગયો છે. એ વાત જાણતાં જ ડોશીના હોશ-કોશ ઊડી ગયા. “મારા ભગવાનનાં દર્શન વિના હું રહી ગઈ !” એમ વિચારતી એ મોટેથી રડવા લાગી.

ડોશીને વિચાર થયો કે હું દોડીને વાંસે જાઉં. દર્શનના તલસાટમાં એ દોડવા લાગી. ભક્તોએ કહ્યું : ડોશીમા, તમે દોડીને પહોંચી શકશો નહિ. ભગવાન તો ઘોડેસવાર થઈને જઈ રહ્યા છે. ડોશી કહે : એ હું કાંઈ ન જાણું. મારે તો મારા પરભુનાં દર્શન કરવાં છે. એમ બોલતાં ડોશીએ દોડવાનું ચાલુ રાખ્યું. એ દોડતી જાય, રડતી જાય ને બોલતી જાય, “અરે દયાળુ ! મને અભાગણીને દર્શન દીધા વિના ચાલ્યા ગયા ! હવે મને તમારાં દર્શન ક્યારે થશે ?”

વૃદ્ધાવસ્થાને લીધે દોડતાં દોડતાં ડોશી લથડિયાં ખાતી હતી. એ ડોશીનો અંતરનો સૂર પ્રભુ પાસે પહોંચ્યો. સાથે આવેલા અસવારોને કહ્યું : તમે સહુ થોડીવાર અહીં ઊભા રહો. એક અગત્યના કામ માટે મારે પાછું જવું પડે તેમ છે. એ કામ પતાવીને હું હમણાં જ તમારી પાસે આવી જઈશ. એટલું કહેતાં જ શ્રીહરિએ ઘોડી દોડાવી મૂકી. થોડી જ વારમાં પેલી પડતી આખડતી ડોશી પાસે આવી પહોંચ્યા. તેને કહ્યું : હવે તું રડીશ નહીં. તને દર્શન દેવા માટે પાછો ફરીને આવ્યો છું.

શ્રીહરિનાં દર્શન થતાં જ ડોશી ઘેલી ઘેલી થઈ ગઈ. હેતના અતિરેકમાં એ શ્રીહરિના ચરણે માથું અડાડી કહેવા લાગી : વાહ દયાળુ વાહ ! મારા ઉપર બહુ દયા કરી. મારા માટે દૂરદૂરથી પાછા વળ્યા !! આ દયા જીવનભર ભૂલાય એવી નથી.

શ્રીહરિ કહે : અમને સાચા પ્રેમી-ભક્તો પોકારે એટલે અમારાથી બેસી રહેવાય જ નહિ. ગમે તેટલે દૂર હોઈએ, ત્યાંથીય અમારે દોડીને આવવું પડે. બોલો ડોશીમા, દર્શનનું કામ પૂરું થયુંને ? હવે અમને રજા આપો તો અમે જઈએ. ડોશી કહે : મારા વિહામા, હવે આપ સુખેથી પધારો.

વૃદ્ધ ડોશીને કૃતાર્થ કરી શ્રીહરિએ ઘોડી દોડાવી મૂકી. થોડી જ વારમાં ઘોડેસવારો પાસે પહોંચી ગયા. ત્યાંથી પ્રયાણ કરી સૌરાષ્ટ્રમાં વિચરણ કરતા શ્રીહરિ ભેંસજાળ, કાસકા થઈ કરમડ પધાર્યા.

દરબારને સચોટ જવાબ

કરમડ ગામે ફૂલીબા વગેરે ભક્તોએ હરિવરને હૈયાના હેતથી વધાવ્યા. શ્રીહરિનો ઉતારો ફૂલીબાના દરબારમાં કર્યો. બાજુમાં આવેલા ચાસકા ગામના દરબાર નારસંગજીને ભગવાન પ્રત્યે પૂર્વગ્રહ હતો. એમને મનમાં થયું કે હું ભારે ભારે પ્રશ્નો પૂછીને ભગવાનને પરાસ્ત કરી દઉં.

આવા મલિન આશયથી એ કરમડ આવ્યા. ઉપરછલ્લો શિષ્ટાચાર

કરવા તે શ્રીહરિને પગે લાગ્યા. દરબારનો મલિન આશય પ્રભુજી જાણતા જ હતા. સીધેસીધી વાત કરવામાં કાંઈ સાર નીકળે એમ નહોતું. એટલે બાજુમાં બેઠેલા મૂળજી શેઠને કહ્યું : આ દરબાર બહુ ભાવિક છે. એમને વાતો સંભળાવો.

મૂળજી શેઠ વાતો કરવા લાગ્યા. શ્રીહરિના પ્રભુપણાની વાતો સાંભળી દરબાર ઊંચા નીચા થઈ ગયા. એ વચમાં જ ટપકી પડ્યા : તમે મહારાજને ભગવાન કહો છો, તો પછી એમનાં કાર્યોમાં વિઘ્ન કેમ આવે છે ? જેતલપુરમાં યજ્ઞ શરૂ કર્યો એમાં મોટા પ્રમાણમાં સામગ્રી એકત્ર કરી. પરંતુ અમદાવાદના સૂબાએ યજ્ઞ પૂરો થવા ન દીધો. જો એ ભગવાન હોય તો એટલું પહેલેથી ન જાણે કે સરકાર યજ્ઞ કરવા નહિ દે ? આમ અજાણપણે રહીને શા માટે સામાન ભેળો કરાવ્યો ? કાંઈ ન વળ્યું એટલે અંગ્રેજોની ઓથે ખેડા જિલ્લાના ડભાણ ગામે જવું પડ્યું.

આમાં બિચારા મૂળજી શેઠ કાંઈ જવાબ આપી શકે તેમ નહોતા. પ્રભુએ વાતનો દોર સંભાળી લીધો. નારસંગજી દરબારને પૂછ્યું : દરબાર ! તમે રામચંદ્રને કેવા માનો છો ?

'એ તો સાક્ષાત્ ભગવાન હતા.'

'એમના રાજ્યાભિષેકની કથા તો જાણો છો ને ? જરા યાદ કરો. રાજ્યાભિષેકની ઘોષણા થઈ ચૂકી હતી. ખુદ વશિષ્ટજીએ મુહૂર્ત જોઈ આપ્યું હતું. તાબડતોબ બધી સામગ્રીઓ એકત્ર કરવામાં આવી હતી. અતિ ઉછરંગે રામચંદ્રજીને ગાદી દેવાની હતી. પણ તેમ ન થયું. ગાદીને બદલે વનવાસ થયો. શું રામચંદ્રજી નહોતા જાણતા કે, આવતી કાલે વનવાસ થવાનો છે ? તો પછી એ બધી સામગ્રી એકત્ર કરવાની શી જરૂર હતી ? માતા કૌશલ્યા મોડ ઘાલીને રામચંદ્રને વધાવવાનાં હતાં, અડસઠ તીર્થનાં જળ એકત્ર કરેલાં હતાં એ પણ પડ્યાં રહ્યાં. બ્રાહ્મણો માટે સાત સાત પકવાનની રસોઈ બનાવી હતી એ પણ એમ ને એમ

જ રહી ગઈ. એ બધું કેમ થયું ?'

દરબાર કહે : એ તો ભગવાનની લીલા કહેવાય.

'તો દરબાર ! આ પણ અમારી લીલા છે.'

'મહારાજ, તમે કહો છો એ વાત બરાબર છે. આવું થવાની રીત તો અનાદિ કાળથી ચાલી આવે છે. પણ મહારાજ, અહીં ટોપીવાળાને (અંગ્રેજ સરકારને) ભારતમાંથી કેમ બહાર કાઢી મૂકતા નથી ? એ તો મહાપાપી છે. એમનું રાજ્ય બંધ કરાવો ને ? એનાથી મોટું પુણ્ય થશે.'

દરબારની શેહશરમમાં દબાયા વગર શ્રીહરિએ સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો કર્યો : દરબાર ! કાંટો કાંટાથી જાય. આ ભારતમાતાની છાતીમાં તમારા જેવા અનાડી રાજાઓના કાંટા વાગ્યા છે. એવા કાંટા કાઢવા આ અંગ્રેજ સરકારરૂપ મોટો કાંટો ભગવાને હાથમાં લીધો છે. એ તમારા જેવા કાંટાને કાઢીને જ જંપશે. પછી ભગવાનની મરજી હશે તેમ થશે.

પ્રભુની આવી તીખી ટકોર સાંભળી દરબાર નારસંગજી ચૂપ થઈ ગયા. પોતે ફોડવા ધારેલા ફટાકડાનું સૂરસૂરીયું થઈ ગયું. દરબાર વિદાય થયા પછી મૂળજી શેઠે કહ્યું : મહારાજ ! તમે ખરે ટાણે મારી બાજી સંભાળી લીધી. નહિતર હું તો ભોંઠો પડી જાત. પ્રભુ કહે : અમે એવા અપોંચિયા નથી કે અમારા ભક્તની લાજ જવા દઈએ.

ભગવાનની આવી અસીમ દયા વિચારી ભક્તોને અપાર આનંદ થયો. અહીં સૌને મનભાવન મોજ આપી નાગડકા વગેરે ગામે વિચરણ કરતા ને ભક્તોના મનોરથો પૂર્ણ કરતા શ્રીહરિ ગઢપુર પધાર્યા.

ગઢપુર, સારંગપુરમાં મહેરબાની

બે મુસ્લિમ બાળકોને નવજીવન

ગઢપુરમાં શ્રીહરિ લીંબડા તળે ઊગમણે મુખારવિંદે ઢોલિયા પર બિરાજમાન હતા. પ્રભુ પાસે પાંચ-સાત સંતો-પાર્ષદો, એભલખાચર, દાદાખાચર વગેરે કેટલાક ભક્તો બેઠા હતા ને જીવુબા, લાડુબા વગેરે પોતાની મર્યાદા અનુસાર ત્યાં શ્રીહરિનું દર્શનસુખ માણી રહ્યાં હતાં.

એ સમયે સરધારથી કરીમ મિયાં આવ્યા. એ ઘાંચી વોરા હતા. પોતાના બે ભત્રિજાને સાથે લાવ્યા હતા. એમાં નાથો મૂંગો હતો ને હસન હાથે ને પગે અપંગ હતો. બંને ભત્રિજાને ગાડા પરથી ઉતારી શ્રીહરિની પાસે લાવ્યા.

કરીમ મિયાં શ્રીહરિને પગે લાગ્યા ત્યારે સભામાં બેઠેલા શ્રીપાત દેવાનંદ સ્વામી **'मुकं करोति वाचालम्'** એ શ્લોક બોલ્યા. તેમના સામે દૃષ્ટિ કરતા શ્રીહરિ મંદ હાસ્ય કરતા બોલ્યા : કેમ, એ વાત પ્રત્યક્ષ જોવાની ઈચ્છા છે ?

'મહારાજ, આવાં અદ્‌ભુત ચરિત્ર જોવાની કોને ઈચ્છા ન હોય ? એમાં બિચારા આ બાળકોનું પણ કામ થઈ જાય.'

તરત જ શ્રીહરિએ આદેશ કર્યો : મિયાંજી, એક ચકલું પકડી લાવો. પહેલો નાથાનો ઈલાજ કરીએ.

સભામાં બેઠેલાને નવાઈ લાગી કે ચકલાંથી વળી કેવો ઈલાજ કરશે ? પણ મિયાંજીને સંપૂર્ણ ભરોસો હતો કે ભગવાન કહે એમ જ મારે કરવું છે. એ ઝટપટ ગયા ને ચકલું પકડી લાવ્યા. પ્રભુએ આદેશ આપ્યો : એ ચકલું નાથાના મોઢે મૂકીને બોલાવ. મિયાંજીએ એમ કર્યું ત્યાંજ નાથો બોલ્યો : મહારાજ... મહારાજ..., સભાજનો શ્રીહરિની આ કરામત જોઈ વાહ... વાહ... કરવા લાગ્યા.

હવે આવ્યો હસનનો વારો. શ્રીહરિએ ભગુજીને કહ્યું : તમે પેલા

હસનને પકડીને એના પગ પર તમારો પગ મૂકીને ખેંચો. ભગુજીએ એમ કર્યું કે તરત જ હસન ચાલતો થઈ ગયો. શ્રીહરિના આદેશ અનુસાર ભગુજીએ હસનને ધક્કો માર્યો તો એ સરળતાથી દશ કદમ સુધી ચાલ્યો પણ ખરો. પાછો આવીને એ શ્રીહરિને પગે લાગ્યો.

હસનને પગની તકલીફ દૂર થઈ ગઈ, પરંતુ હાથનો ઈલાજ બાકી હતો. કૃપાળુ શ્રીહરિએ તેના હાથ પર પોતાનો કોમળ કર ફેરવ્યો ત્યાં નિર્જીવ જેવા જણાતા હસનના હાથ જીવંત થઈ ગયા.

આજે શ્રીહરિ અઢળક ઢળ્યા હતા. હસનનો વાંસો ઠબકારતા બોલ્યા : આને શિક્ષક પાસે ભણાવજો એટલે બહુ જ ડાહ્યો થશે. એના હાથ અમે સાજા કર્યા છે એટલે લખવામાં બહુ જ હોંશિયાર થશે. એને કોઈ જીતી નહિ શકે.

સાક્ષાત્ ભગવાનની કરુણાવર્ષા થાય ત્યારે કહેવાનું જ શું હોય ? અશક્ય હોય તે પણ શક્ય બની જાય. બિચારા ડૉક્ટરો કે ગમે તેવા નિષ્ણાતો ગમે તેટલા મથીને મરી જાય ને સારવાર કરતાં કેટલોય સમય વીતી જાય તો પણ આવી કરામત ક્યાંથી કરી શકે ? સભામાં બેઠેલા બધા માટે શ્રીહરિનું આ પ્રતાપ-દર્શન અવિસ્મરણીય બની ગયું.

છત્રીસ સાંઢને નાથ્યા

ગઢપુરમાં શ્રીહરિ દર્શનદાન દઈ રહ્યા હતા. એવામાં અભયખાચરના કારભારીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : સ્વામી, એભલ બાપુને ઊપજ કરતાં ખર્ચ વધારે થાય છે. હાલમાં પરિસ્થિતિ એટલી બધી હદ વટાવી ગઈ છે કે મહેસૂલ ભરી શકાતું નથી. બાપુ પાસે જમીન તો ૧૮૦૦ વિઘાની છે પણ ત્યાં પૂરતી ખેતી થઈ શકે તેમ નથી. તેનું કારણ પણ એ જ છે કે બાપુ પાસે માત્ર પાંચથી છ જોડી બળદની છે. બીજા બળદ ખરીદવા માટે પૂરતા પૈસા નથી.

બ્રહ્માનંદ સ્વામીએ આ વાત પ્રભુજી આગળ કરી. આ વાતનો નિવેડો લાવવા શ્રીહરિએ તત્કાળ નિર્ણય કરી લીધો. બ્રહ્માનંદ સ્વામીને

આદેશ આપ્યો : 'સ્વામી, પાર્ષદોને કહી દેજો કે, એભલ બાપુની ગાયુંના વાછરડાઓ શ્રાવણ ભાદરવો ચરીને સાંઢ જેવા થયા છે, તે બધાને આજે બીડમાં ભેગા કરે.' સ્વામી કહે, 'મહારાજ, તે તો વકરી ગયા છે ને ભારે મારકણા છે, તેને શી રીતે પકડાય ?'

મહારાજ કહે, 'તમે બધા પાર્ષદોને કહેજો, તેઓ ભેગા કરશે.' સ્વામી કહે, 'તેને ભેગા કરીને શું કરશો?' મહારાજ કહે, 'બધાને નાથી દેશું. છત્રીસ વાછરડા છે, તે અઢાર જોડી બળદ થઈ જશે.'

સ્વામી તો વિચારમાં જ પડી ગયા કે, જેની નજીક પણ જઈ નથી શકાતું, તેવા માતેલા સાંઢને કોણ નાથશે ? મહારાજ કહે, 'સ્વામી ! બધી ચિંતા છોડી દો. બધો સરંજામ તૈયાર રાખજો. છત્રીસે વાછરડાને અમે નાથી દઈશું.'

શ્રીહરિના આદેશ અનુસાર એભલ બાપુના બીડમાં છત્રીસ વાછરડાને મહામહેનતે આંતરીને પાર્ષદોએ ભેગા કર્યા. એ પાર્ષદો કડીયાળી ડાંગ લઈને આજુબાજુ ઊભા રહ્યા. મહારાજ પધાર્યા ને પૂછ્યું, 'બધો સરંજામ તૈયાર છે ને ?' ભગુજી કહે, 'હા મહારાજ.'

આમ તો શ્રીહરિ સંકલ્પમાત્રે કરીને કામ પાર પાડી શકે તેમ હતા. પરંતુ અહીં કળ ને કળા બંનેનાં એકી સાથે દર્શન કરાવવાં હતાં. શ્રીહરિ ઝાડ ઉપર ચડ્યા; ત્યાંથી કૂદકો માર્યો. છત્રીસ સ્વરૂપ ધારી છત્રીસે વાછરડા ઉપર બેસી ગયા. મહારાજનો સ્પર્શ થતાં બધા વાછરડા શાંત થઈ ગયા. તરત નીચે ઊતરી સૌની સન્મુખ ગયા. એકે એકનું માથું નીચું કરીને, એકી હારે દરેકને નાથ નાખી દીધી.

શ્રીહરિનું આ અદ્‌ભુત ચરિત્ર જોઈ સંતો-હરિભક્તોએ જયજયકાર કર્યો. તે સમયે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : મહારાજ પૂર્વે કૃષ્ણચંદ્રે સાત વાછરડા નાથ્યા હતા, પરંતુ તમે તો આ છત્રીસ નાથ્યા ! નાથવાની આગવી કળા તો તમારી વર્ષો જૂની છે ને ? સ્વામીની આ વ્યંગ વાણી સાંભળીને શ્રીહરિએ મંદ મંદ હાસ્ય કર્યું. એ સાથે જોધા ભરવાડ અને

ભગુજી પાર્ષદને કહ્યું : તમે બેત્રણ દિવસ આને પલોટજો અને પછી ખેતીમાં જોડજો.

અઢારસો વિઘા જમીન ખેડાવી

એભલખાચરની અઢારસો વિઘા જમીન પડતર હતી. એ જમીનમાં કાંઈ વાવી શકાય તેમ નહોતું. તેમાં ઝાડાં ઝાંખરાં કાઢીને સાફ કરવી પડે તેમ હતું.

સંતો-ભક્તોને બોલાવીને શ્રીહરિએ કહ્યું : એભલ પરિવારે અમને પોતાનું સર્વસ્વ સોંપી દીધું છે. એવા ઉત્તમ ભક્તની સેવા એ અમારી જ સેવા છે. માટે સહુ સેવામાં લાગી જાઓ.

આ કામ વહેલી તકે પાર પડે તે માટે શ્રીહરિની પ્રત્યક્ષ દેખરેખની જરૂર હતી. સૌ સેવકો પર શ્રીહરિની દૃષ્ટિ પડે તે માટે દક્ષિણ દિશામાં આવેલા મોટા બાવળ તળે જગા સાફ કરાવી, તે ઉપર નદીની રેતી પથરાવી. ત્યાં ઢોલિયા પર ગાદી તકિયો બિછાવ્યો. બાજુમાં જ મોટા તંબુ બંધાવ્યા. તેમાં સંતોના ઉતારા કરાવ્યા. ભક્તો માટે પણ ચંદની બંધાવી.

પ્રભુએ આદેશ આપ્યો : આ બીડમાંથી બોરડીઓ ખોદી નાખો. એ સેવા કરનાર માટે ભોજન પ્રબંધ પણ શ્રીહરિએ ગોઠવી દીધો. જગન્નાથાનંદ સ્વામીને ૫૦ સંતો આપ્યા. તેઓને સઘળી વ્યવસ્થા સોંપી દીધી.

બહુ જ મહેનત માગે તેવું આ કામ હતું. બોરડી, બાવળ વગેરે જે કાંઈ હતું તે ખોદીને કાઢી નાખવાનાં હતાં. પ્રભુનું સાનિધ્ય હતું એટલે કામ ઝડપથી ચાલ્યું. સૌને પ્રોત્સાહન આપવા પ્રભુ પણ સ્થળે સ્થળે પધારતા. એ વખતે હાલની જેમ મોટાં બુલડોઝર નહોતાં કે બે ત્રણ દિવસમાં કામ પાર પડી જાય. બધું જ કામ હાથે કરવાનું હતું. પ્રભુને રાજી કરવાની તમન્નાથી બધા ખડે પગે સેવામાં લાગી ગયા હતા. જમીન ૧૮૦૦ વિઘાની હતી. એને ખેડીને ખેતી લાયક કરવા માટે ઘણા દિવસો પસાર થઈ ગયા. એ જમીન પર ખેડ કરવા નાથેલા

વાછરડાને ખેતીએ જોડ્યા. વરસાદ શરૂ થાય તે પહેલાં બધી જમીન વાવવા લાયક બની ગઈ.

એભલખાચરને આશીર્વાદ આપતાં પ્રભુએ કહ્યું : બાપુ, જમીન તૈયાર થઈ ગઈ છે. હવે વાવણીનો વરસાદ થાય એટલે વાવણી કરી લેજો.

આ બીડ સાફ કરવામાં સંતો-ભક્તોએ સેવા આપી હતી. તે બધા પર શ્રીહરિએ બહુ જ રાજીપો દર્શાવ્યો. બધું જ કામ પૂર્ણ થતાં શ્રીહરિએ પોતાનો ઉતારો પાછો અક્ષર ઓરડીમાં કરાવ્યો.

વાંસળી વાદન

ગઢપુરમાં એકવાર સોમલાખાચરે શ્રીહરિને પ્રાર્થના કરી : આજે ગરમી ખૂબ છે. તો ઉન્મત્ત ગંગાએ નહાવા જઈએ. ભક્તની પ્રાર્થના સ્વીકારી બપોરના ઉન્મત્ત ગંગામાં પધાર્યા. તે સમયે ભુજના હીરજીભાઈ સુથારે સુવર્ણજડિત વાંસળી શ્રીહરિને ભેટ ધરી. વાંસળીને હસ્તકમળમાં લઈ શ્રીહરિ રમાડતા રમાડતા ઊભા થયા. વાંસળી પોતાના અધર ઉપર મૂકી. ત્રિભંગ કર્યો અને સૂર છેડ્યો. એ વાંસળીના સૂર ચલાચલ સર્વમાં વ્યાપી ગયા. આકાશમાં ઘનઘોર વાદળાં ઊમટ્યાં. એ છત્રરૂપે ઘનશ્યામ ઉપર છવાઈ ગયાં. સૂર્ય સંતાઈ ગયો. ઉન્મત્ત ગંગાનાં નીર થંભી ગયાં. સંતો-ભક્તોનાં અંતર સ્થિર થઈ ગયાં. લાડુબા, જીવુબા વગેરે બાઈઓ તથા એભલ બાપુ, દાદાખાચર વગેરે મહેલમાંથી ગંગાતીરે દોડી આવ્યા. તેમને સમાધિ થઈ ગઈ. શ્રીહરિની ચોતરફ વનનાં પશુઓ પણ આવીને ઘેરી વળ્યાં. અરે જંગલી પશુઓ પણ આવી પહોંચ્યાં. પોતાનો હિંસક સ્વભાવ ત્યજી દઈને મુનિમંડળની જેમ સ્થિર થઈને વાંસળીના અલૌકિક સૂરનું પાન કરવા લાગ્યાં.

શ્રીહરિએ વેણુવાદન બંધ કર્યું ત્યારે અનેક ગોવાળો ભગવાન પાસે આવ્યા. એ પ્રાર્થના કરવા લાગ્યા : હે પ્રભુ ! આપની વેણુના સૂર સાંભળી અમારી ગાયો મૃત્યુ પામી છે; કૃપા કરી તેને સજીવન કરીને અમને પાછી આપો. એને બિચારાને એ ક્યાં ખબર હતી કે

ગાયોને સમાધિ થઈ છે માટે મરેલાની જેમ ઢળી પડી છે.

ગોવાળોને ખરું રહસ્ય સમજાવતા શ્રીહરિ મધુર હાસ્ય કરતા બોલ્યા : હે ગોવાળો ! તમારી ગાયો મૃત્યુ નથી પામી. જુઓ, આમ કહેતાં જ એ ગાયો અત્યંત તેજસ્વી સ્વરૂપે ગોવાળોને દેખાઈ. શ્રીહરિ બોલ્યા : અમારા સંબંધે આ ગાયો દિવ્યતા પામી ગઈ છે. એ જ્યારે દેહ મૂકશે ત્યારે જન્મમરણથી રહિત થશે એટલું જ નહિ, અમારા ધામમાં અમારા અલૌકિક સાન્નિધ્યને પ્રાપ્ત કરશે. આટલું કહી તે તમામ ગાયોને પૂર્વવત્ દેખાડી. ગોવાળો એ જોઈ રાજી રાજી થઈ ગયા.

સંતદાસજીની સિદ્ધદશા

ગઢપુરમાં ભગવાનનાં દર્શને આવેલા કરિયાણા ગામના દેહાખાચર, મીણબાઈ વગેરેની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ કરિયાણા ગામે પધાર્યા. આ સમયે બદ્રિકાશ્રમથી તીર્થોમાં ફરતા ફરતા સંતદાસજી ડભાણ આવ્યા. આ સંતદાસજી તે જ શતાનંદ સ્વામી. શ્રીહરિની મસ્તીમાં તે અલમસ્ત થઈને ફરતા. તેમને દેહદશાનું પણ ભાન નહોતું રહેતું; જળ સ્થળ કે વૃક્ષ દિવાલ વગેરેનું આવરણ નહોતું નડતું. પોતાની દૃષ્ટિ આગળ મૂર્તિ દેખે, તેની પાછળ પાછળ જ ફરતા રહે. આવા સંતદાસજી ડભાણ આવ્યા. તેમને સ્વરૂપાનંદ સ્વામી વગેરે જે ત્યાં હતા તે મળ્યા. શ્રીહરિ કરિયાણા ગામે છે એ સમાચાર જાણી સંતમંડળ સાથે કરિયાણા આવ્યા. અત્રે વ્હાલમજીનાં દર્શન કરતા રોમાંચિત ગાત્ર થઈ ગયા. ભગવાન તેમને પ્રેમથી ભેટ્યા.

અહીં છે તેવું ક્યાંય નથી

સુરાખાચર વગેરેને ઈન્તેજારી જાગી કે બદ્રિકાશ્રમમાં કેવું સુખ છે તે પૂછી તો જોઈએ. તેથી કહ્યું : સ્વામી, તમે બદ્રિકાશ્રમમાં જઈને આવ્યા, એ બહુ સારું થયું, પણ હવે એ તો કહો કે ત્યાં કેવું સુખ છે ?

સંતદાસજી કહે : જે સુખ અહીં છે તેવું સુખ ક્યાંય નથી. જે ત્યાં છે તે પણ બધા અહીંનું ભજન કરે છે. સારનું સાર, તત્ત્વનું તત્ત્વ અહીં જ છે. સુરાખાચરે પૂછ્યું : તો પછી તમે વારંવાર બદ્રિકાશ્રમ શા માટે

જાઓ છો ? સંતદાસજીએ કહ્યું : હું ત્યાં મારી ઈચ્છાથી નથી જતો. ભગવાનની મૂર્તિ આગળ આગળ જાય છે, તેમની પાછળ પાછળ હું જાઉં છું. એ મને દોરી જાય ત્યાં જાઉં છું. એમ કહી થોડીવાર રોકાયા. જ્યાં મૂર્તિનો સંકેત થયો ત્યાં સંતદાસજી કેડે કેડે ચાલવા માંડ્યા. સ્વામીની અવધૂત દશા સહુ જોતા જ રહ્યા.

થોડીવાર પછી ગઢડાથી જીવાખાચર આવ્યા. તેમને સમાચાર મળ્યા હતા કે સંતદાસજી આવ્યા છે. એ સંતદાસજી કેવા છે તે જોવા એ ઉતાવળા ઉતાવળા ત્યાં આવ્યા તો ખરા, પણ સંતદાસજી ત્યાંથી ચાલ્યા ગયા હતા. શ્રીહરિને તેમણે પ્રાર્થના કરી : પ્રભુ, મારે સંતદાસજીનાં દર્શન કરવાં હતાં, એટલા માટે તો જલ્દી જલ્દી અહીં આવ્યો, પણ હું એવો તે કેવો અભાગિયો કે એવા સંતનાં દર્શન મને ન થયાં !!

જીવાખાચરનો વસવસો જાણી શ્રીહરિએ આંગળીનો સંકેત કર્યો. તરત જ સિગ્નલ મળી ગયું. સંતદાસજી પાછા વળ્યા ને ભગવાનની પાસે આવ્યા. સ્વામીનાં દર્શન કરી જીવાખાચર બહુ જ રાજી થયા. ભગવાનને કહ્યું : વાહ મહારાજ, આપે મારા ઉપર બહુ જ દયા કરી.

બધાને સંતોષ થાય તે માટે શ્રીહરિએ સંતદાસજીને પાંચ દિવસ સાથે રાખ્યા. શ્રીહરિના સંકેત અનુસાર તે ત્યાંથી વિદાય થયા.

શ્રીહરિએ સંવત ૧૮૬૭, શ્રાવણ વદ ૮, તા. ૧૨-૮-૧૮૧૧, સોમવારના રોજ જન્માષ્ટમી ઉત્સવ કરિયાણા ગામે કરવાનું નક્કી કર્યું હતું. એ અનુસાર દેશોદેશથી ભક્તો આવેલા હતા. રંગે ચંગે ઉત્સવ પૂરો થયો. ભક્તો પોતપોતાને ગામ જતાં પહેલાં ભગવાનનાં દર્શન કરવા આવ્યા. સારંગપુરના જીવાખાચર, રાઠોડ ધાધલ આદિએ પોતાને ગામ પધારવા ભગવાનને પ્રાર્થના કરી. તેમની પ્રાર્થના સ્વીકારી ભગવાન સારંગપુર પધાર્યા.

વૃષ્ટિ તેમજ દયાદૃષ્ટિ

શ્રીહરિ સારંગપુર પધાર્યા ત્યારે જન્માષ્ટમી વીતી ગઈ હતી. ત્યાં

સુધીમાં માત્ર એક જ વાર વરસાદ થયો હતો. એ પણ વાવણી પૂરતો જ. પછી તો આખું આભ કોરું કટ. દિવસે સૂરજનો આકરો તાપ. બધા ચિંતાતુર બની ગયા. એ વિચારવા લાગ્યા : આ વર્ષે ધરતીને શું થાવા બેઠું છે ? કાંઈ સમજણ પડતી નથી. શ્રાવણેય પૂરો થયો તોય નાની વાદળી પણ દેખાતી નથી !

ગામને ચોરે બેઠેલા ઘરડેરા આમ વિચારી રહ્યા હતા, ત્યાં એક જણને સૂઝ્યું : હાલો હાલો આપણે સ્વામિનારાયણ ભગવાન પાસે જઈએ. ઈન્દ્ર એમનું માનશે.

બધા ભેળા થઈ જીવાખાચરના દરબારમાં આવ્યા. શ્રીહરિનો ઉતારો અહીં હતો. પ્રભુજી કથારસ રેલાવી રહ્યા હતા. એકાએક આવેલા વૃદ્ધ મંડળને જોઈ પ્રભુએ કથા બંધ રાખી; વૃદ્ધોને આવવાનું કારણ પૂછ્યું. બધાનો સૂર એ જ હતો કે મેહ વિના ઢોર-ઢાંખર ટળવળે છે. હવે તો માણસનું જીવન જોખમાય એવા દિવસો આવી ગયા છે. સભામાં બેઠેલા સુરાખાચર વગેરે ભક્તોએ પણ આ બાબતમાં સૂર પુરાવ્યો.

ભગવાનનો એવો સહજ સ્વભાવ હતો કે, કોઈ એક જણને દુઃખિયો દેખી એમનું દિલ દ્રવી ઊઠતું. એ ભગવાન આગળ પ્રજાજનોના મોટા સમૂહે આજીજી કરી. પ્રભુને પારાવાર દુઃખ થયું. તરત જ આદેશ આપ્યો : ચાલો આપણે ધૂન કરીએ.

ધૂન શરૂ થઈ. જાણે ઈન્દ્ર સાથે સંકેત કરી રહ્યા હોય તેમ શ્રીહરિ વારે ઘડીએ આકાશ તરફ નજર માંડવા લાગ્યા. ત્યાં જ વાતાવરણ પલટાયું. વરસાદના વાવડ દેતો વાયરો શરૂ થયો. ઉકળાટ હળવો થયો. બધાને અંદાજ આવી ગયો કે હવે થોડી જ વારમાં વરસાદ થશે. આમેય ઈન્દ્ર વગેરે દેવ તો શ્રીહરિના આજ્ઞાધીન સેવક છે. પ્રભુ સંકલ્પ કરે એટલે એમને આવ્યે જ છૂટકો. વરસાદ પડશે એ હરખની હેલીમાં સૌનાં હૈયાં ભીંજાઈ ગયાં.

રાત ઘેરાવા માંડી એ સાથે આભમાં વાદળાં પણ બેવડે ને ચોવડે થરે ઘેરાવા માંડ્યાં. જોતજોતામાં ઘનઘોર ગર્જના થવા લાગી. વાદળાંને

વીંધતી વીજળી ધરતી પર પટકાવા માંડી. મેઘરાજાએ મોટે ફોરે વરસવા માંડ્યું. થોડી જ વાર થઈ ત્યાં બધે પાણી પાણી થઈ ગયું. માટીવાળાં ઘર પડવા માંડ્યાં. શ્રીહરિના ઉતારામાંય પાણી ભરાવા માંડ્યું. મનુષ્યભાવ દર્શાવતા શ્રીહરિ જીવાખાચરને કહેવા લાગ્યા : આ ઘર તો હવે નક્કી પડે એવું છે. શું કરશું ? મેં તને ના પાડી તોય તું મને અહીં લઈ આવ્યો.

'અરે મહારાજ ! મેં નવી મેડી બનાવી છે ત્યાં જઈએ. આ ઘર ભલેને પડતું.'

વરસાદની ઝડી ચાલુ હતી. એમાં પલળતા પલળતા પ્રભુ જીવાખાચરની નવી મેડીએ પહોંચ્યા. થોડી જ વાર થઈ ત્યાં જીવાખાચરનું જૂનું ઘર પડ્યું. તેનો ધુબાકો થયો.

આજે પ્રભુને ભક્તનો પ્રેમ પારખવો હતો એટલે નવી લીલા આદરી. કહ્યું : જીવા ! હમણાં એવી કકડીને ભૂખ લાગી છે કે જમ્યા વિના નહિ ચાલે. ભગવાને આ રીતે માગણી તો કરી; પણ રસોઈ ક્યાં કરવી એ જ મોટો પ્રશ્ન હતો. રસોડામાં પાણી ભરાઈ ગયું હતું. છાણાં ને લાકડાં પણ પાણીથી તરબતર થઈ ગયાં હતાં. આજની જેમ ગેસના ચૂલા હતા જ નહિ. ચૂલો કેમ બનાવવો ? સૂકાં લાકડાં ક્યાંથી લાવવાં એ જ મોટી સમસ્યા હતી.

જીવાખાચરને શ્રીહરિની ઈચ્છાથી ઉપાય સૂઝ્યો. એક કોઠી ભાંગી એનો ચૂલો કર્યો. હાથમાં કુહાડો લીધો. નવો રંગત ઢોલિયો ભાંગ્યો. તેના ઈસ, ઉપળા અને પાયા ફાડીને બળતણ કર્યું. ધર્મપત્ની સીતાબાને કહ્યું : મહારાજ માટે રોટલા કરો. સીતાબાએ બે સરસ રોટલા તૈયાર કર્યા. ઘીથી તરબતર કરીને થાળીમાં મૂક્યા. એક તપેલીમાં ભેંસના દૂધનું દહીં ભર્યું. જીવાખાચર તે લઈને ભગવાન પાસે આવ્યા. પ્રભુજી પાટલા પર બિરાજમાન થયા. ભક્તની સમર્પણ ભક્તિના થાળ પ્રભુ પ્રેમથી અંગીકાર કરી પ્રસન્ન થયા.

થોડીવાર આડે પડખે થયા. ત્યાં જ આ નવી મેડીમાંથી કચૂડ કચૂડ અવાજ થવા માંડ્યો. ભગવાન કહે : જીવા ! આ મેડી પણ પડવા જેવી થઈ છે. હવે ક્યાં જશું ?

'પ્રભુ ! દેવાખાચરનાં ઘર પાકાં છે, ચાલો ત્યાં જ જઈએ.'

આજે પ્રભુની કેવી અજબની લીલા હતી. અનંતકોટી બ્રહ્માંડના રાજાધિરાજ સામાન્ય ઘરમાં ઉતારો કરવા માટે ઘોર રાત્રીએ ને ભર વરસાદમાં આમતેમ આંટાફેરા કરે છે !!

દેવાખાચરને ખબર પડી કે પ્રભુજી પોતાને ત્યાં પધારે છે. એ બહુ જ રાજી થયા. પ્રભુને પ્રેમપૂર્વક આવકાર્યા. પ્રભુ ત્યાં પોઢ્યા. થોડી જ વાર થઈ ત્યાં જીવાખાચરની મેડીનો ભૂસાકો સંભળાયો. આખી રાત વૃષ્ટિ ચાલુ રહી. હવે તો બધાને અધધધ થઈ ગયું હતું.

લખાની લાખેણી લાજ રાખી

સારંગપુરમાં લખા ભગત હતા. એમનાં ઢોર ઢાંખર ઘરમાં બાંધેલાં હતાં. ઘરના મોભમાંથી કચૂડ કચૂડ અવાજ થવા માંડ્યો. ભક્તે જાણ્યું કે ઘર નક્કી પડશે. ઢોર ઘરમાં બાંધેલાં છે તે દબાઈ મરશે. એ ચિંતામાં એના મોઢેથી બૂમ નીકળી ગઈ : હે સ્વામિનારાયણ ભગવાન...મને બચાવો, મારાં ઢોર દબાઈ મરશે.

લોકો બધા પોતપોતાના સામાનની સાચવણીમાં પડ્યા હતા. મેઘગર્જનાના મોટા કડાકા થતા હતા, એમાં આ બિચારા ભક્તનો અવાજ સંભળાય પણ કોને ?

પણ... હા... એના સાંભળનારા હતા... એ હતા સ્વામિનારાયણ ભગવાન. ગમે તેવા ઘોંઘાટ વચ્ચે ભક્તે કરેલો દર્દીલો પોકાર, લાખ્ખો ગાઉ દૂર વસેલા એ ભગવાનને તરત જ ઊભા કરી દે. અહીં પણ એમ જ થયું. પ્રભુજી પલંગ પરથી સફાળા ઊભા થયા. કોઈનેય કહેવા પણ ન રહ્યા કે હું જાઉં છું. એ તો દોડતા દોડતા પહોંચ્યા લખા ભગતને ઘેર. જોયું તો ઘરનો મોભ પડું પડું થઈ રહ્યો હતો. જો થોડી

જ વાર થાય તો તેની નીચે રહેલાં ઢોર-ઢાંખર દબાઈ મરે તેમ હતું. લખા ભગતને પોતાના આગમની જાણ કર્યા વિના પોતાના ખભે એ મોભને ટેકવી દીધો. ચોમેરથી રાત્રીનું અંધારુ છવાએલું હતું. એમાંય આ અંધારિયું ઘર. મોભ પડતે પડતે અટકી ગયો.



લખા ભગતે મનમાં ધાર્યું કે ભગવાને દિવ્યરૂપે મારી રક્ષા કરી. ત્યાં જ અચાનક વીજળીનો ઝબકારો થયો. ભગતે પ્રભુને જોયા. ખભે મોભ હતો. માથેથી વરસાદની ઝડી થઈ રહી હતી. ઘડીભર તો ભગતને સ્વપ્ન જેવું લાગ્યું. પણ ના... આ તો હકીકત હતી. લખાના મોઢેથી દર્દીલો સૂર નીકળી ગયો : અરેરે પ્રભુ ! આપ અહીં !! આપને ખભે મારો ભાર ઊપાડવો પડ્યો !! હું આજે આપને બોજારૂપ થઈ પડ્યો !!

પ્રભુએ રક્ષા કરી એનાં હર્ષાશ્રુ હતાં, તો પ્રભુને ખભે ભાર ઉપાડવો પડ્યો એની દિલગીરી હતી. ભક્તને આશ્વાસન આપતા પ્રભુ બોલ્યા : ભગત ! તમારા જેવા પ્રેમી ભગત પોકાર કરે ત્યારે અમને આવ્યા વગર કેમ ચાલે ?

મોભનો ભાર પ્રભુના ખભેથી ઉતારવા લખા ભકત ઝટપટ દોડી

દશ-બાર માણસોને બોલાવી લાવ્યા. એ મોભ જ્યારે પ્રભુના ખભેથી ઊંચકાયો ત્યારે ખભા પર ઊંડો ખાડો પડી ગયો હતો. ભક્તને ફરીથી અરેરાટી થઈ. પ્રભુએ ફરીથી ધીરજ આપી : આ ઘા તો હમણાં જ રુઝાઈ જશે, પણ મારા ભગતનાં ઢોર ઢાંખર દબાઈ જાત ને તેને જે હૈયાના ઘા વાગત તેને કોણ રુઝાવત ?

ભગવાને વરસાવેલી કૃપાથી ભગત ભીના ભીના થઈ ગયા. ભગવાનના ચરણે ઢળી પડ્યા. ભગવાનને પોતાના ભક્ત કેટલા વ્હાલા છે એનો જબરદસ્ત દાખલો પુરવાર કરી આપ્યો. આવા નિમિત્તે ભગવાને એ પણ શીખ દીધી કે માનવસેવાના આવા અવસરે માનવીની સાથે હળીમળીને એકમેક થઈ જવું. આ રીતે એકબીજાનાં સુખ-દુઃખના સાથી બનવામાં જ સાચી માનવતા મહોરી ઊઠે છે.

ગામમાં ઘણું નુકશાન થયું હતું; છતાં પણ લોકોને ભગવાન પ્રત્યે ભાવ કેવો છે તે તપાસવું હતું. તે માટે શ્રીહરિએ ભિક્ષા માગવાનું વિચાર્યું. સંતોને ખબર પડી કે ભગવાન ભિક્ષા માગવા નીકળે છે. પોતાના ઈષ્ટદેવ આ રીતે કષ્ટ ભોગવે એ સેવકથી કેમ દેખ્યું જાય ! સંતોએ પ્રાર્થના કરી : હે પ્રભુ, આજે માર્ગમાં કાદવ કીચડ ઘણો હશે માટે રહેવા દો. અમે જઈશું. તોય પણ ભગવાન પોતે ઝોળી લઈને નીકળી પડ્યા. જીવાખાચર ઝોળી ઉપાડી ભગવાન સાથે જવા તૈયાર થયા. તેમને પણ ના પાડી. ‘નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો’ એવા શ્રીહરિના મધુર શબ્દો ઘરના આંગણે સાંભળતાં જ બોઘા શેઠે મેથીના લાડુ આપ્યા, તો વળી હીરા શેઠે સાદ સુણતાં સુખડીથી ઝોળી ભરી દીધી. ભગવાન ઘણે ઠેકાણે ફર્યા ને ઘણાં પકવાન લાવ્યા. છેવટે ગામના ચોરામાં આવી પોતાના વહાલા સંતોને બોલાવ્યા ને જમવા બેસાડ્યા. એવામાં જીવાખાચર પણ દહીં દૂધનાં ભરેલાં પાત્રો લાવ્યા. કેટલાક રોટલા રોટલી વગેરે લાવ્યા. શ્રીહરિએ સ્વહસ્તે સંતો-પાર્ષદોને પીરસીને પ્રેમથી જમાડ્યા. દયાનિધાનની કેવી અનહદ દયા કે પોતાના

શરણે આવનારની ખબર પોતે જ રાખે છે. પોતાના દેહને થતા કષ્ટની પણ પરવા કરતા નથી.

વાણી-દોષની વિષમતા

સારંગપુરમાં શ્રીહરિ સમક્ષ સંતો કીર્તનગાન કરી રહ્યા હતા. તેવામાં એક દિગંબર બાવો આવ્યો. અંગે ભભૂતિ લગાવેલી હતી. માથે મોટી જટા હતી, હાથમાં કડું હતું. શ્રીહરિ સામે એકી નજરે જોતો તે થોડીવાર ઊભો રહ્યો. સુરાખાચરને બીજી કાંઈ ખબર ન હતી. એ ગાળ દેતાં બોલ્યા : ગધેડીનો બાવો નાગો થઈને ફરે છે. તેને કાંઈ શરમ છે કે ? એ સાંભળ્યા છતાં બાવાએ કાંઈ પણ ક્રોધ ન કર્યો. એ તો શ્રીહરિને વંદન કરી ચાલ્યો ગયો.

શ્રીહરિને ભક્તની આ કર્કશ વાણી ન ગમી; તરત જ ટકોર કરતા બોલ્યા : કાઠીની જાત જ એવી છે કે વાતની વાતમાં ગધેડી શબ્દ બોલે. જાણે ગધેડીને પૂંછડાએ સહિત મોઢામાં મૂકી રાખી હોય ને શું ? સારી વસ્તુ લાગે કે ખરાબ વસ્તુ લાગે. બેયમાં ગધેડીનો ઉપયોગ કરે. દૂધ સારું હોય તો કહે : ગધેડીનું દૂધ શું મીઠું છે ! તો વળી ખરાબ વસ્તુને કહેવું હોય તો કહે : હું મારા દીકરાને કહી કહીને થાક્યો તો પણ ગધેડીનો માનતો જ નથી. આમ કહેવામાં પોતે જ ગધેડો ઠર્યો તેની તેને ખબર ન રહે. માટે તમે તમારી વાણી સુધારજો. હંમેશાં મિષ્ટ વાણીનો ઉપયોગ કરજો.

તમને ખબર છે કે આવેલા એ બાવાજી કોણ હતા ? શંકર પોતે બાવાજીરૂપે દર્શનાર્થે આવેલા હતા. જાણ્યા વિના તેમને ગાળ દીધી, તે બહુ મોટી ભૂલ કરી. સાચી વાત સમજાતાં સુરાખાચરે ગદ્‌ગદ થઈને માફી માગી.

શ્રીહરિએ પણ પ્રસંગાનુરૂપ સદ્‌બોધ આપતાં કહ્યું : ગાળ દેનાર માણસ હલકી જાતનો ઠરે છે, ને ગાળ સહન કરનાર શ્રેષ્ઠ ગણાય

છે. જેને ગાળો દેવાની ટેવ પડી હોય તે પોતાના દીકરાને પણ સાળો કહેશે. જે અપશબ્દ બોલે છે તેની વાણી ગધેડાના જેવી છે. તે બહારથી ભલેને માણસ દેખાય પણ તે ગધેડાથીય નીચ છે.

જે આબરૂદાર માણસ હોય તે તો કોઈને ટુંકારો કરીને પણ ન બોલાવે. જે હલકી જાતના હોય તે ટુંકારાથી વાત કરે. કોયલની વાણી કાગડા જેવી ન હોય ને મોરની વાણી ગધેડા જેવી ન હોય. જે ભગવાનનો ભક્ત હોય, સજ્જન હોય તે કદાપિ કર્કશ વાણી ન બોલે. જે મોઢે નાગરવેલનાં પાન ચાવે એ મોઢે કોલસા કેમ ચવાય ? તેમ જે મોઢે ભગવાનનું નામ લેવાય તે મોઢે ગાળ કેમ બોલાય ?

સુરાખાચરના નિમિત્તે શ્રીહરિએ દરેક ભક્ત માટેના જીવન વ્યવહારનો અતિ ઉપયોગી ઉપદેશ આપ્યો.

મેળામાં અલૌકિક મેળ

ભીમનાથના મેળે મહંતનો સદ્‌ભાવ

શ્રીહરિનો નિવાસ સારંગપુરમાં જ હતો. ભાદરવો માસ પૂરો થવા આવ્યો. એક ભક્તે ભગવાનને કહ્યું : થોડા દિવસમાં ભીમનાથમાં મોટો મેળો ભરાશે, તેમાં હજારો લોકો ભેળા થશે. ભગવાનને એ વિચાર ગમ્યો. ઘણા જીવોનાં કલ્યાણ થાય એવો એ સુયોગ હતો. એટલે ત્યાં જવાનું નક્કી કર્યું. જીવાખાચરને વાત કરી. તેમણે ઘણા ભક્તો તેમજ સ્નેહીઓને ખબર આપી બોલાવ્યા. સૌ આવી પહોંચતાં શ્રીહરિની સવારી ભીમનાથ જવા માટે ઊપડી.

માર્ગે આવતાં ગામોમાં વસતા ભક્તોના મનોરથો પૂર્ણ કરતા શ્રી સ્વામિનારાયણ ભગવાન પોલારપુર ગામે તળાવના કાંઠે પધાર્યા. અહીંના ગઢવી મોડભાઈ, પુરુષોત્તમ શેઠ, રૂડા શેઠ, જીવરામ વગેરેને કહ્યું : તમે ભીમનાથમાં જાઓ. મહંતને ખબર આપો કે અમે ત્યાં આવીએ છીએ. ભક્તોએ જઈને મહંતને ભગવાનના આગમનની વાત કરી.

મહંતને ભગવાનને વિશે ભાવ હતો. એ બહુ જ રાજી થયા. સેવકોને આજ્ઞા કરી : ભગવાનનો ઉતારો દરવાજા ઉપરની મેડી ઉપર રાખવાનો છે. તેને વાળીને સાફ કરો. ત્યાં જાજમો પાથરો; ગાદી તકિયા, પલંગ વગેરે બિછાવો. સીધા સામાનની પણ તૈયારી કરો.

સજાવટનો આદેશ આપી મહંત શ્રીહરિનો સત્કાર કરવા સામે ગયા. થોડી જ વારમાં શ્રીહરિ ભીમનાથ આવી પહોંચ્યા. એ દિવસ હતો, સંવત ૧૮૬૭, ભાદરવા વદ અમાવાસ્યા, તા. ૧૭-૯-૧૮૧૧, મંગળવાર. મહંતે પરમ આદર સહિત ભગવાનને પ્રણામ કર્યા. અત્યંત આદર સાથે ઉતારે લઈ ગયા. ખૂબ ખટકો રાખીને સઘળી વ્યવસ્થા કરાવી. સાથે આવેલા સંતો-ભક્તોની પણ બહુ જ સારી રીતે સંભાવના કરી.



શ્રીહરિ ભીમનાથ મંદિરમાં પધાર્યા; પાંચસો રૂપિયા ભેટ મૂક્યા. તે સમે મહાદેવજીએ દિવ્યરૂપે શ્રીહરિને વંદન કરતાં કહ્યું : હે દયાળુ, આપે અહીં પધારી આ ધામને પવિત્ર કર્યું.

મહંતજીને શ્રીહરિ કહે : અમારે રુદ્રી કરવી છે. બ્રાહ્મણોને બેસાડવા છે. એ પૂજાવિધિ માટે પાથરણાં, આચમની, લોટા વગેરે સામાન મંગાવો. ફરતા ગામોમાંથી બ્રાહ્મણોને બોલાવો. એ પ્રમાણે મહંતજીએ સઘળી તૈયારી કરી દીધી.

આ સમયે પાંચસો બ્રાહ્મણો બેઠા હતા. વેદપાઠમાં તેઓ નિષ્ણાત હતા. તેમને શ્રીહરિએ કહ્યું : તમે અમારા વતીથી ચારેય વેદના પાઠ કરજો. વિપ્રો પણ વિનમ્ર હતા. તેમની નમ્રતા જોઈ શ્રીહરિએ પ્રસન્ન થઈ દરેકને પાંચ પાંચ રૂપિયા આપ્યા એટલું જ નહિ, બધાને સાકરનાં સીધાં અપાવ્યાં. શ્રીહરિની ઉદારતા જોઈ વિપ્રો બહુ જ રાજી થયા.

વિસામણની વિષમતા

વિપ્રોને રાજી કરી શ્રીહરિ ઉતારે પધાર્યા. એ જ સમયે પાળીયાદના વિસામણ પીરના આશ્રિતો આવ્યા. એના આચાર-વિચાર બધા વિચિત્ર હતા.

મુખિયાજી ગળામાં મોટી માળા પહેરે, હાથમાં કરતાલ રાખે. પોતાની સાથે વૈરાગીનો મોટો સમૂહ હોય. તેમાં પુરુષો, સ્ત્રીઓ ભેળાં થઈને નાચે ને કૂદે. બીજા સૌ કરતાલ ને મૃદંગ વગાડે ને હીંચ તાલમાં

ગાય. મોટેથી બરાડા પાડે ને મૃદંગ વગાડે તેનો અવાજ ભફાક ભફાક થાય. એટલે લોકો તેને ભફાકીઓ પંથ કહે. તેનાં કોઈ શાસ્ત્રો કે ગ્રંથો નહિ. બસ નાચવું ને કૂદવું. તેઓ પણ મેળામાં આવેલા. વૈરાગીનું ઝુંડ સાથે જ હતું. દર વર્ષે તેઓ આ મેળામાં આવતા. જ્યાં શ્રીહરિનો ઉતારો હતો ત્યાં જ ઊતરતા.

મુખિયાજીને ખબર પડી કે, શ્રીહરિનો ઉતારો પણ ત્યાં જ છે. તેમણે એક કાઠીને મોકલ્યો. હવાલદારની જેમ હબેતબે કરતો એ કહેવા લાગ્યો : આ જગ્યા હમણાં ને હમણાં ખાલી કરો. આ તો અમારો વરસો વરસનો જૂનો ઉતારો છે. તેમાં તમે શા માટે ઊતર્યા ? અહીં ઊતરવાનો તમારો લેશમાત્ર અધિકાર નથી.

કાઠીનો રોફ જોઈ શ્રીહરિએ પણ મક્કમતાથી કહ્યું : અમને અહીંના મહંતજીએ ઉતારો આપ્યો છે. જગ્યા ખાલી કરાવવાનો તમારો કોઈ અધિકાર નથી. અમે જગ્યા ખાલી નહિ કરીએ. એ સાંભળી કાઠી અકળાતો અકળાતો મહંતજી પાસે ગયો. મહંતજીએ યુક્તિથી કહ્યું : એ આવ્યા છે એને મારાથી કેમ કઢાય ? જો તમારામાં કાંઈ સિદ્ધાઈ હોય તો તે દેખાડીને જીતી લો. તો જ તે નીકળશે.

મહંતજી તો જાણતા હતા કે ભગવાન આગળ વિસામણનું કાંઈ ચાલશે નહિ, તેથી તેને પરબારો રવાનો કર્યો. એ કાઠી પાછો હબેતબે કરતો આવ્યો ભગવાન પાસે. ડંફાસ મારતો કહેવા લાગ્યો : અરે સહજાનંદ, તમે સ્વચ્છંદી થઈને જ્યાં ત્યાં ફરો છો, પણ તમે અમારા વિહળા પીરને નહિ જીતી શકો. એની મોટી માનતા ચાલે છે. જો એ પીર તમને આવીને નડશે તો બધુંય ખેદાનમેદાન કરી નાખશે. વિહળાના કોપથી બ્રહ્માંડનો નાશ થઈ જાય છે. માટે સીધા પાધરા થઈને આ જગ્યા જલ્દીથી ખાલી કરો.

કાઠીના આ મિથ્યાવાદ સામે હસતાં શ્રીહરિએ કહ્યું : તમારા વિહળા પીર પાસે હમણાં ને હમણાં જાઓ. એને કહો કે તમારાથી જેટલું થાય તેટલું કરજો. અમે તેની સિદ્ધાઈથી ડરતા નથી, ને શસ્ત્રની બીક પણ

અમને નથી. બંને ઉપાયમાં અમે તૈયાર છીએ. સિદ્ધાઈ તો અમારાથી બીતી ફરે છે ને શસ્ત્રથી લડાઈ કરવી હોય તો આ કાઠીઓ તૈયાર છે. તમારા મહંતને જઈને કહો.

પેલો કાઠી ધૂઆંપૂઆં થતો મુખિયા પાસે ગયો ને બધી વાત કરી. તેથી એ પણ રોષે ભરાયો. બધા ભેળા થઈ નદી કિનારે ગયા. ત્યાં ભૂતાવળની જેમ ધૂણવા માંડ્યા. મુખિયો પોતાની બડાઈ હાંકતો ને ધૂણતો ધૂણતો બરાડા પાડી બોલવા લાગ્યો : કોણ છે એ સહજાનંદ સ્વામી ? હમણાં તો એને છોડી દઉં છું, પણ છ મહિના પછી એની ખબર લઈ લઈશ. એને પાળિયાદ આવવા દો. મારા પ્રતાપની ખબર તો એને ત્યારે પડશે. એના પંથનું હું નિકંદન કાઢી નાખીશ.

ભક્તો શ્રીહરિ પાસે આવ્યા. મુખિયાની ડંફાશની વાત કરી. શ્રીહરિ હસતા હસતા બોલ્યા : આપણે જરૂર પાળિયાદ જઈશું. જોઈએ તો ખરા એ શું કરી શકે છે ? બાપડાથી કાંઈ થઈ શકવાનું નથી.

શ્રીહરિ આમ વાત કરી રહ્યા હતા ત્યાં ભીમનાથના મહંત આવ્યા. એક હાથીને શણગારીને લાવ્યા હતા. તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી કે આપ આ ગજરાજ પર બિરાજો. આખા મેળામાં બધાને દર્શનદાન આપો. શ્રીહરિ આગળ બિરાજ્યા ને મહંત પાછળ. જયજયકારના નિનાદ થયા. રાજરાજેશ્વરની રાજ સવારીનાં દર્શન હજારો લોકોએ ઊમળકાભેર કર્યાં. મેળામાં શ્રીમંતો પણ હતા ને ગરીબો પણ હતા. ગરીબ લોકો અન્નની માગણી કરતા હતા. દીનદયાળુ ભગવાનને દયા આવી. પાંચસો રૂપિયાની સુખડી મંગાવી. ગરીબોને તે આપી દીધી. સૌએ પરમ દયાળુ ભગવાનની જયઘોષણા કરી. શ્રીહરિનો આ ઉત્કર્ષ જોઈ દ્વેષી લોકો દાઝી મર્યા. દૈવી હતા તેમણે શ્રીહરિનો આશ્રય કર્યો.

કુબેર ભંડારી દર્શને

ભીમનાથના મેળામાં શ્રીહરિ ત્રણ દિવસ રોકાયા. ચોથે દિવસે જવાની તૈયારી કરી. એ વખતે પોલારપુરના ભીમા દોશી ભગવાન

પાસે આવ્યા. તેમણે કહ્યું : મેં આ કાર્ય કરવા માટે ચાર હજાર રૂપિયા ધીરેલા છે. શ્રીહરિએ તે વાત કાઠીઓને કહી.

કાઠીઓ કહે : મહારાજ, અમારી પાસે એટલા બધા રૂપિયા નથી. કહો તો અમારી કાઠીની ચાલ કરીએ. મેળો લૂંટીને ધન લાવીએ. શ્રીહરિ કહે : એવું તો કરાય જ નહિ. ચાલો, એક કામ કરો. મારી ઘોડીનો મોવડ છે. તે વેચીને દોશીને પૈસા ચૂકતે કરો.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિની આ અકળ લીલા હતી. એ ક્યારેક પૈસાની અછત બતાવે. સાથે સાથે એવું પણ બતાવે કે, વ્યવહારની બાબતમાં કાંઈ જાણતા જ નથી. કાઠીઓ કહે : મહારાજ, એ મોવડ વેચીએ તો તેના અઢાર રૂપિયા પણ માંડ માંડ આવે.

ધણીએ સંકલ્પ બદલ્યો. એક શેઠ ત્યાં આવ્યા. ગાડીમાં આવેલા તે શેઠ પાસે ચાર કોથળીઓ હતી. ગાડીમાંથી ઊતરી શેઠે ભગવાનને દંડવત્ પ્રણામ કર્યા. ભગવાન આગળ કોથળી ભેટ ધરી. શ્રીહરિ અજાણ્યા થઈ તેમને પૂછવા લાગ્યા : અરે શેઠ, તમે કયા દેશમાંથી આવો છો ?

શેઠ કહે : મહારાજ, હું અહીંથી થોડે જ દૂર રહું છું. મને વેપાર કરતાં બહુ જ લાભ મળ્યો, એટલે વિચાર થયો કે દશમો ભાગ હું આપને અર્પણ કરું. હું એમ વિચાર કરતો હતો કે આપને અર્પણ કરવા હું ગઢપુર આવું, ત્યાં સમાચાર મળ્યા કે આપ અહીં પધાર્યા છો. આવો સુયોગ કેમ જતો કરાય ? એટલે આપને અર્પણ કરવા અહીં આવ્યો.

કાઠીઓ વિચારવા લાગ્યા જે શેઠ ક્યાંથી આવ્યા છે, એ પૂછી તો જોઈએ. ત્યાં જ શેઠે કહ્યું : મહારાજ, આપની આજ્ઞા હોય તો હું હવે મારે ગામ જાઉં. શ્રીહરિએ તેમને અનુમતિ આપી. ભગવાનને પ્રણામ કરી શેઠ ત્યાંથી વિદાય થયા. પછી રૂપિયા ગણ્યા તો પૂરા ચાર હજાર હતા, તે ભીમા દોશીને આપ્યા. ભક્તો આશ્ચર્ય પામતા પ્રભુને પૂછવા લાગ્યા : મહારાજ, એ શેઠ કોણ હતા ? એ તો કહો. શ્રીહરિ કહે : એ તો કુબેર ભંડારી હતા. આપણી પાસે નાણું ન હતું. તે ચૂકવવા

માટે અહીં આવ્યા હતા. આમ શ્રીહરિ કોઈકવાર પૈસાની અછત પણ બતાવે ને કોઈ નિમિત્ત કરી પૂરું પણ એ જ કરે.

રૂપાશાની સમર્પણ ભક્તિ

ભીમનાથથી વિચરણ કરતા શ્રીહરિ દેવળા ગામે પધાર્યા. ભક્તોએ પ્રભુને વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. સૌને ઉમંગ હતો કે સારાં સારાં ભોજન કરીને જમાડીએ. રોજનો એ ક્રમ શરૂ થઈ ગયો. એ ગામમાં રૂપાશા (હરખાશા) નામના વણિક ભક્ત હતા. વ્યવહારે એ બહુ જ ગરીબ હતા. એમને પણ પ્રભુને જમાડવાનો ઉમંગ જાગ્યો, પણ ઘરમાં વામનજીનો વાંસડો ફરતો હતો. રૂપાશા દિલગીર થઈ ગયા. પત્નીને વાત કરી. એમને પણ પ્રભુને જમાડવાની હોંશ હતી.

રૂપાશા શ્રીહરિ પાસે આવ્યા. પ્રાર્થના કરી : મારે ઘેર જમવા પધારશો ? ભગવાન એ ભક્તની પરિસ્થિતિ જાણતા હતા. એટલે કહ્યું : હા જમવા આવીશ, પણ એક શરત. જો તમે રોટલો ને અડદની દાળ કરો તો.

'ભલે મહારાજ ! આપ જેમ રાજી થશો તેમ કરશું.'

રૂપાશા હરખાતા હરખાતા ઘેર ગયા. પત્નીને વાત કરી. તેનેય આનંદ થયો, પણ ભગવાને રોટલા ને અડદની દાળ કરવાનું કહેલું એમાં એ બાઈનું મન ન માન્યું. એ કહે : સાક્ષાત્ ભગવાન આપણે ઘેર પધારે ને આપણે એમના માટે રોટલા-દાળ કરીએ એ કેમ ચાલે ? લ્યો, આ મારું કલ્લું. તેને વેચીને પાકા થાળનું સીધું લાવો. આવો અવસર શું વારે વારે આવવાનો છે ?

કલ્લું વેચીને રૂપાશા પાકા સીધાની સામગ્રી લાવ્યા. તેમાંથી બાઈએ લાડુ, દાળ, ભાત, શાક વગેરેના થાળ તૈયાર કર્યા. ભક્ત ભગવાનને બોલાવવા ગયા. ભગવાન પધાર્યા. ભક્તે આસન મૂકી ભગવાનને બિરાજમાન કર્યા. આગળ થાળ મૂક્યો. થાળ જોતાં જ ભગવાન ચમક્યા. કહેવા લાગ્યા : રૂપાશા ! તમે ઉપરથી ગરીબ લાગો છો,

પણ થાળ જોતાં તો મોટા ધનાઢ્ય લાગો છો !!!

'મહારાજ ! આપ અમને મળ્યા છો. આપનો રાજીપો છે, આશીર્વાદ છે, એટલે હું ધનાઢ્ય ખરો. કૃપા કરી થાળ અંગીકાર કરો.'

'રૂપાશા ! એ નહિ બને. અમારે અત્યારે ૫૦૦ રૂપિયાની જરૂર છે. તે લાવીને અમારી આગળ ભેટ મૂકો, પછી જ અમે થાળ જમીશું.'

ભક્તે વિચાર્યું આ રીતે ભગવાન જ્યારે સામેથી માગે ત્યારે લેશમાત્ર પાછી પાની ન કરાય. તરત જ ભગવાનને કહ્યું : મહારાજ ! આપનું વચન શિરોવંદ્ય. હમણાં જ ૫૦૦ રૂપિયા લાવી આપું છું.

પત્ની પાસે જઈને રૂપાશાએ સઘળી વાત કરી. એ બાઈને પણ આનંદ થયો. બંનેએ સાથે મળીને નિર્ણય કરી લીધો કે ઘરના દરદાગીના ઘરાણે મૂકી ૫૦૦ રૂપિયા ભગવાનને અર્પણ કરી દઈએ.

બજારમાં સોની પાસે દરદાગીના ગીરવે મૂકી ૫૦૦ રૂપિયા લાવી પ્રભુના ચરણે ધરી દીધા. ભગવાન પ્રસન્ન થયા... થાળ જમ્યા. તરત જ ભક્તને કહ્યું : હવે મારી સાથે આ રૂપિયા લઈને ચાલો. ભક્તને સાથે લઈ ભગવાન વિસનગર પધાર્યા. એ ૫૦૦ રૂપિયાની બે હજાર મણ જુવાર ખરીદાવી. એ વખતે ચાર આને મણ જુવાર મળતી. એ બે હજાર મણ જુવાર ગાડામાં ભરાવીને રૂપાશાને ભગવાને કહ્યું : આ જુવાર તમે ઘરમાં સાચવી રાખજો. અમને જરૂર પડશે ત્યારે મંગાવી લઈશું.

જુવાર લેવડાવી ભગવાન વિચરણ માટે બીજા ગામે નીકળી ગયા. ધાનનો સંગ્રહ ભગવાને શા માટે કરાવ્યો એ તો ભગવાન જ જાણતા હતા. ભક્ત તો એમ જ સમજતા હતા કે ભગવાને મને સાચવવા આપેલી થાપણ છે. તેનું રહસ્ય તો ભક્તને અગણોતેરા કાળ વખતે સમજાયું.

વ્હાલો વિચર્યા વૌઠાના મેળે

દેવળાથી ગામોગામ વિચરણ કરતા શ્રીહરિ કુંડળ, સારંગપુર થઈ બુધેજ પધાર્યા. ત્યાં ખોડાભાઈના પ્રેમને વશ થઈ તા. ૧૭-૧૧-૧૮૧૧,

ગુરુવારના રોજ દિવાળીનો ઉત્સવ ધામધૂમપૂર્વક કર્યો. એ વખતે દર્શનાર્થે ઘણા ભક્તો આવેલા. તેમણે ભગવાનને વાત કરી : સાબરમતી નદીના કિનારે વૌઠા ગામ આવેલું છે. ત્યાં કાર્તિક પૂનમે મોટો મેળો ભરાય છે, તેમાં લાખ્ખો લોકો ભેગા થાય છે.

અસંખ્ય જીવોના કલ્યાણનો હેતુ આ નિમિત્તે સિદ્ધ થાય તેમ હતું, તેથી ભક્તોને અનુમતિ આપી; એ સાથે કહ્યું : અમે પ્રબોધિની એકાદશી બાદ વૌઠા આવીશું.

શ્રીહરિ મેળામાં પધારશે એવા સમાચાર ઠેર ઠેર પહોંચી ગયા. કેટલાય હરિભક્તો શ્રીહરિની સાથે જવા તૈયાર થયા ને કેટલાય સત્સંગીઓ સૌ-સૌના ગામેથી વૌઠા જવા નીકળી પડ્યા.

મોટો મેળો ભરાય ત્યાં ચોરીનો ભય વધારે હોય. તેની તકેદારી રાખવા શ્રીહરિએ પાર્ષદોને કહ્યું : તમે બબ્બે કલાક ચોકીના વારા કરી ખડે પગે પહેરો ભરજો. ઊંઘ, આળસ, પ્રમાદનો ત્યાગ કરજો. પ્રમાદીને અમે માણસ તરીકે ગણતા જ નથી. તે તો નામ માત્રનો માણસ કહેવાય.

પ્રભુના આ વચનને શિરોધાર્ય કરી પાર્ષદો પણ સજ્જ થઈ ગયા. એમને હૈયે સુવર્ણમય સમજણ હતી કે, મોટા મોટા રાજા પાસે માતબર પગાર મળે તેના કરતા હજારગણું ફળ આ પ્રભુના વચન પ્રમાણે વર્તવાથી મળશે. એવા ઉમંગ સાથે સહુ એ સેવામાં પરોવાઈ ગયા.

ભાઈરામદાસજી સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતો અગાઉથી તૈયારી માટે આવી ગયા હતા. સંતો અને હરિભક્તો માટે નદીના પૂર્વ કિનારે વિશાળ જગા રોકીને ઉતારાની સારી વ્યવસ્થા કરી હતી.

વૌઠામાં શ્રીહરિની રાજસવારી

સંવત ૧૮૬૮, કારતક સુદ તેરસ, તા. ૨૯-૧૦-૧૮૧૧, મંગળવારના પાવન દિને શ્રીહરિ વૌઠા પધાર્યા તે વખતે ભાઈરામદાસજી સ્વામી, મુક્તાનંદ સ્વામી સ્વાગતાર્થે સામા આવ્યા. વિનય વિવેકના

પાઠ શીખવતા શ્રીહરિ ઘોડા પરથી ઊતરી ગયા. અત્યંત પ્રેમથી સંતોને ભેટ્યા. પછી એ બંને સ્વામીના પ્રેમાગ્રહને વશ થઈ અશ્વ પર બિરાજ્યા.

અહીંથી જ પ્રભુની સ્વાગતયાત્રા શરૂ થઈ. હજારો ભક્તો દર્શનાર્થે ઊમટી પડ્યા હતા. સૌના હૃદયમાં પ્રેમરસ છવાઈ ગયો હતો. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ડંકા નિશાન પણ ગાજતાં હતાં.

શ્રીહરિની આસપાસ દરબારો પણ રાજવી વેશમાં સજ્જ થઈને ચાલતા હતા. બંદૂકધારી પાર્ષદો બંદૂકના બહાર કરતા હતા. મેળામાં આવેલા લોકો આ શોભાયાત્રાને મન ભરીને માણી રહ્યા હતા. તેમણે પોતાના જીવનમાં આવી જાહોજલાલી ક્યારેય જોઈ નહોતી. તેઓ માંહોમાંહી વાતો કરતા હતા કે મોટા મોટા મહારાજાને પણ શરમાવે એવી શોભા સ્વામિનારાયણ ભગવાનની આ રાજસવારીની છે.

ભગવાનને અત્રે પધારવાનો હેતુ પણ એ જ હતો કે કોઈ પણ નિમિત્તે કોઈ પણ જીવને ભગવાનનો ગુણ આવી જાય તો તે મોક્ષભાગી બની જાય.

સંતો-ભક્તોના ઉતારા પાસે વિજયસવારી પૂર્ણ થઈ. બધા તંબુઓ વચ્ચે શ્રીહરિ માટે વિશાળ તંબુ સજાવ્યો હતો. તેની આગળના ભાગમાં સભાખંડ માટે ચંદની બંધાવી હતી. તેના મધ્ય ભાગમાં શોભાદાર સિંહાસન હતું. બિલોરી હાંડી ચંદનીમાં લટકાવેલી હતી. પ્રભુજી સિંહાસન પર બિરાજ્યા એટલે સંતોએ કીર્તનગાન કર્યું.

ભગવાનના હસ્તમાં સુવર્ણનાં કડાં હતાં. એ એક હજાર રૂપિયાની કિંમતનાં હતાં. કૂંચીથી એ ખોલી શકાય એવાં હતાં. ભગવાનને વિચાર થયો કે આ કડાં ભેટમાં આપી દઈએ, એટલે કડાંની કૂંચી મંગાવી. ભગવાનનો આદેશ થાય ત્યારે આનાકાની કરવાની હોય જ શાની ? કાઠી ભક્તો સમજી ગયા હતા કે આ નિઃસ્પૃહી મૂર્તિ કડાં દાનમાં આપી દેવા તૈયાર થયા છે, તો કાંઈક કળા કરવી પડશે.

કડાંની કૂંચી આવી. ભગવાન પોતાને હાથે કડાં ઉઘાડવા માંડ્યા,

ત્યારે સુરાખાચર કહે : આપને એ નહિ ફાવે. એક હાથેથી તે ઊઘડે એમ નથી. સોમલાખાચરને કહીએ. એ તરત જ ખોલી આપશે.

કડાં ખોલી સોમલાખાચર કહે : મહારાજ ! આ કડાંનો નકુંચો વાંકો વળી ગયો છે તે સરખો કરીને લાવું. એમ કહીને એ બહાર ગયા. પછી પાછા જ ન આવ્યા. ભગવાન કહે : એ ક્યાં ગયા ? નજીકમાં તપાસ કરી પણ ત્યાં એ હતા જ નહિ.

સુરાખાચર કહે : ભણે મહારાજ ! આપે પૂજારીને ઘણું આપી દીધું છે. હવે કડાં નહિ અપાય તોય ચાલશે. ભગવાન સુરાખાચરની કળા સમજી ગયા હતા. જો કે ધારે તો ગમે તેમ કરીને પાછું મંગાવી શકે તેમ હતા, પણ ભક્તો સાથે ભેળા મળીને એમની ઇચ્છા પૂરી થવા દેતા હતા.

બીજે દિવસે શ્રીહરિ અત્રેના શિવજીના મંદિરે પધાર્યા. પૂજારીએ પોતાની જિંદગીમાં આવી ભવ્યતા જોઈ નહોતી. પ્રભુનાં દર્શનથી એ તાજુબ થઈ ગયા. શિવજીને દર્શનદાને કૃતાર્થ કરી પ્રભુએ ભારે વસ્ત્રાલંકાર ભેટ ધરી દીધા. એ જોઈ પૂજારીને પ્રભુની ઉદારતાનો અંદાજ આવી ગયો. તેમણે કહ્યું : તમે દર વર્ષે અહીં આવજો. અમે આપના છીએ ને શિવજી પણ આપના છે.

શ્રીહરિ પાછા ઉતારે પધાર્યા. ભગવાનને જમવા માટે થાળ મૂક્યા હતા. ત્યાં વિવિધ પ્રકારની રંગોળી પૂરી આજુબાજુના ભાગમાં કેળના સ્તંભ રોપ્યા હતા. વાનગીઓ ઘણી હતી. તેમાંથી એક એક ગ્રાસ લઈને પ્રભુજી જમતા હતા. એ સાથે સેવામાં રહેલા વર્ણીને પૂછતા હતા કે આજે કોના કોના થાળ છે ? આમ ભક્તોની સેવાને બિરદાવી. પ્રભુનો આદેશ થતાં સંતો-ભક્તો પણ જમ્યા.

દેશોદેશથી આવેલા ભક્તો વિવિધ પ્રકારની પૂજા-સામગ્રી લાવ્યા હતા. વસ્ત્રાલંકાર, કેસર-ચંદન, ફૂલના હાર, ફળ, મેવા મીઠાઈ વગેરેથી પૂજા કરી. સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં.

મેળામાં આવેલા લોકો આ બધી અલૌકિક રીત જોઈ કહેવા લાગ્યા : સાચે જ આવું પ્રેમસભર વાતાવરણ આપણને ક્યાંય જોવા મળ્યું નથી. ખરેખર શુદ્ધ સાત્ત્વિક પ્રેમ તો સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ જોવા મળે છે.

મેળામાં આવેલા હરિભક્તોને એવી ઈચ્છા હતી કે ભગવાન અમારે ઉતારે જમવા પધારે. બધાના સંકલ્પો પૂરા કરવાનો એક જ ઉપાય હતો. જેટલા ભક્તોએ સંકલ્પ કરી રાખ્યા તેટલા રૂપે થઈ તેમના ઉતારે પધારી પ્રભુએ સૌના મનોરથો પૂર્ણ કર્યા. કેટલાય વિદ્વાન વિપ્રો આવેલા હતા. તેમને પણ પ્રભુએ મનમાગ્યાં ભોજન કરાવ્યાં અને દક્ષિણાઓ આપી.

કાર્તિક પૂનમે અદ્‌ભુત શોભા

કાર્તિક સુદ પૂનમ એટલે દેવદિવાળી. તે રાત્રે ભક્તોએ સરસ દીપમાળાઓ તેમજ મશાલો પ્રગટાવી.એ વખતની શોભા જ અનોખી હતી. સંતોએ વાજિંત્રો વગાડી કીર્તન ભક્તિ કરી. દેવદિવાળી નિમિત્તે ઓચ્છવ પણ કર્યો.

સભાથી થોડે દૂર ગોસ્વામીના ઉતારા હતા. દીપમાળા ને મશાલોની અપૂર્વ શોભા જોઈ એમને અચરજ થયું. એ કહેવા લાગ્યા : આ સ્વામિનારાયણે આટલા બધા દીવા અને મશાલ પ્રગટાવ્યા છે તે એટલું બધું ઘી ને તેલ ક્યાંથી લાવ્યા હશે !?

આ વાત થઈ તે વખતે કુબેરસિંહ છડીદાર ત્યાં હતા. તેમણે વલ્લભ પંથમાં પાંચ વર્ષ સુધી નોકરી કરી હતી. તેમાં પ્રવર્તમાન બ્રહ્મસંબંધની વિપરીત ચાલ તેમણે જોઈ હતી, ને સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલી અષ્ટાંગ બ્રહ્મચર્યની શુદ્ધ પ્રણાલી પણ જોઈ હતી.

સાચી વાત સમજાતાં એ વલ્લભ પંથનો ત્યાગ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોડાયા હતા. તેમણે નક્કી કરી લીધું હતું, ‘મને નોકરીમાં રાખે કે ન રાખે તેની મારે હવે પરવા નથી. મારા દેહનો નિર્વાહ થાય

તેની ચિંતા કરનારા સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે.'

બીજે દિવસે સવારે એ કુબેરસિંહ છડીદાર શ્રીહરિ પાસે આવ્યા. ગોસ્વામીએ કરેલી દીવાની વાત કરી. એ સાંભળી શ્રીહરિ અને ભક્તો હસવા લાગ્યા. ભગવાન કહે : એ તો બાળક છે એટલે બિચારાને બીજી લાંબી ખબર ક્યાંથી પડે ?

મેળામાં કેટલાક વૈરાગી બાવાઓ આવેલા હતા. શ્રીહરિનો ઉત્કર્ષ જોઈ એ બળી ઊઠ્યા. સભામાં ભંગાણ પાડવા બહુ મથ્યા પણ તેઓનું કાંઈ ન ઊપજ્યું.

આ મેળામાં અમદાવાદ, ચરોતર, સલકી, કાનમ, વાગડ, ભાલ, ઝાલાવાડ, કચ્છ, હાલાર, સોરઠ, વાળાક, કાઠિયાવાડ, સુરત આદિ પ્રદેશોથી ભક્તો આવ્યા હતા. તે ગામનાં નામનો સારાંશ રૂપે ઉલ્લેખ શ્રી આધારાનંદ સ્વામીએ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના ૧૪મા પૂરના તરંગ ૫૧ થી ૫૮ સુધીમાં કર્યો છે.

કાનોજીનું કાવત્રું ધૂળમાં

કપટભર્યું આમંત્રણ

વૌઠાના સમૈયા બાદ પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાને કાનમ દેશમાં વસતા ભક્તોના મનોરથો પૂર્ણ કરવાનું નક્કી કર્યું. મહીસાગર પાર કરી વિચરણ કરતા શ્રીહરિ સરસવણી ગામે પધાર્યા. અહીંના અંબઈદાસ, ત્રિકમભાઈ, ગિરધરભાઈ વગેરેએ ભગવાનનું ભાવભીનું સ્વાગત કર્યું.

સાંજે સભા થઈ. મધુર વાતાવરણમાં સંતોએ કીર્તનની રમઝટી મચાવી. એવામાં એક પડછંદ ઘોડેસ્વાર ત્યાં આવ્યો. ઘોડા પરથી ઊતરી તેણે પૂછ્યું : સ્વામિનારાયણ અહીં છે ?

'હા, અહીં જ છે, બોલો આપ ક્યાંથી આવ્યા છો ?' સુરાખાચરે ઠાવકાઈથી પૂછ્યું. એ ઘોડેસ્વારને જોતાં જ આ વિસ્તારમાં વસતા હરિભક્તો તો ઓળખી જ ગયા હતા કે આ તો ધૂતારા કાનોજીનો અંગત સેવક છે. એ કાનોજીએ કપટ નીતિથી લોકોને પરેશાન કરવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. અહીં પણ એ પોતાની કપટજાળ પાથરવા આવ્યો હતો.

કાનોજીનો સેવક શ્રી સ્વામિનારાયણ ભગવાનને ઉદ્દેશીને ભાવ દેખાડતો બોલ્યો : મને કાનોજીએ આપની પાસે મોકલ્યો છે. આપની પધરામણી પોતાના દરબારમાં કરાવવાનો એમને ભાવ છે. એમણે સઘળી તૈયારી પણ કરી રાખી છે, માટે હાલ ને હાલ આપ ત્યાં પધારો.

આમ તો આ કાનોજી વડોદરાની ગાયકવાડ સરકારનો વંશજ હતો. ગોવિંદરાવ ગાયકવાડને બે પત્ની હતી. પહેલી પત્નીથી આનંદરાવ, ફતેસિંહ ને સયાજીરાવ જન્મેલા હતા ને બીજી પત્નીથી કાનોજી જન્મ્યો હતો. ગોવિંદરાવના મૃત્યુ પછી આનંદરાવને રાજગાદી મળી. કાનોજીએ તે પડાવી લેવા બંડ જગાવ્યું, પણ તેનું કાંઈ ન ઊપજ્યું તેથી વડોદરા

છોડીને પાદરામાં રહેતો. અહીં પણ એની કાવત્રાબાજી ચાલુ જ હતી.

શ્રીહરિ એની સઘળી કપટજાળ જાણતા હતા એટલે કહ્યું : અમે ઉતારે જઈ વિચારણા કરીને પછી કહીએ. સભા પૂરી થયા બાદ શ્રીહરિ ઉતારે પધાર્યા. પેલો કાનોજીનો સેવક પણ સાથે ગયો.

મુક્તાનંદ સ્વામીને એકાંતમાં બોલાવી પ્રભુએ પૂછ્યું : સ્વામી ! કેમ કરશું ?

'પ્રભુ ! આપ અંતર્યામી છો. આપને જેમ યોગ્ય લાગે તેમ કરો,' મુક્તાનંદ સ્વામીએ નમ્રભાવે નિવેદન કર્યું. એ જ રીતે સુરાખાચરે પણ સૂર પુરાવ્યો.

ભગવાન કહે : કાનોજી, ચાલબાજ છે. એની કપટબાજી કોઈથી કળી શકાય એવી નથી.

'તો તો હે પ્રભુ ! વિચારવા જેવું ખરું. એ કાંઈક અવળું કરી બેસે તેની પહેલાં એનાથી દૂર રહેવું સારું.'

'સ્વામી ! આજે તો આપણે પણ જોઈ લઈએ કે એની કપટબાજી આપણી આગળ કેટલી કામયાબ નિવડે છે.' આ રીતે નક્કી કરી કાનોજીના સાગરીત પાસે આવી પ્રભુએ કહ્યું : કાનોજીને કહો કે આવતી કાલે સવારે અમો આવીશું. ભક્તોને ખબર પડી કે ભગવાન કાનોજીને ત્યાં જવાના છે, તેથી કહેવા લાગ્યા : અરે મહારાજ ! એ તો લુચ્ચો માણસ છે. એનો ભરોસો કરવા જેવો નથી.

શ્રી હરિ કહે : આવા ટાણે જો આડા અવળા ખસી જઈએ તો લોકોને કહેવાનો મોકો મળી જાય કે સ્વામિનારાયણ તો સાવ ફોસી છે, તેથી ડરી ગયા; એટલે જવાનું માંડી વાળ્યું. એ કાનોજીને ક્યાં ખબર છે કે અનંતકોટી બ્રહ્માંડના પ્રેરક અમે છીએ, એમાં એ બિચારા તુચ્છ જીવનો શો હિસાબ ?

પ્રભુ પધાર્યા પાદરા

બીજે દિવસે શ્રીહરિ પાદરા જવા તૈયાર થયા. સાથે મુક્તાનંદ

સ્વામી, આત્માનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, કાળો વાળંદ ને લક્ષ્મીરામ ભટ્ટને જ લીધા. બીજા કોઈ કાઠી કે પાર્ષદને સાથે ન લીધા, જેથી ત્યાં ધીંગાણું ન થાય.

સંતોને હજુ થડકાટ થતો હતો કે મનનો મેલો કાનોજી કાંઈ અજુગતું કરી બેસશે. ત્યારે પ્રભુએ ધીરજ આપતાં કહ્યું : આપણે પણ એવું કરશું કે કપટી કાનોજી હાથ ઘસતો રહી જશે.

વેલમાં બિરાજી પ્રભુજી પાદરા ગામે પહોંચ્યા. કાનોજીની હવેલી હતી, તેની સામેની હાટમાં પહોંચ્યા ત્યારે પોતાના આગમનના ખબર મોકલ્યા. કાનોજીને ખબર પડી કે શ્રીહરિ આવ્યા છે, તેમની સાથે કાઠી કે પાર્ષદો નથી; એ જાણતાં જ એ મનમાં મલકાયો. વિચાર્યું કે પોતે ધારેલું નિશાન બરાબર પાર પડી જશે.

દગલબાજ દોઢા નમે એમ કાનોજી સવા રૂપિયો ને શ્રીફળ લઈ શ્રીહરિની પાસે આવ્યો. પગે લાગ્યો, ભેટ ધરી બોલ્યો : મને ઘણા વખતથી તમારાં દર્શનની ઈચ્છા હતી એ આજે પૂરી થઈ. હવે કૃપા કરી મારા મહેલમાં પધારો.

નજરકેદ કરવાનો મનસૂબો

ભગવાન જેવા ત્યાં પધાર્યા કે તરત જ તેણે ચારે બાજુથી ચોકીપહેરો ગોઠવી દીધો. તેણે એક વૈરાગી બાવાને લાલચ આપી કહી રાખ્યું હતું કે તું શાસ્ત્રચર્ચા કરજે; એમાં સ્વામિનારાયણના સાધુ જે કાંઈ કહે તેને કબૂલ ન કરજે. એ રીતે વૈરાગી બાવાએ કેટલીયવાર સુધી ચર્ચા ચલાવી.

છેવટે કાનોજીએ પોતાનું પોત પ્રકાશયું. મારે ધનની જરૂર છે. એનું કારણ હું તમને એકાંતમાં કહીશ. આમ કહી તે શ્રીહરિને એકાંતમાં ઓરડામાં લઈ જવા માંડ્યો, ત્યારે ત્રણેય સંતો ને બ્રહ્મચારી બળજબરીથી ઘૂસી ગયા. બધાને કાનોજીની કપટચાલનો અંદાજ આવી ગયો હતો. ઓરડાની અંદર જઈ પ્રભુએ પૂછ્યું : બોલો કાનોજી !

ધનની કેમ જરૂર પડી ?

'અંગ્રેજોની સત્તા આપણા દેશ ઉપર વધી રહી છે. એ બધા ખટપટીયા છે. તેને દેશમાંથી તત્કાળ કાઢી મૂકવા છે. તે માટે મોટું લશ્કર તૈયાર કરવું પડે તેમ છે. એમાં અઢળક નાણાંની જરૂર પડશે. તમે તો લાખો રૂપિયા ખર્ચીને મોટા યજ્ઞો કરો છો, તો એક યજ્ઞ ઓછો કરો ને એનું નાણું અમને આપો.'

'પણ કાનોજી ! તમને એ તો ખબર છે કે અમે તો ત્યાગી છીએ. એટલે પૈસા રાખતા નથી. યજ્ઞ વખતે ભક્તો જે કાંઈ દાન કરે છે તે પૈસા યજ્ઞમાં જ વપરાઈ જાય છે. વળી કોઈ દીન-દુઃખિયાને અન્ન-વસ્ત્રની સહાય કરીએ છીએ. લાખ રૂપિયા તો ચપટી વગાડતાં ભેગા થઈ જાય. એક એક ભક્ત એકુકો રૂપિયો આપે તોય રમત રમતમાં લાખ રૂપિયા ભેગા થઈ જાય, પણ એ માટે તો યજ્ઞ કરવો પડે, મોટું આયોજન કરવું પડે. એ તો તત્કાળ થાય તેમ નથી.'

ભગવાનનાં વચન સાંભળી કાનોજી વિચારમાં પડી ગયો. પોતે ધારેલું નિશાન પાર ન પડ્યું એટલે એ ધૂંધવાયો. કહેવા લાગ્યો : તો પછી સાંભળી લો એક વાત. હું તમને નજરકેદ કરું છું. મેં કહ્યું એટલી રકમ મળશે ત્યાર પછી જ તમને જવા દઈશ. આરબની બેરખ તૈયાર છે. મારે બીજું કડક પગલું ભરવું ન પડે તે પહેલાં ચેતી જાઓ.

કાનોજીને એમ કે આમ કડક શબ્દોમાં કહીશ એટલે સ્વામિનારાયણ ડરી જશે ને પૈસાની વ્યવસ્થા કરી આપશે, પણ પરિણામ શૂન્ય આવ્યું. તેણે દ્વારપાળોનો પાકો ચોકીપહેરો ગોઠવી દીધો.

પ્રભુની માનુષી લીલા

સંકલ્પ માત્રે કરીને કોટી બ્રહ્માંડોનું નિયમન કરનારા ભગવાન આજે અકળ લીલા કરી રહ્યા હતા. આ લોકના ભાવ દર્શાવતા આજે ભૂખ્યા તરસ્યા, કપટીના મહેલમાં નજરકેદ થયા હતા. ભગવાન સાથે સંતોની ઊંઘ હરામ થઈ ગઈ હતી.

રાતનો દોઢેક પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિએ કહ્યું : મારે બહિર્ભૂમિએ જવું છે. પછી આત્માનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, લક્ષ્મીરામ ભટ્ટ ને કાળા વાળંદને સાથે લઈ શ્રીહરિ દરવાજે આવ્યા. દ્વારપાળને કહ્યું : ગઈકાલે આખો દિવસ ચર્ચા ચાલી. તેથી જંગલે જવાનો મેળ પડ્યો નથી, તો જવાની છૂટ આપો.

‘સ્વામિનારાયણ ક્યાં છે ?’ દ્વારપાળે પૂછ્યું.

‘એ તો અંદર સૂતા છે. શાસ્ત્રચર્ચામાં બહુ મોડું થયું છે, માટે એમને જગાડશો નહિ.’

શ્રીહરિના આ કથનમાં દ્વારપાળને બીજી કાંઈ સૂઝ ન પડી. તેણે તો મનમાં નક્કી કરી રાખ્યું હતું કે, દેવને ઓછાયો ન હોય. પણ અહીં તો બધાના પડછાયા હતા. દ્વારપાળે રસ્તો પણ બતાવ્યો કે ઉત્તર બાજુ ચાલ્યા જશો એટલે ઝાડ-પાંદડાંની ઘાટી ઓથ મળી રહેશે.

દ્વારપાળે દરવાજો ખોલી આપ્યો. ભગવાનની સાથે ચાર સેવકો ચાલ્યા. થોડે દૂર જઈ શ્રીહરિએ ચારેય સેવકોને કહ્યું : તમે અહીંથી પાછા જાઓ. અમે બામણગામ થઈ સેલડી ગામે જઈશું. અમને નહિ દેખે એટલે કાનોજી તમને છોડી દેશે. તમે સરસવણી જઈ અંબઈદાસને કહેજો કે અમારી ઘોડી સેલડી ગામે પહોંચાડી દે. ચાર સેવકો કાનોજીના મહેલમાં પાછા આવી ગયા.

દ્વારપાળને તો સ્વામિનારાયણ ભગવાન ત્યાંથી ન જાય એટલો જ મતલબ હતો. એ તો માંહી સૂતા છે એવી માનીનતા સાથે તેણે બીજી કાંઈ ચિંતા ન કરી.

જેમની સેવામાં સંખ્યાબંધ સેવકો ખડે પગે હાજર હોય, એવા પ્રભુ આજે અંધારી રાતે એકલા પ્રયાણ કરી રહ્યા છે. બહિર્ભૂમિ જવાના બહાને નીકળ્યા છે એટલે માત્ર ધોતી જ ધારણ કરેલી છે. ઉપર ઝીણી પછેડી ઓઢેલી છે. લુણા, ઉમરાયા ગામ વટાવી શ્રીહરિ મહી નદી પાર કરી બામણગામની ભાગોળે પથ્થર પર બિરાજ્યા. ખોડા પંડ્યાને ખબર કહેવડાવ્યા.

સમાચાર મળતાં જ પંડ્યા દોડતા દોડતા ભગવાન પાસે આવ્યા. ભગવાન ભૂખ્યા છે એ સમાચાર પણ મળ્યા હતા એટલે પત્નીને કહી રાખ્યું હતું : તાજા રોટલા જલ્દી ટીપી નાખ. સાથે દહીંની દોણી લેતી આવજે. હું ભગવાન પાસે જાઉં છું.

પંડ્યા ભગવાન પાસે આવ્યા. સઘળી હકીકત જાણી, એ ગદ્ગદ થઈ ગયા. પોતાના વ્હાલમા સામે આવી કપટબુદ્ધિ !! પરંતુ એનેય હાથતાળી દઈ ભગવાન પધાર્યા તેનો આનંદ પણ થયો. કહેવા લાગ્યા : આપની આગળ તો મહાકાળ પણ થરથર કંપે, તો પછી એ મગતરા જેવા કાનોજીનું શું ગજું ?

કાનોજીનાં હવાતીયાં

આ બાજુ પાદરામાં કાનોજી જાગ્યો. મનમાં એ મલકાયો. સ્વામિનારાયણ બરાબર હાથમાં આવ્યા છે. મનમાન્યું દ્રવ્ય પડાવીને જ હું જંપીશ.

એ ઓરડામાં પેઠો. બહુ જ ભાવ દેખાડતાં તેણે સંતોને પ્રણામ કરી પૂછ્યું : સ્વામિનારાયણ જાગ્યા છે ને ? સંતોએ જવાબ આપ્યો : હા, હમણાં એ બહિર્ભૂમિ ગયા છે. થોડી જ વારમાં આવશે.

ઘણીવાર સુધી વાટ જોઈ પણ પ્રભુનો કોઈ પત્તો ન લાગ્યો એટલે એ અકળાયો. દ્વારપાળને ધમકાવ્યો : અરે નાલાયક ! એને બહાર જવા જ કેમ દીધા ?

'સાહેબ ! બહાર જે ગયા એ તો એમના સેવકો હતા.'

'તેં શાના પરથી નક્કી કર્યું કે એમાં સ્વામિનારાયણ નહોતા ?'

'મેં એવું સાંભળેલું છે કે દેવને ઓછાયો ન હોય. મેં રાતે દીવો કરીને ચકાસી લીધું કે એ બધાને ઓછાયો હતો.'

કાનોજીને અંદાજ આવી ગયો કે પોતે ખેલેલી કપટબાજી ધૂળમાં મળી ગઈ. એ બરાબરનો ગિન્નાયો. એ ક્રોધ સંતો પર ઠાલવતો બકવા લાગ્યો : મારી રજા વિના એમને જવા જ કેમ દીધા ?

બ્રહ્માનંદ સ્વામી હાજર-જવાબી હતા. તેમણે કહ્યું : એ તો અહીં જ છે, તમારી નજરમાં એ આવે એવા નથી. એમની એવી અકળ કળા છે કે ઘડીકમાં અહીં દેખાય ને ઘડીકમાં બીજે દેખાય. લોકો એમને ભગવાન કહે છે તે કાંઈ અમથા કહેતા હશે ?

કાનોજીને થયું કે જેમની પાસેથી માલમત્તા પડાવવી હતી એ તો ચાલ્યા ગયા. એમના સાધુને ગોંધી મારવામાં કાંઈ અર્થ સરે તેમ નથી, તેથી સંતોને રજા આપી. પ્રભુના આદેશ અનુસાર સંતો સરસવણી થઈ સેલડી પહોંચી ગયા. પ્રભુજી પણ સેલડી આવી પહોંચ્યા હતા.

સુરાખાચર, ભગુજી, નાજા જોગીયા વગેરે કાઠી દરબારો અને પાર્ષદો પણ ત્યાં આવી પહોંચ્યા હતા. કાનોજીની વાત જાણી બધા કહેવા લાગ્યા : હે પ્રભુ ! તમારી લીલા અકળ છે. કપટી કાનોજી ગમે તેટલાં હવાતીયાં મારે તોય એ મગતરાનું ગજું કેટલું કે આપની આગળ કાંકરીચાળો સરખો પણ કરી શકે ? કોઈક વાર આપ પરતંત્રપણું બતાવો; એ લીલા પણ અમારાં સંભારણાં માટે હોય છે.

ભગવાન કહે : હવે કાનોજીનો ઘડો ભરાઈ ગયો છે. તેણે પ્રજાને ખૂબ રંજાડી છે. ટોપીવાળા-અંગ્રેજો એની બરાબરની વલે કરશે.

થોડા જ સમય બાદ એમ જ બન્યું. અંગ્રેજ અમલદારે એની કપટબાજી સાબિત કરી મદ્રાસની જેલ ભેગો કરી દીધો. તેણે શ્રીહરિને નજરકેદ કરવાનો મનસૂબો કર્યો હતો, તેમ તેને જ નજરકેદ કરવામાં આવ્યો ને એ જેલમાં જ એનું મૃત્યુ થયું.

અગણોતેરો કાળ

દુષ્કાળની આગાહી

વૌઠાના મેળા વખતે શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું હતું કે, જેતલપુરમાં યજ્ઞભંગ કર્યો તેથી રુદ્ર કોપ્યા છે. ૧૮૬૮માં વરસાદ સારો થયો હતો ને અનાજ ઘણું પાક્યું હતું; લોકોને મન હરખ પણ ઘણો હતો. પરંતુ દૈવી પ્રકોપના કારણે ઘણાં તીડ આવ્યાં. તે તીડ ખેતરમાં ઊભું અનાજ ખાઈ ગયાં, તેથી કાંઈ પણ અનાજ બચ્યું નહિ.

વળી જ્યારે પ્રભુજી કુંડળ ગામે પધાર્યા હતા ત્યારે પણ વાત કરી હતી કે, દેશમાં જ્યારે યજ્ઞ વગેરે સાત્ત્વિક પ્રવૃત્તિનો ભંગ થાય છે ત્યારે ભગવાન તે દેશ ઉપર કોપે છે. એ કોપથી વરસાદ ન થાય; ને જ્યારે વધારે કોપ થાય ત્યારે વિનાશકારી ભૂકંપ પણ થાય છે. અતિવૃષ્ટિ થાય છે તે પણ દૈવી કોપ કહેવાય છે. ભલે અનાજ અપાર પાકે, પણ તેને લણ્યા પહેલાં પુષ્કળ તીડ આવે, તે બધા અનાજનો નાશ કરે.

કોઈવાર એવા રોગ આવે, તેનાથી રાજા કે રંક હોય તેનો એક પળવારમાં નાશ થઈ જાય છે. કોઈ વાર શરૂઆતમાં સારો વરસાદ પડે એટલે ખેડૂત વાવણી કરે. મોલ ઊગી જાય, પણ પછીથી વરસાદ થાય જ નહિ. કાળાં ડિબાંગ વાદળાં ઘેરાય પણ વરસાદનો એક છાંટો સરખોય ન પડે.

આવી દુષ્કાળની સંભાવના જણાય ત્યારે પશુનો લોભ ત્યજીને પણ અનાજનો સંગ્રહ કરવો. અરે, પશુ વેચીને પણ અનાજ લેવું. આવી સલાહ કુસંગીથી ન મનાય. માટે અમે કહીએ છીએ કે સમજણા હરિભક્તો હોય તેમણે બે વરસ ચાલે તેટલો અનાજનો સંઘરો કરવો. ઘર વપરાશનો હિસાબ રાખીને તેને અનુસારે અનાજ રાખવું. ઘાસચારાથી સાચવી શકાય તેટલાં પશુ રાખવાં. સોનું કે ચાંદી ગમે તેટલાં હોય, પણ તે ખાવાના કામમાં લાગતાં નથી.

ગોળ કે ઘી વિના જીવન ચાલે, પણ અનાજ વિના એક દિવસ પણ ન ચાલે. યજ્ઞમાં જેણે વિઘ્ન કર્યું છે તેના ઉપર દેવ-ભગવાન રૂઠ્યા છે. રાજ્યમદથી યજ્ઞનો ભંગ કર્યો છે, તે પ્રમાણે ભગવાન તેનો મદ ઉતારશે.

તે વખતે મામૈયા પટગર વગેરે દરબારોએ કહ્યું હતું કે, હે મહારાજ ! આપે કહ્યું છે તે પ્રમાણે અમે અન્ન સંગ્રહ કરીશું, છતાંય આપ અમારા રક્ષક બનીને અમને સહાય કરજો. અમે આપના શરણે રહ્યા છીએ.

ભક્તોને અભય વચન આપતાં પ્રભુએ કહ્યું : તમારા જેવા નિષ્ઠાવાન ભક્ત માટે અમારા એવા આશીર્વાદ છે કે એક કાળ તો શું ? સાત સાત કાળ સામટા પડે ને ઊગરવાનો કોઈ આરો ન હોય તોય મારા આશ્રિતને હું અન્ન વસ્ત્રે દુઃખી નહિ કરું.

ઠેરઠેર ભક્તોને દુષ્કાળ અંગે સાવચેતી

વૌઠાના વિચરણ બાદ ગામોગામ વસતા ભક્તોના મનોરથો પૂર્ણ કરતા શ્રીહરિ ડાંગરવા, નારદીપુર થઈ નાદરીયા પધાર્યા. બીજે દિવસે નિત્યકર્મથી પરવારી શ્રીહરિએ વાત કરી : આજે રાત્રે અમે સૂતા હતા તે વખતે મહાદેવજી અમારી પાસે આવ્યા. બહુ જ વિકરાળરૂપે તે દેખાતા હતા. તેથી અમને જણાય છે કે નક્કી ભયાનક દુષ્કાળ પડશે, માટે તમે બધા બીજો સામાન વેચીને પણ દાણાનો સંગ્રહ કરજો. એટલું જ નહિ તમારી આજુબાજુનાં ગામોમાં પણ ભક્તોને તેની જાણ કરજો.

ભક્તોને ભલામણ કરતા શ્રીહરિ ડભાણ ગામે પધાર્યા. ત્યાં રઘુનાથ ભક્તને બોલાવીને કહ્યું : ભયંકર દુષ્કાળ પડવાનો છે માટે અન્નનો સંગ્રહ કરજો. પાંચસો મણ કોદરા લેજો. તેનું નાણું જેટલું દેવું પડે તેટલું દેજો. આમ ભક્તોને ભલામણ કરી શ્રીહરિ વડતાલ પધાર્યા. અહીં પણ જોબન પગી, રણછોડદાસ વગેરે ભક્તોને પણ એ જ આદેશ આપ્યો.

આ રીતે ગામોગામ દુષ્કાળની ચેતવણી આપતા શ્રીહરિ નાગડકા

પધાર્યા, સુરાખાચરના દરબારમાં મહા સુદ ૫, તા. ૧૯-૧-૧૮૧૨, રવિવારના રોજ વસંતોત્સવ કર્યો. એ અવસરે નિત્યાનંદ સ્વામી બહાર ગામથી ત્યાં આવ્યા. શ્રીહરિએ મનુષ્યભાવ દર્શાવતાં તેમને કહ્યું : કાળ કોપ્યો છે. માટે તમે ભાગવતની કથા કરો જેથી કાળ શાંત થાય. નિત્યાનંદ સ્વામી કહે : મહારાજ, આપ આ લોકની રીતે મનુષ્યભાવ દર્શાવો છો, પણ આપ તો કાળના પણ કાળ છો. બધું જ આપના હાથમાં છે. ઈન્દ્ર, બ્રહ્મા, શિવજી વગેરે આપની આજ્ઞા પ્રમાણે જ વર્તે છે.

શ્રીહરિના આદેશ અનુસાર નિત્યાનંદ સ્વામીએ ભાગવતની કથા કરી. મુક્તાનંદ સ્વામીને આમોદમાં સમાચાર મળતાં એ પણ મંડળ સહિત શ્રીહરિ પાસે આવ્યા. તેમને શ્રીહરિએ આદેશ આપ્યો : તમે ગામોગામ ફરીને બધાને દુષ્કાળની ચેતવણી આપો. જેતલપુરમાં મહાનુભાવાનંદ સ્વામી છે તેમને કહો કે તમે સારંગપુર જાઓ અને ફૂલદોલોત્સવની સામગ્રી તૈયાર કરાવો. ઈષ્ટદેવનો આદેશ મળતાં મુક્તાનંદ સ્વામીએ પ્રયાણ કર્યું. શ્રીહરિ નાગડકાથી નીકળી ગામોગામ વિચરતા સારંગપુર પધાર્યા.

સારંગપુરમાં ફૂલદોલોત્સવ

સારંગપુરના દરબાર જીવાખાચરના પ્રેમને વશ થઈ શ્રીહરિએ ફાગણ સુદ પૂનમ, તા. ૨૭-૨-૧૮૧૨, ગુરુવારના પાવન દિને ફૂલદોલોત્સવ સારંગપુરમાં કરવાનું વચન આપ્યું હતું. એ પ્રમાણે જીવાખાચરે સઘળી તૈયારીઓ કરી રાખી હતી. શ્રીહરિના આગમન સાથે આખું સારંગપુર ગામ ધણધણી ઊઠ્યું. બીજે જ દિવસે હોળી નિમિત્તે આનંદ ઉત્સવ થયો.

ત્યાંના વસ્તાખાચરને એવી ઈચ્છા હતી કે ફૂલદોલ નિમિત્તનો લ્હાવો તેમને મળે. પ્રભુજીએ તે વાતની મંજુરી આપી. તેથી વસ્તાખાચરે પોતાના ફળિયામાં લીંબડા તળે હિંડોળો બાંધી ફૂલથી સારી રીતે શણગાર્યો. એ હિંડોળાની શોભાને સાર્થક કરવા શ્રીહરિ તે પર બિરાજ્યા. વસ્તાખાચરે જરિયાની જામો, સુરવાળ, પોંચી, કડાં, સાંકળી ધરાવ્યાં. મસ્તક પર

મોળીયું ધરાવી ઉમંગભેર આરતી ઉતારી. ઝાંઝ, મૃદંગ વગેરેના વાદન સહ ઓચ્છવ થયો.

રંગોત્સવ નિમિત્તે રંગ ભરેલાં મોટાં મોટાં પાત્રો, ગુલાલ તેમજ સંખ્યાબંધ પીચકારીઓ તૈયાર હતાં. શ્રીહરિએ જરિયાની વસ્ત્રો ઉતારી રંગોત્સવને અનુરૂપ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. ઢોલ નગારાંની ધણધણાટી શરૂ થઈ. આવું ઉત્સાહ સભર વાતાવરણ હોય, ને તેમાંય પ્રભુનું સાન્નિધ્ય હોય, એવો અવસર કોણ ચૂકે ?

સધવા બાઈઓને વિચાર થયો કે અમે પણ રંગોત્સવ માણીએ. પ્રભુ આગળ પ્રસ્તાવ રજૂ કરતાં પ્રાર્થના કરી : હે દયાળુ ! અમારાં તપમાં એવી તે કઈ ખામી રહી ગઈ હશે, જેથી અમને નારીનો દેહ મળ્યો ? નહિતર પુરુષોની જેમ અમને આપની સંગે રંગે રમવાનો લાભ મળત.

શ્રીહરિ બોલ્યા : જો બાઈઓ પુરુષ સાથે રંગે રમે તો એકબીજાની મર્યાદા સચવાય નહીં. પરિણામે અનિષ્ટ પણ સર્જાય. અમે ધર્મમર્યાદા સ્થાપન કરવા માટે આ લોકમાં આવ્યા છીએ. એનો ભંગ થાય એવું તો અમે ભૂલે પણ થવા ન દઈએ.

શ્રીહરિની મરજીમાં રહેવું હિતાવહ સમજી બાઈઓએ વિનવણી કરી : આપ અમને પ્રસાદીનો રંગ કરી આપો. અમે પ્રસાદી લઈને પાવન થઈશું. બાઈઓના વેણમાં નમ્રતા જોઈ શ્રીહરિ રાજી થયા. રંગ ભરેલી કુંડીઓ પ્રસાદીની કરી આપી. બાઈઓએ તેના વડે રંગોત્સવ માણ્યો. પ્યારા પ્રીતમ ભગવાનની મરજી અનુસાર બાઈઓ મર્યાદામાં વર્તી. શ્રીહરિ તે સહુ પર પ્રસન્ન થઈ બોલ્યા : આજે તમને ધાણી, ખજૂર વગેરેના ફગવા તો મળશે જ. એ સાથે મારે તમને પ્રસન્નતાના ફગવા આપવા છે. તમારે જે જોઈએ તે માગો.

બાઈઓની માગણી

ભગવાનનો તો એ સહજ સ્વભાવ હતો કે વાતની વાતમાં ભક્તની કસોટી પણ લઈ લે. અહીં પણ એમ જ થયું. સભામાં બેઠેલી કેટલીક

બાઈઓએ માગ્યું : દયાળુ ! અમે દર વર્ષે આવા ને આવા ઉત્સવો કરી શકીએ એટલું ધન આપો. એ સાથે આપની સેવા કરી શકીએ એવું બળ આપો. શ્રીહરિ બોલ્યા : ભલે, તમે જે માગ્યું એ તમને મળશે.

એ વખતે ડાંગરવાનાં જતનબા વગેરે ગુજરાતનાં બાઈઓ બેઠાં હતાં. તેમણે હાથ જોડતાં કહ્યું : હે મહારાજ ! અમે આપની પાસે એટલું જ માગીએ છીએ કે તમારી ભક્તિમાં અમને માયા અંતરાય ન કરે. એ સાથે આપને વિશે અમને સદાય દિવ્યભાવ રહે પણ મનુષ્યભાવનો ક્યારેય સંકલ્પ પણ ન થાય. આ બે વરદાન કૃપા કરીને આપો.

બાઈઓની સમજણ દાદ માગી લે એવી હતી. શ્રીહરિ પ્રસન્ન થઈ બોલ્યા : એ તો અમે તમને આપવાના જ છીએ. કંઈક આ લોકનું માગવું હોય તે માગી લ્યો. બાઈઓ કહે : મહારાજ ! આ લોકનું તો અમને કાંઈ જોઈતું જ નથી. કારણ કે એ બધુંય તમારાથી વિખૂટા પાડનારું છે. અમારામાં એવી ઝાઝી બુદ્ધિ નથી. અલ્પ બુદ્ધિથી અમને જેમ સૂઝે એમ બોલીએ છીએ.

શ્રીહરિ કહે : તમને જે સૂઝે છે એ ખરેખર સાચું છે. જેને રૂડી બુદ્ધિ હોય તેને જ આવું સાચું સૂઝે છે. માટે હજુ પણ કાંઈક માગવું હોય તો માગો.

બાઈઓ કહે : હે પ્રભુ ! અમને કદાચ વિષમ દેશકાળ આવે, તો પણ અમે આપને કોઈ દિવસ ન ભૂલીએ. કામ, ક્રોધાદિ દોષો અમારા અંતરમાં કદી ન જાગે એવી દયા કરજો.

આ પ્રકારની માગણી સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા. મનમાં વિચારવા લાગ્યા : લોકો સ્ત્રીની બુદ્ધિને નિંદતા રહ્યા છે, પણ આ બાઈઓ એવી છે કે પૂર્વે મોટા મોટાને માગતાં નથી આવડ્યું એવું માગી લીધું !! ત્યાં જ વળી સભામાં શબ્દ સંભળાયોઃ હજુ પણ માગવાનું બાકી રહી ગયું.

'કાંઈ વાંધો નહિ, ખુશીથી માગો.' શ્રીહરિએ એવી જ સહજતાથી ખુશી વ્યક્ત કરી.

બાઈઓ કહે : આ સત્સંગમાં વિઘ્નરૂપ દેહાભિમાન, આ લોકની મોટપ, સંસારનું સુખ એ અમને ક્યારેય આપશો નહિ. સત્સંગમાં અંતરાયરૂપ નાસ્તિકો, વિમુખોનો સંગ અમને ક્યારેય ન થાય એવી દિવ્ય બુદ્ધિનો યોગ આપજો.

ખરેખર માગવા જેવું હતું એ જ બાઈઓએ માગ્યું. શ્રીહરિ અત્યંત પ્રસન્ન થઈ બોલ્યા : તમે માગ્યું તે બધુંય તમને આપ્યું. સત્સંગમાં વિઘ્ન કરનારાં તત્ત્વો તમને નડશે નહિ ને નિષ્ઠાસભર સત્સંગ જીવનભર ટકી રહેશે.

ભગવાન જ્યારે માગવાનું કહે ત્યારે માગવા જેવું આ છે, પણ ખરું ટાણું આવે ત્યારે કોની કેવી સમજણ છે તે પરખાઈ જાય છે. ગુજરાતી બાઈઓની સમજણને વખાણતા શ્રીહરિ બોલ્યા : અમને આવા ભક્તો બહુ ગમે છે.

પુરુષવર્ગમાં રંગોત્સવ માણવા એક બાજુ સંતો પીચકારી લઈને તૈયાર થયા. સામી બાજુએ શ્રીહરિની સાથે પાળાઓ સજ્જ હતા. પ્રભુનો સંકેત થતાં જ સામસામી રંગ પીચકારીઓ છૂટવા લાગી, તો કોઈ ગુલાલ ઉડાડવા લાગ્યા. રંગની એવી ધૂમ મચી કે આકાશમાં સર્વત્ર લાલાશ વ્યાપી ગઈ.

દરેક સંતને ઈચ્છા હતી કે હું શ્રીહરિ પર રંગની વર્ષા કરું. એટલે સામે ઊભેલા સંતોએ શ્રીહરિ ઉપર રંગવર્ષાની ઝડી મચાવી દીધી. આ રીતે ચારે કોરથી પીચકારીઓ છૂટે ત્યારે ગમે તેવો ધીરજવાળો હોય તે પણ અકળાઈ જાય. આ લોકના ભાવ દર્શાવતા શ્રીહરિ પણ અકળાઈ ગયા. એ રંગવર્ષાની ઝડીમાંથી બચવા આમતેમ ભાગવા લાગ્યા. પરંતુ સંતો પણ તેમની પાછળ દોડવા લાગ્યા. હવે શ્રીહરિએ વિચાર્યું કે આ કોઈ પીછો છોડશે નહિ તેથી ઝટપટ લીંબડાના ઝાડ પર ચડવા લાગ્યા. તેવામાં એક ભક્ત ભગવાનને પકડવા ગયા, પણ તેમ ન થતાં ભગવાને પહેરેલા અંગરખાનો છેડો હાથમાં આવી ગયો, ને ચરરર... કરતું અંગરખું ફાટી ગયું.

વેગમાં ને વેગમાં પ્રભુની મર્યાદા ન સચવાય એ પણ અયોગ્ય હતું. એ સમજણ આપવા શ્રીહરિ બોલ્યા : તમે આ રીતે મર્યાદા મૂકીને વર્તો એ કાંઈ રંગ રમવાની રીત નથી. અમારાં વસ્ત્ર ફાટી જાય ત્યાં સુધી તમારી ધીંગામસ્તી ચાલુ રહે એ તે કેમ ચલાવી લેવાય ?

હવે તો સંતો-હરિભક્તોને પણ સમજાઈ ગયું. સૌએ માફી માગતાં પ્રાર્થના કરી : હે પ્રભુ ! પ્રેમમાં ને પ્રેમમાં અમે દેહનું ભાન ભૂલી ગયા ને અપરાધ કરી બેઠા. દયાળુ ! અમને માફ કરો. ફરીથી આવી ભૂલ ન થાય તેની તકેદારી રાખીશું.

ભગવાનની રીસ તો ભક્તની શિક્ષાને અર્થે જ હોય છે. એમનું હૃદય તો ફૂલથીય કોમળ છે. ભક્તોની સાચા દિલની પ્રાર્થના સાંભળી શ્રીહરિ હસી પડ્યા. ભગવાનની એ અમૃતમય દૃષ્ટિ જોઈ સંતો-ભક્તોના હૈયે ટાઢક થઈ. શ્રીહરિ ઝાડથી નીચે ઊતર્યા. રંગોત્સવ પૂર્ણ કરી વાજતે ગાજતે નદીએ જઈ સ્નાન કર્યું. જળક્રીડા દ્વારા સૌને આનંદ પમાડી પાછા ગામમાં પધાર્યા.

ભોજનપ્રબંધ જીવાખાચરના દરબારમાં હતો. સુરતના ભાઈચંદ શેઠે મોતૈયા જલેબીની રસોઈ કરાવી હતી. શ્રીહરિએ થાળ અંગીકાર કરી સંતો-ભક્તોને ખૂબ તાણ કરીને જમાડ્યા. શેઠને શ્રીહરિનું પૂજન-અર્ચન કરવાનો ઉમંગ હતો. તેમણે પણ ભારે ભારે પોશાક અને પૂજન સામગ્રીથી શ્રીહરિનું પૂજન કર્યું.

મહાનુભાવાનંદ સ્વામીને ચરણ-સેવાનો મહાન અનુભવ

સંધ્યાનો સમય થતાં સંધ્યા આરતીના નિયમો થયા બાદ શ્રીહરિ પોઢ્યા. તે વખતે મહાનુભાવાનંદ સ્વામી ત્યાં આવ્યા. અત્યંત ઉમંગથી ભગવાનના ચરણ ચાંપવા તૈયાર થયા, ત્યાં જ શ્રીહરિએ ચરણ ખેંચી લીધા. સ્વામી હાથ જોડી ભગવાનને પૂછવા લાગ્યા : હે પ્રભુ, આપે ચરણ પાછા કેમ ખેંચી લીધા ? આ સેવકમાં આપને શી ખામી જણાઈ, તે કૃપા કરી જણાવો. કાંઈ તપમાં ખામી હોય તો તે કહો.

હે ભગવાન, આપને રાજી કરવા મેં સંસારનો ત્યાગ કર્યો છે, વળી ગામોગામ ગયા ત્યાં દુષ્ટ લોકોનાં અપમાન સહન કર્યાં છે. આપના ચરણ માટે તો વનમાં પણ વસવાટ કર્યો છે, હજુ પણ કાંઈ ખોટ હોય તો કહો, પણ અમને ચરણસેવાનો લાભ કૃપા કરીને લેવા દો.

શ્રીહરિ કહે : સાંભળો, હું તમને એક વાત કહું છું. એક ગરીબ બ્રાહ્મણ હતો. ઘરોઘર ભીખ માગી પોતાનું ગુજરાન ચલાવતો હતો. એકવાર તે એક શ્રીમંતને ઘેર ગયો. ત્યાં આંગણામાં વાસીદું વાળ્યું. શેઠ પણ જોતો હતો કે આ ગરીબ માણસ વાસીદું વાળે છે. વાસીદું વાળી લીધા પછી તે શેઠ પાસે ગયો ને મહેનતાણાની માગણી કરી. શેઠે પૂછ્યું : કેટલું આપું ? ગરીબ કહે : અડધો મણ સોનું આપો. ત્યારે શેઠે કહ્યું : તેં તો માત્ર એક પૈસાનું કામ કર્યું, તેના માટે અડધો મણ સોનું માગતાં તને લાજ નથી આવતી ?

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત હવે સમજાવું છું. પૂર્વે મોટા મોટા ઋષિઓ, તપસ્વીઓ તપ કરીને હાડકાં ગાળી નાખતા, છતાં પણ આ ચરણકમળનાં દર્શન એમને થયાં નથી. તમે તો માત્ર ભગવાં વસ્ત્ર પહેર્યાં છે ને સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ કર્યો છે, ને થોડું ઘણું અપમાન સહન કર્યું છે, એટલામાં ચરણ માગો છો ! ચ્યવન, સૌભરી વગેરે તપ સાધનારા કેટલાય તપસ્વીઓ ને યોગ સાધનારા કેટલાય યોગીઓ પોતાના લક્ષ્યથી ચલાયમાન થયા છે. મહાનુભાવાનંદ સ્વામી કહે : મહારાજ, અમે એવા તપસ્વી નથી કે અમે ચલાયમાન થઈએ. ઈન્દ્ર, બ્રહ્મા જેવા આવે તો પણ અમને ચલાયમાન કરવા કોઈ સમર્થ નથી.

સ્વામીની આવી દૃઢતા જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા ને ચરણારવિંદ લાંબા કર્યા. સ્વામીએ શ્રીહરિના ચરણ આંખે ને મસ્તકે અડાડ્યા તેમજ છાતીએ પણ લીધા. પરમાનંદ સ્વામી પણ ત્યાં હતા. તેમણે પણ આંખે, મસ્તકે તેમજ છાતીએ ચરણારવિંદ ધારવાનો લાભ લીધો. સ્વામીની ચરણસેવા સ્વીકારતા શ્રીહરિ પોઢી ગયા.

બીજે દિવસે સ્નાનાદિ નિત્ય નિયમથી પરવારી શ્રીહરિએ સભા

કરી; તેમાં સૌને દુષ્કાળની ચેતવણી આપી. આ રીતે ભક્તોને ચેતવણી આપતા ને ગામોગામ વિચરણ કરતા શ્રીહરિ ગઢપુર પધાર્યા. ગઢપુરમાં શ્રીહરિજયંતીનો સમૈયો કર્યો ત્યારે પણ એ જ વાત કરી.

બગસરાના ભક્તોને દુષ્કાળની ચેતવણી

ગઢપુરમાં શ્રીહરિજયંતી પ્રસંગે બગસરાના સથવારા વેલાભાઈ, રૂડાભાઈ ને ડોસાભાઈ તેમજ હામાપરના કરસનભાઈ શ્રીહરિનાં દર્શનાર્થે આવેલા હતા. એ દરેક ભક્ત શ્રીહરિને ચરણે ભેટ ધરવા વિવિધ પ્રકારની ભેટ લાવેલા હતા.

ડોસાભાઈ અને વેલાભાઈ શાકભાજીનાં બી લાવ્યા હતા. કાકડી, ચીભડાં, કારેલાં, તુરીયાં, દૂધી અને ગલકાંનાં એ બી બહુ જ સારાં હતાં. ભક્તોનો ભાવ જોઈ શ્રીહરિ બહુ જ રાજી થયા. સચ્ચિદાનંદ સ્વામીને એ બી આપીને કહ્યું : આ બી પીપળાવાળી વાડીમાં વાવજો.

રૂડાભાઈ સરસ ચોફાળ લાવ્યા હતા. મૂળજી બ્રહ્મચારીને તે આપીને કહ્યું : આ ચોફાળ અમારે શિયાળામાં ઓઢવા કામ લાગશે.

હામાપરના કરસન બામણીયા એક મણ બાજરો લાવ્યા હતા. મોટા ને ચકચકતા એ દાણા હતા. શ્રીહરિએ પ્રસન્ન થઈ જીવુબાને આપતાં કહ્યું : આ બાજરો દળીને તેનો રોટલો કરીને રોજ અમારા થાળમાં મૂકજો.

સમૈયા બાદ એ ચારે ભક્તો પોતાને ગામ જવા રજા લેવા આવ્યા ત્યારે શ્રીહરિએ વેલાભાઈ અને ડોસાભાઈને પૂછ્યું : તમે શું ધંધો કરો છો ?

‘મહારાજ ! અમે બકાલાની વાડી કરીએ છીએ.’

‘ભગત, તમારી પાસે બળદ કેવા છે ?’

‘દયાળુ ! આપની દયાથી અમારે બંને પાસે વઢિયારી ચાર ચાર બળદ છે. દરેક બળદની કિંમત સો રૂપિયા છે.’

‘હવે તમે ઘેર જઈ એ બળદ વેચી નાખજો. તેને બદલે નાના

નાના ખુંટીયા લેજો. બળદ વેચતાં જે રૂપિયા આવે તેના દાણા લઈ કોઠીમાં ભરી દેજો.'

એ જ રીતે રૂડાભાઈને કહ્યું : તમે ખડ સંઘરી રાખજો ને જેઠ મહિનામાં વેચજો ને ઘરમાં ઘરેણું હોય તે વેચીને દાણા લઈ લેજો.

કરસન બામણીયા પાસે પચાસ ઢોર હતાં તેમાંથી માત્ર ચાર ઢોર રાખવાનું કહી બીજાં બધાં વેચી નાખીને દાણાનો સંગ્રહ કરવાનો આદેશ આપ્યો.

ઈષ્ટદેવના આદેશનું અક્ષરશઃ પાલન કરવાની ટેકવાળા એ ચારેય ભક્તોને અગણોતેરા કાળમાં કોઈપણ પ્રકારની તકલીફ વેઠવી ન પડી, બલ્કે વધારે સુખિયા થયા.

કાળની ભીષણતા

ગઢપુરમાં સંવત ૧૮૬૮, ચૈત્ર સુદ નવમી, તા. ૨૧-૩-૧૮૧૨, શનિવારે ઉજવાએલા શ્રીહરિજયંતીના સમૈયા બાદ પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન વાંકિયા થઈ કોટડા પધાર્યા. અહીંના રાજાને અનાજનો સંગ્રહ કરવાની વાત કરી. બીજે દિવસે નડોલ ગામે ગંગારામ, લક્ષ્મણ વગેરે ભક્તોને પણ અનાજનો સંગ્રહ કરવાની ચેતવણી આપી. શ્રીહરિનું આ ઝડપી વિચરણ હતું; તેમાં બધાને અનાજનો સંગ્રહ કરવાની ભલામણ કરી. પોતાના સંતો મારફતે પણ આ જ સંદેશો કહેવડાવ્યો.

શ્રીહરિ નડોલથી બંધિયા પધાર્યા. અહીં તો રામાનંદ સ્વામીના વખતના ઘણા સત્સંગીઓ હતા. દરબાર વાઘેલા મૂળુભા (મૂળરાજસિંહ), ધર્મપત્ની આદ્બુબા, મૂળુભાના ભાઈ જેહાજી, બહેન લખુબા વગેરે પણ સત્સંગના રંગે રંગાએલાં હતાં. લખુબા શ્રીહરિ માટે પ્રેમથી થાળ બનાવતાં. એમને કથાવાર્તા તેમજ યોગકળામાં બહુ જ રસ હતો. શ્રીહરિ પાસેથી યોગકળા શીખી તેમણે સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી હતી. શ્રીહરિ ગમે ત્યાં વિચરણ કરતા હોય તે દર્શન લખુબા કરી શકતાં. એમનાં લગ્ન રાજકોટના રાજકુમાર સાથે થયેલાં. ત્યાં પણ તેમણે રાજકોટના

ઠાકોર સાહેબ સુરાજીરાજનાં બહેનને સત્સંગ કરાવ્યો હતો, જેના પરિપાકરૂપે ઠાકોર સાહેબને પણ સત્સંગનો રંગ લાગ્યો હતો.

બંધિયા ગામમાં વસતા ભક્તોને પૂર્ણકામ કરી શ્રીહરિ ગોંડલ, ઉપલેટા, વડગામ, અલૈયા, મોડા, ભાદરા, પીપળિયા, આખા, પીપલાણા, અગત્રાઈ, માણાવદર થઈ પંચાળા પધાર્યા. અહીં પણ ઝીણાભાઈને આદેશ આપ્યો : એક ઘોડી ને એક ભેંસ રાખજો. બાકીનાં ઢોર વેચી દેજો. આ રીતે ઠેરઠેર ચેતવણી આપતા શ્રીહરિએ અષાઢ સુદ બીજની રથયાત્રા પુનઃ ગઢપુરમાં જ કરી.

અષાઢી વર્ષની ગણત્રી પ્રમાણે સંવત ૧૮૬૯ના વર્ષની શરૂઆત થઈ ગઈ હતી. ૬૯ ને અગણ્યોસિત્તેર, ઓગણોતેર તેમજ અગણોતેર કહેવામાં આવે છે. એ સાલે ભયંકર દુષ્કાળ પડ્યો તેથી તે ‘અગણોતેરો કાળ’ કહેવાયો.

તે દિવસોમાં બપોર સુધી વાદળાંની ઘટા છવાઈ જતી, જાણે હમણાં જ વરસાદ તૂટી પડશે; પરંતુ વરસાદનો એક છાંટો પણ પડતો નહિ. દિવસે વાદળાં રહેતાં. સૂર્ય તો દેખાતો જ નહિ, પણ રાત પડે એટલે વાદળાં વિખેરાઈ જતાં. શરદઋતુની જેમ આકાશ સ્વચ્છ થઈ જતું.

મારવાડમાં તો બે ત્રણ વર્ષથી દુષ્કાળના ઓળા ઊતરી પડ્યા હતા. મોટા મોટા જમીનદારો પણ રાંક થઈ ગયા હતા, એટલે પોતાના જીવનનિર્વાહ માટે ગુજરાત તરફ ઊમટી પડ્યા હતા.

શ્રીહરિએ પોતાના વિશ્વાસુ અદના સેવક દાદાખાચર માટે અગાઉથી વ્યવસ્થા કરી દીધી હતી. ઢોર ગુજરાતમાં મોકલી વેચાવી દીધાં હતાં. તુવેર, ચોખા, બાજરો, જુવાર, ઘઉં વગેરે બધું અનાજ સસ્તું હતું. તે વખતે જ મંગાવીને તેનાં મોટાં કોઠારિયાં ભરાવી દીધાં હતાં.

એ વખતે મહારુદ્ર ભગવાનની પાસે આવ્યા. પ્રણામ કરી ભગવાનને પ્રાર્થના કરી : હમણાં પૃથ્વી ઉપર પાપી લોકોનો ભાર બહુ જ વધી ગયો છે. વામમાર્ગીઓના કારણે વ્યભિચાર વધ્યો છે. તેઓ સાચા સંતનો ઉપદેશ કાને ધરતા નથી એટલું જ નહિ, સામેથી સંતોને દુઃખ દે

છે. આવી દુષ્ટ પ્રવૃત્તિ જોઈ મને એમ વિચાર થાય છે કે મહાવિકરાળ કાળ પાડી પાપીઓને મારી પૃથ્વીનો ભાર હળવો કરું. જો કે એમ કરતાં સૂકા ભેગું લીલું પણ બળશે, પરંતુ એમ કર્યા વિના છૂટકો નથી. આપની મરજી હોય તો મેં આવું કરવાનું વિચાર્યું છે.

વળી હે ભગવાન, તમે દિલના દયાળુ છો. દુષ્કાળ વખતે તમારી પાસે ગમે તે કોઈ અન્ન માગવા આવશે ત્યારે તમે તેનું દુઃખ જોઈ નહિ શકો. તેને અન્ન આપશો. બીજાને એ ખબર પડશે એટલે ઘણા બધા આવશે. એમાં તો પાપી હશે તે પણ ફાવી જશે. એમ કરવાથી પૃથ્વીનો ભાર હળવો નહિ થાય. માટે તમે ગુપ્ત રહેજો. મહારુદ્રની અરજી ભગવાને માન્ય રાખી. તેથી તે રાજી થઈને કૈલાસમાં ગયા.

પછી તો આખો અષાઢ માસ વીતી ગયો પણ વરસાદનું એક બુંદ પણ ન વરસ્યું. શ્રાવણ પણ કોરો ગયો. ભાદરવો પણ ભયંકર દેખાવા લાગ્યો.

પાણી... પાણી... ની બૂમો પડવા લાગી. પશુઓ માટે ઘાસ-ચારો ખૂટી ગયો. માણસો કાજે ધાન ખૂટી ગયું. મારવાડ બાજુથી લોકોનાં ધાડાં ને ધાડાં આવવા લાગ્યાં. પરિસ્થિતિ એવી સર્જાઈ કે બ્રાહ્મણને પોતાના જીવન નિર્વાહ માટે બ્રાહ્મણપણું વિસારી દેવું પડ્યું. ચાંડાળને ઘેર જઈને તેના હાથમાંથી ખાવાનું ઝૂંટવી લેવા માંડ્યા. કોઈના ઘરમાં અન્ન છે એવી ખબર પડે કે તરત જ લોકો તેના ઘરમાં ઘૂસી જતા. જે કાંઈ હોય તે લૂંટી લેતા. કોઈક વ્યક્તિ છોકરાને ખાવાનું આપે તો તેની મા તેના હાથમાંથી ઝૂંટવી લઈને ખાઈ જતી. અરે ભૂખના કારણે પોતાના જણ્યા બાળક પર પણ દયા રાખી શકતી નહોતી.

સૂવાવડી બાઈને કાંઈ ખાવા-પીવા ન મળતાં પોતાના જન્મેલા બાળકને ખાઈને પેટ ભરી લેતી. એવી કફોડી પરિસ્થિતિ સર્જાઈ.

પોતાના પરિવારનું પોષણ ન કરી શકવાથી પુરુષો પોતાનાં છોકરાં છૈયાંને રડતાં કકળતાં મૂકીને ચાલી નીકળ્યા. ભૂખના ભરડામાં તેમના માટે દયા જેવી ચીજ અલોપ થઈ ગઈ. દયા કરવા જાય તો પોતાને

ભૂખે મરવાનો વારો આવી જતો.

જેઓ કુળવાન ને આબરુદાર હતા તેઓ પરદેશ ચાલ્યા ગયા. ભિક્ષા માગીને દહાડા કાઢવા લાગ્યા. કેટલાકે પોતાના કુટુંબનું દુઃખ ન જોઈ શકવાથી ઝેર ખાઈ જીવન ટૂંકાવી દીધાં.

અન્નને માટે ચોરી ને લૂંટફાંટ થવા લાગી. ભૂખનાં માર્યાં નાનાં નાનાં બાળકોની ચીસો ઠેરઠેર સંભળાતી હતી. લોકો રિબાઈ રિબાઈને, પગ ઘસી ઘસીને મૃત્યુ પામતા હતા. અન્ન માટે ભિખારીની જેમ ટળવળતા. મૃત્યુ પામેલાનો અગ્નિ સંસ્કાર કરનાર ન મળવાથી રસ્તામાં જ્યાં જુઓ ત્યાં મડદાં દેખાતાં હતાં.

ઈતિહાસકાર મગનલાલ વખતચંદે સંવત ૧૯૦૮માં છપાએલી આવૃત્તિમાં નોંધ્યું છે કે અમદાવાદ શહેરમાં રોજ ૪૦૦ થી ૫૦૦ માણસ મરતાં હતાં. તે હિસાબે આખા ગુજરાતમાં કેટલાં માણસો મરતાં હશે તેનો અંદાજ લગાવી શકાય.

એ વખતના ‘સુરત અખબાર’ માં આ કાળનું વર્ણન નોંધાએલું છે કે અમદાવાદમાં આ કાળથી એક લાખ મનુષ્ય મરણ પામ્યા. વસતી અડધી થઈ ગઈ. મરણ એટલાં ઉપરાઉપરી થયાં કે શહેરમાં બળતણ ખૂટ્યું. કુટુંબનાં કુટુંબ પાયમાલ થઈ ગયાં. અંતે એટલાં મોત વધ્યાં કે બાળવા ગયેલાને જ બાળવાનો વખત આવ્યો. પુરુષોને ઠેકાણે સ્ત્રીઓ ડાઘુ તરીકે મડદાં લઈ જતી.

દાદાખાચરના દરબારમાં શ્રીહરિ ગુપ્ત રહ્યા હતા. તપસ્વીનો વેશ ધારણ કર્યો હતો. નખ ને કેશ વધાર્યા હતા. કોઈની સાથે કાંઈ વાત જ નહોતા કરતા ને ઉદાસીપણું દર્શાવતા. ભક્તો દર્શનાર્થે આવતા પરંતુ ભગવાન ક્યાં છે તેની કોઈને ખબર જ નહોતી પડતી. કોઈ કહેતા કે કચ્છમાં ગયા છે, તો કોઈ કહેતા કે ગુજરાતમાં ગયા છે. ભક્તોને દર્શન દેવા શ્રીહરિ રાત્રે નીકળતા. તેમાં કોઈવાર બોટાદ, કારિયાણી, ઝીંઝાવદર કે સારંગપુર બાજુ જતા.

ભગવાને વિચાર્યું : હવે સત્સંગીઓનાં મોત મારાથી જોવાય તેમ નથી. જે મારા શરણે છે, મારી આજ્ઞામાં છે તેને હું જીવાડી દઈશ.

એ અરસામાં દેવળા ગામના વણિક રૂપાશાનો પત્ર આવ્યો. પ્રભુએ તે પત્ર લાધા ઠક્કર પાસે વંચાવ્યો. તેમાં લખેલું હતુંઃ આપની રકમમાંથી ૨૦૦૦ મણ જુવાર લીધેલી હતી તે મારા ઘરમાં પડી છે. દુકાળ પડ્યો છે તેથી ચોર-લૂંટારાનો ભય બહુ વર્તાય છે. કૃપા કરી જલ્દી મંગાવી લ્યો તો સારું.

લાધા ઠક્કરને આનંદ થયો. તેમણે કહ્યું : મહારાજ ! આવે ટાણે એ અનાજ બહુ જ કામ આવશે. ઝડપથી મંગાવી લ્યો.

'લાધા ઠક્કર, એ જુવાર આપણી નથી. એ તો અમે ગરીબ રૂપાશા ભક્તનું દારિદ્ર્ય કાપવા લેવડાવી હતી. હવે તેને કાગળ લખો કે એ જુવાર તમારી છે તેને વેચી દઈને તમારું ગુજરાન કરજો.'

પ્રભુનો પત્ર ભક્તને મળ્યો. ભક્તે તે પ્રમાણે અમલ કર્યો. જે જુવાર રૂપિયાના ચાર મણના ભાવે લીધી હતી તે જુવાર ચાર રૂપિયાના મણના ભાવે વેચાઈ. એટલે ભક્તને આઠ હજાર રૂપિયા મળ્યા. ભગવાન પોતાના ભક્ત પર એવી અજબની દયા કરતા રહે છે કે ભક્તની સેવા અંગીકાર કરી અકળ રીતે ભક્તને દારિદ્રયથી મુક્ત કરી દે છે.

જીવાખાચરને બચાવ્યા

ગઢપુરના જીવાખાચર પોતાની વાહ વાહ થાય તે માટે છૂટા હાથે અન્નદાન કરવા માંડ્યા. જે કોઈ આવે તેની ઝોળી ભરી દે. આ વાત ગામોગામ પ્રસરી ગઈ. જીવાખાચરને ત્યાં ભીડ થવા માંડી. પરિણામ એ આવ્યું કે તેમના કોઠારમાં દાણા ખૂટવા માંડ્યા. એ નિરાશ થઈ ગયા. ક્યારેક એ જમવા બેઠા હોય ને કોઈ માગવા આવે તો પોતાની થાળી તેને જમાડી દેતા. પોતે ઉપવાસ કરી લેતા. કોઈને ભૂખ્યા કાઢતાં તેમની આંખો ભીની થઈ જતી.

જીવાખાચરની સુપુત્રી અમૂલાબાઈ પોતાના પિતાનું આ દર્દ જોઈ ન શક્યાં. વળી પિતાએ એમ પણ કહ્યું : જો અન્ન ખૂટી જશે તો ઝેર ખાઈને મરી જઈશ, પણ ભૂખ્યાને અન્ન આપ્યા વિના મારાથી નહિ રહી શકાય.

અમૂલાબાઈ દોડતાં દોડતાં શ્રીહરિની પાસે આવ્યાં. સઘળી વાત કરી. ભગવાન કહે : તમારા પિતા આ રીતે ખોટું મમત તાણે છે. પોતાની શક્તિ પ્રમાણે અન્નાર્થીને આપવાનું હોય. અતિ દાતા ન બનવું તેમજ કંજૂસાઈ પણ ન કરવી. અતિ સર્વત્ર દુઃખદાયક બને છે.

જીવાખાચરના દુઃખ-નિવારણ માટે શ્રીહરિએ કારિયાણીના વસ્તાખાચર પાસેથી હજાર રૂપિયા મંગાવી, તેનું અનાજ લેવડાવી કોઠીમાં ભરાવ્યું. એ સાથે આદેશ આપ્યો કે આ કોઠીને ઉપરથી ઢાંકી દેજો. તેનું મોઢું લીંપીને બંધ કરી દેજો. નીચે સાણેથી દાણા કાઢજો. તમારી ટેક ટકી રહેશે.

શ્રીહરિના આદેશ પ્રમાણે જીવાખાચરે કર્યું. દયાળુ પ્રભુના આશીર્વાદથી હજારો લોકોને છૂટે હાથે અનાજ આપવા છતાં તે કોઠી અખૂટ રહી.

મુક્તાનંદ સ્વામીને દર્શનની મોજ

ગઢપુરમાં શ્રીહરિ ગુપ્ત રીતે રહ્યા હતા. વેશ પણ એવો રાખ્યો હતો કે કોઈ ઓળખી જ ન શકે. ધોતીનો કછોટો બાંધતા. માથે જટાના વાળ છૂટા રાખી કચ્છદેશની પીળી ટોપી પહેરતા. કંઠમાં રુદ્રાક્ષનો પારો પહેરતા. ખભા ઉપર ઘાટા કેસરી રંગનું શેલું રાખતા. બાકીનું અંગ ઉઘાડું રાખતા. લોકો રોતા કકળતા ગઢપુર આવતા. ભગવાનથી એ જોઈ શકાતું નહિ. કોઈને ઓળખાણ ન પડે એ રીતે રાત્રે અનાજ આપતા.

કોઈવાર બહાર જાય ત્યારે કમળશી વાણિયા પાસે ખીચડી, ખાખરા વગેરે ઊપડાવીને જતા. વિશેષપણે તો ગઢપુરમાં ગુપ્તવાસ કરીને રહેતા.

એ દિવસોમાં ભગવાને પોતાના અનુભવની વાત ગઢડા પ્રથમ પ્રકરણના ૬૮મા વચનામૃતમાં જણાવી છેઃ ઓગણતેરા કાળમાં અમને

એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને જગન્નાથજીની મૂર્તિને વિશે પ્રવેશ કરીને રહ્યા છીએ ને તે મૂર્તિ તો કાષ્ટની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વે દેખતા.

એ અરસામાં મુક્તાનંદ સ્વામી ગઢપુર આવ્યા. એમને ખબર નહોતી કે ભગવાન ત્યાં છે. તેમણે પ્રેમજી ઠક્કરને ઘેર ઉતારો કર્યો. ભગવાન કચ્છમાં હશે એમ ધારી ભક્તોને કહ્યું : અમે ગુજરાતથી આવ્યા છીએ. ભગવાનનાં દર્શન કરવા કચ્છમાં જવું છે.

ભગવાનની અનુમતિ વિના દર્શન કરાવવાની મનાઈ હતી; નાજે જોગીએ ભગવાન પાસે જઈ વાત કરી : મુક્તાનંદ સ્વામી આપનાં દર્શન માટે કચ્છમાં જાય છે. શ્રીહરિને જમવા માટે જીવુબા થાળની તૈયારી કરતાં હતાં. તે દરમ્યાન જમવાના નિમિત્તે મુક્તાનંદ સ્વામીને ત્યાં બોલાવ્યા. દરબારમાં શ્રીહરિનાં દર્શન થતાં જ સ્વામી ગદ્‌ગદ બની ગયા. દંડવત્ કરતા મુક્તમુનિને તેડી લઈને ભગવાન પ્રેમથી ભેટ્યા. પછી ચાકળા ઉપર બેસાડીને ગુજરાતના સમાચાર પૂછવા લાગ્યા.

સ્વામીએ કહ્યું : મહારાજ, ગુજરાતમાં અન્ન બહુ જ મોંઘું મળે છે, તો પણ ત્યાંના ભક્તો પોતે થોડું જમીને કે ભૂખ્યા રહીને સંતોને જમવા માટે અન્ન આપે છે. બહુ જ સ્નેહપૂર્વક સંતોની સેવા કરે છે. એ સાંભળી શ્રીહરિ બહુ જ પ્રસન્ન થયા. એ સમયે મૂળજી બ્રહ્મચારી ભગવાન માટે થાળ લાવ્યા. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને જમવા માટે પોતાની પાસે બેસાડ્યા. વાતો કરતા જાય ને સ્વામીને તાણ કરીને પીરસતા જાય. સ્વામીને આમ આનંદય માડીને પાછા ગુજરાતમાં મોકલ્યા.

આજ્ઞાલોપથી મેથાણના કાકાજી-પુંજાજી દુઃખી

ગઢપુરમાં શ્રીહરિજયંતીનો ઉત્સવ કર્યો તે વખતે ગામોગામથી ભક્તો દર્શનાર્થે આવેલા. તેમાં મેથાણથી કાકાજી ને પુંજાજી પણ આવેલા.

તેમને શ્રીહરિએ ખાસ ભલામણ કરી કે અન્નનો સંગ્રહ કરજો. ત્યારે બંનેએ કહેલું : ભલે મહારાજ, ઘેર જઈને ઘણું અન્ન લઈશું. અહીંથી પણ લેતા જઈશું. એમ કહીને બંને બજારમાં ગયા. એ વખતે રસ્તામાં લીંબડીના મૂળજી શેઠ મળ્યા. તેમણે પૂછ્યું : કેમ અત્યારે અનાજ લેવા નીકળ્યા ? બંને ભાઈએ શ્રીહરિની આજ્ઞાની વાત કરી.

મૂળજી શેઠે કહ્યું : અન્ન-સંગ્રહ કરવાની વાત એ તો સામાન્ય આજ્ઞા કહેવાય; એનું બહુ જ મહત્ત્વ ન અપાય. એ કાંઈ મુખ્ય આજ્ઞા નથી. માટે એવી ઉતાવળ કરવાની જરૂર નથી.

શેઠનું કહ્યું માનીને બંને ભાઈએ અન્ન લેવાનું માંડી વાળ્યું. સર્વવિત્ શ્રીહરિથી આ અજાણ્યું ન હતું. રાત્રે જ્યારે તે બંને સૂતા ત્યારે ફરીથી ચેતાવવા સ્વપ્નમાં એવું દેખાડ્યું જે ભયંકર કાળ પડ્યો છે. તેમાં અન્ન વિના કેટલાય લોકો ટળવળે છે, સર્વત્ર હાહાકાર મચી ગયો છે.

બીજે દિવસે સવારે જાગીને બંને પાછા મૂળજી શેઠ પાસે ગયા. ત્યારે શેઠે કહ્યું : સ્વપ્નની વાત સત્ય ન મનાય. તમે દિવસે એનું મનન કર્યું તેથી સ્વપ્નમાં તમને એવું દેખાયું. માટે એવી કાંઈ ચિંતા રાખવાની જરૂર નથી.

પછી બંને એમ ને એમ મેથાણ ગયા. ત્યાં પોતાનાં બહેન જીજીબાને કહ્યું : ભગવાને સૌને કહેવડાવ્યું છે કે ભયંકર કાળ પડવાનો છે માટે અનાજનો સંગ્રહ કરજો. એ વખતે બહેન દ્વારા પણ શ્રીહરિએ ચેતાવ્યા કે તમે ભગવાનનું વચન માનજો. જો નહિ માનો તો દુઃખી થશો. આ રીતે ત્રણ ત્રણ વાર શ્રીહરિએ ચેતાવ્યા છતાં પણ તે ન માન્યા. દાણાનો સંગ્રહ ન કર્યો. પછી કાળ પડ્યો ત્યારે ખાવા માટે કાંઈ રહ્યું નહિ. બહુ જ દુઃખી થયા. તે વખતે વિચારવા લાગ્યા જે ભગવાને આપણને વારંવાર ચેતાવ્યા તોય ન માન્યા. એમાં ભગવાન કુરાજી થયા ને દેહે કરીને પણ દુઃખી થયા.

સાચા સગા વ્હાલા

કાકાજી ને પુંજાજીને બહુ જ પસ્તાવો થયો. એ આર્તનાદે ભગવાનને

પોકારવા લાગ્યા. એ પોકાર પહોંચ્યો ગઢપુર. નોંધારાના આધાર શ્રીહરિ ભક્તોની ભીડ ભાંગવા તૈયાર થયા. એકલા જ ઊઠીને ગઢપુરથી ચાલ્યા. મેથાણ પહોંચતાં માર્ગમાં એક દિવસ ને રાતની ચાર ઘડી વીતી ગઈ. મેથાણ ગામના તળાવ કાંઠે જઈને શ્રીહરિ બિરાજ્યા. ત્યાં કોઈ માણસ દ્વારા અત્રેના વિપ્ર દેવશંકર તથા કૃષ્ણજીને સમાચાર કહેવડાવ્યા કે તમારા સૌથી વિશેષ સગા વ્હાલા તળાવને કાંઠે આવ્યા છે. તમે તેડવા આવો તો તે તમારે ઘેર આવે. એ સાંભળી ભૂદેવો વિચારવા લાગ્યા કે સગાઓમાં પણ વ્હાલા સગા કોણ હશે ? ત્યાં તરત જ વિચાર સૂઝ્યો કે, આપણને તો ભગવાન સૌથી વ્હાલા છે. એ જ આવ્યા હોવા જોઈએ.

તરત જ બંને વિપ્રો તળાવે ગયા. ભગવાનનાં દર્શન થતાં આનંદ પામ્યા ને દંડવત્ પ્રણામ કર્યા. પ્રાર્થના કરી : હે પ્રભુ, આપ ગામમાં પધારો. ભગવાને શરત મૂકીઃ જો ગુપ્તપણે રહેવાની જગ્યા હોય તો આવીએ. વિપ્રો કહે : મહારાજ, એવી જગ્યા અમારા ઘરની બાજુમાં જ છે. અમારા પડોશી પરદેશ ગયા છે. ઘરની સાચવણી માટે ચાવી અમને આપીને ગયા છે. ત્યાં બધી જ સગવડ થઈ જશે; કોઈને ખબર પણ નહિ પડે.

વિપ્રો સાથે ભગવાન ગામમાં પધાર્યા. ભક્તોએ ભગવાન માટે થાળ કર્યો. ભગવાને પ્રેમથી અંગીકાર કર્યો; પછી પોઢી ગયા. સવારે જાગૃત થઈ નિત્યવિધિ કર્યો. બંને ભાઈની પરિસ્થિતિ જોઈને શ્રીહરિએ કહ્યું : તમે આ દુષ્કાળ કેમ પાર ઊતરશો ? આપત્કાળમાં ભિક્ષા માગવી એ તો બ્રાહ્મણનો ધર્મ છે. એમાં શરમ ન રાખવી જોઈએ.

શ્રીહરિની આજ્ઞા થતાં બંને ભાઈ ભિક્ષા માગવા નીકળ્યા, તે પહેલાં દેવશંકરે પોતાની પત્નીને કહ્યું : ભગવાન આપણા સાચા સગા વ્હાલા છે. એ જળ માગે તો જળ આપજો, પણ ભોજન માગે તો ન આપજો. અમે હમણાં જ ભિક્ષામાં પાકું સીધું લઈને આવીએ છીએ.

દેખે બધું જ આરપાર

વિપ્રો ગયા પછી ભગવાને સ્નાન કરવા માટે પાણી માગ્યું. બાઈએ પાણી આપ્યું. ભગવાને સ્નાન કર્યું. પછી કહેવા લાગ્યા : આજે મને બહુ જ ભૂખ લાગી છે. બાઈ કહે : મહારાજ, ઘરમાં કાંઈ તૈયાર ભોજન નથી. શ્રીહરિ કહે : ગૃહસ્થને ત્યાં અન્ન ન હોય એવું બને જ નહિ. બીજા કોઈની આગળ એવી વાત કરીએ તો પણ તે માનવા તૈયાર ન થાય. તમારા રસોડામાં એક રોટલો ઢાંકેલો પડ્યો છે. મરચાનું અથાણું પણ છે. કહો તો હું તમને બતાવું.

શ્રીહરિનાં વચન સાંભળી બાઈ બહુ જ આશ્ચર્ય પામ્યાં. એમણે વિચાર્યું : આમનાથી શું છાનું રખાય ? પછી રોટલો ને મરચાંનું અથાણું આપ્યું. ભગવાન પણ પ્રેમથી જમવા લાગ્યા. એ વખતે શંકર આવ્યા ને કહેવા લાગ્યા : હું આપની પ્રસાદી લેવાની ઈચ્છાથી અહીં આવ્યો છું. માટે મને પ્રસાદી આપો. શ્રીહરિએ તેમને પ્રસાદી આપી. શિવજી તે જમ્યા. એ જોઈ ત્યાં એક શિવભક્ત ઊભેલો હતો. તેણે વિચાર્યું : શિવજી આમના હાથની પ્રસાદી જમ્યા માટે શ્રીહરિ એમનાથી વિશેષ છે. મહાદેવજી અદશ્ય થયા પછી પેલા શિવભક્તે શ્રીહરિને પ્રણામ કર્યા.

ભિક્ષા માગવા માટે ગયેલા બંને ભાઈઓ ઘેર પાછા આવ્યા. શ્રીહરિને જમતા જોઈ બાઈને વઢવા લાગ્યા. બાઈ કહે : ભગવાન તો બધું જ દેખે છે. એમણે રોટલો ને મરચાં માગ્યાં. જો હું ના પાડત તો તેઓ પોતાને હાથે લેત.

વિપ્રોનો ભાવ હતો કે, ભગવાન ભિક્ષા અન્નની રસોઈ જમે. ભગવાને અનુમતિ આપી. સૌએ મળી ભગવાન માટે સારી રસોઈ બનાવી. તેમનો ભાવ જોઈને ભગવાન તે પણ જમ્યા; ભક્તોને પ્રસાદી આપી. બપોરે થોડીવાર પોઢીને જાગ્યા. ભક્તો સાથે હાસ્ય વિનોદ કરી રાજી કર્યા. રાતનો સમય થતાં ભગવાને બંને ભાઈને કહ્યું : તમે કાકાજી ને પુંજાજીને ખબર આપો કે અમે આવ્યા છીએ, પણ એ ખટકો

રાખજો કે ગામમાં બીજા કોઈને વાતની જાણ ન થઈ જાય.

ભૂલેલા પર પણ દયાભાવ

વિપ્ર ભાઈઓએ કાકાજી-પુંજાજીને ઘેર જઈ વાત કરી તેથી તે બંને શ્રીહરિ પાસે આવ્યા. ગદ્‌ગદ થઈ ભગવાનને દંડવત્ પ્રણામ કર્યા. પોતે કરેલી ભૂલ બદલ તેમને પારાવાર દુઃખ હતું. ભગવાન કહેવા લાગ્યા : તમને અમે કેટલીયવાર ચેતાવ્યા તો પણ તમે ન માન્યા. પછી તો દુઃખ આવે જ ને. કાકાજી-પુંજાજીને ભૂખનું દુઃખ હતું, તેથીય વધારે શ્રીહરિના કુરાજીપાનું દુઃખ હતું; બંને ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગ્યા ને ભગવાનનાં ચરણ પકડી પ્રાર્થના કરવા લાગ્યા : હે દયાળુ, હવે તો અમારે ઊગરવાનો કોઈ આરો નથી. આપ દયા કરી વહેલા વહેલા તેડવા પધારજો. આપની દયા અમે સાવ ગુમાવી બેઠા છીએ. આપને અમારે ઘેર પધારવાનું મન થાય એવુંય અમે કરી શક્યા નથી. છતાંય આપ પધારશો તો અમને કંઈક શાંતિ થશે.

શ્રીહરિ કહે : જો અમને ગુપ્તવાસમાં રાખો તો આવીએ. કોઈને પણ ખબર ન પડવી જોઈએ. ત્યારે બંનેએ કહ્યું : એવી જગ્યા છે. ભલેને હજારો લોકો આવે, પણ આપની હાજરીની ગંધ પણ આવવા નહિ દઈએ. જો કે બાજુમાં ખવાસ જાતિની એક છોકરી છે. સ્ત્રીના સ્વભાવ પ્રમાણે તેના પેટમાં વાત રહે કે નહિ, પણ અમે તેનેય સમજાવીશું.

પ્રભુજી કાકાજી-પુંજાજીને ઘેર પધાર્યા. રાત્રે એકાંત ઓરડામાં પોઢ્યા. સવારે જાગૃત થઈ નિત્યકર્મ કરીને પરવાર્યા, તે વખતે બંને ભક્તોના પુત્રો હાલાજી ને બાદરજી ભગવાનનાં દર્શન કરવા આવ્યા. તેમને ભગવાને ધૂન કરવાનું કહ્યું, ત્યારે હાલાજી ધૂન કરવા માંડ્યો પણ બાદરજી એમ ને એમ બેસી રહ્યો. ધૂન કરનાર હાલાજીને શ્રીહરિએ પ્રસાદીનું ટોપરું આપ્યું. એ જોઈ રીસાળ સ્વભાવવાળો બાદરજી લીંબડાના ઝાડ ઉપર ચઢ્યો. તેને શ્રીહરિએ પૂછ્યું : કેમ તું ઝાડ ઉપર ચડ્યો ? ત્યારે તે બોલ્યો : હું બૂમ પાડીને જાહેર કરીશ કે તમે અહીં

આવ્યા છો. એ બાળકની રીસાળ પ્રકૃતિ શ્રીહરિએ મનમાં ન ગણી. તેને સમજાવીને શ્રીહરિએ નીચે ઉતાર્યો. પ્રસાદીનું ટોપરું આપ્યું એટલે એય રાજી થયો.

હાલાજીનો સરળ સ્વભાવ જોઈ શ્રીહરિએ કહ્યું : હાલાજી સારો ભક્ત થશે. બાદરજીનો જીદ્દી સ્વભાવ જોઈને કહ્યું : બાદરજી સંસારમાં બહુ જ આસક્ત થશે.

આમાં સમજવાનું એ છે કે જે સરળપણે વર્તે છે તે ભગવાનને વહાલા થાય છે. એ જ રીતે શ્રીહરિ કાકાજી-પુંજાજીના નિમિત્તે આપણને સમજાવે છે કે ભગવાનનો આદેશ મળ્યા પછી બીજા કોઈના કહેવાથી વિચાર ન બદલવો. જો બદલે તો તે અપાર દુઃખ પામે.

વિરહાતુર ગઢપુરવાસી

મેથાણના દરબાર કાકાજી-પુંજાજીનું કષ્ટ કાપવા શ્રીહરિ રાતોરાત ગઢપુરથી નીકળી પડ્યા હતા. ભગવાનના વિયોગથી ગઢપુરવાસીને બહુ જ દુઃખ થયું. બધાં જ કલ્પાંત કરવા લાગ્યાં : આપણાથી એવો કેવો અપરાધ થયો કે ભગવાન આપણને મૂકીને કાંઈ પણ કહ્યા વિના ચાલ્યા ગયા ! હવે ભગવાન આપણને ક્યારે મળશે ? આપણને એવી કલ્પના પણ ન હતી કે અચાનક આવો કઠણ કાળ આવશે. દુષ્કાળનું દુઃખ તો સહન થઈ શકે પણ ભગવાનના વિયોગનું દુઃખ કેમ સહન થશે ? જો કહીને ગયા હોત તો કાગળ દ્વારા પણ સંદેશો મોકલી શકાત. હવે તો એક જ ઉપાય છે, ગમે તેમ કરીને ભગવાનની શોધ કરીએ. તે શોધ કરવા માટે કાબેલ નાજા જોગીયાને બોલાવ્યા.

જીવુબાએ કહ્યું : રાત્રે મને એવું સ્વપ્નું આવ્યું કે ભગવાન મેથાણ તરફ પ્રયાણ કરી રહ્યા છે. માટે એ બાજુ જઈ તપાસ કરો. જ્યાં સુધી ભગવાનનો પત્તો નહિ લાગે ત્યાં સુધી અમે જમીશું નહિ. નાજા જોગીયાએ નક્કી કરી લીધું : મારે જેમ બને તેમ જલ્દીથી ભગવાનની ભાળ મેળવવી. એ જ ત્વરામાં તે ગઢપુરથી ઉતાવળા રવાના થયા.

જીવુબાના સંકેત અનુસાર ગામોગામ તપાસ કરતા મેથાણ પહોંચ્યા.

ભગવાનની ભાળ મળી

ગામની ભાગોળે ખવાસની છોકરી પાણી ભરવા જતી હતી તે સામે મળી. તેને નાજા જોગીયે પૂછ્યું : અહીં સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે ? ત્યારે છોકરી બોલી : મને કાંઈ ખબર નથી. છતાં ચાલો પુંજાભાઈને ઘેર. એમ બોલતાં તે હસી પડી. તેથી નાજા જોગીયાને ખાત્રી થઈ ગઈ કે ભગવાન નક્કી અહીં હોવા જોઈએ. છોકરીની સાથે પુંજાજી દરબારની ડેલીએ ગયા. છોકરીએ દરબારમાં જઈ શ્રીહરિને કહ્યું : દુર્ગપુરથી એક ભક્ત આવ્યા છે. તેમણે કેડે તરવાર રાખેલી છે ને બોકાની વાળી છે. આપ કહો તો બોલાવી લાવું. શ્રીહરિએ અનુમતિ આપી. નાજા જોગીયા ભગવાન પાસે આવ્યા ને દંડવત્ કરી ભગવાનને ભેટ્યા.

ભગવાને પૂછ્યું : તમને કેમ ખબર પડી કે હું અહીં દરબારમાં છું ? નાજા જોગીયે કહ્યું : હું આ ગામની ભાગોળે પહોંચ્યો. ત્યાં ખવાસની છોકરી મળી. તેને મેં પૂછ્યું ત્યારે એ હસી; તેથી મને નક્કી થયું કે આપ અહીં જ હશો. એ સાંભળી શ્રીહરિ પણ હસતા હસતા કહેવા લાગ્યા કે બાઈઓના પેટમાં વાત રહી શકે જ નહિ.

શ્રીહરિએ ગઢપુરના સમાચાર પૂછ્યા. નાજા જોગીયે કહ્યું : હે પ્રભુ ! ગઢપુરવાસીના દુઃખની વાત શબ્દે કરીને થઈ શકે તેમ નથી. આપના વિરહમાં તેઓએ અન્નનો ત્યાગ કર્યો છે. નિરંતર રડ્યા જ કરે છે. આપ કોઈને કહ્યા વિના એકલા જ નીકળી ગયા. તેથી બધાને વધારે ચિંતા છે. મને તો એમ લાગે છે કે જો આપ જલ્દીથી ત્યાં નહીં પધારો તો આપના વિયોગમાં એ પ્રાણ તજી દેશે.

ગઢપુરવાસીની દર્દભરી કહાની લક્ષ્યમાં લેવા જેવી હતી. શ્રીહરિએ જીજીબા, પુંજાજી વગેરેને કહ્યું : હવે અમારે વહેલી તકે ગઢપુર પહોંચવું પડશે. ત્યારે ભક્તોએ કહ્યું : હે પ્રભુ ! આપના વિના અમારું શું થાશે ?

તેમને આશ્વાસન આપતાં ભગવાને કહ્યું : તમે જેતલપુર જઈ રામદાસભાઈને કહેજો કે બે ગાડાં બાજરી આપવાનું અમે કહાવ્યું છે. તે લાવીને કોઠીમાં ભરીને તેને ઉપરથી છાંદી દેજો. સાણેથી દાણા કાઢીને વાપરજો. પ્રભુના આદેશ પ્રમાણે બંને જેતલપુર આવ્યા. સ્વામીએ અનાજ ભેળું કરાવીને બે ગાડાં ભરી આપ્યાં. તે લઈને પાછા મેથાણ આવ્યા. અનાજ કોઠીમાં ભરી ઉપરથી છાંદી દીધું. એ અનાજ ભગવાનની કૃપાથી અખૂટ બન્યું. ભક્તોએ આખો દુષ્કાળ પાર કર્યો. લોકો પણ એ જોઈને આશ્ચર્ય પામ્યા. શ્રીહરિ નાજા જોગીયાને સાથે લઈ ગઢપુર પધાર્યા. ભગવાનના આગમન સાથે ગઢપુરમાં સર્વત્ર આનંદ પ્રસરી ગયો. હવે ભગવાન ગુપ્તવાસ બંધ કરી જાહેરમાં દર્શન દેવા લાગ્યા.

દુષ્કાળમાં સંતોની પરિસ્થિતિ

દુષ્કાળ દરમ્યાન શ્રીહરિએ સંતોને રસકસના વર્તમાન આપ્યાં હતાં. એટલે સંતો ઘી, ગોળ, તેલ વગરનું લૂખું ધાન જમતા. ભક્તો કસવાળું અનાજ લેવાનું કહેતા પરંતુ ઈષ્ટદેવના આદેશનું ચુસ્તપણે પાલન કરનારા સંતો એમાં લેશમાત્ર મચક આપતા ન હતા. આમ રસકસનાં વર્તમાન પાળતાં કેટલાય દિવસો વીતી ગયા.

બ્રહ્માનંદ સ્વામી સંત મંડળ સહિત આવ્યા. તેમને ભગવાન કહે : હજુ હુતાશની સમૈયાને વાર છે. તમે વહેલા કેમ આવ્યા? પાછા ગામડે જાઓ; સમૈયા ઉપર આવજો. એ સાંભળી બ્રહ્મમુનિએ વિચાર્યું જે હાલમાં સંતોની કેવી પરિસ્થિતિ છે તે જણાવવું પડશે. તેથી મર્મમાં કહેવા લાગ્યા : સંતો, અત્યારે રાત્રીનો સમય થઈ ગયો છે તેથી મને તો કાંઈ દેખાતું નથી. પરંતુ કોઈ મારો સિતાર દેખતા હો તો લાવો. આ મર્મવાક્ય દ્વારા બ્રહ્મમુનિ એમ કહેવા માગતા હતા કે સંતો રસકસ વિનાનું અન્ન જમવાથી રતાંધળા થઈ ગયા છે, એટલે રાત્રે દેખી શકે નહિ તેવા થઈ ગયા છે.

એ સમે મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા : પ્રભુ, અમારા મંડળના

સંતો રાત્રે દેખે છે. શ્રીહરિએ તેનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : અમે ડભાણમાં રહ્યા હતા. ત્યાંના સત્સંગી અમને બડેલાની ભાજી લાવી આપતા હતા. તે જમવાથી અમે રતાંધળા થયા નથી. એ સાંભળી શ્રીહરિએ બધા સંતોને આજ્ઞા કરી કે હવે કોઈ બહારગામ જશો નહિ. મારી સાથે જ રહો.

સંવત ૧૮૬૯, ફાગણ સુદ પૂનમ, તા. ૧૬-૩-૧૮૧૩ મંગળવારના રોજ પુષ્પદોલોત્સવ ઊજવવાનો હતો. તે નિમિત્તે શ્રીહરિએ પત્રો દ્વારા ગામોગામથી સંતો-ભક્તોને બોલાવ્યા. ઘણા સમયના વિયોગ બાદ પ્યારા પ્રીતમનું મિલન થશે એનો સંતોને અનોખો ઉમંગ હતો. સંતોને સામેથી લેવા માટે શ્રીહરિ ઠેઠ કુંડળ ગામ સુધી પધાર્યા હતા. મહાપ્રભુજીનાં દર્શન થતાં જ સંતો હર્ષઘેલા થઈ દંડવત્ કરવા લાગ્યા. બાળકોને જોઈ પિતા હર્ષ પામે, વહાલ દર્શાવે તેમ વ્હાલમો પણ સંતોને અત્યંત પ્રેમથી ભેટ્યા. અરસપરસ સમાચાર પૂછતા શ્રીહરિ સંતો-ભક્તો સહિત મામૈયા પટગરના દરબારમાં પધાર્યા. સંતોને જમવા માટે થૂલી (મીઠા વિનાનો બાફેલો લોટ) કરાવી. સંતોની પંક્તિ થઈ, તેમાં શ્રીહરિ સ્વહસ્તે પીરસવા લાગ્યા. મોટેરા કાઠીઓ દર્શન કરવા આવેલા. કસ વિનાનું ભોજન કરવાથી સંતોના દેહ દુર્બળ થઈ ગયા હતા. ભક્તોને પારાવાર દુઃખ થયું. તેઓ માથેથી પાઘડી ઉતારી ભગવાનને ગદ્ગદ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા : હે પ્રભુ ! હવે બસ કરો. હવે તો હદ થઈ. સંતોને રસકસના નિયમ મુકાવો.

ભક્તોની પ્રાર્થના સ્વીકારી પ્રભુએ સંતોને કહ્યું : સંતો, હવેથી રસકસના નિયમ પૂરા. વચનનિવાસી સંતોએ કહ્યું : હે પ્રભુ ! જેવી આપની આજ્ઞા. આપ હજુ કહો તો પણ આ વર્તમાન ચાલુ રાખવા અમે તૈયાર છીએ. આપે અમને ત્યાગનો માર્ગ બતાવ્યો છે તે પ્રમાણે અમે ખુશીથી કરીશું.

સંતોની આવી અડગતા જોઈ શ્રીહરિએ તેમને ધન્યવાદ આપ્યા. એ સાથે એમ પણ કહ્યું : આ લોકમાં જે અન્નાદિ પાકે છે તે તમારા

જેવા સંતને માટે જ ભગવાન પકાવે છે. જો તમે તે અંગીકાર નહિ કરો તો પૃથ્વી પણ રસકસ વિનાની થઈ જશે. માટે હવેથી અમારી આજ્ઞા છે કે તમે રસકસ જમજો.

ભગવાનની આજ્ઞા થઈ એટલે મામૈયા પટગર સંતો માટે ગોળ, ઘી, દૂધ, દહીં વગેરે તત્કાળ લાવ્યા. શ્રીહરિએ સંતોને તાણ કરી કરીને પીરસ્યું.

દુકાળમાં ભક્તોએ કરેલી સંતોની સંભાવના

કારિયાણીના વસ્તાખાચર પાંચસો સંતોને પોતાને ગામ તેડી ગયા હતા. તેમણે બધા સંતો માટે અન્ન વસ્ત્રની સઘળી જવાબદારી પૂરી કરી હતી. તેમના ઘરમાં પાંચસો કળશી દાણા હતા, સો ગાયો ઉપરાંત ભેંસ વગેરે પણ દૂઝણાં ઢોર હતાં. વળી એક લાખ રૂપિયા રોકડા હતા. એ બધું જ સંતો માટે વાપરતા. પરંતુ નિઃસ્વાદી વર્તમાનધારી સંતો બધું જ મેળવીને જમતા.

લોયાના સુરાખાચર પણ કેટલાક સંતોને પોતાને ત્યાં લઈ ગયા હતા. સંતો માટે મોટું બોઘરણું ભરીને દૂધ આપતા. રોટલા કરવા માટે લોટ આપતા. સાથે ઘી-ખાંડ પણ આપતા. પરંતુ નિઃસ્વાદી વર્તમાનની ટેકવાળા સંતો એક માટલામાં પ્રથમ દૂધ નાખે, પછી લોટ નાખે ને તેની ઉપર ખાંડ ને ઘી નાખે. હેઠે બરાબર તાપ કરે એટલે લોટ હોય તે હેઠે ચોંટી જાય ને બીજો ઉપર જામી જાય.

એક દિવસ ગઢપુર ગયેલા સુરાખાચરને શ્રીહરિએ પૂછ્યું : સંતો શું કરે છે ? સુરાખાચર કહે : મહારાજ ! સાધુ તો એકેકામાં ત્રેત્રે વાનાં કરે છે.

'એ ત્રેત્રે વાનાં કેવાં હોય, એ તો કહો ?' શ્રીહરિએ અજાણ્યા થઈને પૂછ્યું.

'ભણે મહારાજ ! હેઠે રૂડા પૂડલા કરે છે, વચ્ચે રૂડી કઢી કરે છે ને ઉપર સાત પડા રોટલા કરે છે,' એમ કહી સુરાખાચરે બધી વાત

વિગતવાર કહી દેખાડી.

આ રીતે શ્રીહરિએ જ્યાં જ્યાં સંતોને મોકલ્યા હતા ત્યાં ભક્તો સારી રીતે સંભાવના કરતા હતા; પરંતુ શ્રીહરિના આદેશને અનુલક્ષીને સંતો નિઃસ્વાદી વર્તમાન પાળવામાં પાછી પાની કરતા નહોતા.

કેટલાક એવાય પ્રદેશ હતા જ્યાં સંતોને ભોજન માટે બિલકુલ સુયોગ થઈ શક્યો નહોતો, તો પણ પ્રભુ પ્રસન્નતાના એક માત્ર તાનથી કોઈ ખિન્ન થયા નહોતા. વિપરીત સંજોગોને પણ હરખભેર વધાવી લીધા હતા.

દયાળુની અનહદ દયા

શ્રીહરિએ હજુ તપસ્વીનો વેશ રાખ્યો હતો. એ જોઈ મામૈયા પટગરનાં માતુશ્રી રાઈબાઈએ ભગવાનને પ્રાર્થના કરી : હે દયાળુ, આપે મસ્તક ઉપર જટા વધારી છે તે હવે કાઢી નાખો. રુદ્રાક્ષનો પારો રાખ્યો છે તેને કાઢીને કંઠી ધારણ કરો. જો તમે જ તપસ્વીનો વેશ રાખશો તો પછી દેશમાં સુખી કોણ થશે ? તમે જે વસ્તુ અંગીકાર કરો તે વસ્તુ વધારે પ્રમાણમાં પાકે; પરંતુ તમે જો કાંઈ અંગીકાર ન કરો તો પછી શું પાકે ? તમે ભિખારી જેવો વેશ રાખ્યો છે તેથી બધા ભિખારી જેવા થઈ ગયા છે. હવે દયા કરો ને સારા શણગાર ધારણ કરો.

રાઈબાઈની સ્તુતિ સ્વીકારી શ્રીહરિએ જટા, રુદ્રાક્ષ વગેરેનો ત્યાગ કરી સારા શણગાર ધારણ કર્યા. કુંડળ ગામમાં કરુણાના મેહ વરસાવી કરુણાનિધાન સ્વામિનારાયણ ભગવાન કારિયાણી પધાર્યા. વસ્તાખાચરના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ ગઢપુર પધાર્યા. અહીં શ્રીહરિજયંતી ઉત્સવ ભારે ધામધૂમથી ઊજવ્યો. પછી સંતોને ગામોગામ મોકલ્યા.

ઉનાળાના દિવસોમાં મહાનુભાવાનંદ સ્વામી કેરી લાવ્યા. ભગવાને સંતોને તે પ્રેમથી જમાડી. તેવામાં અમદાવાદથી ભક્તોનો પત્ર આવ્યો જે અમે સંતોને કેરી આપીએ છીએ. પરંતુ સંતો તે જમતા નથી. માટે

દયાળુ, આપ સંતોને એમ આજ્ઞા કરો કે તેઓ કેરી જમે. પત્ર વાંચી શ્રીહરિએ પ્રત્યુત્તર લખી મોકલ્યોઃ હરિભક્તો કેરી આપે તે જમજો, એમ અમારી આજ્ઞા છે. શ્રીહરિનો આદેશપત્ર મળતાં સંતો કેરી જમવા લાગ્યા.

વચન ન માનનારા હેરાન પરેશાન

પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનને એક જ તાન હતું; પોતાનો આશ્રય સ્વીકારનાર કોઈ પણ ભક્ત દુઃખી ન થવો જોઈએ. અગણોતેરા ભીષણ દુષ્કાળની ચેતવણી આપવા ઠેરઠેર સંતોને તો મોકલ્યા જ હતા. એ ઉપરાંત પ્રભુ પોતે પણ ઘણાં ગામોમાં ઘૂમી વળ્યા હતા.

જમનાવડના દરબાર દાદાભાઈને શ્રીહરિએ દુષ્કાળની ચેતવણી આપી ત્યારે તેમણે કહ્યું : દાણા ઘણા છે ને ખડની ગંજીઓ ભરેલી છે.

'દરબાર, એ ગમે તેટલું હશે તોય પૂરું નહિ થાય. વખત એવો આવશે કે તમે તમારાં ઘોડાંને રિબાઈ રિબાઈને મરતાં દેખશો. ત્યારે અમારું વચન યાદ આવશે, પણ તે વખતે તો બાજી હાથમાંથી ચાલી ગઈ હશે.'

શ્રીહરિએ આ રીતે દીવા જેવી બિલકુલ સ્પષ્ટ વાત કરી. તોય દાદાભાઈ સમજ્યા નહિ. છેવટનું પરિણામ એ જ આવ્યું ત્યારે દાદાભાઈને પારાવાર પસ્તાવો થયો.

ભાદરાના વશરામ સુથારે ભગવાનનું વચન ન માન્યું. તો અગણોતેરા કાળમાં એમની પણ કફોડી પરિસ્થિતિ સર્જાઈ હતી.

ફણેણી ગામના વેલા સોની બહુ જ ધનાઢ્ય હતા. તેમને ત્યાં જ શ્રીહરિએ ઉતારો કર્યો હતો. ભક્તોએ ભગવાનને પૂછ્યું : મહારાજ ! આવતું વર્ષ કેવું થાશે ? તેઓને પણ પ્રભુએ એ જ કહ્યું : આવતા વર્ષે મોટો દુકાળ પડશે, માટે દાણા લઈ લેજો.

શ્રીહરિની આ આર્ષવાણી સાંભળી ભક્તોએ અનાજનો સંગ્રહ કરવાનો દૃઢ નિરધાર કરી લીધો. વેલા સોનીએ પણ એમ જ નક્કી

કર્યું. એમને વિચાર થયો કે મારો મિત્ર સોની છે તેને પણ ચેતાવી દઉં; પણ એ સોની કુસંગી હતો ને વળી એને પૈસાનો કેફ હતો.

વેલા સોનીએ તેને કહ્યું : આવતી સાલે ભયંકર દુકાળ પડશે માટે દાણા લઈ લેજો. ત્યારે એ કુસંગી કહે : મારી પાસે રૂપિયા છે તે દાણા જ છે ને ? એમ બોલતાં ગજવામાંથી રૂપિયા કાઢી હાથમાં લઈ ખખડાવ્યા. તે વખતે ભગવાન પણ ત્યાં આવી પહોંચ્યા. પ્રભુએ હાથમાં કાંકરા લીધા. તેને ખખડાવતાં કહ્યું : સોની ! તારા રૂપિયાને આ કાંકરાની બરાબર સમજજે.

આટલું સ્પષ્ટ કહ્યા છતાં કુસંગી સોનીએ પોતાનું જ ઘૂંટ્યે રાખ્યું. તે કહે : મહારાજ ! રૂપિયા દેતાં ઘણા દાણા મળી રહેશે. મારો પટારો રૂપિયાથી ભરેલો છે.

'પણ સોની ! જ્યારે ચારે કોરથી અનાજ ખૂટી પડશે; રૂપિયા દેતાંય અનાજ નહિ મળે ત્યારે શું કરશો ? શું રૂપિયા ખાઈને જીવશો ?'

આટલી સ્પષ્ટ ચેતવણી આપી પ્રભુ તો વિદાય થઈ ગયા. કુસંગી સોનીને દુષ્કાળમાં દાણા ખૂટ્યા. રૂપિયા દેતાં દાણા ન મળ્યા. ભૂખ્યા ને ભૂખ્યા પગ ઘસીને મરવાનો વારો આવ્યો.

ભગવાનનો ભરોસો રાખનાર સમૃદ્ધ

ગુજરાતમાં એક બ્રાહ્મણ બાઈ સત્સંગી હતાં. સાંખ્યયોગનો ધર્મ પાળતાં હતાં. દુકાળના દિવસોમાં એમને અનાજ ખૂટી પડ્યું. એવામાં મયારામ ભટ્ટ એ બાઈને ત્યાં ગયા. બાઈએ કહ્યું : મહારાજને કહેજો કે અનાજ ખૂટી ગયું છે. આપના વિના અમને બીજો કોઈ આધાર નથી. ઘરમાં થોડાકેય પૈસા નથી કે દાણા લાવી શકીએ. તો વહેલા વહેલા તેડવા આવે.

મયારામ ભટ્ટે ગઢપુર આવીને બાઈની વાત કરી. તરત જ ભગવાને કહ્યું : એના ઘરમાં મગની ભરેલી કોઠી છે, પણ બાઈ ભૂલી ગયાં છે. તમે જઈને દેખાડી આવો. એ સાથે એમ પણ કહેજો કે એ કોઠીનું

ઢાંકણું ન ઉઘાડજો. સાણેથી દાણા કાઢજો. એને વેચી ઘઉં, ચોખા તેમજ ઘરમાં જોઈતી સામગ્રી મંગાવી લેજો.

બાઈના ગામમાં પાછા આવીને ભટ્ટે સઘળી વાત કરી. બાઈને નવાઈ લાગી. એ કહે : મારા ઘરમાં મગ હોય તે તો મારી જાણમાં જ હોય ને ? પા શેર પણ અનાજ નથી. પછી સાથે જઈને શ્રીહરિએ કહ્યું હતું તે પ્રમાણે મયારામ ભટ્ટે કોઠી જોઈ. એ કોઠી ઉપરથી ઢાંકેલી હતી, સાણું પણ બંધ હતું. એ સાણું ખોલ્યું કે તેમાંથી મગ નીકળ્યા. આ બધું જ ભગવાનના સંકલ્પથી જ બન્યું. મગ કાઢીને બાઈએ વેચ્યા. તેના ઘઉં, ચોખા વગેરે લીધા, લૂગડાં પણ લીધાં. સામાન્ય દાણા કરતાં મગ બહુ મોંઘા હતા. ભગવાનના વચન પ્રમાણે સઘળી વ્યવસ્થા કરતાં એ બાઈએ દુકાળ તો પાર કર્યો એ સાથે તેને ત્રીસ હજાર રૂપિયાની મૂડી થઈ.

શ્રીહરિ ડડુસર પધાર્યા. ત્યારે ગલુજી ભક્તને પૂછ્યું : તમારે કેટલા માણસનો વરો છે ?

‘પ્રભુજી, દશ માણસનો વરો છે.’ ગલુજીએ વિનમ્રતાપૂર્વક નિવેદન કર્યું.

‘તમારા ઘરમાં દાણા કેટલા છે ?’ વધુ સ્પષ્ટતા કરવા શ્રીહરિએ પ્રશ્ન કર્યો.

‘દયાળુ, એક માસ ચાલે તેટલા છે.’

તરત જ શ્રીહરિએ આદેશ કર્યો : તમારા ઘરમાં જે રૂપિયા તથા ઘરેણાં હોય તે લાવો. ગલુજીએ જે કાંઈ સંપત્તિ હતી તે શ્રીહરિ સમક્ષ હાજર કરી. એ જ ઘડીએ પ્રભુજીએ કહ્યું : ગલુજી, આ બધુંય વેચીને તેના બદલે જે કાંઈ અનાજ મળે તે લઈને ભરી રાખો. એ પ્રમાણે ગલુજીને તે વખતે ૨૦૦ મણ બાજરી, ૩૦૦ મણ જુવાર ને ૧૦૦ મણ તુવેર તેમજ બીજો જરૂરી સામાન મળ્યો.

શ્રીહરિ બીજે ગામ પધાર્યા. તે વખતે લોકો એલફેલ બોલવા

માંડ્યા : સ્વામિનારાયણ આવ્યા ને ગલુજીને ભીખ માગતો કરી દીધો. આજે તો ધૂળના ઢગલે દાણો છે. એ સડીને લોટ થઈ જશે ત્યારે ગલુજી માથે હાથ મૂકીને રડશે. આમ બોલતા લોકોને ગલુજી જવાબ આપતા કે, મારા ઈષ્ટ ઉપાસ્ય દેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને જે કરાવ્યું છે તે મારા હિતમાં છે. એમાં આપણને સમજણ ન પડે. એમને બધી જ સૂઝ હોય.

ભગવાનની આજ્ઞા અનુસાર અન્ન સંગ્રહ કરનાર ગલુજી પોતાના ઘરનો વરો કાઢ્યા ઉપરાંત ત્રણ હજાર રૂપિયા કમાયા.

આવી જ રીતે શ્રીહરિના દર્શન કરવા બગસરાના સથવારા જ્ઞાતિના વેલાભાઈ, રૂડાભાઈ, ડોસાભાઈ તેમજ હામાપરના કરસનભાઈ સાથે મળીને ગઢપુર આવ્યા હતા. ભગવાનને ભેટ ધરવા કાકડી, ચીભડાં, કારેલાં, તુરીયાં, દૂધી, ગલકાં વગેરેનાં બી લાવ્યા હતા. તેમને શ્રીહરિએ દુષ્કાળની ચેતવણી આપી, તે પ્રમાણે ભક્તોએ અમલ કર્યો તો કોઈપણ પ્રકારની તકલીફ વિના એ બધાએ દુકાળ પાર કર્યો. એ સાથે એમનો વ્યવહાર પણ સુધર્યો.

ગોરડકા અને ઉગામેડીના માર્ગે લાડુબાની વાડી હતી. તે પીપળાવાડી તરીકે ઓળખાતી. ત્યાં શ્રીહરિ ઘણીવાર પધારેલા. ત્યાં કૂવામાં ઘણીવાર સ્નાન પણ કરેલું. આ દુકાળમાં એ કૂવામાં પાણી બિલકુલ ખલાસ થઈ ગયેલું. સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીહરિને આ વાત કરી. ભગવાને આદેશ



આપ્યો કે, કૂવાના તળિયાથી આઠ હાથ ઉપર ને દક્ષિણ દિશામાં પૈયા નીચે એક ગજ ખોદજો. બધાંય સારાં વાનાં થઈ જશે.

શ્રીહરિના આદેશ પ્રમાણે તેમ ખોદ્યું ત્યાં જ પાણીનો એવો પ્રવાહ છૂટ્યો કે જોતજોતામાં કૂવો પાણીથી ભરપૂર થઈ ગયો.

શ્રીહરિ કહે : ભગવાન કૃપાસાધ્ય ને ક્રિયાસાધ્ય એ બે પ્રકારે છે. તેમાં આ કૃપાસાધ્યથી પાણી થયું. સચ્ચિદાનંદ સ્વામી કહે : ખરી વાત; આ તો માત્ર આપની કૃપાથી જ બન્યું. સર્વ સાધનનું ફળ તો આપની કૃપા જ છે.

આ કૂવાને અડીને જ પીપળો હતો. તેથી આ વાડી પીપળાવાડી તરીકે ઓળખાતી. આ પીપળા પરથી શ્રીહરિએ ઘણીવાર કૂવામાં ધૂબકા મારેલા છે.

આ વાડીમાં પૈયાથી ઉગમણી કોર દશ હાથ દૂર શ્રીહરિએ પોતાને રહેવાની કુટીર બાંધીને અંદર રેતી પથરાવી આસન બનાવેલું હતું, ત્યાં માંડવો કરી તે પર કાપડ બાંધી દીધું હતું. દિવસ દરમ્યાન દરબારમાં રહેતા ને રાતના સમયે અહીં રહેતા.

કોઈ સંત થવા ભગવાન પાસે આવતા તેમને ભગવાન કહેતા : જેને સિદ્ધ થવું હોય તે પીપળાવાડીમાં સાંતી હાંકો. ભગવાનની કૃપાથી સાંતી હાંકનારને સમાધિ થતી. અગણોતેરા કાળ સમયે દર્શને આવેલા સંતોને શ્રીહરિએ આ વાડીમાં ઉતારો આપ્યો હતો.

ભગવાનના આશરે બેસનારની લાજ સ્વયં ભગવાન રાખે છે; પરંતુ જે આપબળમાં રાચે છે તે ખત્તા ખાય છે ને પારાવાર દુઃખ વેઠે છે.

શ્રીહરિનું વચન માનનારા ભક્તોએ વિકરાળ દુષ્કાળ આસાનીથી પાર કર્યો એ સાથે ધનવાન પણ બન્યા. પરંતુ જેમણે વચન ન માન્યું; પોતાની આવડત, હોશિયારી, ધન, દોલત વગેરેના કેફમાં રાચ્યા તેઓ કંગાલ બની ગયા ને પેટ ભરીને પસ્તાયા. પરંતુ જ્યારે એ ભગવાનની પાસે આવ્યા ત્યારે ભગવાને પોતાની દયાનું અધિકપણું દર્શાવી એ

બધાનાં વળતાં પાણી પણ કરી દીધાં.

જૈનોને નવડાવ્યા

અષાઢી સંવત ૧૮૭૦ શરૂ થતાં મેઘરાજા મન મૂકીને વરસ્યા. જાણે અગણોતેરા દુકાળનું સાટું વાળી દીધું. નદી નાળાં ઊભરાવા લાગ્યાં. એ અરસામાં શ્રીહરિ ગઢપુરમાં જ હતા. પંચાળાના ઝીણાભાઈ ભગવાનના દર્શનાર્થે આવ્યા; સાથે તેમનો પુત્ર હઠીભાઈ પણ હતો. એક દિવસ જૈનના ઉપાશ્રય પાસેથી એ પસાર થતો હતો. બાળ સહજ સ્વભાવે હઠીભાઈ થૂંક્યો. થોડે દૂર જૈનનો પૂજ બેઠેલો હતો. તેણે તો હોબાળો મચાવી દીધો કે એ છોકરો મારા પર થૂંક્યો. તમારામાં પાણી નહિ એટલે અમારે આવાં અપમાન વેઠવાં પડે છે. આજે સ્વામિનારાયણનો આશ્રિત નાનો છોકરો થૂંક ઉડાડી ગયો, કાલે મહાજનની પાઘડીય ઉછાળે.

ગઢપુરના મહાજનમાં જૈન વણિકોનું વર્ચસ્વ હતું. તેમણે સાથે મળીને એવો ઠરાવ કરી નાખ્યો કે, બધી હાટ બંધ રાખવી. આ તરકટ ઊભું કરવા પાછળનો ઈરાદો એ હતો કે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોને નમાવવા. ચર્ચા એટલી બધી હદ સુધી પહોંચી ગઈ કે જૈન સાધુ ઉપર સ્વામિનારાયણના સત્સંગીએ હાથ ઉગામ્યો.

આ વાત સ્વામિનારાયણ ભગવાન પાસે પહોંચી. ધાર્મિક ચણતરના કસબી સ્વામિનારાયણ ભગવાને તેનો ઉપાય તત્કાળ વિચારી લીધો. તત્કાળ ઉપાશ્રયમાં પધાર્યા. પગથિયાં ચડીને જોયું તો જૈન સાધુઓ અને મહાજન ભેળા મળીને હજુ પણ આગળ પગલાં લેવાની ચર્ચા કરી રહ્યા હતા.

ભગવાનને એકલા આવેલા જોઈ એમને આશ્ચર્ય થયું કે જેમને લાખ્ખો લોકો ભગવાન માને છે એ અહીં એકલા આવ્યા ! ભગવાને કહ્યું : જે બની ગયું છે તે ખોટું થયું છે. હવે તમે આ તંતનો અંત લાવો. દુકાનો ખોલી નાખો ને વેપાર ચાલુ રાખો.

જેમણે આ સાંભળ્યું એમને ખૂબ નવાઈ લાગી. એ સ્તબ્ધ બની ગયા. વિચારવા લાગ્યા : જેમને લોકો પરબ્રહ્મ તરીકે પૂજે, એમાં આટલી બધી સરળતા !! નહિ કોઈ દલીલ, નહિ કશો બચાવ ! દુકાનો ફટાફટ ખુલી ગઈ. પ્રભુએ પણ વિચારી લીધું કે આવા જડવાદીને પણ પાઠ ભણાવવા પડશે.

છ સાત દિવસ પર્યંત વૃષ્ટિ સતત ચાલુ રહી. ઘેલા નદીમાં પૂર આવ્યું. એનો વેગ એટલો બધો હતો કે નદીની નજીકમાં રહેલાં ખોરડાં તણાવા માંડ્યાં. પાણી ચડતું ચડતું ગામમાં ભરાવા માંડ્યું. લોકોના જીવ અદ્ધર થઈ ગયા. સૌએ જાણ્યું કે હવે ઊગરવાનો કોઈ આરો નથી. ચોમેરથી પાણી ફરી વળ્યું હતું એટલે ક્યાંયથી ભાગી છૂટાય એમ પણ ન રહ્યું. બીજો કોઈ ઉપાય ન રહ્યો. છેવટે એ બધા શ્રીહરિની પાસે આવ્યા. એ કહેવા લાગ્યા : મહારાજ ! તમે તો ભગવાન છો ને આ ગઢડું જો તણાઈ જશે, તેમાં તમારી શોભા ઘટશે.

આ લોકના ભાવ દર્શાવતા પ્રભુ બોલ્યા : હાલો આપણે ઘેલે જઈને નદીને વધાવીએ. એમ કરતાં જો એ પાછી હઠે તો સારું.

બધાને સાથે લઈ શ્રીહરિ નદીના કાંઠે મોટી ધાર ઉપર ગયા. દાદાખાચરને કહ્યું : તમે આ ગામના દરબાર કહેવાઓ છો તો નદીને વધાવો. પ્રભુના આદેશ અનુસાર દાદાખાચરે ચુંદડી, મોડીઓ લઈને નદીને વધાવી પણ પાણી પાછું ન હઠ્યું. ગામલોકો કહે : મહારાજ ! તમે પોતે કંઈક ઉપાય કરશો તો મેળ પડે એમ લાગે છે.

પ્રભુ કહે : અમારા મૂળજી બ્રહ્મચારી બહુ ભારે છે, એ વધાવશે. બ્રહ્મચારીએ પણ નદીને વધાવી ત્યાં જ પાણીનું એવું ઊંચું મોજું આવ્યું કે બ્રહ્મચારીની છાતી સુધી ફરી વળ્યું. તેમાંથી બ્રહ્મચારી માંડ માંડ બહાર નીકળ્યા. ત્યારે ગામલોકોએ ફરીથી કહ્યું : મહારાજ ! જેની તેની પાસે ઉપાય કરાવ્યા કરતાં એ બાજી તમે જ હાથમાં લો તો પાણી હટે.

આજે પ્રભુએ નિર્ણય લઈ લીધો હતો કે જૈન વાણિયાઓ નહાતા

નથી તેને મહિના સુધી નવડાવવા છે. એટલે જાહેરાત કરી : આ નદીનું નામ ઘેલો છે. એ ઘેલાને મનાવવાનો એક જ ઉપાય છે. પ્રભુનાં આ વચન સાંભળી બધાને કંઈક હિંમત આવી. એ કહેવા લાગ્યા : મહારાજ ! કહો... કહો... જલ્દી કહો.

'પણ એ કામ બહુ અટપટું છે. મને તો એમ લાગે છે કે તમારાથી તે બની શકે તેમ નથી.'

'અરે મહારાજ ! તમે જે કાંઈ કહો તે કરવા અમે તૈયાર છીએ. હવે જલ્દી કરો. અમારી ધીરજ ખૂટવા બેઠી છે.'

'તો એક કામ કરો. ગામના બધાય લોકો એવો નિયમ લો કે એક મહિના સુધી નાહ્યા બાદ રોટલા જમવા.'

આ નિયમ વાણિયાને વસમો પડે તેમ હતો, છતાં બધાએ હાથમાં જળ લઈને એ પ્રમાણે કરવાની પ્રતિજ્ઞા કરી. તે વખતે પ્રભુ પોતાના બંને ચરણ નદીમાં બોળી હસ્તમાં જળ લઈ બોલ્યા : અમે તારા જળમાં એક માસ સુધી નાહીને પછી રોટલા જમશું. માટે પાણી ઊતરી જાઓ. શ્રીહરિના આ શબ્દોની સાથે ચોમેર ફરી વળેલું પાણી હડેડાટ કરતું ઊતરી ગયું ને નદીના પ્રવાહમાં વહેતું થઈ ગયું. આવો પ્રગટ પરચો જોઈ બધા કહેવા લાગ્યા : આજે તો સ્વામિનારાયણ ભગવાને ઉગાર્યા, નહિતર ઘેલાનાં પૂર તો આખા ગઢપુરને તાણી જાય એવાં હતાં.

આ નિયમના નિમિત્તે ઢુંઢીયા વાણિયા જે કોઈ દિવસ નાહતા નહોતા તેમને પ્રભુએ એક માસ સુધી નવડાવ્યા.

જાળિયામાં મંદવાડ

સેવકોની રુચિ પરીક્ષા

ગઢપુરમાં પરમ કૃપાળુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને અષાઢ સુદ ૨, તા. ૩૦-૬-૧૮૧૩, બુધવારના રોજ રથયાત્રા બાદ તા. ૨૦-૮-૧૮૧૩, શુક્રવારના રોજ જન્માષ્ટમી વગેરે ઉત્સવો કર્યા. સમયે સમયે મેઘરાજાની મબલખ વર્ષા થતી રહી. સર્વત્ર આનંદ આનંદ પ્રસરી ગયો. ચારેબાજુ લીલીછમ ધરતી પર મોલ લહેરાવા લાગ્યા.

ભાદરવા માસમાં શ્રીહરિએ વિચરણ શરૂ કર્યું. ભક્તોને સુખિયા કરતા શ્રીહરિ પંચાળા પધાર્યા. દરબાર ઝીણાભાઈને બહુ જ આનંદ થયો. કહેવા લાગ્યા : હે મહારાજ, આપે મારા ઉપર બહુ જ દયા કરી. હવે આપ સુખેથી અહીં રહો. આપે કેવળ કૃપા કરી મને અગાઉથી ચેતવી દીધો એટલે મારે તો લીલા લહેર થઈ પડી છે.

‘એવું તે વળી શું થયું ? વાત તો કરો.’

‘મહારાજ ! ગઈ સાલે આપ અહીં પધાર્યા હતા તે વખતે જાર ઘણી પાકી હતી. આપે તેને વેચવાની ના પાડી હતી. વળી એક ઘોડી ને એક ભેંસ સિવાય બધાં ઢોર વેચી દેવાનું કહ્યું હતું. એ ઢોર વેચતાં નાણું આવ્યું તેની જાર લેવડાવી ખાણમાં નંખાવી હતી. પછી આપે કહ્યું હતું એમ અગણોતેરો કાળ પડ્યો. એ વખતે તો પૈસા દેતાં પણ દાણા મળે તેમ નહોતું. તે વખતે દાણા વેચતાં આપની કૃપાથી પાંત્રીસ હજાર રૂપિયા થયા. આ બધુંય આપના હાથે જ વપરાય તો મને બહુ આનંદ થાય. તો આપ વિશેષ દયા કરી અહીં સમૈયો કરો.

‘ઝીણાભાઈ ! એ વાત હાલમાં બને તેમ નથી. તમારે અમને અહીં રાખવા હોય તો એક શરત. અમારે મંદવાડ ગ્રહણ કરવો છે.’

‘અરે મહારાજ, તમે એવું દુ:ખ શા માટે લો છો ? રમતા-જમતા ને આનંદ કરાવતા દર્શન આપો.’

'જો એવાં દર્શન કરવાં હોય તો હાલમાં સમય નથી. પછીથી આવીશું.'

શ્રીહરિ મંદવાડ ગ્રહણ કરે એ બાબતમાં ઝીણાભાઈનું મન માન્યું નહિ, પરંતુ ભગવાનનો સંકલ્પ પાકો હતો. પ્રભુ માણાવદર પધાર્યા. ભક્તોને પોતાનો સંકલ્પ જણાવ્યો. ત્યાં પણ ભક્તો મંદવાડનાં દર્શન માટે તૈયાર ન થયા, એટલે ભગવાન ત્યાંથી પણ વિદાય થયા.

વિચરણ કરતા કરતા શ્રીહરિ સમેધુ, ગણોદ થઈ વરજાંગ-જાળિયા ગામે પધાર્યા. અહીં હીરાભાઈ ઠક્કર, તેમનાં ધર્મપત્ની કલુબાઈ વગેરે ભગવાનને વિશે અનન્યભાવે જોડાએલાં હતાં. અહીં પણ ભગવાને એ જ પ્રસ્તાવ રજૂ કર્યો.

હીરાભાઈ કહે : મહારાજ ! આપની જેમ મરજી હોય તેમ કરો, પણ દયા કરી અહીં રહો. અમારાથી બનશે એટલી આપની સેવા કરીશું. અમારાં એવાં ભાગ્ય ક્યાંથી કે સર્વોપરી ભગવાનની પ્રગટ અને પ્રત્યક્ષ સેવા અમને મળે ! દેવોનેય દુર્લભ એવી સેવાનો મોંઘો અવસર અમારા માટે સુલભ બની રહેશે.

સેવકોની સેવાનિષ્ઠા

શ્રીહરિના આદેશ અનુસાર હીરાભાઈએ બધી જ વ્યવસ્થા ગોઠવી દીધી. પ્રભુ સાથે મૂળજી બ્રહ્મચારી, નાજા જોગીયા અને ભગુજી આવેલા હતા. બીજે જ દિવસે અષાઢી સંવત ૧૮૭૦, ભાદરવા વદ એકમ, તા. ૧૧-૯-૧૮૧૩, શનિવારના દિને શ્રીહરિએ તાવ ગ્રહણ કર્યો. એ તાવ એટલો બધો ઊગ્ર હતો કે ભગવાનનાં અંગ ધગેલા અંગારા જેવાં ગરમ થઈ ગયાં. એ ગરમી હળવી થાય તે માટે સેવકો મીઠાનાં પોતાં મૂકવા લાગ્યા. તાવના કારણે શ્રીહરિનું શરીર એકદમ ધ્રૂજવા લાગ્યું. ભગુજીએ નવાં નકોર પાંચ ગોદડાં ઓઢાડ્યાં તોય એની કાંઈ અસર ન થઈ.

આવો સખત મંદવાડ જોઈ ભગુજીએ પૂછ્યું : મહારાજ, મંદવાડના ખબર મોટેરા સંતો-ભક્તોને આપીએ ?

ગુસ્સે થતા પ્રભુ બોલ્યા : જો એમ ખબર આપવા હોત તો અહીં દૂર સુધી આવવાનું શું કામ હતું ? તારે અહીં રહેવું હોય તો રહે, નહિ તો ચાલતો થા.

એ સાંભળતાં જ ભગુજી તો થીજી ગયા. ધીમે ધીમે પ્રભુએ મંદવાડ વધારવા માંડ્યો. બાઈઓ ભગવાન માટે નવી નવી વાનગી બનાવતાં. ભક્તોના આગ્રહથી ક્યારેક ભોજન કરે પણ તે ટકે જ નહિ. તરત જ ઊલટી થઈ જાય. ભલભલો ધીરજવાન પણ રડી પડે એવા ભાવ શ્રીહરિ દેખાડવા લાગ્યા.

કાંઈ પણ અન્ન જમ્યા વિના પ્રભુનું શરીર કૃશ થવા માંડ્યું. એટલી બધી અશક્તિ આવી ગઈ કે ખાટલામાંથી ઉઠાડવા માટે બે સેવકો ટેકો દે ત્યારે માંડ માંડ ઊઠી શકે. સ્નાન કરાવવા માટે પ્રભુને ઉંચકીને ભગુજી લઈ જાય. આમ કરતાં એક, બે, ત્રણ નહિ અગિયાર દિવસ વીતી ગયા.

અનંતકોટી બ્રહ્માંડના આધાર પ્રભુજી આવી માનુષી લીલા દ્વારા સેવકોને સેવાના લાભ આપી રહ્યા હતા. પરંતુ ઈષ્ટદેવની આવી નાજુક દશા જોઈ સૌના હૈયે પારાવાર દુઃખ થતું હતું.

ભગુજીને શ્રીહરિએ કહી રાખ્યું હતું કે, તું મને જગાડતો રહેજે, જેથી હું બહુ ઊંડો ન ઊતરી જાઉં. શ્રીહરિના મસ્તકને ખોળે રાખી ભગુજી, હીરાભાઈ વગેરે વારાફરતી દબાવતા. ભગુજી વારેઘડીએ કહેતા : હે દયાળુ, આપ કંઈક જમો તો ભક્તોને સુખ થાય. ત્યારે પ્રભુજી કહેતા : અમારા માટે થાળ લઈને કેટલાય દેવો અને લક્ષ્મીજી, રાધિકાજી, પાર્વતી વગેરે ઊભાં છે, એમ બોલી ઊંડા ઊતરી જતા.

એક દિવસ ભગુજીએ કહ્યું : મહારાજ, આપ કંઈ જમશો ? ત્યારે પ્રભુએ આંખ ઉઘાડી. ભગુજીએ ફરીથી પ્રાર્થના કરી : પ્રભુજી, આપને માટે શું તૈયાર કરું ? આપ કહો તે હાજર કરીએ. પ્રભુ કહે : જવનો પોંક હોય તો લાવ, થોડો જમીએ.

ભગવાનની લીલા અજબની હતી. તે વખતે જવનો સમય જ નહોતો. ભગુજી કહે : હમણાં જવની ઋતુ નથી એટલે ક્યાંયથી જવનો પોંક મળે તેમ નથી. એ સાંભળતાં જ પ્રભુએ રોષ દર્શાવતાં કહ્યું : આવડી મોટી પૃથ્વી છે, તેમાં લાખ્ખો મણ જવ પાકે છે. મારે તો એક મૂઠ્ઠીભાર જોઈએ છે તોય હે દુષ્ટ, તું મને ના પાડે છે ? માગું છું એ તો આપતો નથી ! તો પછી જમવાનું પૂછે જ છે શા માટે ? તું તો સાવ નિર્દય છે. એમ બોલીને પાછાં નેત્ર મીંચી દીધાં.

થોડીવાર પછી ભગુજીએ શ્રીહરિનું મસ્તક હલાવી પૂછ્યું : મહારાજ, આપ કંઈક જમશો. પ્રભુએ નેત્રો ખોલ્યાં ને કહ્યું : જલેબી લાવે તો જમું. વળી પાછી આફત ઊભી થઈ. નાના ગામમાં જલેબી તૈયાર ક્યાંથી મળે ? ભગુજી કહે : અહીં ગામડા ગામમાં જલેબી ક્યાંથી લાવું ?

ફરીથી પ્રભુએ ઊધડો લીધો. કહેવા લાગ્યા : અરે ભુજની બજારમાં કેટલીય જલેબી તૈયાર પડી છે. તું જઈને જો તો ખરો. કેટલીય તાજી તાજી કરેલી છે. તેમાંથી મને તો માત્ર પા શેર જ જોઈશે, તોય તું શા માટે ના પાડે છે ? તને કાંઈ શરમ છે કે નહિ ? એક બાજુ મને જમવાનું પૂછે છે, ને માગું છું તે આપવામાં ગલ્લા-તલ્લા કરે છે. તારે બોલવામાં કાંઈ ઠા છે કે નહિ ?

સાધુને સુમતિ ન સૂઝી

તાવની ગરમી માથામાં ચડી ગઈ હોય તે વખતે કોઈ સામાન્ય વ્યક્તિ એલફેલ પ્રલાપ કરે, તેવા ભાવ પ્રભુ આ મંદવાડમાં દેખાડતા હતા. કોઈ દર્શને આવે તેના અંતરના ઘાટ સંકલ્પ કહેવા માંડતા, તેથી ઘણાને બાજુમાં બેસવાનો પણ સંકોચ થતો. એ અરસામાં એક સાધુ દર્શને આવ્યા. એ ભાગવત ભણેલા હતા. જ્યારે એ ભાગવત વાંચતા ત્યારે ભગવાનમાં પ્રેમને લીધે તેમની આંખમાંથી આંસુ છલકી આવતાં. એક દિવસ એ દર્શને આવ્યા. મનુષ્ય લીલા કરતાં પ્રભુએ તેમને પગે ચૂંટી ભરી. એટલામાં એમને રીસ ચડી, પણ એવો વિચાર

ન થયો કે ભગવાને મને પોતાનો જાણ્યો એટલે મારી સાથે ગમ્મત કરે છે. તેમણે મનમાં માની લીધું કે, ભગવાને મારું અપમાન કર્યું.

જીવની બહુધા આવી જ વિકૃત બુદ્ધિ હોય છે. તેને એવો પણ વિચાર રહેતો નથી કે હું જેમને ભગવાન જાણીને એમનો વિશેષ સુયોગ થાય, વિશેષ સેવાનો લાભ મળે તે માટે સંસારનો ત્યાગ કરીને એમના શરણે આવ્યો છું, એમની ચૂંદડી ઓઢી છે, એ પણ મારાં અહોભાગ્ય છે. મને પોતાનો જાણ્યો એટલે જ મને સંસારનો ત્યાગ કરવાની સુરુચિ જાગી.

આવો કાંઈપણ વિચાર કર્યા વગર એ સાધુ કોઈને કાંઈ પણ પૂછ્યા વગર, કોઈનીય સલાહ લીધા વગર, ત્યાંથી નીકળી ગયા. પોતાના મોક્ષ માટે કરેલાં સાધન બધાં ધૂળમાં મળી ગયાં.

ધન્ય છે એ સેવકોને, જેમને ભગવાને ગમે તે રીતે હડધૂત કર્યા, તો પણ નિઃસંશય થઈને તેમણે ઉમંગભેર પ્રભુની સેવા કરી.

સ્નાન નિમિત્તે મંદવાડને અલવિદા

શ્રીહરિ આંખ મીંચીને પોઢ્યા હતા. એ વખતે નિયમ અનુસાર ભગુજીએ પ્રાર્થના કરતાં પૂછ્યું : મહારાજ, સ્નાન કરશો ? શ્રીહરિ કહે : તું ગંગાજીને લાવે તો સ્નાન કરું. ભગુજી કહે : ભલે મહારાજ, હમણાં જ ગંગાજી લાવું છું. જો કે ભગવાનની આ માગણી ભલભલાને વિચાર કરતા કરી દે એવી હતી. ભગવાનને સખત તાવ હતો. જો ઘણીવાર સ્નાન કરે તો બિમારી વધી જાય. પરંતુ ભગવાનની મરજી સમજનારા સેવકોને શ્રીહરિએ જ વિચાર સૂઝાડ્યો.

ભગુજીએ હીરાભાઈને કહ્યું : તમે ગામનાં બહેનોને કહેવડાવી દો કે ભગવાનને સ્નાન કરવું છે. નદીએથી પાણીનાં બેડાં ભરી ભરીને લાવો. સેવાનો આવો અણમોલો અવસર પામી કલુબા, રતનબા, કુંવરબા, જતનબા, વખતબા, લેરખીબા વગેરે બાઈઓ પાણીનાં બેડાં ભરી ભરીને લાવવા માંડ્યાં. ભગુજી કહે : મહારાજ ! ગંગાજી આવી

ગયાં છે. સ્નાન કરવા પધારો.

શ્રીહરિ મોટા બાજોઠ પર બિરાજમાન થયા. ભગુજી શ્રીહરિ ઉપર અખંડ ધારે પાણીનાં બેડાં રેડવા માંડ્યા. એક પૂરું થાય ત્યાં બીજું તૈયાર જ હોય. બાઈઓ હીરા ઠક્કરને બેડાં આપતાં જાય ને ખાલી થયેલાં બેડાં લઈને બાઈઓ દોડતાં દોડતાં ભરવા જાય. આમ શ્રીહરિએ ઘણીવાર સુધી સ્નાન કર્યું. એ પાણીનો રેલો ઠેઠ વેણુ નદી સુધી પહોંચ્યો. એ વખતે શ્રીહરિ રાજી થઈ બોલ્યા : ભગુજી, તમે ગંગાજી લાવ્યા ખરા. હવે અમારો મંદવાડ જશે.

સ્નાનથી પરવારી પીતાંબર ધારણ કરી શ્રીહરિ સામેથી બોલ્યા : અમારા માટે જમવાનું લાવો. સેવામાં રહેલ સૌને આનંદ આનંદ થઈ ગયો. બાઈઓ બાજરીનો તાજો પોંક તૈયાર કરીને લાવ્યાં. શ્રીહરિ તે જમ્યા. બધાંને પ્રસાદી પણ આપી. ધીમે ધીમે શ્રીહરિ થાળ અંગીકાર કરવા માંડ્યા. અઢાર અઢાર દિવસના મંદવાડ બાદ શ્રીહરિ સ્વસ્થતાપૂર્વક દર્શન દેવા લાગ્યા.

હીરાભાઈને પ્રભુ કહે : હવે અમે સાજા થઈ ગયા એટલે અમને રજા આપો. વચનપરાયણ ભક્ત કહે : ભલે મહારાજ, જેવી આપની મરજી. આપે દયા કરી અમને સેવાનો મોકો આપ્યો એ અમારા માટે જીવનનો યાદગાર અવસર બની ગયો.

જાળિયામાં શ્રીહરિએ મંદવાડ ગ્રહણ કર્યો એ વખતે એવો સંકલ્પ કર્યો હતો કે, દેહ રહે જ નહિ, પણ સંતો-ભક્તોના પ્રેમને વશ થઈને મંદવાડને રજા આપી. તે વખતે જે તાવ દર્શાવ્યો હતો તે કાળ જવર હતો. દુકાળ ઊતર્યા બાદ દેશોદેશમાં ગામોગામ, ઘેર ઘેર અને ઠેકઠેકાણે જેણે જેણે નવું અનાજ ખાધું તો બધાને એ તાવે ભરડામાં લીધા હતા. એમાં એવું બનતું કે એ તાવ બે ત્રણ દિવસ રહેતો, એમાં પણ લોકો તરત મૃત્યુ પામતા. તે એટલી હદ સુધી કે દશ જણાને તાવ આવ્યો હોય તેમાંથી બે જણ જ જીવતા રહેતા.

શ્રીહરિનું આ કાળચક્ર આ ભૂમિ પર ફરી રહ્યું હતું ત્યારે આખા

આસો માસમાં બધે હાહાકાર થઈ ગયો. આધારાનંદ સ્વામીએ શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર-૧૫, તરંગ ૩૮માં આ વાતને રજૂ કરી છે.

પ્રયાણ વેળાએ અકળ લીલા

ભક્તે ગાડું તૈયાર કરાવ્યું. તે પર પ્રભુજી બિરાજ્યા. ગાડું થોડું જ ચાલ્યું ત્યાં ગાડાનાં કડાં ખખડ્યાં. એ અવાજ સાંભળતાં શ્રીહરિ ગાડા પરથી એકદમ ઊભા થઈ ગયા. કહેવા લાગ્યા : દગો... દગો... એમ બોલતા ગાડા પરથી ઊતરવા માંડ્યા. શ્રીહરિની આ લીલામાં કોઈને સંદેહ ન થયો. તરત જ પૂછ્યું : મહારાજ ! હવે શું લાવીએ ? પ્રભુ કહે : ડોળી લાવો.

ડોળી આવી. પ્રભુ તેમાં બિરાજ્યા. ચાર ભક્તોએ તે ખભે લીધી. મૂરખડાને રસ્તે જઈ રહ્યા હતા. તે વખતે શ્રીહરિએ એટલો બધો ભાર મૂક્યો કે ડોળી ઉપાડનાર ચારેય યુવાન પહેલવાન જેવા હતા તોય થાકી ગયા. પરસેવે રેબઝેબ થઈ ગયા. ઝાઝીવાર ઉપાડી ન શકવાથી ડોળી પૃથ્વી પર મૂકી દીધી.

શ્રીહરિ હસતા હસતા પૂછવા લાગ્યા : અરે, આમ કેમ ઊભા થઈ રહ્યા ? એટલી જ વારમાં થાકી ગયા ! આમ કરશો તો લાંબો પંથ કેમ કપાશે ?

ભક્તો કહે : મહારાજ, અમને એટલો બધો ભાર લાગ્યો કે ન પૂછો વાત. આટલો બધો ભાર તો અમારી જિંદગીમાં કોઈનોય જોયો નથી.

'તમેય ગજબ કરો છો. અમારામાં ભાર છે જ ક્યાં ? અઢાર દિવસથી તો માંદા હતા તેથી કાંઈ જમાયું પણ નથી.'

'પ્રભુ ! અમને પણ એ સમજાતું નથી. આપે કંઈક અકળ કળા કરી તેથી અમને તો બહુ જ ભાર લાગ્યો. જાણે આખા બ્રહ્માંડનો ભાર મૂક્યો હોય એવું અમને લાગ્યું.'

'ચાલો ત્યારે; હવે ઉપાડો, ભાર નહિ લાગે.' ભગવાનના એ

વચનમાં વિશ્વાસ રાખી ભક્તોએ ડોળી ઉપાડી ત્યારે હલકી ફૂલ જેવી જણાઈ. મૂરખડા ગામે પહોંચ્યા ત્યારે ડોળી ઉપાડનાર સેવકો માટે શ્રીહરિએ ઘી-ગોળ મંગાવ્યાં. પ્રસાદીનાં કરી સેવકોને આપ્યાં. ત્યાંથી ઉપલેટા, ઝાંઝમેર, કંડોરડા થઈ રાયપર પધાર્યા. અહીં રાજગર ભક્તને ત્યાં ઉતારો કર્યો.

રાત્રે શ્રીહરિ જાગ્યા. ભગુજીને પણ જગાડ્યા. ચંદ્રને બતાવતાં કહ્યું : પેલો ચંદ્ર હજુ કેમ જતો નથી ? એ એના મનમાં સમજે છે શું ? એને લાત માર, હમણાં જ જતો રહેશે.

શ્રીહરિના આદેશ અનુસાર ભગુજી ઊભા થઈ ચંદ્ર સામે લાતો ઉગામવા લાગ્યા. અસ્ત થવાનો સમય થતાં એ અસ્ત પામ્યો. એટલે પ્રભુજી બોલ્યા : જોયું ને ? કેવો નમી ગયો. ભગવાનની આ લીલામાં પણ ભક્તોને સંશય ન થયો.

સવાર થતાં નિત્ય નિયમથી પરવારી પ્રભુ બોલ્યા : હવે ગાડામાં બેસી બીજે ગામ જઈશું. ભક્તો ગાડું લાવ્યા. એ જોઈને પ્રભુજી કહેવા લાગ્યા : આ ગાડું તો ટૂંકું છે. તેના પર સૂઈ નહિ શકાય. જો તમે ખેંચીને લાંબું કરો તો સુખેથી સુવાય.

સેવકો સાનમાં પ્રભુની મરજી સમજી ગયા. એક દોરડું ધૂંસરીએ બાંધ્યું. બીજું દોરડું પાછળના ભાગમાં બાંધ્યું. ભગુજી ને મૂળજી બ્રહ્મચારી એકદમ જોર કરીને અવાજ કરતા ખેંચવા લાગ્યા. થોડીવાર પછી શ્રીહરિએ કહ્યું : હવે બસ, તમે બહુ સારું જોર કર્યું. અમે સૂઈ શકીએ તેટલું ગાડું લાંબું થઈ ગયું છે.

પછી ગાડા પર નવાં ગોદડાં પાથરી, ગાદી તકિયા વગેરે ગોઠવી પ્રભુને તે પર બિરાજમાન કર્યા. પ્રભુજી ચરણ લાંબા કરીને પોઢ્યા.

ધન્ય છે એ સેવકોને, જેમણે ભગવાનનાં વિચિત્ર ચરિત્રમાં લેશમાત્ર સંશય ન કર્યા. ભગવાનની મરજી પ્રમાણે વર્તીને ભગવાનને ખૂબ રાજી કર્યા.

જેઠા અને મેરામણને ખરચી આપી

ગઢપુર તરફ પ્રયાણ કરતાં એક ગામ આવ્યું. ત્યાં ભગવાને ભક્તોને છાશું પીવા - રોટલો, અથાણું, છાશ જમવા મોકલ્યા. શ્રીહરિ ભગુજી અને મૂળજી બ્રહ્મચારી સહિત આગળ ચાલ્યા. થોડું આગળ જતાં ભગવાને સરક હાથમાં લઈ ગાડું એવું દોડાવ્યું કે ભગુજી ને બ્રહ્મચારી ઘણા પાછળ રહી ગયા.

વળાંકવાળો રસ્તો આવ્યો. એ વિસ્તારમાં ગોવાળિયા અટકના બે માથાભારે કાઠી જેઠો અને મેરામણ સૌને લૂંટતા. બંનેના હાથમાં ભાલા હતા.

તાડ જેવા ઊંચા ને માથે બોકાનીવાળા એ કાઠીની આંખો લાલઘૂમ હતી. એને જોતાં જ સામાન્ય માણસ ધ્રૂજી ઊઠે એવો એમનો રૂઆબ હતો.

શ્રીહરિ તો જાણતા જ હતા. ગાડું હાંકનાર રાજગોરને કહ્યું : તમને કોઈ આવીને પૂછે તો કહેજો કે હું રાજગોર છું. બીજું કાંઈ વધારે આઘું પાછું કરવા માંડશે તો અમે બધું સંભાળી લેશું. તમે કાંઈ ચિંતા ન કરજો. અહીં બરાબર સાવચેતી રાખવા જેવું છે. પણ અહીં પેલા શૂરવીર ભક્તો છે નહિ. પછી એ શું મોઢું દેખાડશે ?

આટલું બોલી શ્રીહરિ એક વસ્ત્ર ઓઢી સૂઈ ગયા. ત્યાં જ પેલા માથાભારે કાઠીઓ આવી ચડ્યા. હાકલ કરી : એય ! કોણ છો તમે ? ગાડું ઊભું રાખો.

પોતાની ઓળખાણ આપતાં ભક્તે કહ્યું : અરે બાપુ ! મને ન ઓળખ્યો ! હું તો રાયપરનો ત્રિકમ રાજગોર.

'એ તો હું ય જાણું છું, પણ ગાડામાં કોણ સૂતું છે ? એ જે કોઈ હોય, અમારે તેની પાસેથી ખરચી લેવી છે. અમને એમ કે ગાડામાં સ્વામિનારાયણ હશે, પણ અમારો ફેરો ખાલી પડ્યો !'

પ્રભુએ પણ નક્કી કરી લીધું કે એ માથાભારેને પણ ખબર પાડવી

પડશે. ગાડામાં મૂકેલી ઢાલ-તલવાર હસ્તમાં લઈ શૂરવીર સૈનિકની જેમ ભગવાન ગાડા પરથી કૂદી પડ્યા ને તલવાર ઉગામતાં પડકાર કર્યો : આવો... તમે બંને આવો... સ્વામિનારાયણ આ ઊભા... હાલ ને હાલ તમને ખરચી આપું.

પ્રભુનો આ રૂઆબ જોઈ પેલા બંને ગોવાળિયાનાં હૈયાં થડકી ગયાં. છતાંય પોતાનો વટ દેખાડવા બબડ્યા : અમારી પાસે બંદૂક નથી, નહિતર અમે ખરચી લઈને જ જાત.

તે જ વખતે ભગવાને કાળ સ્વરૂપે દર્શન આપ્યું. એ જોતાં જ બંને ઊભી-પૂંછડીએ ભાગ્યા. લાગ્યું કે જો ઊભા રહ્યા તો હમણાં ને હમણાં, હતા ન હતા થઈ જઈશું. થોડી જ વારમાં એ ઝાડીમાં અલોપ થઈ ગયા.

પ્રભુએ હાકોટો કર્યો તે સાંભળી દૂર રહેલા ભગુજી ને બ્રહ્મચારી દોડી આવ્યા. આ બાજુ છાશું પીને ભક્તો પણ આવી ગયા.

બધા ભેળા થઈ ગયા ત્યારે ભગવાને રમૂજ શરૂ કરી. કહેવા લાગ્યા : આ ભગુજી મહાશૂરવીર કહેવાય છે, પણ આજે અમે જોઈ લીધું કે તે સાવ ફોસી છે. હમણાં જ જેઠો ને મેરામણ અહીં મારી પાસે ખરચી લેવા આવ્યા હતા ત્યારે તેને પગે લાગ્યા. વળી આ મૂળજી બ્રહ્મચારી. તેણે મોટી દાઢી રાખી છે, અમારું રક્ષણ કરવા ખભે મોટી ડાંગ રાખે છે, એ પણ ગોવાળિયાને પગે લાગ્યા એટલું જ નહિ, એની આગળ કરગર્યા કે ભાઈ સાહેબ, અમને મારશો નહિ, તમે કહેશો એમ જ કરીશ. ત્યારે ગોવાળિયાએ અમને જીવતા મૂક્યા.

મૂળજી બ્રહ્મચારી કહે : મહારાજ ! હું એવું ક્યાં બોલ્યો હતો ? ભગવાન કહે : હા... હા... બોલ્યો હતો. આમ રમૂજ કરી પ્રભુએ બધાને હસાવ્યા. કાઠી ભક્તો કહે : અમે એની પાછળ જઈએ ? ત્યારે પ્રભુએ ના પાડી.

તે વખતે ગાડું હાંકનાર ત્રિકમ રાજગોરે સઘળી વાત કરી. એ

સાંભળી સેવકો ને પાર્ષદોને અંદાજ આવી ગયો કે ભગવાનની સઘળી વાત અકળ છે. એમને કોઈની જરૂર નથી. એ તો સ્વતંત્ર છે. એમને કોઈ રોગ સ્પર્શી પણ શકતો નથી. કેવળ પોતાના ભક્તને સેવાના લાભ દેવા પ્રાકૃતભાવ દર્શાવે છે, મંદવાડ દેખાડે છે. એવી લીલા દ્વારા ભક્તની ચિત્તવૃત્તિ ખેંચી લે છે ને યાદગાર સંભારણા કરી આપે છે.

કરિયાણામાં દેહાખાચરની ફોજથી રક્ષા

ભક્તોને રમૂજ કરાવતા શ્રીહરિ કરિયાણા ગામે પધાર્યા, ને દેહાખાચરના દરબારમાં ઊતર્યા. તેમના પાંચ પુત્રો તેમજ બીજા ભક્તોએ ઉમંગથી ભગવાનની સેવા કરી. એવામાં ખંડણી ઉઘરાવવા સૂબાની ફોજ આવી. એ જેટલા પૈસા માગે તેટલા ગામધણીએ આપવા પડે. નહિતર આખું ગામ એ લૂંટી લે.

દેહાખાચરે શ્રીહરિને પ્રાર્થના કરી : ફોજ આવી છે તે નાણાં લીધા વિના નહિ જાય. મારી પાસે એટલું નાણું નથી કે ફોજને પૂરતું આપી શકું. વળી જો આપણી પાસે ઘણા સિપાઈ હોય તો તેને મારી હઠાવીએ. પણ એ તો છે નહિ. માટે થોડા સમય પૂરતા અહીંથી ચાલ્યા જઈએ. ફોજ ચાલી જશે એટલે પાછા આવીશું.

દેહાખાચરનું કષ્ટ જાણીને શ્રીહરિએ કહ્યું : તમે અમને કેવા જાણો છો ? ભક્ત કહે : આપ તો સાક્ષાત્ ભગવાન છો. અનંતકોટી બ્રહ્માંડના આધાર છો ને સંકલ્પમાત્રે પ્રલય કરનાર પણ આપ છો.

'તો પછી ભય શાનો રાખો છો ? તમે ધીરજ રાખો. તમને કાંઈપણ વાંધો નહિ આવે.' એ સાંભળી દેહાખાચરને હિંમત આવી ગઈ.

આ બાજુ સૂબાએ તપાસ કરવા મોકલ્યા ત્યારે જાણ્યું જે સ્વામિનારાયણ અહીં છે. તેને આનંદ થયો. મનમાં વિચાર્યું જે સ્વામિનારાયણ અહીં છે એટલે વધારે ધન મળશે. એમની પાસે જેટલું હશે તેટલું બધુંય લૂંટી લઈશું. પણ બિચારા મગતરાને એ ક્યાં ખબર હતી કે ઘડીના છઠ્ઠા ભાગમાં તેના મનના હવાઈ કિલ્લા તૂટી પડશે.

સૂબાને જાણ થઈ કે સ્વામિનારાયણ પાસે દશ-બાર શસ્ત્રધારી છે. એ મનમાં ફુલાયો કે આજે બરાબર લાગ આવ્યો છે.

દેહાખાચરને હજુ ભય હતો. શ્રીહરિએ તેમના પાંચ પુત્રો ને બીજા બડખમદાર કાઠીઓને તૈયાર કર્યા. હાથમાં તરવાર, બંદુકો આપી. પાળાને બંદુકો આપી. તેમને બધાને લઈને શ્રીહરિ કાળુભાર નદીએ પધાર્યા. અહીં પંચપીરની જગ્યા પાસે ઊભા રાખ્યા.

ભગવાનના સંકેત સાથે બધાએ એકી સાથે ગોળીબાર કર્યા. જાણે હજારો બંદૂકો ફૂટી એવો અવાજ થયો. નદીના સામે કિનારે ઊભેલી ફોજને પચાસ હજાર જેટલા બડખમદાર યોદ્ધાઓ દેખાયા. તેથી ભય પામીને ભાગી ગયા. એ સીધા કોટડા ગામે ગયા. ત્યાં પીઠાવાળાને પૂછ્યું. તેમણે કહ્યું : સ્વામિનારાયણ પાસે તો માત્ર દશ થી બાર બડખમદાર પાળા છે. સૂબો કહે : મેં તો પચાસ હજાર જોયા.

એ સાંભળી પીઠાવાળો કહે : એ ભગવાન તો બહુ જ ચમત્કારી છે. એમના સામે પડવા જેવું નથી. એ સાંભળતાં જ સૂબો નિરાશ થઈને સૈન્ય સહિત અમરેલી ચાલ્યો ગયો.

ગઢપુરમાં પણ અજબની લીલા

કરિયાણામાં ભક્તોના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ આસો વદ ૧૩, તા. ૨૨-૧૦-૧૮૧૩, શુક્રવારના રોજ ગઢપુર પધાર્યા. એ વખતે જીવાખાચર ભગવાનનાં દર્શન માટે આવ્યા. તેમને તલવાર બતાવીને કહેવા લાગ્યા : જીવા, આ તલવાર મેં કોઠામાં મારી, તેથી એક લાખ આરબ કપાઈ ગયા ને બીજા લાખ આરબ ઘવાયા. અરે એ ઝાટકાની સાથે એક મોટી તોપ હતી તે પણ કપાઈ ગઈ. કોઠો પણ ભોંય ભેગો થઈ ગયો. થોડોય બાકી ન રહ્યો. આ તલવાર એવી ધારદાર છે કે ન પૂછો વાત.

શ્રીહરિની આવી અકળ વાણી સાંભળી જીવાખાચર કાઠીઓને કહેવા લાગ્યા : ભણે બા, મહારાજ આમ કાણુ બોલે છે. ત્યારે કાઠીઓ

કહે : તારા બાપની આંખ ફરી છે તેથી આમ બોલે છે. એમ લાગે છે કે કોઈનું કામ કાઢી નાખશે.

થોડીવાર રહીને શ્રીહરિએ વાત આગળ ચલાવી. લાધા ઠક્કરને કહ્યું : લાધા, આ અમારી તલવાર સજાવવી પડે એવું લાગે છે. તો પાંચ રૂપિયા લાવો.

લાધા ઠક્કર વિચારમાં પડી ગયા. એમને થયું : તલવાર તો માત્ર અડધા રૂપિયાની છે. તેને સજાવવાના પાંચ રૂપિયા ? અત્યારે પ્રભુજી મંદવાડ નિમિત્તે મનુષ્યપણાના ભાવ દર્શાવી રહ્યા છે. હમણાં જો કાંઈ દલીલ કરીશ તો પ્રભુજી કુરાજી થશે. તેથી કહ્યું : મહારાજ, બરવાળા ગામે તલવાર સજનારા બહુ સારા છે; જો આપની મરજી હોય તો ત્યાં મોકલીએ.

'ભલે એમ કરો. અમારે તો તલવાર સારી રીતે સજેલી જોઈએ.' એમ કહીને તલવાર લાધા ઠક્કરને આપી.

ભક્તે એ તલવારને પથ્થર ઉપર ઘસીને ત્રણ ચાર દિવસ રાખી મૂકી. પછી શ્રીહરિને આપી. એ તલવારને ધારે હસ્ત અડાડીને બોલ્યા : શી તલવારને ધાર આવી છે !

થોડીવાર પછી શ્રીહરિએ ભગુજીને કહ્યું : આજે તો અમારે રાજગરા જમવા છે. જો કે ભગવાનના આ ચરિત્રમાં પણ કારણ હતું. એક રાવળને ત્યાં રાજગરા બહુ સારા થયેલા હતા. એ જોઈ એને વિચાર થયેલો : આ રાજગરા તો ભગવાન જમે એવા થયા છે. આવી શુભ ભાવના સાથે તે ગઢપુરમાં જ આવેલો.

ભગવાને ભગુજીને રાજગરા લેવા મોકલ્યા. તે સમે જ પેલો રાવળ રાજગરા સહિત સામે મળ્યો. ભગુજીએ કહ્યું : આ રાજગરા મને આપશો ? તમે કહેશો તેટલું ધન આપીશું. બમણું કે ત્રણગણું માગશો તો પણ આપીશું. ત્યારે રાવળે પૂછ્યું : એટલું બધું આપવાનું કહો છો, તેનું કારણ શું છે એ તો કહો ?

ભગુજીએ ખુલાસો કર્યો : અહીં સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. તેમણે રાજગરા માગ્યા છે. તેમના માટે તો જેટલું કરીએ તેટલું ઓછું. એ સાંભળી રાવળ બહુ જ રાજી થયો. તેમણે કહ્યું : મારે પૈસાની કાંઈ જરૂર નથી. ચાલો, હું તમારી સાથે આવું. મારા હાથે ભગવાનને રાજગરા આપું.

ભગુજી સાથે રાવળ દરબારમાં આવ્યો. શ્રીહરિને રાજગરા આપ્યા. ભગવાન તેને સ્વહસ્તે સુધારીને જમતા જમતા વખાણ કરવા લાગ્યા : આ રાજગરા તો શ્વેતદ્વીપના લાગે છે. આ ચીજ આ લોકની નથી.

રાવળ પર અલબેલો અઢળક ઢળ્યા. તેને બસો રૂપિયાનો રેંટો, સોનેરી કોરવાળો ફેંટો ને ઉપરથી ત્રણસો રૂપિયા રોકડા દીધા. શ્રીહરિની આવી લીલામાં પણ ભક્તોને સંશય થયો નહિ.

ભગવાન ગમે તેવી લીલા કરે તો પણ તેમાં લેશમાત્ર સંશય ન થાય, તેને જ પરિપક્વ નિશ્ચયવાળા જાણવા, એમ શ્રી સ્વામિનારાયણ ભગવાને વડતાલના ૧૨મા વચનામૃતમાં જણાવ્યું છે.

અભયખાચરને અભયપદ

સર્વસ્વનું સમર્પણ

ગઢપુરમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને દિવાળીનું પર્વ રંગેચંગે ઊજવ્યું. ત્યાર બાદ એભલબાપુ-અભયખાચરને માંદાઈ જણાવા લાગી. ધીરેધીરે વધવા માંડી. શ્રીહરિએ પણ વિચાર્યું કે અભયખાચરને હવે ધામમાં લઈ જવા.

એક વખત પ્રભુએ તેમને પૂછ્યું : હવે તમારે આ લોકમાં રહેવું છે કે ધામમાં જવું છે ? એભલ બાપુએ કહ્યું : મહારાજ, દયા કરી આપ મને આપના ધામમાં લઈ જાઓ. શ્રીહરિએ કહ્યું : હજુ કાંઈ ઈચ્છા હોય તે કહો. ત્યારે એભલ બાપુએ દાદાખાચરને પાસે બોલાવ્યા. તે વખતે જીવાખાચર પણ ત્યાં આવ્યા. એ કહે : આ દાદાખાચર માટે કાંઈ ભલામણ કરવી છે ? એભલબાપુ કહે : મેં તો અનંત બ્રહ્માંડોના પતિ એવા સ્વામિનારાયણ ભગવાનને તેનું કાંડું સોંપ્યું છે. હવે પરલા - જેની માથે કાળનો ભય છે તેવા નમાલા જીવની શું ભલામણ કરવી ? આત્માને એક ભગવાન સિવાય કોઈ સંબંધી નથી. એમ કહી દાદાખાચરનો હાથ ભગવાનને સોંપતા કહ્યું : હે પ્રભુ, આ દાદાનો હાથ તમને સોંપું છું. એટલું જ નહિ જીવુબા, લાડુબા, પાંચુ, નાની એ બધો પરિવાર અને આ દરબાર આપને સમર્પણ. આટલું બોલતાં બાપુ ગદ્‌ગદ થઈ ગયા. તેમની આવી સમર્પણવૃત્તિ જોઈ ભગવાન ખૂબ રાજી થયા. તેમને ધીરજ આપતાં કહ્યું : દરબાર, તમે નચિંત રહેજો. બધાંજ સારાં વાનાં થશે.

શ્રીહરિએ વિચાર્યું, હવે બાપુનો મંદવાડ લંબાવવાની જરૂર નથી તેથી સંવત ૧૮૭૦, કારતક વદ પાંચમ, તા. ૧૨-૧૧-૧૮૧૩, શનિવારના રોજ તેમના ભૌતિક દેહનો ત્યાગ કરાવ્યો. એ સમયે ઘણાને એવાં દર્શન થયાં કે તેમને તેડવા માટે ભગવાન પોતાના મુક્તો સહિત હજારો વિમાનો લઈને આવ્યા છે. આખું આકાશ વિમાનોથી

છવાઈ ગયું છે. સર્વત્ર મધુર નિનાદ થઈ રહ્યો છે. અભયખાચર અભયપદને પામ્યા. શ્રીહરિએ તેમનો અંતિમ સંસ્કાર વિધિ દાદાખાચર પાસે કરાવ્યો. એ વખતે દાદાખાચરની ઉંમર માત્ર ૧૩ વર્ષની હતી.

કસોટીની પરાકાષ્ટા

એભલખાચરે દેહ મૂક્યો એ જ રાત્રે ભગવાને નવીન ચરિત્ર આદર્યું. દાદાખાચર, જીવુબા, લાડુબા,પાંચુબા વગેરે ભગવાનની પાસે બેઠેલાં હતાં. તેમને કહ્યું : હવે અમે અહીંથી જઈશું. કારણ કે એભલખાચર સાથે અમારે સંબંધ હતો, તે હવે પૂરો થયો. એ સાંભળી જીવુબા વગેરેને હૈયે આંચકો લાગ્યો. પિતાનું સાન્નિધ્ય તો ગયું પણ પરમ પિતા જવાની વાત કરતા હતા, એ તો એનાથીય અસહ્ય દુઃખ હતું. પ્રભુજીને હાથ જોડી ગદ્ગદ થઈ કરગરતાં તેઓ કહેવા લાગ્યાં : એભલ બાપુ ભલે ગયા, પણ હે મહારાજ, આ ઘર તો તમારું જ છે. આ દાદાખાચર તમારા છે. અમે પણ તમારાં છીએ. આ દરબાર આખો તમારો છે. તેને મૂકીને તમે ક્યાં જશો ?

શ્રીહરિ કહે : એ તો એભલ બાપુ હતા ત્યારે બધુંય હતું. તમે તો નાનાં છોકરાં છો. તમને બીજી ખબર પણ શું પડે ? આજે કેમ કહો ને કાલે વળી બીજું કહો.

ત્યારે ફરીથી બધાંએ કહ્યું : હે પ્રભુ, અમે ખરેખર કહીએ છીએ કે આ ઘર તમારું છે. અમે પણ તમારાં જ છીએ. માટે અહીં જ રહો.

ભગવાન કહે : આ તમે કહો છો તે ખરેખર શું સાચું છે ? જો સાચું જ હોય તો લાવો લખાણ કરી આપો, એટલું જ નહિ સહીઓ પણ કરી આપો. ત્યારે સૌએ લખાણ કર્યું; તેમાં લખ્યું કે એભલખાચર ગયા પછી એમની માલ મિલ્કત રાચરચીલું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું છે, એમાં દાદાખાચરનું કાંઈ નથી. જીવુબા કે લાડુબાનું કોઈનું પણ કાંઈ નથી. એ સાથે લખાણમાં સહી પણ કરી આપી. ભગવાનને એ લખાણ સોંપ્યું.

ફરીથી ભગવાને લખાણ બતાવીને કહ્યું : હજુ પણ વિચારી જુઓ. આ છેલ્લી તક આપું છું. પછીથી તમને કાંઈ ફેરફાર કરવા મળશે નહિ. ત્યારે બધાંએ કહ્યું : અમને કબૂલ મંજુર છે.

ભગવાન કસોટી પણ એવાની જ લે છે, જેઓ ગમે તેવા વિપરીત સંજોગોમાં પાછી પાની ન કરે. તરત જ આદેશ કર્યો : હવે આ ઘર મારું છે. તમે મારા ઘરમાંથી બહાર નીકળી જાઓ. આ આખી દુનિયા પડી છે, જ્યાં ફાવે ત્યાં જાઓ. આ દાદો પણ નહિ કે કોઈ નહિ. ફાવે ત્યાં રખડી ખાઓ.

બધા કહે : હે પ્રભુ, આ ઘર તમારું છે. અમે તમારા દાસ છીએ. દાસ તરીકે અમને સાથે રાખવા કૃપા કરો. ભગવાન કહે : દાસ બાસની વાત જ નહિ ચાલે. હું કહું છું કે તમે નીકળી જ જાઓ. તમે જ લખાણ કર્યું છે. હવે તેમાંથી ફરવાની વાત જ કેમ થાય ? જો ન મનાતું હોય તો કહી દો કે લખાણ ખોટું છે.

ત્યારે લાડુબા વગેરે કહે : મહારાજ, આ દાદો બિચારો નાનો છે, તો તેને આપ સાથે રાખો ને. ભગવાન કહે : મને કોઈ પણ સાથમાં ન જોઈએ.

જીવુબા કહે : દાદાને ભૂખ લાગી છે. બિચારાએ આખો દિવસ કાંઈ ખાધું નથી. આપની મરજી હોય તો બાજરાનો રોટલો બનાવી તેને જમાડીને નીકળીએ. શ્રીહરિ કહે : જો તમારે રોટલો જમાડવો હોય તો આ અમે ચાલ્યા. જીવુબા કહે : જો આપ ચાર પૈસા આપો તો લખુ કંદોઈની દુકાનેથી ગાંઠિયા લઈ, રાધાવાવે તેને ખવડાવીને બારોબાર ચાલ્યા જઈશું. શ્રીહરિ કહે : એક પાઈ પણ તમને નહિ મળે. તમે પોતે જ અમને બધું જ લખી આપ્યું છે. હવે જીવુબાએ વિચાર્યું કે ભગવાન આગળ ખોટી માગણી કરવામાં પ્રભુ કુરાજી થઈ જશે ને ચાલી નીકળશે. છેવટે હાથ જોડતાં કહ્યું : ભલે મહારાજ ! જેવી આપની મરજી.

જેવી પ્રભુજીની મરજી

ભગવાનની મરજીને શિરોવંદ્ય કરી એ ગઢપુરવાસી બધાં જ રાત્રે ત્રણ વાગે દરબાર છોડીને નીકળ્યાં. તે અરસપરસ કહેતાં હતાં : આપણા બાપે ભગવાનને આ દરબારમાં રાખેલા છે. ભગવાન પોતાનું ઘર માનીને રહેલા છે. આપણાથી તે ખોટું ન પડાય. ગઢપુરવાસી રસ્તામાં જતાં હતાં ત્યાં સામેથી સુરાખાચર આવ્યા. બધાંને સૂનમૂન ઉદાસીન જોઈ સુરાખાચરે પૂછ્યું : અરે, એભલબાપુ ધામમાં ગયા ને તમે અહીં કેમ ? દરબારમાં કેમ નહિ ? સૌ કહે : જેમનું ઘર હતું તેમને સોંપી દીધું. ઘરધણીએ કહ્યું : તમે જાઓ, એટલે અમે જઈએ છીએ. સુરાખાચરે કહ્યું : ભગવાને ભારે કરી. ધણી થઈને બેસી ગયા ! પછી કહ્યું : તમે અહીં બેસો. હું હમણાં આવું છું.

સુરાખાચર ભગવાન પાસે ગયા ને ખરખરો કરવા લાગ્યા. ત્યારે ભગવાન તેમને કહે : અરે સુરાખાચર, તમે આ શું કરો છો !! એ તો અમારી મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા છે. એમણે અમને સર્વસ્વ અર્પણ કર્યું હતું. એ રીતે અમે પણ તેમને અમારું સર્વસ્વ અર્પણ કર્યું છે. મૂર્તિના સુખે સુખિયા કર્યા છે.

હવે સુરાખાચરે વાતનો પાટો બદલ્યો. અજાણ્યા થઈ પૂછ્યું : મહારાજ, એભલ બાપુ તો ધામમાં ગયા પણ દાદો, જીવુબા વગેરે કેમ દેખાતાં નથી ? એ ક્યાં છે ? અંતર્યામી પ્રભુથી એ વાત ક્યાં અજાણી હતી ? તરત જ ખુલાસો કર્યો : જ્યાં તમે રસ્તામાં જોયાં ત્યાં જ છે. સુરાખાચરે કહ્યું : મહારાજ, મને એ જ ચિંતા થાય છે કે એ આપના વિના બીજે ક્યાં જશે ? માટે દયા કરીને પાછાં બોલાવોને. ભગવાન કહે : હા, બરાબર, પાછાં બોલાવો. મારે હજુ થોડું કામ કાચું છે તે બરાબર પાકું કરી લઉં.

તરત જ સુરાખાચર પાછા ગઢપુરવાસી પાસે ગયા. કહ્યું : તમને મહારાજ પાછા બોલાવે છે. સૌને લાગ્યું : સુરાખાચર મશ્કરા છે તે

ગમ્મતમાં કહેતા હશે; એટલે ચોક્કસ કરવા માટે પૂછ્યું : તમે ખોટું તો નથી કહેતાને ? ભગવાને ખરેખર કહ્યું હોય તો જ આવીએ. સુરાખાચરે મક્કમતાથી હા કહી.

ગઢપુરવાસી ભગવાન પાસે આવ્યાં. તેમને ભગવાન કહે : તમે જે લખાણ કરી આપ્યું છે તે કાગળ ઉપર છે. એ પાકું લખાણ ન કહેવાય. હવે ત્રાંબાના પતરા પર લખી આપો. એ સાંભળી જીવુબા કહે : હે ભગવાન, ત્રાંબાના પતરા ઉપર તો શું, કહો તો મારા કાળજા ઉપર લખાવી આપું, કોતરી આપું. આપ ગમે તેવી કસોટી કરશો તો પણ આપના નિશ્ચયમાંથી અમને લેશમાત્ર ડગમગાટ નહિ થાય.

શ્રીહરિ કહે : જીવુબા, ધન્ય છે તમને ને આખા પરિવારને. હું જોતો હતો કે તમારી દૃઢતા કેવી છે. તમે કરવા જેવું બધું જ કરી લીધું. હવે અમે પણ અહીં રહીશું ને તમે પણ અહીં રહો.

વ્હાલાજીનાં વહાલપનાં વેણ સાંભળી ગઢપુરવાસીનાં નેત્રો હર્ષાશ્રુથી છલકાઈ ગયાં. ગમગીનીનું વાતાવરણ આનંદ ઉલ્લાસમાં પલટાઈ ગયું.

એભલ બાપુનું કારજ

ભગવાન કહે : એભલ બાપુ ધામમાં ગયા. તેમના કારજ નિમિત્તે સારાં સારાં પકવાન કરી બધાંને જમાડો. કાઠી સમાજને તેડાવો.

શ્રીહરિના આદેશ અનુસાર સાટા જલેબી વગેરે પકવાન કરાવ્યાં. થોડા જ સમય પહેલાં દુકાળ પડેલો હતો, તેના કારણે જે ઘી રૂપિયે છ થી સાત શેર મળતું હતું તે રૂપિયે શેર મળતું હતું. એવી મોંઘવારીના સમયમાં પણ બહુ જ ખર્ચ કર્યું. જમવા માટે જે કોઈ આવે તેને પ્રેમથી જમાડ્યા.

ભગવાને સંતોને તાણ કરી કરીને જમાડ્યા. સંતો ના પાડે, આડા હાથ કરે, તો પણ ભગવાનનો આગ્રહ જોઈ પ્રસાદી લે. આમ સંતોને વિવિધ પ્રકારે સુખ આપી સંભારણાં કરાવ્યાં.

આ કારજમાં જેમ જેમ માણસો આવતા તેમ જમાડતા. સવારથી

માંડીને મધરાત સુધી જમાડતા. બ્રાહ્મણો માટે સાકરનાં પાકાં સીધાં અપાવ્યાં. એ ઉપરાંત દક્ષિણા પણ આપી. દાદાખાચરના ગરાસનાં ગામને ધૂમાડાબંધ જમાડ્યાં. આ સઘળો કાર્યભાર શ્રીહરિએ પોતે સંભાળ્યો હતો. જે સેવામાં સાવધાન હોય તેમને જ સેવાકાર્ય સોંપ્યું હતું. મીઠાઈ વગેરે બનતું ત્યાં શ્રીહરિ વારેવારે પધારતા. સેવકોના ખબર-અંતર પૂછી રાજીપો દર્શાવતા.

કારજમાં મોટા શેઠો, દરબારો, રાજ્ય કારભારીઓ પણ તેડાવ્યા હતા. સૌનો એક જ સૂર હતો કે, આજ સુધી કેટલાયનાં કારજ થયાં, પણ આવી સુંદર ને સરસ વ્યવસ્થા તો એભલ બાપુના કારજમાં જોવા મળી. જે કાર્યભાર સ્વયં પ્રભુ સંભાળે એમાં કહેવાનું જ શું હોય ? તેમાં તો નરી ભવ્યતા ને દિવ્યતા જ હોય.

થોડા સમય બાદ મછીઆવના દરબાર સુલતાનસિંહજી-દાજીભાઈને મંદવાડ આવ્યો. તેમણે સંતોને તેડાવ્યા. સંતો તેમને જ્ઞાનની વાત સંભળાવતા. દાજીભાઈ સંતો માટે જુદી જુદી રસોઈ કરાવતા. એમ કરતાં તેમનો અંતકાળ આવ્યો ત્યારે અનંત મુક્તો સહિત શ્રીહરિ વિમાનો લાવી દાજીભાઈને ધામમાં તેડી ગયા. કેટલાય લોકોને આવાં દર્શન થયાં. દાજીભાઈના પુત્ર બાપુભાઈએ તેમની ઉત્તરક્રિયા કરી. કારજ નિમિત્તે પાંચ પ્રકારનાં પકવાન કરાવી સંતો-ભક્તોને ખૂબ જમાડ્યા. તે વખતે ત્યાં પણ મોંઘવારી બહુ જ હતી. તેની પરવા કર્યા વિના ખૂબ ઉમંગથી સૌને પ્રસન્ન કર્યા.

ગંગાધર શાસ્ત્રી ગઢપુરમાં

ગઢપુરમાં જ શ્રીહરિનો નિવાસ હતો એ અરસામાં વડોદરાના મુખ્ય દીવાન ગંગાધર શાસ્ત્રી ગઢપુર આવ્યા. પ્રભુને એ ખબર મળતાં લાધા ઠક્કરને બોલાવ્યા. દાદાખાચરને સાથે રાખી શાસ્ત્રીનું સન્માન કરવાનો આદેશ આપ્યો. એ સાથે જમીન અંગેની તકરારનું સમાધાન થાય તેનો પ્રસ્તાવ મૂકવાનું પણ કહ્યું.

આ વખતે દાદાખાચરની ઉંમર માત્ર તેર વર્ષની જ હતી. તેમને રાજવી પોષાક પહેરાવી લાધા ઠક્કર ગંગાધર શાસ્ત્રી પાસે ગયા. દાદાખાચરને જોતાં જ ગંગાધર શાસ્ત્રી પ્રભાવિત થઈ ગયા. રાજવી તેજની સાથે ભક્તપણાની સૌમ્ય આભા દાદાખાચરના અંગોઅંગે વિલસી રહી હતી. એ શાસ્ત્રીએ ક્ષત્રિય બીજમાં આવી ભક્તિની આભા જીવનભરમાં જોઈ નહોતી. તેમને નક્કી થઈ ગયું કે આ રાજકુમારમાં જે અનોખી આભા ઊપસી રહી છે, તેમાં કારણભૂત છે તેમને ત્યાં સ્વામિનારાયણ ભગવાનનો નિવાસ.

ત્યાં જ દાદાખાચરે કહ્યું : શાસ્ત્રીજી મહારાજ ! આપ અમારા દરબારમાં પધારશો ? અમને આપનું સન્માન કરવાની મહેચ્છા છે. આ સાથે આપને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શનનો લાભ પણ મળશે.

દાદાખાચરની સૌહાર્દભરી આ વાણી ગંગાધર શાસ્ત્રીને સ્પર્શી ગઈ. એ તરત જ બોલ્યા : ઉત્તમકુમાર ! તમારામાં જે દૈવત છે તેનું કારણ મને સમજાઈ ગયું. તમને ભગવાનનો સંબંધ છે. અર્જુનને જેવો શ્રીકૃષ્ણચંદ્ર પ્રત્યે હતો તેવો. માટે તમારા દરબારમાં તો હું આવીશ જ. આ સાથે મને એ પણ કહો કે, તમને રાજ્ય કારભારમાં કોઈના તરફથી તકલીફ નથી ને ?

લાધા ઠક્કરને આવો સામેથી મોકો મળ્યો એટલે કહ્યું : અમારા રાજ્યભાગની જમીન દ્વેષી કાઠીઓએ પચાવી પાડી છે. તેના ટંટા વારંવાર થયા કરે છે.

'એનો નિવેડો ચોક્કસ આવી જશે,' શાસ્ત્રીજીએ મક્કમતાથી કહ્યું.

'પણ શાસ્ત્રીજી ! અમારા દરબારમાં ક્યારે પધારશો ?'

દાદાખાચરના કથનમાં બાહ્ય શિષ્ટાચાર નહોતો પણ અંતરનો રણકાર હતો, એ બુદ્ધિવાન શાસ્ત્રીજી પારખી ગયા. એમને થઈ ગયું કે જેમના સાન્નિધ્યે આ રાજકુમાર આવો અદલ રીતે કેળવાયો છે એ સ્વામિનારાયણ ચોક્કસ ભગવાન હશે. તેમણે કહ્યું : કાલે સવારે હું

સ્વામિનારાયણનાં દર્શન કરવા ચોક્કસ આવીશ. લાધા ઠક્કરે પ્રભુ પાસે આવીને સઘળી વાત કરી. એ સાંભળી ભગવાન પ્રસન્ન થયા.

દીવાનજી પર વિશેષ દયાવર્ષા

ગંગાધર શાસ્ત્રીને ભગવાનનાં દર્શનની તાલાવેલી જાગી. એ તાલાવેલી પૂર્ણ કરવા શ્રીહરિએ તેમને રાતના સુમારે દિવ્ય તેજોમય દર્શન દીધાં. એ તેજ આખા ગઢપુરમાં છવાઈ ગયું. દાદાખાચરનો દરબાર... એ દરબારમાં લીલોછમ લીંબડો... તેની નીચે બિરાજમાન દિવ્ય તેજોમય પ્રભુજી... એવાં અદ્ભુત દર્શન થતાં શાસ્ત્રીજી અહોભાવમાં ગરકાવ થઈ ગયા. એમની આંખ ઊઘડી ગઈ. દાદાખાચરના દરબારમાં જવા એ ઉતાવળા થઈ ગયા. સ્નાનાદિ નિત્યવિધિથી પરવાર્યા. દક્ષિણી ઢબના શાસ્ત્રીય શણગારમાં સજ્જ થયા. ભગવાનને ભેટ ધરવા કિંમતી વસ્ત્રાભૂષણો, મેવામીઠાઈ લીધાં. જવા માટે તૈયાર થયા ત્યાં જ સામેથી લાધા ઠક્કર આવ્યા. બે કારભારી લઈને તેડવા માટે સિગરામ સહિત આવ્યા હતા.

શાસ્ત્રીજી કહે : મહાપુરુષનાં દર્શને જવાનું હોય ત્યારે ઠાઠમાઠ ન જોઈએ, અમે ચાલીને આવીશું. સૌ દરબારે પહોંચ્યા ત્યાં શાસ્ત્રીને રાત્રીએ થયેલાં દર્શન તાદૃશ થયાં. હાં... આ એ જ દરબાર ! થોડે જ આગળ ગયા ત્યાં અંતર બોલી ઊઠ્યું: હાં... આ એ જ લીંબડો...! એ લીંબડા તળે બિરાજમાન પ્રભુને જોતાં જ એના મનનો મોરલો નાચી ઊઠ્યો: અહાહા... આ એ જ ભગવાન. જેવા રાત્રે દેખાયા હતા તેવા જ ! વાહ પ્રભુ વાહ !

ત્યાં જ પ્રભુએ સાદ કર્યો : આવો શાસ્ત્રીજી મહારાજ ! એ શબ્દે તો શાસ્ત્રીજીના હૈયાને ભક્તિરસથી ભીંજવી દીધું. દાદાખાચર તેમને સન્માનપૂર્વક પ્રભુની પાસે લઈ ગયા. શાસ્ત્રીજીની દૃષ્ટિ શ્રીહરિના દર્શનમાં સ્થિર થઈ ગઈ હતી.

નજીકમાં આવતાં જ શાસ્ત્રીજી શ્રીહરિને દંડવત્ પ્રણામ કરવા

લાગ્યા. આખી સભા આશ્ચર્યમાં ગરકાવ બની ગઈ કે, વડોદરાના વરિષ્ઠ દીવાન શ્રીહરિને પગે લાગે છે !!

પ્રભુ કહે : દીવાનજી ! રાખો રાખો... એ આદેશથી દીવાનજી ઊભા થયા. સેવકો પાસેથી પૂજા સામગ્રી મંગાવી. એ જોઈ ભગવાન કહે : અરે શાસ્ત્રીજી ! અમે તો સાધુ કહેવાઈએ, અમને આ પૂજા ન હોય.



'પ્રભુ ! રાતે મને દર્શન દઈ આપે આપના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવી છે, આપના આ મનુષ્યભાવથી મારો નિશ્ચય ચલિત નહિ થાય.' શ્રીહરિ આ વાત જાણતા હતા એટલે હસ્યા, પણ સભાજનોને આ શબ્દોમાં કાંઈ ગમ ન પડી.

શાસ્ત્રીજીએ પ્રભુની પૂજા કરી. એ સાથે વિનવણી કરી : મારા લાયક જે કાંઈ કામ હોય તે વિના સંકોચે કહેજો. આટલું બોલ્યા ત્યાં જ તેમની નજરે ગાયો ચડી. શાસ્ત્રીજીને ખ્યાલ આવી ગયો કે, આ તો કપિલા ગાયો છે. એમણે શાસ્ત્રમાંથી સાંભળેલું હતું કે જેમને ઘેર કપિલા ગાયો હોય ત્યાં ભગવાન હોય. ભગવાન શાસ્ત્રીજીનો મનોભાવ પામી ગયા. દાદાખાચરને બાજુમાં બોલાવીને કહ્યું : આ શાસ્ત્રીજીને દશ-બાર ગાયો ભેટ આપો. શાસ્ત્રીજી ચમક્યા. એમને વિચાર થયો કે મારી વાત આ પ્રભુ કઈ રીતે જાણી ગયા !! એ સાથે એમ પણ કહ્યું : મહારાજ ! તેના પૈસા લો તો લઉં.

તરત જ વિચક્ષણ દાદાખાચર બોલ્યા : દીવાનજી ! ગાય એ તો માતા કહેવાય. એને અમે વેચતા નથી, માટે મૂલ્ય ન લેવાય.

રાજકુમાર દાદાખાચરની આ બુદ્ધિમત્તા જોઈ શાસ્ત્રીજી ઓળઘોળ થઈ ગયા. પ્રભુએ તેમને કહ્યું : આ દાદાની જમીનનું સમાધાન કરાવી દેજો એમાં ગાયોનું મૂલ્ય વળી જશે.

'આપના આશીર્વાદથી એ બધું પાર પડી જશે,' એમ બોલતા શાસ્ત્રીજી શ્રીહરિને પગે લાગ્યા. દર્શનની ધન્યતા અનુભવતા એ પ્રભુની અનુમતિ લઈ ત્યાંથી વિદાય થયા.

દાદાખાચરને અચાનક સખત મંદવાડ

કેટલાક દિવસો વીત્યા ત્યાં દાદાખાચરને તાવ આવ્યો. શ્રીહરિએ ઔષધોપચાર શરૂ કરાવ્યા. પોતે સંકલ્પમાત્રમાં એ મંદવાડને મટાડી શકે તેમ હતા, પણ આ લોકના ભાવ દર્શાવી રહ્યા હતા. દાદાખાચરને દિવસે ને દિવસે તાવ વધવા લાગ્યો. કેટકેટલાય ઉપાયો કર્યા પણ બધા વ્યર્થ ગયા. પરિસ્થિતિ એવી આવી ગઈ કે દાદાખાચરનો દેહ ટકશે કે નહિ ? હજુ થોડા જ સમય પહેલાં એભલ બાપુ ધામમાં ગયા હતા. એમના પરિવારમાં એકમાત્ર સમ ખાવા પૂરતા પુરુષ દાદાખાચર હતા. બાકીનાં બધાં બાઈઓ હતાં.

બે રાજમાતાઓ સૂરપ્રભાદેવી, સોમાદેવી; ચાર બહેનો, સોમબા ફુઈ... એ બધાનાં હૈયાં ભરાઈ ગયાં. પ્રભુ પાસે અરજ ગુજારી : મહારાજ ! અમારા બધા વચ્ચે એકનો એક દાદો છે. એ જો જશે તો અમારું શું થશે ? સોમબા ફુઈ કહે : પ્રભુ ! જો દાદો ધામમાં જશે તો લોકોને તમારામાંથી આસ્થા તૂટી જશે. બધાં મેણાં મારશે કે ભગવાન કહેવાય છે તોય દાદાખાચરને જીવાડી ન શક્યા ? બધી જ બાજી તમારા હાથમાં છે. બાઈઓનો દર્દીલો સૂર પ્રભુને સ્પર્શી ગયો. કહેવા લાગ્યા : જેમ તમને દાદો વ્હાલો છે, એમ અમનેય ઘણો વ્હાલો છે.

આખા ભારત દેશમાં અમે ફર્યા, પણ ક્યાંય મન ન માન્યું. અભય રાજાએ અમને રોકી લીધા, જ્યારે આ દાદાએ તો અમને વશ કરી લીધા છે. એમની ફિકર અમે નહિ કરીએ તો બીજો કોણ કરશે ? એમનો વાળ પણ કોણ વાંકો કરી શકે તેમ છે ? આજથી જ એ સાજો થવા માંડશે.

શ્રીહરિનાં આવા અભય વચનથી સૌને હિંમત આવી. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિનો સંકલ્પ થાય પછી શું બાકી રહે ? દાદાખાચરને શરીરે સુવાણ થવા માંડી. દરબારમાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. થોડા જ દિવસમાં તાવ તો ઊતરી ગયો, પણ દાદાખાચરને અશક્તિ બહુ જ આવી ગઈ હતી. શ્રીહરિ પોતે જ તેમના ખબર-અંતર પૂછી રુચિ પ્રમાણે ભોજનની વ્યવસ્થા કરાવતા. કેટલાક દિવસો પસાર થતાં દાદાખાચર સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયા.

હજુ એમની ઉંમર નાની હતી તેથી વિદ્યાભ્યાસ વગેરેની વ્યવસ્થા ગોઠવી દીધી. સુરતના નરોત્તમ કાયસ્થે તે જવાબદારી ઉપાડી લીધી.

દાદાને શ્રીહરિનાં રખવાળાં

જીવાખાચરની ચાલબાજી

ભગવાનનો એ સહજ સ્વભાવ છે કે જે પોતાને અનન્ય ભાવથી ભજે છે તેની ચિંતા સ્વયં ભગવાન કરે છે, તે દેખીને ઈર્ષાવાળા જીવ જલી મરે છે. ગઢપુરમાં પણ એવી જ પરિસ્થિતિ હતી. એભલખાચરનો ભક્તિભાવ જોઈ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને ત્યાં નિવાસ કરીને રહ્યા. એ જોઈ એભલ બાપુના મોટા ભાઈ જીવાખાચરના હૈયે ઈર્ષાનો કીડો સળવળ્યો. એ હદ વટાવી ગયો; તે ઠેઠ એટલે સુધી કે પોતે જેમનું ભજન કરતા હતા, તેમને જ ખતમ કરી નાખવાના કાવા-દાવા કરવા માંડ્યા; પણ એ બધામાં એમને લપડાક જ વાગી.

એભલખાચર ધામમાં ગયા એટલે જીવાખાચરને મોકળું મેદાન મળ્યું. દાદાખાચર તો હજુ ૧૩ વર્ષના નાના બાળક હતા. જીવાખાચરે જ માથાભારે જેઠા ને મેરામણ ગોવાળિયાને ચડાવી માંડવધારની ઊપજ બંધ કરાવી દીધી હતી. આટલેથી જ એમને સંતોષ ન થયો. હજુ એમને એવી મેલી મુરાદ હતી કે માંડવધાર જ ઝુંટવાવી દઉં, એટલે જેઠા ને મેરામણ ગોવાળિયાને પાનો ચડાવ્યો, એ સાથે વાત વહેતી મૂકી કે જેઠો ને મેરામણ માંડવધારનો જપ્તો કરી લેવાના છે.

જીવાખાચરની આ કૂટનીતિ શ્રીહરિ જાણતા હતા. પણ આ લોકની રીતે તેમ થવા દેતા હતા. એનો હેતુ પણ એ જ હતો કે કપટી જીવાખાચરના હાથે જ એનું કપટ ખુલ્લું પાડવું હતું.

માંડવધારની ઊપજ બંધ થઈ એટલે કારભારી લાધા ઠક્કરે શ્રીહરિને સઘળી વાત કરી. પ્રભુજીએ જીવાખાચરને બોલાવ્યા. એ આવ્યા એટલે પ્રભુએ પૂછ્યું : જીવાબાપુ ! જેઠા અને મેરામણે આ શાની ધમાલ માંડી છે ? વળી બીજા કાઠી ને ભરવાડો પણ એમાં ભેગા ભળ્યા છે ?

'મહારાજ ! મને પણ બહુ જ ચિંતા થાય છે. કેમ જે જેઠો ને

મેરામણ એ તો માથાભારે માડુ છે. એને છંછેડવામાં આપણે જ નુકસાન વેઠવું પડે એમ લાગે છે. આમાંથી છૂટવાનો એક જ ઉપાય છે. આપણે એક ગામ ઓછું, સુખેથી ભજન તો થાય.' જીવાખાચરની આ વાતમાં પણ ચાલબાજી જ હતી. પ્રભુએ તરત જ ટકોર કરી : આજે એ એક ગામ લે, કાલે બીજું... તો તો દાટ જ વળી જાય. એ તે કેમ ચલાવી લેવાય ? અમારે તો ભક્તનો પક્ષ એ જ ભજન, સમજ્યા બાપુ !

જીવાખાચરને લાગ્યું કે આમાં ધાર્યું નિશાન પાર પડે તેમ નથી એટલે ફરીથી વાત માંડી : મહારાજ ! મને તો એવા સમાચાર મળ્યા છે કે એ બે જણા એક બે દિવસમાં તમારા ઉપર ત્રાટકવાના છે. જો તમે થોડા દિવસ ગઢડાની બહાર જતા રહો તો એ પણ ધૂળ ફાકતા થઈ જાય.

શ્રીહરિએ વિચાર્યું કે આ જીવાખાચર જેવા જીવો આવા જ વિચિત્ર પ્રકૃતિના હોય છે. પોતાને બનાવનારને જ બનાવવા મથતા હોય છે. એથી મનમાં મલક્યા; એ સાથે જીવાખાચરને પણ સંતોષ થાય તે માટે કહ્યું : ભલે બાપુ ! તમે અમને વહેલા ચેતાવ્યા એ સારું કર્યું. આજે જ અમે નીકળી જઈશું.

જીવાખાચરે મનમાં ધારી લીધું કે આ કામ તો સહેલાઈથી પાર પડી ગયું. હવે ગઢડા ઉપર એવો કબજો જમાવી દઈશ કે ભગવાનને ગામમાં પ્રવેશ કરવાનો મોકો જ ન મળે.

ઈર્ષાળુ લોકો આ રીતે મનના ઘોડે ચડી ફુલાતા હોય છે પણ એ તુચ્છ પામર જીવડાને ક્યાં ખબર હોય છે કે ભગવાનની લીલા તો અકળ હોય છે, તેને કોઈ જીવ કળી શકતા નથી. માયાના જીવ તો માયાજાળ રચવામાં જ મહાલતા રહે છે.

પ્રભુનું પરિયાણ માંડવધાર પ્રતિ

એભલખાચરના દરબારમાં ખબર પડી કે ભગવાન ગઢપુર છોડીને જઈ રહ્યા છે. ક્યાં જઈ રહ્યા છે, કેટલા દિવસ માટે જઈ રહ્યા છે...

એનું રહસ્ય કોઈ જાણતું નથી.

મૂળજી બ્રહ્મચારી વાળુ કરવા બોલાવવા આવ્યા. બે ચાર વખત આવ્યા પણ શ્રીહરિ કાંઈ જ બોલ્યા નહિ. દરબારમાં સર્વત્ર ઉદાસી છવાઈ ગઈ. પ્રભુને જવાનું કારણ સંતો-ભક્તો જાણતા હતા એટલે જેઠા ને મેરામણ ગોવાળિયા પર સૌ ફીટકાર વરસાવી રહ્યા હતા. એ સાથે સૌને એ પણ ખાત્રી હતી કે કાળના કાળ ભગવાનને પકડવાની કોની તાકાત છે ?

શ્રીહરિના આદેશથી ભગુજી ગાડું લાવ્યા. નાજા જોગીયાને પણ પ્રભુએ સાથે લીધા. બંને શસ્ત્રસજ્જ થઈને શ્રીહરિની સાથે જવા તૈયાર થયા. રજવાડી ગાડું હતું. પ્રભુ માટે રજાઈ પાથરેલી હતી. બળદો પણ બળુકા હતા.

ભગવાન ગાડામાં બિરાજ્યા. પોતાના પ્રાણનાથ આમ અચાનક વિદાય લઈ રહ્યા હતા, એ જોઈ બધાંની આંખો ભીની થઈ ગઈ. જીવુબા-લાડુબા વગેરેને એ વિયોગ અસહ્ય થઈ પડ્યો. એ રડવા લાગ્યાં. પિતાનું છત્ર તો ગુમાવ્યું હતું, પણ આ તો પરમ પિતાનું છત્ર પણ અળગું થઈ રહ્યું હતું, તેના પારાવાર દુઃખથી દાદાખાચર તો પોકે ને પોકે રડી રહ્યા હતા. દરબાર આખો કલ્પાંત કરી રહ્યો હતો. જાણે માથેથી આભ તૂટી પડ્યું હોય એવી સહુને અસહ્ય વેદના હતી.

સૌને હૈયા-ધારણા આપતા શ્રીહરિ બોલ્યા : આ ઉપાધિ પૂરી થશે એટલે અમે હમણાં જ પાછા આવી જઈશું, પણ કોઈને એવો વિશ્વાસ બેસતો નહોતો કે એ કામ તત્કાળ પતી જશે.

પ્રભુને વળાવવા સહુ ગામના પાદર સુધી ગયા. એ વખતે જીવાખાચર બાહ્ય વિવેક કરવા આવ્યા. ભગવાન તો એની કપટબાજી કળી ગયા હતા કે ‘અમે કઈ બાજુ જઈએ છીએ એની ખાત્રી કરવા આવ્યા છે.’

શ્રીહરિએ ગાડું ઉગામેડી તરફ લેવડાવ્યું. દાદાના બીડ પાસે ઊભું

રખાવ્યું. બધાને પાછા વળવા ભગવાને સૌને જય સ્વામિનારાયણ કહ્યા.

જીવાખાચર કહે : આપને અહીંથી જતા દેખી મને અપાર દુઃખ થાય છે, તમે દાદાની ચિંતા ન કરજો, હું બેઠો છું. એને હું ઊની આંચ પણ આવવા નહિ દઉં.

પ્રભુએ એના સામે કરડી નજર કરી. એને કહેવામાં કાંઈ સાર પણ નહોતો. મનમાં વિચારી લીધું : તારા જેવા અલ્પ જીવની ચાલબાજીને ધૂળમાં રોળીને અમે આજે જ પાછા વળીશું.

સેવકો સાથે રમૂજ

વળાવવા આવેલાને ઊભા રાખી પ્રભુએ ગાડું આગળ ચલાવવાનો આદેશ આપ્યો. થોડે આગળ જઈ બંને સેવકોને કહ્યું : આપણે ઉગામેડી જવાનું નથી, માંડવધાર જવાનું છે.

એ સાંભળતાં એ બંને સેવકો ચમક્યા ને કહેવા લાગ્યા : અરે મહારાજ ! ત્યાં તો જેઠો ને મેરામણ ગોવાળિયા રહે છે. એ તો કાળમુખા છે. એના સામે બાથ ભીડવા મોટો શસ્ત્ર સરંજામ જોઈએ. સોમલાખાચર જેવા બડખમદાર સેવકો જોઈએ.

ભગવાને નજર કરડી કરતાં કહ્યું : અરે તમે તો સાવ બાયલા છો. અમે છીએ તોય કોનો ડર લાગે છે ?

'મહારાજ ! એ વાત તો અમે ભૂલી જ ગયા.'

'તો ચાલ્યા આવો મારી વાંસે.' પ્રભુના આ બોલમાં આજે અનોખો જુસ્સો હતો. બંને સેવકોને અંદાજ આવી ગયો કે આજે પ્રભુની આંખ ફરી છે એટલે જેઠા ને મેરામણનું આવી બન્યું.

ગાડું હાંકનારને ખબર પડી કે માંડવધાર બાજુ જવાનું છે, ત્યાં જ એને શરીરે પરસેવો વળી ગયો. માંડવધાર જશે એટલે નક્કી ધીંગાણું થશે, એ વિચારમાત્રથી એના મોતિયા મરી ગયા. થોડે આગળ જતાં વોકળો આવ્યો, પણ ગાડા-ચાલકને કાંઈ ખબર ન પડી. પ્રભુએ ગાડું અટકાવ્યું. કહ્યું : અલ્યા જો તો ખરો... આગળ વોકળો છે.

'મહારાજ ! હું તો રતાંધળો છું. રાતે કાંઈ દેખાતું નથી.'

'તો પહેલેથી જ કહેવું હતું ને ? બીજા કોઈને સાથે લેત.'

એટલું કહેતાં જ પ્રભુએ બળદની રાશ હાથમાં લીધી. વોકળો ઠેકાવવો હતો એટલે ગાડું પચાસેક હાથ પાછું લીધું. બળદને બરડે થપ્પો દઈ હોંકારો કર્યો, ત્યાં જ બળદ એવા દોડ્યા કે વોકળો કૂદીને સામે કાંઠે પહોંચી ગયા.

અંધારી રાત હતી. નાજા જોગીયાનું ઘોડું બીજી બાજુ ચડી ગયું હતું. ભગુજીને શોધવા મોકલ્યા. એ આવ્યા એટલે પ્રભુએ પૂછ્યું : કેમ નાજા ! ક્યાં ભૂલા પડી ગયા હતા ?

'મહારાજ ! મને રાતે ઓછું દેખાય છે.'

ભગવાનને પણ ગમ્મત કરવાની મજા પડી. કહેવા લાગ્યા : તું રતાંધળો. આ ગાડાવાળોય રતાંધળો. બધા આવા જ ભેગા થયા છો ! આગળથી કહેવું હતું ને !

'મહારાજ ! કહીએ તો લાજ જાય એટલે નહોતું કહ્યું.'

'લાજ રાખવા માટે ન કહ્યું, પણ અંતે ક્યાં લાજ રહી ?' એમ કહી પ્રભુએ રતાંધળા લુંબાની વાત કહી.

લુંબો સાસુને ઘેર ગયો. જમાઈરાજ આવ્યા તેની આનંદ ખુશાલીમાં સાસુએ સારાં સારાં ભોજન બનાવ્યાં. એને વાળુ કરવા બોલાવ્યો. રાત પડી ગઈ હતી. લુંબો રતાંધળો હતો. એ ભીંતે હાથ દેતો દેતો આવતો હતો. એને જોઈ સાસુએ પૂછ્યું : જમાઈ રાજ ! શું કરો છો ? બારણું તો આણી કોર છે. લુંબો કહે : મારે નવાં ખોરડાં બનાવવાં સે તે ભરતો સું.

લુંબાને જમવા બેસાડ્યો. લાપસી પીરસી. બાજુમાં પાડું બેઠેલું હતું. એ થાળીમાંથી બધું ખાઈ ગયું. સાસુને એમ કે જમાઈરાજ બધું જમી ગયા. એટલે પૂછ્યું : બીજી લાપસી લાવું ? ત્યારે જમાઈ કહે : હજુ પીરસ્યું છે જ ક્યાં ?

સાસુ કહે : મેં તો પીરસ્યું'તું, પણ આ મૂઈ પાડી જ ખાઈ ગઈ લાગે છે. તમે ભાળતા નથી ? એને હાંકી કાઢવી જોઈએ ને ?

'મને એમ કે તમારી પાડી તમને જીવ જેવી વ્હાલી હશે, એને મારીએ તો સાસુનો જીવ કોચવાય.'

સાસુ ઘરમાં જઈ એક લાકડી લઈ આવી. એ આપીને કહ્યું : હવે પાડું આવે તો લાકડીથી હંકારી કાઢજો. પછી બીજીવાર લુંબાની સાસુ પીરસવા આવી. લુંબાએ માન્યું કે પાડું આવ્યું. આમેય લુંબાને પાડા પર રીસ તો ચડી જ હતી; એટલે ધડ દઈને લાકડી એવી ઝીંકી કે સાસુને ઓયકારો નીકળી ગયો. એ ભાગતી ભાગતી બોલી : લાગ્યું... લુંબડા લાગ્યું. લુંબાને એમ કે ઘર લાગ્યું... આગ લાગી. આમ માનીને લુંબો પણ ઠેકડો મારતો ઊભો થઈ ગયો. સાસુનો જોરથી અવાજ સાંભળીને ચારે કોરથી માણસો દોડી આવ્યા. પૂછવા લાગ્યા : શું થયું ? ગામ ભેગું થઈ ગયું ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે લુંબો રતાંધળો છે. આમ લુંબાએ પોતાની જાતે જ નાક વઢાવ્યું. એમ નાજા ! તમેય એવું કર્યું, એમ બોલતા ભગવાન બહુ જ હસ્યા.

ભગવાનની આ લીલા પણ કેવી અકળ હતી. માથાભારે જેઠા ને મેરામણને પડકારવા જઈ રહ્યા હતા, પણ કેવા હળવા ફૂલ જેવા હતા ! બીજાનાં તો હૈયાં ધડકતાં હોય કે શું થશે ? કેમ થશે ? પણ આ તો અનંતકોટી બ્રહ્માંડોના નિયંતા. એમને વળી કોનો ડર ?

માંડવધારમાં પ્રભુનો રૂઆબ

વાતો કરતા કરતા શ્રીહરિ માંડવધાર આવી પહોંચ્યા. ગામના ટીંબે એ બંને ભાઈઓનાં ઘર હતાં. ભગુજીએ ઝાંપો ઉઘાડ્યો. પ્રભુજીએ ગાડું અંદરના ફળિયામાં લેવડાવ્યું. પછી ગાડેથી ઊતરી તેની ઉધ્ય ઊંચી કરીને એના ઓરડાના પગથિયા પર રહેલી કાળી છીપર ઉપર જોરથી પછાડી. ત્યારે એવો અવાજ થયો કે જાણે મોટી તોપ ફૂટી. ધરતી ધણેણી ઊઠી. એ અવાજ સાથે ઘરમાં સૂતેલા લોકો ભડકીને જાગી

ગયા. ઘરની પાછળના વાડામાં સૂતેલા જેઠો ને મેરામણ ગોવાળિયા પણ એકદમ ઝબકી ગયા. મનમાં લાગ્યું કે કોઈ મોટી ફોજ આવી ચડી છે. તેનું કારણ એ હતું કે બાબાજીનું લશ્કર ગામ લૂંટવા આવતું ત્યારે પ્રથમ તોપના ભડાકા કરતું.

મહારાજે જોરથી હાકોટો કર્યો : ક્યાં ગયા જેઠો ને મેરામણ ? સ્વામિનારાયણને પકડવા છે ને ? આ ઊભા તમારી સામે. ભગવાનના હાથમાં તલવાર હતી. તેને આમતેમ વીંઝી રહ્યા હતા. ગોવાળિયાને લાગ્યું કે શ્રીહરિ કાઠીઓનું મોટું લશ્કર લઈને આવ્યા લાગે છે.

પ્રભુએ ફરીથી હાકોટો કર્યો : દાદાખાચરની ઊપજ દબાવી છે, તેનું વળતર આજે આ તલવાર આપશે. સાલેમાલ પર્વતમાં અમારી પાસેથી ખરચી માગવા આવ્યા હતા, તે આપવા સારુ અમે આવ્યા છીએ. એ સાંભળતાં જ સાવજ જેવા એ શૂરા શિયાળ જેવા થઈ ગયા. ધોતિયાં ઢીલાં થઈ ગયાં ! જાણે કાળ સામે આવી ચડ્યો ! એ બેય પછીતનાં બારણાં ઉઘાડી ઊભી પૂંછડીએ એવા ભાગ્યા કે કોઈનેય કાંઈ કહેવા પણ ન રહ્યા.

એ વખતે એ બંનેની સ્ત્રીઓ ભગવાન પાસે આવી. ખોળા પાથરતાં બોલી : મહારાજ ! એ બેય તો સાવ ઢાંઢા જેવા છે. એને કાંઈ ગતાગમ નથી. એ તમને શું પકડી શકવાના હતા ? એમ કહી આંગણામાં ઢોલિયો ઢાળી આપ્યો. ગાદલું પાથર્યું. પ્રભુ તે પર બિરાજ્યા.

વળી પ્રભુએ વાત માંડી: એ બેયને કહી દેજો કે માંડવધારની ઊપજમાં હવે જો હાથ નાખશે તો અમારા પાર્ષદો એનાં માથાં ઉતારી લેશે. એભલખાચર પછી દાદાનો કોઈ રખવાળ નથી એવું ભૂલે પણ ન સમજે.

બાઈઓએ ફરીથી હાથ જોડતાં કહ્યું : મહારાજ ! જેમ તમે લાડુબા, જીવુબા વગેરેના ગુરુ છો તેમ અમારા પણ ગુરુ છો. એ ઢાંઢાનાં કુકર્મો જોઈ અમને તરછોડી ન દેજો. તમે કહેશો એમ અમે કરશું.

પ્રભુએ તેમને આશીર્વાદ આપ્યા. કામ પૂરું થઈ ગયું હતું. ધાક બરાબર બેસી ગઈ હતી, એટલે ત્યાંથી તરત જ નીકળી ગયા. મોડી

રાત્રે ભગવાન પાછા ગઢડા આવી પહોંચ્યા. કોઈનેય ખબર ન પડે એ રીતે પોઢી ગયા.

જીવાખાચરનો જીવ અદ્ધર

બીજે જ દિવસે સવારે શ્રીહરિએ જીવાખાચરને ખબર મોકલ્યા : તમને પ્રભુજી બોલાવે છે. જીવાખાચરને ઘડીભર આ અશક્ય લાગ્યું. કેમ, એટલી જ વારમાં પાછા આવી ગયા ? શું થયું ? એમ વિચારવા રહ્યા ત્યાં જ સંદેશ લાવનાર ભક્તે કહ્યું : ભગવાન તમને જલ્દી બોલાવે છે.

જીવાખાચર આવ્યા. ભગવાને વાત માંડી : જીવા બાપુ ! તમે તો કહેતા હતા કે જેઠો ને મેરામણ માથાભારે છે, અમને પકડવા ફરે છે. અમે તો તેની સામે ગયા તોય એ તો પાછલે ઝાંપેથી ભાગી છૂટ્યા. દાદાની ઊપજ ખાવી એ કાંઈ રમત વાત નથી, સમજ્યા બાપુ !

શ્રીહરિની વાત સાંભળતાં જ જીવાખાચરના પગ તળીયેથી જાણે ધરતી ખસવા માંડી, એ સાથે વિચાર પણ થયો કે હવે જેઠો ને મેરામણ એનો બદલો મારા પર લેશે, મને પીંખી નાખશે. મારી બાજી ધૂળમાં મળી ગઈ. એ વિચારમાત્રથી જીવાખાચરને અંગે પરસેવો વળી ગયો.

પ્રભુ કહે : કેમ બાપુ ! અમે તો જેઠા ને મેરામણની વાત માંડી, એમાં તમને પરસેવો વળી ગયો ? દાદાની ચિંતા કરનારા અમે બેઠા છીએ, તમે એની શું સંભાળ રાખવાના હતા ? જીવાખાચરને કાંઈ બોલવા જેવું રહ્યું નહિ એટલે નીચી મૂંડી કરી રવાના થઈ ગયા.

માંડવધારની ખેતીનો પૂરો જાપ્તો થાય તે માટે શ્રીહરિએ લાધા ઠક્કર પાસે પત્ર લખાવ્યો. તેમાં કારિયાણીના વસ્તાખાચર અને માંચાખાચરને કહેવડાવ્યું : તમારે ત્યાં ઝાલાવાડી કણબી ખેડ કરવા રહ્યા છે તે બધાને માંડવધાર મોકલજો. ભરવાડો બધા ભાગી ગયા છે. તેમના વાસ ખાલી પડ્યા છે ત્યાં કણબીઓને રહેવાની ગોઠવણ કરી આપજો. જેઠો ને મેરામણ હવે માંડવધારની હદમાં દાખલ નહિ થાય. તેનાં બૈરાંને કોઈ પજવે નહિ તેની ખાસ તકેદારી રાખજો.

ઝાલાવાડી કણબીને આ જમીનમાં રાખવાનું કારણ એ જ હતું કે એક કણબી દશ જણાને ભારે થઈ પડે તેવા હતા. એમના વસવાટથી ઉપદ્રવ શમી જાય ને ઊપજ પણ ચાલુ થઈ જાય.

પોતાના અદના સેવક માટે પ્રભુજી કેટલી બધી તકેદારી રખાવે છે ! એ વિચારથી લાધા ઠક્કર ગદ્‌ગદ થઈ ગયા. ભક્ત પ્રત્યેનું વાત્સલ્ય જોઈ એમની આંખો ભીની થઈ ગઈ.

પ્રભુના આદેશ અનુસાર ઝાલાવાડી કણબી ત્યાં વસ્યા. માનકૂવાના ઉકા અને હરજીને પણ ત્યાં બોલાવી લીધા. જેઠો ને મેરામણ હવે અહીં પગપેસારો કરી શકે તેમ રહ્યું નહિ એટલે બીજે જઈને રહ્યા.

ગઢપુરમાં વસંત પંચમી - ફૂલદોલોત્સવ

વસંત ઋતુ આવતાં સૃષ્ટિના અણુએ અણુમાં નૂતન સ્ફૂર્તિનો અહેસાસ થાય. એમાંય શ્રીહરિનું સાન્નિધ્ય હોય ને વસંત પંચમી જેવો મંગલમય અવસર હોય, એમાં સંતો-ભક્તોનાં હૈયે દિવ્ય આનંદનો તરવરાટ પણ અનોખો હોય. સંવત ૧૮૭૧, મહા સુદ પંચમી, તા. ૧૪-૨-૧૮૧૫, મંગળવારના મંગલમય દિને વસંત પૂજનને અનુરૂપ સઘળી સામગ્રી દાદાખાચરે તૈયાર કરાવી રાખી. આમ્રમંજરી, બોર, ફૂલ વગેરેથી શણગારેલા વસંત કળશને માથે ધારણ કરી દાદાખાચર શ્રીહરિ પાસે આવ્યા. અબીલ, ગુલાલ વગેરેનાં પાત્રો શ્રીહરિ પાસે મૂક્યાં. કેસર મિશ્રિત ચંદનથી શ્રીહરિના ભાલમાં અર્ચા કરી. સંતો વસંતનાં પદો ગાઈ ઓચ્છવની ધૂમ મચાવી રહ્યા હતા.

શ્રીહરિની અમૃતમય નજરમાં પણ અનોખી પ્રસન્નતા વર્તાઈ રહી હતી. એને પારખી દાદાખાચરે કેસુડાંના રંગથી ભરેલો કળશ શ્રીહરિ પર રેડ્યો. વાસંતી વસ્ત્રો પીળા રંગમાં ગરકાવ થઈ ગયાં. એ આર્દ્ર મૂર્તિના ગાલે ગુલાલ ચોળ્યો. શ્રીહરિએ દાદાખાચરના એ ગુલાલવાળા હાથને પકડી એમના જ ગાલ પર ઘસ્યા, જેમ પ્રેમાળ પિતા પોતાના લાડલા લાલને અદકા લાડ કરે તેમ પરમ પિતા શ્રીહરિ દાદાખાચર

પર અપાર વ્હાલ દર્શાવી રહ્યા હતા.

વસંતોત્સવ માણવા સંતો-ભક્તો સારા પ્રમાણમાં એકત્ર થયા હતા. એમને પણ રંગ, ગુલાલ, અબીલ વગેરેની વર્ષાથી તરબોળ કરી દીધા. હરિભક્તો ખારેક, ખજૂર, ધાણી, ચણા, ટોપરું, કાજુ, દ્રાક્ષ વગેરે લાવ્યા હતા તેમજ દાદાખાચરે પણ જે ફગવા તૈયાર કરાવ્યા હતા એ બધું સભામાં વહેંચ્યું.

પ્યારા પ્રીતમના સંગે નિત્ય નવી મોજો માણતાં દિવસો કેમ પસાર થઈ ગયા તેની પણ કોઈને ખબર ન રહી. એમ કરતા ફૂલદોલોત્વસના દિન પણ આવી ગયા. હુતાશનીના દિવસે હરિભક્તો ખારેક, ખજૂર, શ્રીફળ વગેરેના થાળ ભરીને, તો કેટલાક ભક્તો સાકરના મોટા હારડા કરીને લાવ્યા. એમના ભાવને પોષવા શ્રીહરિએ સામગ્રી અંગીકાર કરી.

ફૂલદોલના રોજ રંગોત્સવ નિમિત્તે વિવિધ પ્રકારના રંગ બનાવ્યા. તેને મોટાં પાત્રોમાં ભર્યા. ગુલાલના મોટા ગંજ ખડકાયા. કેટલાક ભક્તો ગુલાલના ગોટા લાવ્યા હતા.

નિષ્કુળાનંદ સ્વામી વગેરે સંતોએ લીમડાની ડાળે ફૂલથી શણગારેલો હિંડોળો બાંધ્યો. સમય થયે શ્રીહરિ અત્રે પધારતાં જયનાદો થયા. શ્રીહરિ જાણતા હતા કે ધૂળેટીના દિવસે લોકો મર્યાદા ભૂલીને તોફાન કરે છે. તેવું ન થાય તે માટે સૌને કહ્યું : તમે જે સંતો અને હરિભક્તો છો તે મર્યાદામાં રહીને એકબીજાનું માહાત્મ્ય જાણજો. જે અલૌકિક ભાવ રાખશે તેને ઉત્સવનો રંગ પણ અલૌકિક રહેશે. જે માણસ જેવો ભાવ રાખે છે તેને તેવું ફળ મળે છે.

હરિવરની એ હિતકારી અમૃતવાણી, બાદ રંગોત્સવના મંગલારંભરૂપે ઢોલ, તાંસાં, શરણાઈ, તુરાઈ, રણશિંગી, ભેરી, નોબત, નગારાં, ચોઘડિયાં વગેરે વાજિંત્રોના નિનાદથી આકાશ છવાઈ ગયું. હિંડોળા પર ઊભા થઈ શ્રીહરિ કેસૂડાંના રંગથી ભરેલી પિચકારીની વર્ષા કરવા લાગ્યા. સંતો વારાફરતી પિચકારી ભરી ભરીને શ્રીહરિને આપવા લાગ્યા.

એક તરફ શ્રીહરિ ને હરિભક્તો હતા. બીજી તરફ સંતો હતા.

સામાસામી રંગઝડી મચી. સંતો ઘણા હતા. તેમણે શ્રીહરિ ઉપર રંગની ઝડી મચાવી. લૌકિક ભાવ દર્શાવતા શ્રીહરિ હિંડોળાનું દોરડું પકડીને લીમડાના વૃક્ષ પર ચડવા લાગ્યા. એ વખતે નિત્યાનંદ સ્વામી એકદમ દોડીને શ્રીહરિની પાસે આવ્યા. પ્રભુના હસ્ત પકડી લીધા. તે પર ધારણ કરેલાં સોનાનાં કડાં ઉતારી લીધાં. પ્રેમવશ શ્રીહરિએ એમ પણ થવા દીધું. એ વખતે શ્રીહરિ મર્મભરી વાણી બોલ્યા : સંતો, તમે બધા જીત્યા. તમે સર્વ જગતના પૂજ્ય છો. જે કોઈ તમારું અપમાન કરે છે તેનું દુનિયામાં અપાર અપમાન થાય છે. તમારાથી સૌ ડરતા રહે છે.

શ્રીહરિનું મર્મવાક્ય સંતો સમજી ગયા. પ્રેમમાં ને પ્રેમમાં પ્રભુની મર્યાદા રાખવાનું ભૂલી ગયા તેનો ખ્યાલ આવી ગયો. તરત જ પ્રાર્થના કરવા લાગ્યા : હે દયાળુ ! કોઈવાર પ્રેમના અતિરેકમાં અમે અપરાધ કરી બેસીએ છીએ, પરંતુ આપ ટકોર કરી અમને ભૂલ સમજાવો છો ત્યારે ખ્યાલ આવે છે. કોટી કલ્પ પર્યંત તપ કરવા છતાં આપનાં દર્શન સ્વપ્નમાં પણ દુર્લભ છે. એવા આપ કેવળ કૃપા કરી અમારા માટે સુલભ થયા છો. પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છો, રંગક્રીડાના લાભ આપી રહ્યા છો. આપની સાથે રંગે રમવું એ મહા દુર્લભ છે. એ વાત અમારાથી ભુલાઈ ગઈ.

આ પ્રસંગ પરથી આપણને એમ થાય કે મોટેરા સંતો તો ધામમાંથી આવેલા હતા. તેઓ શું મર્યાદા ભૂલે ? પરંતુ આ તેમની લીલા હતી. આ નિમિત્તે શ્રીહરિ એમ સમજાવવા માગતા હતા કે જે મર્યાદા ભૂલે છે તે એમને ગમતો નથી. વળી ભગવાન ટકોર કરે તેને જે સાનમાત્રે કરીને સમજી લે છે તેના પર ભગવાન રાજી થાય છે.

સંતોની નમ્રવાણી સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા. કડાં ધારણ કર્યાં. સૌ સંતોને પ્રેમથી ભેટ્યા. રંગોત્સવ પૂર્ણ કરી ઉન્મત્ત ગંગામાં સ્નાન કરી પાછા દરબારમાં પધાર્યા. થાળ અંગીકાર કરી સંતોને જલેબી, મોતીચૂરના લાડુ વગેરે જમાડી તૃપ્ત કર્યા.

આ ઉત્સવનો લાભ લેવા વડતાલથી નારાયણગિરિ આવ્યા હતા.

તેમણે એક દિવસ શીરાની રસોઈ કરાવી. થાળ જમીને શ્રીહરિ સંતોને પીરસવા પધાર્યા. સૌને તાણ કરીને જમાડ્યા. એ વખતે નારાયણગિરિ બોલ્યા : સંતોએ જમવામાં કસર રાખવી નહિ. તેમને શ્રીહરિએ કહ્યું : સંતોને ખૂબ જમાડ્યા છે. કાંઈ પણ કસર રાખી નથી. હવે તમને કસર દેખાતી હોય તો તેટલો શીરો હું તમને આપું. આમ બોલતા શ્રીહરિ તેમને પીરસવા ગયા.

શ્રીહરિને રમુજ કરાવવા નારાયણગિરિ દોડ્યા. ભગવાન પણ આજે ગેલમાં હતા. એટલે તેમની પાછળ દોડ્યા. નજીક જઈને શીરો તેમની પીઠ પર ઉડાડ્યો.

પોતાના આશ્રિતો સાથે આવી રમુજ કરવા પાછળ શ્રીહરિનો એ જ હેતુ હતો કે દર્શન કરનારને સહજ સહજમાં યાદ રહી જાય.

ખરડમાં ખીચડીનાં જમણ

વડતાલના ભક્તોને ફૂલદોલ ઉત્સવની મોજ લેવી હતી. તેમના માટે શ્રીહરિએ ફાગણ વદ છઠ ફાળવી આપી. સમૈયાના દર્શને આવેલા ભક્તોને વિદાય આપીને શ્રીહરિએ પણ ચરોતર તરફ પ્રયાણ કર્યું.

ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, રોજીદ થઈ શ્રીહરિ ખરડ ગામે પધાર્યા. નાનાભાઈ વિપ્ર, કાશીદાસ વગેરે ભક્તોએ હૈયાના હેતે વધાવ્યા. શ્રીહરિ સાથે ચારસો જેટલા સંત હતા. તળાવ પાસે સૌના ઉતારા રાખ્યા હતા.

સંઘને જમાડવા માટે ત્રણ મણની ખીચડી કરાવેલી હતી. સંઘ બહુ મોટો હતો. હજુ આઠ મણની તૂટ રહી. વધુ વાસણ નહોતાં ને ખીચડી પણ નહોતી. હરિભક્તો બે મણ ઘી લાવ્યા તો ખરા પણ તેમાંય અડધી તૂટ જણાઈ.

ગાડા પર બેઠેલા શ્રીહરિ તરત જ ઊભા થઈ વાણિયાની દુકાને ગયા. બે મણ ઘી ત્યાંથી મળ્યું. લોકોને ઘેર જઈને ઘી ઉઘરાવી ભેળું કરાવ્યું. હજુ પણ સંતોષ ન થયો એટલે ભરવાડો પાસેથી ઉઘરાવ્યું.

એમાં છ મણ મળ્યું. ત્યારે પ્રભુને સંતોષ થયો.

તળાવ પાસે ઉતારે આવીને શ્રીહરિએ સંતોની પંક્તિ કરાવી. સૌને દોઢ પાશેર (૧૬૫ ગ્રામ) જેટલી ખીચડી અપાવી. સંતોને ઘી પીરસવા પોતે તૈયાર થયા. કમર કસીને બાંધી. પીરસતાં પહેલાં સંતોને કહ્યું : ઘી સારી રીતે સમાય તે રીતે ખીચડી પહોળી કરજો. તે પર પ્રભુએ થીનું ઘી પીરસવા માંડ્યું. પાત્રમાં જેટલું સમાય તેટલું ઘી આપવા માંડ્યા. બે ત્રણ વખત પંગતમાં ફર્યા. હરિભક્તોને પણ સારી પેઠે જમાડ્યા.

ખરડમાં ખીચડીનાં ભોજન કરાવી શ્રીહરિએ ચરોતરની વાટ પકડી. શ્રીહરિ વડતાલ પહોંચ્યા તે પહેલાં જોબન પગીએ ઉત્સવ નિમિત્તે સારી તૈયારી કરાવી રાખી હતી. ગુલાલનાં ગાડાં ને રંગના ચરુઓ, પિચકારીઓ પણ મંગાવી રાખ્યાં હતાં. હજારોની સંખ્યામાં એકત્ર થયેલ સંત-ભક્ત સમુદાયને શ્રીહરિએ રંગમાં રસતરબોળ કર્યા.

રંગોત્સવ પછી માત્ર પાંચ કે છ દિવસ વીત્યા ત્યાં જ પ્રભુએ ગઢપુર જવાની વાત માંડી. ભક્તોએ રોકાવા વિનંતી કરી પણ ગઢપુરમાં ઉપાધિ થાળે પાડવાની બાકી હતી. કારણ કે જીવાખાચર ઈર્ષાના માર્યા એભલખાચરના પરિવારને હેરાન પરેશાન કરવામાં અવનવી તરકીબો અજમાવતા જ રહેતા હતા. એની રાજખટપટ ચાલુ જ હતી.

ગઢપુરમાં પુનરાગમન

જેઠા ને મેરામણ ગોવાળિયા દ્વારા માંડવધારનો કબજો લેવાનું સૂરસૂરિયું થઈ ગયું. તોય ઈર્ષાળુ જીવાખાચરને સાન ન આવી. એ બીજો ઉપાય શોધવા લાગ્યા. શ્રીહરિ તો જાણતા જ હતા કે જીવાખાચર એભલ પરિવારને પરેશાન કરવાની પેરવીમાં પડેલા જ છે, એટલે જ ગુજરાતનું વિચરણ ઝડપથી આટોપી પાછા ગઢપુર આવી પહોંચ્યા. આવતાં વેંત લાધા ઠક્કરને પૂછ્યું : માંડવધારમાં કેમ ચાલે છે ?

'ઝાલાવાડી કણબીઓ આવ્યા છે એટલે કોઈ છમકલાં થતાં નથી,' લાધા ઠક્કરે નમ્રતાથી કહ્યું.

'પણ હજુ અમને એમ લાગે છે કે ત્યાં સારી ઊપજ થાય છે એ જોઈ ત્યાંના લોકોનાં મન બગડે.' શ્રીહરિની આ વાણી પણ વિચાર માગી લે તેવી હતી. તેનો ઉપાય પણ પ્રભુએ જ કહ્યો : હજુ લોયાથી થોડા કણબીઓને તેડાવી માંડવધારમાં વસાવો. આવા શૂરવીર ભક્તો હોય તો કોઈ માથું પણ ઊંચું ન કરી શકે.

શ્રીહરિના આદેશ પ્રમાણે હરજી ઠક્કરે સઘળી ગોઠવણ કરી દીધી. પોતાના બોલને અદ્ધરથી ઝીલનારા હરજી ઠક્કર પર પ્રભુએ પ્રસન્નતાનાં અમી ઢોળ્યાં. તા. ૩૦-૩-૧૮૧૪, બુધવારના રોજ શ્રીહરિજયંતી ઉત્સવ ગઢપુરમાં થયો, તેમાં ઘણા ભક્તોને આવવાની શ્રીહરિએ ના કહી. કારણ એ જ હતું કે જીવાખાચરની ખટપટથી અનાજનો પૂરતો સંગ્રહ થયેલો નહોતો, તેથી અખાત્રીજના સમૈયે તેડાવવાનું નક્કી કર્યું હતું. એ વખતે નવી ફસલ તૈયાર થઈ જાય તેમ હતું.

જીવાખાચરની બીજી ખટપટ

સમૈયાના દિવસો નજીક આવતાં દાદાખાચર સહિત સમસ્ત પરિવાર તેની પૂર્વતૈયારીમાં ગૂંથાઈ ગયા. આ વખતે જીવાખાચરે વિચાર્યું : આ સારી તક છે. ભાવનગર જાઉં ને દરબાર વખતસિંહને દાદાખાચર વિરૂદ્ધ કાનભંભેરણી કરું. મારું અનાજ ઉપડાવવાની પરવાનગી મેળવી લઉં ને દાદાનું લેણું બાકી બતાવી અનાજ ખળામાંથી લેવાનું અટકાવી દઉં.

ભાવનગર જઈ જીવાખાચરે વખતસિંહજીને વાત કરી : દરબાર ! અમારો હિસાબ સરભર થઈ ગયો છે, તો ખળાં ઉપાડવાનો પરવાનો આપો. આ સાથે એ પણ તકેદારી રાખજો કે દાદાખાચરે હજુ રાજ્યનું પૂરું લેણું ભર્યું નથી. વળી મેં એમ પણ સાંભળ્યું છે કે એ બધુંય અનાજ તમને પૂછ્યા વિના ઘર ભેગું કરી દેવાના છે. સ્વામિનારાયણે તો એવું પણ કહી દીધું છે કે આપણાં ખળાં છે એમાં રાજચિઠ્ઠીની શી જરૂર ?

રાજાને બીજી કાંઈ ખબર નહોતી એટલે વાત સાચી માની લીધી. જીવાખાચરને એ ખ્યાલ આવી ગયો, એટલે તરત જ પલિતો ચાંપ્યો :

વહેલામાં વહેલી તકે એ ખળાં પર ચોકી બેસાડી દો. હમણાં એ સમૈયો કરવાના છે. તેમાં બધું વપરાઈ જશે તો તમને કાંઈ પણ હાથમાં નહિ આવે.

તે વખતે એવો રિવાજ હતો રાજાની પરવાનગી વગર ખળામાંથી અનાજ ન ઉપાડી શકાય. રાજનો હિસ્સો રાજા લઈ લે પછી જ લઈ શકાય. લાધા ઠક્કર પરવાનગી લેવા એક માણસને મોકલવાની તૈયારી કરતા હતા ત્યાં જ રાજ્યના દશ-બાર સિપાઈ તે ખળામાં આવી ગયા.

લાધા ઠક્કરને સમાચાર મળ્યા. તેમણે શ્રીહરિને વાત કરી : ભાવનગર રાજ્યનો હુકમ લઈને પછી જ અનાજ ઉપાડવાનું છે.

સમૈયો નજીકમાં જ હતો. અનાજ ન આવે તો સમૈયો જ કેમ થાય ? પ્રભુએ પૂછ્યું : આપણી કોઠીઓમાં અનાજ કેટલું છે ? એમાંથી સમૈયો ઊજવાઈ જશે ને ?

'પણ પ્રભુ, મને એ સમજાતું નથી કે આપણે રાજ્યનો હિસ્સો ભરી દીધો છે, તોય આ મનાઈ હુકમ કઈ રીતે આવ્યો ?'

'લાધા ! એ તો અંદરના જ માણસની ખટપટ હોય,' પ્રભુએ હસતાં હસતાં સઘળો મર્મ કહી દીધો. એ સાથે એમ પણ સૂચના આપી કે આપણે કોઈએ આ અંગે ધમાલ કરવી નથી. આવેલા સિપાઈ માટે ખાવા-પીવાનો બંદોબસ્ત સારી રીતે કરજો.

લાધા ઠક્કર તો સમજી ગયા હતા કે આ કોની કપટજાળ છે. ભગવાનના ભક્તને આ રીતે ક્યાં સુધી પરેશાની વેઠવી પડશે ? એ વિચારમાત્રથી લાધા ઠક્કરનું હૈયું ભરાઈ ગયું.

ગઢપુરવાસીની સેવા-તત્પરતા

ખળાં પર સિપાઈની ચોકી બેસી ગઈ હતી; છતાં પણ ગઢપુરવાસીને મન પ્રભુનું છત્ર એ જ મોટી છાયા હતી. સમૈયા નિમિત્તે સંતો-ભક્તો મોટી સંખ્યામાં એકત્ર થવા લાગ્યા. તેમની સરભરા ઉત્સાહથી કરવામાં લાગી ગયાં. કપરી વેળામાં આવો ઉત્સાહ ટકાવી રાખવો બિલકુલ અશક્ય હતો. છતાં પણ આ પરિવારમાં એ ઉત્સાહ

વર્તાઈ રહ્યો હતો; એ જ તેમની અપૂર્વ સમજણ સાથેની ભક્તિની શાખ પૂરી રહ્યો હતો.

સમૈયામાં મોટા ભા થવા જીવાખાચર પણ આવી પહોંચ્યા. કહેવા લાગ્યા : દેશોદેશથી ભક્તો આવ્યા છે. એમને આપણા દેશનો મેવો ચખાડજો. કાંઈ જોઈતું કારવતું હોય તો અમારે ત્યાંથી મંગાવી લેજો. તેમને લાડુબા વગેરે મીઠા શબ્દથી આવકારતાં.

કાઠિયાવાડી મેવો એટલે ભેંસોનું દૂધ, દહીં, ઘી. દૂધ જ એવું ઘાટું કે તે દૂધપાક જેવું લાગે. તેને મેળવીને દહીં જમાવે ત્યારે તેનાં ચોસલાં પડે. ઘી એવું ઘટ્ટ કે ચોફાળમાં પણ લઈ શકાય. વળી ગોળ પણ ઊજળા રંગનો ને સ્વાદિષ્ટ. એનાં ગાડે ગાડાં આવ્યાં.

સમૈયા ઉપર ગઢપુર ગામ, તેની સીમ, ખેતર ભક્તોથી ઉભરાયાં. સંતો પણ મોટી સંખ્યામાં આવ્યા. જીવાખાચર મેણું ન મારે તે માટે કેટલાક સંતોના ઉતારા તેમને ત્યાં પણ રાખ્યા.

સંતોના સંપૂર્ણ સાજ સાથેની કીર્તન ભક્તિ જ્યાં પણ થતી ત્યાં ભક્તિરસની છોળો છૂટતી. એવી જ રીતે મહાપ્રભુજીના મુખેથી સ્રવતી અમૃતધારાના પાનથી સંતો-ભક્તોનાં હૈયાં ભક્તિરસથી તરબતર થઈ જતાં. આવી મોજ હરિભક્તોએ મન ભરીને માણી. ગુજરાતથી આવેલા હરિભક્તોએ અહીંનો મેવો માણ્યો એટલે સૌને એવી ઇચ્છા હતી કે કાઠી ભક્તોને લઈને શ્રીહરિ ગુજરાત પધારે. ત્યાં તેમને અમૃત જેવી કેરીની મિજબાની કરાવીએ. પ્રભુએ સૌની એ અરજી મંજૂર કરી. મોટા મોટા દરબારોને નામ દઈને કહ્યું કે તમારે અવશ્ય આવવાનું છે. જીવાખાચર સભામાં બેઠેલા હતા. તેમને પણ કહી દીધું : જીવા બાપુ ! તમારે બીજા કોઈ કામ માટે ક્યાંય જવાનું નથી, ગુજરાતના ભક્તોનો ભાવ છે એટલે તમારે પણ આવવાનું જ છે.

ધીરજની પરાકાષ્ઠા

લાધા ઠક્કરને ચિંતા થઈ પડી. કારણ એ જ હતું કે દાદાખાચરનાં

ખળાં પર સિપાઈઓ બેઠેલા હતા. એનો કોઈ નિર્ણય આવ્યો નહોતો. તેમણે પ્રભુને પ્રાર્થના કરી. તરત જ પ્રભુએ કટાક્ષમાં કહ્યું : આમાં ચિંતા કરવા જેવું શું છે ? આ જીવા બાપુને કહેશો એટલે તમારું કામ ફતેહ થઈ જશે. આવા ગરાસના કામમાં એ બહુ જ હોશિયાર છે. કેમ જીવા બાપુ ? ખરુંને ? પણ એ શું બોલે. નીચું જોઈ એ જમીન ખોતરવા લાગ્યા.

વખત વીતવા માંડ્યો. વૈશાખ માસ પૂરો થવા આવ્યો, પણ હજુ ખળાં ઉપાડવાનો કોઈ હુકમ ન આવ્યો ! હવે વરસાદની તૈયારી થશે. અનાજ એમ ને એમ ખળાંમાં રહી જશે તો બધું એળે જશે. હવે કરવું શું તેની લાધા ઠક્કરને કાંઈ ગમ પડતી નહોતી. પ્રભુની આજ્ઞા અનુસાર લાડુબા વગેરે સિપાઈઓને પ્રેમથી જમાડતાં, પણ ખળામાં પડેલા અનાજને ઉપાડવાની વાત જ ન કરી.

હવે સિપાઈઓને પણ જમવામાં સંકોચ થવા માંડ્યો. જેમનું અનાજ ખાઈએ છીએ, એમનાં જ ખળાં ઉપાડવા દેતા નથી ! એ તો ભારે જુલમ કહેવાય. સિપાઈઓને વિચાર કરતા જોઈ લાડુબાએ સહજમાં પૂછ્યું : ભાઈ, કાંઈ જોઈતું હોય તો કહેજો. લેશમાત્ર સંકોચ ન રાખતા હોં.

એ સાંભળતાં જ સિપાઈઓ ગળગળા થઈ ગયા. કહેવા લાગ્યા : બા ! અમને તો અમારા ઘરમાંય આવી સાહેબી મળી નહોતી, તે તમારા દરબારમાં મળી છે; પણ રાજાની મજબૂરીથી તમારાં ખળાં અમે ઉપાડવા દઈ શકતા નથી, એનું અમને પારાવાર દુઃખ થાય છે. જેનું ખાઈએ છીએ એનો જ દ્રોહ કરીએ છીએ. બા ! બધી ચાલબાજી મોટી ડેલીવાળા જીવા બાપુની છે.

ત્યારે પોતાની જાતને જ દોષ દેતાં લાડુબા બોલ્યાં : હજુ અમારામાં કાંઈ ખામી હશે તે દૂર કરવા ભગવાન આ રીતે અમારી કસોટી લે છે. એમાં કોઈને નિમિત્ત તો બનાવે ને ? કોઈના સામે આંગળી ચીંધીએ તો પાપ લાગે.

લાડુબાની આ વાણીમાં છલકતી નિર્દોષતાએ સિપાઈઓનાં દિલ

બહેલાવી દીધાં. નક્કી થઈ ગયું કે આ તો કોઈ દેવતાત્મા છે. તે વિના આવી ક્ષમા કોઈમાં સંભવે જ નહિ. સિપાઈઓનાં શિર ઝૂકી ગયાં. કહેવા લાગ્યા : તમને પરેશાન કરતાં અમારાં દિલ દાઝે છે. કહો તો આ અનાજ તમારે ત્યાં પહોંચાડી દઈએ. રાજાની ચાકરી તો પેટ ભરવા માટે છે, પણ તમારી ચાકરી કરવાથી મોઘું કલ્યાણ મળશે.

લાડુબાએ તરત ટકોર કરી : જુઓ ભાઈ ! રાજાની પરવાનગી વગર લેવાય તો ચોરી કરી કહેવાય. તમે તમારી ફરજમાંથી ચલાયમાન થાઓ એવું અમે નથી ઇચ્છતાં. ભગવાનની દયાથી અમારે બધુંય સમુંસૂતરું ચાલે છે.

સિપાઈઓએ કેટકેટલાય નીતિપરાયણ લોકોને જોયા હતા, પણ આવા ભક્તિપરાયણ પરિવારને જોતાં તેઓને જીવાખાચર પ્રત્યે અપાર ઘૃણા ઊપજી, પરંતુ રાજસેવકો હોવાના નાતે લાચારી અનુભવતા એ ખળામાં ગયા.

જીવાખાચરની અધમતા

દાદાખાચરના દરબારમાં સિપાઈઓ જમવા જતા, તેનું અર્થઘટન જીવાખાચરે એવું કર્યું કે દાદાખાચર વગેરે સિપાઈઓને ભોળવીને અન્ન ઉપડાવી લેશે. એ સાથે નક્કી પણ કરી લીધું કે હાલ ને હાલ ભાવનગર જઉં. રાજા વખતસિંહને સઘળી માહિતી આપી દઉં. બીજા વધારાના વીસ સિપાઈ ખળા પર ગોઠવી દઉં; પછી જોઈ લઉં કે એક પણ દાણો દરબારમાં કેવી રીતે જાય છે ?

ઈર્ષાની આગમાં ઘેરાએલા જીવાખાચરને સવળું તો સૂઝતું જ નહિ. સતત એ જ વિચાર થયા કરતા : મને એ સમજાતું નથી કે ભગવાન થઈને મારું તારું કેમ કરતા હશે ? ભગવાનને તો બધાય સરખા હોય. છતાંય લઈને મંડ્યા છે કે મારો દાદો... મારો દાદો... શું એક દાદો જ એમનો ભગત...! બસ એનો જ પક્ષ રાખવાનો ?

આવું થવાનું કારણ એ જ હતું કે જીવાખાચર માની હતા. એટલે

એને દરેક વાતે અવળું પડતું હતું. અરે, એ પણ અનુસંધાન રહેતું નહોતું કે પોતે જેમનું ભજન કરે છે, એમનો જ એ હળાહળ દ્રોહ કરી રહ્યા છે. અગણોતેરા કાળમાં ભગવાને જ તેમને બચાવ્યા હતા, એ પણ ભુલાઈ ગયું !

જીવાખાચરને ભાવનગર તો જવું હતું, પણ ભગવાનની રજા લીધા વિના જવાય એમ નહોતું. શ્રીહરિ પાસે આવીને કહ્યું : મહારાજ ! થોડું કામ છે એટલે બીજે ગામ જવું પડે તેમ છે.

'તો તો એક બીજું કામ પણ સાથે કરતા આવો ને ? ભાવનગર જઈ દાદાખાચરનાં ખળાં ઉપાડવાનો હુકમ લેતા આવો. ચોમાસું બેસવાની તૈયારી થઈ ગઈ છે એટલે અનાજ ઝટ દરબારમાં ભરી દેવું પડશે.'

જે કામ માટે જીવાખાચર જઈ રહ્યા હતા, તેનાથી તદ્દન આ વિપરીત વાત હતી. એમને બીક પેસી ગઈ કે આવું કરીને મારીય દશા જેઠા ને મેરામણ જેવી તો નહિ કરી દે ને ?

ભાવનગર જઈ વખતસિંહ રાજા સાથે અલકમલકની વાતો કરી. પછી પોતે ધારેલો પલિતો ચાંપ્યો : બાપુ ! તમે સિપાઈ તો મોકલ્યા છે પણ દાદાખાચરે તેમને ખવડાવી પીવડાવી પોતાને વશ કરી લીધા છે. મને તો નક્કી લાગે છે કે તમને જાણ કર્યા વિના જ એ ખળાં ઉપડાવી લેશે.

વખતસિંહ રાજાની વિચક્ષણતા

વખતસિંહ રાજા સમજુ હતા. જીવાખાચરની કપટજાળને એ જાણતા હતા. તરત જ પ્રશ્ન કર્યો : હજુ સુધી તો કાંઈ ઘર ભેગું કર્યું નથી ને ? આમાં તો જીવાખાચરને સાચી વાત રજૂ કર્યે જ છૂટકો હતો. એટલે કહ્યું : હજુ તો અનાજ ખળામાં જ છે.

વખતસિંહ રાજાથી હવે રહેવાયું નહિ. તેમને ટકોર કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું : જીવાખાચર ! હજુ જરા સમજો. જેમનું પારખું લેવા ગયેલા લાડુદાનજી પણ તેમના ચરણે ઝૂકી ગયા, વડોદરાના દીવાન



ગંગાધર શાસ્ત્રીએ પણ જેમને ભગવાન તરીકે સ્વીકારી લીધા. એવા ભગવાનના અનેક પરચાઓ તમેય જોયા, તોય તમે આવા કોરા ધાકોર કેમ રહ્યા !! યાદ રાખજો, ભગવાનના સામાવડીયા થવામાં ભારે નુકશાન વેઠવું પડશે. હજુ પણ ચેતી જાઓ ને શરણું સ્વીકારી લ્યો; નહિતર રાવણ, કંસ, શિશુપાલ જેવી દશા તમારી થશે.

બીજી વાત પણ સાંભળી લો. ગંગાધર શાસ્ત્રીનો રુક્કો અમારા પર આવ્યો છે એટલે ખળાં ઉપડાવવાનો નિર્ણય લેવાઈ ગયો છે. તમારા જેવા ચાલબાજથી તો હવે મારેય ચેતતા રહેવું પડશે.

જીવાખાચર સૂનમૂન થઈ સાંભળી રહ્યા હતા; ત્યાં જ તેમને શ્રીહરિની વાત યાદ આવી. વિચાર્યું કે ખળાં ઉપડાવવાનો હુકમ લઈને હું જ જાઉં. સહેજમાં યશ ખાટી લઈશ. એટલે કહ્યું : રાજન્ ! તમારે કોઈને મોકલવો ન પડે તે માટે હું જ એ રુક્કો લઈને જઉં.

વખતસિંહ બાપુની નજર કરડી થઈ. પોતે બેઠેલ ગાદી પર હાથ પછાડતાં કહ્યું : જીવાખાચર ! આમાં તારા જેવા નફફટનું કામ નથી. એ રુક્કો લઈને અમારો માણસ જશે. એમ કહી મેરુ ખવાસને બોલાવ્યા. એમના મારફતે કારભારીને બોલાવ્યા. જીવાખાચરને વિદાય કર્યા.

હુકમમાં રાજાએ લખાવ્યું : અમોએ જીવાખાચરના કહેવાથી તમારાં ખળાં રોક્યાં હતાં. તમે ભગવાન છો. તમારી સામે અમારે બાંય બાંધવી નથી. અમારો અપરાધ ક્ષમા કરજો. આ હુકમથી ખળાં ઉપડાવી લેજો.

આ લખાણમાં રાજાએ પોતે સહી કરી ને રાજ્યની મહોર-છાપ મારી. મેરુ ખવાસ તે રુક્કો લઈને ગઢપુર તરફ રવાના થયા.

ગઢપુરમાં હૃદયદ્રાવક સ્થિતિ

સર્વ સમર્થ શ્રી સ્વામિનારાયણ ભગવાન અસમર્થપણાના ભાવ દર્શાવી રહ્યા હતા. દાદાખાચર, લાધા ઠક્કર અને જીવુબાને બોલાવીને કહ્યું : કાલે સવારે ખળાં ઉપડાવી લેજો.

ભગવાનનો આ શબ્દ સાંકેતિક હતો. એમાં કોઈને ગમ પડે તેમ પણ ન હતી. જીવુબા કહે : મહારાજ ! હજુ હુકમ આવ્યો નથી. બે દિવસ રાહ જોઈએ.

'પણ પ્રભુ ! સિપાઈની ચોકી બેઠી છે તેનું કેમ કરશું ?' હવે તો હદ થઈ ગઈ છે. ખાવાના દાણા ક્યાંથી લાવવા એ જ મોટો પ્રશ્ન થઈ પડ્યો છે. દાદાનું આ દુઃખ મારાથી જોયું જતું નથી,' આટલું બોલતા લાધા ઠક્કર રડી પડ્યા. દાદાની આ કરુણાજનક સ્થિતિ જોઈ પ્રભુ પણ રડવા લાગ્યા. એ રુદન સાંભળી સંતો ત્યાં દોડી આવ્યા. ઈષ્ટદેવનું રુદન જોઈ સંતો પણ ધીરજ ગુમાવી બેઠા. મુક્તાનંદ સ્વામી કહે : મહારાજ ! દાદાને ખેંચ ન પડે તે માટે અમે સુરત બાજુ જઈએ.

દૂર બેઠેલાં જીવુબા, લાડુબા વગેરેએ આ સાંભળ્યું. ત્યાં જીવુબા ગદ્ગદ થઈ કહેવા લાગ્યાં : મહારાજ ! આપ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન દયા કરી અમારે ત્યાં પધાર્યા. વિશેષ દયા કરી સંતો-ભક્તોને પણ લાવ્યા, પણ અમે એવાં કેવાં કમભાગી કે અમે આપની સેવાનો લાભ ન લઈ શક્યાં ! સંતોને અમારે ત્યાંથી જવાનું થાય એ તે કેમ જીરવી શકાય ?

આટલું બોલતાં જીવુબાનું હૈયું હાથ ન રહ્યું. એ પણ ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યાં. લાડુબા પણ રડતાં રડતાં કહેવા લાગ્યાં : મહારાજ ! અમારે લઈને આપને દુઃખી થવું પડે છે. એ જ અમારી નાલેશી છે. કોઈનેય ન મળે એવી મોંઘી વસ્તુ અમને મળી છે, પણ

અમે એવાં હૈયાનાં ફૂટેલાં કે તેને અમે સાચવી ન શક્યાં ! જતન કરીને જાળવી ન શક્યાં !

બધાંનું દુઃખ જોઈ મુક્તાનંદ સ્વામી પણ ગદ્‌ગદ થઈ ગયા. પ્રભુને કહ્યું : મહારાજ ! આપ અને અમે છીએ એટલે દાદાખાચરને ખેંચ પડે છે. જો થોડા દિવસ માટે બહારગામ જઈએ તો એમને રાહત થાય.

એ વાત સાંભળતાં જ એ કુટુંબીજનો હેબતાઈ ગયાં. શું ભગવાન અને સંતો અહીંથી જશે ? તો તો અમારે ત્યાં કાળો કેર વર્તી જશે. અરર... આ બધું શું થવા બેઠું છે, એ કાંઈ સમજાતું નથી... અમે તો સાવ લૂંટાઈ ગયાં...

જીવુબાએ રડતાં રડતાં કહ્યું : મહારાજ ! અમને લઈને આપને દુઃખી થવું પડે છે એ દુઃખ અમારાથી જોયું જતું નથી. આપની સગવડ અમે સાચવી શકતાં નથી. તો આપને જ્યાં સાનુકૂળ પડે ત્યાં જઈ બિરાજો. ત્યાં અમારા ઉપર કૃપાની દૃષ્ટિ નાખતા રહેજો, જેના આધારે અમારું જીવન ટકી રહે.

આ શબ્દોએ પ્રભુના હૈયાને હલબલાવી દીધું. કેવી એ હૃદયદ્રાવક ઘડી હતી !! પ્રભુ ચોધારાં આંસુ સારી રહ્યા હતા. પોતાના આશ્રિતોને દુઃખે પ્રભુને બેચેન કરી દીધા હતા. સંતો પણ આ દૃશ્ય ઝીલી ન શક્યા. અમારા પ્યારા પ્રીતમને આવું દુઃખ ? અમે પણ કેવા મંદ બુદ્ધિના કે અમારા જીવનપ્રાણનું દુઃખ જોઈ અમારું હૃદય ચિરાઈ જતું નથી ? દાદાખાચરના દરબારના અણુએ અણુમાં શોકની ઘેરી લાગણી છવાઈ ગઈ હતી.

થોડીવાર પછી પ્રભુએ સ્વસ્થ થઈ કહ્યું : બધા સાંભળો ! દાદાને દુઃખના દિવસો છે એમાં જો આપણે તેમને છોડી દઈએ તો આપણે કૃતઘ્ની કહેવાઈએ, સ્વાર્થી ને તકવાદી કહેવાઈએ.

વનમાં ઘેઘૂર વડલો હોય. પંખીડાં ત્યાં આનંદ કલ્લોલ કરતાં હોય. એ વનમાં આગ લાગે. એમાં વડલાને પણ બળવાનો વખત આવે. ત્યારે

ખરાં પંખી હોય તે પોતાને આશ્રયદાતા વડલાનો ત્યાગ કરતાં નથી. તેમ દાદાના દરબારમાં આપણે રહ્યા, જમ્યા, રમ્યા એ દાદાને વિપરીત દેશકાળમાં છોડીને ચાલ્યા જઈએ તો આપણે લૂણહરામી કહેવાઈએ.

દાદાખાચરના દરબારમાં દાણા ખૂટી ગયા છે એવી વાત અમને પહેલેથી કહી હોત તો સમૈયો કરત જ નહિ. લાધા ઠક્કર કહે : મહારાજ ! જો હું એ વાત કરત તો બા અને નાના બાપુ મને વઢત. એમણે મને કહી રાખ્યું હતું કે દાણા ખૂટ્યા છે એવી વાત મહારાજને કરશો જ નહિ. અહીં મહારાજ છે તો અમારે બધુંય છે.

દાદાખાચરે પણ કહ્યું : મહારાજ ! આપ અહીં બિરાજો છો એટલે અમારા માટે દેશકાળ સારા જ છે. જો આપ અહીંથી જવાનો સંકલ્પ કરશો તો અમારા દેશકાળ ભૂંડા થઈ જશે, એટલું બોલતાં દાદાખાચરની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમની પીઠ થાબડતાં પ્રભુએ કહ્યું : દાદા ! તારા જેવા ભક્તને છોડીને અમે ક્યાં જઈએ ? જ્યાં અમારો ભક્ત ત્યાં અમે ને જ્યાં અમારો ભક્ત ન હોય ત્યાં અમારાથી રહી જ કેમ શકાય ?

આનંદની વધાઈ

દાદાખાચરના દરબારમાં હૃદયને પીગળાવી દે તેવું ગંભીર વાતાવરણ હતું; તેવામાં ભાવનગરથી મેરુ ખવાસ રુક્કો લઈને આવ્યા. શ્રીહરિને પ્રણામ કરીને ચરણમાં તે રુક્કો મૂક્યો. પ્રભુએ લાધા ઠક્કરને વાંચવા આપ્યો. એ વાંચતાં લાધા ઠક્કરની આંખો હરખથી છલકાઈ ગઈ. તરત જ બોલ્યા : ખળાં ઉપાડવાનો હુકમ આવી ગયો છે. એ સાંભળતાં જ બધાનાં હૈયાં હળવાં ફૂલ થઈ ગયાં.

પ્રભુની આ અકળ લીલા હતી. પોતે સંકલ્પમાત્રે કરીને સઘળી ઉપાધિ ટાળી શકે તેમ હતા, પણ પોતાના ભક્ત પ્રત્યે તેમને કેવો અસાધારણ પ્રેમ છે, કેવી ભક્તવત્સલતા છે તે પુરવાર કરી બતાવવા આવા મનુષ્યભાવ દર્શાવી રહ્યા હતા.

રુક્કો લાવનાર મેરુ ખવાસ તેમજ ખળાં પર બેઠેલા સિપાઈ માટે પ્રભુએ ઘી, ગોળ ને રોટલા બનાવડાવ્યા. સૌને પ્રેમથી જમાડીને રજા આપી. આ સાથે જીવાખાચરનું ખોટું ન દેખાય તે માટે વાતની જાહેરાત કરવાની પણ ના પાડી.

સંતોને કહ્યું : જોયું ને ! આ દાદાખાચરને કેવા વિપરીત દેશકાળ આવ્યા તોય પણ તેમણે ધીરજ ન ગુમાવી. આવા ટાણે ખરા ભક્તની કસોટી થઈ જાય. જે સાચા ભક્ત હોય તે ભક્તને દુઃખે દુઃખી થાય ને જે અભક્ત હોય તે રાજી થાય.

સંતો કહે : મહારાજ ! આપની લીલા ખરેખર અકળ છે. આમ તો આપ પોતાના ભક્તનું દુઃખ જોઈ શકતા નથી, પણ કોઈવાર એવુંય દેખાડો છો કે ભક્તને માથે દુઃખના ડુંગરા તૂટી પડે તોય જોઈ રહો છો. એ ભક્તની સાથે આપ પણ દુઃખ સહન કરો છો. સંકલ્પ માત્રે કરીને દુઃખ ટાળી શકો એવા સમર્થ છો; છતાં એ ભક્તનું દુઃખ ટાળવાના મનસૂબા કરો છો. જો કે આવી લીલા પણ અમારાં સંભારણાં માટે હોય છે. જો આપ બધે ઠેકાણે સામર્થી વાપરો; તેમાં કોઈનું કાંઈ પણ ચાલવા ન દો તો એ લીલાવિસ્તાર પણ કેમ થાય ?

હવે બધુંય ખતમ થઈ જશે એવી છેલ્લી ઘડીઓ ગણાતી હોય, ત્યાં જ આપ એવી કરામત કરો છો કે ભક્તના જીવનમાં નવો સૂર્યોદય સર્જાઈ જાય છે. હે દયાળુ ! આપને અને આપની લીલાને અનંત પ્રણામ !

જય શ્રી સ્વામિનારાયણ



ISBN 978-93-81074-54-1

9 789381 074541

Sarvopari Shree Swaminarayan Bhagwan - Part 4 Gujarati